BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

WORLD BANK GROUP

## B.A. અર્થશાસ્ત્ર

ECOM - 306

ECONMJ/MN - 301

# સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

$$GNI = GDP + (EX_{FS} - IM_{FS})$$








# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકરા દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટી કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્દો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર,**
**સરખેજ-ગાંધીનગર હાઈવે છારોડી, અમદાવાદ**

**નિદર્શન :**

પ્રો (ડૉ.) અમી ઉપાધ્યાય — નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ, કુલપતી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

**સંપાદન :**

ડૉ. કૃતિ છાયા — આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

**વિષય સમિતિ :**

ડૉ. કૃતિ છાયા — આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. ગૌરાંગ રામી — પ્રોફેસર, અર્થશાસ્ત્ર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

ડૉ. ગીતા પંડ્યા — આચાર્ય, સરકારી વિનયન કોલેજ, શ્રી કે. કે. શા સ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ

**વિષય પરામર્શન :**

ડૉ. જી. ડી. ત્રિપાઠી — પ્રિન્સિપાલ, સી.એન. આર્ટસ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ, કડી

ડૉ. ગૌરાંગ રામી — પ્રોફેસર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

**લેખન :**

ડૉ. કૃતિ છાયા — આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. રોહિત દેસાઈ — એસોસિએટ પ્રોફેસર, ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે. જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા

ડૉ. સંજય પ્રજાપતિ — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગવર્મેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, સમી

ડૉ. પ્રિયંકા સોલંકી — આસિસ્ટન્ટ પ્રોફેસર, એચ. કે. એમ. આર્ટસ એન્ડ પી. એન. પટેલ કોમર્સ કોલેજ, ઈડર

ડૉ. સુનીતા કોટક — આસિસ્ટન્ટ પ્રોફેસર, ડી. એન. પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

ડૉ. જીજ્ઞેશ પુરબિયા — આસિસ્ટન્ટ પ્રોફેસર,એસ. ડી. આર્ટસ એન્ડ બી. આર. કોમર્સ કોલેજ, માણસા

**ભાષા પરામર્શન :**

ડૉ. જાગૃતિ મહેતા — આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. હેમંત પરમાર — આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

પ્રકાશન વર્ષ : 2023

ISBN : **978-9355-98-784-6**

પ્રકાશક : ડૉ. ભાવિન ત્રિવેદી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# PAPER-6

# સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

## ECOM - 306 ECONMJ/MN-301

| એકમ | એકમ શીર્ષક | સમાવિષ્ટ મુદ્દાઓ |
|---|---|---|
| 1. | સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું સ્વસ, ઉદ્દેશ અને વિકાસ | સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અર્થ વ્યાખ્યાઓ હેતુ. સાધનો, કાર્યક્ષેત્ર, અયાની રીતો ઉપયોગિતા સમગ્રલક્ષી અને એકમલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો તફાવત અને સંબંધ, સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની મર્યાદાઓ |
| 2. | રાષ્ટ્રીય આવકનો ખ્યાલ અને માપણીની પદ્ધતિઓ | રાષ્ટ્રીય આવકનો અર્થ, વ્યાખ્યાઓ, રાષ્ટ્રીય આવકનાં ઘટક, રાષ્ટ્રીય આવકનો સક્રીય પ્રવાહ, રાષ્ટ્રીય આવકનું માપન, માપનમાં મુશ્કેલીઓ, હરિયાળઉં રાષ્ટ્રીય ઉત્પાદન |
| 3. | બજારની સમગ્રલક્ષી સમતુલા પ્રશિષ્ટ ખ્યાલ | સમગ્રલક્ષી સમતુલાનો અર્થ અને મહત્ત્વ કુલ માંગ અને કુલ પુરવઠાનો ખઅયાલ, જે.બી.એનો બજારનો નિયમ. |
| 4. | બજારની સમતુલા : કેઈન્સીસન અભિગમ-I | અસરકાર માંગનો સિદ્ધાંત, ઉપભોગ વિધેય, સરેરાશ અને સીમાંત ઉપભોગવૃત્તિ |
| ૫. | બજારની સમતુલા : કેઈન્સીયન અભિગમ-II | વપરાશવૃત્નિે અસર કરતાં પરિબળો, ગુણક, ગતિવર્ધન, મૂડીની સીમાંત કાર્યક્ષમતા. |
| 6. | નાણું, નાણાંની માંગ અને નાણાનો પુરવઠો પરિચય | નાણાંનો અર્થ, વ્યાખ્યાઓ, નાણાંની માંગ અંગે પર્શિષ્ટ અભિગમ, કેઈન્સનો અંભિગમ, નાણાંના પુરવઠાનો અર્થ, વ્યાખ્યા, નાણઆંના પુરવઠાનાં ઘટકો, કાયદામાન્ય નાણું, બેંક નાણું. |
| 7. | નાણાં અંગે નાણાંવાદીઓનો અભિગમન | ફિશરનો નાણાં પદિમાણનો સિદ્ધાંત કેમ્બ્રિજ અર્થશાસ્ત્રીઓનો નાણાં પરિમાણનો સિદ્ધાંત, મિલ્ટન ડ્રિડમોનનો નાણાં પદિમાણનો સિદ્ધાંત. |
| 8. | વ્યાજનો સિદ્ધાંતો-I (પ્રશિષ્ટ અને નવપ્રશિષ્ટ | વ્યાજનો અર્થ, વ્યાજના શષ્ટ સિદ્ધાંતો (આત્મસંયમ, અને નવપ્રશિષ્ટ અભિગમ પ્રતીક્ષા, સમય પસંદગી, માંગ અને પુરવઠો, ધિરાણ ભંડોળના સિદ્ધાંતો) |
| 9. | વ્યાજના સિદ્ધાતો-II (કઈન્સીયન અભિગમ) | કેઈન્સનો અર્થ, સ્વરૂપ, લક્ષમો, તબક્કાઓ, વ્યાવારથકને નિયંત્રિત કરવાના ઉપાયો |
| 10. | વ્યાપારચક્રો-I | વ્યાપારચક્રો અર્થ, સ્વરૂપ, લક્ષણો, તબક્કાઓ, વ્યાપારચક્રઓ નિયંત્રિત કરવાના ઉપાયો |
| 11. | વ્યાપારચક્રો-II | હોદ્દો અને હાયેકના વ્યાપારચક્રના સિદ્ધાંતો મર્યાદાઓ સાથે. |
| 12. | ફુગાવો | ફુગાવાનો અર્થ અને વ્યાખ્યાઓ, લક્ષણો, અસરો |

| | | |
|---|---|---|
| 13. | વ્યાપારચક્રોનું નિયંત્રણ | વ્યાપારચક્રોનો કારણો અને અસરો વ્યાપારચક્રનાં નિયંત્રણ માટે કેઈન્સીયન અભિગમ, સેમ્યુઅતિસન અને હિકસના વિચારો |
| 14. | નાણાંકીયકીય મધ્ય સ્થીઓ-I મધ્યસ્થ બેંકનાં કાર્યો અને સાધનો | બેન્કનો અર્થ, વ્યાપારી બેંકનો અર્થ, મધ્યસ્થ બેંકનો અર્થ, કાર્યો, નાણાંકીય નીતિનાં ઘટકો/સાધનોનાં પરિચય. સામાન્ય શાખ નિયમનનાં સાધનો અર્થ |
| ૧૫. | નાણાંકીય મધ્યસ્થીઓ-II | વ્યાપારી બેંકો, બિનબેકિંગ નાણાંસંસ્થાઓ અને વિશિષ્ટ બેંકો |
| 16. | નાણાંકીય મધ્યસ્થીી-II | વ્યાપીર બેંકો, બિનબેકિંગ નાણંસંસ્થાઓ અને વિશિષ્ટ બેંકો |
| 17. | આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓ | – આંતરારષ્ટ્રીય નાણાંભંડોળ - માળજી, કાર્ય, IMF અને ભારત નાણાંકીય સ્ત્રોત, SDR<br>– વિશ્વબેંક સમૂહ - માળખું, કાર્યો, નાણાંકીય સ્થિરતા અન સમતુલા સંદર્ભે IMF અને વિશ્વબેંકની ભૂમિકાની સમીક્ષા |

# Paper-6 Macro Economics

## ECONMJ/MN-301 (ECOM-306) Syllabus

| Unit | Title of Units | Included Points |
|---|---|---|
| 1. | Nature, Scopen And Development of Macro Economics | Meaning of Macro economics, Definitions, objectives, Tools and scopes of macro economcis, methods of study. Unitility macro economics of macro economics, relation and difference between macro and Micro economics, Limitations of Macro economics |
| 2. | Concept of National Income and methods of methods of measurig N.I. | Meanign of National Income, definitions components of National Income, cirucular flow of N.I. measuring N.I.measuring the N.I. Issues in measuring N.I.; Green National Product. |
| 3. | General Equilibrium of market : classical approach | Meaning of General Equilibrium importance of General Equilibrium concept of aggregate demand and agregate supply, J. B. Say's law of market. |
| 4. | Equilibrium of Market Keynsian view-I | Theory of effective demand, consumption function, Average and marginal propensity to consume |
| 5. | Equilibrium of market keynsian view-II | Factors affecting propensity to consume multiplier, acceleration, Marginal efficiency of capital. |
| 6. | Money - Demand and supply of money Introduction | Meaning of Money, definitions classical approach for demand for money, keynsian approach.<br>– Meaning and definition of money supply<br>– Components of money supply, Legal money, Bank money |
| 7. | Monetarists approach for money | Fisher, cambridge, miltion friedman theories of money supply |
| 8. | Theories of Interest I (Clussical and Neoclussical | Meaning of Interest Theories of Interest (Theory of self control, waiting time preterence, demant and approach) supply, Loanable Fund) |
| 9. | Theories of Interest-II (Keynsian approach) | Liquidity preference theory IS-LM model |
| 10. | Trade Cycles-I | Meaning, Nature, Features, stages, measures to control trade cycles. |
| 11. | Trade Cycles-III | Hawtrey and Hayek's theories for trade cycles |
| 12. | Inflation | Meaning definition, features, effects of Inflation |

| Unit | Title of Units | Included Points |
|---|---|---|
| 13. | Control of trade cycles | Causes and effects of trade cycles. Keynsian appraoch for control of trade cycles, samuelson, Hicks' views to control trade cycles. |
| 14. | Financial intermedieries-I | – Central Bank (meaning, fuctions)<br>– Monetary policy (meaning, definitions, components)<br>– Means of general credit control |
| 15. | Financial intermedieries-II | Commerical Baks, Non-banking Financial Instiyltions, special Banks |
| 16. | Fiscal Policy | Meaning, objectives and tools of Fiscal Policy |
| 17. | International Financial Institutions | – International Monetary Fund (Structure, functions, Financial Source,<br>– SDR, IMF and India world bank group (Structure, functins, Financial source, world bank and India)<br>– Role of IMF and IBRD in economic stability and development |

BAOU Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

B.A. અર્થશાસ્ત્ર

સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

(ECOM-306) ECONMJ/MN-301


| | | |
|---|---|---|
| એકમ-1 | સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું સ્વરૂપ, ઉદ્દેશ અને વિકાસ | 01 |
| એકમ-2 | રાષ્ટ્રીય આવકનો ખ્યાલ અને માપણીની પદ્ધતિઓ | 15 |
| એકમ-3 | બજારની સમગ્રલક્ષી સમતુલા - પ્રશિષ્ટ ખ્યાલ | 32 |
| એકમ-4 | બજારની સમગ્રલક્ષી સમતુલા કેઈન્સીયન અભિગમ-I | 46 |
| એકમ-5 | બજારની સમગ્રલક્ષી સમતુલા કેઈન્સીયન અભિગમ-II | 58 |
| એકમ-6 | નાણું, નાણાની માંગ અને નાણાનો પુરવઠો-પરિચય | 74 |
| એકમ-7 | નાણા અંગે નાણાવાદીઓનો અભિગમ | 85 |
| એકમ-8 | વ્યાજના સિદ્ધાંતો - I | 106 |
| એકમ-9 | વ્યાજના સિદ્ધાંતો - II | 115 |
| એકમ-10 | વ્યાપારચક્રો - I | 129 |
| એકમ-11 | વ્યાપારચક્રો - II | 145 |
| એકમ-12 | ફુગાવો | 157 |
| એકમ-13 | વ્યાપારચક્રોનું નિયંત્રણ | 168 |
| એકમ-14 | નાણાંકીય મધ્યસ્થીઓ-I | 179 |
| એકમ-15 | નાણાંકીય મધ્યસ્થીઓ-II | 199 |
| એકમ-16 | રાજકોષીય નીતિ | 213 |
| એકમ-17 | આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓ | 223 |

# એકમ-1 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું સ્વરૂપ, ઉદ્દેશ અને વિકાસ

: રૂપરેખા :

1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અર્થ અને વ્યાખ્યાઓ

1.3 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના હેતુઓ અને સાધનો

1.4 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો વિકાસ

1.5 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર

1.6 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસની પદ્ધતિઓ

1.7 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું મહત્ત્વ અને ઉપયોગિતા

1.8 સમગ્રલક્ષી અને એકમલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ અને તફાવત

1.9 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની મર્યાદાઓ

1.10 સારાંશ

1.11 ચાવીરૂપ શબ્દો

1.12 તમારી પ્રગતિ ચકાસો

- ઉપયોગી વાચન સંદર્ભ
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 1.0 ઉદ્દેશો

*આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે –*

- ➢ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અર્થ સમજાવી શકશો.
- ➢ સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અને એકમલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ અને તફાવત ઓળખી શકશો.
- ➢ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર સમજાવી શકશો.

## 1.1 પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો, દ્વિતીય વર્ષમાં તમે એકમલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો. આ વર્ષે તમે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવાનાં છો. S. Y. B. A.માં એકમલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ કરતી વખતે તમે જોયું હશે કે, તેમાં અર્થતંત્રના ઘટકોનો એક-એક કરીને અભ્યાસ કરવામાં આવે છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અર્થતંત્રનો સમગ્રપણે અભ્યાસ કરે છે. તેમાં અર્થતંત્રનાં જુદાં જુદાં ઘટકોના આંતરસંબંધો, અર્થતંત્રની સર્વગ્રાહી સમતુલા, ફુગાવો, મંદી, વગેરે જેવાં મુદ્દાઓનો અભ્યાસ કરવામાં આવે છે.

આ એકમમાં સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અર્થ, સ્વરૂપ, કાર્યક્ષેત્ર, મહત્ત્વ અને મર્યાદાઓથી તમે પરિચિત થશો.

## 1.2 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અર્થ

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રને સમષ્ટિનું અર્થશાસ્ત્ર તેમજ બૃહદ અર્થશાસ્ત્ર પણ કહેવાય છે. તેને અંગ્રેજીમાં Macro Economics (મેક્રો ઇકોનોમિક્સ) કહેવાય છે. મેક્રો શબ્દ મૂળ ગ્રીક ભાષાનો છે. તેનો અર્થ 'વિશાળ' કે 'મોટું' એવો થાય છે. આમ, મેક્રો શબ્દ વિશાળતા કે સમગ્રતા સાથે જોડાયેલો શબ્દ છે.

સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એટલે શું ? તે સમજવા માટે આપણે તેની કેટલીક વ્યાખ્યાઓ જોઈએ.

**પ્રો. બોલ્ડિંગ :** "Macro Economic theory is that part of economics which studies the overall average and aggregates of the system." "સમગ્રલક્ષી આર્થિક સિદ્ધાંતો એ અર્થશાસ્ત્રનો એવો વિભાગ છે, જે સમગ્ર વ્યવસ્થાતંત્રનો સર્વગ્રાહી અને સરેરાશ રીતે અભ્યાસ કરે છે."

**ગાર્ડનર એકલે :** "Macro economics concerns with such variables as the aggregate volume of the output of an economy with the extent to which its resources are employed, with the size of national, income and with the general price level." "સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એવાં ચલ પરિબળો સાથે સંબંધિત છે જે ઉત્પાદનના કુલ પ્રમાણ, રાષ્ટ્રીય આવકનું કદ, સામાન્ય ભાવસપાટી, ઉત્પાદનના સાધનો વગેરે આર્થિક સર્વગ્રાહી અભ્યાસ કરે છે."

આ વ્યાખ્યા પ્રમાણે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એવા ચલો સાથે સંબંધિત છે કે, જેમાં અર્થતંત્રની કુલ આવક, બધી વસ્તુઓની સામાન્ય કિંમતો અને બધાં ઉત્પાદન સાધનો રોકાયેલાં હોય.

**પ્રો. શેપિરો :** "Macro economics deals with the functioning of the economics as a whole." શેપિરોની વ્યાખ્યા પ્રમાણે "સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સમગ્ર અર્થતંત્રની સર્વગ્રાહી કામગીરી સાથે વ્યવહાર કરે છે."

ઉપરની વ્યાખ્યાઓ જોતાં, સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અર્થશાસ્ત્રની એ શાખા છે, જે સમગ્ર અર્થતંત્રનો સરેરાશ રીતે અભ્યાસ કરે છે. જેમાં સામૂહિક વર્તણૂક અને પારસ્પરિક સંબંધોનો પણ સમાવેશ થાય છે.

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની જુદી-જુદી વ્યાખ્યાઓ જોતાં તેમાંથી નીચે પ્રમાણેના મુદ્દાઓ તારવી શકાય.

(1) સમગ્રલક્ષી ચલ પરિબલો : જેમ કે, કુલ આવક/રાષ્ટ્રની આવક, કુલ રોજગારી, સામાન્ય ભાવ સપાટી વગેરેનો અભ્યાસ કરે છે.

(2) સમગ્ર અર્થતંત્ર સાથે સંબંધિત છે : કોઈ એક ક્ષેત્રને લગતા નહીં, પરંતુ સમગ્ર અર્થતંત્રને લગતા નિર્ણયો અને બધાં ક્ષેત્રોના પારસ્પરિક સંબંધોનો અભ્યાસ કરવામાં આવે છે.

(3) પરસ્પરાવલંબન : વ્યક્તિગત નિર્ણય અન્ય વ્યક્તિને અસર કરે તેવું ઓછું બને છે, પરંતુ સામૂહિક નિર્ણયો કે સમૂહને લગતી નીતિઓ સમાજના વર્તનને ઘડે છે. આમ, સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અર્થતંત્રના જુદા જુદા ઘટકોના વર્તન અને તેના પારસ્પરિક પ્રભાવોનો અભ્યાસ કરે છે.

## 1.3 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના હેતુઓ અને સાધનો

**સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના હેતુઓ આ પ્રમાણે નોંધી શકાય :**

(a) વસ્તુઓ અને સેવાઓનું કુલ ઉત્પાદન વધારવું.

(b) પૂર્ણ રોજગારીની સ્થિતિ મેળવવી.

(c) આર્થિક વિકાસનો ઊંચો દર મેળવવો.

(d) ફુગાવા ઉપર નિયંત્રણ મેળવવું.

(e) વસ્તુઓ અને સેવાઓની સામાન્ય ભાવસપાટી સ્થિર રાખવી.

(f) વેપારચક્રોનો અંત લાવીને આર્થિક સ્થિરતા જાળવવી.

ઉપરોક્ત ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે સમગ્રલક્ષી આર્થિક નીતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. અર્થશાસ્ત્રનાં સમગ્રલક્ષી સાધનો જેવાં કે, વ્યાજનો દર, કરવેરા નીતિ વગેરેનો ઉપયોગ કરીને આ માટેની નીતિઓ ઘડવામાં આવે છે. હવે આપણ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનાં સાધનોનો ટૂંકમાં પરિચય મેળવીએ.

### 1.3.1 રાજકોષીય નીતિ

પ્રો. આર્થર સ્મિથના કહ્યા અનુસાર, "રાજકોષીય નીતિ એવી નીતિ છે કે, જેમાં સરકાર તેના ખર્ચ અને આવકના કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રની આવક, ઉત્પાદન અને રોજગારી ઉપર ઇચ્છિત અસર પાડવા અને અનૈચ્છિક અસરો દૂર કરવાના પ્રયત્ન કરે છે." સરળ ભાષામાં કહીએ તો રાજકોષીય નીતિ એવી નીતિ છે કે, જે સરકારના આવક અને ખર્ચ અંગેના નિર્ણયો દ્વારા અર્થતંત્રમાં સમતુલા અને વિકાસ લાવે છે. વિકસિત દેશોમાં રાજકોષીય નીતિનો મુખ્ય હેતુ પૂર્ણ રોજગારીનાં સ્તરે અર્થતંત્રને જાળવવાનો હોય છે, જ્યારે વિકાસશીલ દેશોમાં આર્થિક વિકાસનો ઊંચો દર પ્રાપ્ત કરીને સમાજમાં આર્થિક અસમાનતાઓ દૂર કરવાોન હેતુ હોય છે.

### 1.3.2 નાણાકીય નીતિ

નાણાકીય નીતિ એ મધ્યસ્થ બેંકની શાખ નિયંત્રણની નીતિ છે. જો કે, આ તેનો સંકુચિત અર્થ કહી શકાય. નાણાકીય નીતિનું કાર્યક્ષેત્ર તેનાથી ઘણું વિસ્તૃત છે. નાણાનો પુરવઠો, વ્યાજનો દર (નાણાની કિંમત) અને તેને અસર કરતાં ઘટકોનો પણ નાણાકીય નીતિમાં સમાવેશ કરવામાં આવે છે. નાણાકીય નીતિનો હેતુ માત્ર નાણાના પુરવઠા અને વ્યાજના દર ઉપર પ્રભાવ પાડવાનો નથી હોતો. પરંતુ વેતનદર, વેપાર, વિનિમય બેરોજગારી વગેરે સંબંધી નીતિવિષયક નિર્ણયો માટે નાણાકીય નીતિને ઉપયોગમાં લઈ શકાય છે.

### 1.3.3 વિનિમય દર નીતિ

વિનિમય દર નીતિ એ વિદેશી ચલણ સાથેના વિનિમય દર અંગેની નીતિ હોય છે. આપણે જાણીએ છીએ કે, વર્તમાન સમયમાં વિશ્વના બધા દેશો એકબીજા સાથે વેપારથી જોડાયેલા છે. પરંતુ બધા દેશોનાં ચલણ અલગ હોવાથી બે ચલણો વચ્ચેનો વિનિમય દર નક્કી કરવો પડતો હોય છે. બધા દેશો વેપારથી જોડાયેલા હોવાથી એકબીજાના અર્થતંત્રોમાં ઘટતી ઘટનાઓની પરસ્પર અસર થતી હોય છે. વિદેશી ચલણ સાથેના વિનિમયદરની અનુકૂળતા કે પ્રતિકૂળતા દેશનાં આંતરિક સમતુલનને પણ પ્રભાવિત કરે છે. આથી, બે

ચલણો વચ્ચેનો વિનિમયદર માત્ર બજાર આધારિત પરિબળોથી મુક્ત રીતે નક્કી નથી થતો, પણ તે ઉપરાંત સરકારની નીતિ દ્વારા પણ નક્કી કરવામાં આવતો હોય છે.

## 1.4 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો વિકાસ

1930 સુધી અર્થશાસ્ત્રીઓ અર્થતંત્રનો વ્યક્તિલક્ષી અર્થશાસ્ત્ર તરીકે અભ્યાસ કરતા હતા. એટલે કે, આર્થિક ઘટકોનો જુદા જુદા અભ્યાસ કરતા હતા અને એકમલક્ષી અર્થશાસ્ત્રનું મહત્ત્વ હતું. આ સમયે પૂર્ણ રોજગારીનો વિચાર પ્રચલિત હતો. અર્થાત્ અર્થતંત્ર આપોઆપ જાતે જ પૂર્ણ રોજગારીએ સમતુલા મેળવે છે. તેથી ધારણા સાથે અભ્યાસ કરવામાં આવતો હતો. તે અનુસાર અર્થતંત્રમાં ઉત્પાદન વધારવાના નિર્ણયથી રોજગારીની તકોમાં વધારો થાય છે. રોજગારી મળવાથી શ્રમિકોને મળતી વેતનરૂપી આવકથી વધેલા ઉત્પાદનની માંગ થાય છે. આમ, પુરવઠો વધતાં રોજગારી અને આવકમાં પણ વધારો થાય છે. જો કે, આ માન્યતા વૈશ્વિક મંદીએ ખોટી પાડી. વૈશ્વિક મંદીના ગાળામાં ઉત્પાદન વધવા છતાં રોજગારી, આવક અને બજારમાંગમાં વધારો ન થયો. આ સમયે બ્રિટિશ અર્થશાસ્ત્રી કેઈન્સનું પુસ્તક **'જનરલ થિયરી'** પ્રકાશિત થયું. (General Theory of Employment, Interest and Money) આ પુસ્તકમાં કેઈન્સ દ્વારા તો પુરોગામી અર્થશાસ્ત્રીઓ એટલે કે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની વિચારધારાને પડકારવામાં આવી. આ પુસ્તકના પ્રકાશન પછીથી અર્થતંત્રનો સમગ્રલક્ષી અભ્યાસ થવો જોઈએ તેવો વિચાર શરૂ થયો. કેઈન્સની જનરલ થિયરીના પ્રકાશન પછી સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું વિશ્લેષણ બે ભાગમાં કરી શકાય છે : (1) પ્રશિષ્ટ સમગ્રલક્ષી દૃષ્ટિકોણ એટલે કે, કેઈન્સ પૂર્વેનો સમગ્રલક્ષી અભિગમ અને (2) કેઈન્સિયન અભિગમ.

સમગ્રલક્ષી આર્થિક વિશ્લેષણના વિકાસને નીચે પ્રમાણે આકૃતિમાં પણ બતાવી શકાય.




વિદ્યાર્થી મિત્રો, આપણો અનુભવ રહ્યો છે કે, અર્થતંત્રનાં કોઈ એક ક્ષેત્રના વિકાસથી બીજા ક્ષેત્રો, વિભાગોનો પણ વિકાસ થાય તેમ નક્કી થતું. એ બાબતો કોઈ શંકા નથી કે, ઘણી આર્થિક સમસ્યાઓ કઈન્સિયન થિયરી અપનાવ્યા પછી નિયંત્રણમાં આવી છે. જેમ કે, વેપાર ચક્રોનું નિયંત્રણ, જાહેર ક્ષેત્ર દ્વારા નાણાકીય સાધનોને ગતિશીલ કરવાં વગેરે.

## 1.5 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર

આર્થિકક્ષેત્રે ઇચ્છિત પરિણામો મેળવવા માટે એકમલક્ષી કે સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્રના

ઉપયોગમાં કટેલીક મર્યાદાઓ રહેલી છે. તેથી સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ વધે છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર નીચે પ્રમાણેના મુદ્દાઓનો અભ્યાસ કરે છે.

- રાષ્ટ્રીય આવકનો સિદ્ધાંત

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં રાષ્ટ્રીય આવકની ધારણા તેનાં જુદા જુદા ઘટકો, રાષ્ટ્રીય આવકનું માપન અને તે માપવાની પદ્ધતિઓ વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

- રોજગારીનો સિદ્ધાંત

આ મુદ્દા અંતર્ગત અર્થતંત્રની કુલ બેરોજગારી, તેને અસર કરતાં પરિબળો જેવાં કે કુલ માંગ, કુલ પુરવઠો, કુલ રોકાણ, કુલ બચત, કુલ ઉપભોગ એમ બધાં પરિબળોનો સર્વગ્રાહી અભ્યાસ કરવામાં આવે છે.

- નાણાનો સિદ્ધાંત

નાણાની માંગ અને પુરવઠો કુલ રોજગારીના સ્તર ઉપર અસર કરે છે. તેથી સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર નાણાનાં કાર્યો અને તેને સંબંધિત ચલ પરિબળો જેવાં કે, ફુગાવો, તેજી, મંદી, સથગિતતા, સ્ટેગફ્લેશન (Stagflation) વ્યાજદર વગેરેનો અભ્યાસ કરે છે.

- સામાન્ય ભાવસપાટીનો સિદ્ધાંતો

સામાન્ય ભાવસપાટીમાં થતાં ફેરફાર એટલે કે, ફુગાવો, તેજી, મંદી, ભાવ સૂચક આંકની રચના વગેરેનું અધ્યયન સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

- આર્થિક વૃદ્ધિ અને વિકાસના સિદ્ધાંતો

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના વિકસિત અને વિકાસશીલ દેશોની આર્થિક વૃદ્ધિ અને વિકાસ એટલે કે રાષ્ટ્રની આવક, આવકમાં ફેરફારને અસર કરતાં પરિબળો, તે સંબંધી સમસ્યાઓ અને તેના ઉપાયોનો અભ્યાસ કરવામાં આવે છે. સમસ્યાઓના ઉકેલ માટે રાજકોષીય અને નાણાકીય નીતિનો ઉપયોગ કરવામાં આવે છે.

- આંતરરાષ્ટ્રીય વેપારના સિદ્ધાંતો

આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રનો ચાર ભાગમાં અભ્યાસ કરી શકાય :

(i) આંતરરાષ્ટ્રીય વેપારના સિદ્ધાંત (ii) આંતરરાષ્ટ્રીય વેપાર નીતિ (iii) લેણદેણની તુલા અને (iv) લેણદેણની તુલામાં સમાયોજન.

- વહેંચણીના સિદ્ધાંતો

વહેંચણીના સિદ્ધાંતોનો અભ્યાસ એકમલક્ષી અને સમગ્રલક્ષી એમ બંને સ્વરૂપમાં કરવામાં આવે છે, પરંતુ બંને શાસ્ત્રોમાં સાધનોની ફાળવણી, તે અંગેની સમસ્યાઓ વગેરેમાં ભિન્નતા તેનાં પ્રમાણ સંબંધી છે. એકમલક્ષી કે સૂક્ષ્મ અર્થશાસ્ત્રમાં એક પેઢી કે ઉદ્યોગમાં સાધન ફાળવણીની સમસ્યાનો અભ્યાસ કરીએ છીએ, જ્યારે સમગ્રલક્ષી કે બૃહદ્ અર્થશાસ્ત્રમાં દેશનાં કુલ સાધનોની અર્થતંત્રના બધાં જ ક્ષેત્રો માટે ફાળવણી કરવાની બાબતનો અભ્યાસ કરવામાં આવે છે. એક ક્ષેત્રમાંથી બીજા ક્ષેત્રમાં સાધનોને ગતિશીલ કરવા માટે રાજકોષીય નાણાકીય વગેરે નીતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

## 1.6 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસની પદ્ધતિઓ

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ ત્રણ રીતે કરવામાં આવે છે. (i) Macro Static એટલે કે બૃહદ્ સ્થૈતિક (ii) Macro Dynamic એટલે કે બૃહદ ગત્યાત્મક અને

(iii) Comparative Static એટલે કે તુલનાત્મક સ્થૈતિક. આ ત્રણ પદ્ધતિઓનો હવે આપણે ટૂંકમાં પરિચય મેળવીએ.

### 1.6.1 બૃહદ્ સ્થૈતિક

સ્થૈતિક એટલે સ્થિરતા સંબંધી. જ્યારે સમગ્ર અર્થતંત્ર સ્થિરતાની સ્થિતિમાં હોય તો સમયનો અભ્યાસ એટલે બૃહદ સ્થૈતિક પ્રકારે અભ્યાસ. ક્લર્ક (1998) ના અનુસાર, જ્યારે સમગ્ર અર્થતંત્રને અસર કરતાં પરિબળો જેવાં કે કુલ વસ્તીનું પ્રમાણ, મૂડીનો પુરવઠો, ઉત્પાદન પદ્ધતિ, વ્યાવસાયિક સંગઠનોના પ્રકાર, લોકોની ઇચ્છાઓ, જરૂરિયાતો વગેરેમાં કોઈ ફેરફાર ન હોય એટલે કે આ પરિબળો ગેરજાહર હોય ત્યારે સમગ્ર અર્થતંત્રનું ચિત્ર કેવું છે ? - તેનો અભ્યાસ એટલે બૃહદ્ સ્થૈતિક પદ્ધતિએ અભ્યાસ. આ અભ્યાસ સમયના એક બિંદુના સંદર્ભમાં કરવામાં આવે છે. જો કે વિદ્યાર્થી મિત્રો, તમે જાણો છો કે ઉપર વર્ણવેલાં પાંચ પરિબળો સ્થિર કે ગેરહાજર મોટા ભાગે નથી હોતાં, તેથી આપણે ક્યારેક એ પરિબળોને સ્થિર માનીને પણ અર્થતંત્રનો અભ્યાસ કરતાં હોઈએ છીએ. એટલે જ તો 'અન્ય પરિબળો સ્થિર રહે તો' એવા શબ્દોથી આર્થિક સિદ્ધાંતોની શરૂઆત થતી આપણે જોઈએ છે.

કોઈ એક સમયે કુલ માંગનું પ્રમાણ કેટલું હતું ? કે રાષ્ટ્રની કુલ આવક કેટલી હતી ? અથવા તો ચાલુ/પ્રવર્તમાન માંગ કેટલી છે ? વગેરે અભ્યાસ બૃહદ્ સ્થૈતિક અંતર્ગત થતાં અભ્યાસો છે આર્થિક સ્થૈતિકને એકસાથે સમાંતર બનતી ઘટનાઓ કે તાત્કાલિક બનતી ઘટનાઓ અને તા પારસ્પરિક પ્રભાવોના અભ્યાસ સાથે સંબંધ છે. (સેમ્યુઅલસ - 1978)

પ્રો. કુરીહારા અર્થતંત્રના સ્થૈતિક અભ્યાસને સમયથી પર એવો અર્થતંત્રનો અભ્યાસ પણ કરે છે. દા.ત. $Y = C + I$. તેમાં રાષ્ટ્રની કુલ આવક રાષ્ટ્રના કુલ ઉપભોગ ખર્ચ (C) અને કુલ રોકાણખર્ચ (I) થાય. સમયનાં કોઈપણ બિંદુએ આ પરિબળોનો પારસ્પરિક સંબંધ જળવાઈ જ રહેવાનો છે.

### 1.6.2 બૃહદ્ ગત્યાત્મક

બૃહદ્ ગત્યાત્મક પ્રકારનો અભ્યાસ પરિવર્તનો, વધારો અને ઘટાડો વગેરેનો અભ્યાસ છે. અર્થતંત્રમાં સમયની સાથે થતાં પરિવર્તનોનો અભ્યાસ કરવામાં આવે છે. સમયની સાથે અર્થતંત્ર બે પ્રકારે પરિવર્તન પામે છે. (a) તેની મૂળ રીતમાં ફેરફાર કર્યા વિના (b) તેની રીતમાં ફેરફાર કરીને. આર્થિક ગત્યાત્મક પ્રકારે થતો અભ્યાસ (b) સંબંધે એટલે કે વિકાસની પ્રક્રિયામાં ફેરફાર થાય તે સંબંધી અભ્યાસ સાથે જોડાયેલું છે. સમયની સાથે આર્થિક પરિબળોની ચાલ, પ્રભાવ વગેરેમાં ફેરફાર થાય અને તેનો અર્થતંત્ર ઉપર જે પ્રભાવ પડે તે ગત્યાત્મક અભ્યાસનું કાર્યક્ષેત્ર બને છે. જેમ કે, વસ્તીનું પ્રમાણ અને લક્ષણો, ઉત્પાદન પદ્ધતિ વગેરે જેવાં પરિબળોમાં ફેરફાર થાય તો, અર્થતંત્ર તેની રીત (Pattern) બદલશે. હવે નીચેની આકૃતિ જુઓ. (આકૃતિ 1.1)



ઉપરની આકૃતિમાં ધારો કે, અર્થતંત્ર શરૂઆતમાં A બિંદુ ઉપર છે. હવે આર્થિક પરિબળોમાં એવા ફેરફારો થઈ શકે કે, અર્થતંત્રના વિકાસની રીત અને દિશા બંને અથવા બંનેમાંથી એક બદલાઈ શકે છે ! અર્થતંત્ર A થી B બિંદુ ઉપર જઈ શકે છે. અથવા A થી C બિંદુ ઉપર પણ જઈ શકે છે. અર્થતંત્ર A થી B ઉપરથી શા માટે ગયું ? અથવા અર્થતંત્ર A થી B ને બદલે C બિંદુ ઉપર કેમ ગયું ? આ બાબતનો અભ્યાસ અર્થતંત્રના ગત્યાત્મક અભ્યાસના કાર્યક્ષેત્રમાં આવે છે. તે જ રીતે અર્થતંત્ર આગળ C થી E બિંદુએ કે D બિંદુએ જોઈ શકે છે. આમ, આર્થિક ગત્યાત્મક અભ્યાસ સમયગાળાને ધ્યાનમાં રાખીને અર્થતંત્રમાં ઊભી થતી અસમતુલતાનો અભ્યાસ કરે છે.

### 1.6.3 તુલનાત્મક સ્થૈતિક

આ પદ્ધતિ સૌ પ્રથમ જર્મન અર્થશાસ્ત્રી એફ. ઓપનહેમર દ્વારા ઉપયોગમાં લેવામાં આવી હતી.

આ પદ્ધતિ સમતુલાની અલગ-અલગ સ્થિતિઓનો અભ્યાસ કરે છે. સ્થૈતિક, ગત્યાત્મક અને તુલનાત્મક સ્થૈતિક વચ્ચેનો તફાવત આપણે નીચેની આકૃતિની મદદથી




સમજીએ :

**આકૃતિ (1.2)**

આકૃતિમાં OY રેખા પર રાષ્ટ્રીય આવક અને OX રેખા ઉપર સમયના પરિબળને લેવામાં આવેલ છે. ધારો કે, અત્યારે અર્થતંત્ર A બિંદુ ઉપર સમતુલામાં છે. આ એક સ્થિર સ્થિતિ છે. હવે,જ્યારે અર્થતંત્ર A થી B બિંદુ ઉપર ગતિ કરે છે તે આર્થિક ગત્યાત્મક અભ્યાસ બને છે. બૃહદ ગત્યાત્મક આ A થી B બિંદુની ગતિના પથનો અભ્યાસ કરે છે, જે વાસ્તવમાં બે સમતુલા બિંદુઓ વચ્ચેના પથનો અભ્યાસ છે. હવે, તુલનાત્મક સ્થૈતિક આ બંને A અને B બિંદુઓનો જ અભ્યાસ કરે છે. પણ તેમાં આ પરિવર્તન કેવી રીતે આવ્યું કે તેને કયાં પરિબળોએ અસર કરી તેનો અભ્યાસ નથી કરતું, પરંતુ, બે સમતુલા બિંદુઓની સ્થિતિનો તુલનાત્મક અભ્યાસ કરે છે.

ઉપરની આકૃતિ 1.2માં આવકના બે જુદા જુદા સ્તર બતાવેલ છે. $OY_1$ અને $OY_2$. સ્વતંત્ર રીતે આ બંને બિંદુએ અર્થતંત્ર તે સમયની એટલે કે $OT_1$ અને $OT_2$ સમયની સમતુલાની સ્થિતિનો સ્વતંત્ર બિંદુઓ છે. પણ, $OY_2$ આવક $OY_1$ કરતાં વધારે છે. આ તુલનાત્મક સ્થૈતિક વિશ્લેષણ થયું ! ગત્યાત્મક અર્થશાસ્ત્ર $OY_1$ થી $OY_2$ જે આવક વધારો થયો તેના પથનું વિશ્લેષણ કરે છે.

## 1.7 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ અને ઉપયોગિતા

વિદ્યાર્થી મિત્રો, તમે જાણો છો કે, એકમલક્ષી કે સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્ર એ આર્થિક અભ્યાસની એક મહત્ત્વની પદ્ધતિ છે. પરંતુ તેનાથી સમગ્રનો અભ્યાસ થઈ શકતો નથી. કારણ કે, સૂક્ષ્મ અર્થશાસ્ત્ર આર્થિક ઘટકોનો એક-એક કરીને વ્યક્તિગત અભ્યાસ કરે છે. બીજો વિચાર એ પણ આવે કે વ્યક્તિગત અભ્યાસોનો સરવાળો કરીને સમગ્ર અર્થતંત્રનું તારણ મેળવી શકાય છે ! પરંતુ ઘણી એવી બાબતો હોય છે, કે જે વ્યક્તિગત સ્તરે જે હોય તે સમૂહ માટે કે સમગ્ર માટે ન હોય, નીચેના મુદ્દાઓ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું મહત્ત્વ, તેની જરૂરિયાત અને તેના અલગ અભ્યાસને વધારે સ્પષ્ટ કરે છે.

- આર્થિક વિકાસ

એકમલક્ષી અર્થશાસ્ત્ર એ અર્થતંત્રમાં લાગુ પડે છે કે જ્યાં પૂર્ણ રોજગારોની સ્થિતિ મેળવી લીધી હોય છે. પરંતુ વાસ્તવિક જીવનમાં આવી અર્થવ્યવસ્થા કાલ્પનિક હોય છે. કેટલીક એવી સમસ્યાઓ હોય છે જેનું અધ્યયન વ્યક્તિગત રીતે કે એકમલક્ષી અર્થશાસ્ત્ર અંતર્ગત કરી શકાતું નથી. જેમ કે, રાષ્ટ્રીય આવક અને રોજગારીનો સિદ્ધાંત, સામાન્ય ભાવ સપાટી વગેરે. આ મુદ્દાઓના અધ્યયન માટે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની જરૂર હોય છે.

- આર્થિક નીતિઓનું નિર્માણ

સરકારની જાહેર નીતિઓને એક વ્યક્તિ સાથે નહીં, પણ સમગ્ર સમાજ સાથે સંબંધ હોય છે. જો સરકાર કોઈ એક ઉદ્યોગ, એક ક્ષેત્ર માટેની પણ જો નીતિ જાહેર કરે તો પણ તેનો ઉદ્દેશ સમસ્ત અર્થતંત્ર ઉપર અસર પાડવાનો હોય છે. નાણાકીય નીતિ, આવકનુ સમાન વિતરણ, આયાત-નિકાસ નીતિ, રોજગાર નીતિ વગેરે આ પ્રકારે ઘડવામાં આવતી હોય છે.

- નાણાકીય સમસ્યાઓનું વિશ્લેષણ

નાણાનાં મૂલ્યમાં થતા ઉતારચડાવ એટલે કે, મુદ્રા પ્રસાર, મુદ્રા સંકોચન વગેરે અર્થતંત્ર ઉપર પ્રતિકૂળ અસરો કરે છે. તેનું નિયંત્રણ કરવા માટે સરકાર નાણાકીય નીતિ, રાજકોષીય નીતિ તેમજ વિનિમય દર નીતિનો ઉપયોગ કરે છે. આ નીતિ તેમજ વિનિમિય દર નીતિનો ઉપયોગ કરે છે, આ નીતિઓ સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અંતર્ગત આવે છે.

- સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો વિરોધાભાસ / આભાસી સંરચના

કેટલીક આર્થિક ક્રિયાઓ કે ઘટનાઓ એવી હોય છે કે, તે એક વ્યક્તિ માટે તો સાચી કે યોગ્ય હોય છે, પણ તે સમગ્ર અર્થતંત્ર માટે લાગુ પાડી શકાતી નથી. જેમ કે, બચત કરવી એ વ્યક્તિગત સદ્‌ગુણ કહી શકાય. પરંતુ, જો સમગ્ર રાષ્ટ્ર કે અર્થતંત્ર બચત કરે તો અર્થતંત્ર માટે નુકસાનકારક બનશે !

## 1.8 સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અને એકમલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ અને તફાવત

આપણે 1.7 મુદ્દામાં જોયું કે, માત્ર એકમલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવાથી બધી જ આર્થિક સમસ્યાઓનો ઉપાય મેળવી શકાતો નથી., તેમ છતાં ઘણા મુદ્દાઓ એવા છે કે, જેમાં એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર બંને એકબીજાના પૂરક છે. હવે આપણે આ બંને પદ્ધતિઓ વચ્ચેનો તફાવત અને બંનેના પૂરકતાના મુદ્દાઓનો અભ્યાસ કરીએ.

### 1.8.1 સમગ્રલક્ષી અને એકમલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચે તફાવત

- સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અર્થતંત્રનો સમગ્રપણે અભ્યાસ કરે છે. જેમાં કુલનો અભ્યાસ થાય છે. જ્યારે એકમલક્ષી અર્થશાસ્ત્ર અર્થતંત્રના જુદા જુદા ઘટકો અને ક્ષેત્રોનો વ્યક્તિગત અભ્યાસ કરે છે. એક સાધનની કિંમત, એક વસ્તુની માંગ, એક પદ્ધતિની બચત વગેરે.

- સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ અર્થતંત્રની સરેરાશ ઘટનાઓ અને અસરો સંબંધે હોય છે. પરંતુ, એકમલક્ષી અર્થશાસ્ત્ર સીમાંત ફેરફારોને ધ્યાને લે છે.

- સમગ્રલક્ષી આર્થિક વિશ્લેષણ પ્રમાણમાં થોડું જટિલ છે. કારણ કે, તેમાં અર્થતંત્રનાં જુદાં જુદાં ઘટકો ભિન્ન માપદંડ, ભિન્ન ઉપયોગિતા અને મહત્ત્વ વગેરે હોવા ઉપરાંત તે બધાંની પારસ્પરિક અસરો પણ હોય છે. જેમ કે, સામાન્ય રીતે વ્યક્તિની આવક વધે તો માંગ વધે. પરંતુ કુલ માંગમાં વધારો કે ઘટાડો કરનારા અનેક પરિબળો એકસાથે સક્રિય હોય છે ! આમ, તેનું વિશ્લેષણ જટિલ બને છે.

એકમલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ તુલનાત્મક રીતે થોડો સરળ કહી શકાય. કારણ કે તેમાં એકમ દીઠ અભ્યાસ કરવામાં આવે છે. વળી, આ અભ્યાસ સમયે અન્ય પરિબળોને સ્થિર હોય તેથી ધારણા કરીને અભ્યાસ કરવામાં આવે છે.

- સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસનાં આર્થિક ઘટકો મોટા ભાગે સ્થિર કે અપરિવર્તનશીલ હોય છે. કારણ કે, સામૂહિક ચલ પરિબળોમાં સમયના આધારે ઝડપથી પરિવર્તન થતું નથી. જ્યારે, એકમલક્ષી અર્થશાસ્ત્રમાં વ્યક્તિગત ચલ પરિબળોમાં ઝડપી ફેરફારો થતા હોય છે.

### 1.8.2 એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ

વિદ્યાર્થી મિત્રો, તમે દ્વિતીય વર્ષ બી.એ.માં એકમલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે. તેમાં પણ આ મુદ્દા વિશે એટલે કે, એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેના સંબંધ વિશે સમજાવેલું છે. આ મુદ્દાને અહીં આપણે ટૂંકમાં પુનઃ સમજી લઈએ.

- એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું પરસ્પરાવલંબન

આપણે આ બંને અર્થશાસ્ત્રના તફાવતના મુદ્દાઓ જોયા, પરંતુ બંને અર્થશાસ્ત્રો પરસ્પર આધારિત પણ છે. જેમ કે, વ્યક્તિગત ગ્રાહકો, ઉપભોક્તાઓ વગેરેની વર્તણૂકના આધારે જ સમગ્ર ઉદ્યોગની માંગનો અંદાજ કાઢવામાં આવે છે. તેવી જ રીતે ધારો કે કોઈ પેઢી તેના શ્રમિકોને આપવાના વેતન અંગે જે નિર્ણય લેશે (વેતન વધારે આપવું કો ઓછું આપવું ?) તે એકમલક્ષી અભ્યાસ બનશે પણ તેની અસરો માત્ર જે તે પેઢી પૂરતી જ સીમિત ન રહેતા તે સ્થળે કાર્યરત અન્ય પેઢીઓના વેતન અંગેના નિર્ણયોને પણ જરૂર અસર કરશે.

- સમગ્રલક્ષી આર્થિક વિશ્લેષણ માટે એકમલક્ષી અર્થશાસ્ત્રની જરૂર પડે છે.

સરકાર જ્યારે નીતિઓનું ઘડતર કરે છે ત્યારે સમગ્ર દેશ માટે કરે છે. પરંતુ તે માટેની વિવિધ ક્ષેત્રોની માહિતી એ એકમલક્ષી અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર છે. જેમાં વ્યક્તિગત પેઢીઓ, ઉદ્યોગો, કુટુંબ વગેરેની વર્તણૂકના અભ્યાસને આધારે સમગ્ર માટે નીતિ નિર્માણ કરવામાં આવે છે. વ્યક્તિગત લાક્ષણિકતાઓ જાણ્યા વિના સંપૂર્ણ અર્થશાસ્ત્રની સમસ્યા જાણવાનું મુશ્કેલ રહે છે.

આમ, સમગ્રક્ષી અને એકમલક્ષી અર્થશાસ્ત્રના ભિન્ન હોવા ઉપરાંત બંને એકબીજાના પૂરક પણ છે.

## 1.9 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની મર્યાદાઓ

આપણે જોયું કે એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એકબીજાના પૂરક પણ છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ પણ આપણે જાણ્યું. જો કે, સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની પણ મર્યાદાઓ છે. આ મર્યાદાઓને પણ ધ્યામનાં રાખવી જરૂરી છે. આ માટેના મુદ્દાઓ નીચે પ્રમાણે છે.

1.9.1 સમષ્ટિ અર્થશાસ્ત્ર અર્થતંત્રનાં ઘટકોનો અભ્યાસ નથી કરતું.

દા.ત. અર્થતંત્રમાં બધી જ વસ્તુઓની કિંમતો એટલે કે સામાન્ય ભાવસપાટીમાં થતાં ફેરફારોનો અભ્યાસ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે, પરંતુ ખાદ્યતેલની કિંમતોમાં શા માટે વધારો થાય છે? તૈયાર કપડાની કિંમતો સ્થિર છે કે વધે છે કે ઘટે છે ? વગેરે પ્રકારે વ્યક્તિગત કિંમતનો અભ્યાસ આ ક્ષેત્ર કરતું નથી. જે કારણે બધી જ વસ્તુઓની કિંમતોમાં વધારો થતો હોય તે કારણ સ્માર્ટ ટેલિવિઝનની કિંમતોને લાગુ ન પણ પડતા હોય. આમ, સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની આ મર્યાદાને કારણે એકમલક્ષી અભ્યાસનું મહત્ત્વ પણ રહે છે.

1.9.2 આર્થિક વિરોધાભાસ

અર્થતંત્રમાં કેટલીક એવી બાબતો પણ છે કે જે સમસ્ત અર્થતંત્ર માટે હોય તેના કરતા વિપરીત પરિણામો એકમલક્ષી કે વ્યક્તિગત બાબતોને લાગુ પડે છે. આવા કેટલાક વિરોધાભાસ આપણે જોઈએ તો....

- બચતનો વિરોધાભાસ

બચત કરવી એ વ્યક્તિગત સદ્‌ગુણ કહી શકાય પણ, જો આખો દેશ બચત કરે અને ખર્ચ ન કરે તો ! નફાનું પુનઃ મૂડીરોકાણ ન થાય. રોજગારીની તકો ઊભી ન થાય, બજારમાં વસ્તુઓની /સેવાઓની માંગ ન થાય ! વગેરે. આમ, જે બાબત એક વ્યક્તિ કે એક પેઢી માટે સારી ગણાય તે સમગ્ર અર્થતંત્ર માટે યોગ્ય ન પણ હોય.

(અહીં એક વાત પ્રવર્તમાન સંજોગોને આધારે જો આપણે વિચારીએ, તો પરંપરાગત ઊર્જા સ્ત્રોતની બચત સમગ્ર રાષ્ટ્ર કરે તો સારું થઈ શકે ! ઉત્પાદનનાં અછત વાળાં સાધનોનો વેડફાટ ન થાય તે રીતે ઉપયોગ કરવામાં આવે તો ! આમ, કેટલીક બાબતો એક વ્યક્તિ માટે તથા રાષ્ટ્ર માટે પણ સારી હોય છે.)

- વેતનકાપ અને રોજગાર સંબંધી વિરોધાભાસ

એક વિચારધારા પ્રમાણે જો કોઈ પેઢી તેનાં વેતનભંડોળને ધ્યાનમાં રાખીને વેતનદર ઘટાડે તો તેટલા જ વેતનમાં વધારે લોકોને રોજગારી આપી શકાય છે. આ બાબત કોઈ એક પેઢી માટે સાચી હોઈ શકે, પરંતુ જો બધી જ પેઢીઓ અને ઉદ્યોગો આ રીત અપનાવે તો વેતનકાપથી આવકમાં ઘટાડો થશે અને પરિણામે બજારમાંગમાં ઘટાડો થશે. માંગમાં ઘટાડાથી નવું મૂડીરોકાણ કરવાથી રોકાણકારો દૂર રહેશે અને પરિણામે આગળના તબક્કે રોજગારીની નવી તકોનું સર્જન નહીં થાય. આમ, વેતનકાપથી રોજગારીનું પ્રમાણ વધશે તે સમગ્ર અર્થતંત્ર માટે લાગુ પાડી શકાય તેવી નથી.

- નાણાના કુલ પુરવઠા સંબંધી વિરોધાભાસ

કોઈ એક વ્યક્તિ પાસે નાણાનુ પ્રમાણ વધે તો તે લાભદાયક થઈ શકે છે. પરંતુ જો સમગ્ર અર્થતંત્રમાં નાણાનો કુલ પુરવઠો વધે અને સાથે વાસ્તવિક ઉત્પાદન ન વધે તો ફુગાવાનો જન્મ થાય છે, જે અર્થતંત્ર માટે નુકસાનકારક અસરો સર્જે છે.

1.9.3 સમૂહોના માપદંડ સંબંધી મુશ્કેલીઓ

વિદ્યાર્થી મિત્રો, તમે જાણો છો કે સમગ્રલક્ષી આર્થિક વિશ્લેષણ સમૂહનો અભ્યાસ કરે છે. આ સમૂહ કે સમગ્રમાં સમાવિષ્ટ વિભિન્ન વસ્તુઓના એકમોનો માપદંડ અને સ્વરૂપ અલગ-અલગ હોય છે. જેમ કે, ઘઉંનું ઉત્પાદન ક્વિન્ટલમાં, કાપડનું ઉત્પાદન મીટરમાં તો દૂધનું ઉત્પાદન લિટરમાં માપવામાં આવે છે. તો આ બધાના કુલ ઉત્પાદનનો સરવાળો કેવી રીતે કરી શકાય ? જોકે આના ઉપાય તરીકે આ દરેક જથ્થાને નાણાકીય મૂલ્યમાં દર્શાવવામાં આવે છે. હવે, વિદ્યાર્થી મિત્રો, તમે જાણો જ છો કે, નાણાના મૂલ્યમાં એટલે કે, નાણાની કિંમતમાં પણ સતત ફેરફાર થતાં રહે છે ! તો આ માપદંડ પણ સ્થિર નથી. આમ, આર્થિક ઘટકોનો કુલ અભ્યાસ ઘણી વખત કઠિન બને છે.

## 1.10 સારાંશ

- સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અર્થતંત્રનો એક-એક ઘટકથી નહીં પણ તે બધા ઘટકોના આંતરસંબધોનો સમગ્રપણે અભ્યાસ કરે છે.
- રાજકોષીય નીતિ, નાણાકીય નીતિ, વિનિમયદર નીતિ વગેરે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના સાધનો છે.
- સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ કેઈન્સિયનનાં પુસ્તક General Theory OR Employment, Interst and Money થી ઓળખાયું ત્યાં સુધી એ માન્યતા પ્રચલિત હતી કે એક-એક એકમના અભ્યાસથી સમગ્ર વિશે અભ્યાસ કરી શકાય છે.
- રાષ્ટ્રીય આવકનો સિદ્ધાંત, રોજગારીનો સિદ્ધાંત, નાણાનો સિદ્ધાંત, સામાન્ય ભાવસપાટીનો સિદ્ધાંત, આર્થિક વૃદ્ધિ અને વિકાસના સિદ્ધાંતો એ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસનું કાર્યક્ષેત્ર છે.
- બૃહદ્ સ્થૈતિક બૃહદ ગત્યાત્મક અને તુલનાત્મક સ્થૈતિક એ સમગલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસની પદ્ધતિઓ છે.
- અર્થતંત્રની કેટલીક ઘટનાઓ એવી હોય છે કે, જેના કારણો અને અસરો વ્યક્તિ માટે અને સમગ્ર અર્થતંત્ર માટે જુદા જુદા હોય છે. દા.ત. વ્યક્તિગત બચત અને રાષ્ટ્રની બચતના કારણો, હેતુઓ અને અસરો અલગ હોય છે. તેવી જ રીતે વ્યક્તિની બેરોજગારી અને રાષ્ટ્રમાં બેરોજગારી એક વસ્તુની કિંમતમાં વધારો-ઘટાડો અને સામાન્ય ભાવસપાટી એટલે કે, બધી જ વસ્તુની કિંમતોમાં થતો વધારો-ઘટાડો વગેરે.

  આથી, સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અલગથી અભ્યાસ જરૂરી બને છે.

## 1.11 ચાવીરૂપ શબ્દો

- કેઈન્સોત્તર

કેઈન્સોતર એટલે કેઈન્સ પછીનું. અહીં, કેઈન્સ પછી વિકાસ પામેલી વિચારધારા અને આર્થિક નિયમો માટે કેઈન્સોત્તર (કેઈન્સ + ઉત્તર) શબ્દનો ઉપયોગ કરવામાં આવેલો છે. જેના ઉપર કેઈન્સની વિચારધારાનો વધુ પ્રભાવ પડે છે અને તેના આધારે જેઓએ

આર્થિક વિચારધારા વિકસાવી છે તેઓ કેઈન્સોત્તર (Post Keynsion) કહેવાય છે. નિકોલસ કાલ્ડોર, માઈકલ કાલેકી, એ. પી. લર્નર, જોન રોબિન્સન, પિયરો સ્ત્રાફા વગેરે તેમાં મુખ્ય નામ છે.

- સ્ટેગફલેશન (Stagflation)

અર્થતંત્ર જ્યારે તેજીના ગાળામાંથી પસાર થઈ રહ્યું છે. ત્યારે અર્થતંત્રમાં સામાન્ય ભાવસપાટી એટલે કે, બધી જ વસ્તુઓની કિંમત વધતી હોય છે. સાથે સાથે મૂડીરોકાણ ઉત્પાદન, રોજગારી અને આવક એમ બધામાં વધારો થતો હોય તેથી GDP પણ વધે છે. પરંતુ જ્યારે Stagflution (Stagnation + Inflation) ની (સ્થગિતતા અને ફુગાવો) સ્થિતિમાં ફુગાવાનાં લક્ષણો હોય છે. પરંતુ ઉત્પાદન, આવક કે રોજગારીમાં વધારો થતો નથી. અર્થતંત્ર સ્થગિત હોય તેમ છતાં કિંમતોમાં વધારો થાય તે સ્થિતિને Stagflation તરીકે ઓળખવામાં આવે છે.

## 1.12 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારથી લખો**

(1) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એટલે શું ? સમગ્રક્ષી અર્થતંત્રના અભ્યાસના હેતુઓ તથા સાધનોનું વર્ણન કરો.

(2) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની વ્યાખ્યાઓ સમજાવો. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનાં કાર્યક્ષેત્રનો પરિચય આપો.

(3) સમગ્રલક્ષી અને એકમલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ સમજાવો. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની મર્યાદાઓ કઈ કઈ છે ?

(4) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એટલે શું ? તેના અભ્યાસના હેતુઓ મહત્ત્વ અને ઉપયોગિતા વર્ણવો.

**(ખ) નીચેના વિષયો પર ટૂંકનોંધ લખો**

(1) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસની પદ્ધતિઓ.

(2) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના સાધનો.

(3) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની મર્યાદાઓ.

**(ગ) નીચેના વિકલ્પ પસંદ કરો**

(1) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અન્ય કયા નામે ઓળખાય છે ?

(a) સમષ્ટિ અર્થશાસ્ત્ર (b) બૃહદ્ અર્થશાસ્ત્ર

(c) સૂક્ષ્મ અર્થશાસ્ત્ર (d) (a) અને (b)

(2) સરકારના આવક અને ખર્ચ અંગેની નીતિને શું કહેવાય છે ?

(a) નાણાકીય નીતિ (b) રાજકોષીય નીતિ

(c) કરવેરા નીતિ (d) એકપણ નહીં

(3) નાણાકીય નીતિ મધ્યસ્થ બેંકની કઈ નીતિ છે ?

(a) શાખનિયંત્રણ નીતિ

(b) નાણાના પુરવઠા ઉપર અસર કરવાની નીતિ

(c) વેતન, વેપાર, વિનિમયસંબંધી નીતિ

(d) આપેલા બધાં જ

(4) વિનિમયદર નીતિ શા માટેની નીતિ હોય છે ?

(a) વિદેશી ચલણ સાથેના વિનિમય દર માટેની

(b) દેશના આંતરિક ચલણ માટેની

(c) વસ્તુઓ અને સેવાઓના વિનિમય માટેની

(d) ઉપરના બધા જ માટેની

(5) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ કયા અર્થશાસ્ત્રીના પુસ્તકના પ્રકાશનથી શરૂ થયો ?

(a) ઓપનહેમર (b) કેઈન્સ

(c) શુક્પીટર (d) એડમ સ્મિથ

(6) કેઈન્સનું પુસ્તક કયા નામથી સામાન્ય રીતે ઓળખાય છે ?

(a) દાસ કેપિટલ (b) જનરલ થિયરી

(c) વેલ્થ ઓફ નેશન્સ (d) ગ્રેટ ડિપ્રેશન

(7) નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(a) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર રાષ્ટ્રની આવકનો અભ્યાસ કરે છે ?

(b) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સામાન્ય ભાવસપાટીનો અભ્યાસ કરે છે.

(c) રાજકોષીય નીતિ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું સાધન છે.

(d) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વ્યક્તિની આવકનો અભ્યાસ કરે છે.

(8) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં નીચેની કઈ પદ્ધતિએ અભ્યાસ કરવામાં આવે છે ?

(a) બૃહદ્ સ્થૈતિક (b) બૃહદ્ ગત્યાત્મક

(c) તુલનાત્મક સ્થૈતિક (d) આપેલી બધી જ

## ➯ ઉપયોગી વાંચન સંદર્ભ


- આહુજા, એચ. એલ.; 'મેક્રો ઇકોનોમિક્સ – થિયરી એન્ડ પોલિસી' (વીસમી આવૃત્તિ, 2019), એસ. ચંદ એન્ડ કંપની લિમિટેડ.
- જૈન, જી. એલ. (2007); 'મેક્રો ઇકોનોમિક્સ સિસ્ટમ પ્રોબ્લેમ્સ એન્ડ ફંક્શન્સ', મંગલદીપ પબ્લિકેશન્સ, જયપુર.
- જોશી, ડૉ. મહેશ વી. (2011-12) 'સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર-II'; અનડા પ્રકાશન, અમદાવાદ.
- સિંધ એસ. બી. (2004); 'મેક્રો ઇકોનોમિક્સ', વિશ્વભારતી પબ્લિકેશન, ન્યૂ દિલ્હી.
- મિશ્ર એસ. કે. પુરી, વી. કે. (1998), 'વયષ્ટિ અર્થશાસ્ત્ર', હિમાલય પબ્લિશિંગ હાઉસ, મુંબઈ.

## ➭ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**(ક) સાચો વિકલ્પ પસંદ કરો :**

(1) (a) અને (b)

(2) રાજકોષીય નીતિ

(3) આપેલા બધા જ

(4) વિદેશી ચલણ સાથેના વિનિમય દર માટેની

(5) કેઈન્સ

(6) જનરલ થિયરી

(7) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વ્યક્તિની આવકનો અભ્યાસ કરે છે.

(8) આપેલી બધી જ.

———————— × ————————

# એકમ-2 રાષ્ટ્રીય આવકનો ખ્યાલ અને માપણીની પદ્ધતિઓ

## : રૂપરેખા :


2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 રાષ્ટ્રીય આવકનો અર્થ અને વ્યાખ્યાઓ

2.3 રાષ્ટ્રીય આવકનાં ઘટકો

2.4 રાષ્ટ્રીય આવકનો ચક્રીય પ્રવાહ

2.5 રાષ્ટ્રીય આવકનું માપન

 2.5.1 ઉત્પાદન પદ્ધતિ

 2.5.2 આવક પદ્ધતિ

 2.5.3 ખર્ચ પદ્ધતિ

2.6 રાષ્ટ્રીય આવકની ગણતરીની મુશ્કેલીઓ

 2.6.1 રાષ્ટ્રીય આવકની ગણતરીની સૈદ્ધાંતિક મુશ્કેલીઓ

 2.6.2 રાષ્ટ્રીય આવકની ગણતરીની વ્યવહારિક મુશ્કેલીઓ

2.7 હરિયાળું રાષ્ટ્રીય ઉત્પાદન

2.8 સારાંશ

2.9 ચાવીરૂપ શબ્દો

2.10 તમારી પ્રગતિ ચકાસો

- ઉપયોગી સંદર્ભ સૂચિ
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો
- સાંકેતિક લઘુરૂપ

## 2.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે –

- રાષ્ટ્રીય આવકનો અર્થ, વ્યાખ્યાઓ સમજાવી શકશો.
- રાષ્ટ્રીય આવકનાં માપનની પદ્ધતિઓનું વિશ્લેષણ અને સરખામણી કરી શકશો.
- રાષ્ટ્રીય આવકની ગણતરીની મુશ્કેલીઓની ચર્ચા કરી શકશો.
- હરિત રાષ્ટ્રીય ઉત્પાદનનું મહત્ત્વ સમજાવી શકશો.

## 2.1 પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો, દરેક પરિવાર કંઈને કંઈ કામ કરીને આવક મેળવતો હોય છે. જો પરિવારના એકથી વધારે સભ્યો જુદો જુદો રોજગાર-વ્યવસાય કરતા હોય તો તે બધાની આવક એ પરિવારની કે કુટુંબની કુલ આવક કહેવાય છે. તેવી જ રીતે કોઈ દેશનાં બધા લોકોની આવકનો સરવાળો કરીએ તો તે દેશની, રાષ્ટ્રની આવક કહેવાય છે.

વળી, જેવી રીતે આપણે બજારમાંથી કોઈ વસ્તુ કે સેવાની ખરીદી કરીએ છીએ તો આપણો ખર્ચ થાય છે, પરંતુ સામી બાજુએ જેની પાસેથી ખરીદી કરી છે તે દુકાનદાર કે કારીગરની આવક થાય છે ! આમ, એક વ્યક્તિનો ખર્ચ તે બીજી વ્યક્તિની આવક બને છે. આવું જ રાષ્ટ્રીય આવકની બાબતમાં પણ કહી શકાય. આ એકમમાં આપણે સમગ્ર રાષ્ટ્રની આવકનો અર્થ, રાષ્ટ્રીય આવકનો ચક્રીય પ્રવાહ, રાષ્ટ્રીય આવકને માપવાની પદ્ધતિઓ વગેરે બાબત વિશે અભ્યાસ કરવાના છીએ.

સરકારની વિવિધ યોજનાઓ અને નીતિઓ પ્રજા દ્વારા લેવાતા તેમના ખાનગીક્ષેત્રના આર્થિક નિર્ણયો વગેરેથી રાષ્ટ્રનું કુલ ઉત્પાદન, રાષ્ટ્રની આવક અને તે રીતે પ્રજાની સુખાકારીમાં વધારો થાય છે કે કેમ ? તે જાણવું જરૂરી છે. જાહેરક્ષેત્રના નીતિવિષયક નિર્ણયો કે ખાનગીક્ષેત્રના નિર્ણયોથી રાષ્ટ્રની આવક વધતી હોય, પ્રજાનું કલ્યાણ વધતું હોય તો તે પ્રક્રિયા ચાલુ રાખી શકાય છે અને જો રાષ્ટ્રની આવકમાં કોઈ ઘટાડો નોંધાયો હોય તો તેનું વિશ્લેષણ કરીને રાષ્ટ્રીય આવકના વધારામાં આવતી અડચણો દૂર કરી શકાય છે. જો કોઈ એક ક્ષેત્રની આવકમાં વધારો થાય તો પણ રાષ્ટ્રની કુલ આવકમાં વધારો નોંધાય છે પણ આ વધારો અન્ય ક્ષેત્રનાં નુકસાનથી તો નથી થયો ને ! આ પ્રકારની જાણકારી પણ રાષ્ટ્રીય આવકના અભ્યાસથી કહી શકાય છે.

હવે આપણે તબક્કાવાર રાષ્ટ્રીય આવકનો અભ્યાસ કરીએ.

## 2.2 રાષ્ટ્રીય આવકનો અર્થ અને વ્યાખ્યાઓ

રાષ્ટ્રીય આવકને જુદીજુદી રીતે પારિભાષિત કરવામાં આવી છે. **કોલીન ક્લાર્ક**ના શબ્દોમાં, "કોઈ એક નિશ્ચિત સમયગાળા માટેની રાષ્ટ્રીય આવક અર્થાત્ ચાલુ બજાર કિંમતોએ વપરાશ માટે ઉપલબ્ધ વસ્તુઓ અને સેવાઓનું નાણાકીય મૂલ્ય વત્તા વધારાની મૂડીનું નિર્માણ કરવામાં ચૂકવેલી વાસ્તવિક કિંમત ઓછા ઉપયોગમાં લેવાય રહેલા મૂડી સાધનોને લાગતો ઘસારો અને પ્રવર્તનમાન કિંમતોએ કુલ જથ્થામાં થતો વધારો અથવા ઘટાડો."

**પિગુના શબ્દોમાં**, "રાષ્ટ્રીય આવક એ સમાજની વાસ્તવિક આવકનો એ જથ્થો છે જેમાં વિદેશથી કમાયેલી આવકનો પણ સમાવેશ થાય છે, જેને નાણામાં માપી શકાય."

હકીકતમાં નાણાનો માપદંડ એ રાષ્ટ્રીય આવકનો સૂચક આંક છે. વાસ્તવિક આવક વધારે સ્પષ્ટ એ રીતે સમજાવી શકાય કે, "નિશ્ચિત સમય દરમ્યાન વસ્તુઓ અને સેવાઓનો પ્રવાહ." આ પ્રવાહને આપણે નાણામાં માપીએ છીએ. કારણ કે નાણું એ સર્વસામાન્ય માપદંડ છે, જેમાં વસ્તુઓ અને સેવાઓનાં વિવિધ સ્વરૂપો કે પ્રકારોને ઉમેરાતાં જોઈ શકાય છે.

આમ, રાષ્ટ્રીય આવક એ કુલ આવક છે. આ આવક શ્રમ અને મૂડીથી કમાયેલી આવક છે. રાષ્ટ્રના અર્થતંત્રમાં વર્તમાન સમયે ઉપલબ્ધ સાધનોની મદદથી વસ્તુઓ અને સેવાઓનું થયેલું ઉત્પાદન છે. રાષ્ટ્રીય આવક ઉત્પાદનનાં સાધનોનું પણ સૂચન કરે છે. એટલે કે રાષ્ટ્રની સરહદમાં સ્થાનિક રહેવાસીઓ દ્વારા પૂરાં પડાયેલાં મૂડી અને શ્રમ સાધન દ્વારા થયેલું વસ્તુઓ અને સેવાઓનું થયેલું ઉત્પાદન.

રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા આપતા **માર્શલ** કહે છે કે, "કોઈ દેશના શ્રમ અને મૂડી સાધનો તે દેશના કુદરતી સંસાધનો સાથે કામ કરીને વર્ષ દરમ્યાન જે વસ્તુઓ અને સેવાઓનું ચોખ્ખું ઉત્પાદન કરતાં હોય તે ઉત્પાદન દેશનું ચોખ્ખું વાસ્તવિક ઉત્પાદન છે અથવા તો રાષ્ટ્રીય આવક છે."

માર્શલ અને પિગુ કરતાં ફિશરની વ્યાખ્યા થોડી જુદી પડે છે. ફિશરના શબ્દોમાં, "વાસ્તવિક રાષ્ટ્રીય આવક એ એક વર્ષમાં ઉત્પાદિત ચોખ્ખાં ઉત્પાદનનો એ ભાગ છે, કે જે એક વર્ષ દરમ્યાન પ્રત્યક્ષ રીતે ઉપભોગમાં લેવામાં આવેલો છે." આમ, ફિશર ઉત્પાદનને બદલે ઉપભોગને ધ્યાનમાં લે છે. તે અનુસાર કોઈ વસ્તુનું ઉત્પાદન થયું હોય, પરંતુ જ્યાં સુધી તેનો વપરાશ ન થયો હોય ત્યાં સુધી તે માત્ર મૂડી કે સંપત્તિ છે, તેને ઉત્પાદન કે આવક કહી શકાય નહીં.

ઉપરની વ્યાખ્યાઓ જોતાં કહી શકાય કે, પિગુ અને માર્શલે ઉત્પાદને મહત્ત્વ આપેલું, જ્યારે ફિશરે ઉપભોગને મહત્ત્વ આપેલું છે. બંને ખ્યાલ યોગ્ય છે. જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ આપેલી રાષ્ટ્રીય આવકની વ્યાખ્યાઓને આધારે તેમાંથી એક સર્વગ્રાહી વ્યાખ્યા આ રીતે બનાવી શકાય : "દેશનાં ઉત્પાદન સાધનોએ એક વર્ષ દરમ્યાન કરેલા શુદ્ધ ઉત્પાદનના નાણાકીય મૂલ્યને તે દેશની રાષ્ટ્રીય આવક કહી શકાય."

રાષ્ટ્રીય આવકના આધુનિક ખ્યાલનો હવે પછી આપણે પરિચય મેળવીશું, જે રાષ્ટ્રીય આવકનાં ઘટકો શીર્ષક હેઠળ ચર્ચવામાં આવેલ છે.

## 2.3 રાષ્ટ્રીય આવકનાં ઘટકો

નેશનલ બ્યૂરો ઑફ ઈકોનોમિક રિસર્ચ (NBER) ઑફ યુ.એસ.એ. દ્વારા વિકસિત કરવામાં આવેલ ખ્યાલ રાષ્ટ્રીય આવકનો આધુનિક ખ્યાલ કહેવાય છે. આ ખ્યાલ પ્રમાણે રાષ્ટ્રીય આવકમાં કઈકઈ બાબતોનો સમાવેશ થાય છે. તે વધારે સ્પષ્ટ થાય છે. રાષ્ટ્રીય આવકના આ ખ્યાલોમાં કુલ રાષ્ટ્રીય ઉત્પાદન, શુદ્ધ રાષ્ટ્રીય ઉત્પાદન, સાધન કિંમતે શુદ્ધ રાષ્ટ્રીય ઉત્પાદન વગેરેનો સમાવેશ થાય છે. આવક અંગેના અન્ય ખ્યાલોમાં વ્યક્તિગત આવક, ખર્ચવાપાત્ર આવક, વાસ્તવિક આવક વગેરેનો પણ સમાવેશ થાય છે. આ ખ્યાલોને હવે વિસ્તારથી જોઈએ.

- કુલ રાષ્ટ્રીય ઉત્પાદન (Gross National Product (GNP) :

GNPની ગણતરી અથવા માપન બે રીતે થઈ શકે છે (i) ઉત્પાદનના મૂલ્યથી અથવા (ii) કુલ આવકના હિસ્સાના સરવાળાથી –

(i) કુલ ઉત્પાદન મૂલ્યથી ગણતરી :

કોઈ એક વર્ષ દરમ્યાન વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદનના પ્રવાહની બજાર કિંમતે ગણતરી કરતાં કુલ રાષ્ટ્રીય ઉત્પાદન મળે છે. આ ઉત્પાદન માટે દેશના સ્થાનિક ઉત્પાદન સાધનોનો જ ઉપયોગ થયો હોય છે. આ GNP કોઈપણ પ્રકારના મૂડી ઘસારા પહેલાં ગણવામાં આવતી કુલ ઉત્પાદનની બજાર કિંમત છે. આમ,

GNP = વ્યક્તિગત ઉપભોગ ખર્ચ
+ કુલ ઘરેલુ ખાનગી રોકાણ ખર્ચ
+ શુદ્ધ વિદેશી રોકાણ
+ વસ્તુઓ અને સેવાઓ ઉપરનો સરકાર દ્વારા થતો ખર્ચ

આ ઘટકોને વિગતે સમજીએ,

(a) વ્યક્તિગત ઉપભોગ ખર્ચ : આ પ્રકારના ખર્ચમાં દેશના લોકો દ્વારા થતો બધા જ પ્રકારના વ્યક્તિગત ઉપભોગ માટેનો ખર્ચ સમાવિષ્ટ છે.

(b) કુલ ઘરેલું ખાનગી રોકાણ : આ મુદ્દામાં ખાનગી પેઢીઓ દ્વારા થતાં રોકાણ ખર્ચનો સમાવેશ કરવામાં આવે છે.

(c) શુદ્ધ વિદેશી રોકાણ : શુદ્ધ વિદેશી રોકાણનો અર્થ થાય છે નિકાસ અને આયાત વચ્ચેનો તફાવત અથવા નિકાસ અધિશેષ.

(d) વસ્તુઓ અને સેવાઓ પરનો સરકાર દ્વારા થતો ખર્ચ : કેન્દ્ર કે રાજ્ય સરકાર વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરતી હોય તો તે માટેનો રોકાણ ખર્ચ તેમજ વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડવાનો ખર્ચ જે સરકાર દ્વારા કરવામાં આવે છે તેનો આ સ્થળે સમાવેશ થાય છે.

(ii) કુલ આવકના હિસ્સાથી ગણતરી :

GNPની ગણતરી અન્ય એક રીતે પણ થઈ શકે છે અને તે છે રાષ્ટ્રની કુલ આવકમાં સમાજના સભ્યોનો ફાળો અહીં રાષ્ટ્રીય આવકની ગણતરી આવકની પદ્ધતિએ કરવામાં આવે છે. તેમાં ઉત્પાદનના સાધનોને તેમના કાર્ય બદલ થતી નાણાકીય ચૂકવણીનો સમાવેશ થાય છે.

GNP = વેતન અને ભાડું
+ વ્યાજ
+ નફો (અસંગઠિત પેઢીઓનો નફો)
+ ડિવિડન્ડ
+ વહેંચણી પહેલાનો પેઢીનો નફો
+ કંપની વેરા + પરોક્ષ વેરા
+ ઘસારો – બદલા ચૂકવણીઓ

(a) વેતન : આ શીર્ષક અંતર્ગત દરેક પ્રકારના વેતનોનો સમાવેશ થાય છે.

સંચાલકો અને કર્મચારીઓનાં ઉત્પાદક કાર્યોના બદલામાં મળતા વેતન ગણતરીમાં લેવાય છે. ઓવરટાઈમ, કમિશન, પ્રોવિડન્ટ ફંડ, વીમો વગેરે દ્વારા થતી આવક વેતનમાં ગણવામાં આવે છે.

(b) ભાડું : કુલ ભાડામાં જમીન, દુકાન, ઘર, ફેક્ટરી, વગેરેને મળતા ભાડાનો સમાવેશ થાય છે. આ દરેક પ્રકારની સંપત્તિમાંથી મળતું ભાડું તેના માલિકની આવક ગણાય છે. અને તે તેનો ઉપયોગ કરે છે.

(c) વ્યાજ : દેશના લોકોએ જુદાજુદા સ્ત્રોતોમાંથી કમાયેલી વ્યાજની આવકની ગણતરી અહીં કરવામાં આવે છે. આ પ્રકારનાં વ્યાજમાં ખાનગી મૂડી પરના અવિતરિત અંદાજીત વ્યાજનો પણ સમાવેશ કરવામાં આવે છે, જે ધંધાદારીઓ રોકાણમાં ઉપયોગમાં લીધો છે. પરંતુ સરકારી ધિરાણો પરના વ્યાજનો સમાવેશ કરવામાં આવતો નથી. કારણ કે તે રાષ્ટ્રીય આવકનું માત્ર હસ્તાંતરણ છે.

(d) નફો : નફામાં વ્યક્તિગત અને ભાગીદારી ધંધાઓ પરનો કમાયેલો નફો જે અસંગિત ક્ષેત્રનો હોય છે તેનો સમાવેશ થયેલો હોય છે. તે ઉપરાંત શેર હોલ્ડરોને કંપની તરફથી મળતું ડિવિડન્ડ, અવિતરિત નફો તથા કંપનીવેરાનો સમાવેશ થાય છે.

(e) પરોક્ષ કરવેરા : સરકાર અનેક પ્રકારના પરોક્ષ વેરાઓ જેવાં કે, ઉત્પાદન કર, વેચાણ વેરો ઉઘરાવે છે. આ વેરાઓ વસ્તુની કિંમતમાં સમાવવામાં આવે છે. ભારતના સંદર્ભમાં પ્રવર્તમાન સમયનું ઉદાહરણ લઈએ તો વસ્તુઓ અને સેવાઓ ઉપરનો કર (Goods And Service Tax = GST) થી સરકારને થતી આવકની અહીં ગણતરી કરવામાં આવે છે.

આમ, GNPનું માપન દરેક પ્રકારના ખર્ચનો સરવાળો કરીને કરવામાં આવે છે. તેમાં પરોક્ષ કરવેરાને પણ લેવામાં આવે છે. કારણ કે આવા કરવેરાઓ વસ્તુની કિંમતનો એક ભાગ બન્યા હોય છે. પરંતુ જ્યાં GNPની ગણતરી કુલ સાધન કિંમતોએ કરવામાં આવે છે ત્યાં પરોક્ષ કરવેરા જણાશે નહીં કારણ કે તે સરકારને ચૂકવવામાં આવે છે. સાધનના માલિકોને નહીં. જ્યારે GNPનું માપન કુલ અંતિમ ખર્ચના આધારે કરવામાં આવે છે ત્યારે તેમાં પરોક્ષ વેરાઓનો સમાવેશ કરવામાં આવે છે. અને તેને GNPmp GNP at Market Price = GNP બજાર કિંમતોએ) તરીકે ઓળખવામાં આવે છે. તો બીજી બાજુ સાધન કિંમતોએ કરવામાં આવતી રાષ્ટ્રીય આવકની ગણતરીમાં પરોક્ષ કરવેરાનો સમાવેશ કરવામાં આવતો નથી. આ રીતે થયેલી ગણતરી GNP at Factor Cost (GNPfc) તરીકે ઓળખવામાં આવે છે. એ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે ક્યારેક GNPfc માં એવાં તત્ત્વોનો સમાવેશ થયેલો હોય છે કે જે GNPmpમાં નથી હોતાં. તેમાં સરકાર તરફથી અપાતી આર્થિક સહાય (સબસિડી) કે જે સીધી ઉત્પાદકોને અપાય છે તેનો સમાવેશ થાય છે. કારણ કે તે ગ્રાહકોએ કરેલા ખર્ચનો ભાગ નથી હોતો.

ઉપરોક્ત બંને ખ્યાલો જે રાષ્ટ્રીય આવકની ગણતરીમાં તફાવત બતાવે છે તે GNPmp અને GNPfc વચ્ચેનો સંબંધ નીચે પ્રમાણ બતાવી શકાય.

GNPmp = GNPfc + પરોક્ષવેરા − સબસિડી

GNPfc = GNPmp − પરોક્ષવેરા + સબસિડી

(f) ઘસારો : બધા જ આર્થિક સંગઠનો તેના કુલ નાણાકીય સાધનોમાંથી થોડો ભાગ યંત્રો અને મૂડી ઘસારા માટે અલગ ફાળવતા હોય છે. આ ઘસારા ખર્ચ રાષ્ટ્રીય ઉત્પાદનનો એવો ભાગ છે કે જે મૂડીના ઘસારા પછી તેને ફરી ઉપયોગમાં લઈ શકાય

તે રીતે પુનઃ સ્થાપિત કરવા માટે જરૂરી હોય છે. આ પેઢી દ્વારા થતાં રોકાણનો પણ એક પ્રકાર કહી શકાય. મૂડી રોકાણના ખર્ચથી કુલ ઉત્પાદનમાં વધારો થતો નથી. પરંતુ સ્થાપિત ઉત્પાદનક્ષમતાને જાળવી શકાય છે. આમ, આ ઘસારા ખર્ચનો ખ્યાલ કુલ રાષ્ટ્રીય ઉત્પાદન કરતાં આર્થિક કલ્યાણની દૃષ્ટિએ વધારે મહત્ત્વનો બને છે.

(g) બદલા ચૂકવણી (Transfer Payment) : વ્યક્તિએ મેળવેલ પેન્શન, બેરોજગારી ભથ્થા અને વ્યાજ વગેરેની આવક બદલાતા ચૂકવણી કે બદલાતા કમાણી તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારની આવકો કુલ રાષ્ટ્રીય ઉત્પાદન (GNP) માંથી બાદ કરવામાં આવે છે. કારણ કે ઉત્પાદનના વર્તમાન પ્રવાહમાં તેનાથી કોઈ ઉમેરો થતો નથી.

- શુદ્ધ રાષ્ટ્રીય ઉત્પાદન (Net National Product = NNP) NNP = GNP – મૂડી ઘસારો :

શુદ્ધ રાષ્ટ્રીય ઉત્પાદન એટલે કોઈ એક રાષ્ટ્રમાં કોઈ એક વર્ષ દરમ્યાન ઉત્પાદિત થયેલ વસ્તુઓ અને સેવાઓનાં ચાલુ વર્ષનાં ઉત્પાદનનું ચાલુ કિંમતોએ નાણાકીય મૂલ્ય. GNPમાં મૂડી ઘસારો અહીં બાદ કરવામાં આવે છે. કારણ કે ઉત્પાદનની પ્રક્રિયા દરમ્યાન મૂડી, યંત્રો, ફેક્ટરી વગેરેને ઘસારો થતો હોવાથી આવાં યંત્રો સાધનો વગેરેને પુનઃ સ્થાપિત કરવામાં તેનો ઉપયોગ થાય છે. તેથી બજાર કિંમતે શુદ્ધ રાષ્ટ્રીય ઉત્પાદન = વ્યક્તિગત ઉપભોગ ખર્ચ + શુદ્ધ ઘરેલું ખાનગી રોકાણ + શુદ્ધ વિદેશી રોકાણ + સરકારી ખર્ચ જે વસ્તુઓ અને સેવાઓ ઉપર થાય છે.

સાધન કિંમતોએ શુદ્ધ ઘરેલુ ઉત્પાદન (Net Domestic Product at Factor Cost = NDPfc) :

જો સાધન કિંમતોએ શુદ્ધ રાષ્ટ્રીય ઉત્પાદનમાંથી શુદ્ધ વિદેશી આવક બાદ કરવામાં આવે તો સાધન કિંમતોએ શુદ્ધ ઘરેલુ ઉત્પાદન મળે છે. (શુદ્ધ વિદેશી આવક એટલે ચોક્કસ સમયગાળા દરમ્યાન રાષ્ટ્રની કુલ આયતો માટે થતી ચૂકવણઓ અને નિકાસોમાંથી પ્રાપ્ત થતી કમાણી વચ્ચેનો તફાવત)

- મૂલ્યવૃદ્ધિના આધારે GNP (GNP at value addition) :

ઉત્પાદનના દરેક તબક્કે વાસ્તવિક રોકાણ અને વાસ્તવિક ઉત્પાદન વચ્ચેનો તફાવત એ ઉત્પાદનમાં થયેલ મૂલ્યવૃદ્ધિ કહેવાય છે. જો અર્થતંત્રના બધા જ ઉદ્યોગો માટેનો આવો તફાવત જાણીને સરવાળો કરવામાં આવે તો કુલ ઘરેલું ઉત્પાદન મળે છે.

આ ગણતરીમાં મધ્યવર્તી વસ્તુઓના ઉત્પાદનની બેવડી ગણતરી થવાનો ભય દૂર થાય છે.

- વ્યક્તિગત આવક (Personal Income) :

જો રાષ્ટ્રીય આવક એ કમાયેલી આવકનું સૂચન કરે છે તો વ્યક્તિગત આવક એ વાસ્તવમાં મેળવેલી આવકનું સૂચન કરે છે. તેથી રાષ્ટ્રીય આવકમાંથી વ્યક્તિગત આવક મેળવવા માટે રાષ્ટ્રીય આવકમાંથી એવી આવકો બાદ કરવાની રહે જે કમાયેલી છે, પણ મેળવેલી નથી. તથા એવી આવકો ઉમેરવાની રહે જે મેળવેલી છે પણ કમાયેલી નથી. વ્યક્તિગત આવક એ એવી આવકોનો સરવાળો છે, જે એક વર્ષ દરમ્યાન વ્યક્તિઓ કે પરિવારો દ્વારા વાસ્તવિક રીતે મેળવવામાં આવી હોય છે.

આમ, વ્યક્તિગત આવક = રાષ્ટ્રીય આવક – સામાજિક સુરક્ષાનો ફાળો – કંપની (આવક) વેરો – કંપનીઓનો (પેઢીઓનો) અવિતરીત નફો + બદલા કમાણી.

- ખર્ચવાપાત્ર આવક (Disposable Income) :

વ્યક્તિગત આવકમાંથી સરકારને ફરજિયાત ચૂકવવાની થતી રકમ દા.ત., આવકવેરો વ્યક્તિગત સંપત્તિવેરો વગેરે બાદ કર્યા પછી જે બચે છે તે ખર્ચવાપાત્ર આવક કહેવાય છે. આ એવી વાસ્તવિક આવક છે કે જે વ્યક્તિ કે પરિવાર ખર્ચ કરવા માટે ઉપયોગમાં લઈ શકે છે. પણ કુલ ખર્ચવાપાત્ર આવકમાંથી બધી જ રકમ ઉપભોગ ખર્ચ પર નથી વપરાતી. તેનો અમુક ભાગ બચત પણ કરવામાં આવે છે. ખર્ચવાપાત્ર વ્યક્તિગત આવક = ઉપભોગ ખર્ચ + બચત થાય છે.

- વાસ્તવિક આવક (Real Income) :

રાષ્ટ્રીય આવક એ વસ્તુઓ અને સેવાઓનાં ઉત્પાદનનું નાણાના સ્વરૂપમાં બતાવાતું મૂલ્ય છે. સામાન્ય ભાવસપાટીના વધારા કે ઘટાડાના સંજોગોમાં ચાલુ કિંમતોએ બતાવાતી રાષ્ટ્રીય આવક અર્થતંત્રનું સાચું ચિત્ર નથી બતાવતી. આથી, ચાલુ કિંમતોમાં દર્શાવાતી રાષ્ટ્રીય આવકને કોઈ આધાર વર્ષના સંદર્ભમાં દર્શાવવામાં આવે છે.

$$\text{આમ, વાસ્તવિક } NNP = \frac{\text{નાણાકીય } NNP}{\text{કોઈ નિશ્ચિત વર્ષનો ભાવાંક}} \times 100$$

- **માથાદીઠ આવક (Percapita Income) :**

કોઈ વર્ષની રાષ્ટ્રીય આવકને તે વર્ષની તે દેશની કુલ વસ્તી વડે ભાગવાથી તે વર્ષની માથાદીઠ આવક મળે છે.

## 2.4 રાષ્ટ્રીય આવકનો ચક્રીય પ્રવાહ :

રાષ્ટ્રીય આવકનો દ્વિક્ષેત્રીય, ત્રિક્ષેત્રીય અને ચારક્ષેત્રીય પ્રવાહ :

અહીં ઉપર આપણે જે સમજૂતી મેળવી તેમાં પેઢીઓ અને કુટુંબો વચ્ચે વહેતો આવકનો પ્રવાહ સમજાવવામાં આવ્યો છે. આ દ્વિક્ષેત્રીય મોડેલ છે. આ પ્રકારની સમજૂતી બહુ પ્રાથમિક કક્ષાની અને સાદી છે. પરંતુ આપણે જાણીએ છીએ કે આધુનિક અર્થતંત્રોમાં માત્ર ઉપભોક્તા અને ઉત્પાદકો જ બધા દેશો જ નથી હોતા, પરંતુ સરકાર પણ સક્રિય હોય છે. વળી, બધા દેશો એકબીજા સાથે વેપારથી જોડાયેલા હોવાથી વિદેશવેપાર એટલે કે આયાત-નિકાસની અસરોથી પણ અર્થતંત્ર પ્રભાવિત થાય છે.

હવે આગળ આપણે ત્રિક્ષેત્રીય અને ચારક્ષેત્રીય મોડેલમાં રાષ્ટ્રીય આવકના ચક્રીય પ્રવાહને સમજીએ.

### 2.4.1 રાષ્ટ્રીય આળકના પ્રવાહનું ત્રિક્ષેત્રીય મોડેલ

અગાઉ આપણે જે સમજૂતી મેળવી તે દ્વિક્ષેત્રીય મોડેલમાં કેટલીક ધારણાઓ કરવામાં આવી છે. જેમ કે,

(1) કુટુંબ દ્વારા જે આવક કમાવવામાં આવે છે તેમાંથી બધી જ આવકનો ખર્ચ કરવામાં આવે છે અને બચત કરવામાં આવતી નથી.

(2) તેવી જ રીતે પેઢીઓ પણ તેમની વેચાણ આવક, ભાડું, વેતન, વ્યાજરૂપે ઉત્પાદન સાધનોને વહેંચી દે છે તથા નફા તરીકે વેચાણ આવક બચાવતા નથી. આમ, નફાનું પુનઃરોકાણ થવાની પણ સંભાવના નથી.

(3) અર્થતંત્રમાં સરકારનો હસ્તક્ષેપ નથી અથવા તો સરકારનું અસ્તિત્વ નથી.

(4) આ અર્થતંત્ર અન્ય દેશો સાથે વેપારથી જોડાયેલો નથી. એટલે આયાત ખર્ચ

કે નિકાસ આવકને સ્થાન નથી.

ઉપરોક્ત ધારણાઓમાંથી કેટલીક ધારણાઓ ત્રિક્ષેત્રીય મોડલમાં મર્યાદાઓ તરીકે ઓળખવામાં આવી છે.

ત્રિક્ષેત્રીય મોડેલમાં સરકારનો હસ્તક્ષેપ હોય તે રીતે અભ્યાસ કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા કરવામાં આવતો જાહેર ખર્ચ પ્રજાની આવક બને છે. વળી, વિવિધ કરવેરા દ્વારા સરકાર લોકોની આવક પાછી પણ ખેંચી લે છે.

આમ, કુટુંબોની આવકનો પ્રવાહ માત્ર પેઢીઓની વસ્તુઓ ખરીદવા માટે જ નહીં પણ કેટલાક પ્રવાહ સરકારને કર ચૂકવવા માટે પણ જાય છે. આમ થવાથી પેઢીઓની આવકના પ્રવાહમાં ભંગાણ પડે છે. (જેને Leakage of National Income flow from household પણ કહે છે.)

બીજી બાજુ, સરકાર કેટલીક બાબતો માટે આર્થિક સહાય (સબસિડી) પણ ચૂકવે છે અથવા જાહેરક્ષેત્ર મારફતે વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડવા પાછળ જે ખર્ચ કરે છે તે કુટુંબોની આવક બને છે. આકૃતિ 2.2 ત્રિક્ષેત્રીય મોડેલની રજૂઆત કરે છે. આ આકૃતિમાં કરવેરા ઉપરાંત નાણાકીય સંસ્થાઓ જેમ કે બેંક વગેરેનું મહત્ત્વ પણ બતાવેલું છે. આમ, હવે પેઢીઓ માત્ર કુટુંબો પાસેથી મળતી આવક ઉપજ નહિ પણ નાણાસંસ્થાઓ પાસેથી ઉધાર લઈને પણ રોકાણ કરી શકતી હોય છે.




આકૃતિ 2.2

રાષ્ટ્રીય આવકના પ્રવાહનું ત્રિક્ષેત્રીય મોડેલ

આકૃતિ 2.2થી આપણે જોઈ શકીએ છીએ રાષ્ટ્રીય આવકનો પ્રવાહ માત્ર કુટુંબો અને પેઢી વચ્ચેનો જ નથી રહ્યો. તેમાં હવે સરકારની પણ સક્રિય ભાગીદારી છે. પ્રજાને/કુટુંબોને મળતી આવક માત્ર પેઢીઓ તરફથી જ નથી આવતી. સરકાર દ્વારા કરવામાં

આવતો ખર્ચ પણ આવક ઊભી કરે છે. આમ, કુટુંબો, પેઢીઓ અને તેની સાથે સરકાર પણ હવે રાષ્ટ્રીય આવકમાં જોડાય છે. આમ,

$$NI = C + I + G$$

જ્યાં NI = National Income (રાષ્ટ્રીય આવક)

C = Consumption Expenditure (ઉપભોગ ખર્ચ)

I = Investment Expenditure (રોકાણ ખર્ચ)

G = Government Expenditure (સરકારનો ખર્ચ)

### 2.4.2 રાષ્ટ્રીય આવકના પ્રવાહનું ચારક્ષેત્રીય મોડેલ

રાષ્ટ્રીય આળકના ચારક્ષેત્રીય મોડેલમાં વિદેશવેપારની પણ ગણતરી કરવામાં આવી છે. આથી તે માટેનું સૂત્ર આ રીતે બનશે.

$$NI = C + I + G (X - M)$$

જ્યાં X – M = Export Minus Import (નિકાસ – આયાત)

આકૃતિ 2.3માં પણ હવે વિદેશવેપારનું ક્ષેત્ર ઉમેરાયું છે.



આકૃતિ 2.3

આપણે જાણીએ છીએ કે એક દેશની આવક બીજા દેશનો ખર્ચ બને છે. જ્યારે કોઈ દેશમાંથી નિકાસ થાય ત્યારે તે દેશમાં અન્ય દેશમાંથી થતી આવક વધે છે.

આમ, કુટુંબોની આવક સીધી જ પેઢીઓને મળે તેમ ન પણ બને. કુટુંબો દ્વારા સરકારને કરવેરા ચૂકવવામાં આવે. બેંકો/નાણાકીય સંસ્થામાં બચતનું રોકાણ કરવામાં આવે કે વિદેશથી આયાત થતી વસ્તુઓ ઉપર ખર્ચ કરવામાં આવે તેમ બની શકે છે. તેને કુટુંબની આવકનું બહિર્વહન (Leakage) કહી શકાય.

તો બીજી બાજુ પેઢીઓ પાસેથી સરકાર દ્વારા કરવામાં આવતી ખરીદી, નિકાસ, આવક, નાણાં સંસ્થાઓ પાસેથી મળતું ધિરાણ વગેરે સ્ત્રોતથી થતી આવકને પણ ગણતરીમાં લેવાની થાય તેને આવકનું આંતર્વહન (Injection) કહી શકાય.

## 2.5 રાષ્ટ્રીય આવકનું માપન

ઉત્પાદન સાધનો (જમીન, મૂડી, શ્રમ, નિયોજન શક્તિ) તેમની આવક વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાંથી મેળવે છે અને આ આવક તેઓ વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનની ખરીદી પાછળ ખર્ચ કરે છે. આ ચક્રીય પ્રવાહના આધારે રાષ્ટ્રીય આવકની ગણતરી ત્રણ રીતે થઈ શકે છે. (A) ઉત્પાદન પદ્ધતિ (B) આવક પદ્ધતિ અને (C) ખર્ચ પદ્ધતિ આ ત્રણ પદ્ધતિ હવે આપણે વિસ્તારથી સમજીએ.

### 2.5.1 ઉત્પાદન પદ્ધતિ :

આ ખ્યાલ રાષ્ટ્રીય આવક સુધી ઉત્પાદનના રસ્તે પહોંચે છે. જેમાં, અર્થતંત્રને (વિવિધ ક્ષેત્રોમાં વિભાજીત કરવામાં આવે છે. જેમ કે, કૃષિક્ષેત્ર, ખાણ અને ખનિજક્ષેત્ર, મેન્યુફેક્ચરિંગ, લઘુ સાહસો, વેપાર, પરિવહન, સંદેશાવ્યવહાર અને અન્ય સેવાઓ તે પછી દરેક ક્ષેત્રમાં થયેલા ઉત્પાદનની માહિતી મેળવવામાં આવે છે. કોઈ એક નિશ્ચિત વર્ષમાં થયેલા વાસ્તવિક ઉત્પાદનના મૂલ્યને નાણાના સ્વરૂપમાં દર્શાવીને કુલ ઉત્પાદન કે રાષ્ટ્રીય આવક મેળવી શકાય છે.

ઉત્પાદનના કુલ મૂલ્યમાંથી જે-તે આર્થિક એકમોએ અન્ય ઉત્પાદન એકમોમાંથી કરેલી ખરીદીને બાદ કરવામાં આવે છે. આ શુદ્ધ આવકમાં વિદેશમાંથી થયેલી આવકોને ઉમેરતાં કુલ રાષ્ટ્રીય ઉત્પાદન મળે છે. કુલ રાષ્ટ્રીય ઉત્પાદન અથવા કુલ રાષ્ટ્રીય આવકમાંથી ઘસારા ખર્ચ બાદ કરતાં અર્થાત્ GNPમાંથી ઘસારા ખર્ચ બાદ કરતા શુદ્ધ રાષ્ટ્રીય ઉત્પાદન (Net National Product) મળે છે.

આ પદ્ધતિને રાષ્ટ્રીય આવકની ગણતરી કરવાનો એક લાભ એ છે કે, તેનાથી અર્થતંત્રનાં જુદા જુદા ક્ષેત્રોનું સાપેક્ષ મહત્ત્વ જાણી શકાય છે. રાષ્ટ્રીય આવકમાં જુદા જુદા ક્ષેત્રોના ફાળાને આધારે તેનું મહત્ત્વ જાણી શકાય છે. આથી, આ રીતે મેળવાતા રાષ્ટ્રીય આવકના અંદાજોને ઔદ્યોગિક મૂળથી કે ઔદ્યોગિક ઉત્પાદને રાષ્ટ્રીય આવક તરીકે ઓળખવામાં આવે છે.

### 2.5.2 આવક પદ્ધતિ :

રાષ્ટ્રીય આવકની ગણતરી આ પદ્ધતિએ કરતાં રાષ્ટ્રીય આવક સુધી વહેંચણીને રસ્તે પહોંચી શકાય છે. દેશના બધાં જ લોકોની આવકોનો સરવાળો કરવાથી કુલ રાષ્ટ્રીય આવક મળે છે. દેશના લોકો તેમની આવક કમાવા માટે વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનની પ્રક્રિયામાં તેમની સેવા આપે છે. અથવા તો તેઓ પોતાની માલિકીના સાધનો જેવાં કે જમીન, મૂડી વગેરે ઉત્પાદન પ્રક્રિયામાં રોકીને આવક મેળવે છે. આમ, રાષ્ટ્રીય આવકની

ગણતરી માટે જમીનનું ભાડું, શ્રમિકોનું વેતન, મૂડીનું વ્યાજ અને નિયોજકોનો નફો તથા જોઈન્ટ સ્ટૉક કંપનીઓના અવિતરિત નફાનો સરવાળો કરીને કુલ આવક મેળવી શકાય છે. તેમાં સ્વરોજગાર કરનારી વ્યક્તિઓની આવકોને પણ ઉમેરવામાં આવે છે. જો કે અહીં બદલા કમાણી તરીકે મેળવેલી આવકને સમાવિષ્ટ કરવામાં આવતી નથી. આ રીતે મેળવેલી રાષ્ટ્રીય આવકનો મુખ્ય લાભ એ છે કે, તેમાં જુદા જુદા જૂથો જેમ કે, જમીનદારો, મૂડીપતિઓ, કામદારો વગેરે વચ્ચે થયેલી રાષ્ટ્રીય આવકની વહેંચણીનું સૂચન કરે છે. આથી આ પદ્ધતિને અન્ય શબ્દોમાં વહેંચણીના હિસ્સાને આધારે રાષ્ટ્રીય આવક પણ કહેવાય છે.

2.5.3 ખર્ચ પદ્ધતિ :

આ પદ્ધતિ રાષ્ટ્રીય આવક મેળવવા માટે બધા જ ખર્ચનો સરાળો કરે છે. જેમાં કોઈ એક નશ્ચિત વર્ષ દરમ્યાન વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનની ખરીદી પાછળ થયેલા ખર્ચનો સરવાળો કરવામાં આવે છે. આ પ્રકારે ખર્ચ દ્વારા રાષ્ટ્રીય આવક મેળવવા માટે ખાનગી/વ્યક્તિગત ઉપભોગ, ખર્ચ, શુદ્ધ ઘરેલું (સ્થાનિક) રોકાણ, જાહેર ક્ષેત્રનો/સરકારી ખર્ચ તથા શુદ્ધ વિદેશી રોકાણને ધ્યાનમાં લેવામાં આવે છે. આ પ્રકારની રાષ્ટ્રીય આવકની ગણતરીનો ખ્યાલ એ બાબત પર આધારિત છે કે, રાષ્ટ્રીય આવક એ રાષ્ટ્રીય ખર્ચને સમાન હોય છે.

રાષ્ટ્રીય આવકની ખર્ચ પદ્ધતિએ ગણતરી કરતી વખતે બેવડી ગણતરી ન થાય તે બાબતનું ધ્યાન રાખવું જોઈએ. આ માટે ઉત્પાદનની પ્રક્રિયામાં વપરાતી 'મધ્યવર્તી' વસ્તુઓની ખરીદીમાં થયેલો ખર્ચ સમાવિષ્ટ કરાતો નથી. ઉદાહરણ તરીકે કોઈ એવી વસ્તુ કે જે એક કરતા વધારે હાથોમાંથી પસાર થઈને અંતિમ ઉપભોગની વસ્તુનું રૂપ ધારણ કરે છે. તેવી વસ્તુના ઉત્પાદન કે તેના પર થયેલા ખર્ચને જો દરેક તબક્કે ગણતરીમાં લેવામાં આવે તો કુલ ઉત્પાદનનો આંકડો વાસ્તવિક ઉત્પાદન કરતા અનેકગણો ઊંચો આવશે. આમ, ખર્ચ પદ્ધતિએ આવકની ગણતરી કરતા અંતિમ વસ્તુઓ અને સેવાઓની ખરીદી પાછળ થયેલા ખર્ચને જ ધ્યાનમાં લેવામાં આવે છે. અન્ય તમામ મધ્યવર્તી ખર્ચાઓ તેમાં સમાવિષ્ટ હોય જ છે.

ખર્ચ પદ્ધતિનો રાષ્ટ્રીય આવકની ગણતરી કરવામાં બહુ ઓછો ઉપયોગ થાય છે. કારણ કે ખર્ચની માહિતી બહુ આસાનીથી મળતી નથી. રાષ્ટ્રીય આવકની ગણતરી માટે મુખ્યત્ત્વે ઉત્પાદન પદ્ધતિ અને આવક પદ્ધતિનો સંયુક્ત રીતે ઉપયોગ કરાતો હોય છે. આવક પદ્ધતિનો ઉપયોગ મોટાભાગે સેવા ક્ષેત્રની આવકો ગણવામાં થાય છે. જેમાં, શિક્ષકો, વકીલો, તબીબોની આવક ગણાય છે. કૃષિ અને ઉદ્યોગ ક્ષેત્ર દ્વારા થયેલા ઉત્પાદનની ગણતરી માટે રાષ્ટ્રીય આવકની ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

## 2.6 રાષ્ટ્રીય આવકની ગણતરીની મુશ્કેલીઓ

રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે સામાન્ય રીતે બે પ્રકારની સમસ્યાઓ ઊભી થાય છે : (1) સૈદ્ધાંતિક અને (2) વ્યાવહારિક કે આંકડાકીય.

2.6.1 સૈદ્ધાંતિક સમસ્યાઓ :

નીચેની ચાર સમસ્યાઓ સૈદ્ધાંતિક મુશ્કેલીઓ ગણાવી શકાય :

(i) રાષ્ટ્રની વ્યાખ્યા :

રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે 'રાષ્ટ્ર'નો શું અર્થ થાય છે ? રાષ્ટ્રનો અર્થ અહીં દેશ એવો થતો નથી. તે જ રીતે રાષ્ટ્રીય આવકનો અર્થ ફરજિયાત રીતે દેશની સરહદોની અંદર થયેલાં ઉત્પાદનનાં મૂલ્ય કે આવકને ગણી શકાય નહીં. રાષ્ટ્રીય આવકનો ખ્યાલ રાષ્ટ્ર કે દેશની રાજકીય સરહદોથી પાર જાય છે. આમ, રાષ્ટ્રની આવકમાં રાષ્ટ્રની બહારથી કમાયેલી આવક પણ સમાવિષ્ટ કરવી જોઈએ. જ્યારે વિદેશીઓ દ્વારા દેશમાં રહીને કમાયેલી આવકની બાદબાકી કરવી જોઈએ. રાષ્ટ્રીય આવકનો આ વિસ્તૃત ખ્યાલ હવેથી લગભગ વૈશ્વિક સ્તરે અપનાવાઈ ચૂક્યો છે.

(ii) રાષ્ટ્રીય આવકની ગણતરીની પદ્ધતિ :

આગળ વર્ણવેલી રાષ્ટ્રીય આવકની ગણતરીની બધી જ પદ્ધતિઓ અથવા તો કોઈ એકનો ઉપયોગ કરી શકાય છે. રાષ્ટ્રીય આવકની ગણતરીની પદ્ધતિની પસંદગીનો આધાર માહિતીની ઉપલબ્દ્ધતા ઉપર છે.શ્રેષ્ઠ રીત એકથી વધારે પદ્ધતિએ આવકની ગણતરી કરવાની છે. જેથી પારસ્પરિક પદ્ધતિએ આવકની ગણતરી કરવાની છે. જેથી પારસ્પરિક તપાસ કરીને (Cros-Check) અન્ય પદ્ધતિએ મેળવેલી રાષ્ટ્રીય આવક સાથે સરખામણી કરી શકાય.

(iii) આર્થિક પ્રવૃત્તિનો તબક્કો :

બધા જ અર્થતંત્રોમાં મુખ્ય આર્થિક પ્રવૃત્તિઓ જેવી કે ઉપભોગ, ઉત્પાદન અને વિતરણ એક સાથે જ થતી હોય છે. મૂળ પ્રશ્ન એ છે કે કયા તબક્કે રાષ્ટ્રીય આવકની ગણતરી કરવી ? રાષ્ટ્રીય આવક જાણવા માટે ઉત્પાદિત થયેલી આવક, વિતરીત થયેલી આવક કે ઉપભોગમાં લવાયેલી આવકને ધ્યાનમાં લેવી ? આ પ્રશ્નના નિરાકરણ માટે અર્થશાસ્ત્રીઓ અને આંકડાશાસ્ત્રીઓ એવા સર્વસંમત તારણ પર આવ્યા છે કે કોઈપણ તબક્કો પસંદ કરી શકાય છે.

(iv) વસ્તુઓ અને સેવાઓનો સમાવેશ :

અહીં દર્શાવેલ સૈદ્ધાંતિક સમસ્યાનો સંબંધ રાષ્ટ્રીય આવકની ગણતરીમાં લેવામાં આવતી વસ્તુઓ અને સેવાઓની સાથે જોડાયેલી સમસ્યાઓ સાથે છે. સૈદ્ધાંતિક રીતે રાષ્ટ્રીય આવકમાં સમાવેશ કરી શકાય તે માટે જે તે વસ્તુ કે સેવાનું નાણાકીય મૂલ્ય બનાવી શકતું હોવું જોઈએ. પરંતુ વાસ્તવિક જીવનમાં એવી કેટલીયે વસ્તુઓ અને સેવાઓ હોય છે, જેનું નાણાકીય મૂલ્ય હોતું નથી.

અહીં પિગુએ આપેલો પ્રખ્યાત વિરોધાભાસ લાગુ પડે છે ! તે પ્રમાણે એક શેઠના ઘરે કામ કરતી સ્ત્રી તેના કામ બદલ વેતન મેળવતી હતી, પછી તે સ્ત્રી તેના એ શેઠને પરણી જાય છે અને એ પહેલા કરતી એ કામો જ કરવાનું ચાલુ રાખે છે. પણ હવે તેના કામ માટે તે સ્ત્રીને કોઈ વેતન કે આવક મળતા નથી. આમ, રાષ્ટ્રીય આવકમાં ઘટાડો થયો કહેવાય !

જે સેવાઓ પ્રેમ, દયા જેવી લાગણીઓથી કરવામાં આવે છે તે સેવાઓ નાણાકીય વળતરના હેતુથી નથી કરાતી. તેનું આર્થિક મૂલ્ય છે પણ નાણાકીય મૂલ્ય નથી. તેથી તેનો રાષ્ટ્રીય આવકમાં સમાવેશ કરવો કે નહીં તે સમસ્યા છે અને જો તેનો સમાવેશ રાષ્ટ્રીય ઉત્પાદનની ગણતરી વખતે કરવામાં આવે તો તેનું નાણાકીય મૂલ્ય કેટલું આંકવું તે પ્રશ્ન વણ ઉકલ્યો રહે છે.

2.6.2 ઉપરની સૈદ્ધાંતિક સમસ્યાો ઉપરાંત અન્ય કેટલીક વ્યવહારિક સમસ્યા પણ છે.

જે હવે આપણે વિસ્તારથી જોઈએ :

(i) બેવડી ગણતરી :

બેવડી ગણતરીની સમસ્યા 'ઉત્પાદન પદ્ધતિ'એ રાષ્ટ્રીય આવકની ગણતરી કરવા સાથે સંકળાયેલી છે. બેવડી ગણતરી એવી સ્થિતિ બતાવે છે કે જેમાં કોઈ વસ્તુ, કાચો માલ કે યંત્ર સામગ્રી રાષ્ટ્રીય આવકમાં એકથી વધારે વખત ગણતરીમાં લેવાતાં હોય છે. અને બેવડી ગણતરીની સ્થિતિ ટાળવા માટે માત્ર અંતિમ તૈયાર થયેલી વસ્તુઓ કે જે હવે માત્ર ઉપભોગમાં લેવાની છે તેને જ રાષ્ટ્રીય આવકની ગણતરીમાં લેવામાં આવે છે. કારણ કે અંતિમ વસ્તુમાં વચગાળાની તમામ કિંમતોનો સમાવેશ કરાયો જ હોય છે. (દા.ત., આઈસક્રીમની કિંતમમાં તેમાં કાચા માલ તરીકે વપરાયેલ દૂધ અને ખાંડની કિંમતની ગણતરી થયેલી જ હોય છે. આમ, જેટલું દૂધ અને ખાંડ આઈસ્ક્રીમમાં વપરાય તેની બેવડી ગણતરી ટાળવા માટે માત્ર આઈસ્ક્રીમની કિંમત ગણવામાં આવે છે.)

(ii) ભાવસપાટીની અસ્થિરતા :

ઉત્પાદન પદ્ધતિએ રાષ્ટ્રીય આવકની ગણતરી કરતાં ભાવસપાટીમાં આવતા ઉતાર-ચઢાવોની અસર દૂર કરવાની રહે છે. આમ, ન કરાય તો ભાવસપાટીમાં થતાં વધારા કે ઘટાડા પ્રમાણે રાષ્ટ્રીય આવક વધેલી કે ઘટેલી જણાશે. આ સમસ્યા દૂર કરવા માટે રાષ્ટ્રીય આવકની ગણતરી 'આધાર વર્ષ'ની સરખામણીએ કરવાની રહે છે. પ્રવર્તમાન વર્ષની ભાવસપાટીએ અને આધાર વર્ષની ભાવસપાટીએ થતી રાષ્ટ્રીય આવકની તુલના કરીને મળતી રાષ્ટ્રીય આવક 'સતત કિંમતોએ રાષ્ટ્રીય આવક' તરીકે ઓળખાય છે.

(iii) આંકડાકીય ગણતરીની સમસ્યાઓ :

અલ્પવિકસિત દેશોમાં બહુ મોટું બિનનાણાકીય ક્ષેત્ર અસ્તિત્વમાં હોય છે. વસ્તુ વિનિમય પ્રથાએ થતા મોટા ભાગના વ્યવહારોને કારણે વસ્તુઓ અને સેવાઓનાં ઉત્પાદનનું નાણાકીય મૂલ્ય જાણી શકાતું નથી. કૃષિ ઉત્પાદનનો મોટો ભાગ બજારમાં આવતો હોય, કારણ કે ખેડૂતોએ તે સ્વ-ઉપભોગ માટે રાખ્યો હોય તેવા સંજોગોમાં પણ ગણતરી થઈ શકતી નથી. બજારમાં ન આવતા જથ્થા માટેનું મૂલ્ય જાણવા માટેની કોઈ વ્યવસ્થા હજી સુધી વિકસિત થઈ નથી. ઉપરાંત ખેતી અને બીજા નાના વ્યવસાયોથી થતાં ઉત્પાદનની કોઈ આધારભૂત માહિતી મળતી નથી. અલ્પવિકસિત અર્થતંત્રોમાં લગભગ બધું જ ઉત્પાદન અસંગઠિત ક્ષેત્ર દ્વારા થતું હોય છે.

પરિવહન, બેંકિંગ, શ્રમ વગેરેની માહિતી મળતી હોતી નથી. વળી, કાળા નાણાનો બહુ મોટો જથ્થો હોય છે. મોટા પ્રમાણમાં બિનહિસાબી નાણું રાષ્ટ્રીય આવકની ગણતરીમાં પ્રવેશતું નથી.

## 2.7 હરિયાળું રાષ્ટ્રીય ઉત્પાદન

વિદ્યાર્થી મિત્રો, સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ કે રાષ્ટ્રની આવકનો સમગ્રની દૃષ્ટિએ અભ્યાસ ક્યારે થયો કહી શકીએ ? એડમ સ્મિથના પુસ્તક 'An Inquiry into the nature and causes of wealth og nations.' (1776)થી કે કેઈન્સની 'જનરલ થિયરી' (1936) થી અર્થશાસ્ત્રના અભ્યાસના શરૂઆતના સમયમાં તેનો રાજ્યશાસ્ત્ર સાથે જ અભ્યાસ કરવામાં આવતો હતો. 17મી અને 18મી સદીના અર્થશાસ્ત્રના અભ્યાસમાં ઉત્પાદનના સાધનો પણ માત્ર બે જ માનવામાં આવતા હતા – (1) મૂડી અને (2) શ્રમ. પરંતુ આપણે આધુનિક સમયમાં કુદરતી સંપત્તિ અને નિયોજનક્ષમતાને પણ મહત્ત્વ આપીએ છીએ.

આ વિભાગમાં આપણે કુદરતી સંપત્તિનો રાષ્ટ્રીય આવકની ગણતરીમાં સમાવેશ કરવાનો પ્રયત્ન કર્યો છે.

પરંપરાગત રીતે રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે મૂડી સાધનોને લાગતો ઘસારો બાદ કરવામાં આવે છે. આ જ વિચારને પાયે, જ્યારે આધુનિક અર્થતંત્ર સતત વિકાસને મહત્ત્વ આપે છે. ત્યારે સતત વિકાસના મુખ્ય ઘટક પર્યાવરણીય પાસાને પણ ધ્યાનમાં લેવું પડે. આપણે જાણીએ છીએ કે, કુદરતી સંપત્તિના અભાવે આર્થિક વિકાસની સંભાવનાઓ ઘટી જાય છે. પછી તે ફળદ્રુપ જમીન હોય, વિવિધ ધાતુઓ હોય કે જંગલ પેદાશો અને દરિયાઈ સંપત્તિ. પવન, સૂર્ય અને પાણીમાંથી જ આપણે વિદ્યુત ઉત્પન્ન કરીએ છીએ. રસાયણો અને ઔષધિઓ પણ પ્રકૃતિ જ આપે છે. એટલે જ્યારે આર્થિક વિકાસ નિરંતર થાય તેવું ધ્યેય હોય તો ઉત્પાદન અને વિકાસ પ્રક્રિયાથી જેવી રીતે યંત્રો અને સાધનોને થતો ઘસારો નોંધીએ છીએ તેવી રીતે કુદરતી સાધનોને લાગતો ઘસારો પણ નોંધાવો જોઈએ. આ પ્રકારની વિચારધારાને હરિયાળી રાષ્ટ્રીય આવકની ગણતરી કહેવાય છે. (Green National Income Accounting)

ભૌતિક વિજ્ઞાનના નિયમ પ્રમાણે આમ તો મનુષ્ય કોઈ પદાર્થનું ઉત્પાદન કે વિનાશ નથી કરી શકતો. પરંતુ તેનું માત્ર રૂપાંતર કરી શકે છે. તો પછી જ્યારે કોઈ વૃક્ષ કપાવાથી જંગલ ઓછા થાય છે તો તે ચિંતાનો વિષય કેમ છે ? કારણ કે મનુષ્ય તેનો ઉપયોગ ભાવિ સતત વિકાસ માટે કરી રહ્યો છે કે ટૂંકાગાળાનાં ધ્યેય માટે ! વળી, તેનાથી રાષ્ટ્રની સુખાકારી કે કલ્યાણમાં વધારો થાય છે કે કેમ ? તે પણ બાબત મહત્ત્વની છે. જો કોઈ પદાર્થમાંથી નશાયુક્ત દવા બનતી હોય તો રાષ્ટ્રની સંપત્તિ તો તે જ રહે છે, પરંતુ તે જ પદાર્થમાંથી સમાજની સુખાકારી માટે બિમારીને દૂર કરતી કોઈ દવા બનતી હોય તો પણ રાષ્ટ્રની સંપત્તિ તેટલા જ પ્રમાણમાં વધે છે, પરંતુ તે સતત વિકાસલક્ષી રાષ્ટ્રીય સંપત્તિ છે !

આમ, કુદરતી સંપત્તિનો ઉપયોગ ક્યાં થાય છે ? તેને કેટલો ઘસારો લાગે છે... વગેરે મુદ્દાઓ પણ મહત્ત્વના બને છે. આપણે કુદરતી સૌંદર્ય અને ક્લાઈમેટ ચેન્જના સંદર્ભમાં જ અભ્યાસ કરીએ તેને બદલે રાષ્ટ્રીય આવકમાં ફાળો આપતાં સાધન તરીકે પણ અભ્યાસ કરીએ.

હરિયાળું રાષ્ટ્રીય ઉત્પાદન (Green GDP) અર્થાત્ પારતંત્રિક ફેરફારોને નાણાનાં મૂલ્યમાં બતાવવા અને તેનો રાષ્ટ્રીય આવકની ગણતરીમાં સમાવેશ કરવો.

હવે, આપણને પ્રશ્ન થાય કે, જંગલો કે વૃક્ષો કાપીને હાઈવે બનાવવો અથવા તો રહેણાંક માટે શહેરોનો વિકાસ કરવો, રીંગ રોડ બનાવવા, તો કપાયેલાં જંગલોનું નાણાકીય મૂલ્ય કેટલું ? વરસાદની અનિયમિતતાનું નાણાકીય મૂલ્ય કેટલું ?

આપણે રાષ્ટ્રની કુલ આવકમાંથી કેટલા રૂપિયાની કુદરતી સંપત્તિનો ઘસારો બાદ કરીએ - તો શુદ્ધ ગ્રીન GDP મળે ? નદી કે તળાવ સૂકાતાં જાય તો તેનું મૂલ્ય કેટલું ? - આના કેટલાંક ઉપાયો આ પ્રમાણે વિચારી શકાય;

(a) છેલ્લા 10 વર્ષમાં કપાયેલા વૃક્ષોથી લોકોનાં સ્વાસ્થ્ય પાછળ કેટલો ખર્ચ વધ્યો ?

(b) કુદરતી ઠંડક મેળવવા માટે જંગલો ન કપાય તેના માટે પ્રજા કેટલા નાણા કે કેટલી કિંમત ચૂકવવા તૈયાર છે ?

(c) જંગલ કાપીને બનેલા હાઈવેથી રાષ્ટ્રની આવકમાં કેટલો વધારો થયો ?

વિદ્યાર્થી મિત્રો, આપણે ટકાઉ સંપોષિત વિકાસની અપેક્ષા રાખીએ છીએ, પરંતુ હજુ સુધી રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે કુદરતી સંપત્તિના જથ્થામાં થયેલો ફેરફાર ગણતરીમાં લેવાનું કોઈ દેશે ચાલુ કર્યું હોય તેવું જણાતું નથી. કુદરતી સંપત્તિનો પુરવઠો સ્થિર છે તેથી જ ખનિજો, ઉપયોગી ધાતુઓ વગેરેની કિંમતો અને તેમાંથી થતા ઉત્પાદનોની કિંમતોમાં વધારો થાય છે. આ માટે લોભ અને આધુનિક ઉપભોગવાદને પણ જવાબદાર માનવામાં આવે છે. જે સમગ્રલક્ષી સામાજિક સુખાકારીથી વિરૂદ્ધ દિશામાં જાય છે.

## 2.8 સારાંશ

- રાષ્ટ્રીય આવક એટલે એક વર્ષના ગાળા દરમ્યાન કોઈ એક દેશના તેના ઉત્પાદન સાધનોતી થયેલાં વાસ્તવિક ઉત્પાદનનું નાણાકીય સ્વરૂપ.
- રાષ્ટ્રીય આવક માપવાની ત્રણ પદ્ધતિ છે : (i) ઉત્પાદન પદ્ધતિ (ii) આવક પદ્ધતિ અને (iii) ખર્ચ પદ્ધતિ.
- રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે યંત્રો અને મૂડી સાધનોને લાગતો ઘસારો બાદ કરવામાં આવે છે.
- આધુનિક વિચારધારા પ્રમાણે જવી રીતે મૂડી સાધનોને લાગતો ઘસારા ખર્ચ રાષ્ટ્રીય આવકની ગણતરીમાં લેવામાં આવે છે તેવી જ રીતે કુદરતી સાધનસંપત્તિને લાગતો ઘસારા ખર્ચ કે પ્રદૂષણનો ખર્ચ વગેરે રાષ્ટ્રીય આવકની ગણતરીમાં ધ્યાનમાં લેવાવાં જોઈએ. આ ખ્યાલને 'હરિયાળું રાષ્ટ્રીય ઉત્પાદન' કહેવામાં આવે છે.
- રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે સૈદ્ધાંતિક તેમ જ વ્યવહારિક સમસ્યાઓ આવે છે.

## 2.9 ચાવીરૂપ શબ્દો

આધાર વર્ષ : આધાર વર્ષ એટલે એવું વર્ષ કે જે વર્ષની કિંમતોને રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે મૂળ કિંમતો કે શરૂઆતની કિંમતો તરીકે લેવામાં આવે છે. આધારવર્ષ એવું પસંદ કરવાનું હોય છે કે જ્યારે કોઈ મોટી આર્થિક, કુદરતી, રાજકીય ઘટનાઓ બની ન હોય તેવું સામાન્ય વર્ષ હોય.

સતત કિંમતો : સતત કિંમતો એટલે આધાર વર્ષની કિંમતોએ ગણતા દેશમાં ઉત્પન્ન થયેલી અંતિમ વસ્તુઓનું નાણાકીય મૂલ્ય.

ચાલુ કિંમતો : ચાલુ કિંમતો એટલે જેવર્ષની રાષ્ટ્રીય આવકની ગણતરી કરવામાં આવે છે તે વર્ષની જ કિંમતોએ અંતિમ વસ્તુઓનું નાણાકીય મૂલ્ય.

મધ્યવસ્તી વસ્તુઓ : મધ્યવર્તી વસ્તુઓ એવી વસ્તુઓ છે, જે અન્ય વસ્તુઓ બનાવવા માટે કાચા માલ કે યંત્રો તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. દા.ત., ખાંડ એક વસ્તુ છે.

## 2.10 તમારી પ્રગતિ ચકાસો

### (ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો

(1) રાષ્ટ્રીય આવક એટલે શું ? રાષ્ટ્રીય આવકની જુદાજુદા અર્થશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓ સમજાવો.

(2) રાષ્ટ્રીય આવક એટલે શું ? રાષ્ટ્રીય આવકની ગણતરી/માપન કરવાની પદ્ધતિઓનો પરિચય આપો.

(3) રાષ્ટ્રીય આવક એટલે શું ? રાષ્ટ્રીય આવકની ગણતરીમાં કઈ કઈ સમસ્યાઓ નડે છ ?

**(ખ) નીચેના વિષયો ઉપર ટૂંકનોંધ લખો :**

(i) રાષ્ટ્રીય આવક ગણવાની પદ્ધતિઓ

(ii) રાષ્ટ્રીય આવક માપનની ખર્ચ પદ્ધતિ

(iii) રાષ્ટ્રીય આવક માપનની આવક પદ્ધતિ

(iv) રાષ્ટ્રીય આવક માપનની ઉત્પાદન પદ્ધતિ

(v) હરિયાળું રાષ્ટ્રીય ઉત્પાદન

(vi) રાષ્ટ્રીય આવક ગણતરીમાં રહેલી સમસ્યાઓ

(vii) રાષ્ટ્રીય આવક ગણતરીની સૈદ્ધાંતિક સમસ્યાઓ

(viii) રાષ્ટ્રીય આવક ગણવાની વ્યવહારિક સમસ્યાઓ

**(ગ) યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) નીચેનામાંથી કઈ પદ્ધતિએ રાષ્ટ્રીય આવકની ગણતરી કરવામાં આવે છે ?

(a) આવક પદ્ધતિ (b) ખર્ચ પદ્ધતિ

(c) ઉત્પાદન પદ્ધતિ (d) આપેલ બધી જ

(2) નીચેનામાંથી કઈ પદ્ધતિ રાષ્ટ્રીય આવક ગણતરીની પદ્ધતિ નથી ?

(a) આવક પદ્ધતિ (b) ઉત્પાદન પદ્ધતિ

(c) તટસ્થ રેખા પદ્ધતિ (d) આપેલ બધી જ

(3) નીચેનામાંથી કઈ આવકનો રાષ્ટ્રીય આવકની ગણતરીમાં સમાવેશ નથી થતો ?

(અ) આરામની અને ગેરકાનૂની પ્રવૃત્તિમાંથી થયેલી આવક

(બ) શુદ્ધ નાણાકીય સોદાઓ

(ક) વપરાયેલી વસ્તુઓ અને બજારમાં વેચાતી વસ્તુઓ

(ડ) આપેલ તમામ

(4) GNPmp =

(a) GNPfc + પરોક્ષ કરવેરા – સબસિડી

(b) GNPfc – પરોક્ષ કરવેરા - સબસિડી

(c) GNPfc + પરોક્ષ કરવેરા + સબસિડી

(d) GNPfc – પરોક્ષ કરવેરા + સબસિડી

(5) GNPfc =

(a) GNPmp + પરોક્ષ કરવેરા – સબસિડી

(b) GNPmp – પરોક્ષ કરવેરા + સબસિડી

(c) GNPmp + પરોક્ષ કરવેરા + સબસિડી

(d) GNPmp – પરોક્ષ કરવેરા – સબસિડી

(6) નીચેનામાંથી કઈ આવક વ્યક્તિ કે પરિવાર ખર્ચ કરવા માટે ઉપયોગમાં લઈ શકે છે ?

(a) રાષ્ટ્રીય આવક (બ) માથાદી આવક

(b) ખર્ચવાપાત્ર આવક (d) કંપનીની આવક

(7) ખર્ચવાપાત્ર આવક માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(અ) વ્યક્તિગત આવક – કરવેરા = ખર્ચવાપાત્ર આવક

(બ) વ્યક્તિગત આવક – સબસિડી = ખર્ચવાપાત્ર આવક

(ક) વ્યક્તિગત આવક + કરવેરા = ખર્ચવાપાત્ર આવક

(ડ) ઉપરનામાંથી એક પણ નહીં.

(8) અર્થતંત્રના આંતરસંબંધોને સમજવા માટે અર્થતંત્ર કયા સમૂહોમાં વિભાજિત કરવામાં આવે છે ?

(અ) પેઢીઓ અને સરકાર (બ) પેઢીઓ અને કુટુંબો

(ક) કુટુંબો અને સરકાર (ડ) પેઢીઓ, કુટુંબો અને સરકાર

(9) ઉત્પાદન સાધનોનો પ્રવાહ કોના તરફથી આવે છે ?

(અ) પેઢીઓ (બ) સરકાર

(ક) કૃષિક્ષેત્ર (ડ) કુટુંબો

(10) કુલ રાષ્ટ્રીય આવક (GNP) માંથી શુદ્ધ રાષ્ટ્રીય આવક (NNP) મેળવવા માટે શું બાદ કરવામાં આવે છે ?

(અ) કરવેરા (બ) સબસિડી

(ક) ઘસારાખર્ચ (ડ) આપેલ બધા જ

(11) રાષ્ટ્રીય આવકની બેવડી ગણતરીની સમસ્યા ટાળવા માટે નીચેનામાંથી કઈ વસ્તુઓનો ખર્ચ સમાવિષ્ટ કરાતો નથી ?

(અ) નિકાસ થતી વસ્તુઓ (બ) આયાત થતી વસ્તુઓ

(ક) મધ્યવર્તી વસ્તુઓ (ડ) ગૃહ ઉપયોગની વસ્તુઓ

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

(ગ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો

(1) આપેલ પૈકી બધી જ

(2) તટસ્થરેખા પદ્ધતિ

(3) આપેલ તમામ

(4) GNPfc + પરોક્ષ કરવેરા – સબસિડી

(5) GNPmp – પરોક્ષ કરવેરા + સબસિડી

(6) ખર્ચવાપાત્ર આવક

(7) વ્યક્તિગત આવક – કરવેરા = ખર્ચવાપાત્ર આવક

(8) પેઢીઓ અને કુટુંબો

(9) કુટુંબો

(10) ઘસારા વર્ગ

# એકમ-3 બજારની સમગ્રલક્ષી સમતુલા - પ્રશિષ્ટ ખ્યાલ

-: રૂપરેખા :-


3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 સમગ્રલક્ષી સમતુલાનો અર્થ અને મહત્ત્વ

3.3 સમગ્રલક્ષી સમતુલા અંગે પ્રશિષ્ટ વિચારો

3.4 કુલ માંગ અને કુલ પુરવઠાનો ખ્યાલ

3.5 જે.બી.સે(જીન બેપ્ટિસ્ટ સે)નો બજારનો નિયમ

3.5.1 જે.બી.સેના નિયમની મર્યાદાઓ

3.5.2. જે.બી.સેના નિયમનું ચડિયાતાપણું

3.6 સારાંશ

3.7 ચાવીરૂપ શબ્દો

3.8 તમારી પ્રગતિ ચકાસો

(ક) વિસ્તૃત પ્રશ્નો

(ખ) ટૂંકનોંધ પ્રશ્નો

(ગ) હેતુલક્ષી વૈકલ્પિક પ્રશ્નો

– ઉપયોગી સંદર્ભ વાચન

– તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 3.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી તમે –

- પ્રશષ્ટિ અર્થશાસ્ત્ર અને કેટલાક મહત્ત્વના પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વિશેના કાર્યની પ્રાથમિક માહિતી પ્રાપ્ત કરશો.
- સમગ્રલક્ષી સમતુલાની પ્રાથમિક સમજ મેળવી શકાશે.
- સમગ્રલક્ષી સમતુલા અંગે પ્રશિષ્ટ વિચારધારા સમજી શકશો.
- કુલ માંગ અને કુલ પુરવઠાનો ખ્યાલ સમજશો.
- જે.બી.સેના નિયમની વિસ્તૃત સમજ કેળવાશે.

## 3.1 પ્રસ્તાવના :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર એ કેઈન્સ પહેલાના અર્થશાસ્ત્રના પરંપરાગત સિદ્ધાંતો પર આધારિત છે, કે જ્યાં લાંબેગાળે અર્થતંત્રના દરેક ક્ષેત્રે કુલ પુરવઠો અને કુલ માંગ સરખા હોય છે અને તેથી અર્થતંત્ર સમતુલામાં જ હોય છે. અર્થાત્ કુલ ચીજવસ્તુના પુરવઠા = કુલ ચીજવસ્તુની માંગ, કુલ બચત = કુલ મૂડીરોકાણ અને કુલ શ્રમના પુરવઠા = કુલ શ્રમની માંગ થતા જોવા મળે છે અને અર્થતંત્ર 'ફાવે તેમ વર્તો' - (Laissez-faire) એટલે કે મુક્ત બજારવ્યવસ્થા પર આધારિત હોય છે. આ અર્થશાસ્ત્ર એવું માને છે કે અર્થતંત્રમાં અતિઉત્પાદન, માંગનો અભાવ કે બેરોજગારી જેવા પ્રશ્નો હોતા નથી અને તે સરળતાથી ચાલ્યા કરે છે. અને જો ટૂંકાગાળે આવી કોઈ સમસ્યા સર્જાય તો અર્થતંત્રમાં બજારના પરિબળો દ્વારા સ્વયં થતા ફેરફારોથી લાંબાગાળે એનું સમાધાન થઈ જાય છે. અહીં આ વિચારધારામાં માનનારા અર્થશાસ્ત્રીઓને પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ કહે છે.

સૌ પ્રથમ માર્કસે, ડેવિડ રિકાર્ડો અને એની પૂર્વેના અર્થશાસ્ત્રીઓ માટે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી શબ્દનો ઉપયોગ કર્યો હતો. જ્યારે કેઈન્સે, ડેવિડ રિકાર્ડોના અનુયાયીઓ માટે આ શબ્દનો ઉપયોગ કર્યો હતો. સંકુચિત અર્થમાં કહીએ તો 18મી સદીના ઉત્તરાર્ધથી શરૂ કરી 19મી સદીના પૂર્વાર્ધનો ગાળો અને વિસ્તૃત અર્થમાં 18મી સદીના ઉત્તરાર્ધથી શરૂ કરી 1930 પહેલાનો ગાળો એ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રનો સમય કહેવાય છે. આ સમયગાળાના મહત્ત્વના પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓમાં એડમ સ્મિથ, ડેવિડ રિકાર્ડો, પીગુ, જે. બી. સે., જે.એસ.મીલ, માર્શલ વગેરેનો સમાવેશ કરી શકાય. જેમના આર્થિક વિચારો કે પ્રદાનની ટૂંકમાં માહિતી નીચે મુજબ છે.

- એડમ સ્મિથ : મુક્ત હરીફાઈ અને મુક્ત વેપાર એ રાષ્ટ્રની આર્થિક વૃદ્ધિને વેગ આપવાનો શ્રેષ્ઠ માર્ગ છે. તેમના મતે જ્યારે વ્યક્તિ પોતાના સ્વહિતને ધ્યાનમાં રાખી મુક્ત રીતે આર્થિક પ્રવૃત્તિ કરે છે, ત્યારે વ્યક્તિ સાથે સમગ્ર સમાજને તેનો લાભ થાય છે.
- જે. એસ. મીલ : શરૂઆતમાં મુક્ત સાહસ, મુક્ત સ્પર્ધા અને વ્યક્તિગત પહેલના હિમાયતી હતા. જો કે પાછળથી તેઓ ઉત્પાદન એ શ્રમિકો દ્વારા સંચાલિત સહકારી સંસ્થાઓ દ્વારા ચલાવાય તેવી સમાજવાદી વ્યવસ્થામાં પણ માનતા થયા હતા. તેમણે વૈકલ્પિક ખર્ચ, કદ વિસ્તારના લાભ અને વેપારના તુલનાત્મક લાભના ખ્યાલને વિકસિત કરવામાં પણ ભૂમિકા ભજવી છે.
- ડેવિડ રિકાર્ડો : મુક્ત બજારવ્યવસ્થા પર આધારિત ભાડા, નફા અને વેતન અંગેના સિદ્ધાંતો આપ્યા છે. વળી, આંતરરાષ્ટ્રીય વેપાર સંદર્ભે તુલનાત્મક લાભનો સિદ્ધાંત પણ એમનું મહત્ત્વનું પ્રદાન છે.
- જે.બી.સે : અર્થતંત્રમાં હંમેશાં કુલ પુરવઠા બરાબર કુલ માંગ થઈ રહે છે એટલે કે પુરવઠો પોતાની માંગ સ્વયં સર્જે છે. જેથી અર્થતંત્રમાં અતિઉત્પાદન, માંગનો અભાવ કે બેકારી જેવા પ્રશ્નો હોતા નથી. અર્થતંત્ર લાંબેગાળે સમતુલામાં જ હોય છે.
- એ. સી. પીગુ : બધાને રોજગારી મળી રહે એ સંદર્ભમાં વેતનદર મુક્ત રીતે ફરેફાર થતાં રહે છે. આ સંજોગોમાં અર્થતંત્રમાં બેરોજગારી હશે તો વેતનકાપ દ્વારા શ્રમ સસ્તો થશે, જેથી શ્રમની માંગ વધશે અને પૂર્ણરોજગારી સ્થાપશે.

- માર્શલ : સમતુલાની પ્રક્રિયામાં તેમણે ટૂંકા અને લાંબાગાળાનું મહત્ત્વ સ્પષ્ટ કર્યું અને દર્શાવ્યું કે બજારના પરિબળો એટલે કે માંગ - પુરવઠો કઈ રીતે વર્તે છે, તેના આધારે ટૂંકા અને લાંબાગાળે સમતુલાનો હેતુ પૂર્ણ થાય છે. તેમણે બજારમાં ઉત્પાદન, ખરીદી અને વેચાણને ધ્યાનમાં લઈ ગ્રાહક અને ઉત્પાદકની સમતુલા સીમાંત વિશ્લેષણ દ્વારા સમજાવી છે.

| વધારાની જાણકારી | | |
|---|---|---|
| **અનુ.** | **અર્થશાસ્ત્રી** | **પુસ્તક** |
| 1. | એડમ સ્મિથ (1723-1790) | An inquiry into The Nature and Causes of the Wealth of Nations (રાષ્ટ્રોની સંપત્તિના સ્વરૂપ અને કાર્યક્ષેત્રની તપાસ) |
| 2. | જે.બી.સે. (1767-1832) | A Treaties on political Economy (રાજકીય અર્થતંત્ર અંગેનો ગ્રંથ) |
| 3. | ડેવિડ રિકાર્ડો (1772-1823) | The Principles of Political Economy and Taxation (રાજકીય અર્થતંત્ર અને કરવેરાના સિદ્ધાંતો) |
| 4. | માર્શલ (1842-1924) | Principles of Economics (અર્થશાસ્ત્રના સિદ્ધાંતો) |
| 5. | જે.એસ.મીલ (1806-1873) | The Principles of Political Economy (રાજકીય અર્થતંત્રના સિદ્ધાંતો) |
| 6. | પીગુ(1877-1959) | The Economics of Welfare (કલ્યાણનું અર્થશાસ્ત્ર) |

## 3.2 સમગ્રલક્ષી સમતુલાનો અર્થ અને મહત્ત્વ

અર્થશાસ્ત્રમાં સમતુલા એ એવી સ્થિતિ દર્શાવે છે કે જે પ્રાપ્ત કર્યા પછી આર્થિક ઘટક કે એકમ એમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવા ઈચ્છતો નથી. અર્થશાસ્ત્રમાં સમતુલાના ખ્યાલની ચર્ચા આંશિક (એકમલક્ષી) અને સમગ્રલક્ષી સમતુલા, ગતિશીલા અને સ્થિર સમતુલા, ટૂંકા અને લાંબાગાળાની સમતુલા વગેરે સંદર્ભે થાય છે. આ અનુસંધાને આપણે સમગ્રલક્ષી સમતુલા કે સામાન્ય સમતુલાનો પરિચય મેળવીશું.

અર્થ : અર્થતંત્રના બધા જ ક્ષેત્રોમાં કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહે અને દરેક ક્ષેત્રે સંતુલિત કિંમત નિર્ધારિત થાય તેવી સ્થિતિને સમગ્રલક્ષી સમતુલા કહે છે.

સમગ્રલક્ષી સમતુલા સંદર્ભે વોલરાસ, કેઈન્સ વગેરે જેવા અર્થશાસ્ત્રીઓએ પોતાના વિચારો રજૂ કરેલા છે. આ સ્થિતિમાં અર્થતંત્રમાં ઈષ્ટતમ ઉત્પાદન, ઈષ્ટતમ વપરાશ, સાધનોની ઈષ્ટતમ વહેંચણી અને સાધનોને ઈષ્ટતમ વળતર મળે તેવી સ્થિતિ પ્રવર્તતી હોય છે. અહીં અર્થતંત્રનું વલણ આ સંતુલનને જાળવી રાખવાનું હોય છે. સમગ્રલક્ષી સમતુલાનું મહત્ત્વ નીચેના મુદ્દાઓને આધારે આપી શકાય.

મહત્ત્વ :

1. અર્થતંત્રની કામગીરી સમજવામાં ઉપયોગી : સમગ્રલક્ષી સમતુલાના અભ્યાસને

આધારે અર્થતંત્ર કાર્યક્ષમ રીતે કાર્ય કરી રહ્યું છે કે પછી ક્યાંય એમાં વિસંગતતા કે મુશ્કેલી છે તે જાણી શકાય છે. વળી, આ વિશ્લેષણને આધારે અસમતુલા કેમ સર્જાય છે અને તે કેવી રીતે દૂર થઈ ફરીવાર સમતુલા સ્થપાય છે તેની સમજ પણ સ્પષ્ટ થાય છે.

સમગ્રલક્ષી સમતુલાનું વિશ્લેષણ એ ઉત્પાદન, વપરાશ અને સાધનો વચ્ચેના સંબંધોને સમજવામાં સરળ રહે છે. જે જે-તે ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને આર્થિક નિર્ણયો લેવામાં ઉપયોગી છે.

2. બજારની જટિલ સમસ્યાઓ સમજવામાં ઉપયોગી : સમગ્રલક્ષી સમતુલાનું વિશ્લેષણ વિવિધ બજારો વચ્ચેના આંતરસંબંધોને સમજવામાં ઉપયોગી થાય છે. જેના આધારે બજારમાં કોઈ એક ફેરફાર થવાથી તેની સમગ્ર બજાર અને સમતુલા પર શું અસર પડશે તેની આગાહી કરવામાં મદદરૂપ થવાય છે. દા.ત. તરીકે વપરાશી વસ્તુઓની માંગનો વધારો એ વપરાશી વસ્તુની કિંમત, મૂડીગત વસ્તુઓની માંગ અને તેની કિંમત, શ્રમિકોની માંગ, વેતનદર, રાષ્ટ્રીય આવક વગેરે પર શું અસર કરશે તેની આગાહી કરવામાં સમગ્રલક્ષી સમતુલાનું વિશ્લેષણ મદદરૂપ થાય છે.

3. ભાવ પ્રક્રિયાની અર્થતંત્ર પરની અસરો સમજવામાં ઉપયોગી : સમગ્રલક્ષી સમતુલાનો અભ્યાસ અર્થત્રમાં ભાવતંત્રની કામગીરી સમજવામાં ઉપયોગી છે. અહીં આપેક્ષ ભાવોમાં થતા ફેરફારોથી શું ઉત્પાદન કરવું ? કેટલું ઉત્પાદન કરવું ? અને ઉત્પાદન કોણ ખરીદશે તે સમજવામાં મદદ મળે છે. વિશેષમાં આ અભ્યાસ વ્યક્તિગત નિર્ણયો સંકલિત સ્વરૂપે ભાવ પર કેવી અસર કરશે તે સમજવામાં પણ ઉપયોગી છે.

4. સમગ્રલક્ષી સમતુલાનો અભ્યાસ અર્થતંત્રમાં આર્થિક કાર્યક્ષમતાના માપદંડો પૂરા પાડે છે : તે અર્થતંત્રમાં ઈષ્ટતમ ઉત્પાદન, ઈષ્ટતમ વપરાશ, ઈષ્ટતમ વહેંચણીના માપદંડો પૂરા પાડે છે. તે જણાવે છે કે ક્ષેત્રમાં કુલ પુરવઠા = કુલ માંગ થશે તે અર્થતંત્રની શ્રેષ્ઠ સ્થિતિ છે. આ માપદંડોને આધારે અર્થતંત્રની કાર્યક્ષમતા જાણવામાં મદદ મળે છે.

5. આર્થિક કલ્યાણની ઈષ્ટતમ સ્થિતિ જાણવામાં મદદરૂપ : સમગ્રલક્ષી સમતુલા દ્વારા વપરાશ ક્ષેત્રે ઈષ્ટતમ સ્થિતિ ક્યાં આવે છે તે જાણી ગ્રાહકોની મહત્તમ સંતોષ કે મહત્તમ કલ્યાણની સ્થિતિ ક્યાં પ્રાપ્ત થશે તે જાણી શકાય છે. તે રીતે ઈષ્ટતમ ઉત્પાદનની સ્થિતિ એ ઉત્પાદનના સાધનોનો બગાડ થતો નથી તે દર્શાવે છે, જે પણ લાંબાગાળાના લોકકલ્યાણ માટે મહત્ત્વની બાબત છે.

6. સાધન-ઉત્પાદન (ઈનપુટ - આઉટપુટ) : વિશ્લેષણ કરવામાં મદદરૂપ થાય છે. બીજા અર્થમાં અર્થતંત્રના વિવિધ ક્ષેત્રો વચ્ચેના આંતરસંબંધોનું વિશ્લેષણ કરી એની સમજ મેળવવામાં મદદરૂપ બને છે.

## 3.3 સમગ્રલક્ષી સમતુલા અંગે પ્રશિષ્ટ વિચારધારા

અર્થશાસ્ત્રમાં સમગ્રલક્ષી સમતુલા અંગે વોલરાસ, કેઈન્સ અને અન્ય નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ પોતાના વિચારો રજૂ કરેલા છે. જેમાં વોલરાસ મુખ્ય છે અને પ્રશિષ્ટ વિચારધારાનું પ્રતિનિધિત્વ કરે છે. આ અનુસંધાને આપણે સમગ્રલક્ષી સમતુલા અંગે પ્રશિષ્ટ વિચારધારાનો પરિચય મેળવીશું. આ વિચારધારા મુજબ લાંબેગાળે અર્થતંત્રના બધા જ ક્ષેત્રોમાં કુલ પુરવઠા = કુલ માંગ થતા દરેક ક્ષેત્રે સમતુલિત સામાન્ય ભાવ સપાટી પ્રવર્તતી

હોય છે. જેને સમગ્રલક્ષી સમતુલા કહે છે. અહીં પૂર્ણ રોજગારી સ્થાપવા માટે રાજ્ય હસ્તક્ષેપની જરૂર હોતી નથી.

સમતુલાની આ સ્થિતિમાં અર્થતંત્રમાં ઈષ્ટતમ ઉત્પાદન, ઈષ્ટતમ વપરાશ, સાધનોની ઈષ્ટતમ વહેંચણી અને સાધનોને ઈષ્ટતમ વળતર મળે તેવી સ્થિતિ પ્રવર્તતી હોય છે. અહીં અર્થતંત્રનું વલણ આ સંતુલનને જાળવી રાખવાનું હોય છે. આ સ્થિતિમાં ચીજવસ્તુઓના કુલ પુરવઠા = ચીજવસ્તુઓની કુલ માંગ થતા સમતોલ ભાવ સપાટી, કુલ મૂડીરોકાણના પુરવઠા (બચત) = કુલ મૂડીરોકાણની માંગ થતા સમતોલ વ્યાજદર અને શ્રમના કુલ પુરવઠા = કુલ માંગ થતાં સમતોલ વેતનદર પ્રવર્તમાન હોય છે. અર્થાત્, અર્થતંત્રના દરેકે - દરેકે ક્ષેત્રમાં સમતુલા પ્રવર્તે છે. બીજા અર્થમાં ઉત્પાદન, વપરાશ, વહેંચણી વગેરે ક્ષેત્રે સમતુલા પ્રવર્તે છે. અહીં આ સ્થિતિમાં અતિઉત્પાદન, માંગનો અભાવ કે બરોજગારી હોતી નથી. દરેક ક્ષેત્રે કુલ પુરવઠા = કુલ માગ થવાનું વલણ હોય છે અને લાંબેગાળે કુલ પુરવઠા = કુલ માંગ થતા સમતુલિત ભાવ સપાટી નિર્ધારિત થાય છે.

આ ખ્યાલ મુજબ અર્થતંત્રના કોઈ એક ક્ષેત્ર કે વિભાગમાં ટૂંકેગાળે અસમતુલા હોય તો પણ અર્થતંત્રના વિવિધ ક્ષેત્રો વચ્ચેના આંતરસંબંધોને લીધે લાંબેગાળે અર્થતંત્રના બધા ક્ષેત્રોમાં સમતુલા સ્થપાય છે. એક અર્થમાં અર્થતંત્રનું વલણ સમગ્રલક્ષી સમતુલાનું હોય છે અને તેમાં સ્વયં આંતરિક પ્રક્રિયાથી સમતુલા આવે તેવા ફેરફારો થતા રહે છે.

સમગ્રલક્ષી સમતુલાનો આ ખ્યાલ નીચેની કેટલીક ધારણાઓને આધારે સમજાવાયો છે :

1. અર્થતંત્ર મુક્ત અને મૂડીવાદી છે.
2. અર્થતંત્રમાં ટૂંકેગાળે કોઈ મોટા આર્થિક ફેરફારો થતા નથી.
3. સાધનો સંપૂર્ણ ગતિશીલ છે.
4. ટેક્નોલૉજીમાં પરિવર્તિન થતું નથી.
5. વેતનદર અને વ્યાજદર પરિવર્તનશીલ છે જે અનુક્રમે શ્રમ અને મૂડીબજારમાં સમતુલા સ્થાપે છે.

## 3.4 કુલ માંગ અને કુલ પુરવઠાનો ખ્યાલ

કુલ માંગ કુલ પુરવઠાના ખ્યાલો એ સમગ્રલક્ષી સમતુલાના સંદર્ભમાં ખૂબ મહત્ત્વના છે. આ ખ્યાલો એ અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવક, રોજગારી અને સામાન્ય ભાવ સપાટી તથા આર્થિક સ્થિરતા સંદર્ભિત સ્થિતિને સમજવા ખૂબ જ મહત્ત્વના છે. અહીં કુલ માગ અને કુલ પુરવઠામાં થતા ફેરફારો એ રાષ્ટ્રીય આવક (કુલ ઉત્પાદન) અને રોજગારીને પ્રભાવિત કરી રાષ્ટ્રના આર્થિક વિકાસને અસર કરે છે. અહીં કુલ માંગ અને કુલ પુરવઠા સંદર્ભે પ્રશિષ્ટ અને કેઈન્સ જેવા અર્થશાસ્ત્રીઓએ વિવિધ દૃષ્ટિકોણથી વેચારો કરેલા છે. આ સંદર્ભમાં કુલ માંગ અને કુલ પુરવઠાનો અર્થ અને તે અંગેના વિવિધ દૃષ્ટિકોણને સમજવા જરૂરી છે.

ઉપરોક્ત ચર્ચાના અનુસંધાને કુલ માંગ અને કુલ પુરવઠાની સમજૂતી નીચે પ્રમાણે મેળવી શકાય :

કુલ માંગ :

(1) રાષ્ટ્રીય આવકની વિવિધ સપાટીએ કુટુંબો અને ધંધાકીય પેઢીઓ થકી ચીજવસ્તુઓ અને સેવાઓ પાછળ કરવામાં આવતું ખર્ચ એટલે કુલ માંગ.

(2) અર્થતંત્રમાં ઉત્પન્ન થયેલ ચીજવસ્તુઓ અને સેવાઓની માંગ એટલે કુલ માંગ.

(3) અર્થતંત્રમાં ચીજવસ્તુઓ અને સેવાઓ પાછળ થયેલું કુલ ખર્ચ એટલે કુલ માંગ.

(4) ચોક્કસ સમયગાળામાં રાષ્ટ્રની કુલ ચીજવસ્તુઓ અને સેવાઓની માંગ એટલે કુલ માંગ

પ્રશિષ્ટ અભિગમ મુજબ કુલ માંગના બે વિભાગ પડે છે : (1) વપરાશી વસ્તુઓની માંગ અને
(2) મૂડી વસ્તુઓની માંગ. બીજા અર્થમાં કુટુંબો અને પેઢીઓ દ્વારા ક્રમશઃ વપરાશ અને મૂડીરોકાણ પાછળ કરવામાં આવતું ખર્ચ એ કુલ માંગ છે. જેને સૂત્રમાં દર્શાવીએ તો કુલ માંગ = વપરાશી વસ્તુની માંગ + મૂડીવસ્તુની માંગ

AD = C + 1 જ્યાં AD એટલે Aggregate Demand-કુલ માંગ, 'C' એટલે વપરાશી વસ્તુની માંગ તથા 'I' એટલે મૂડીવસ્તુની માંગ

બીજી રીતે કહીએ તો કુલ માંગ એટલે કુલ ઉત્પાદનમાંથી ઉત્પાદકો દ્વારા સ્વવપરાશ માટે થતી માંગ + અન્ય લોકો દ્વારા થતી માંગનો સમાવેશ થાય છે.

પ્રશિષ્ટ અભિગમ મુજબ બજારમાં સ્વયંસર્જિત રીતે થતા ફેરફારોથી કુલ પુરવઠા બરાબર કુલ માંગ થઈ રહે છે અને આ સ્થિતિમાં પૂર્ણરોજગારી હોય છે. આથી અર્થતંત્રમાં રાજ્ય હસ્તક્ષેપની આવશ્યકતા હોતી નથી.

કેઈન્સની વિચારધારા મુજબ કુલ માંગમાં વપરાશી વસ્તુની માંગ, મૂડીગત વસ્તુની માંગ તેમજ સરકાર દ્વારા થતાં ખર્ચ અને આયાત-નિકાસના તફાવતનો સમાવેશ થાય છે. બીજા અર્થમાં કુલ માંગ કે કુલ ખર્ચના ચાર ઘટકો છે : (1) વપરાશી, (2) મૂડીરોકાણ ખર્ચ, (3) સરકારી ખર્ચ અને (4) આયાત-નિકાસનો તફાવત.

જેને સૂત્રમાં –

AD = C + 1 + G + (X-M) તરીકે દર્શાવાય છે.

જ્યાં AD=કુલ માંગ, C = વપરાશ ખર્ચ,

1 = મૂડીરોકાણ ખર્ચ, G = સરકારી ખર્ચ,

(X – M) = નિકાસ આવક – આયાત ખર્ચનો સમાવેશ થાય છે.

કેઈન્સ કુલ માંગને અસરકારક માંગ પણ કહે છે. આ અસરકારક માંગમાં થતો ફેરફાર એ ઉત્પાદન એ રોજગારીને પ્રભાવિત કરે છે. તેમના મતે રાજકોષીયનીતિ થકી કુલ માંગને પ્રભાવિત કરી શકાય છે.

**કુલ પુરવઠો :**

1. રાષ્ટ્રના ઉત્પાદકોએ ચોક્કસ સમયગાળા દરમ્યાન ઉત્પન્ન કરેલ ચીજવસ્તુઓ અને સેવાઓનો જથ્થો એટલે કુલ પુરવઠો.
2. ચોક્કસ સમયગાળામાં અર્થતંત્રમાં ઉત્પન્ન થયેલી કુલ ચીજવસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ એલે કુલ પુરવઠો.
3. ચોક્કસ સમયગાળામાં અર્થતંત્રમાં ઉત્પન્ન થેયલ ચીજવસ્તુઓ અને સેવાઓનું નાણાકીય મૂલ્ય એટલે કુલ પુરવઠો.
4. ચોક્કસ સમયગાળામાં, ચોક્કસ કિંમતે અને ચોક્કસ પ્રદેશમાં ઉત્પન્ન થયેલ કુલ ચીજવસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ એટલે કુલ પુરવઠો.

કુલ પુરવઠામાં બે બાબતોનો સમાવેશ થાય છે : (1) વર્ષ દરમ્યાન ઉત્પન્ન થયેલ વપરાશની ચીજવસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ. (2) વર્ષ દરમ્યાન ઉત્પન્ન થયેલ મૂડીગત વસ્તુઓનું પ્રમાણ.

અહીં કુલ પુરવઠો એટલે કે ઉત્પન્ન થયેલ ચીજવસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ એ બીજા અર્થમાં રાષ્ટ્રીય ઉત્પાદન કે રાષ્ટ્રીય આવક છે. આ કુલ આવકના બે ભાગ પડે છે એક વપરાશમાં જાય છે અને બીજો બચતમાં જાય છે. આથી $Y = C + S$ થશે. $Y$ = આવક, $C$ = આવક અને $S$ = બચત છે.

આમ, $Y = C + S$ એજ કુલ પુરવઠો છે. માટે AS (કુલ પુરવઠો) $= C + S$ પણ કહી શકાય.

અર્થતંત્રમાં કુલ પુરવઠો એ જમીન, મૂડી અને શ્રમના પ્રમાણ તથા તેમની ગુણવત્તા, ટેકનોલૉજીકલ ક્ષમતા, કાચામાલની ઉપલબ્દ્ધિ વગેરેથી પ્રભાવિત થાય છે કે ફેરફાર પામે છે. અહીં કુલ પુરવઠાને નિર્ધારિત કરતા પરિબળો એ રાષ્ટ્રીય આવક અને રોજગારીને નિર્ધારીત કરે છે. ટૂંકેગાળે કુલ માંગમાં ફેરફાર થતાં કુલ પુરવઠો ફેરફાર પામી શકે છે; જ્યારે લાંબેગાળે ટેકનોલોજીકલ ફેરફાર થતો હોય છે.

પ્રશિષ્ટ અભિગમ મુજબ...

- રાષ્ટ્રીય આવક અને રોજગારી નિર્ધારણમાં કુલ પુરવઠો ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- કુલ પુરવઠા = કુલ માંગ થાય ત્યાં પૂર્ણરોજગારીની સપાટીએ રાષ્ટ્રીય આવકનું નિર્ધારણ થાય છે.
- સામાન્ય ભાવ સપાટીમાં ફેરફાર થતાં કુલ પુરવઠામાં ફેરફાર થતો નથી.

કેઈન્સના અભિગમ મુજબ...

- કુલ પુરવઠો અને કુલ માગ સરખા થાય ત્યાં અપૂર્ણ રોજગારી સાથે સમતુલા હોઈ શકે છે. આ સંજોગોમાં જો પૂર્ણરોજગારી સાથે સમતુલા સ્થાપવી હોય તો રાજ્યે કેટલુંક ખર્ચ કરવું જરૂરી છે.
- રાષ્ટ્રીય આવક અને રોજગારી નિર્ધારણ સંદર્ભે કુલ પુરવઠા કરતા કુલ માંગનું મહત્ત્વ વધુ છે.
- આધુનિક અભિગમ મુજબ સામાન્ય ભાવ સપાટીમાં ફેરફાર થતા કુલ પુરવઠામાં ફેરફાર થાય છે.

અંતમાં કહીએ તો કુલ પુરવઠો અને કુલ માંગ અર્થતંત્રમાં ખૂબ મહત્ત્વના છે. તે જ્યાં સરખા થાય ત્યાં સમતુલાનું વાસ્તવિક રાષ્ટ્રીય ઉત્પાદન અને રોજગારીની સપાટી નિર્ધારિત થાય છે.

## 3.5 જે.બી.સે. (Jean Baptiste Say)નો બજારનો નિયમ :

અર્થશાસ્ત્રમાં બજારની સમજૂતી આપતા વિવિધ સિદ્ધાંતો વિકસ્યા છે. જેમાં સૌથી મહત્ત્વનો સિદ્ધાંત એ 'સે'નો બજારનો નિયમ છે. 19મી સદીના ફ્રાન્સના જાણીતા અર્થશાસ્ત્રી જે.બી.સે. એ તેમના પુસ્તક 'Treatise on Political Economy'માં બજાર અંગેનો નિયમ આપ્યો છે. જે 'સે'ના બજારના નિયમ તરીકે ઓળખાય છે. આ નિયમ એ પ્રશિષ્ટ આર્થિક વિચારસરણીનું હાર્દ ગણાય છે.

નિયમની રજૂઆત : 'પુરવઠો પોતાની માંગ સ્વયં સર્જે છે.' (Supply creats its own demand).

'સે' માનતા કે અર્થતંત્રમાં અતિઉત્પાદન અને તેથી ઉદ્ભવતી બેકારી એ તાર્કિક અશક્યતાઓ છે. તેઓએ અતિઉત્પાદન અને બેકારીને સામાન્ય ઘટના તરીકે ઓળખાવતા લેખકો, ઉત્પાદકો અને વેપારીઓના ખ્યાલને નકારી કાઢ્યો અને ભારપૂર્વક જણાવ્યું કે પુરવઠો હંમેશાં પોતાની માંગ સ્વયં પેદા કરે છે.

ધારણાઓ :

(1) મુક્ત અર્થતંત્ર : અર્થતંત્ર મુક્ત અને મૂડીવાદી છે, જ્યાં લોકો, કંપનીઓ, સંસ્થાઓ વગેરે સ્વતંત્રપણે ખરીદી, વેચાણ, ઉત્પાદન વગેરે સંદર્ભિત આર્થિક નિર્ણયો લઈ શકે છે. સરકાર એમાં કોઈ હસ્તક્ષેપ કરતી નથી.

(2) નાણું વિનિમયનું માધ્યમ : નાણું માત્ર વિનિમયનું માધ્યમ છે. અર્થાત, લોકો નાણાનો સંગ્રહ કરતા નથી. તેઓ પોતાની બધી જ આવક ખર્ચી દે છે. અહીં નાણાના મૂલ્યના સંગ્રહક, મૂલ્યના માપદંડ અને વિલંબિત ચૂકવણીના સાધન તરીકેના કાર્યને ધ્યાન પર લેવામાં આવતું નથી.

(3) વ્યાજદર બચત અને મૂડીરોકાણ દ્વારા નિર્ધારિત થાય છે : વ્યાજ એ વાસ્તવિક પરિબળો સાથે સંકળાયેલું છે. અર્થાત્, વ્યાજદર એ બચત અને મૂડીરોકાણ દ્વારા નિર્ધારિત થાય છે. આ વ્યાજદરના ફેરફાર દ્વારા જ બચત અને મૂડીરોકાણ વચ્ચે સમતુલા સ્થપાય છે.

(4) પૂર્ણ હરીફાઈ : વસ્તુબજાર અને સાધનબજારમાં પૂર્ણ હરીફાઈ પ્રવર્તે છે. અર્થાત; જેમ વસ્તુ ખરીદનાર અને વેચાનાર અનેક છે અને સમાનગુણી વસ્તુના ભાવ એક સમાન છે. તેજ રીતે સાધન ખરીદનાર અને વેચનાર પણ અનેક છે તથા તેના ભાવો પણ એકસમાન છે.

(5) સંપૂર્ણ માહિતી : અર્થતંત્રની દરેક એકમ એટલે કે ગ્રાહક, વેપારી, ઉત્પાદક તથા સાધન માલિકો વસ્તુ અને સાધનબજાર અંગેની સંપૂર્ણ માહિતી ધરાવે છે.

(6) પૂર્ણરોજગારી : અર્થતંત્રમાં જે કામ કરવા ઇચ્છે છે એને એની લાયકાત (સીમાંત ઉત્પાદકતા) અનુસાર કામ પ્રાપ્ત થઈ રહે છે.

(7) આ સિદ્ધાંત લાંબાગાળાની સમજૂતી આપે છે.

સમજૂતી :

'સે'નો બજારનો નિયમ એટલે કે પુરવઠો સ્વયં એની માંગ સર્જે છે'. અર્થાત્ હંમેશાં પુરવઠા બરાબર માંગ હોય છે. એનો તર્ક એ છે કે ઉત્પાદન પ્રક્રિયામાં જોડાયેલા ઉત્પાદનના સાધનો શ્રમ, મૂડી, જમીન અને નિયોજકને આ ઉત્પાદન પ્રક્રિયામાં જોડાવવા બદલ વેતન, વ્યાજ, ભાડું અને નફા સ્વરૂપે વળતર કે આવક મળે છે. જેમાંથી સર્જાતી માંગ એ ઉત્પાદનના કુલ પુરવઠા બરાબર હોય છે. એ જ રીતે કુલ ઉત્પાદન વધતા ઉત્પાદન પ્રક્રિયામાં વધુ માત્રામાં સાધનો જોડાય છે. આથી સાધનોને અગાઉ કરતા વધુ માત્રામાં આવક મળતા તે વધુ માંગ કરે છે. આથી પુરવઠા બરાબર માંગ થયેલી જણાય છે. આ જ પ્રમાણે ઉત્પાદન ઘટતા ઉત્પાદનના સાધનોને મળતું વળતર ઘટે છે. આથી તેમના દ્વારા સર્જાતી માંગ પણ ઘટે છે જે ઉત્પાદન ઘટવાથી ઘટેલા પુરવઠા બરાબર હોય છે. ટૂંકમાં, ઉત્પાદન પ્રક્રિયાથી ઉત્પાદન - પુરવઠો સર્જાય છે, તેની માંગ આજ ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન ઉત્પાદનના

સાધનોને મળેલી આવક થકી સર્જાય છે. આથી કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહે છે. અહીં બજારનો આ નિયમ અર્થતંત્રના દરેક ક્ષેત્રમાં લાગુ પડે છે. વિશેષમાં આ નિયમ મૂળભૂત રીતે વસ્તુ વિનિમયવાળા અર્થતંત્રના સંદર્ભમાં રચાયો હોવા છતાં નાણાકીય અર્થતંત્રમાં પણ એટલો જ સાચો છે.

(A) વસ્તુ વિનિમય પદ્ધતિવાળી અર્થવ્યવસ્થા અને 'સે'નો નિયમ :

વસ્તુના બદલામાં વસ્તુનો વિનિમય થતો હોય તેવી વ્યવસ્થા એટલે વસ્તુ વિનિમય પદ્ધતિ કે સાટા પદ્ધતિ. આ પ્રકારના અર્થતંત્રમાં 'સે'ના નિયમ મુજબ કુલ પુરવઠો = કુલ માંગ થાય છે.

આ નિયમ મુજબ અર્થતંત્રમાં ચીજવસ્તુઓનો જેટલો પુરવઠો વધે તેટલા જ પ્રમાણમાં નવી માંગ સર્જાય છે. આનું કારણ એ છે કે જ્યારે કોઈપણ ઉત્પાદક કોઈ વસ્તુનું ઉત્પાદન કરે ત્યારે તે પોતે ઉત્પન્ન કરેલી ચીજવસ્તુઓમાંથી કેટલીક સ્વવપરાશ (ઘરવપરાશ વગેરે) માટે રાખે છે અને બાકીની જેને જરૂર છે તેમને આપીને બદલામાં પોતાના માટે અન્ય જરૂરી ચીજવસ્તુઓ મેળવે છે. આમ પેદા કરેલી ચીજવસ્તુઓની બે રીતે માંગ સર્જાય છે. જે તેના પુરવઠા બરાબર હોય છે. તે બાબતને ઉદાહરણ દ્વારા પણ સમજાવી શકાય. દા.ત. કોઈ દેશમાં ખેડૂતોએ 100 લાખ ટન અનાજનું ઉત્પાદન કર્યું હોય તો એમાંનું 20 લાખ ટન અનાજ ખેડૂતો સ્વવપરાશ (ઘરવપરાશ અને બિયારણ) માટે રાખશે તથા બાકીનું 80 લાખ ટન અનાજ તેમની અન્ય જરૂરિયાતો જેવી કે કરિયાણું, ખેતીના ઓજારો, કેટલીક સેવાઓ વગેરેના બદલામાં કોઈને આપશે. આ સંજોગોમાં અનાજનો પુરવઠો 100 લાખ ટન થશે અને અનાજની માંગ પણ 20 લાખ ટન + 80 લાખ ટન = 100 લાખ ટન થશે. આ રીતે બજારમાં ચીજવસ્તુઓનો પુરવઠો અને તેની માગ હંમેશા સરખા હોય છે. માટે અર્થતંત્રમાં વધારે પડતા ઉત્પાદન કે માંગના અભાવને લીધે જોવા મળતી બેકારી હશે નહીં.

જે.બી.સેના આ સિદ્ધાંતને આધારે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી દર્શાવે છે કે અર્થતંત્રમાં હંમેશાં કુલ પુરવઠો = કુલ માંગ હોય છે.

(B) નાણાકીય અર્થવ્યવસ્થા અને 'સે'નો નિયમ :

'સે'નો નિયમ જેટલો વસ્તુ વિનિમયવાળા અર્થતંત્ર માટે સાચો છે તેટલો જ નાણાકીય અર્થતંત્ર માટે પણ સાચો છે કારણ કે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રની માન્યતા મુજબ નાણું ફક્ત વિનિમયના માધ્યમ તરીકેની કામગીરી બજાવતું હોવાથી વસ્તુ વિનિમય પદ્ધતિવાળી અર્થવ્યવસ્થા અને નાણાકીય અર્થવ્યવસ્થા વચ્ચે પાયાનો કોઈ તફાવત ઊભો થતો નથી.

નાણાકીય અર્થવ્યવસ્થામાં જ્યારે વસ્તુઓનું ઉત્પાદન થાય છે ત્યારે તેને બજારમાં વેચતાં નાણું અથવા નાણાકીય આવક પ્રાપ્ત થાય છે. આ આવક વડે જરૂરી વસ્તુઓ ખરીદવામાં આવે છે. એટલે કે માંગ થાય છે. આથી જેટલો પુરવઠો પેદા થાય છે એટલી માંગ સર્જાય છે. પરિણામે અતિઉત્પાદનનો પ્રશ્ન ઉદ્‌ભવતો નથી. દા.ત. ખેડૂતો 10 કરોડ રૂપિયાનું અનાજ ઉત્પાદન કરે છે જેમાંથી 3 કરોડ રૂપિયાનાં અનાજની માંગ ખેડૂતો સ્વવપરાશ (ઘરવપરાશ અને બિયારણ) માટે કરે છે અને બાકીનું 7 કરોડ રૂપિયાનું અનાજ બજારમાં અન્યને વેચી પ્રાપ્ત થયેલી નાણાકીય આવકના બદલામાં જરૂરી અન્ય ચીજવસ્તુઓ મેળવે છે. આમ 10 કરોડ રૂપિયાના અનાજના પુરવઠાની સાપેક્ષ રૂપિયા 3 કરોડની ઘરવપરાશ અને બિયારણ માટેની માંગ તેમજ 7 કરોડના અનાજની માંગ અન્ય લોકો થકી કરાતા કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહે છે.

- હવે ધારો કે કોઈ કારણસર ટૂંકાગાળામાં માંગ કરતા ઉત્પાદન વધારે હોય તો લાંબેગાળે વસ્તુના ભાવ ઘટતાં તેની માંગ વધશે અને છેવટે કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહેશે. આજ રીતે જો કેટલુંક નાણું બચાવવામાં આવે કે તેનો સંગ્રહ કરવામાં આવ તો પણ ભાવ ફેરફારક્ષમ હોવાથી વધારે ઉત્પાદનની સ્થિતિ નહીં સર્જાય. દા.ત. તરીકે જો લોકો પોતાની આવકનો 10મો ભાગ બચાવે તો દસમા ભાગનું ચલણ અર્થતંત્રમાંથી ઓછું થશે. આથી ભાવ 10 ટકા ઘટશે. પરંતુ, એથી અગાઉના ખરીદ - વેચાણ ઉપર કોઈ અસર થશે નહીં. એટલે કે કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહેશે.

ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન સાધનોને પ્રાપ્ત થતી કુલ આવકમાંથી કેટલોક ભાગ બચત થાય તો પણ તે બચત = મૂડીરોકાણ થઈ ખર્ચાઈ જાય છે. અહીં પરિવર્તનશીલ વ્યાજદરના સંજોગોમાં ‘સે’નો નિયમ મૂડીબજારમાં પણ લાગુ પડે છે. જો કોઈ કારણોસર કુલ બચતો (કુલ મૂડીરોકાણનો પુરવઠો) એ કુલ મૂડીરોકાણ (કુલ મૂડીરોકાણની માંગ) કરતાં વધી જાય તો વ્યાજદર ઘટશે, જેને લીધે મૂડીરોકાણની માંગ વધશે અને તે કુલ બચત બરાબર થઈ રહે છે. એટલે કે કુલ બચતો = કુલ મૂડીરોકાણ થઈ રહે છે. આથી વિપરીત કુલ બચતો એ કુલ મૂડીરોકાણની માંગ કરતા ઓછી હોય તો વ્યાજદર વધતા મૂડીરોકાણથી માંગ ઘટશે અને છેવટે કુલ બચતો (કુલ મૂડીરોકાણનો પુરવઠો) = કુલ મૂડીરોકાણ (કુલ મૂડીરોકાણની માંગ) થઈ જાય છે.

પ્રા.પીગુ (આર્થર સેસિલ પીગું)ના મતે ‘સે’નો નિયમ એ શ્રમબજારમાં પણ લાગુ પડે છે અને ત્યાં પણ શ્રમના કુલ પુરવઠા = શ્રમની કુલ માંગ થઈ રહે છે. પીગુ જણાવે છે કે પરિવર્તનશીલ વેતનદરના સંદર્ભમાં ટૂંકેગાળે શ્રમનો કુલ પુરવઠો એ શ્રમની કુલ માંગ કરતા વધુ હોય તો વેતનદર ઘટશે, જે શ્રમની માંગ વધારશે અને છેવટે લાંબેગાળે શ્રમના કુલ પુરવઠા = શ્રમની કુલ માંગ થઈ રહેશે. એટલે કે લાંબેગાળે અર્થતંત્રમાં બેરોજગારી હશે નહીં ટૂંકમાં પ્રશિષ્ટ અર્થશાસ્ત્રમાં ‘સે’ના નિયમ મુજબ અર્થતંત્રના દરેક ક્ષેત્રે લાંબેગાળે કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહે છે અને અર્થતંત્ર સહજતાથી ચાલતું રહે છે.

### 3.5.1 જે.બી.સેના નિયમની મર્યાદાઓ

1. માંગનો અભાવ કે અતિઉત્પાદન શક્ય : આ સિદ્ધાંત એવું માને છે કે અર્થતંત્રમાં કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહે છે. આથી માંગનો અભાવ કે અતિઉત્પાદન એ અશક્ય બાબતો છે. આ સામે કેઈન્સ જેવા અર્થશાસ્ત્રીઓ જણાવે છે કે અર્થતંત્રમાં જેટલી બચતો થાય છે તેટલો જ મૂડીરોકાણ ખર્ચ થતો નથી. કેટલીક બચતો એ નિષ્ક્રિય પડી રહે છે. આથી પુરવઠા કરતાં માંગ ઓછી હોઈ શકે છે - અતિઉત્પાદનની સ્થિતિ સર્જાઈ શકે છે. વળી, આધુનિક ટેક્નોલોજીને લીધે ઉત્પાદન ખૂબ વિશાળ પાયા પર થાય છે ત્યારે એ સંજોગોમાં પણ કેટલીકવાર માંગનો અભાવ કે અતિઉત્પાદન જોવા મળે છે. વર્તમાનમાં ઘણા દેશોમાં જોવા મળતી મંદી પણ આ જ હકીકત પુરવાર કરે છે.

2. નાણાના વિનિમય સિવાયના કાર્યની ઉપેક્ષા : ‘જે.બી.સે’ તેમની રજૂઆતમાં નાણાના વિનિમયના માધ્યમ તરીકેના કાર્યને જ ધ્યાનમાં લઈ તેને તટસ્થ ધાર્યું છે. વાસ્તવમાં, નાણું મૂલ્યના માપદંડ, વિલંબિત ચુકવણીના સાધન, મૂલ્યના સંગ્રાહક વગેરે જેવા કાર્યો પણ કરે છે. વળી, નાણામાં નાણાકીયનીતિ અંતર્ગત થતા ફેરફારો એ આર્થિક પ્રવૃત્તિને અસર કરે છે. અહીં આ હકીકતોને ધ્યાન પર લેવાઈ નથી.

3. અર્થતંત્રમાં પૂર્ણરોજગારી હોતી નથી : પરિવર્તનશીલ વેતનદરોની ધારણાને આધારે આ સિદ્ધાંતમાં એવું સાબિત કરવાનો પ્રયાસ થયો છે કે અર્થતંત્રમાં બેરોજગારી હશે તો વેતનદર ઘટશે જેથી શ્રમની માંગ વધશે અને પૂર્ણરોજગારી સ્થાપશે. હકીકતમાં સરકાર દ્વારા અમલમાં મુકાયેલા લઘુત્તમ વેતનના કાયદા, શ્રમ સંગઠનો વગેરેને લીધે વેતનદર વધે છે પણ ઘટતા નથી. આથી વેતનદર ઘટાડા દ્વારા રોજગારી વધારી પૂર્ણરોજગારી સ્થાપવી એ એક દિવાસ્વપ્ન બની રહે છે. વળી, દરેક અર્થતંત્રમાં માળખાકીય અને ટેક્નોલોજીકલ કારણોસર પણ કેટલીક બેરોજગારી રહેતી જ હોય છે.

4. વેપારચક્રને સમજાવવું મુશ્કેલ : આ સિદ્ધાંત મુજબ કુલ પુરવઠા = કુલ માંગ થઈ હોવાથી તેજી-મંદીની સ્થિતિ સર્જાતી નથી. અર્થાત; વેપારચક્ર જેવું કશું હોતું જ નથી. પરંતુ: વાસ્તવમાં માંગના અભાવથી સર્જાતી મંદી અને અતિ માંગથી સર્જાતો ફુગાવો એ આજના અર્થતંત્રોની વાસ્તવિકતા છે. એટલે કે વેપારચક્રો એ હકીકત છે. જેને 'સે'ના સિદ્ધાંત દ્વારા સમજાવવા મુશ્કેલ છે.

5. આ સિદ્ધાંત મુક્ત અર્થતંત્ર એટલે કે અર્થતંત્રમાં રાજ્યનો હસ્તક્ષેપ હોતો નથી અને આર્થિક એકમો સ્વતંત્રપણે આર્થિક નિર્ણયો લઈ શકે છે એવી ધારણા ઉપર રચાયો છે. વાસ્તવમાં વિશ્વના દરેકે દરેક દેશમાં રાષ્ટ્રહિત કે લોકકલ્યાણના સંદર્ભમાં વધતા-ઓછા અંશે રાજ્યનો હસ્તક્ષેપ હોય છે.

6. જે.બી.સે.એ પોતાની રજૂઆત વસ્તુબજાર અને સાધનબજારમાં પૂર્ણહરીફાઈ હોય છે એ ધારણાને આધારે કરી છે. વાસ્તવમાં, અર્થતંત્રમાં, અર્થતંત્રમાં મહદંશે અપૂર્ણ હરીફાઈ કે ઈજારાયુક્ત હરીફાઈની સ્થિતિ જોવા મળે છે. આ સંજોગોમાં પૂર્ણહરીફાઈના આદર્શ ખ્યાલને આધારે સમજાવેલો આ સિદ્ધાંત મર્યાદિત બની જાય છે.

7. આ સિદ્ધાંત અર્થતંત્રના ટૂંકાગાળાના ફેરફારોને સમજાવી શકતો નથી.

8. આર્થિક એકમો (ગ્રાહકો, વેપારીઓ, ઉત્પાદકો વગેરે) અર્થતંત્ર અંગેની સંપૂર્ણ માહિતી ધરાવે છે તે ધારણા પણ અવાસ્તવિક છે.

### 3.5.2 જે.બી.સેના નિયમનું ચડિયાતાપણું

1. આર્થિકવૃદ્ધિ એ સતત ચાલતી પ્રક્રિયા : આ સિદ્ધાંત મુજબ પુરવઠો પોતાની માંગ સ્વયં સર્જે છે. બીજા અર્થમાં ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન ઉત્પાદનમાં સાધનોને મળતું વળતર (આવક) જ માંગનું સર્જન કરે છે. જેથી ઉત્પાદન-પુરવઠો જેટલો વિસ્તરશે તેટલી માંગ થતી રહેશે અને આર્થિકવૃદ્ધિ એ સતત ચાલ્યા કરશે.

2. આશાવાદી આર્થિક વિચારધારા - સ્વયંસંચાલિત ધોરણે આર્થિક સમસ્યાઓનું સમાધાન : આ સિદ્ધાંત મુજબ ટૂંકેગાળે મંદી કે ફુગાવા જેવી આર્થિક સમસ્યાઓ હોઈ શકે છે પણ લાંબેગાળે અર્થતંત્રમાં કુલ પુરવઠા = કુલ માંગનું વલણ હોવાથી માંગનો અભાવ, બેરોજગારી કે વ્યાપારચક્ર જેવી કોઈ સમસ્યા હશે નહીં અને અર્થતંત્ર સરળતાથી ચાલ્યા કરશે. અહીં અર્થતંત્રનું વલણ સમસ્યાઓનું સ્વયંસંચાલિત ધોરણે સમાધાન કરી સમતુલા તરફનું હશે.

3. બેરોજગારી દૂર કરવાનું મોડલ : આ સિદ્ધાંત સૂચવે છે કે બેરોજગાર કે અર્ધબેરોજગારને ઘટાડેલા વેતનદરે પણ રોજગારી આપો. અહીં તેમને ઉત્પાદન પ્રક્રિયામાં જોડવાથી વેતનદર સ્વરૂપે આવક મળશે. જેનાથી ચીજવસ્તુઓની માંગ સર્જાશે અને અર્થતંત્રમાંથી બેકારી દૂર

થશે. બીજા અર્થમાં આ સિદ્ધાંત પરિવર્તનશીલ વેતનદર દ્વારા સ્વયંસંચાલિત ધોરણે બેકારી દૂર કરવાની નીતિ સૂચવે છે.

4. મુક્ત અર્થતંત્રની હિમાયત : 'સે'નો નિયમ મુક્ત અર્થતંત્રની હિમાયત કરી જણાવે છે કે દેશની લાંબાગાળાની આર્થિક પ્રગતિ માટે અર્થતંત્રમાં રાજ્યનો હસ્તક્ષેપ ન હોય એ ઇચ્છનીય છે. વર્તમાનમાં વિવિધ દેશોએ અપનાવેલી ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણની પ્રક્રિયા એ એક અર્થમાં મુક્ત અર્થતંત્ર તરફ જવાની પ્રક્રિયા જ છે. આ અર્થમાં આ સિદ્ધાંત એ અર્થતંત્રની પ્રગતિના સંદર્ભમાં વધુ વાસ્તવલક્ષી છે.

5. સાધનોના કાર્યક્ષમ ઉપયોગ સંદર્ભે માર્ગદર્શન : મૂડી અને શ્રમની કિંમતો એટલે કે વેતનદર અને વ્યાજદર પરિવર્તનશીલ છે તેવી ધારણાને કઈ રીતે સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે તેની નીતિ સૂચવે છે.

## 3.6 સારાંશ

પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર એ મુક્ત અર્થતંત્ર, પૂર્ણહરીફાઈ, પરિવર્તનશીલ સાધન કિંમતો અને પૂર્ણ માહિતીની ધારણાને આધારે સમજાવાયું છે. જેના હાર્દરૂપ, જે.બી. સેનો નિયમ છે. જે જણાવે છે કે ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન સાધનોને કામમાં જોડવાથી તેમને જે વળતર કે આવક મળે છે તે જ ઉત્પન્ન થયેલી વસ્તુઓની માંગ સર્જે છે. આથી અર્થતંત્રમાં લાંબેગાળે હંમેશાં કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહે છે અને અતિઉત્પાદન, માંગનો અભાવ કે બેરોજગારી જેવા પ્રશ્ન હોતા નથી. અહીં ટૂંકેગાળે આ પ્રકારના પ્રશ્નો હોય તો પણ અર્થતંત્રની સ્વયંસંચાલિત પ્રક્રિયાથી તે લાંબેગાળે આપોઆપ દૂર થાય છે અને અર્થતંત્રના દરેક ક્ષેત્રે સમતુલાની સ્થિતિ હોય છે.

## 3.7 ચાવીરૂપ શબ્દો

- પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર : પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર એ અર્થશાસ્ત્રના પરંપરાગત સિદ્ધાંતો પર આધારિત છે કે જ્યાં લાંબેગાળે અર્થતંત્રના દરેક્ષ ક્ષેત્રે કુલ પુરવઠો અને કુલ માંગ સરખા હોય છે અને તેથી અર્થતંત્ર સમતુલામાં જ હોય છે.
- સમગ્રલક્ષી સમતુલા : અર્થતંત્રના બધા જ ક્ષેત્રોમાં કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહે અને દરેક ક્ષેત્રે સંતુલિત ભાવ નિર્ધારિત થાય તેવી સ્થિતિને સમગ્રલક્ષી સમતુલા કહે છે.
- કુલ માંગ : અર્થતંત્રમાં ચીજવસ્તુઓ અને સેવાઓ પાછળ થયેલું કુલ ખર્ચ એટલે કુલ માંગ.
- કુલ પુરવઠો : ચોક્કસ સમયગાળામાં અર્થતંત્રમાં ઉત્પન્ન થયેલી કુલ ચીજવસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ એટલે કુલ પુરવઠો.
- જે.બી.'સે'નો નિયમ : 'પુરવઠો પોતાની માંગ સ્વયં સર્જે છે.' (Supply creats its own demand).

## 3.8 તમારી પ્રગતિ ચકાસો

### (ક) વિસ્તૃત પ્રશ્નો

1. જે.બી. સેનો બજારનો નિયમ સમજાવો.
2. સમગ્રલક્ષી સમતુલાનો અર્થ આપી તેનું મહત્ત્વ ચર્ચો.

**(ખ) ટૂંકનોંધ :**

1. કુલ માંગ અને કુલ પુરવઠો
2. સમગ્રલક્ષી સમતુલા અંગે પ્રશિષ્ટ વિચારધારા
3. જે.બી.સેના નિયમની મર્યાદાઓ

**(ગ) હેતુલક્ષી વૈકલ્પિક પ્રશ્નો**

1. 'પુરવઠો પોતાની માંગ સ્વયંમ સર્જે છે,' - આ વિધાન........ ના નિયમ તરીકે ઓળખાય છે.

(અ) માર્શલ (બ) જે.બી.સે
(ક) પીગું (ડ) કેઈન્સ

2. 'સે'ના મતે .......... એ તાર્કિક અશક્યતાઓ છે.

(અ) અતિઉત્પાદન (બ) બેકારી
(ક) ઉરપના બંને (ડ) રોજગારી

3. નીચેનામાંથી કઈ 'સે'ના નિયમની ધારણા છે ?

(અ) મુક્ત અર્થતંત્ર (બ) નાણું વિનિમયનું માધ્યમ
(ક) લાંબાગાળાની સમજૂતી (ડ) ઉપરના બધાજ

4. બજારના પ્રશિષ્ટ સિદ્ધાંત મુજબ .......... હોય છે.

(અ) પુરવઠા = માંગ (બ) પુરવઠા કરતા માંગ વધુ
(ક) પુરવઠા કરતા માંગ ઓછી (ડ) માંગ કરતા પુરવઠો વધુ

5. 'સે'એ બજારનો નિયમ મૂળભૂત રીતે .......... અર્થતંત્રને ધ્યાનમાં રાખી આપ્યો છે.

(અ) નાણાકીય (બ) વસ્તુ વિનિમયવાળા
(ક) ઉપરના બંને (ડ) સમાજવાદી

6. 'સે'નો બજારનો નિયમ કયા અર્થતંત્ર માટે સાચો છે ?

(અ) નાણાકીય (બ) વસ્તુ વિનિમયવાળા
(ક) ઉપરના બંને (ડ) ઉપરનામાંથી એકપણ નહીં.

7. નીચેનામાંથી કઈ 'સે'ના નિયમની મર્યાદા છે ?

(અ) માંગનો અભાવ શક્ય (બ) વેપારચક્રને સમજાવવું મુશ્કેલ
(ક) અપૂર્ણરોજગારી એ વાસ્તવિકતા (ડ) ઉપરના બધા જ

8. અર્થતંત્રમાં ઉત્પન્ન થયેલ ચીજવસ્તુઓ અને સેવાઓ/ની/નો ......... એટલે કુલ માંગ.

(અ) માંગ (બ) પાછળનો કુલ ખર્ચ
(ક) (અ) અને (બ) બંને (ડ) જથ્થો

9. પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર .......... ને વિશેષ મહત્ત્વ આપે છે.

(અ) કુલ માંગ (બ) કુલ ખર્ચ
(ક) કુલ પુરવઠો (ડ) કુલ બચતો

10. પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર સમયના .......... ગાળાને ધ્યાનમાં લઈ સમજૂતી આપે છે.

(અ) ટૂંકા (બ) લાંબા

(ક) મધ્યમ (ડ) ઉપરના બધા જ

- **ઉપયોગી સંદર્ભ વાંચન**


(1) શાહ રમેશ. (2016), પારિભાષિક કોશ-અર્થશાસ્ત્ર, અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

(2) Ahuja, H.L. (2020). Macro Economics, New Delhi : S. Chand & Company Ltd.

(3) Dewett, K.K. (2006). Modern Economic Theory. New Delhi : S. Chand & Company Ltd.

(4) Jhingan, M.L. (2012). Principles of Economics. Delhi : Vrinda Publication (P) Ltd.

(5) Bankock, Graham and others. (1998). The Penguin Dictionary of Economycs. New Delhi : Penguin Books.


- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

1. (બ), 2. (ક), 3. (ડ), 4. (અ), 5. (બ), 6. (ક), 7. (ડ), 8. (ક), 9. (ક), 10. (બ)

## એકમ-4 બજારની સમગ્રલક્ષી સમતુલા કેઈન્સીયન અભિગન-I

[અસરકારક માંગ, ઉપભોગ વિધેય, સરેરાશ અને સીમાંત ઉપભોગવૃત્તિ]

-: રૂપરેખા :-


4.0 ઉદ્દેશો
4.1 પ્રસ્તાવના
4.2 અસરકારક માંગનો સિદ્ધાંત
4.3 ઉપભોગ વિધેય
4.4 સરેરાશ અને સીમાંત ઉપભોગવૃત્તિ
4.5 સારાંશ
4.6 ચાવીરૂપ શબ્દો
4.7 તમારી પ્રગતિ ચકાસો
● ઉપોયગી સંદર્ભ વાચન
● તમારી પ્રગતિ ચકાસોના જવાબો


### 4.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કરવાથી તમે નીચેની બાબતો સમજી શકશો

– અર્થતંત્રમાં રોજગારીનું પ્રમાણ કોના ઉપર આધારિત છે ?
– અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી અને અપૂર્ણ રોજગારીની સમતુલા વિશે.
– રાષ્ટ્રીય આવક અને અર્થતંત્રમાં ગ્રાહકની ઉપભોગવૃત્તિ વચ્ચે સંબંધ.
– અર્થતંત્રમાં કુલ માંગનું મહત્ત્વ જાણી શકાશે.
– ઉપભોગવૃત્તિના ખ્યાલ વિશે જાણી શકશો.

### 4.1. પ્રસ્તાવના

આપણે આગળના એકમમાં જોઈ ગયા કે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે અર્થતંત્ર હંમેશાં પૂર્ણરોજગારીની સ્થિતિએ હોય છે અથવા અર્થવ્યવસ્થા પૂર્ણરોજગારી બાજુ જ ગતિ કરે છે. પ્રો. જે.બી.સેના મતે જો અર્થતંત્રમાં કોઈ કારણોસર બેરોજગારી પ્રવર્તતી હોય તો અમુક આર્થિક પરિબળો દ્વારા અર્થતંત્રમાં આપ મેળે જ પૂર્ણ રોજગારીની સ્થિતિએ પહોંચે છે. પરંતુ 1930ની મહામંદીના સમયમાં મૂડીવાદી દેશોમાં મોટા પ્રમાણમાં બેરોજગારી સર્જાઈ હતી અને રાષ્ટ્રીય આવકમાં મોટો ઘટાડો થયો હતો. આ પરિસ્થિતિમાં પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના વિચારો ખોટા સાબિત થયા હતા. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની આ મુક્ત અર્થતંત્રની વિચારધારાથી વિપરીત પ્રો. કેઈન્સે 1936માં તેમના પુસ્તક "The General theory of Employment Interest Money" નામના પુસ્તકમાં બેકારી અને આર્થિક મંદીમાંથી બહાર નીકળવા માટે એટલે કે અર્થતંત્રની માંગમાં વધારો કરવા માટે જાહેરખર્ચની હિમાય કરી હતી. આ ઉપરાંત કેઈન્સના મતે અર્થતંત્રમાં હકીકતમાં પૂર્ણ રોજગારી શક્ય હોતી નથી. પૂર્ણ રોજગારી એ અપવાદરૂપ સ્થિતિ છે. આમ અર્થતંત્ર અપૂર્ણ રોજગારી એ જ કામ કરે છે.

### 4.2 અસરકારક માંગનો સિદ્ધાંત

પ્રો. કેઈન્સનો અસરકારક માંગનો સિદ્ધાંત આવક અને રોજગારી નિર્ધારિણનો સિદ્ધાંત પણ કહેવામાં આવે છે. કોઈ પણ અર્થતંત્ર માટે ટૂંકાગાળામાં રોજગારીનો આધાર કુલ માંગ

પર આધારિત છે. કુલ માંગ (વપરાશી વસ્તુઓ + મૂડી વસ્તુઓ) જેટલી વધારે એટલી રોજગારીનું પ્રમાણ વધારે હશે. અસરકારક માંગનો સિદ્ધાંત એ કુલ માંગ, કુલ પુરવઠો, કુલ રોજગારી, કુલ રાષ્ટ્રીય આવક, કુલ મૂડી રોકાણ વગેરે સાથે સંબંધ ધરાવે છે.

### 4.2.1 સિદ્ધાંતની ધારણાઓ

1. અર્થતંત્રમાં અપૂર્ણ રોજગારી પ્રવર્તે છે.
2. અર્થતંત્ર મૂડીવાદી અને વિકસિત છે.
3. કેઈન્સે સમયના ટૂંકાગાળાને જ ધ્યાનમાં લીધો છે અને મૂડીનું પ્રમાણ, વસ્તીનું કદ, શ્રમિકો, ટેક્નોલોજી અને શ્રમિકોની કાર્યક્ષમતા ટૂંકાગાળામાં બદલાતી નથી.
4. અર્થતંત્ર સ્થિર છે એટલે કે આર્થિક પરિબળો અને ઉત્પાદન પદ્ધતિ સ્થિર છે.
5. બંધ અર્થતંત્ર એટલે આંતરરાષ્ટ્રીય વેપારનો અભાવ છે.
6. અર્થતંત્ર પૂર્ણ હરીફાઈમાં કામ કરે છે.

પ્રો. કેઈન્સે આ સિદ્ધાંતમાં ટૂંકાગાળામાં વસ્તી અને શ્રમશક્તિ, ટેક્નોલૉજી જ્ઞાન, શ્રમિકોની કાર્યક્ષમતા વગેરે બાબતો સ્થિર રાખી છે. આથી અર્થતંત્રમાં રોજગારીનું પ્રમાણ રાષ્ટ્રીય આવક અને ઉત્પાદન પર આધારિત હોય છે. આ સ્થિતિમાં ઉત્પાદન વધારવા માટે શ્રમિકોની સંખ્યામાં વધારો કરી રાષ્ટ્રીય આવક અને ઉત્પાદન વધારી શકાય છે. પ્રો. કેઈન્સનો આ રોજગારી નિર્ધારણનો સિદ્ધાંત એ રાષ્ટ્રીય આવક નિર્ધારણનો સિદ્ધાંત છે. અને અર્થવ્યવસ્થામાં કુલ રોજગારી કુલ પુરવઠા અને કુલ માંગ દ્વારા નિર્ધારીત થાય છે.

### 4.2.2 કુલ પુરવઠા કિંમત (Aggregate Supply Price - ASP)

કેઈન્સના મતે કુલ પુરવઠો એટલે અર્થતંત્રમાં ઉત્પાદકો વિવિધ વસ્તુઓનું ઉત્પાદન કરવા માટે શ્રમિકો દ્વારા ઉત્પાદિત વસ્તુઓમાંથી ઓછામાં ઓછી એટલી કુલ આવક પ્રાપ્ત થવી જોઈએ જેથી તે શ્રમિકોને કામ પર રાખી શકે. આ આવક એ શ્રમિકોને ઉત્પાદન કાર્યમાં લગાવવાનો ખર્ચ છે.

અર્થવ્યવસ્થામાં કુલ પુરવઠારેખા ઉત્પાદનના ભૌતિક અને ટેક્નોલોજી સ્થિતિ પર આધારિત છે. પરંતુ ઉત્પાદનની આ સ્થિતિ ટૂંકાગાળામાં બદલાતી નથી. આથી ઉત્પાદન વધારવા માટે શ્રમિકોને કાર્ય માટે લગાવવા પડે છે. જેથી ઉત્પાદન અને રોજગારીમાં વધારો થવાની સાથે ઉત્પાદકનું ઉત્પાદન ખર્ચ પણ વધે છે. પરંતુ ઉત્પાદકો વધારે શ્રમિકોને ત્યાં સુધી જ રોજગારી આપવાનું અનુકૂળ સમજે છે કે જ્યાં તેમના દ્વારા ઉત્પાદિત વસ્તુ પર પુરવઠા કિંમત જેટલી આવક પ્રાપ્ત થવાની અપેક્ષા હોય.

આકૃતિ : 4.1




કુલ પુરવઠા રેખા ઉત્પાદકોનું ઉત્પાદન પાછળ થતું ખર્ચ દર્શાવે છે. અર્થવ્યવસ્થામાં જેમ રોજગારી અને ઉત્પાદન વધે તેમ ઉત્પાદકનું કુલ ખર્ચ પણ વધે છે. કેઈન્સના મતે અર્થતંત્રમાં મંદીની સ્થિતિ હોય ત્યારે રોજગારી અને કુલ પુરવઠા કિંમત વચ્ચેનો સંબંધ

ટૂંકાગાળામાં સપ્રમાણ જોવા મળે છે. આથી આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે કુલ પુરવઠા વિધેયરેખા ડાબી બાજુ ઉપર તરફ જતી સીધી રેખા હોય છે અને તે $45^0$નો ખૂણો ધરાવતી હોય છે. પરંતુ એકવાર પૂર્ણ રોજગારીની સ્થિતિએ પહોંચ્યા પછી રોજગારી વધી શકતી નથી અને તેથી વાસ્તવિક આવક પણ વધતી નથી. આ સ્થિતિમાં સાધનોની માંગ વધે તો તેમના ભાવ વધે છે જે માત્ર નાણાકીય ખર્ચમાં વધારો કરે છે. તેથી કુલ પુરવઠારેખા Y ધરીને સમાંતર થઈ જાય છે.

કેઈન્સના મતે અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવક વપરાશી ખર્ચ અને બચતોમાં વહેંચાય છે. આથી....

કુલ પુરવઠા કિંમત(ASP) = વપરાશ ખર્ચ + બચત

$$ASP = C + S$$

4.2.3 કુલ માંગ કિંમત (Aggregate Demand Price - ADP)

સામાન્ય રીતે દેશના લોકો એક વર્ષમાં વસ્તુઓ અને સેવાઓ પર જે કુલ ખર્ચ કરે છે તેને કુલ માંગ કહેવાય છે. કેઈન્સ માને છે કે રોજગારી નિર્ધારણમાં કુલ માંગ કિંમત ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. વસ્તુઓનું ઉત્પાદન ઉત્પાદક અથવા પેઢીઓ દ્વારા કરવામાં આવે છે. આ વસ્તુઓનું કોઈ નિશ્ચિત કિંમતે વેચાણ કરી ઉત્પાદક અમુક આવક મેળવવાની અપેક્ષા રાખે છે. આ કુલ આવકને કુલ માંગ કિંમત કહેવામાં આવે છે.

કુલ માંગ કિંમત અને રોજગારી એકબીજા સાથે સંકળાયેલાં છે. જો રોજગારીના પ્રમાણમાં વધારો થાય તો ઉત્પાદનમાં પણ વધારો થાય છે. ઉત્પાદનમાં વધારો થવાથી કુલ માંગમાં પણ વધારો થાય. આથી ઉત્પાદકની અપેક્ષિત આવકમાં વધારો થાય છે. જો કુલ માંગ અને રોજગારીમાં સમાન દરે વધારો થાય તો સમગ્ર માંગ રેખા ઉપરની તરફ જાય છે. પરંતુ રોજગારી અને ઉત્પાદન વૃદ્ધિ સાથે કુલ માંગમાં સપ્રમાણ વધારો થતો નથી. એટલે કે વધારે શ્રમિકોને રોજગારી પર રાખવાથી ઉત્પાદન વધારી શકાય છે પરંતુ દેશની કુલ માંગ આવક વૃદ્ધિના સપ્રમાણ વધારો થતો નથી. પરંતુ ઘટતા દરે વધારો થાય છે. આ સ્થિતિમાં કુલ માંગ રેખાનો ઢાળ ઘટતો જાય છે. જે આકૃતિ 4.2માં દર્શાવેલ છે.

કેઈન્સના મતે કુલ માંગ કિંમત ઉપભોગ ખર્ચ અને મૂડીરોકાણ ખર્ચ દ્વારા નક્કી થાય છે. કુલ ઉપભોગ ખર્ચ એટલે ગ્રાહકો વસ્તુઓ અને સેવાઓની ખરીદી પાછળ જે ખર્ચ કરે છે તે અને મૂડીરોકાણ ખર્ચ એટલે કે વસ્તુઓ અને ઉત્પન્ન કરવા માટે ઉત્પાદકો દ્વારા જે ખર્ચ થાય છે તે.

આકૃતિ : 4.2



કુલ માંગ કિંમત (ADP) = ઉપભોગ ખર્ચ + મૂડીરોકાણ ખર્ચ

ADP = C + I

4.2.4 રોજગારીની સમતુલા સ્થિતિનું નિર્ધારણ

આકૃતિ : 4.3




ઉપરોક્ત આકૃતિમાં કુલ પુરવઠા રેખા અને કુલ માંગ રેખા દર્શાવવામાં આવી છે. OX રેખા પર રોજગારીનું પ્રમાણ અને OY રેખા પર કુલ માંગ કિંમત અને કુલ પુરવઠા કિંમત દર્શાવવામાં આવી છે.

AS રેખા અર્થવ્યવસ્થામાં રાષ્ટ્રીય આવકની જુદી જુદી સપાટી પર નિયોજકો કેટલા શ્રમિકોને રોજગારી આપે છે તે દર્શાવવામાં આવ્યું છે. AS વક્ર શરૂઆતમાં ધીમી ગતિએ ઉપર તરફ જાય છે. અર્થાત્ જેમ જેમ રોજગારી વધતી જાય છે તેમ તેમ ઉત્પાદન ખર્ચ પણ ધીમી ગતિએ વધતું જાય છે. પરંતુ નિયોજકોને પ્રાપ્ત થતી આવક વધતી જાય તો નિયોજકો ઉત્પાદન વધારવા માટે વધારે લોકોને રોજગારી આપતા રહે છે. આ રોજગારી ત્યાં સુધી આપશે કે જ્યાં સુધી અર્થતંત્રમાં બધા જ રોજગારી ઇચ્છુક લોકોને રોજગારી પ્રાપ્ત ન થઈ જાય. આકૃતિમાં નિયોજકોને પ્રાપ્ત થતી આવક NFR અથવા OT જેટલી વધી શકશે નહિ. અર્થાત્ આ બિંદુ પર અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી પ્રાપ્ત થાય છે. ONF પર કુલ પુરવઠા રેખા AS લંબ રેખા થઈ જશે.

AD રેખા કુલ માંગ રેખા દર્શાવે છે. અર્થતંત્રમાં રોજગારીનું પ્રમાણ $ON_2$ કરતાં ઓછું હોય છે ત્યાં સુધી કુલ માંગ કુલ પુરવઠાથી વધુ હોય છે. એટલે કે નિયોજકોમાં ઉત્પાદનની માંગ કિંમત તેમની પુરવઠા કિંમતથી વધુ હોય છે. જેથી ઉત્પાદકો વધારે શ્રમિકોને રોજગારી પર રાખવા માટે પ્રોત્સાહિત થશે. જો રોજગારીનું પ્રમાણ વધીને $ON_2$થી વધી જાય તો AD રેખા AS રેખાની નીચે આવી જાય છે એટલે કે કુલ પુરવઠા ખર્ચ કુલ માંગ ખર્ચની તુલનામાં વધી જાય છે. આથી નિયોજકોને વધારે રોજગારીથી જે આવક પ્રાપ્ત થવાની અપેક્ષા હતી તેના કરતાં ઓછી આવક પ્રાપ્ત થશે. ઉત્પાદકોની આવકમાં ઘટાડો થવાથી ઉત્પાદકો ઉત્પાદન ખર્ચ ઘટાડવા માટે શ્રમિકોને રોજગારીમાંથી છૂટા કરશે. આમ કુલ રોજગારી $ON_2$ સુધી પહોંચી ન જાય ત્યાં સુધી શ્રમિકોની છટણી કરવામાં આવશે.

$ON_2$ રોજગારીનું એ સ્તર છે જ્યાં કુલ માંગ રેખા (AD) અને કુલ પુરવઠા રેખા (AS) એકબીજાને છેદે છે. અર્થાત્ સમતુલાની સ્થિતિ જોવા મળે છે.

4.2.5 અસરકારક માંગ

અસરકારક માંગ એટલે અર્થવ્યવસ્થામાં કોઈ ચોક્કસ સમયે કુલ ઉત્પાદન પર કુલ

કેટલી આવક ખર્ચ કરવામાં આવે છે. આ કુલ ખર્ચ રાશિ એ ઉત્પાદનના બધા સાધનોની આવક છે. બીજા શબ્દોમાં અસરકારક માંગ રાષ્ટ્રીય આવક બરાબર છે. અર્થાત્ બધી વસ્તુઓ ક્યાં તો વપરાશી વસ્તુઓ અને મૂડીરોકાણ વસ્તુઓ છે. આમ અસરકારક માંગ એ ઉપભોગ અને મૂડીરોકાણ પર કરવામાં આવેલ કુલ ખર્ચના સરવાળા બરાબર છે.

અસરકારક માંગ = રાષ્ટ્રીય ઉત્પાદન મૂલ્ય = વપરાશી વસ્તુ પરનું ખર્ચ + મૂડીરોકાણ પરનું ખર્ચ = રાષ્ટ્રીય આવક

પ્રો. કેઈન્સના મતે ટૂંકાગાળામાં કોઈ અર્થતંત્રમાં રોજગારી અસરકારક માંગ દ્વારા નિર્ધારિત થાય છે. અર્થતંત્રમાં કોઈ કારણોસર ઉપભોગમાં વધી જાય અથવા મૂડીરોકાણ વધી જાય કે બંનેમાં વધારો થાય તો તેનો અર્થ છે કે અસરકારક માંગમાં વધારો થયો છે. જેથી અર્થતંત્રમાં રોજગારીમાં વધારો થશે. આથી વિપરીત જો અસરકારક માંગમાં ઘટાડો થાય તો અર્થતંત્રમાં આવક અને રોજગારીમાં ઘટાડો થશે.

4.2.6 અપૂર્ણ રોજગારીએ સમતુલા

આ સિદ્ધાંતની મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે જ્યાં કુલ માંગ અને કુલ પુરવઠો પરસ્પર સરખા થાય ત્યાં રોજગારી સમતુલા સ્થિતિમાં હોય છે. પરંતુ આ સમતુલા સ્થિતિમાં આવશ્યક નથી કે અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની સ્થિતિ હોય. અર્થાત્ કુલ માંગ રેખા અને કુલ પુરવઠા રેખા અર્થતંત્રમાં રોજગારી ઈચ્છનાર કરતાં ઓછી સંખ્યામાં રોજગારી પ્રાપ્ત થતી હોય તે બિંદુએ પણ સરખા થઈ શકે છે. આ સ્થિતિ નીચેની આકૃતિમાં દર્શાવવામાં આવી છે :

આકૃતિ : 4.4




આકૃતિ 4.4માં AS કુલ પુરવઠા રેખા અને AD કુલ માંગ રેખા છે. કુલ પુરવઠા રેખા OX ધરી સાથે $45^0$નો ખૂણો બનાવે છે. કારણ કે ઉત્પાદન ખર્ચ અને રોજગારી વચ્ચે સપ્રમાણ સંબંધ છે. E બિંદુએ AS રેખા અને AD રેખા એકબીજાને છેદે છે. જ્યાં ON શ્રમિકોને રોજગારી પ્રાપ્ત થાય છે અને OM કુલ આવક પ્રાપ્ત થાય છે. આ સ્થિતિ અર્થતંત્રની સમતોલ રોજગારીની સ્થિતિ છે. પરંતુ આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે આ સ્થિતિએ પૂર્ણરોજગારીની સ્થિતિ નથી. કેમ કે અર્થતંત્રમાં વાસ્તવમાં ONF શ્રમિકો રોજગારી ઈચ્છે છે. એટલે કે NNF જેટલી બેરોજગારી જોવા મળે છે. આમ E બિંદુએ અપૂર્ણ રોજગારીએ સમતુલાની સ્થિતિ છે. આ બેરોજગારી દૂર કરવા માટે અર્થતંત્રની કુલ માંગને OM થી વધારીને OT કરવામાં આવે તો નિયોજકો ઉત્પાદન વધારવા માટે વધારે શ્રમિકોને રોજગારી આપી શકે છે. આકૃતિમાં R બિંદુએ પૂર્ણ રોજગારીની સ્થિતિ છે જેને અર્થતંત્રની ઈષ્ટતમ સ્થિતિ કહે છે.

આ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે અર્થતંત્ર ક્યારે અપૂર્ણ રોજગારીએ સમતુલામાં

ના હોઈ શકે પરંતુ ઉપરોક્ત આકૃતિમાં કેઈન્સ પ્રમાણે અર્થતંત્ર 'E' બિંદુ કે જ્યાં અર્થતંત્ર અપૂર્ણ રોજગારીએ સમતુલામાં હોઈ શકે છે.

### 4.2.7 તારણો

- અર્થવ્યવસ્થાની કુલ રાષ્ટ્રીય આવક કુલ રોજગારી પર આધારિત છે.
- અર્થતંત્રમાં રોજગારીનું પ્રમાણ અસરકારક માંગ પર આધારિત છે.
- અસરકારક માંગ વપરાશી વસ્તુની માંગ અને મૂડીરોકાણ માંગનો સરવાળો છે.
- ઉપભોગ વસ્તુની માંગ આવક અને વપરાશવૃત્તિ પર આધારિત છે જ્યારે મૂડીરોકણ માંગ વ્યાજના દર અને મૂડીની સીમાંત કાર્યક્ષમતા પર આધારિત છે.

## 4.3 ઉપભોગ વિધેય

આગળ આપણે અસરકારક માંગ દ્વારા રોજગારી અને આવક નિર્ધારણની સમજૂતી મેળવી. અસરકારક માંગ નક્કી કરનારા બે મુખ્યપરિબળો છે : (1) વપરાશી વસ્તુની માંગ અને (2) મૂડી રોકાણ માંગ. આ બંને પરિબળો મળીને દેશની કુલ માંગ નક્કી કરે છે. આમાં વપરાશી વસ્તુઓની માંગ આવક અને વપરાશવૃત્તિ પર આધારિત છે. વપરાશ વિધેયનો ખ્યાલ એ અર્થશાસ્ત્રમાં કેઈન્સનું મહત્ત્વનું પ્રદાન છે.

### 4.3.1 ઉપભોગ વિધયનો અર્થ

કોઈપણ વસ્તુની માંગ તેની કિંમત દ્વારા નિર્ધારિત થાય છે. અર્થાત્ માંગનું પ્રમાણ તેની કિંમત પર  આધારિત છે. એ જ રીતે સમગ્ર સમાજનો કુલ ઉપભોગ કુલ આવક પર આધારિત છે. અહીં આપણે કોઈ એક વ્યક્તિના ઉપભોગ અને આવકના સંબંધની ચર્ચા કરતા નથી. પરંતુ સમગ્ર દેશના ઉપભોગ અને આવકના સંદર્ભમાં વાત કરવામાં આવે છે. આથી કોઈ પણ દેશમાં કુલ ઉપભોગ તેની કુલ આવક પર આધારિત છે. જ્યારે આવક વધે છે તો કુલ ઉપભોગ ખર્ચનું પ્રમાણ વધે છે અને જ્યારે કુલ આવકમાં ઘટાડો થાય છે તો કુલ ઉપભોગ ખર્ચનું પ્રમાણ ઘટે છે. આવક અને ઉપભોગ વચ્ચેના આ સબંધને ઉપભોગ વિધેય કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો....

"આવકની જુદી જુદી સપાટીએ વપરાશી વસ્તુઓ પાછળ કેટલી રકમ ખર્ચવામાં આવે છે તે દર્શાવતાં સંબંધને વપરાશ વિધેય કહે છે."

$C = f(Y)$ જ્યાં $C$ = કુલ ઉપભોગ ખર્ચ

$Y$ = કુલ રાષ્ટ્રીય આવક

$f$ = વિધાયક સંજ્ઞા

વિધેય પ્રમાણે વપરાશી ખર્ચ એ આવક પર આધારિત છે.

ઉપભોગ ખર્ચ આવક ઉપરાંત ઉપભોગવૃત્તિ પર પણ આધારિત છે. આવકમાં ફેરફાર થતાં ઉપભોગ ખર્ચમાં થતો ફેરફાર એ સમાજની ઉપભોગ વૃત્તિ દર્શાવે છે. આવકની જુદી જુદી સપાટીએ ઉપભોગ વૃત્તિ કેટલી છે તે દર્શાવતી અનુસૂચિ ઉપભોગ વિધેય તરીકે ઓળખાય છે.

### 4.3.2 વપરાશનો મનોવૈજ્ઞાનિક નિયમ :

કેઈન્સના મતે ઉપભોગ નક્કી કરનાર મહત્ત્વનું પરિબળ આવક છે. કેઈન્સનું વપરાશ વિધેય નીચે પ્રમાણે છે :

$C = a + by$, જ્યાં $C$ = વપરાશી ખર્ચ

$a$ = વપરાશનો એ ભાગ જે આવકથી સ્વતંત્ર નક્કી થાય છે.

b = આવકનો તે ભાગ જે વપરાશ પાછળ ખર્ચાય છે.

y = કુલ રાષ્ટ્રીય આવક

વપરાશના ઉપરોક્ત ગાણિતિક સમીકરણ મુજબ 'a' વપરાશનો આવકથી સ્વતંત્ર થયેલ ચલ છે એટલે કે આવક પર આધારિત નથી. 'b' એ ઉપભોગની આવકની સપાટી સાથે સંકળાયેલ છે. વાસ્તવમાં કેઈન્સનું ઉપભોગ વિધેય C = by છે. કારણ કે ઉપભોગ વિધેયમાં 'a'નો સમાવેશ કરવાથી ઉપભોગ વિધેય લાંબાગાળાનું બને છે. જ્યારે કેઈન્સનું ઉપભોગ વિધેય ટૂંકાગાળાનું છે. આથી તેમાં 'a'નો સમાવેશ કરવામાં આવતો નથી.

**અનુસૂચિ :**

| **આવક (રૂ. કરોડમાં)** | **વપરાશ (રૂ. કરોડમાં)** | **બચત (રૂ. કરોડમાં)** |
|---|---|---|
| 0 | 50 | -50 |
| 50 | 80 | -30 |
| 100 | 100 | 00 |
| 150 | 140 | 10 |
| 200 | 170 | 30 |
| 250 | 190 | 60 |
| 300 | 200 | 100 |

ઉપરોક્ત અનુસૂચિ પ્રમાણે.....

– વપરાશ ક્યારેય શૂન્ય હોઈ શકે નહિ. આવક શૂન્ય હોય તો પણ વપરાશ હોય છે. આ વપરાશ ભૂતકાળની બચતો દ્વારા અથવા નાણા ઉછીના લઈને કરવામાં આવે છે. આથી કોસ્ટકમાં જ્યારે આવક શૂન્ય છે ત્યારે વપરાશ રૂ. 50 કરોડ છે.

– બચત માટે એ જરૂરી છે કે આવક અમુક ન્યૂનતમ સ્તરે પહોંચવી જોઈએ. અનુસૂચિમાં જ્યારે આવક 100 કરોડ રૂપિયા હોય ત્યારે બચત શૂન્ય છે. આ બિંદુને આવકના સમતૂટ બિંદુ તરીકે ઓળખવામાં આવે છે.

– આવક જ્યારે સમતૂટ બિંદુ કરતાં વધી જાય છે ત્યારે લોકો આવકનો અમુક ભાગ બચત કરતાં થાય છે. જ્યારે આવક 100 કરોડ રૂપિયાથી વધીને 150 કરોડ રૂપિયા થાય ત્યારે વપરાશ ખર્ચ રૂ. 140 કરોડ અને બચત રૂ. 10 કરોડ થાય છે. હવે આવક વધીને રૂ. 250 કરોડ થાય છે ત્યારે વપરાશ ખર્ચ રૂ. 190 અને બચત રૂ. 60 કરોડ થાય છે. આમ, આવકમાં જેમ જેમ વધારો થાય છે તેમ તેમ વપરાશમાં પણ વધારો થાય છે, પરંતુ આવકના વધારા કરતાં વપરાશમાં થતો વધારો ઘટતા દરે થતા જોવા મળે છે.



આકૃતિમાં OX ધરી પર આવક અને OY ધરી પર વપરાશ અને બચત દર્શાવ્યા છે. OY રેખા $45^0$નો ખૂણો બનાવે છે એટલે કે આવક અને વપરાશમાં સપ્રમાણ વધારો થાય છે. પરંતુ આપણે આગળ જોઈ ગયા કે વપરાશમાં આવક વૃદ્ધિ કરતાં ઓછો વધારો થાય છે. આકૃતિમાં CC રેખા વપરાશવૃત્તિ દર્શાવે છે. શરૂઆતમાં CC રેખા OY રેખાની ઉપર તરફ છે. અર્થાત્ જ્યારે આવક શૂન્ય છે ત્યારે ખર્ચ OC છે. CA બિંદુ સુધી વપરાશ આવક કરતાં વધારે છે. આવક જ્યારે AB થાય છે ત્યાં આવક અને ઉપભોગ સરખા થાય છે. આ પછી પણ જો આવકમાં વધારો થાય તો આવક વૃદ્ધિ કરતાં વપરાશમાં થતો વધારો ઓછો જોવા મળે છે એટલે કે $A_1B_1$ આવક વપરાશ ખર્ચ $B_1C_1$ અને બચત $A_1C_1$ છે. એ જ રીતે આવક વધીને $A_2B_2$ થાય તો વપરાશ ખર્ચ વધીને $B_2C_2$ થાય છે. જ્યારે બચત $A_2C_2$ થાય છે. આમ આવક-ઉપભોગ વચ્ચેનું અંતર વધતું જાય છે.

જો અર્થતંત્રમાં આવકની વહેંચણી વધારે અસમાન રીતે થઈ હોય તો ઉપભોગવૃત્તિ ઓછી રહે છે અને જો આવકની વહેંચણી ઓછી અસમાન રીતે થઈ હોય તો ઉપભોગવૃત્તિ વધુ રહે છે.

## 4.4 સરેરાશ અને સીમાંત ઉપભોગવૃત્તિ

### 4.4.1 સરેરાશ ઉપભોગવૃત્તિ

સરેરાશ ઉપભોગ વૃત્તિ એટલે કુલ ઉપભોગ ખર્ચનો કુલ આવક સાથેનો ગુણોત્તર છે. સરેરાશ ઉપભોગ વૃત્તિ જાણવા માટે કુલ ઉપભોગને કુલ આવક વડે ભાગવામાં આવે છે. ત્યારે સરેરાશ ઉપભોગ વૃત્તિ પ્રાપ્ત થાય છે. જેને ગાણિતિક રીતે નીચે મુજબ લખી શકાય છે :

$$\text{સરેરાશ ઉપભોગવૃત્તિ} = \frac{\text{કુલ ઉપભોગ ખર્ચ}}{\text{કુલ આવક}}$$

Average Propensity to Consumer (APC) = c/y

જ્યાં, c = ઉપભોગ ખર્ચ

y = કુલ આવક

ધારો કે કોઈ દેશની રાષ્ટ્રીય આવક રૂ. 1000 કરોડ છે અને ઉપભોગ ખર્ચ રૂ. 750 કરોડ છે તો સરેરાશ ઉપભોગવૃત્તિ

$$\therefore APC = \frac{c}{y} = \frac{750}{1000} = 0.75 \text{ અથવા } 3/4 \text{ અથવા } 75\%$$

અહીં સરેરાશ ઉપભોગવૃત્તિ કુલ આવકના સંદર્ભમાં 75% અથવા 3/4 જેટલી છે. એટલે કે કુલ આવકમાંથી 75% આવક ખર્ચ કરવામાં આવે છે.

### 4.4.2 સીમાંત ઉપભોગ વૃત્તિ :

સીમાંત ઉપભોગ વૃત્તિ આવકમાં વૃદ્ધિ થવાથી વધેલી આવકનો કેટલો ભાગ ઉપભોગ પર ખર્ચ કરવામાં આવે છે તેની સાથે સંબંધ ધરાવે છે. સીમાંત ઉપભોગવૃત્તિ જાણવા માટે આપણે આવકમાં થયેલી વૃદ્ધિ અને ઉપભોગ ખર્ચમાં થયેલ વૃદ્ધિનો ગુણોત્તર છે.

$$\text{સીમાંત ઉપભોગવૃત્તિ (MPC)} = \frac{\text{ઉપભોગ ખર્ચમાં ફેરફાર}}{\text{આવકમાં ફેરફાર}}$$

(Marinal Propponsity to consume)

MPC = DC/DY

આગળના સરેરાશ ઉપભોગવૃત્તિના ઉદાહરણમાં જો આવક રૂ. 1000 કરોડથી વધીને રૂ. 1100 કરોડ થાય તો ઉપભોગ ખર્ચ રૂ. 750 કરોડથી વધીને રૂ. 840 કરોડ થાય છે. અહીં આવકમાં રૂ. 100 કરોડની વૃદ્ધિ થવાથી ઉપભોગમાં રૂ. 90 કરોડની વૃદ્ધિ થાય છે.

$$MPC = \frac{DC}{DY} = \frac{90}{100} = \frac{9}{10} \text{ અથવા } 90\%$$

આમ, અહીં વધેલી આવકમાંથી 90% આવકનો ઉપભોગ ખર્ચ કરવામાં આવે છે.

4.4.3 અનુસૂચિ દ્વારા સરેરાશ અને સીમાંત ઉપભોગવૃત્તિની સમજૂતી :

| આવક Y | ઉપભોગ C | બચત S | apc C/Y | mpc DC/DY | aps S/Y | mps DS/DY |
|---|---|---|---|---|---|---|
| 1000 | 950 | 50 | 0.95 | – | 0.05 | – |
| 1100 | 1040 | 60 | 0.94 | 0.9 | 0.05 | 0.1 |
| 1200 | 1120 | 80 | 0.93 | 0.8 | 0.06 | 0.2 |
| 1300 | 1190 | 110 | 0.91 | 0.7 | 0.08 | 0.3 |
| 1400 | 1250 | 150 | 0.89 | 0.6 | 0.10 | 0.4 |
| 1500 | 1300 | 200 | 0.86 | 0.5 | 0.13 | 0.5 |

જ્યાં, APC = સરેરાશ વપરાશવૃત્તિ
MPC = સીમાંત વપરાશવૃત્તિ
APS = સરેરાશ બચતવૃત્તિ
MPS = સીમાંત બચતવૃત્તિ

આપણને ઉપરની અનુસૂચિ પરથી ખ્યાલ આવે છે કે આવકમાં વૃદ્ધિ થવાથી સીમાંત ઉપભોગવૃત્તિમાં ઘટાડો થાય છે. અર્થાત્ જ્યારે આવકમાં વૃદ્ધિ થવાથી સરેરાશ વપરાશવૃત્તિ ઘટે છે તો સાથે સીમાંત વપરાશવૃત્તિ પણ ઘટે છે. પરંતુ સીમાંત વપરાશવૃત્તિ સરેરાશ વપરાશવૃત્તિ કરતાં ઓછી હોય છે અને જ્યારે સરેરાશ વપરાશવૃત્તિ સ્થિર હોય છે ત્યારે સીમાંત વપરાશવૃત્તિ સમાન હોય છે.

સામાન્ય રીતે સીમાંત વપરાશવૃત્તિનું મૂલ્ય ક્યારેય શૂન્ય ના હોઈ શકે અને એકમ (1) પણ ના હોય. અર્થાત્ સીમાંત વપરાશવૃત્તિનું મૂલ્ય હંમેશાં શૂન્ય અને એકમની વચ્ચે હોય છે. કારણ કે વાસ્તવમાં વધેલી આવકમાંથી બધી જ આવકની બચત કરવામાં આવતી નથી અને સંપૂર્ણ આવકનો ખર્ચ પણ કરવામાં આવતો નથી. એટલે સીમાંત વપરાશવૃત્તિનું મૂલ્ય 0 અને 1ની વચ્ચે હોય છે.

4.3.4 સરેરાશ બચતવૃત્તિ અને સીમાંત બચતવૃત્તિ :

સરેરાશ બચતવૃત્તિ એટલે કુલ બચતને કુલ આવક વડે ભાગવામાં આવે ત્યારે સરેરાશ બચત વૃત્તિ પ્રાપ્ત થાય છે.

$$\text{સરેરાશ બચતવૃત્તિ} = \frac{\text{કુલ બચત}}{\text{કુલ આવક}} = \frac{s}{y}$$

Average Propensity to Consume

APS = s/y S = કુલ બચત
Y = કુલ આવક

ઉદાહરણ : ધારો કે કુલ રાષ્ટ્રીય આવક રૂ. 1000 કરોડ છે. તેમાંથી રૂ. 950 કરોડ ખર્ચવામાં આવે છે અને કુલ રૂ. 50 કરોડની બચત કરવામાં આવે છે. આથી,

$APS = \frac{S}{Y} = \frac{૫૦}{૧૦૦૦} = \frac{૧}{૨૦}$ અથવા 0.05% અર્થાત્ કુલ આવકનો 20મો ભાગ અથવા 0.05%ની બચત કરવામાં આવે છે.

રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ થવાથી વધેલી આવકનો કેટલા ભાગની બચત કરવામાં આવે છે તેને સીમાંત બચતવૃત્તિ કહે છે. એટલે સીમાંત બચતવૃત્તિ જાણવા માટે આવકમાં થયેલો વધારો અને બચતમાં થયેલા વધારાનો ગુણોત્તર.

$$\text{સિમાંત બચતવૃત્તિ (MPS)} = \frac{\text{બચતમાં ફેરફાર (વૃદ્ધિ)}}{\text{આવકમાં ફેરફાર (વૃદ્ધિ)}}$$

Maginal Propensity to Consumer (MPS)

$$MPS \quad \frac{DS}{DY}$$

ઉપરના ઉદા.માં જો આવક રૂ. 1000 કરોડથી વધીને રૂ. 1100 કરોડ થાય તો આ વધેલી રૂ. 100 કરોડની આવકમાંથી રૂ. 10 કરોડની બચત કરવામાં આવે છે.

આથી,

$$MPS = \frac{DS}{DY} = \frac{10}{100} = 1/10 \text{ અથવા } 0.1$$

એટલે વધેલી આવકમાંથી 10% આવક બચત થાય છે. આથી MPSનું મૂલ્ય 0.1 કે 1/10 છે.

અહીં સરેરાશ વપરાશ વૃત્તિ + સરેરાશ બચત વૃત્તિ = 1

$APC + APS = 1$

$\therefore APC = 1 - APS$ અથવા

$\therefore APS = 1 - APC$

આમ APC કે APS જાણવા માટે બંનેમાંથી કોઈ એકનું મૂલ્ય આપેલ હોય તો જાણી શકાય છે.

## 4.5 સારાંશ

ઉપભોગ વિધેય, સરેરાશ વપરાશ વૃત્તિ અને સીમાંત વપરાશ વૃત્તિના વિશ્લેષણના આધારે કોઈપણ રાષ્ટ્રમાં વપરાશ કઈ રીતે મહત્ત્વની છે તે જાણી શકાય છે. અર્થતંત્રમાં રોજગારી અને આવક નિર્ધારણમાં પ્રો. કેઈન્સનું યોગદાન આપણે આ સિદ્ધાંત દ્વારા સમજી શકીએ છીએ.

## 4.6 ચાવીરૂપ શબ્દો

(1) અસરકારક માંગ

સમગ્ર અર્થતંત્રમાં થતી વસ્તુઓ અને સેવાઓ માટેની કુલ માંગને અર્થશાસ્ત્રમાં અસરકારક માંગ કહે છે.

(2) કુલ માંગ કિંમત

રોજગારીની કોઈ એક સપાટીએ થતાં ઉત્પાદનના વેચાણમાંથી જે આવક પ્રાપ્ત થવાની ઉત્પાદકો અપેક્ષા રાખે છે તે વેચાણ આવકને તે રોજગારીની સપાટીની કુલ માંગ કિંમત કહે છે.

(3) કુલ પુરવઠા કિંમત

રોજગારીની અમુક સપાટી પૂરી પાડવા માટે ઉત્પાદકોને પ્રોત્સાહન મળે તે માટે પ્રાપ્ત થવી જોઈતી ન્યૂનતમ આવકને કુલ પુરવઠા કિંમત કહે છે.

(4) ઉપભોગ વિધેય

આવકની જુદી જુદી સપાટીએ ઉપભોગ વૃત્તિ કેટલી છે તે દર્શાવતી અનુસૂચિને ઉપભોગ વિધેય કહે છે.

(5) વપરાશ વૃત્તિ

આવકનો જે ભાગ લોકો વપરાશ પાછળ ખર્ચે છે તે. તેના બે પ્રકાર પાડવામાં આવે છે. સરેરાશ વપરાશ વૃત્તિ અને સીમાંત વપરાશ વૃત્તિ. તેમને ગાણિતીક રીતે નીચ પ્રમાણે દર્શાવી શકાય :

સરેરાશ વપરાશ વૃત્તિ = C / Y

સીમાંત વપરાશ વૃત્તિ = DC / DY

## 4.7 તમારી પ્રગતિ ચકાસો

(1) અસરકારક માંગનો સિદ્ધાંત વિસ્તૃત સમજાવો.

(2) વપરાશ વિધેયનો અર્થ સ્પષ્ટ કરો.

ખાલી જગ્યા પૂરો

1. MPCનું મૂલ્ય __________ હોય છે.
2. MPC + MPS = __________
3. ઉત્પાદન અને રોજગારીની સપાટીનું નિર્ણાયક પરિબળ __________ છે.
4. પ્રો. કેઈન્સના પુસ્તકનું નામ __________ છે.
5. અર્થતંત્રમાં અપૂર્ણ રોજગારી એ સમતુલામાં હોય છે તેવું __________ અર્થશાસ્ત્રી મત ધરાવતા હતા.
6. જો અર્થતંત્રમાં આવકની વહેંચણી અસમાન હોય તો ઉપભોગ વૃત્તિ __________.

## • તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (0 થી 1 ની વચ્ચે)
2. (1)
3. (અસરકારક માંગ)
4. (1936-The General Theory of Employment, Interest and Money)
5. (જે. એમ. કેઈન્સ)
6. (ઘટાડો થાય)

- **કેટલાક ઉપયોગી પુસ્તકો**

(1) નાણાકીય સિદ્ધાંત - સ્વ. ડૉ. જગદીશ અર્ધ્વયુ. - ગ્રંથનિર્માણ બોર્ડ
(2) આર્થિક સિદ્ધાંતો - ડૉ. એમ. એન. રાવલ. - ગ્રંથનિર્માણ બોર્ડ
(3) Advance Macro Economic Theory - H.L. Ahuja S.Chand Prakashan
(4) Macro Economic Theory - H.L. Ahuja - S.Chand Prakashan

# એકમ-5 બજારની સમગ્રલક્ષી ,મતુલા કેઈન્સીયન અભિગન-II

-: રૂપરેખા :-


5.0 ઉદ્દેશો

5.1 પ્રસ્તાવના

5.2 વપરાશવૃત્તિને અસર કરતાં પરિબળો

5.3 ગુણક

- 5.3.1 ધારણાઓ
- 5.3.2 ગુણકના ખ્યાલની સમજૂતી
- 5.3.3 ગુણકની પ્રક્રિયા
- 5.3.4 ગુણકની ગાણિતિક સમજૂતી
- 5.3.5 ગુણકનું સમીકરણ
- 5.3.6 ગુણકના બહિસ્ત્રાવો

5.4 ગતિવર્ધનનો સિદ્ધાંત

- 5.4.1 ગતિવર્ધનનો અર્થ
- 5.4.2 સિદ્ધાંતની સમજૂતી
- 5.4.3 સિદ્ધાંતના તારણો
- 5.4.4 મર્યાદાઓ

5.5 મૂડીની સીમાંત કાર્યક્ષમતા

- 5.5.1 મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો અર્થ
- 5.5.2 મૂડીની સીમાંત કાર્યક્ષમતાની સમજૂતી
- 5.5.3 મૂડીરોકાણ માંગ રેખા
- 5.5.4 મૂડીની સીમાંત કાર્યક્ષમતાને અસર કરતાં પરિબળો

5.6 સારાંશ

5.7 ચાવીરૂપ શબ્દો

5.8 તમારી પ્રગતિ ચકાસો

- કેટલાંક ઉપયોગી પુસ્તકો
- તમારી પ્રગતિ ચકાસોના જવાબ


## 5.0 ઉદ્દેશો :

આ એકમના મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણે છે

– વ્યક્તિની વપરાશને અસર કરતાં પરિબળો વિશે જાણી શકશો.

– મૂડીરોકાણથી આવકમાં કઈ રીતે અનેક ગણો વધારો થાય છે તે સમજી શકાશે.

– વપરાશી વસ્તુઓની માંગ અને મૂડી સાધનોની માંગ વચ્ચેનો સબંધ સમજી શકાશો.

– અર્થતંત્રમાં મૂડીરોકાણને અસર કરતાં પરિબળો જાણી શકાશે.

## 5.1 પ્રસ્તાવના

પ્રો. કેઈન્સના મતે અસરકારક માંગના વપરાશી ખર્ચ અને મૂડીરોકાણ ખર્ચ બે મહત્ત્વના ઘટકો છે. વપરાશી ખર્ચ આવક અને વપરાશવૃત્તિ પર આધાર રાખે છે. જ્યારે મૂડીરોકાણ ખર્ચ વ્યાજના દર અને મૂડીની સીમાંત કાર્યક્ષમતા પર આધાર રાખે છે. અહીં આપણે વપરાશ અને મૂડીરોકાણ ખર્ચ પર આધારીત કેઈન્સના અન્ય મહત્ત્વના ખ્યાલો જેવા કે ગુણક, મૂડીની સીમાંત કાર્યક્ષમતા, ગતિવર્ધન વિશે સમજી મેળવીશું. સૌ પ્રથમ આપણે ઉપભોગ વૃત્તિને અસર કરતાં પરિબળો વિશે માહિતી મેળવીશું.

## 5.2 વપરાશવૃત્તિને અસર કરતાં પરિબળો

પ્રો. કેઈન્સે ઉપભોગવૃત્તિને અસર કરતાં પરિબળોને બે ભાગમાં વહેંચ્યા છે. (1) બાહ્ય પરિબળો અને (2) આંતરિક પરિબળો.

5.2.1 બાહ્ય પરિબળો

(i) રાજકોષીય નીતિ

રાજકોષીય નીતિ એટલે સરકારની કરવેરા જાહેરખર્ચ અને દેવા અંગેની નીતિ. આ નીતિ વપરાશવૃત્તિને અસર કરે છે. જો સરકાર દ્વારા પરોક્ષ કરવેરામાં (GST, વેચાણવેરા, આવકારી જકાત) વધારો કરવામાં આવે તો વસ્તુઓની કિંમતમાં વધારો કરીને વપરાશવૃત્તિમાં ઘટાડો કરી શકાય છે. એ જ રીતે જ્યારે સરકાર પરોક્ષ વેરામાં ઘટાડો કરીને વપરાશવૃત્તિમાં વધારો પણ કરી શકે છે. જો અર્થતંત્રમાં ટૂંકાગાળા માટે અમુક વસ્તુની અછત હોય તો તેના ભાવ નિયંત્રણ માટે માપબંધી અને કિંમત નિયંત્રણ જેવા પગલાં દ્વારા માંગમાં ઘટાડો કરી શકાય છે. વર્તમાન કલ્યાણકારી સરકારો લોકોની વપરાશવૃત્તિ વધારવા માટે પ્રગતિશીલ કરવેરાનો ઉપયોગ કરીને વપરાશવૃત્તિને અસર કરે છે.

(2) વ્યાજ દર

વ્યાજના દર પણ વપરાશ વૃત્તિ અને બચતને અસર કરે છે. સામાન્ય રીતે જ્યારે વ્યાજના દરમાં વધારો થાય છે ત્યારે લોકો વપરાશમાં ઘટાડો કરીને બચત કરવા માટે પ્રોત્સાહિત થાય છે. પરંતુ જ્યારે વ્યાજના દરમાં ઘટાડો થાય છે તો લોકો બચત કરવા માટે પ્રોત્સાહિત થતા નથી અને ઉપભોગમાં વૃદ્ધિ કરે છે.

(3) આકસ્મિક લાભ અને ગેરલાભ

લોકોને થતા આકસ્મિક લાભ અને નુકસાન વપરાશવૃત્તિને અસર કરે છે. જ્યારે સટ્ટામાં અથવા શેર બજારમાં શેરની કિંમતમાં વધારો થવાથી શેર હોલ્ડર પોતાને ધનીક સમજીને વધારે ખર્ચ કરે છે એજ રીતે સટ્ટામાં કે શેર બજારમાં નુકસાન થવાથી શેરની કિંમતમાં ઘટાડો થવાથી મૂડીમાં ઘટાડો થાય છે. આથી ખર્ચ ઘટી જાય છે. આમ લોકોને અનેક પ્રકારના આકસ્મિક લાભ વપરાશમાં વૃદ્ધિ કરે છે અને નુકસાન ખર્ચમાં ઘટાડો કરે છે.

(4) કિંમતમાં ફેરફાર

વસ્તુઓની કિંમતમાં થતો ફેરફાર પણ વપરાશવૃત્તિને અસર કરે છે. જ્યારે અર્થતંત્રમાં વસ્તુઓની કિંમતમાં વધારો થાય છે એટલે કે ફુગાવાનું સર્જન થાય છે ત્યારે લોકોની બચતમાં અવરોધ (ઘટાડો) થાય છે. ત્યારે ઉપભોગવૃત્તિમાં વધારો થાય છે. આમ અર્થતંત્રમાં ભાવ વધારો થવાથી લોકો પોતાની જીવન જરૂરિયાત વસ્તુઓ પર વધારે ખર્ચ કરવો પડે છે. આ ઉપરાંત ફુગાવામાં નાણાની ખરીદ શક્તિ ઘટતાં લોકોની વાસ્તવિક

આવકની ખરીદશક્તિ ઘટી જાય છે. આથી બચત કરવી લાભકારક લાગતી નથી. આથી ઉપભોગ વધતો જાય છે. આથી વિપરીત જો વસ્તુની કિંમતોમાં ઘટાડો થાય તો નાણાની ખરીદશક્તિમાં વધારો થાય છે. આથી ઓછા નાણામાં વધારે વસ્તુઓ પ્રાપ્ત થાય છે. આથી આવકના સંદર્ભમાં ખર્ચ ઓછો થાય છે.

(5) ભાવિ ધારણામાં ફેરફાર

ભવિષ્યની અપેક્ષાઓ પણ વપરાશવૃત્તિને અસર કરે છે. દા.ત., જો બે દેશો વચ્ચે યુદ્ધ થવાની સંભાવના હોય તો લોકો એવી અપેક્ષાઓ રાખે છે કે વસ્તુઓની કિંમતમાં વધારો થશે. આથી લોકો વર્તમાનમાં જ વસ્તુઓની માંગમાં વધારો કરે છે. જેથી લોકોની ઉપભોગવૃત્તિમાં વધારો થાય છે. જો અર્થતંત્રમાં આર્થિક મંદીની અપેક્ષા હોય તો ભવિષ્યમાં વસ્તુઓની કિંમતમાં વધારો-ઘટાડો થશે એવી અપેક્ષાએ લોકો વર્તમાનમાં પણ વસ્તુઓની ખરીદીમાં ઘટાડો કરે છે. આમ ભવિષ્યના અટકળો પણ વપરાશવૃત્તિને અસર કરે છે.

(6) આવક-સંપત્તિની વહેંચણી

સામાન્ય રીતે લોકોની આવક-સંપત્તિમાં ફેરફાર થતાં વપરાશવૃત્તિમાં ફેરફાર થાય છે. પરંતુ આવકમાં ફેરફાર કરતા આવકની વહેંચણી ઉપભોગ વૃત્તિને વધારે અસર કરે છે. એટલે કે આવકની વહેંચણી જેમ વધુ સમાન હોય તેમ ઉપભોગવૃત્તિ વધારે હોય છે અને આવકની વહેંચણી અસમાન હોય તો ઉપભોગવૃત્તિમાં ઘટાડો થાય છે. દા.ત., અમીર લોકો કરતાં મધ્યમ અને ગરીબ લોકોની વપરાશવૃત્તિ વધારે હોય છે અર્થાત્ મધ્યમ અને ગરીબ લોકો પોતાની આવકનો મોટો ભાગ વપરાશી વસ્તુઓ પાછળ ખર્ચ કરે છે. જ્યારે અમીર લોકોનો આવકના સંદર્ભમાં વપરાશી ખર્ચ ઓછો હોય છે.

(7) દેખાદેખી કે અનુકરણની અસર

સમાજનો અમુક વર્ગ સુખસગવડની અને મોજશોખની વસ્તુઓ વધારે પ્રમાણમાં વપરાશ કરતો હોય તો તેની અસર સમાજના અન્ય વર્ગના લોકોના ઉપભોગ પર પણ પડે છે. દા.ત. સમાજના મધ્યમ વર્ગના લોકો ઉચ્ચ આવકવાળા લોકોની વપરાશથી અસર પામે છે એ જ રીતે ગરીબ લોકો તેમનાથી ઉપરની આવકવાળા લોકોની વપરાશની અસર પડે છે. આમ દેખાદેખીની અસરથી ઉપભોગવૃત્તિ વધે છે.

(8) સામાજિક સલામતી

જેમ સામાજિક સલામતીનું પ્રમાણ વધુ તેમ ભાવિ અંગેની અનિશ્ચિતતાઓ ઓછી. પરિણામે આથી વર્તમાન વપરાશમાં વધારો થશે અને જો સામાજીક સલામતીનું પ્રમાણ ઓછું તેમ ઉપભોગ ઓછો થાય છે.

(9) સામાજિક રીત રિવાજ

સમાજના ધાર્મિક અને સામાજિક રીત રિવાજો અમુક સમયગાળામાં વપરાશવૃત્તિમાં વધારો કરે છે.

(10) પસંદગી કે ફેશનમાં ફેરફાર

સમયાંતરે લોકોની ફેશન અને પસંદગીમાં આવતા પરિવર્તનો પણ લોકોની ઉપભોગવૃત્તિને અસર કરે છે.

### 5.2.2 આંતરિક પરિબળો

(1) રોકડનાણું હાથ પર રાખવાનો હેતુ

લોકો સાવચેતી અને વિનિયમ હેતુઓ માટે જો વધારે નાણું હાથ પર રાખે તો

વપરાશવૃત્તિમાં ઘટાડો થાય છે અને ઓછું નાણું હાથ પર રાખે તો વપરાશવૃત્તિમાં વધારો થાય છે.

(2) ભાવ જરૂરિયાતો

લોકો પોતાની ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવા માટે વર્તમાનમાં વધારે બચતો કરવામાં આવે તો ઉપભોગવૃત્તિ ઘટવા લાગે છે.

(3) ધંધાકીય સાહસ

ધંધાકીય અને વ્યાપારીક સાહસ કરવા માટે નાણા એકઠા કરવાની ઈચ્છા પણ વર્તમાન ઉપભોગને ઘટાડે છે.

(4) સ્વભાવ

વ્યક્તિ સ્વભાવે જો કંજૂસ, લોભી હોય અને નાણા કમાવવાની, એકઠાં કરવાની વધુ ઈચ્છા હોય તો વપરાશવૃત્તિમાં ઘટાડો થાય છે.

## 5.3 ગુણક

ગુણકનો સૌ પ્રથમ ખ્યાલ કેમ્બ્રીજ અર્થશાસ્ત્રી કહીને આપ્યો હતો. જે રોજગારીના સર્જનના સંદર્ભમાં રજૂ કરવામાં આવ્યો હતો. પ્રો. કેઈન્સે આ રોજગારી ગુણકના ખ્યાલના આધારે મૂડીરોકાણ ગુણક કે આવક ગુણકની સમજૂતી આપવાનો પ્રયત્ન કર્યો છે. પ્રો. કેઈન્સનો ગુણકનો ખ્યાલ કેટલીક ધારણાઓ પર આધારિત છે જે નીચે મુજબ છે.

### 5.3.1 ધારણાઓ

**(1)** **અર્થતંત્રમાં અપૂર્ણ રોજગારી :** જો અર્થતંત્રમાં અપૂર્ણ રોજગારી હોય તો જ આવક, ઉત્પાદન અને રોજગારીમાં વધારો થઈ શકે.

**(2)** દેશ આંતરરાષ્ટ્રીય વેપાર સાથે સંકળાયેલ નથી.

**(3)** સીમાંત વપરાશવૃત્તિને સ્થિર ધારવામાં આવી છે જેથી વિશ્લેષણ સરળ બને.

**(4)** ભાવ સપાટી સ્થિર ધારવામાં આવી છે જેથી તેની ઉત્પાદન, આવક અને રોજગારી પર અસર ના પડે.

**(5)** સિદ્ધાંતમાં મૂડીરોકાણ અને ઉપભોગ વચ્ચે સમયગાળો પડતો નથી એટલે જેવું મૂડીરોકાણ થાય તરત જ આવકમાં વધારો થાય છે.

ઉપરોક્ત ધારણાઓના આધારે આપણે ગુણકની ચર્ચા કરીશું.

### 5.3.2 ગુણકના ખ્યાલની સમજૂતી

કેઈન્સીયન અર્થશાસ્ત્રમાં ગુણકનો ખ્યાલ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગુણકનો વપરાશવૃત્તિ સાથે ગાઢ સંબંધ છે. $c = f(y)$ એ કેઈન્સનું વપરાશ વિધેય છે. આ વિધેયને વિસ્તૃત રીતે $c = a + by$ રીતે દર્શાવી શકાય છે. જ્યાં $c$ = વપરાશી ખર્ચ, $a$ = વપરાશનો એ ભાગ જે આવકથી સ્વતંત્ર રીતે નક્કી થાય છે. $b$ = આવકનો એ ભાગ જે વપરાશ પાછળ ખર્ચાય છે. અને $y$ = આવક. જેમાં $by$ એ કેઈન્સના વપરાશવૃત્તિના $c/y$ સાથે સંબંધ ધરાવે છે. કેઈન્સના વપરાશવૃત્તિના ખ્યાલમાં સરેરાશ વપરાશવૃત્તિ જે $c/y$ અને સીમાંત વપરાશવૃત્તિ $(dc/dy)$ છે.

દા.ત., આવક (y) રૂ. 200 હોય અને વપરાશી ખર્ચ (c) = રૂ. 100 હોય તો સરેરાશ વપરાશવૃત્તિ = 100/200 = 1/2 અને આ આવકમાં રૂ. 50નો વધારો થવાથી વપરાશી ખર્ચમાં રૂ. 30નો વધારો થાય તો સીમાંત વપરાશવૃત્તિ = 30/50 = 3/5 થશે.

ગુણકનું મૂલ્ય નક્કી કરવામાં સીમાંત વપરાશવૃત્તિનું મૂલ્ય મહત્ત્વનો ભાગ ભજવે છે.

5.3.3 ગુણકની પ્રક્રિયા

કેઈન્સના જણાવ્યા પ્રમાણે જ્યારે રાજ્ય મૂડીરોકાણ કરે છે ત્યારે આવકનું સર્જન પણ થાય છે. મૂડીરોકાણના પ્રત્યેક એકમથી આવક સર્જનનું કાર્ય થાય છે. ઉદાહરણ તરીકે, ધારો કે રાજ્યમાં નહેર બાંધવાનું કામ હાથ ધરે છે. આથી જે લોકોને રોજગારી મળે છે તેઓ તેમની નવી આવકમાંથી કેટલોક ભાગ વપરાશી વસ્તુઓ, અનાજ, કપડાં વગેરે ખરીદવા માટે ઉપયોગમાં લેશે. આથી અનાજ કાપડ વગેરે વેચનારાઓની આવક વધશે. જેઓ અનાજ-કાપડના ઉત્પાદકો પાસેથી વધુ જથ્થો ખરીદવા ખર્ચ કરશે. અનાજ-કાપડના ઉત્પાદકો તેમને પ્રાપ્ત થયેલી આવકમાંથી પોતાના વપરાશ માટે ખર્ચ કરશે અને આમ મૂડીરોકાણ - આવક - ખર્ચ - પુનઃ ખર્ચની પ્રક્રિયા ચાલ્યા કરશે. આ પ્રક્રિયા અવિરત ચાલ્યા કરશે. તેનો કોઈ તબક્કે અંત આવશે તેનો આધાર લોકોની ખર્ચ કરવાની વૃત્તિ અથવા વપરાશવૃત્તિ પર રહેલો છે. આ સમગ્ર પ્રક્રિયાને આપણે એક ગાણિતિક ઉદાહરણ દ્વારા સમજાવાનો પ્રયત્ન કરીશું.

5.3.4 ગુણકની ગાણિતીક સમજૂતી

ધારો કે અર્થતંત્રમાં સ્વયંભૂ મૂડીરોકાણ (Automous Investment)નું પ્રમાણ રૂ. 10 કરોડ છે અને વધેલી આવકમાંથી તેનો અર્ધો ભાગ વપરાશ પાછળ ખર્ચવાનું લોકો વલણ ધરાવે છે. અર્થાત્ સીમાંત વપરાશવૃત્તિ (MPC) 1/2 છે. નીચેના કોષ્ટકમાં આવક-સર્જન અને પુનઃ સર્જનની પ્રક્રિયા સમજાવવામાં આવી છે.

| તબક્કા | સ્વયંભૂ મૂ.રો. $\Delta I$ | $\Delta Y$ | $\Delta C$ | $\Delta S$ |
|---|---|---|---|---|
| 1 | 10 | 10 | 5 | 5 |
| 2 | | 5 | 2.5 | 2.5 |
| 3 | | 2.5 | 1.25 | 1.25 |
| 4 | | 1.25 | 0.62 | 0.62 |
| 5 | | 0.62 | 0.31 | 0.31 |
| બાકીના તબક્કાઓ | – | – | – | – |
| | 10 | 20 | 10 | 10 |

પ્રથમ તબક્કે રૂ. 10 કરોડનું મૂડીરોકાણ રૂ. 20 કરોડ જેટલી આવક સર્જે છે. સીમાંત વપરાશવૃત્તિ 1/2 હોવાથી બીજા તબક્કામાં તેમાંથી રૂ. 5 કરોડ જેટલો વપરાશી ખર્ચ થાય છે. જે વપરાશી વસ્તુઓ માટે વેચનારાઓ માટે આવક બને છે. ત્રીજા તબક્કામાં રૂ. 5 કરોડ જેટલી વધારાની નવી આવકમાં રૂ. 2.5 કરોડ વપરાશી ખર્ચ છે અને આમ ઉત્તરોત્તર દરેક તબક્કામાં ઊભી થતી નવી આવકમાંથી 1/2 ભાગ વપરાશ પાછળ અને 1/2 ભાગ બચતરૂપે રહે છે. બચતરૂપે રહેલ ભાગ ($\Delta s$) એ વાસ્તવમાં આવક પુનઃ સર્જનની ક્રિયામાં ઊભો થતો બહિસ્ત્રાવ છે. આ બહિસ્ત્રાવને પરિણામે પ્રત્યેક આગળના તબક્કામાં આવક પુનઃ સર્જનની ક્રિયા મંદ પેડે છે અને નવી આવકનો છેલ્લો રૂપિયો ખર્ચાઈ જાય ત્યારે આવક પુનઃ સર્જનની ક્રિયાનો અંત આવે છે. મૂળ નવી આવકનું સર્જન રૂ. 10 કરોડ હતું અને આવક સર્જનની ક્રિયાનો અંત આવ્યો તે અને પ્રારંભના બધા તબક્કાઓના આવક સર્જનનો સરવાળો રૂ. 20 કરોડ થાય છે.

હવે, જો ઉપરના ઉદાહરણમાં સ્વયંભૂ મૂડીરોકાણ ($\Delta I$) = રૂ. 20 કરોડ થાય છે

અને સીમાંત વપરાશવૃત્તિ (MPC) = 1/2 રહે છે તો છેલ્લા તબક્કામાં આવકનું સર્જન રૂ. 40 કરોડ જેટલું થશે.

આમ "ગુણકનું મૂલ્ય નવી આવકનું સર્જન ($\Delta Y$) અને નવા સ્વયંભૂ મૂડીરોકાણ ($\Delta I$)ના ગુણોત્તર પ્રમાણે હોય છે."

આથી, $K = \frac{\Delta Y}{\Delta I}$, જ્યાં K = ગુણકનું મૂલ્ય.

$\Delta Y$ = નવી આવકનું સર્જન

$\Delta I$ = નવું સ્વયંભૂ મૂડી રોકાણ

પ્રથમ ઉદા.માં $\Delta I$ = રૂ. 10 કરોડ અને સીમાંત વપરાશવૃત્તિ (MPC) = 1/2 અનુસાર ગુણકનું મૂલ્ય....

$K = \frac{\Delta Y}{\Delta I} = \frac{20}{10} = 2$ એટલે ગુણકનું મૂલ્ય 2 થશે.

હવે, જો ઉદાહરણમાં સ્વયંભૂ મૂડીરોકાણ ($\Delta I$) રૂ. 10 કરોડ સ્થિર રાખી MPC 1/2 ને સ્થાને 4/5 રાખવામાં આવે તો તેની આવકના 80% ખર્ચ થશે અને 20%ની બચત થશે.

$\Delta Y$ = 10 + 8 + 6.40 + 5.12 + .............. 50 થશે.

હવે, જો MPC = 1/4 હોય તો

$\Delta Y$ = 10 + 2.50 + 0.62 + ............. = 13.33 થશે.

આમ ગુણકનું મૂલ્ય નક્કી કરનાર મહત્ત્વનું પરિબળ MPC છે. જે ઉપરના ઉદાહરણ પરથી સ્પષ્ટ થાય છે. કારણ કે MPCનું વધુ મૂલ્ય 4/5 હોય ત્યારે આવક સર્જન રૂ. 50 કરોડ થાય છે અને જ્યારે MPCનું ઓછું મૂલ્ય 1/4 હોય તો આવક સર્જન રૂ. 13.33 કરોડ થાય છે.

"સીમાંત વપરાશવૃત્તિ ઊંચી તેમ ગુણકનું મૂલ્ય વધારે અને સીમાંત વપરાશવૃત્તિ નીચે તેમ ગુણકનું મૂલ્ય ઓછું." આમ થવાનું કારણ જેમ MPC વધારે તેમ બહિસ્ત્રાવનું પ્રમાણ ઓછું અને આવક સર્જનની ક્રિયામાં થતી રૂકાવટ તેટલી ઓછી.

5.3.5 ગુણકનું સમીકરણ :

આવકનું મૂળ સમીકરણ Y = C + I ................(1)

મૂડી રોકાણનો જે વધારો (DI) અવકના વધારા (DY)ને ઉત્તેજન આપે છે તે સબંધને આપણે ગુણાંક કહીએ છીએ. આથી સમીકરણમાં ગુણક અસર ઉમેરતાં

Y–DY = C + I + DC + DI )

પરંતુ Y = C + I છે તેને બંને બાજુએથી કાઢી નાખતાં

DY = C + DI ..................(2)

આવક નિર્ધારણના કેઈન્સના સરળ મોડલમાં મૂડીરોકાણ પરિવર્તનને આવક પરિવર્તનથી સ્વતંત્ર માનવામાં આવે છે. જ્યારે ઉપભોગ પરિવર્તન આવક પરિવર્તનનું વિધેય માનવામાં આવે છે.

ઉપભોગ વિધેય C = a + by

જેમાં a સ્થિર તથા b સીમાંત વપરાશવૃત્તિ છે. જેને પણ સ્થિર માનવામાં આવી

છે આમ ઉપભોગમાં ત્યારે પરિવર્તન થઈ શકે છે જ્યારે આવકમાં પરિવર્તન થાય છે.

આમ, Dc = bDy ..................(3)

સમીકરણ (3) અને (2) પરથી

$$DY = bDY + \Delta I$$

$$\therefore\ DY - bDY + DI$$

$$\therefore\ DY - (1-b) = DI$$

$$\therefore\ DY = \frac{1}{1-b} \cdot DI$$

$$\therefore \boxed{\frac{DY}{DI} = \frac{1}{1-b}}$$ જ્યાં b = સીમાંત વપરાશવૃત્તિ

અહીં, $K = \frac{DY}{DI}$ અથવા $\frac{1}{1-b}$ અથવા $\frac{1}{1-MPC}$

હવે Y = C + S હોવાથી MPC + MPS = 1 થાય.

એટલે MPS = 1–MPC

$$K = \frac{DY}{DI} = \frac{1}{1-MPC} = \frac{1}{MPS}$$

આ રીતે પણ લખી શકાય.

આમ ગુણકનું મૂલ્ય "એકમાંથી સીમાંત વપરાશવૃત્તિને બાદ કરતાં મળે તે અથવા સીમાંત વૃત્તિના વ્યસ્ત જેટલું હોય છે.

જો, MPC = 1/2 તો $K = \frac{1}{1-MPC} = \frac{1}{1-1/2} = 2$

$MPC = 4/5$ તો $K = \frac{1}{1-MPC} = \frac{1}{1-4/5} = 5$

$$K = \frac{1}{1-MPS} = \frac{1}{5} = 5$$

હવે, જો MPS = 1/5 હોય તો K = ૬

જો સીમાંત વપરાશવૃત્તિ 1 હોય તો ગુણકનું મુખ્ય અમાપ (infinite) હશે.

$$K = \frac{1}{1-MPC} = \frac{1}{1-1} = \frac{1}{\alpha} = \alpha$$

અને MPC = 0 તો $K = \frac{1}{1-0} = 1$

આ પરથી કહી શકાય કે જ્યારે સીમાંત વપરાશવૃત્તિ 1 હોય તો ગુણક અમાપ અને સીમાંત વપરાશવૃત્તિ શૂન્ય હોય તો ગુણક 1 જેટલો હોય છે. પરંતુ વાસ્તવમાં પ્રાપ્ત થતી નવી આવકમાંથી વ્યક્તિ પોતાની બધી આવક ખર્ચી નાખતો નથી અને સંપૂર્ણ આવકની બચત પણ કરતો નથી. આથી ગુણકનું મૂલ્ય હંમેશાં 1 કરતાં વધુ અને અમાપ કરતાં ઓછું હોય છે.

$$K < \infty, K > 1$$

5.3.6 ગુણકના બહિસ્ત્રાવો

ઉપભોગવૃત્તિમાં આપણે જોઈ ગયા કે આવકમાં વૃદ્ધિના સંદર્ભમાં વપરાશી ખર્ચમાં ઓછો વધારો થાય છે. જે ગુણકના મૂલ્યને અસર કરે છે. આવકના બહિસ્ત્રાવો નીચે પ્રમાણે છે :

(1) ભૂતકાળના દેવાની ચૂકવણી : સામાન્ય રીતે વેપારીઓ, ઉત્પાદકોએ બેંકો અથવા અન્ય લોકો અથવા સંસ્થાઓ પાસેથી ધિરાણ મેળવેલ હોય છે. આ દેવાની ચૂકવણી માટે તેમની આવકને અમુક ભાગ આપવો પડતો હોય છે. આ દેવાની ચૂકવણી માટે આપેલ આવકનો ભાગ ઉપભોગ ખર્ચમાંથી બહાર નીકળી જાય છે. જેથી આવકના પ્રવાહમાં ઘટાડો થાય છે. જો બેંકોને આ રીતે પ્રાપ્ત થયેલ નાણા જો અન્ય લોકોને ધિરાણ તરીકે આપે તો આવકના પ્રવાહમાં વધારો થઈ શકે છે. પરંતુ આ નાણા નિષ્ક્રિય થાપણના રૂપમાં પડ્યા રહે તો નાણાના પ્રવાહમાં ઘટાડો થાય છે.

(2) આયાત પર ખર્ચ : દેશના લોકો દ્વારા આયાતી વસ્તુ પર કરવામાં આવેલ ખર્ચ પણ આવકનો બહિસ્ત્રાવ છે. કારણ કે આયાતી વસ્તુ પરનું ખર્ચ વિદેશી વેપાર અને ઉદ્યોગને પ્રોત્સાહન આપે છે. જ્યારે દેશના વેપાર-ઉદ્યોગ તેનાથી પ્રોત્સાહિત થતા નથી. આયાત કરવાથી તેટલા નાણા વિદેશમાં જતાં રહે છે. જે દેશમાં આવકના પ્રવાહને ઘટાડે છે.

(3) થાપણો : લોકોની આવકમાં વધારો થવાથી તે વધેલી આવકનો ખર્ચ કરવામાં આવે નહીં અને તેની થાપણ સ્વરૂપમાં સંગ્રહ કરવામાં આવે તો એટલે અંશે ગુણકની અસરકારકતા ઘટે છે.

(4) ફુગાવો : ચીજવસ્તુઓનો ફુગાવાત્મક ભાવવધારો પણ ગુણકનો બહિસ્ત્રાવ છે. કારણ કે વધેલી આવકો વપરાશ વધારવાને બદલે ભાવ સપાટી પાછળ ખર્ચાઈ જાય છે.

(5) જામીનગીરીઓની ખરીદી : જો લોકો પોતાની આવકમાંથી અમુક આવકનું રોકાણ સરકારી જામીનગીરીઓ, વીમાના ખર્ચમાં કરે છે તો વપરાશી ખર્ચમાં ઘટાડો થાય છે. આથી ગુણકનું મૂલ્ય ઘટે છે.

## 5.4 ગતિવર્ધનનો સિદ્ધાંત (Acceleratory theory of investment)

પ્રો. કેઈન્સના રોકાણના ગુણક સિદ્ધાંત પહેલાં જે.એમ. કાલાકે રોકાણનો એક મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત આપ્યો હતો. જેના વડે પ્રો. સેમ્યુલસને વ્યાપાર ચક્રની સમજૂતી આપી હતી. આ રોકાણના સિદ્ધાંતને 'ગતિવર્ધન'નો સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે. આ સિદ્ધાંત મુજબ જ્યારે દેશની આવકમાં વધારો થાય છે ત્યારે રોકાણમાં વધારો થાય છે એટલે કે મૂડી રોકાણ આવક અથવા ઉત્પાદન વૃદ્ધિનું પરિણામ છે. બીજા શબ્દોમાં કહીએ તો રોકાણ આવક અથવા ઉત્પાદન વૃદ્ધિનું વિધેય છે. ધારો કે, કોઈ એક વર્ગમાં રાષ્ટ્રીય આવકમાં રૂ. 1000 કરોડની વૃદ્ધિ થાય છે. જેથી વસ્તુઓ અને સેવાઓની માંગમાં વધારો થશે કારણ કે આવક વધવાથી લોકોની ખરીદશક્તિમાં વધારો થાય છે. આમ વસ્તુઓ અને સેવાઓની વધેલી માંગને પૂર્ણ કરવા માટે પહેલા કરતા વધારે મૂડી સાધનોની આવશ્યકતા ઊભી થશે. કેમ કે વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરવા માટે મૂડીસાધનોની જરૂર પડે છે. આમ આવકમાં વધારો થવાથી રોકાણમાં વધારો થાય છે.

આમ "આવકમાં અમુક વધારો થવાથી રોકાણમાં અનેક ગણો વધારો થાય છે. આવક વૃદ્ધિના પરિણામે રોકાણમાં જેટલા ગણા વધારો થાય તેને ગતિવર્ધન કહે છે."

5.4.1 ગતિવર્ધનનો અર્થ

જો મૂડી-સાધન ઉદ્યોગની વધઘટ વપરાશી વસ્તુ ઉદ્યોગોની વધ-ઘટ સંપૂર્ણ અલ્પિત નથી. પરંતુ વપરાશી વસ્તુઓની માંગ અને મૂડીસાધનની માંગ એકબીજા સાથે સબંધિત છે. કારણ કે મૂડીનાં સાધનોની માંગ વપરાશથી વસ્તુઓની માંગમાંથી ઉદ્ભવે છે. અર્થશાસ્ત્રની ભાષામાં આ પ્રકારની માંગને વ્યૂત્પન્ન માંગ કહેવાય છે. ઉદાહરણ તરીકે શ્રમની માંગ નિયોજકના આત્મસંતોષ માટે નહિ પરંતુ શ્રમની સહાયથી વસ્તુઓનું ઉત્પાદન થઈ શકે છે તે માટે માંગ ઊભી થાય છે.

ગુણકના સિદ્ધાંતમાં આવક કે વપરાશ મૂડીરોકાણ ઉપર આધારિત છે. જ્યારે ગતિવર્ધનના સિદ્ધાંતમાં મૂડીરોકાણ આવક કે વપરાશ ઉપર આધારિત છે. વપરાશમાં કે આવકમાં ફેરફાર થવાથી મૂડીરોકાણમાં થતાં ફેરફારને ગતિવર્ધન કહી શકાય. વપરાશી વસ્તુઓની માંગમાં વધારો થતાં મૂડીગત વસ્તુઓની માંગમાં વધારો થાય છે.

મૂડી સાધનોની માંગ વ્યુત્પન્ન છે એટલે કે જો વપરાશી વસ્તુઓની માંગ વધે-ઘટે તો મૂડી સાધનોની માંગ વધે-ઘટે છે બંને વચ્ચે સીધો પ્રમાણાત્મક સંબંધ છે.

પરંતુ જે દરે વપરાશી વસ્તુઓની માંગ વધે-ઘટે છે તેના કરતાં ઊંચા દરે મૂડી સાધનોની માંગ વધે-ઘટે છે.

"વપરાશી ખર્ચમાં થતો ફેરફાર અને મૂડી-રોકણમાં થતાં ફેરફારના ગુણોત્તરને ગતિવર્ધન કહે છે."

ગતિવર્ધન $(A)=\dfrac{\Delta I}{\Delta C}$ જ્યાં, $\Delta I$ = મૂડી રોકાણમાં ફેરફાર

$\Delta I$ = વપરાશી ખર્ચમાં ફેરફાર

દા.ત., ધારો કે, અર્થતંત્રમાં વપરાશી વસ્તુની માંગ 1000 એકમે છે. આ વપરાશી વસ્તુનું ઉત્પાદન કરવા માટે 500 એકમ મૂડી સાધનોની જરૂર પડે છે. હવે જો અર્થતંત્રમાં વપરાશી ખર્ચમાં રૂ. 100નો વધારો થવાથી તેમની વધેલી માંગને પહોંચી વળવા માટે મૂડીરોકાણમાં રૂ. 200નો વધારો થાય તો ગતિવર્ધનનું મૂલ્ય ...

ગતિવિર્ધન $(A)=\dfrac{\Delta I}{\Delta C}=\dfrac{200}{100}=2$

અહિં ગતિવર્ધનનું મૂલ્ય 2 છે. ગતિવર્ધનના સિદ્ધાંતમાં વપરાશી ખર્ચ કારણ છે અને મૂડીરોકાણ તેનું પરિણામ છે.

ગતિવર્ધનનો આંક શૂન્ય હોઈ શકે જ્યારે વપરાશી વસ્તુઓના ઉત્પાદન માટે મૂડીસાધનની જરૂર પડતી ના હોય ત્યારે આમ બની શકે. મોટા ભાગે જ્યાં શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ હોય ત્યાં નવા મૂડી સાધનની જરૂર પડતી નથી. એ જ રીતે ગતિવર્ધન આંક એક કરતા ઓછો પણ હોઈ શકે એટલે કે વપરાશી ખર્ચમાં થતા ફેરફાર કરતા મૂડીસાધન ખર્ચમાં ઓછો ફેરફાર થતો હોય.

5.4.2 સમજૂતી

વપરાશી વસ્તુઓનું અમુક પ્રમાણ ઉત્પાદન કરવા માટે આવશ્યક મૂડી પ્રમાણ નીચે પ્રમાણે છે.

$Kt = VYt$ જ્યાં, $Kt$ = આવશ્યક મૂડી પ્રમાણ

$Yt$ = ઉત્પાદનનું પ્રમાણ

$V$ = મૂડી-ઉત્પાદન દર

$$\therefore V = \frac{K_t}{Y_t}$$

અહીં મૂડીરકાણમાં વધારો મૂડી-ઉતાપાદ દર (v) જટલો થશે. એટલે મૂડી-ઉત્પાદન દર (v) એ ગતિવર્ધન છે. જો મૂડી-ઉત્પાદન પ્રમાણ વધારે હોય તો વપરાશી ખર્ચમાં વધારો થતાં મૂડીરોકાણમાં ઓછો વધારો થાય છે અને જો મૂડી-ઉત્પાદન પ્રમાણ ઓછું હોય તો મૂડીરોકાણમાં વધારે વધારો થાય છે.

ગતિવર્ધનના સિદ્ધાંતમાં મૂડી-ઉત્પાદન પ્રમાણને સ્થિર ધારવામાં આવ્યું છે.

વપરાશી વસ્તુનો ઉપભોગ તત્કાળ થાય છે. જ્યારે મૂડીસાધનનો ઉપયોગ ચોક્કસ સમયગાળો ધરાવે છે. આને આપણે મૂડીસાધનનું આયુષ્ય અથવા તેનો કાર્યકાળ કહી શકીએ. મૂડીસાધન ચોક્કસ કાર્યકાળ ધરાવે છે. તેનો અર્થ એ કે ચોક્કસ સમય પછી મૂડીસાધન સંપૂર્ણ વપરાઈ જશે. એટલે કે મૂડી સાધન નકામું બની જશે. પ્રત્યેક અર્થવ્યવસ્થામાં જ્યારે મૂડીના સાધનો ઘસાઈને નકામાં બને ત્યારે વપરાશી વસ્તુનો પુરવઠો જાળવી રાખવા માટે યંત્રોનું પુનઃ સ્થાપન કરવું પડે છે. આમ મૂડીના ઘસાયેલા સાધનોના સ્થાને નવા સાધનોનું પુનઃ સ્થાપન કરી અર્થવ્યવસ્થામાં મૂડીના પ્રવર્તમાન જથ્થાને ટકાવી રાખે છે. આ આખી પ્રક્રિયાને આપણે નીચેના કોષ્ટક દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ.

ધારો કે, અર્થતંત્રમાં T સમયમાં 1000 વપરાશી વસ્તુની માંગ છે અને તે માટે 500 એકમ મૂડીસાધનની જરૂર પડે છે. અને મૂડીસાધનનો કાર્યકાળ 10 વર્ષનો છે.

કોષ્ટક :-

| સાધનનો કાર્યકાળ | વપરાશી વસ્તુની માંગ એકમમાં | મૂડીસાધનની પ્રતિવર્ષ પુનઃ સ્થાપનમાંગ | મૂડીના નવા એકમો | કુલ મૂડી સાધનની માંગ | $T_1$- સમયમાં વપરાશી + મૂડી સાધનમાં ફેરફાર | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 3 + 4 | વપરાશી વસ્તુ | મૂડી વસ્તુ |
| 10 | T=1000 | 50 | – | 50 | – | – |
| વર્ષ | $T_1$=1100 | 50 | 50 | 100 | 10% | 100% |
| 20 | T=1000 | 25 | – | 25 | – | – |
| વર્ષ | $T_1$=1100 | 25 | 50 | 75 | 10% | 200% |
| 5 | T=1000 | 100 | – | 100 | – | – |
| વર્ષ | $T_1$=1100 | 100 | 50 | 150 | 10% | 50% |

એટલે કે વપરાશી વસ્તુના 2 એકમોના ઉત્પાદન માટે મૂડી સાધનના 1 એકમની જરૂર પડે છે. ઉપરોક્ત કોષ્ટક પ્રમાણે T સમયમાં પ્રતિ વર્ષ 50 એકમોની પુનઃ સ્થાન માંગ પ્રવર્તે છે. હવે $T_1$ સમયમાં વપરાશી વસ્તુઓની માંગમાં 100 એકમનો વધારો થાય છે. (એટલે કે 10%નો વધારો થાય છે) 100 વધુ વપરાશી વસ્તુ માટે 2 : 1ના પ્રમાણ અનુસાર 50 મૂડીના એકમોની નવી માંગ ઊભી થાય છે. પુનઃ સ્થાપન માટેની પ્રતિવર્ષ 50 એકમોની $T_1$ સમયમાં પણ છે. તેમાં 50 મૂડીના એકમોની નવી માંગ ઉમેરાતા $T_1$ સમયમાં મૂડી સાધનોની કુલ માંગ 100 એકમો થાય છે. અહીં જોઈ શકાય છે કે $T_1$ સમયમાં જ્યારે

વપરાશી વસ્તુની માંગમાં 10% વધારો થાય છે જ્યારે મૂડીસાધન એકમોની માંગમાં 100%નો વધારો થાય છે. આમ, જે દરે વપરાશી વસ્તુની માંગ વધી તેના કરતાં મૂડી સાધનોની માંગ ઊંચા દરે વધે છે. મૂડી સાધનોની માંગ વ્યુત્પન્ન હોવાથી અને તેમાં પુનઃ સ્થાપનનું કાર્ય સતત ચાલતું હોવાથી આ અસર ઊભી થાય છે.

હવે જો સાધનનો કાર્યકાળ 10 વર્ષને બદલે 20 વર્ષનો થાય તો પુનઃ સ્થાપન માંગ 25 એકમ અને નવીમાં 50 એકમ થશે. આથી કુલ 75 મૂડીસાધન એકમોની માંગ થશે. એટલે કે વપરાશી વસ્તુની માંગમાં 10% વધારા સામે મૂડીસાધનોની માંગમાં 200% વધારો થાય છે. જો સાધનનો કાર્યકાળ 5 વર્ષનો હોય તો પ્રતિવર્ષ પુનઃસ્થાપન માંગ 100 એકમ અને 50 એકમ નવી માંગ આથી કુલ 150 મૂડીસાધન એકમોની માંગ થશે. આર્થાત્ 10% વપરાશી વસ્તુની માંગના વધારા સામે મૂડી સાધનના એકમોની માંગમાં 50% વધારો થાય છે. આ રીતે મૂડી સાધન માંગમાં વધુ ઝડપી વધારો થાય છે. આથી આ સિદ્ધાંત ગતિવર્ધન કહેવાય છે.

5.4.3 તારણો

– મૂડીના સાધનોના કાર્યકાળ જેમ વધુ તેમ મૂડીના સાધનોની માંગમાં થતી વધ-ઘટ વધુ હોય છે.

– વિકસિત દેશોમાં મૂડીસાધનનો કાર્યકાળ વિકસતા દેશો કરતા વધારે હોય છે. આથી આ દેશોમાં વ્યાપાર ચક્રની ઘટનાઓ વધારે જોવા મળે છે.

### 5.4.4 મર્યાદાઓ

(1) ગતિવર્ધનનો ખ્યાલ મૂડીના સાધનોની માંગ લાંબાગાળાની છે તેમ ધારવું પડે છે જો તે ટૂંકાગાળાની હોય તો ગતિવર્ધન શક્ય બની શકે નહીં.

(2) સામાન્ય રીતે અર્થતંત્રમાં ઉદ્યોગો વણવપરાયેલી ઉત્પાદનશક્તિ સાથે કામ કરતા હોય છે. જો વપરાશી વસ્તુની માંગમાં વધારો થાય ત્યારે ફાજલ ઉત્પાદન શક્તિનો ઉપયોગ કરી શકાય છે. જેટલે અંશે નવા મૂડીસાધનોની માંગ ઉદ્ભવશે નહિ અથવા ઓછા પ્રમાણમાં ઉદ્ભવશે.

(3) પ્રો. ફેબરલના મતે ગતિવર્ધનનો સિદ્ધાંત તેના મૂળ સ્વરૂપમાં વપરાશની વધતી માંગ સામે મૂડીના સાધનોની માંગ ઊંચા દરે વધે છે એવું પ્રતિપાદન કરે છે. પરંતુ કુલ માંગ સ્થિર રહે તો પણ ગતિવર્ધનનો સિદ્ધાંત કાર્ય કરે એમ પણ બને. ધારો કે, કુલ માંગ સ્થિર રહે છે પરંતુ લોકોની રૂચિમાં ફેરફાર થાય છે જેથી એક વસ્તુની માંગ ઘટે અને તેટલા જ પ્રમાણમાં બીજી વસ્તુની માંગ વધે છે અને જો બીજી વસ્તુ વધુ મૂડીપ્રધાન હોય તો મૂડીના સાધનોની માંગ વધશે.

## 5.5 મૂડીની સીમાંત કાર્યક્ષમતા

સામાન્ય રીતે લોકો કંપનીઓના શેર-બોન્ડની ખરીદી કરે અથવા સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરે તે નાણાકીય રોકાણ છે. આ રોકાણથી દેશની વાસ્તવિક મૂડીમાં વૃદ્ધિ થતી નથી. જ્યારે અર્થશાસ્ત્રની ભાષામાં રાષ્ટ્રીય ઉત્પાદન-આવક વધારવા માટે અર્થતંત્રમાં વાસ્તિવક મૂડી-રોકાણ થવું જોઈએ. અર્થાત્ દેશમાં મશીનરી, સાધનો, બાંધકામના કાર્યો જેવાં કે મકાન, કારખાના, નહેર, રસ્તાઓ, પુલ વગેરેના નિર્માણ માટે રોકાણ કરવાથી અર્થતંત્રમાં રોજગારી વૃદ્ધિ થવાથી રાષ્ટ્રીય આવક-ઉત્પાદનમાં વૃદ્ધિ થાય છે. આ રોકાણને વાસ્તવિક રોકાણ કહે છે.

### 5.5.1 મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો અર્થ

અસરકારક માંગના સિદ્ધાંતમાં આપણે જોઈ ગયા કે રાષ્ટ્રીય આવક અને રોજગારી નિર્ધારણમાં વપરાશી ખર્ચ અને મૂડીરોકાણ ખર્ચ મહત્ત્વના છે. કેઈન્સના મતે મૂડીરોકણનો આધાર બે પરિબળો પર છે (1) અપેક્ષિત નફાનો દર જેને કેઈન્સ મૂડીની સીમાંત કાર્યક્ષમતા કહે છે અને (2) વ્યાજના દર પર આધારિત હોય છે. ધારો કે, કોઈ વ્યક્તિ પાસે ખર્ચ પછીની બચત થયેલી આવક હોય તો વ્યક્તિ તેને કાં તો ઉત્પાદન પ્રક્રિયામાં લગાવશે કે પછી અન્ય લોકોને વ્યાજે નાણાનું ધિરાણ કરશે.

દા.ત., જો વ્યક્તિ મશીનરી કે ફેક્ટરી વગેરે ઉત્પાદન પ્રક્રિયામાં રોકાણ કરવાથી અપેક્ષિત નફાનો દર 12% હોય જ્યારે તેને વ્યાજે આપવાથી 7% વ્યાજ પ્રાપ્ત થવાનું હોય તો વ્યક્તિ સામાન્ય રીતે ઉત્પાદક પ્રવૃત્તિમાં રોકાણ કરશે.

આ રીતે નફાનો અપેક્ષિત દર ઓછામાં ઓછો વ્યાજ દરની બરાબર હોય ત્યાં સુધી મૂડીરોકાણ લાભદાયક હોય છે. આમ મૂડીરોકાણ નફાનો અપેક્ષિત દર અને વ્યાજદર દ્વારા નિર્ધારિત થાય છે.

કેઈન્સના મતે "મૂડી એક વધારાના એકમના ઉપયોગથી જે લાભ પ્રાપ્ત થવાની અપેક્ષા હોય તેને મૂડીની સીમાંત કાર્યક્ષમતા કહે છે."

પ્રો. કેઈન્સના મતે રોકાણ નિર્ધારણમાં વ્યાજદર કરતાં મૂડીની સીમાંત ઉત્પાદકતા કે નફાનો અપેક્ષિત દર વધારે મહત્ત્વનો છે. કારણ કે વ્યાજના દરમાં એટલા પરિવર્તન થતાં નથી. વ્યજનો દર લગભગ સ્થિર રહે છે, પરંતુ નફા સબંધી અનુમાનોમાં ફેરફાર થતાં રહે છે. જો મૂડીરોકાણ માંગમાં વધારો-ઘટાડો થાય તો સમગ્ર માંગમાં પણ વધારો-ઘટાડો થાય છે. આમ રોકાણ માટે નફાનો અપેક્ષિત દર કે મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધારે મહત્ત્વના છે. જ્યારે કેઈન્સના તમે વ્યાજદર નાણાના પુરવઠા અને નાણાની રોકડતા પસંદગી દ્વારા નિર્ધારીત થાય છે. જો અર્થતંત્રમાં રોકડતા પસંદગી કે નાણાની માંગ વધારે હોય તો વ્યાજનો દર વધારે હશે અને જો નાણાનો પુરવઠો વધારે હોય તો વ્યાજના દરમાં ઘટાડો થશે.

### 5.5.2 મૂડીની સીમાંત કાર્યક્ષમતાની સમજૂતી

મૂડીના એક એકમના રોકાણથી જે લાભ/નફો પ્રાપ્ત થવાની અપેક્ષા હોય તેને મૂડીની સીમાંત કાર્યક્ષમતા અથવા અપેક્ષિત નફાનો દર કહે છે. પરંતુ અહીં મૂડીની સીમાંત કાર્યક્ષમતા કેવી રીતે માપવી ?

ધારો કે, કોઈ પેઢી નવું યંત્ર વસાવવાનું વિચારતી હોય ત્યારે સામાન્ય રીતે અમુક પ્રશ્નો ઉદ્ભવતા હોય છે. જેમ કે નવું યંત્ર ખરીદવા માટ કેટલી મૂડી ખર્ચ કરવી પડશે. તેને તેની પુરવઠા કિંમત કહે છે. પેઢી પુરવઠા કિંમત જાણ્યા પછી તે યંત્રમાંથી કેટલી ભાવિ આવક પ્રાપ્ત થશે. વગેરે પ્રશ્નો ઉદ્ભવે છે. સામાન્ય રીતે યંત્ર અથવા મૂડી સાધન અમુક ચોક્કસ કાર્યકાળ ધરાવે છે. આથી તેના સમગ્ર કાર્યકાળ દરમિયાન કેટલી આવક પ્રાપ્ત થશે તેનું અનુમાન લગાવવું પડશે. કોઈ પણ મૂડી સાધનની તેના કાર્યકાળ દરમિયાન પ્રાપ્ત થતી આવકને અપેક્ષિત અનુમાનિત આવક કહે છે. મૂડી સાધનની પુરવઠા કિંમત અને અપેક્ષિત અનુમાનિત આવક દ્વારા આપણે મૂડીની સીમાંત કાર્યક્ષમતા જાણી શકીએ છીએ. કેઈન્સના મતે "મૂડીની સીમાંત કાર્યક્ષમતા એટલે વટાવનો તે દર જે મૂડીસાધનના આયુષ્ય દરમિયાન પ્રાપ્ત થતી તમામ વાર્ષિક અપેક્ષિત કમાણીઓના વર્તમાન મૂલ્યને તે મૂડીસાધનની પુરવઠા કિંમત બરાબર હોય છે.

સૂત્ર,

$$Xc = \frac{R_1}{1+r} + \frac{R_2}{(1+r)^2} + \frac{R_3}{(1+r)^3} + .......... + \frac{R_n}{(1+r)^n}$$

જ્યાં, X = મૂડી સાધનની પુરવઠા કિંમત / મૂડી સાધનની વર્તમાની કિંમત

R1, R2, R3..........Rn = પ્રતિવર્ષની અપેક્ષિત આવક

r = વટાવ દર

આ સમગ્ર બાબતને એક ઉદાહરણ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ. ધારો કે, મૂડીનું સાધન ત્રણ વર્ષ કામ આપે છે. તેની વર્તમાન કિંમત (X) રૂ. 3000 છે અને ત્રણ વર્ષની આવક અનુક્રમે $R_1$=1100, $R_2$=1210, $R_3$=1331 અને વટાવ દર (r) 10% ગણતાં

$$X = \frac{R_1}{(1+r)} + \frac{R_2}{(1+r)^2} + \frac{R_3}{(1+r)^3}$$

$$\therefore \quad 3000 = \frac{1100}{(1+10\%)} + \frac{1210}{(1+10\%)^2} + \frac{1331}{(1+10\%)^3}$$

$$\therefore \quad 3000 = \frac{1100}{\left(1+\frac{10}{100}\right)} + \frac{1210}{\left(1+\frac{10}{100}\right)^2} + \frac{1331}{\left(1+\frac{10}{100}\right)^3}$$

$$\therefore \quad 3000 = \frac{1100}{\left(1+1/10\right)} + \frac{1210}{\left(1+1/10\right)^2} + \frac{1331}{\left(1+1/10\right)^3}$$

$$\therefore \quad 3000 = \frac{1100}{11/10} + \frac{1210}{\left(11/10\right)^2} + \frac{1331}{\left(11/10\right)^3}$$

$$\therefore \quad 3000 = \frac{1100}{11/10} + \frac{1210}{121/100} + \frac{1331}{131/1000}$$

$$\therefore \quad 3000 = 1100\frac{10}{11} + 1210\frac{100}{21} + 1331 \times \frac{1000}{1331}$$

$$\therefore \quad 3000 = 1000 + 1000 + 1000$$

$$\therefore \quad 3000 = 3000$$

મૂડીસાધનની પુરવઠા કિંમત = મૂડીસાધનની અપેક્ષિત કમાણીનું વર્તમાન મૂલ્ય

આમ, મૂડી સાધનની પુરવઠા કિંમત કરતાં અપેક્ષિત કમાણી વધુ હોય તો મૂડીના સીમાંત કાર્યક્ષમતા વધુ હોવાથી મૂડીરોકાણને ઉત્તેજન મળશે. આથી વિપરીત સ્થિતિ હોય તો મૂડીરોકાણ નુકસાનકારક સાબિત થશે.

### 5.5.3 મૂડી રોકાણ માંગ રેખા (મૂડીની સીમાંત કાર્યક્ષમતા રેખા)

અમુક મૂડી સાધનોમાં મૂડીરોકાણ વધતાં મૂડીની સીમાંત ઉત્પાદકતા અથવા નફાના

અપેક્ષિત દરમાં ઘટાડો થાય છે. કારણ કે, મૂડીસાધનનું ઉત્પાદન વધે તેમ તેનો ઉપયોગ (માંગમાં) વધતા તેમની પુરવઠા કિંમતમાં વધારો થશે અને બીજી બાજુ મૂડી સાધનમાં વધારે રોકાણ થવાથી તેના દ્વારા ઉત્પાદિત વસ્તુનો પુરવઠો પણ વધી જશે. જેથી વસ્તુની તેની કિંમતમાં ઘટાડો થશે. આમ એક તરફ મૂડીની પુરવઠા કિંમતમાં વધારો થશે અને બીજી તરફ વાર્ષિક અપેક્ષિત વળતરમાં ઘટાડો થશે. આથી નફાના અપેક્ષિત દર ઘટી જશે. આથી રોકાણ વધવાની જગ્યાએ તેમાં ઘટાડો થશે.

આકૃતિ : 5.1




મૂડીની ઘટતી સીમાંત કાર્યક્ષમતાને આપણે એક રેખાના રૂપમાં પણ વ્યક્ત કરી શકીએ. ઉપરની આકૃતિમાં ડાબીથી જમણી તરફ નીચે તરફ જતી II રેખા મૂડીની સીમાંત કાર્યક્ષમતા દર્શાવે છે એટલે કે મૂડીરોકાણ વધતા મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઘટતી જાય છે. અહીં મૂડીની સીમાંત કાર્યક્ષમતા રેખાને સ્થિર ટેક્નોલોજી, પ્રાકૃતિક સાધનો, શ્રમ પુરવઠો વગેરે સ્થિર માનીને દોરવામાં આવી છે. જો આમાંથી એક પરિબળમાં ફેરફાર થાય તો મૂડીની સીમાંત કાર્યક્ષમતાના વક્રમાં ફરેફાર થઈ શકે છે.

રોકાણ મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને વ્યાજદર પર આધારિત છે. ઉપરની આકૃતિમાં OY રેખા પર મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને વ્યાજદર દર્શાવવામાં આવ્યા છે. આકૃતિ પ્રમાણે બજારમાં વ્યાજદર $i_1$ છે ત્યારે નિયોજકો OI, રોકાણ કરવા માટે પ્રોત્સાહિત થશે કેમ કે $OI_1$ રોકાણ થવાથી મૂડીની સીમાંત કાર્યક્ષમતા વ્યાજદરની બરાબર થાય છે. હવે જો વ્યાજનો દર ઘટીને $i_2$ થાય તો રોકાણ વધીને $OI_2$ થાય છે. આમ, મૂડીની સીમાંત કાર્યક્ષમતા રેખા જ વ્યાજના વિવિધ દરોએ મૂડી રોકાણ માંગ દર્શાવે છે. આમ મૂડીની સીમાંત કાર્યક્ષમતા રેખા જ મૂડીરોકાણ માંગ રેખા છે.

### 5.5.4 મૂડીની સીમાંત કાર્યક્ષમતાને અસર કરતાં પરિબળો

(1) સમાજનો કુલ મૂડીનો જથ્થો

સમાજનો કુલ મૂડીનો જથ્થો વધારે તેમ મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઓછી. આથી કહી શકાય કે ઔદ્યોગિક રીતે વિકસિત દેશોમાં મૂડીનો સંચય અલ્પવિકસિત દેશો કરતાં વિશેષ હોવાથી દેશોમાં મૂડીની સીમાંત કાર્યક્ષમતા અલ્પવિકસિત દેશો કરતાં નીચી હોય છે. અહીં આપણે ટેક્નોલોજીકલ પ્રગતિનો વિચાર કરતા નથી.

(2) ઉત્પાદન પદ્ધતિ

ઉત્પાદન પદ્ધતિ જેમ વધુ કાર્યક્ષમ તેમ મૂડીના સાધનમાંથી મળતા વ્યાજનો દર ઊંચો રહેવાનો. આમ વિકસિત દેશોમાં મૂડીની સીમાંત કાર્યક્ષમતા નીચે છે. એ સામાન્ય રીતે સાચું તારણ હોવા છતાં ટેક્નોલોજીકલ પ્રગતિનો ઊંચો દર હોય ત્યારે કોઈપણ પ્રકારની

અર્થવ્યવસ્થા હોય તો પણ તેની અસર મૂડીની સીમાંત કાર્યક્ષમતાની રેખાને જમણી તરફ ઉપરની બાજુએ ખસેડવાની હશે. ટેક્નોલોજીકલ પ્રગતિ મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધારશે.

(3) મૂડીનાં સાધનોની ઉત્પાદન સ્થિતિ

ધારો કે, મૂડીનાં સાધનોનું ઉત્પાદન વધે તેમ તેનું ઉત્પાદનખર્ચ ઘટે છે. અર્થાત્ વધતા મળતરની સ્થિતિ પ્રવર્તે છે. હવે જો આ જ મૂડીના સાધનોમાં અપેક્ષિત વળતરો પર વધતા મળતરની સ્થિતિની કશી પ્રતિકૂળ અસર ન પડે તો મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધશે. અર્થાત્ મૂડીની સીમાંત કાર્યક્ષમતાની નવી રેખા ઉપરની તરફ જમણી બાજુએ ખસશે.

(4) ભવિષ્ય અંગેની અટકળો

નિયોજકો આશાવાદી હોય અને વેચાણ આવકો વધશે તેવી અપેક્ષા હોય તો મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધે છે. મૂડીસાધનની પુરવઠા કિંમત અને અપેક્ષિત વેચાણ આવક પર મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો આધાર છે. મૂડી સાધનની પુરવઠા કિંમત સ્થિર પરિબળ છે. જ્યારે વેચાણ આવકની અટકળો સતત બદલાયા કરે છે. તેથી મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને મૂડીરોકાણમાં વારંવાર પરિવર્તનો આવ્યાં કરે છે. આમ ટૂંકાગાળામાં મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધઘટ થવા પામે છે. તેમજ લાંબેગાળે તે સતત ઘટાડાનું વલણ દર્શાવે છે.

## 5.6 સારાંશ

આ એકમમાં આપણે મૂડીરોકણને લગતા ગુણક, ગતિવર્ધન અને મૂડીની સીમાંત કાર્યક્ષમતાની સમજૂતી મેળવી છે. આ ખ્યાલો વિકસિત દેશોના સંદર્ભમાં વિકસાવવામાં આવ્યા છે. આથી તેની અસરકારકતા વિકસતા દેશોમાં ઓછી જોવા મળે છે. જેમ કે વિકસતા દેશોમાં ગુણક અને ગતિવર્ધનની અસરકારકતા ઓછી રહે છે. કારણ કે જ્યાં ઉત્પાદન પદ્ધતિ મૂડી પ્રધાન અને ટેક્નોલોજીક પરિવર્તનો ઝડપી થતાં હોય તેવા વિકસિત દેશોમાં આ સિદ્ધાંત વધારે મહત્ત્વના છે. છતાં પણ તેનો અભ્યાસ અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે મહત્ત્વનો છે.

## 5.7 ચાવીરૂપ શબ્દો

(1) મૂડીની સીમાંત કાર્યક્ષમતા : મૂડીની સીમાંત કાર્યક્ષમતા એટલે વટાવનો તે દર જે મૂડી સાધનના આયુષ્ય દરમિયાન પ્રાપ્ત થતી તમામ વાર્ષિક અપેક્ષિત કમાણીઓના વર્તમાન મૂલ્યને તે મૂડી સાધનની પુરવઠા કિંમત બરાબર બનાવે છે.

(2) વ્યાજ : નાણામાંથી મળતી સેવાઓ માટે ચૂકવવી પડતી કિંમત જેમાં સહેજ પણ જોખમ ન હોય તેવી આર્થિક પ્રવૃત્તિ માટે કરજે લીધેલાં નાણા માટે ચૂકવવું પડતું વ્યાજ શુદ્ધ વ્યાજ ગણાય છે.

(3) ગતિવર્ધન : વપરાશ પાછળ થતા ખર્ચમાં જે વધારો-ઘટાડો થાય અને તેના પરિણામે મૂડીરોકાણના સાધનોની માંગમાં જે વધારો-ઘટાડો થાય તે મૂડીરોકાણ ખર્ચને ગતિવર્ધન કહેવાય છે.

(4) ગુણક : અર્થતંત્રમાં થતાં ખર્ચમાં સ્વાયત્ત ધોરણે થયેલા વધારાને પરિણામે આવકમાં થયેલા વધારાનો ગુણોત્તર તેને સૂત્રરૂપે નીચે પ્રમાણે દર્શાવી શકાય.....

$$K = {}^{DY}\!/_{DI}$$

(5) ગુણકના બહિસ્ત્રાવો : કેઈન્સીયન સિદ્ધાંત મુજબ સરકાર દ્વારા કરવામાં આવતો ખર્ચ એ પ્રજાની આવક બને છે. પ્રજા તેમાંથી ખર્ચ કરે છે. આમ ચક્ર ચાલે છે

અને અંતે રાષ્ટ્રની આવકમાં વધારો થાય છે. પરંતુ જો પ્રજાને આવકનો ઉપયોગ નવી ખરીદી કરવામાં કરવાને બદલે જૂનું ઋણ ચૂકવવામાં કરે કે અર્થતંત્રમાં ફુગાવો થાય તો તેવાં પરિબળોથી ગુણક અસર ઓછી થાય છે. એટલે કે સરકારે ખર્ચેલા રૂપિયાથી પ્રમાણમાં ઓછી આવકનું સર્જન થાય છે. આમ, જેટલું આવક સર્જન ઓછું થાય તેનો મતલબ કે ગુણકની અસર બહાર નીકળી ગઈ, (Leak થઈ ગઈ). આમ, ગુણકની અસર ઓછી થઈ.

## 5.8 તમારી પ્રગતિ ચકાસો

(1) ગુણકનો ખ્યાલ સમજાવો.

(2) ગતિવર્ધનનો સિદ્ધાંત ચર્ચો

(3) મૂડીની સીમાંત કાર્યક્ષમતા સમજાવો.

**ખાલી જગ્યા પૂરો**

1. મૂડીરોકાણનો આધાર ___________ પર છે. (મૂડીની સીમાંત કાર્યક્ષમતા)
2. MPC =1/2 તો ગુણક ___________ થાય. (2)
3. MPC જો 1 હોય તો ગુણક ___________ . (અમાપ)
5. MPC અને ગુણક વચ્ચે ___________ સંબંધ છે. (સીધો)
5. MPS અને ગુણક વચ્ચે ___________ સંબંધ છે. (વ્યસ્ત)
6. ગતિવર્ધનનો ખ્યાલ ___________ અર્થશાસ્ત્રીએ આપ્યો છે. (જે.એમ. કર્ણક)
7. ગુણકનો સૌ પ્રથમ ખ્યાલ ___________ અર્થશાસ્ત્રીએ આપ્યો હતો. (કહાને)

- **કેટલાંક ઉપયોગી પુસ્તકો**

(1) **નાણાકીય સિદ્ધાંતની** - સ્વ. ડૉ. જગદીશ અધ્વર્યુ યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ,

(2) આર્થિક સિદ્ધાંત : ડૉ. એમ. એન. રાવલ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ,

(3) Advanced Macro Economics Theory - H.L. Ahuja, S.Chand Publication.

(4) Macro Economics Theory - H.L. Ahuja - S.Chand Publication.

# એકમ-6 નાણું, નાણાની માંગ અને નાણાનો પુરવઠો-પરિચય

-: રૂપરેખા :-


6.0 ઉદ્દેશો

6.1 પ્રસ્તાવના

6.2 નાણાનો અર્થ / વ્યાખ્યાઓ

6.3 નાણાનું મૂલ્ય

6.4. નાણાની માંગ

6.4.1 નાણાની માંગ અને પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનો અભિગમ

6.4.2 નાણાની માંગ અંગે કેઈન્સનો અભિગમ

6.5. નાણાનો પુરવઠો

6.5.1 નાણાના પુરવઠાનો અર્થ

6.5.2 નાણાના પુરવઠાની વ્યાખ્યા

6.6 ભારતમાં નાણાના પુરવઠાના ઘટકો

6.6.1 કાયદામાન્ય નાણાનો જથ્થો

6.6.2 બેંક્નાણું કે થાપણો

6.7 સારાંશ

6.8 ચાવીરૂપ શબ્દો

6.9 તમારી પ્રગતિ ચકાસો

- સંદર્ભ પુસ્તકો
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો.


## 6.0 ઉદ્દેશો (Objectives) :

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે નીચેની બાબતોથી માહિતગાર બની શકશો.

– જેમ જીવંત શરીરની નસેનસમાં રક્તનો સંચાર જરૂરી છે તેમ અર્થતંત્ર માટે નાણું કેટલું મહત્ત્વનું છે તે સમજાવી શકાશે.

– નાણાની ઉત્પત્તિ શા માટે થઈ અને તે કયા કારણોસર ઉપયોગી છે તે સમજાવી શકાશે.

– વસ્તુઓ અને સેવાઓની જેમ નાણાની માંગ શા માટે ઉદ્ભવે છે તે સમજાવી શકાશે.

– નાણાની માંગ અને નાણાના પુરવઠા દ્વારા કેવી રીતે નાણાનું મૂલ્ય નક્કી થાય છે. તેમજ નાણાના મૂલ્યની ભાવસપાટી પર કેવી અસર થાય છે તે સમજાવી શકાશે.

– નાણાનો ચલણવેગ નાણાના પુરવઠાને કેવી રીતે અસર કરે છે તે સમજાવી શકાશે.

– અર્થતંત્રમાં નાણાનો કુલ પુરવઠો કેટલો છે તે સમજાવી શકાશે.

## 6.1 પ્રસ્તાવના (Introduction)

ઐતિહાસિક કાળથી માનવીને અને માનવસમાજને પરસ્પર વિનિમય માટે અને વિનિયમ હેઠળ આવતી વસ્તુઓ કે સેવાઓનું મૂલ્ય આંકવા માટે કશાક આધારની જરૂર પડતી રહે છે. એટલે સમય અને સ્થળ અનુસાર કોડી, છીપલાં, પશુઓ, ધાતુઓ, કાગદી નોટો અને બેંક થાપણોનો નાણા તરીકે ઉપયોગ થતો રહ્યો છે. આથી, નાણું અર્થશાસ્ત્રના કેન્દ્રમાં છે. નાણું એ માણસની એક અદ્ભુત શોધ છે. નાણા વિનાના અર્થતંત્રની કલ્પના કરવી પણ અશક્ય છે. મૂડીવાદી, સમાજવાદી કે અર્થવ્યવસ્થાના કોઈપણ સ્વરૂપમાં નાણાની અનિવાર્યતા સ્વીકારાઈ છે. આમ, આધુનિક અર્થવ્યવસ્થાનો પાયો અને વિકાસ નાણાને આધીન છે તેમ કહી શકાય.

પહેલાંના સમયમાં જ્યારે નાણાની શોધ નહોતી થઈ ત્યારે સાટા પ્રથાનું અસ્તિત્વ હતું. એટલે કે, "એક એવી વિનિમય પ્રથા કે જેમાં વસ્તુના બદલે વસ્તુની આપ-લે કરવામાં આવે."

પરંતુ સાટા પ્રથામાં લેવડ-દેવડ માટેની અનેક મુશ્કેલીઓ ઊભી થતાં આ બધી જ સમસ્યાઓના નિરાકરણ સ્વરૂપે નાણું અસ્તિત્વમાં આવ્યું. જેમ યંત્ર વિદ્યામાં ચક્ર, વિજ્ઞાનમાં અગ્નિ, રાજ્યશાસ્ત્રમાં મત તેમ અર્થશાસ્ત્રમાં નાણાની શોધ અદ્ભુત છે. કારણ કે, નાણું આધુનિક અર્થકારણમાં મહત્ત્વના કાર્યો કરે છે. જેમ કે, વિનિમયના માધ્યમ તરીકે, મૂલ્યના માપદંડ તરીકે, મૂલ્યના સંગ્રાહક તરીકે, વિલંબીત ચૂકવણીના ધોરણ તરીકે, સુપ્રાપ્ય સંપત્તિ તરીકે વગેરે. આ સિવાય પણ નાણું અનેકવિધ કાર્યો કરે છે.

## 6.2 નાણાની વ્યાખ્યાઓ (Definition of Money)

6.2.1 "તે વસ્તુ વિનિમયનું માધ્યમ, ગણતરીનો એકમ અને મૂલ્યસંચય કરવા માટે સાધનભૂત હોઈ, સર્વસ્વીકૃત છે તે નાણું કહેવાય છે."

— પ્રૉ. કાઉથર

6.2.2 "કોઈપણ સમયે તથા કોઈપણ સ્થળે શંકા વિના તથા વિશેષ તપાસ વગર વસ્તુઓ તથા સેવાઓના ખરીદ-વેચાણના સાધન તરીકે જેનો સ્વીકાર થતો હોય તેને નાણા તરીકે ગણવામાં આવે છે."

— પ્રૉ. માર્શલ

6.2.3 "જે આપવાથી દેવા તથા મૂલ્ય સંબંધી સોદાઓની ચૂકવણી થતી હોય છે તથા તેના રૂપમાં સામાન્ય ખરીદશક્તિ સંગ્રહાયેલી છે તે નાણું છે."

— પ્રૉ. લૉર્ડ કેઈન્સ

6.2.4 "જે નાણાનું કાર્ય કરે છે તે નાણું છે."

— પ્રૉ. વૉકર

6.2.5 "માત્ર ધાતુના સિક્કાઓને જ નાણાની વ્યાખ્યામાં આવરી શકાય. કાગળના નાણા તથા બેંક નાણાને નાણું કહી શકાય નહીં."

— પ્રૉ. પ્રાઈસ

6.2.6 "જે વસ્તુ એક હાથમાંથી બીજા હાથ તરફ સરળતાથી ફરે અને દેવા છૂટા કરવા માટે વપરાય છે તે પૈસા છે."

— પ્રૉ. એલી

6.2.7 "હિસાબનું એકમ અને વિનિમયનું સામાન્ય રીતે સ્વીકાર્ય માધ્યમ તરીકે મૂલ્યાંકન અને ચૂકવણીને નાણું કહે છે."

— પ્રૉ. કૉલબર્ન

6.2.8 "અમુક અર્થવ્યવસ્થામાં જુદી-જુદી વ્યક્તિઓ વચ્ચે આર્થિક વ્યવહાર સુગમ બનાવે તે નાણું કહેવાય."

— કાર્લ હેલફરીક

6.2.9 "વસ્તુઓની ખરીદી વખતે થતી ચૂકવણીઓમાં વ્યાપારીક ચૂકવણીમાં વિશેષ પ્રમાણમાં ઉપયોગ થાય છે તે સર્વને નાણું કહી શકાય."

— પ્રૉ. ડી.એચ. રોબર્ટ્સન

6.2.10 "ખરીદીઓ માટે નાણું આપી શકાય તે રીતે થાપણોનું રૂપાંતર કરી શકાય કે જેનો ઉપયોગ કરી શકાય તેવા બધાનો નાણામાં સમાવેશ થાય છે."

— મધ્યસ્થ બેંક

6.2.11 "જે કોઈ થાપણ ખરીદશક્તિના હંગામી રહેઠાણ તરીકે કાર્ય કરે છે તે નાણું છે."

— મિલ્ટન ફ્રિડમેન

6.2.12 "નાણું એ માનવીની છઠ્ઠી જ્ઞાનેન્દ્રિય છે જેના વગર તે બાકીની પાંચ જ્ઞાનેન્દ્રિયોનો સંપૂર્ણપણે ઉપયોગ કરી શકતો નથી."

— ડબલ્યુ. સમરસેનર મૌધન

## 6.3 નાણાનું મૂલ્ય (Value of Money)

રોબર્ટસનના મત મુજબ "નાણાનું મૂલ્ય એટલે નાણાના એક એકમના વિનિમયથી પ્રાપ્ત થતી ચીજ-વસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ."

ટૂંકમાં નાણાનું મૂલ્ય નાણાની ખરીદશક્તિ વ્યક્ત કરે છે. અહીં, પ્રશ્ન થાય કે નાણાનું મૂલ્ય કઈ રીતે નક્કી થાય છે ? - આપણે જાણીએ છીએ કે કોઈપણ વસ્તુનું મૂલ્ય તેની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે. એજ રીતે નાણાનું મૂલ્ય પણ નાણાની માંગ અને તેના પૂરવઠા દ્વારા નક્કી થાય છે.

દા.ત., જો નાણાની માંગ સ્થિર રહે અને તેના પુરવઠામાં વધારો થાય તો નાણાનું મૂલ્ય ઘટવા પામશે, એટલે કે ભાવસપાટી વધવા પામશે. એથી ઊલટું, જો નાણાનો પુરવઠો સ્થિર રહે તેની માંગમાં વધારો થાય તો નાણાના મૂલ્યમાં વધારો થશે, એટલે કે ભાવસપાટી ઘટશે. આ સંદર્ભે નાણાની માંગ અને નાણાના પુરવઠા અંગે સમજીએ.

- તમારી પ્રગતિ ચકાસો (ક)

1. નાણાનો ઉદ્ભવ અને સાટાપ્રથા વિશે ટૂંકમાં માહિતી આપો.
2. નાણાની વિવિધ અર્થશાસ્ત્રીઓ દ્વારા આપવામાં આવેલી વ્યાખ્યાઓ જણાવો.
3. નાણાનું મૂલ્ય એટલે શું ? નાણાની માંગ અને નાણાનો પુરવઠો ભાવ સપાટી પર કેવી રીતે અસર કરે છે તે સમજાવો.

## 6.4 નાણાની માંગ (Demand Of Money)

નાણાની માંગના મુખ્યત્ત્વે ચાર અભિગમ છે :

(i) પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનો અભિગમ

(ii) કેમ્બ્રીજ અર્થશાસ્ત્રીઓનો અભિગમ

(iii) કેઈન્સનો અભિગમ

(iv) કેઈન્સ પછીના અર્થશાસ્ત્રીઓનો અભિગમ

ઉપરોક્ત ચાર અભિગમ પૈકી આપણા અભ્યાસક્રમાનુસાર પ્રશિષ્ટ અને કેઈન્સના અભિગમ અંગે જોઈએ.

6.4.1 નાણાની માંગ અંગે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનો અભિગમ (Classical Economists' approach for demand for Money) :

નાણાની માંગ અન્ય વસ્તુઓ કરતાં જુદી હોય છે. બીજી વસ્તુઓની માંગ ઉદ્ભવવાનું કારણ એ છે કે, એ વસ્તુઓમાં તુષ્ટિગણ રહેલો છે. અને તેથી માનવ-જરૂરિયાતને સંતોષે છે. પરંતુ નાણાની બાબતમાં તેવું નથી. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મત મુજબ નાણાની માંગ તેના પોતાના માટે થતી નથી. નાણું વિનિમયનું માધ્યમ છે. અને જેથી જ્યારે-જ્યારે વિનિમય માટેના પ્રસંગો ઉપસ્થિત થાય છે ત્યારે નાણાની માંગ થાય છે.

આ મત મુજબ નાણાની માંગ વિનિમય માટે મૂકવામાં આવેલી ચીજવસ્તુઓમાંથી ઉદ્ભવે છે, એટલે નાણાની માંગ તેના દ્વારા કરવામાં આવતાં સોદાઓના કુલ પ્રમાણમાંથી ઉદ્ભવે છે. આમ, આ લેખકોએ નાણાના વિનિમયના માધ્યમ તરીકેના કાર્ય પર જ ભાર મૂક્યો હતો. તેમના જણાવ્યા પ્રમાણે નાણાની માંગ વસ્તુલક્ષી પરિબળો દ્વારા નક્કી થાય છે. જેમ કે, સોદાઓનું પ્રમાણ તથા ચીજવસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન અને વિનિમયને અસર કરતા પરિબળો વગેરે. વધુમાં, ફિશર જેવા અર્થશાસ્ત્રીઓ એવું પણ માને છે કે, નાણાની માંગ અર્થતંત્રમાં થતાં વિનિમયના સોદાઓ કે જે ટૂંકાગાળામાં સ્થિર હોય છે તેના પર આધાર રાખતી હોવાને કારણે ટૂંકાગાળામાં નાણાની માંગ સ્થિર રહેતી હોય છે. આથી ટૂંકાગાળા દરમિયાન નાણાનું મૂલ્ય નાણાની માંગ દ્વારા નહિ પરંતુ મુખ્યત્વે નાણાના પુરવઠા દ્વારા નક્કી થતું હોય છે. નાણાના પુરવઠામાં થતો ઘટાડો તેના મૂલ્યમાં સપ્રમાણ વધારો લાવે છે. પ્રૉ. ફિશરે રજૂ કરેલો નાણાનો પરિમાણ સિદ્ધાંત નાણાની માંગના આ ખ્યાલ પર આધારિત છે.

6.4.2 નાણાની માંગ અંગે કેઈન્સનો અભિગમ (Keynesian approach to the demand for money)

લૉર્ડ કેઈન્સના મત મુજબ, "નાણાની માંગ એટલે નાણાને રોકડ રૂપમાં રાખવા માટેની માંગ."

દરેક વ્યક્તિ પોતાના ઉદ્યોગ-ધંધા, નોકરી, મજૂરી, વેપાર વગેરે... માર્ગોએ જે આવક મેળવે છે, તેમાંથી અમુક ભાગ તે રોકડ સ્વરૂપે હાથ પર રાખે છે. જેને નાણાની માંગ કહે છે.

જહૉન મેનાર્ડ કેઈન્સે પોતાના પુસ્તક "The General Theory of Employment, Interest and Money" - ફેબ્રુઆરી 1936માં તરલતા પસંદગી (Liquidity Preference)નો સિદ્ધાંત રજૂ કરીને નાણાની માંગ કયા હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. તેની સવિશેષ સમજૂતી આપી છે. તેમણે નાણાની માંગના ત્રણ હેતુઓ દર્શાવ્યા છે :

(i) વિનિમયનો હેતુ

(ii) સાવચેતીનો હેતુ

(iii) સટ્ટાકીય હેતુ

(i) વિનિમયનો હેતુ (Transaction Motive)

વિનિમયનો હેતુ એ નાણાનાં વિનિમયના કાર્ય પર ભાર મૂકે છે. રોજબરોજના જીવન માટે આપણે જુદી-જુદી વસ્તુઓ અને સેવાઓની ખરીદી કરતાં હોઈએ છીએ. જેમ કે, અનાજ, શાકભાજી, દૂધ, ફળો, પેટ્રોલ, કપડાં તેમજ અન્ય વસ્તુઓ વગેરેની ખરીદી માટે નાણાની માંગ લોકો કરે છે. એ જ રીતે ઉત્પાદક પણ કાચો માલ ખરીદવા રોકડ નાણું રાખે છે. આમ, વિનિમય માટે હાથ પર રાખવામાં આવતાં રોકડ નાણાની માંગને વિનિમયના હેતુ માટેની નાણાની માંગ કહે છે.

(ii) સાવચેતીનો હેતુ (Precautionary Motive)

સાવચેતીના હેતુ માટેની નાણાની માંગ એ મૂલ્યના સંગ્રાહક તરીકેના નાણાના કાર્ય પર ભાર મૂકે છે. લોકો સાવચેતીના હેતુ માટે કેટલુંક નાણું હાથ પર રાખે છે. ટૂંકમાં, ભવિષ્યમાં આવનારી અનિશ્ચિતતાઓનો સામનો કરવા જેમ કે, ઘરમાં કોઈ વ્યક્તિ બીમાર પડ્યું, એક્સિડેન્ટ થયું, કોરોના જેવો કોઈ રોગચાળો ફાટી નીકળે, આમ આકસ્મિક જરૂરિયાત માટે જે નાણાની માંગ લોકો કે ઉત્પાદકો દ્વારા થાય છે તેને સાવચેતીના હેતુ માટેની નાણાની માંગ કહે છે.

(iii) સટ્ટાકીય હેતુ (Speculative Motive)

સટ્ટાકીય હેતુ માટેની નાણાની માંગ એ પણ નાણાના મૂલ્યના સંગ્રાહક તરીકેના કાર્ય પર ભાર મૂકે છે. અહીં સટ્ટો એટલે નાણાનું રોકાણ એવી રીતે કરવું કે જેથી વધુ વ્યાજ-વળતર કે નફો પ્રાપ્ત થાય. અહીં, કેઈન્સ સટ્ટાકીય હેતુ માટે બે પ્રકારની અશક્યામતોની વાત કરી છે જેમાં બૉન્ડ અને નાણું અહીં બૉન્ડ નિશ્ચિત વ્યાજ આપે તેવી જામીનગીરી છે. આથી રોકડનાણું હાથ પર રાખીને જ્યારે જરૂર પડે ત્યારે તેને બૉન્ડમાં રોકાણ કરવું એટલે નફો મેળવી શકાય. આમ, આજે જે નાણાની માંગ છે તેને સટ્ટાકીય હેતુ માટેની નાણાની માંગ કહે છે.

- તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. નાણાની માંગ અંગે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનો અભિગમ વિસ્તૃતમાં ચર્ચો.
2. નાણાની માંગ અંગેનો કેઈન્સનો અભિગમ વિસ્તૃતમાં સમજાવો.

## 6.5 નાણાનો પુરવઠો (Supply of Money)

નાણાના મૂલ્યને નક્કી કરવામાં નાણાની માંગ જેટલો જ નાણાનો પુરવઠો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. નાણાનો પુરવઠો અન્ય વસ્તુઓના પુરવઠા કરતાં જુદો હોય છે. નાણા તરીકે કામ આપતો દરેક સિક્કો કે ચલણી નોટ સમયના અમુક ગાળામાં એક કરતાં વધુ વખત ઉપયોગમાં લેવાય છે, એટલે કે, એક વ્યક્તિના હાથમાંથી બીજા વ્યક્તિના હાથમાં પછી ત્રીજા વ્યક્તિ પાસે એમ નાણાની ફેરબદલી થાય છે.

દા.ત., 100 રૂપિયાની એક નોટ આપણે શાકભાજીવાળાને આપી, આ શકાભાજીવાળાએ તેને દૂધવાળાને અને દૂધવાળા તેને અનાજવાળા વેપારીને આપી. આમ એક દિવસમાં 100 રૂ.ની નોટ કુલ ત્રણ વખત ઉપયોગમાં લેવાઈ. આથી તેણે 100 રૂ.નું નહીં 300 રૂ.નું કામ કર્યું કહેવાય આને નાણાનો ચલણવેગ કહે છે. આ ચલણવેગ નાણાના પુરવઠાને અસર કરે છે. આ સંદર્ભમાં નાણાના પુરવઠાનો અર્થ, વ્યાખ્યા અને ઘટકો જોઈએ.

6.5.1 નાણાના પુરવઠાનો અર્થ (Meaning of Supply of Money) :

નાણાનો પુરવઠો એટલે અર્થકારણમાં અસ્તિત્વ ધરાવતો નાણાનો કુલ જથ્થો કે વસ્તુઓ તથા સેવાઓના વિનિમય માટે વપરાય છે. આ જથ્થામાં સિક્કાઓ અને ચલણી નોટો ઉપરાંત બેંકોની થાપણોનો સમાવેશ થાય છે. ટૂંકમાં નાણાનો પુરવઠો એટલે દેશના લોકો પાસે સિક્કાઓ, ચલણી નોટો તથા બેંક થાપણોનું પ્રમાણ.

6.5.2 નાણાના પુરવઠાની વ્યાખ્યાઓ (Definition of Money Supply) :

(1) પ્રૉ. મિલ્ટન ફ્રિડમેનના મતે,

"મધ્યસ્થ બેંક દ્વારા બહાર પાડવામાં આવતું ચલણી નાણું તેમજ વેપારી બેંકોના ચાલુ અને મુદ્દતી ખાતાની થાપણોનો નાણાના પુરવઠામાં સમાવેશ થાય છે."

(2) રેડક્લિફ સમિતિ

"નાણાનો કુલ પુરવઠો એ અર્થકારણની તરલતાના વિસ્તૃત માળખાનો એક માત્ર હિસ્સો છે. લોકોના ખર્ચના નિર્ણયોમાં તરલતાની સ્થિતિ અગત્યની છે અને સમગ્ર તરલતાના પ્રમાણમાં નાણાના પુરવઠાનું મહત્ત્વ વિશેષ હોય છે."

(3) રિઝર્વ બેંકે નાણાના પુરવઠાની આપેલી નવી વ્યાખ્યા :

રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાએ 1977માં દ્વિતીય કાર્યકારી જૂથ નિમ્યૂ કે જેમાં નાણાના પુરવઠાના કુલ ચાર ખ્યાલો રજૂ કરાયા હતાં. આ ચાર ખ્યાલોને $M_1$, $M_2$, $M_3$ અને $M_4$ તરીકે ઓળખવામાં આવે છે. જેની વિગતે સમજૂતી મેળવીએ.

નાણાનાં પુરવઠાના આ ચારેય ખ્યાલોને તેમની પ્રવાહિતતા અનુસાર ક્રમાંક આપવામાં આવ્યો છે, જેમાં, $M_1 = C + DD + OD$

$M_1$ને સૌથી વધુ પ્રવાહિત ગણવામાં આવે છે. તેને સંકીર્ણ નાણું (Narrow Money) કહે છે કે જેમાં લોકો પાસેનું ચલણી નાણું + બેંકો પાસેની ચાલુ થાપણો + RBI પાસેની અન્ય થાપણોનો સમાવેશ થાય છે.

$M_2 = M_1 +$ પોસ્ટ ઑફિસની બચત બેંકોની બચત થાપણો

તરલતાની દૃષ્ટિએ $M_1$ કરતાં $M_2$માં ઓછી તરલતા ધરાવે છે કે જેમાં $M_1$માં ગણવામાં આવેલી રકમ + પોસ્ટ ઑફિસમાં બચત ખાતામાં રહેલી બચત થાપણોનો સમાવેશ કરવામાં આવે છે.

$M_3 = M_1 +$ બેંકો પાસેની મુદ્દત થાપણો

પ્રૉ. મિલ્ટન ફ્રિડમેનના મતે "ચલણી નાણું જે મધ્યસ્થ બેંક દ્વારા બહાર પાડવામાં આવે છે તે અને વેપારી બેંકોના ચાલુ ખાતા અને મુદ્દતી થાપણોનો નાણાના પુરવઠામાં સમાવેશ થાય છે." મિલ્ટન ફ્રિડમેનના મતે, ચાલુ ખાતાની થાપણો અને મુદ્દતી થાપણો વચ્ચે બહુ ભેદ જણાતો નથી. તેથી જો ચાલુ થાપણોને નાણામાં ગણી શકાય તો મુદ્દતી થાપણોને પણ નાણા તરીકે ગણવી જોઈએ. મુદ્દતી થાપણો પર લોન લઈ શકાતી હોવાથી તેનો સમાવેશ નાણાના પુરવઠામાં કરવો જોઈએ તેવું કેટલાંક અર્થશાસ્ત્રીઓ માને છે. $M_3$ને વ્યાપક નાણું (Broud Money) કહે છે.

$M_4 = M_3 +$ પોસ્ટ ઑફિસની કુલ થાપણો

$M_4$માં $M_3$ તથા પોસ્ટ ઑફિસની કુલ થાપણોનો સમાવેશ થાય છે. જો કે પોસ્ટ ઑફિસમાં કુલ થાપણો નજીવી હોવાથી $M_3$ અને $M_4$ વચ્ચે મોટો તફાવત હોતો નથી.

## 6.6 ભારતમાં નાણાના પુરવઠાના ઘટકો (Components of Money Supply in India)

નાણાના પુરવઠાના મુખ્યત્ત્વે બે ઘટકો છે :

6.6.1 કાયદા માન્ય નાણાનો જથ્થો

6.6.2 બેંક નાણું કે થાપણો

**6.6.1 કાયદા માન્ય નાણાનો જથ્થો** (The amount of legal money) :

મધ્યસ્થ બેંક દ્વારા બહાર પાડવામાં આવતું નાણું કાયદામાન્ય નાણું છે. તેને કાયદાનું પીઠબળ હોવાથી સર્વ લોકો તેનો નિશ્ચિતપણે આનાકાની વગર સ્વીકાર કરે છે. મધ્યસ્થ બેંક કાયદા મુજબની અનામતો જેમ કે સોનું, સરકારી જામીનગીરીઓ, વિદેશી હૂંડિયામણ વગેરે રાખીને ચલણ બહાર પાડે છે, જ્યારે એક રૂપિયા સિવાયની તમામ ચલણી નોટો છાપવાનો ઈજારો રિઝર્વ બેન્કને આપવામાં આવ્યો છે. મધ્યસ્થ બેન્ક નાણાના પુરવઠામાં વખતો વખત ફેરફાર કરે છે. ઉત્પાદન વધતાં કે નાણાની માંગ વધતાં મધ્યસ્થ બેંક ચલણમાં વધારો કરે છે. ચલણનું પ્રમાણ ઘટે છે ત્યારે નાણાનો પુરવઠો ઘટે છે.

**6.6.2 બેન્ક નાણું કે થાપણો** (Bank Money or Deposits)

નાણાની પુરવઠાનું બીજું મુખ્ય ઘટક બેન્ક થાપણો છે. કાયદામાન્ય નાણું બેન્ક થાપણોનો આધાર છે. જેમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરી શકાય છે.

6.6.2.(i) માંગપાત્ર થાપણો (Demandable Deposits)

માંગપાત્ર થાપણો એવી થાપણો છે કે થાપણદાર જ્યારે માંગણી કરે કે તુરંત તેને રોકડ અથવા ચેક અથવા અન્ય કોઈ શાખી સાધન દ્વારા તેને ચૂકવણી કરવામાં આવે છે અને તેથી તે વિનિમયના માધ્યમ તરીકે કાર્ય કરે છે. નાણાના પુરવઠાના માપ માટે બેંકોની ચોખ્ખી માંગપાત્ર થાપણોનો સમાવેશ થાય છે, પરંતુ માંગપાત્ર થાપણોનો સમાવેશ થતો નથી. વળી, કુલ થાપણોમાં પ્રજાની થાપણો વત્તા (+) આંતર બેંક થાપણોનો સમાવેશ થાય છે. આંતર બેંક થાપણો એ થાપણો છે કે જે એક બેન્ક અન્ય બેંકોમાં ધારણ કરે છે.

6.6.2. (ii) રિઝર્વ બેંક પાસેની અન્ય થાપણો (Other Deposits from the Reserve Bank)

રિઝર્વ બેન્ક પાસેથી અન્ય થાપણોમાં અર્ધ-સરકારી સંસ્થાઓ, વિદેશી કેન્દ્રીય બેન્કો, વિદેશી સરકારો, વિશ્વ બેંક અને આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ જેવી સંસ્થાઓની થાપણોનો સમાવેશ થાય છે. અલબત્ત, રિઝર્વ બેંક પાસેની આવી થાપણોનો હિસ્સો નાણાના કુલ પુરવઠાના માંડ એક ટકા જેટલો જણાયો છે.

6.6.2. (iii) બાંધી મુદતની થાપણો (Bound term Deposits)

બેંકો પાસેની બાંધી મુદતની થાપણો એ છે કે જે જ્યારે પણ થાપણદારો તરફથી માંગ કરવામાં આવે ત્યારે તુરત જ પરત થઈ શકતી નથી. આવી થાપણોની નિશ્ચિત સમયાવધિ હોય અને તેથી તેઓને બાંધી મુદતની થાપણો તરીકે ઓળખવામાં આવે છે.

વધુમાં, ચાલુ ખાતાની થાપણો અને બાંધી મુદતની થાપણો ઉપરાંત બેંકો બચત ખાતાની થાપણો પણ સ્વીકારે છે. આવી બચત થાપણોમાં ચાલુ ખાતાની થાપણો તથા બાંધી મુદતની થાપણો એમ બંને લક્ષણો જોવા મળે છે. બચત થાપણો એ ચાલુ ખાતાની થાપણો જેવી હોય છે. કારણ કે, થાપણદાર માગે ત્યારે તેને તે આપવામાં આવે છે; બીજી તરફ આવી બચત થાપણો બાંધી મુદતની થાપણોનો ગુણ ધરાવે છે. કારણ કે, બચત

થાપણદારોને તે થાપણો પર વ્યાજ ચૂકવવામાં આવે છે.

6.6.2 (iv) પોસ્ટ ઑફિસની થાપણો (Post Office Deposits)

પોસ્ટ ઑફિસો પણ પ્રજાની થાપણો સ્વીકારે છે, જે બે પ્રકારની હોય છે

1. બચત થાપણો અને

2. બાંધી મુદ્દતની થાપણો

તદુપરાંત, રિકરિંગ થાપણો અને ક્યુમ્યુલેટિવ બાંધી મુદતની થાપણો પણ હોય છે.

તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. નાણાનો ચલણવેગ એટલે શું ? એક ઉદાહરણ આપી સમજાવો.
2. નાણાનો પુરવઠો એટલે શું ? નાણાના પુરવઠાની જુદા-જુદા અર્થશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓ જણાવો.
3. રિઝર્વ બૅંકે આપેલા નાણાના પુરવઠાના ચાર ખ્યાલો સમજાવો.
4. ભારતમાં નાણાના ઘટકો સમજાવો.

## 6.7 સારાંશ (Abstract)

નાણાને લીધે વિનિમય સરળ અને ઝડપી બન્યો છે. વસ્તુની કિંમતો ચોક્કસાઈથી માપી શકાય છે. લેવડ-દેવડનો વ્યવહાર સુગમતાપૂર્વક ચાલે છે. સંપત્તિનો સંચય શક્ય બન્યો છે અને ઝડપી આર્થિક વિકાસ સાધી શકાયો છે. અર્થતંત્રનું વર્તમાન સ્વરૂપ નાણાને આભારી છે અને નાણું અર્થતંત્રનું અનિવાર્ય અંગ છે. આથી જ પ્રૉ. માર્શલે કહ્યું છે કે, “નાણું એક એવું ચાલક બળ છે જેની ચોમેર સમગ્ર અર્થવિજ્ઞાન પરિક્રમા કરતું રહે છે.” આનું કારણ એ છે કે નાણાનો કુલ જથ્થો શાખનું માળખું અને નાણાના મૂલ્યમાં થતાં ફેરફારોની રાષ્ટ્રના આર્થિક જીવન પર ઘણી ગહન અસરો પડતી હોય છે.

આમ, નાણાના પુરવઠાને લઈને નાણું અર્થતંત્ર માટે આશીર્વાદરૂપ અને અભિશાપરૂપ બંને છે. સેમ્યુ બટલરના શબ્દોમાં કહીએ તો નાણાનું અસ્તિત્વ અને તેનો અભાવ એ બંને સર્વે અનર્થનું મૂળ છે. આથી નાણાનું યોગ્ય રીતે નિયમન થવું જોઈએ, એટલે કે, નાણાપ્રબંધક સત્તાએ નાણાના ઉપકારક તત્ત્વો જાળવી રાખીને તેના અનિષ્ટો નિવારવા માટેનાં અસરકારક પગલાં લેવાં જોઈએ.

## 6.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

- નાણું (Money)

  “વિનિમયના માધ્યમ તરીકે વપરાતી વસ્તુ એટલે નાણું.”

- સાટા પ્રથા (Barter System)

  “એક એવી વિનિમય પ્રથા કે જેમાં વસ્તુના બદલે વસ્તુની આપ-લે કરવામાં આવે.”

- નાણાનું મૂલ્ય (Value of Money)

  “નાણાનું મૂલ્ય એટલે નાણાના એક એકમના વિનિમયથી પ્રાપ્ત થથી ચીજ-વસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ.”

- નાણાની માંગ (Demand of Money)

  “નાણાની માંગ અન્ય વસ્તુઓ કે સેવાઓની માંગ કરતાં જુદી છે. આથી વિનિમય માટેના પ્રસંગો ઉદ્દ્ભવે ત્યારે નાણાની માંગ થાય છે.”

- નાણાનો પુરવઠો (Supply of Money)

  "અમુક ચોક્કસ સમયગાળા દરમિયાન અર્થકારણમાં અસ્તિત્વ ધરાવતો નાણાનો કુલ જથ્થો/પ્રમાણ એટલે નાણાનો પુરવઠો."

- કાયદામાન્ય નાણું (Legal Money)

  "સરકાર તથા મધ્યસ્થ બેંક દ્વારા બહાર પાડવામાં આવતું ચલણી નાણું (ધાતુના સિક્કાઓ તેમજ કાગદી નોટો) કાયદામાન્ય નાણું છે."

- બેંક નાણું (Bank Money)

  "માંગપાત્ર થાપણો અથવા બાંધી મુદતની થાપણો તેમજ પોસ્ટ ઑફિસ અને રિઝર્વ બેંક પાસેની થાપણોને બેંક નાણું કહી શકાય."

- નાણાનો ચલણવેગ (Velocity of Money)

  "નાણાનો એક એકમ જે સરેરાશ ગતિએ ફરે છે તેને નાણાનો ચલણવેગ કહેવામાં આવે છે. (વિભાગ 6.5 વાંચો)

- સંદર્ભ પુસ્તકો (Reference)


– Ahuja H.L., "Macro Economics Theory and Policy", Pub. S.Chand and Company Limited, Delhi, Year 2019

– Sinha Dr. V.C. Pandey, Dr. Sudha, "Nacro Economics (ebook) : SBPD Publication, Year 2000, books.google.com


---

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

---

- તમારી પ્રગતિ ચકાસો (ક)

1. વિભાગ 6.1 (પ્રસ્તાવના) વાંચો
2. વિભાગ 6.2નો પેટા વિભાગ વાંચો
3. વિભાગ 6.3 વાંચો

- તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. વિભાગ 6.4.1 વાંચો.
2. વિભાગ 6.4.2 વાંચો.

- તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. વિભાગ 6.5 વાંચો.
2. વિભાગ 6.5.1 અને 6.5.2 વાંચો.
3. વિભાગ 6.5.2નો પેટા વિભાગ (iii) વાંચો.
4. વિભાગ 6.6 અને તેના પેટા વિભાગ વાંચો.

6.11 યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો

1. એક એવી વિનિમય પ્રથા કે જેમાં વસ્તુનાં બદલે વસ્તુની આપ-લે કરવામાં આવે...

   (અ) સાટા પ્રથા (બ) રાજ્યપ્રથા

   (ક) કુ પ્રથા (ડ) વર્ણ પ્રથા

2. વર્તમાનમાં વિનિમયના માધ્યમ તરીકે વપરાતી વસ્તુ એટલે ?
   (અ) કાગળ (બ) નાણું
   (ક) કાપડ (ડ) પથ્થર

3. "માત્ર ધાતુના સિક્કાઓને જ નાણાની વ્યાખ્યામાં આવરી શકાય" - આ વ્યાખ્યા કોની છે ?
   (અ) પ્રૉ. ક્રાઉથર (બ) પ્રૉ. માર્શલ
   (ક) પ્રૉ. પ્રાઈસ (ડ) પ્રૉ. વૉકર

4. "જે વસ્તુ એક હાથમાંથી બીજા હાથ તરફ સરળતાથી ફરે છે અને દેવા છૂટા કરવા માટે વપરાય છે તે પૈસા છે" - આ વ્યાખ્યા કોણે આપી છે ?
   (અ) પ્રૉ. એલી (બ) પ્રૉ. વૉકર
   (ક) પ્રૉ. ક્રાઉથર (ડ) પ્રૉ. પ્રાઈસ

5. ............. એ નાણાની ખરીદશક્તિ વ્યક્ત કરે છે.
   (અ) નાણાનું મૂલ્ય (બ) વસ્તુની કિંમત
   (ક) વ્યક્તિ (ડ) નાણું

6. ............ એટલે નાણાના એક એકમના વિનિમયથી પ્રાપ્ત થતી ચીજ-વસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ.
   (અ) નાણાનો પુરવઠો (બ) નાણાનું મૂલ્ય
   (ક) નાણાની માંગ (ડ) વસ્તુનું મૂલ્ય

7. જો નાણાનો પુરવઠો સ્થિર રહે તેની માંગમાં વધારો થાય તો નાણાના મૂલ્યમાં વધારો થશે અને ભાવ સપાટી .............
   (અ) ઘટશે (બ) વધશે
   (ક) સ્થિર રહેશે (ડ) એક પણ નહિ

8. ભવિષ્યમાં આવનારી અનિશ્ચિતતાઓનો સામનો કરવા માટેની નાણાની માંગ નીચેનામાંથી કયા હેતુ માટેની માંગ કહેવાશે ?
   (અ) રોકડ હેતુ (બ) સાવચેતીનો હેતુ
   (ક) સટ્ટાકીય હેતુ (ડ) વિનિમયનો હેતુ

9. "નાણાનો કુલ પુરવઠો એ અર્થકારણની તરલતાના વિસ્તૃત માળખાનો એક માત્ર હિસ્સો છે. લોકોના ખર્ચના નિર્ણયોમાં તરલતાની સ્થિતિ અગત્યની છે અને સમગ્ર તરલતાનાં પ્રમાણમાં નાણાના પુરવઠાનું મહત્ત્વ વિશેષ હોય છે." - આ વ્યાખ્યા કોની છે ?
   (અ) પ્રૉ. મિલ્ટન ફ્રિડમેન (બ) રિઝર્વ બેંક
   (ક) રેડક્લિફ સમિતિ (ડ) પ્રૉ. માર્શલ

10. રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાએ 1977માં દ્વિતીય કાર્યકારી જૂથ નીમ્યું કે જેણે નાણાના પુરવઠાના કુલ ................ ખ્યાલો રજૂ કર્યા હતાં.
   (અ) બે (બ) ત્રણ
   (ક) ચાર (ડ) પાંચ

- બહુ વિકલ્પોના જવાબો

1. (અ) સાટા પ્રથા
2. (બ) નાણું
3. (ક) પ્રૉ. પ્રાઈસ
4. (અ) પ્રૉ. એલી
5. (બ) વસ્તુની કિંમત
6. (બ) નાણાનું મૂલ્ય
7. (અ) ઘટશે
8. (બ) સાવચેતીનો હેતુ
9. (ક) રેડક્લિફ સમિતિ
10. (ક) ચાર

6.12 ખાલી જગ્યા પૂરો

(1) ____________ એ સૌથી વધુ પ્રવાહિત નાણું છે.

(2) $M_3$ ને ____________ નાણું કહે છે.

(3) મધ્યસ્થ બેંક દ્વારા બહાર પાડવામાં આવતું નાણું ____________ નાણું છે.

(4) નાણાના પુરવઠાનાં મુખ્ય ____________ ઘટકો છે.

(5) ____________ થાપણો એવી છે કે જ્યારે થાપણદાર માંગણી કરે કે તુરત જ તેને ચૂકવણી કરવામાં આવે છે.

- ખાલી જગ્યા પૂરોના જવાબો

1. $M_1$
2. વ્યાપક
3. કાયદા માન્ય
4. બે
5. માંગપાત્ર થાપણો

# એકમ-7 નાણા અંગે નાણાવાદીઓનો અભિગમ

## -: રૂપરેખા :-

7.0 ઉદ્દેશો

7.1 પ્રસ્તાવના

7.2 ફિશરનો નાણા પરિમાણનો સિદ્ધાંત

- 7.2.1 સિદ્ધાંતની રજૂઆત
- 7.2.2 ફિશરના સમીકરણની ધારણાઓ
- 7.2.3 ફિશરના સિદ્ધાંતની સમજૂતી
- 7.2.4 સમીકરણ દ્વારા સિદ્ધાંતની રજૂઆત
- 7.2.5 ફિશરના સિદ્ધાંતની મર્યાદાઓ

7.3 કેમ્બ્રિજ અર્થશાસ્ત્રીઓનો નાણા પરિમાણનો સિદ્ધાંત / રોકડ પુરાંત અભિગમ

- 7.3.1 પ્રસ્તાવના
- 7.3.2 નાણાની માંગ
- 7.3.3 નાણાનો પુરવઠો
- 7.3.4 સિદ્ધાંતની રજૂઆત
- 7.3.5 સિદ્ધાંતની સમજૂતી પ્રો. પિગુના સમીકરણ દ્વારા
- 7.3.6 ઉદાહરણ દ્વારા સમજૂતી
- 7.3.7 પ્રૉ. રૉબર્ટ્‌સનનું સમીકરણ
- 7.3.8 પ્રૉ. માર્શલનું સમીકરણ
- 7.3.9 પ્રૉ. કેઈન્સનું સમીકરણ
- 7.3.10 રોકડ પુરાંતના સિદ્ધાંતની મર્યાદાઓ

7.4 મિલ્ટન ફ્રિડમેનનો નાણા પરિમાણનો સિદ્ધાંત

- 7.4.1 પ્રસ્તાવના
- 7.4.2 સિદ્ધાંતની રજૂઆત
- 7.4.3 નાણાની માંગનો આધાર
- 7.4.4 નાણાની માંગનું વિધેય
- 7.4.5 ફિશર-કેમ્બ્રિજ સમીકરણો સાથે તુલના

7.5 ચાવીરૂપ શબ્દો

7.6 સંદર્ભ પુસ્તકો

7.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

7.8 યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો

7.9 ખાલી જગ્યા પૂરો

## 7.0 ઉદ્દેશો (Objectives)

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે નીચેની બાબતોથી માહિતગાર બની શકશો.
- આ એકમના અભ્યાસ પરથી જુદા-જુદા અર્થશાસ્ત્રીઓએ આપેલા નાણા પરિમાણનાં વિવિધ સિદ્ધાંતો સમજાવી શકાશે.
- નાણા પરિમાણમાં ફેરફારો થવાથી ભાવસપાટીમાં કેવા-કેટલા ફેરફારો થશે તે આ સિદ્ધાંતો દ્વારા સમજાવી શકાશે.
- લોકો રોકડનાણાની માંગ શા માટે ? અને કયા પરિબળોના આધારે કરે છે તે સમજાવી શકાશે.
- આ પ્રકરણમાં દર્શાવેલ ત્રણેય નાણા પરિમાણના સિદ્ધાંતો કેવી રીતે એકબીજાથી જુદા પડે છે અને તેમાં સામ્યતા જોવા મળે છે તે સમજાવી શકાશે.

## 7.1 પ્રસ્તાવના (Introduction) :

નાણાનુ મૂલ્ય સંપૂર્ણપણે સ્થિર રહેતું નથી, તેમાં પરિવર્તન થયા કરે છે, જે સૂચક આંકની મદદથી માપી શકાય છે. પરંતુ સૂચક આંક નાણાના મૂલ્યમાં થયેલાં ફેરફારોના કારણોની સમજ આપતા નથી, તે તો માત્ર આ ફેરફારો કેટલા પ્રમાણમાં થાય છે તેનો જ ખ્યાલ આપે છે. નાણાના મૂલ્યમાં એટલે કે, તેની ખરીદશક્તિમાં આવતાં પરિવર્તનો કયાં કયાં કારણોને લીધે થાય છે તે નાણા પરિમાણના સિદ્ધાંતો દ્વારા સમજી શકાય છે. આ સિદ્ધાંતોની રજૂઆત જુદા-જુદા અર્થશાસ્ત્રીઓએ જુદી-જુદી રીતે કરી છે.

16મી સદીમાં થઈ ગયેલા ઈટાલીના પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી ડેવન ઝેટ્ટીએ નાણાનો પરિમાણ સિદ્ધાંત સર્વપ્રથમ પ્રતિપાદિત કર્યો હતો અને તેના પરથી વિખ્યાત અંગ્રેજ તત્ત્વચિંતક જ્હોન લોકે આ સિદ્ધાંતને સ્પષ્ટ સ્વરૂપ આપ્યું હતું. ત્યારબાદ 1752માં ડેવિડ હ્યુમે તેમના 'Political Discourses' નામના પુસ્તકમાં આ સિદ્ધાંતને વધુ વિકસાવ્યો હતો. આ સમય દરમિયાન જીન બોડીન અને કેન્ટિલોન જેવા લેખકોએ પણ આ સિદ્ધાંતની રજૂઆત કરી હતી. 20મી સદીમાં આ સિદ્ધાંતની રજૂઆત જુદા-જુદા અર્થશાસ્ત્રીઓએ વિવિધ દૃષ્ટિકોણથી કરી છે. આજે આ સિદ્ધાંત અંગેના મુખ્ય ત્રણ અભિગમ છે.

## 7.2 ફિશરનો નાણા પરિમાણનો સિદ્ધાંત (Fisher's theory of money supply) :

અમેરિકન અર્થશાસ્ત્રી ઈરવિંગ ફિશરે 1911માં પ્રકાશિત થયેલા તેમના પુસ્તક **'Purchasing Power of Money'**માં નાણાના પરિમાણના સિદ્ધાંતને વ્યવસ્થિત રીતે રજૂ કર્યો હતો, જે વિનિમયના સમીકરણ તરીકે ઓળખાય છે. પ્રો. ફિશરે નાણાના વિનિમયના માધ્યમને મહત્ત્વનું કાર્ય ગણાવ્યું હતું. તેથી તેમના સમીકરણને વિનિમયનું સમીકરણ પણ કહેવામાં આવે છે.

પ્રો. ફિશરના મત મુજબ નાણું વસ્તુઓ અને સેવાઓના સોદાઓમાં વિનિમયના માધ્યમ તરીકે કાર્ય કરે છે. વસ્તુઓ અને સેવાઓના સોદાઓ માટે નાણાની માંગ કેટલી થશે તેનો આધાર સોદાઓની સંખ્યા અને સરેરાશ મૂલ્ય પર રહેલો છે.

### 7.2.1 સિદ્ધાંતની રજૂઆત (Introduction to the Principle)

"ફિશરના મત મુજબ, જો અન્ય પરિબળ સ્થિર રહે તો નાણાના પરિમાણ અને ભાવસપાટી વચ્ચે સીધો અને સપ્રમાણ સંબંધ છે, જ્યારે નાણાના પરિમાણ અને નાણાના મૂલ્ય વચ્ચે વ્યસ્ત સંબંધ છે."

7.2.2 ફિશરના સમીકરણની ધારણાઓ (Fisher's assumptions of the equation)

(i) નાણાની માંગ સ્થિર

અહીં, નાણાની માંગ સ્થિર છે તેનો અર્થ એવો થાય છે કે રોકડ નાણાની (હાથ ઉપરના) માંગ સ્થિર છે.

(ii) સોદાઓનું પ્રમાણ સ્થિર

નાણાની મદદથી થતાં વિનિમયના સોદાઓનું પ્રમાણ સ્થિર રહેવું જોઈએ. જો વિનિમયના સોદાઓનું પ્રમાણ વધે તો નાણાની માંગમાં વધારો થવાથી તેનું મૂલ્ય વધે, અને તેનાથી વિપરીત, જો વિનિમયના સોદાઓનું પ્રમાણ ઘટે તો નાણાની માંગ ઓછી થવાથી તેનું મૂલ્ય ઘટે.

(iii) નાણાનો ચલણવેગ સ્થિર

સમયના અમુક ગાળામાં નાણાના ફરવાની ઝડપને નાણાનો ચલણવેગ કહે છે, જે સ્થિર રહેવો જોઈએ.

(iv) બેંક નાણાનું પ્રમાણ અને તેનો ચલણવેગ પણ સ્થિર

આધુનિક અર્થવ્યવસ્થામાં બેંકનાણું કાયદેસરનાં નાણાની જેમ જ કાર્ય બજાવે છે. પરિણામે તેના પુરવઠા અને ચલણવેગમાં ફેરફાર થાય તો પણ નાણાના મૂલ્ય પર અસર થાય છે. આથી, બેંકનાણાના પુરવઠા અને તેના ચલણવેગમાં ફેરફાર થવો જોઈએ નહિ.

(v) કાયદેસરના નાણા અને બેંક નાણા વચ્ચેનો ગુણોત્તર સ્થિર

M અને $M^1$ વચ્ચેનો ગુણોત્તર એટલે કે ચલણી નાણા અને શાખીનાણા વચ્ચેનો ગુણોત્તર સ્થિર રહેવો જોઈએ. ટૂંકમાં, M અને $M^1$ બંનેમાં સરખો જ ફેરફાર થવો જોઈએ.

(vi) નાણાનો સંગ્રહ થતો નથી

નાણાના કાર્યોમાં નાણાનાં મૂલ્યનાં સંગ્રાહક તરીકેના કાર્યનો પણ સમોવશ થાય છે. પરંતુ અહીં એવી ધારણાં કરાઈ છે કે લોકો નાણાનો સંગ્રહ કરતા નથી. માત્ર વિનિમય માટે જ નાણાની માંગ થાય છે.

(vii) લાંબાગાળો અને પૂર્ણ રોજગારી

આ સિદ્ધાંત લાંબાગાળા અને પૂર્ણ રોજગારી પર આધારિત છે.

7.2.3 ફિશરના સિદ્ધાંતની સમજૂતી (Explanation of Fisher's Theory)

ફિશરના મત મુજબ,

- નાણાના પુરવઠા અને ભાવસપાટી વચ્ચે સીધો સંબંધ છે એટલે કે જેમ-જેમ નાણાનો પુરવઠો વધે તેમ-તેમ ભાવો વધે છે અને જેમ-જેમ નાણાનો પુરવઠો ઘટે તેમ-તેમ ભાવો ઘટે છે.
- બીજું, નાણાના પુરવઠા અને નાણાના મૂલ્ય વચ્ચે વ્યસ્ત સંબંધ છે. આમ, નાણાનો પુરવઠો વધશે તેમ-તેમ નાણાનું મૂલ્ય ઘટશે અને જેમ-જેમ નાણાનો પુરવઠો ઘટે તેમ-તેમ નાણાનું મૂલ્ય વધશે.
- બીજી રીતે કહીએ તો, નાણાનાં પુરવઠા અને નાણાના મૂલ્યમાં સપ્રમાણ ફેરફાર થાય છે એટલે કે જો નાણાનો પુરવઠો 10 ટકા વધશે તો તેનું મૂલ્ય 10 ટકા ઘટશે અને જો નાણાનો પુરવઠો 20 ટકા વધશે તો નાણાનું મૂલ્ય 20 ટકા ઘટશે.

હવે, ફિશરના જણાવ્યા પ્રમાણે નાણાનું મૂલ્ય નાણાની માંગ અને તેના પુરવઠા દ્વારા નક્કી થાય છે. પરંતુ તેમના તમે, નાણાની માંગ અમુક નિશ્ચિત સમયના ગાળા દરમિયાન સ્થિર રહે છે, તેથી નાણાનો પુરવટો કે નાણાનું પરિમાણ જ નાણાના મૂલ્યના નિર્ણયનું વિધાયક પરિબળ છે.

ટૂંકમાં, ફિશર એવું માને છે કે, અમુક નિયત સમયે કે ટૂંકાગાળા દરમિયાન નાણાની માંગ સ્થિર રહે છે, કારણ કે સમયના ટૂંકાગાળામાં ઉત્પાદનનાં સાધનોનું પ્રમાણ અને તેમની કાર્યક્ષમતા સ્થિર રહે છે.

ફિશરના મતે નાણું એ વિનિમયનું માધ્યમ છે. જો સોદાઓની સંખ્યા સ્થિર રહે તો તે સોદાઓ પતાવવા માટે વિનિમયના માધ્યમ તરીકે નાણાની માંગ પણ સ્થિર જ રહેવાની.

આમ, ફિશરના મતે ટૂંકાગાળા દરમિયાન નાણાની માંગ સ્થિર રહે છે અને તેની નાણાના પુરવઠામાં થતાં ફેરફારો નાણાના મૂલ્યમાં એટલે કે, ભાવસપાટીમાં ફેરફારો લાવે છે. નાણાના પુરવઠામાં સપ્રમાણ ઘટાડો થતાં તેના મૂલ્યમાં પણ સપ્રમાણ વધારો થાય છે.

આમ, નાણાનો પરિમાણ સિદ્ધાંત નાણાના મૂલ્યમાં અને તેની ભાવસપાટીમાં થતાં ફેરફાર માટે નાણાના પરિમાણને કારકબળ તરીકે ગણાવે છે.

એટલે કે, નાણાના પુરવઠામાં જેટલો ફેરફાર થાય છે, તેટલો અને તેવો જ ફેરફાર સામાન્ય ભાવ સપાટીમાં થાય છે. દા.ત. નાણાના પુરવઠામાં 4%નો વધારો થાય તો સામાન્ય ભાવ સપાટીમાં પણ 4 %નો જ વધારો થાય છે. અને જો નાણાના પુરવઠામાં 2%નો ઘટાડો થાય તો સામાન્ય ભાવ સપાટીમાં પણ 2 %નો જ ઘટાડો થાય છે.

7.2.4 સમીકરણ દ્વારા સિદ્ધાંતની રજૂઆત : વિનિમયનું સમીકરણ (Equation of Exchange) :

$$\boxed{MV = PT}$$

જ્યાં, M = નાણાનો પુરવઠો

V = નાણાનો ચલણવેગ

P = સામાન્ય ભાવ સપાટી

T = સોદાઓનું પ્રમાણ

અહીં, MV = નાણાનું કુલ પ્રમાણ કે જે વસ્તુઓ અને સેવાઓના બદલામાં આપવામાં આવે છે.

PT = વસ્તુઓ અને સેવાઓનું મૂલ્ય

ઉદાહરણ તરીકે :

ધારો કે એક વર્ષમાં 10 રૂ.ની 50 પેનનું વેચાણ થયું છે અને અર્થતંત્રમાં નાણાનો પુરવઠો રૂ. 40 છે.

$\therefore$ M = 40 રૂ., P = 10 રૂ., T = 50 પેનનું વેચાણ

$\therefore MV = PT$

$$\therefore V = \frac{PT}{M}$$

$$\therefore V = \frac{10(50)}{40} = \frac{500}{40}$$

$\therefore V = 8$

અહીં, ચલણવેગ (V) = 8 છે, માટે એક રૂપિયો અર્થતંત્રમાં આઠ વખત એક હાથમાંથી બીજા હાથમાં જાય છે. હવે અહીં MV = PT છે. તો આપણે અહીં એ શોધવું છે કે નાણાના પુરવઠામાં ફેરફાર થવાથી સામાન્ય ભાવ સપાટીમાં કેટલો ફેરફાર થાય છે જે નીચેના સમીકરણ પરથી શોધી શકીશું.

$$\therefore P = \frac{MV}{T}$$

હવે, ઉપરોક્ત સમીકરણ મુજબ P અને V વચ્ચે સીધો સંબંધ છે. એટલે કે, ચલણ વેગમાં વધારો થશે તો ભાવ સપાટીમાં પણ વધારો થશે. P અને T વચ્ચે વ્યસ્ત સંબંધ છે એટલે કે, સોદાઓનું પ્રમાણ વધશે તો સામાન્ય ભાવ સપાટીમાં ઘટાડો થશે અને P અને M વચ્ચે સીધો સંબંધ છે એટલે કે, જો અર્થતંત્રમાં નાણાનો પુરવઠો વધશે તો સામાન્ય ભાવસપાટી પણ વધશે.

ઉપરોક્ત સમીકરણમાં આપણી ધારણા મુજબ નાણાનો ચલણવેગ (V) સ્થિર છે અને સોદાઓનું પ્રમાણ (T) પણ સ્થિર છે. તો, અહીં સામાન્ય ભાવસપાટીમાં ફેરફાર ક્યારે થશે ? તો અહીં જ્યારે નાણાના પુરવઠા (M)માં ફેરફાર થશે ત્યારે જ સામાન્ય ભાવસપાટીમાં ફેરફાર થશે. નહિતર ફેરફાર થશે નહીં. ટૂંકમાં, આ સિદ્ધાંત સમજાવે છે કે, નાણાનો ચલણવેગ અને સોદાઓનું પ્રમાણ સ્થિર હોય તો નાણાના પુરવઠામાં જેટલો ફેરફાર થાય છે તેટલો જ સામાન્ય ભાવસપાટીમાં ફેરફાર થાય છે.

આજે દરેક વિકસિત દેશોમાં, બેંકનાણું સૌથી મહત્ત્વનું નાણું ગણાય છે, એટલું જ નહિ, તે કુલ નાણાનું પ્રમાણ નક્કી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. આથી ઉપરોક્ત સમીકરણમાં સુધારો કરીને પ્રૉ. ફિશરે નીચે પ્રમાણેની રજૂઆત કરી છે.

$$P = \frac{MV + M'V'}{T}$$

અહીં, $M'$ = બેંક નાણાનું પરિમાણ

$V'$ = બેંક નાણાનો ચલણવેગ

ઉપરોક્ત સમીકરણ દ્વારા નીચેના બે વિધાનો તારવી શકાય :

(i) નાણાના પરિમાણમાં ફેરફારો થવાને કારણે જ ભાવસપાટીમાં ફેરફાર થતાં હોય છે. ભાવસપાટી પર અસર કરતાં અન્ય પરિબળો અહીં સ્થિર અથવા યથાવત્ રહે છે એમ ધારી લેવામાં આવ્યું છે.

(ii) ભાવસપાટીમાં થયેલા ફેરફારો, નાણાના પરિમાણમાં થયેલાં ફેરફારો જેટલાં જ હોય છે. એટલે કે, નાણાના પરિમાણમાં જેટલો વધારો થાય તેટલો જ ભાવમાં પણ વધારો થાય છે અને તેનાથી વિપરીત, નાણાના પરિમાણમાં જેટલો ઘટાડો થાય છે તેટલા જ પ્રમાણમાં ભાવસપાટીમાં ઘટાડો થાય છે. જે સંદર્ભે પ્રૉ. ટોસિંગે જણાવ્યું હતું કે, નાણાનું પરિમાણ જો બમણું કરવામાં આવે તો ભાવસપાટીમાં બે ગણો વધારો થશે અને નાણાનું પરિમાણ જો અર્ધું કરવામાં આવે તો ભાવસપાટી અર્ધી થઈ જશે.

### 7.2.5 ફિશરના સિદ્ધાંતની મર્યાદાઓ : (The Limitation of Fisher's Theory)

ફિશરે આપેલા નાણાના પરિમાણ સિદ્ધાંતની અનેક ટીકાઓ થયેલી છે જે નીચે મુજબ છે,

(i) સ્વયંસિદ્ધ હકીકત

નાણા પરિમાણના આ સિદ્ધાંતમાં કોઈ સૈદ્ધાંતિક નવીનતા જણાતી નથી. અહીં, MV = PT એટલે કે, ભાવસપાટી X વસ્તુઓમાં થયેલા સોદાઓનું પ્રમાણ = ચૂકવવામાં આવેલું નાણું X વલણ વેગ. હકીકતમાં કોઈએ રકમ ચૂકવવી અને બીજાએ એ રકમ મેળવવી એ બંને એક જ સોદાની બે બાજુઓ છે. બધી ચૂકવણીઓનો સરવાળો (MV) તે બધી નાણાકીય કમાણીના સરવાળા બરાબર હોય છે. તે દેખીતી રીતે સાબિત થાય છે.

(ii) અવાસ્તવિક ધારણાઓ

સિદ્ધાંતમાં એવી ધારણા કરવામાં આવી છે કે અન્ય પરિબળો સ્થિર રહે છે, પરંતુ ભાગ્યે જ નાણાનો ચલણવેગ અને સોદાઓનું પ્રમાણ સ્થિર રહે છે. તેમજ પૂર્ણ રોજગારીની પણ ધારણા અવાસ્તવિક કહી શકાય.

(iii) સમીકરણના બધા પદો એકબીજાથી અલગ નથી, પરંતુ પરસ્પર આધારિત છે

આ સિદ્ધાંત એવું સૂચવે છે કે, સમીકરણ MV = PT નાં વિવિધ પદો M, V, P, T વગેરે એકબીજાથી અલગ અને સ્વતંત્ર છે, પરંતુ વાસ્તવમાં જોઈએ તો સમીકરણનાં બધા પદો પરસ્પર આધારિત છે.

(iv) નાણાના મૂલ્યના સંગ્રાહક તરીકેના કાયમી અવગણના

આ સિદ્ધાંતમાં નાણાના વિનિમયના માધ્યમ તરીકેના કાર્યને જ મહત્ત્વ આપવામાં આવ્યું છે અને નાણાના મૂલ્યનાં સંગ્રાહક તરીકેના કાર્યની અવગણના કરવામાં આવી છે. આથી અહીં, જ્યારે નાણું મૂલ્યના સંગ્રાહક તરીકે કાર્ય કરે ત્યારે તેવા સંજોગોમાં ફૂગાવા કે સામાન્ય ભાવ સપાટી પર કેવી અસર થશે તેની પ્રૉ. ફિશરે સમજૂતી આપી નથી.

(v) નાણાની માંગની અવગણના

આ સિદ્ધાંત માત્ર નાણાના પુરવઠાને જ મહત્ત્વ આપે છે. જ્યારે નાણાનું મૂલ્ય નક્કી કરવા માટે બંને પરિબળો એટલાં જ મહત્ત્વના છે અને નાણાની માંગ પણ સામાન્ય ભાવ સપાટીને અસર કરી શકે છે.

(vi) નાણાના પુરવઠા પર ફુગાવાની કેવી અસર થશે તેઆ સિદ્ધાંત સમજાવતો નથી

આ સિદ્ધાંત નાણાનાં પુરવઠામાં ફેરફાર થાય તો સામાન્ય ભાવસપાટીમાં કેવો અને કેટલો ફેરફાર થાય છે તે સમજી શકાય છે. પરંતુ, ફૂગાવાની કે સામાન્ય ભાવ સપાટીની નાણાના પુરવઠા પર કેવી અસરો થશે તે આ સિદ્ધાંત સમજાવતો નથી. ધારો કે અર્થતંત્રમાં વર્તમાન પરિસ્થિતિમાં ફૂગાવો છે તો તેની નાણાના પુરવઠા પર કેવી અસરો પડશે તે સમજાવી શકતો નથી.

(vii) વાસ્તવિક પરિબળોની અવગણના

આ સિદ્ધાંતમાં વાસ્તવિક પરિબળો જેવા કે વસ્તી, કુદરતી હોનારતો, સરકારની નાણાકીય અને રાજકોષીય નીતિના ફેરફારો વગેરેના કારણે પણ સામાન્ય ભાવ સપાટીમાં ફેરફારો થાય છે. જેની અહીં અવગણના કરાઈ છે.

● તમારી પ્રગતિ ચકાસો (ક)

1. ફિશરના સમીકરણની ધારણાઓ વિસ્તૃતમાં સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

2. ફિશરનું સમીકરણ ઉદાહરણ સહિત સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3. ફિશરના સિદ્ધાંતની મર્યાદાઓ ચર્ચો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 7.3 કેમ્બ્રિજ અર્થશાસ્ત્રીઓનો નાણા પરિમાણનો સિદ્ધાંત / રોકડપુરાંત અભિગમ : (Cambridge Economists theory of Money Supply / Cash balance approach of Cambridge economists)

### 7.3.1 પ્રસ્તાવના (Introduction) :

પ્રૉ. ફિશરે આપેલો નાણાનો પરિમાણ સિદ્ધાંત અમેરિકામાં વધુ પ્રચલિત બન્યો છે, પરંતુ યુરોપમાં અને ખાસ કરીને બ્રિટનમાં રોકડ પુરાંતનો સિદ્ધાંત વધુ પ્રચલિત બન્યો છે. નાણાના પરિમાણના સિદ્ધાંતના મુખ્ય પુરસ્કર્તા અર્થશાસ્ત્રી ફિશર નાણાને વિનિમયના માધ્યમ તરીકે ગણે છે. જ્યારે કેમ્બ્રિજ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રીઓ નાણાની માંગ મૂલ્ય સંગ્રહ માટે થાય છે તેવો આગ્રહ રાખે છે. પ્રૉ. ફિશરના વિનિમય સમીકરણમાં નાણાના પુરવઠાનું વિશ્લેષણ અને કેમ્બ્રિજ સમીકરણમાં નાણાની માંગનું વિસ્તૃત વિશ્લેષણ કરેલ છે.

નાણાના મૂલ્ય અંગેનો રોકડ પુરાંતનો સિદ્ધાંત કેમ્બ્રિજ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રીઓએ આપેલો છે. જેમાં પ્રૉ. માર્શલ, પ્રૉ. પિગુ, પ્રો. રોબર્ટસન અને પ્રૉ. કેઈન્સનો સમાવેશ થાય છે. આ સિદ્ધાંત દ્વારા રજૂ કરવામાં આવતા સમીકરણ, કેમ્બ્રિજ સમીકરણ અથવા રોકડ પુરાંતના સમીકરણ (Cambridge equation of cash balance equation) તરીકે ઓળખાય છે. તેનો વિસ્તૃત અભ્યાસ કરતા પહેલાં આ સિદ્ધાંત મુજબ નાણાની માંગ અને નાણાનો પુરવઠાનો અર્થ સમજીએ.

### 7.3.2 નાણાની માંગ (Demand of Money)

કેમ્બ્રિજ સિદ્ધાંતમાં નાણાનું મૂલ્ય નાણાની માંગ દ્વારા નક્કી થતું હોવાથી નાણાની માંગનું સ્વરૂપ સમજવાની જરૂર છે.

લોકો કમાયેલી આવક સંપૂર્ણપણે ખર્ચી નાખતા નથી. આમાંથી કેટલીક રકમ હાથ પર રાખે છે. નાણામાં સામાન્ય ખરીદશક્તિનો ગુણ રહેલો છે. તેમજ નાણું તરલ હોવાથી વસ્તુની માફક નાણાની માંગ રોકડ પુરાંતની માંગ થતી હોય છે. ટૂંકમાં, લોકો તેમની આવકનો જે ભાગ રોકડ સ્વરૂપે રાખે તેને રોકડ પુરાંતની માંગ કહે છે.

**પ્રૉ. પિગુના મત પ્રમાણે,** રોકડ પુરાંતની માંગનો આધાર વ્યક્તિની આવક પર રહેલો છે. જો વ્યક્તિની આવક વિશેષ હોય તો હાથ ઉપરના રોકડ નાણાની માંગ વધુ હશે.

**પ્રૉ. કેઈન્સના મત પ્રમાણે,** રોકડ પુરાંતની માંગનો આધાર લોકોની આવક, નાણાકીય ટેવો, ઔદ્યોગિક વ્યવસ્થા, નાણાના મૂલ્યમાં થનારા ભાવિ પરિવર્તનોના અંદાજે પણ રોકડ-પુરાંતોની વર્તમાન માંગે અસર પહોંચાડે છે. જે અગાઉના પ્રકરણ-6માં આપણે જોઈ ગયા.

**પ્રૉ. માર્શલના મત પ્રમાણે,** રોકડ પુરાંતની માંગનો આધાર વ્યક્તિની સંપત્તિ પર

રહેલો છે.

7.3.3 નાણાનો પુરવઠો (Supply of Money)

નાણાના પુરવઠામાં દેશમાંનું રોકડ નાણું તથા બેંકોની થાપણોનો સમાવેશ થાય છે. કેમ્બ્રિજ અર્થશાસ્ત્રીઓએ નાણાના પુરવઠાનો એક બાહ્ય પરિબળ તરીકે અને આપેલી વિગત તરીકે સ્વીકાર કરેલો છે.

7.3.4 સિદ્ધાંતની રજૂઆત (Introduction to the principle) :

"કેમ્બ્રિજ સમીકરણો મુજબ રોકડ પુરાંતની માંગ અને ભાવ સપાટી વચ્ચે વ્યસ્ત સંબંધ હોય છે. જ્યારે રોકડ પુરાંતની માંગ અને નાણાના મૂલ્ય વચ્ચે સીધો સંબંધ હોય છે."

7.3.5 સિદ્ધાંતની સમજૂતી પ્રૉ. પિગુના સમીકરણ દ્વારા :

(Explanation of the theory by Pigou's Equation)

પ્રૉ. પિગુ કેમ્બ્રિજ સમીકરણ આપનારા સર્વપ્રથમ અર્થશાસ્ત્રી હતા. પિગુના મતે, નાણાના મૂલ્યને મુખ્યત્વે ત્રણ બાબતો અસર કરે છે.

(i) નાણાનું કુલ પ્રમાણ

(ii) ચીજ-વસ્તુઓનું પ્રમાણ

(iii) રોકડ પુરાંતની કુલ માંગ

જે ચીજોની પ્રત્યક્ષ વપરાશ કરવામાં આવે છે તેવી ચીજોની રીતે જ નાણાની ખરીદશક્તિનો પીગુ વિચાર કરે છે. પ્રો. પિગુએ સામાન્ય ભાવસપાટી જાણવા માટે નહિ પરંતુ, નાણાનુ મૂલ્ય જાણવા માટે સમીકરણ આપ્યું હતું. જે નીચે મુજબ છે :

$\boxed{P = \frac{M}{KR}}$ અથવા $M = KRP$

અહીં, P = ભાવસપાટી

M = નાણા પરિમાણ

K = વાસ્તવિક આવકનો જે ભાગ લોકો રોકડ સ્વરૂપે રાખે છે તે

R = વાસ્તવિક આવક અથવા વાસ્તવિક ચીજોનું પ્રમાણ

હવે, પિગુના મતે નાણાના મૂલ્યને જે ત્રણ બાબતો અસર કરે છે તેને વિસ્તૃતમાં સમજીએ.

(i) નાણાનું કુલ પ્રમાણ (M)

કાયદામાન્ય નાણા તથા બેંકનાણાનું કુલ પ્રમાણ (M) સામાન્ય ભાવસપાટી (P) ને અસર કરે છે. જો અન્ય બાબતો સ્થિર રહે તો M અને P વચ્ચે સીધો સંબંધ છે.

(ii) વાસ્તવિક ચીજોનું કુલ પ્રમાણ (R)

પ્રો. પિગુ જેનો પ્રત્યક્ષ રીતે ઉપયોગ કરી વ્યક્તિઓ સંતોષ અનુભવે છે તેવી ચીજોને વાસ્તવિક ચીજો ગણે છે. જેવી કે, અર્ધ તૈયાર વસ્તુઓ, કાચો માલ વગેરે...

વાસ્તવિક ચીજોનું કુલ પ્રમાણ વધે તો ભાવ સપાટી ઘટે. આમ, R અને P વચ્ચે ઊલટો સંબંધ છે.

(iii) રોકડ પુરાંતોની માંગ (K)

લોકો પોતાની આવકનો અમુક ભાગ હાથ પર રાખે છે, જેને પ્રો. પિગુ K તરીકે ઓળખાવે છે. એટલે કે, લોકો વાર્ષિક વાસ્તવિક આવકનો 12મો ભાગ એટલે કે મહિનો

ચાલે તેટલી ખરીદી કરી શકાય તેટલા પૈસા હાથ પર રાખે તો K ની $\frac{1}{12}$ કિંમત ગણાય. જો 2 મહિના ચાલી શકે તેટલી ખરીદશક્તિ હાથ પર રાખે તો K ની કિંમત $\frac{1}{6}$ ગણી શકાય, આમ K અને P વચ્ચે ઊલટો સંબંધ છે.

7.3.6 ઉદાહરણ દ્વારા સમજૂતી

એક ઉદાહરણ દ્વારા આ સમીકરણને સમજીએ.

ધારો કે કોઈ એક દેશની વાસ્તવિક આવક 1000 ક્વિંટલ ઘઉં જેટલી છે અને તેનો ચોથો ભાગ $\left(\frac{1}{4}\right)$ લોકો નાણાના સ્વરૂપમાં રાખતા હોય છે. જો નાણાનું પરિમાણ કે પુરવઠો રૂ. 10,000 હોય તો,

$$P = \frac{M}{KR}$$

$$\therefore \quad P = \frac{10,000}{\frac{1}{4} \times 1000} = 40$$

$\therefore$ P = 40 અથવા એક ક્વિંટલ ઘઉંની કિંમત રૂ. 40 થાય.

પરંતુ, લોકો તેમની રોકડ પુરાંતનો અમુક ભાગ બેંકમાં જમા રાખતા હોય છે. વળી, બેંકો પણ તેમની થાપણોનો અમુક જ ભાગ રોકડ સ્વરૂપમાં રાખતી હોય છે. સમીકરણમાં આ બંનેની પણ ગણતરી થવી જોઈએ. આથી, પ્રો. પિગુએ તેમાં સુધારો કરીને સમીકરણને નીચેના સ્વરૂપે રજૂ કર્યું છે. જેમાં, P, R, K અને M નો પણ સમાવેશ થાય છે.

$$M = KRP\{c + h(1-c)\}$$ અથવા

$$P = \frac{M}{KR}\left\{\frac{1}{c + h(1-c)}\right\}$$

અહીં, P = નાણાના એક એકમનું મૂલ્ય (ભાવસપાટી)

R = સમાજની વાસ્તવિક આવક

K = વાસ્તવિક આવકનો જે ભાગ લોકો રોકડ સ્વરૂપમાં રાખવા માંગે છે, તે સૂચવે છે.

M = નાણા પરિમાણ

C = રોકડ પુરાંતનો કાયદેસરના નાણામાં રાખવામાં આવતો ભાગ

1–C = રોકડ પુરાંતનો બેંકમાં થાપણના રૂપમાં રાખવામાં આવતો ભાગ

h = બેંકનું રોકડ પ્રમાણ સૂચવે છે.

ઉપરોક્ત નવા સુધારેલા સમીકરણને એક ઉદાહરણ દ્વારા સમજીએ.

ધારો કે, R = 1,000 ક્વિન્ટલ ઘઉં,

$K = \frac{1}{4}$

$$P = 40 \text{ રૂ.}$$

$$C = \frac{1}{2} \text{ હોય,}$$

$$1-C = \frac{1}{2} \text{ અને}$$

$$h = \frac{1}{10} \text{ હોય તો,}$$

$$M = \frac{1}{4} \times 1000 \times 40 \left\{ \frac{1}{2} + \frac{1}{10}\left(1 - \frac{1}{2}\right) \right\}$$

$$= 10,000 \left\{ \frac{1}{2} + \frac{1}{20} \right\}$$

$$= 5,000 + 500$$

$$\therefore M = 5500 \text{ રૂપિયા}$$

આમ, બેંકિંગ વ્યવસ્થાવાળા અર્થતંત્રમાં રોકડ નાણાની માંગ 5500 રૂપિયા થશે. ટૂંકમાં 5000 રૂપિયા થશે. ટૂંકમાં, 5000 રૂ. લોકોની રોકડ અને 500 બેંકોની રોકડ

7.3.7 પ્રૉ. રોબર્ટસનનું સમીકરણ (Prof. Robertson's Equation)

પ્રૉ. રોબર્ટ્સને જે સૂત્ર આપ્યું છે તે ઘણે અંશે પિગુના સૂત્રને મળતું આવે છે. જે નીચે મુજબ રજૂ કરી શકાય :

$M = PKT$ અથવા $P = \frac{M}{KT}$

આમ, પિગુ જ્યાં R નો ઉપયોગ કરે છે ત્યાં રૉબર્ટસન T નો ઉપયોગ કરે છે. બંને સંજ્ઞાઓ એક જ હકીકત સૂચવે છે. આ સૂત્ર વધુ સરળ છે તથા ફિશરના સૂત્ર સાથે સરખામણી કરવામાં તે વધુ ઉપયોગી છે.

દા.ત. ફિશરના સૂત્ર મુજબ,

$MV = PT$ અથવા $P = \frac{MV}{T}$

બંને સૂત્રોમાં P, M અને T ઘણે અંશે સમાન હકીકતો જ સૂચવે છે, જ્યારે તફાવત માત્ર K અને V નો જ છે. K રોકડ નાણાની માંગ એટલે કે, અહીં નહીં ખર્ચાતા નાણાનું પ્રમાણ દર્શાવે છે. જ્યારે V ખર્ચવામાં આવતાં નાણાનું પ્રમાણ દર્શાવે છે, કેમ કે, V નો આધાર નાણા કેટલી વખત ખર્ચાય છે તેના પર રહે છે. આથી એમ કહી શકાય કે, V વધે તો તેટલા પ્રમાણમાં હવે લોકો ઓછું રોકડ નાણું હાથ ઉપર રાખશે, અર્થાત્ K ઘટશે, અને K વધે તો એનો અર્થ એ છે કે લોકોએ ખર્ચ ઘટાડ્યો છે. આથી નાણાનો ચલણવેગ અર્થાત્ V ઘટશે. આમ, K અને V વચ્ચે વ્યસ્ત સંબંધ રહેલો છે.

બીજ ગણિતની તપાસમાં,

$V = \frac{1}{K}$ અથવા $K = \frac{1}{V}$

ફિશરના સૂત્રમાં Vના સ્થાને T મૂકતાં, MV = PT સૂત્ર નીચે મુજબ રજૂ કરી શકાય :

$M\left(\frac{1}{K}\right) = PT$ અથવા

$$\therefore M = PKT \text{ અથવા } P = \frac{M}{KJ}$$

ઉપરોક્ત સૂત્ર કે જે રોબર્ટસને રજૂ કરેલું છે.

7.3.8 પ્રૉ. માર્શલનું સમીકરણ (Prof. Marshall's Education)

રોકડ પુરાંતના સમીકરણની રજૂઆત કરતાં પ્રૉ. માર્શલ જણાવે છે કે નાણાનું મૂલ્ય નાણાની માંગ અને નાણાના પુરવઠા દ્વારા નક્કી થાય છે. નાણાની માંગનો આધાર લોકો તેમની વર્ષ દરમિયાન થતી કુલ આવક તેમ જ કુલ સંપત્તિનો કેટલો ભાગ પોતાની પાસે રોકડ સ્વરૂપમાં રાખવા માંગે છે તેના પર રહેલો છે, જ્યારે નાણાનો પુરવઠો કાયદેસરનું નાણું અને લોકોની બેંકમાં રહેલી થાપણો (Demand Deposits) દ્વારા નક્કી થાય છે. આ સમીકરણને નીચે મુજબ રજૂ કરી શકાય :

$$M = PKy \text{ અથવા } P = \frac{Ky}{M}$$

અહીં, M = નાણાનું પરિમાણ

P = ભાવસપાટી

Y = કુલ વાસ્તવિક આવક

K = વાસ્તવિક આવકનો જે ભાગ લોકો રોકડ સ્વરૂપમાં રાખવા માંગે છે તેનું પ્રમાણ

ઉપરોક્ત સમીકરણ દ્વારા પ્રો. માર્શલ જણાવે છે કે, નાણાનો પુરવઠો (M) સ્થિર રાખવામાં આવે તો પણ લોકોની રોકડ પ્રવૃત્તિ (K) માં થતાં ફેરફારો ભાવપાટીને અસર કરશે. તેમના મતે M કરતાં Kનું મહત્ત્વ વિશેષ છે.

7.3.9 પ્રૉ. કેઈન્સનું સમીકરણ (Prof. Keynes's Equation) :

રોકડ પુરાંતના સિદ્ધાંતનું સમીકરણ પ્રો. લૉર્ડ કેઈન્સે તેમના પુસ્તક 'Tract on Monetary Reform' (પ્રકરણ-3, વિભાગ-1)માં આપ્યું છે. કેઈન્સના મતે, લોકો તેમની ખરીદશક્તિનું અમુક પ્રમાણ રોકડ સ્વરૂપમાં રાખતા હોય છે. તેનો આધાર સમાજની સંપત્તિ અને લોકોની ટેવો પર રહેલો છે.

ધારો કે, લોકો વપરાશનાં k જેટલાં એકમો રોકડ સ્વરૂપમાં રાખે છે, જો દેશમાં કુલ નાણાનું પ્રમાણ n હોય, તો વપરાશનાં કુલ એકમો K નું મૂલ્ય નાણાનાં કુલ પ્રમાણ જેટલું થશે. જો વપરાશનાં કુલ એકમોની કિંમત P હોય તો –

$$n = pk \text{ અથવા } P = \frac{n}{k}$$

અહીં પણ જો બેંક નાણાને ધ્યાનમાં લઈ એમ માનીએ કે 'K' વપરાશના બેંકોમાં રાખવામાં આવે અને બેંકો તેમની થાપણોનો જ જેટલો ભાગ રોકડ સ્વરૂપમાં રાખે છે, તો કેઈન્સના સમીકરણને નીચે પ્રમાણે રજૂ કરી શકાય :

$$n = p(k + rk') \text{ અથવા}$$

$$P = \frac{n}{K + rk'}$$

અહીં, n = નાણાનું કુલ પરિમાણ

p = વપરાશના એક એકમની કિંમત

k = વપરાશના એકમો જેને લોકો રોકડ સ્વરૂપે હાથ પર રાખવા માગે છે.

k′ = બેંકોનું રોકડ પ્રમાણ

7.3.10 રોકડ પુરાંત (કેમ્બ્રિજ સમીકરણ)નાં સિદ્ધાંતની મર્યાદાઓ [Limitation of Cash balance (Cambridge Education) theory

(i) નાણાની માંગના અન્ય હેતુઓને ધ્યાનમાં લેવાયા નથી

રોકડ પુરાંતનો સિદ્ધંત નાણાની માંગના વિનિમય અને સાવચેતીના હેતુને ધ્યાનમાં લે છે. સટ્ટાકીય હેતુ માટે થતી નાણાની માંગ પ્રત્યે દુર્લક્ષ સેવે છે. જ્યારે સટ્ટાકીય હેતુ માટેની નાણાની માંગમાં વારંવાર પરિવર્તન આવે છે તેમાં થતાં ફેરફાર નાણાના મૂલ્યમાં પરિવર્તન લાવે છે.

(ii) રોકડ પુરાંતનું પ્રમાણ જાણવાનું મુશ્કેલ છે :

પ્રૉ. પિગુના રોકડ પુરાંતના સિદ્ધાંતમાં રોકડપુરાંત, નાણાનું મૂલ્ય નક્કી કરનાર અગત્યનું પરિબળ ગણવામાં આવે છે. પરંતુ લોકો પોતાની પાસે જુદા-જુદા હેતુઓસર રોકડ નાણું હાથ પર રાખે છે. પરંતુ, તેનું પ્રમાણ જાણવાનું મુશ્કેલ છે, જેથી આ સિદ્ધાંત મર્યાદિત બને છે.

(iii) ચક્રિય પરિવર્તનો

આ સિદ્ધાંત વેપારચક્રિય પરિવર્તનોની કોઈ સમજૂતી આપતો નથી. નાણા પ્રમાણમાં કોઈ ખાસ ફેરફાર ન થયા હોય છતાં તેના મૂલ્યમાં એકાએક શાથી ફેરફાર થાય છે, તેની સમજૂતી આ સિદ્ધાંત આપી શકતો નથી.

(iv) ટૂંકાગાળાની સમજૂતીનો અભાવ

કેમ્બ્રિજ સમીકરણ ટૂંકાગાળાના નાણાના પુરવઠામાં વધઘટ થવાથી ભાવસપાટી અને ઉત્પાદનમાં કેટલાં ફેરફારો થશે તેની સમજૂતી આપતું નથી.

(v) Rને વધુ પડતું મહત્ત્વ

K નક્કી કરવામાં R નિર્ણાયક પરિબળ છે જે અહીં R ને વધુ મહત્ત્વ આપે છે. પરંતુ K નક્કી કરવા માટે નાણાકીય ટેવો, ધંધાકીય એકીકરણ, ભાવસપાટી વગેરે જેવા મહત્ત્વનાં પરિબળોની ઉપેક્ષા કરવામાં આવી છે.

(vi) K અને R સ્થિર છે

રોકડ પુરાંતના સમીકરણમાં ફિશર સમીકરણની જેમ જ K અને R ને સ્થિર ધારવામાં આવ્યાં છે, જે યોગ્ય નથી.

તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. કેમ્બ્રિજ અર્થશાસ્ત્રીઓના મતે નાણાની માંગ અને નાણાના પુરવઠાની સમજૂતી આપો.
2. પ્રૉ. પિગુનું સમીકરણ વિગતે સમજાવો.
3. કેમ્બ્રિજ અર્થશાસ્ત્રીઓનો પ્રૉ. માર્શલ, રોબર્ટસન, કેઈન્સનો નાણા પરિમાણનો સિદ્ધાંત વિગતે સમજાવો.
4. રોકડ પુરાંતના સિદ્ધાંતની મર્યાદાઓ ચર્ચો.

## 7.4 મિલ્ટન ફ્રિડમેનનો નાણા પરિમાણનો સિદ્ધાંત (Prof. Milton Friendman theory of Money Supply)

### 7.4.1 પ્રસ્તાવના (Introduction)

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ ભાવ-સપાટી કે નાણાના મૂલ્યમાં થતાં ફેરફારોની સમજૂતી આપવા માટે નાણા પરિમાણનો સિદ્ધાંત વિકસાવ્યો હતો. આ સિદ્ધાંત મુજબ નાણું અર્થતંત્રમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. અને તેથી નાણાકીય નીતિ આર્થિક પરિબળોના નિયંત્રણ માટે અત્યંત મહત્ત્વનું સાધન છે, પરંતુ 1929ની મહામંદી દરમિયાન નાણાકીય નીતિ નિષ્ફળ નીવડી એટલે પ્રો. જે. એમ. કેઈન્સે પોતાના પુસ્તક 'The General Theory'માં નાણા પરિમાણના સિદ્ધાંતની આકરી ટીકા કરી અને પુરવાર કરવાનો પ્રયત્ન કર્યો કે નાણું મહત્ત્વનું નથી અને નાણાકીય નીતિ પણ એટલી ઉપયોગી નથી. પરિણામે એવો અભિપ્રાય પ્રચલિત બન્યો કે, નાણાની કોઈ અગત્ય નથી અને આ અભિપ્રાયને કેઈન્સિયન ક્રાંતિ તરીકે બિરદાવવામાં આવ્યો.

પરંતુ, ઈ.સ. 1950 બાદ ફરીથી નાણું મહત્ત્વનું બન્યું છે. આ બાબતનું પુનઃ સમર્થન અમેરિકાની શિકાગો યુનિવર્સિટીના પ્રાધ્યાપકોએ કર્યું. જેમાં પ્રૉ. મિલ્ટન ફ્રિડમેન અગ્રણી છે. આ ઉપરાંત અન્ય અર્થશાસ્ત્રીઓમાં શ્રીમતિ અન્ના સ્કવાર્ટ્ઝ, પ્રૉ. એલન મેલ્તઝર, કાર્લ બ્રુનર, પ્રૉ. હેન્રી જહોનસન વગેરેનો સમાવેશ થાય છે.

પ્રૉ. મિલ્ટન ફ્રિડમેન ગરીબ મા-બાપને ત્યા ન્યૂયોર્ક નજીક આવેલા બ્રુકલીન શહેરમાં જન્મ્યા હતા. શિકાગો યુનિવર્સિટીમાં M.A. થયા અને કોલંબિયા યુનિવર્સિટીમાં Ph.D. ની ઉપાધિ મેળવી. ઇ.સ. 1976માં તેમને અર્થશાસ્ત્રના વિષયમાં વિશિષ્ટ પ્રદાન કરવા બદલ નોબેલ પારિતોષિક એનાયત થયું. ઈ.સ. 1956માં પ્રૉ. મિલ્ટન ફ્રિડમેને "Studies in the Quantity theory of Money-A Restatement" નામનો લેખ લખીને નાણા પરિમાણ સિદ્ધાંતને નવજીવન બક્ષ્યું છે.

### 7.4.2 સિદ્ધાંતની રજૂઆત (Introduction of the Principle)

"નાણા પરિમાણનો સિદ્ધાંત એ નાણાની માંગનો સિદ્ધાંત છે. તે ઉત્પાદન, નાણાકીય આવક કે ભાવસપાટીનો સિદ્ધાંત નથી."

એટલે કે, નાણા પરિમાણના સિદ્ધાંત દ્વારા નાણાકીય આવક અને ભાવ સપાટી જાણવા હોય અને તેમને અંગે આગાહી કરવી હોય તો નાણા પરિમાણ સિદ્ધાંતનું પુનઃકથન કરવું પડે. આ માટે નાણાની માંગ, નાણાનો પુરવઠો અને અન્ય ફેરફાર પામતાં વાસ્તવિક તત્ત્વોને ગણતરીમાં લેવા પડે. પ્રૉ. મિલ્ટન ફ્રિડમેને નાણાની માંગને આવક અને ચલણવેગ સાથે સંકલિત કરીને કેવી રીતે નાણા પરિમાણનો સિદ્ધાંત સમજાવ્યો છે તે જોઈએ.

### 7.4.3 નાણાની માંગનો આધાર (The basis of the Demand and Money)

પ્રૉ. મિલ્ટન ફ્રિડમેનના મતે નાણાની માંગનો આધાર મુખ્યત્ત્વે ત્રણ પરિબળો પર છે.

(A) કુલ સંપત્તિ

(B) સંપત્તિના જુદા-જુદા સ્વરૂપો

(C) સંપત્તિ ધારકની રૂચિ અને પસંદગી

(A) કુલ સંપત્તિ (W) (Total Assets)

પ્રો. ફ્રિડમેનના મતે નાણાની માંગ એક અસ્કયામત કે સંપત્તિ તરીકે થાય છે.

સંપત્તિ એ આવકનું સાધન છે, સંપત્તિ એ જથ્થો છે અને આવક તેમાંથી વહેતો પ્રવાહ છે. સમાજમાં કુલ સંપત્તિ કેટલી છે તે જાણવાનું કામ મુશ્કેલ છે, પરંતુ નીચેના સૂત્ર દ્વારા સમાજની કુલ સંપત્તિનું પ્રમાણ જાણી શકાય.

$$W = \frac{Y}{r}$$

જ્યાં, W = કુલ સંપત્તિ

Y = કુલ આવક

r = વ્યાજનો દર

પ્રૉ. મિલ્ટન ફ્રિડમેન Y દ્વારા કાયમી આવકનો નિર્દેશ કરે છે. વ્યક્તિ તેની પાસે રહેલી કુલ સંપત્તિમાં વધઘટ કર્યા વિના પોતાની કુલ વપરાશ જાળવી શકે તેવી આવક એટલે કાયમી આવક.

જો કોઈ વ્યક્તિએ પોતાની કુલ સંપત્તિ સ્થિર રહે તે રીતે એક દાયકામાં રૂ. 10,00,000ની આવક મેળવવાની અપેક્ષા રાખી હોય તો તેની કાયમી વાર્ષિક આવક રૂ. 1,00,000 ગણાશે.

વ્યક્તિ જે કંઈ વપરાશ કરશે તેનો આધાર કાયમી વાર્ષિક આવક પર છે. આ કાયમી આવકમાં પ્રૉ. ફ્રિડમેને બધા જ પ્રકારની સંપત્તિમાંથી પ્રાપ્ય થનાર આવકનો સમાવેશ કર્યો છે.

(B) સંપત્તિના જુદા-જુદા સ્વરૂપો (Different forms of property)

નાણું એ એક પ્રકારની સંપત્તિ છે તે જ રીતે સંપત્તિનાં અન્ય વૈકલ્પિક સ્વરૂપો પણ છે. પ્રૉ. ફ્રિડમેને નાણા સહિતની સંપત્તિનાં પાંચ સ્વરૂપો નીચે મુજબનાં દર્શાવ્યાં છે :

(i) રોકડ નાણાના સ્વરૂપમાં (M)

(ii) નિશ્ચિત વ્યાજ આપતાં બૉન્ડ્ઝ કે જામીગીરીઓ (rb)

(iii) કંપીના શેર કે જે ડિવિડન્ડરૂપી આવક આપે છે. (re)

(iv) ભૌતિક સ્વરૂપની બિનમાનવીય સંપત્તિ. $\left(\frac{I}{P}\cdot\frac{dp}{dt}\right)$

(v) માનવ સંપત્તિના સ્વરૂપમાં (w)

ઉપર્યુક્ત પાંચે સ્વરૂપો વ્યક્તિને આવક આપે છે, જેને વિસ્તૃતમાં સમજીએ.

(i) રોકડ નાણાના સ્વરૂપમાં (M) :

લોકો રોકડ નાણાની માંગ કરે છે કેમ કે નાણું એક પ્રકારની સંપત્તિ છે અર્થાત્ તે આવકનું સાધન છે. નાણું હાથ પર રાખ્યું હોય તો કોઈ આવક થવાની સંભાવના નથી. થોડું ઘણું વ્યાજ મળી શકે, પરંતુ રોકડ નાણામાંથી ઓછી સંભાવના રહે છે. છતાં, લોકો રોકડ નાણાની માંગ કરે છે કેમ કે, તેમાંથી નાણાકીય નહીં તો માનસિક આવક તો મળે જ છે. નાણું હાથ પર રાખવાથી એક પ્રકારની સરળતા, સગવડ અને નિશ્ચિતતા પ્રાપ્ત થાય છે. પ્રૉ. મિલ્ટન ફ્રિડમેન તેના માટે 'M' સંજ્ઞાનો ઉપયોગ કરે છે.

(ii) બૉન્ડ્ઝ કે જામીનગીરીઓ (rb)

બૉન્ડના સ્વરૂપમાં રહેલી સંપત્તિ વ્યક્તિને નિશ્ચિત વ્યાજ આપે છે. આ ઉપરાંત, બૉન્ડના ભાવમાં વધઘટ થતાં તેમાંથી મૂડીલાભ કે મૂડીગેરલાભ પ્રાપ્ત થાય છે. બૉન્ડ્ઝ કે જામીનગીરીઓમાંથી પ્રાપ્ત થતાં વળતરને પ્રૉ. ફ્રિડમેન 'rb' સંજ્ઞા આપી છે.

(iii) શેર (re)

શેર રૂપી સંપત્તિમાંથી ડિવિડન્ડ મળે છે. જોકે ડિવિડન્ડની આ રકમ અંગે અનિશ્ચિતતા જોવા મળે છે. શેરના ભાવમાં વધારો-ઘટાડો થતાં તેમાં પણ મૂડીલાભ કે મૂડીગેરલાભ થાય ચે. શેરમાંથી જે વળતર મળે છે તેને પ્રૉ. ફ્રિડમેન (re) સંજ્ઞા આપી છે.

(iv) ભૌતિક સ્વરૂપની બિનમાનવીય સંપત્તિ $\left(\frac{I}{P}\cdot\frac{dp}{dt}\right)$

ભૌતિક સંપત્તિમાં મકાન, ફર્નિચર, ઘરેણાં વગેરેનો સમાવેશ થાય છે. આવી સંપત્તિ ઉપયોગિતાની દૃષ્ટિએ અગત્યની છે. જે વ્યક્તિ પાસે આવી સંપત્તિ હોય તેને એક પ્રકારનો આત્મસંતોષ થાય છે. આ આત્મસંતોષ એ એક પ્રકારની માનસિક આવક કે વળતર છે. આ માનસિક આવક ઉપર ભાવસપાટીમાં થતાં ફેરફારની અસર થાય છે. જો ભાવસપાટી (P) ને લક્ષમાં લઈએ તો અમુક નિશ્ચિત સમયે એક રૂપિયાનું મૂલ્ય ધરાવતી ભૌતિક સંપત્તિમાંથી મળતું વળતર –

$\frac{I}{P}\cdot\frac{dp}{dt}$ જેટલું હશે. આ સૂત્ર દર્શાવે છે કે ભૌતિક સંપત્તિના ભાવ વધશે તો તેમાંથી પ્રાપ્ત થતી ઉપયોગિતારૂપી આવકમાં પણ વધારો થશે. પ્રતિષ્ઠા મૂલ્ય ધરાવતી વસ્તુઓ અને સેવાઓ મોંઘીદાટ હોય છે. ત્યારે તેમાંથી મળતું વળતર પણ ઊંચું હોય છે.

(v) માનવ સંપત્તિનાં સ્વરૂપમાં (W)

સંપત્તિ ધારકો માનવીય સ્વરૂપમાં પણ સંપત્તિ ધારણ કરી શકે છે. પહેલાના સમયમાં ગુલામી પ્રથા વખતે વસ્તુની જેમ માનવીના ભાવ નક્કી થતાં અને ખરીદ-વેચાણ થતું. પરંતુ, આધુનિક સમયમાં માનવીય સંપત્તિનું સ્વરૂપ બદલાયું છે. અત્યારે વ્યક્તિ પોતાના બાળકને પૂરતું શિક્ષણ કે સ્વાસ્થ્ય આપવા પાછળ ખર્ચ કરે તો તે ભવિષ્યમાં તેની આવક કમાવવાની વ્યક્તિ વધારી શકે છે. ટૂંકમાં, આ સંપત્તિનો સંબંધ મનુષ્યની ઉત્પાદનશક્તિ સાથે સંકળાયેલ છે. જેને પ્રૉ. મિલ્ટન ફ્રિડમેને 'W' સંજ્ઞા વડે નિર્દેશ કર્યો છે.

(C) સંપત્તિ ધારકની રૂચિ અને પસંદગી (Interest and choice of property holder)

પ્રૉ. મિલ્ટન ફ્રિડમેને સંપત્તિ ધારકની રૂચિ અને પસંદગીનો નિર્દેશ કરતાં 'u' સંજ્ઞા આપી છે. સંપત્તિ ધરાવનાર પોતાની અભિરૂચિ અને પસંદગી જેવાં આત્મલક્ષી પરિબળોના આધારે કઈ સંપત્તિ કેટલા પ્રમાણમાં રાખવી અને બજારભાવમાં થતાં ફેરફારો મુજબ તેમાં કઈ રીતે ફેરફારો કરવા તે નક્કી કરે છે. પ્રૉ. ફ્રિડમેને એવું અનુમાન કર્યું છે કે, સમયના અમુક ચોક્કસગાળા દરમિયાન લોકોની અભિરૂચિ અને પસંદગી સામાન્ય રીતે સ્થિર રહે છે. પરિણામે પરિબળની નાણાની માંગ ઉપર વધારે અસર થતી નથી.

7.4.4 નાણાની માંગની વિધેય (The function of demanding money) :

નાણાની માંગ અને તેને અસર કરતાં વિવિધ પરિબળોને વિધેયના સ્વરૂપમાં પ્રૉ. મિલ્ટન ફ્રિડમેને નીચે મુજબ રજૂ કર્યા છે :

$$M = F\left(P,\ rb,\ re, \frac{I}{P}\cdot\frac{dp}{dt},\ w, y, u\right)$$

ઉપરોક્ત વિધેયમાં M એટલે નાણાની માંગને અસર કરતાં પરિબળો એકસાથે રજૂ કરવામાં આવ્યાં છે. નાણાની માંગ આ પરિબળોનું વિધેય છે તેમ દર્શાવવામાં આવ્યું છે. આ વિધેયમાં –

M = રોકડ નાણાની કુલ માંગ

P = ભાવ સપાટી, રોકડ નાણાની ખરીદશક્તિનો આધાર ભાવસપાટી પર છે.

rb = જુદા-જુદા પ્રકારના બૉન્ડમાંથી પ્રાપ્ત થતો અપેક્ષિત વળતરનો દર

re = જુદા-જુદા પ્રકારના શેરમાંથી પ્રાપ્ત થતો અપેક્ષિત વળતરનો દર

$\frac{I}{P}\cdot\frac{dp}{dt}$ = ભૌતિક સંપત્તિમાંથી પ્રાપ્ત થતો અપેક્ષિત વળતરનો દર

W = ભૌતિક અને માનવીય સંપત્તિ વચ્ચેનો ગુણોત્તર

Y = કાયમી નાણાકીય આવક

R = સંપત્તિધારકોની અભિરુચિ અને પસંદગીમાં ફેરફાર લાવતાં પરિબળો

F = Function એટલે કે, વિધેય અર્થાત્ રોકડ નાણાની માંગ (M) એ કૌંસમાં દર્શાવેલા પરિબળનું વિધેય છે.

પ્રૉ. ફ્રિડમેને નાણાની માંગના આ વિધેયને નાણા પરિમાણના સમીકરણમાં વ્યક્ત કર્યું છે. પ્રૉ. ફિશરે નાણા પરિમાણનું સમીકરણ MV = PT આપ્યું છે. જો આ મુજબ નાણા પરિમાણ સમીકરણ મેળવવું હોય તો ઉપરના વિધેયની બંને બાજુઓને Y વડે ભાગવી પડે.

ઉપરાક્ત સમીકરણને Y વડે ભાગતાં,

$$\frac{M}{Y} = F\left(\frac{P}{Y}, rb , re, \frac{1}{P}\cdot\frac{dp}{dt}, w, \frac{y}{y}, u\right)$$

$$\therefore \frac{M}{Y} = F\left(\frac{P}{Y}, rb , re, \frac{1}{P}\cdot\frac{dp}{dt}, w, 1, u\right)$$

ઉપરના વિધેયમાં M એટલે રોકડનાણાની કુલ માંગ અને Y એટલે કાયમી નાણાકીય આવક જો M/Y ઊલટાવીએ તો Y/M મળે. ધારો કે, નાણાકીય આવક રૂ. 10,000 છે અને રોકડ નાણાની માંગ રૂ. 1,000 છે. માટે Y/M = રૂ. 10,000 â રૂ. 1,000 = 10 થશે.અર્થાત્ નાણાના એક એકમે 10 વખત આવક બનવું પડશે. આમ, Y/M એ નાણાનો આવક ચલણવેગ છે. માટે M/Y એ આવક ચલણવેગનું વ્યસ્ત સ્વરૂપ છે.

$$\therefore \frac{M}{Y} = \frac{1}{V} \text{ અને } \frac{Y}{M} = V$$

નાણાની માંગના વિધેયમાં ચલણવેગને સાંકળવા માટે તેની રજૂઆત નીચે પ્રમાણે કરવી પડશે :

$$\therefore \frac{M}{Y} = \left\{\frac{1}{Y\left(\frac{P}{Y}, rb, re, \frac{1}{P}\cdot\frac{dp}{dt}, w, 1, u\right)}\right\}$$

જો ઉપરોક્ત વિધેયને ઊલટાવીએ તો,

$$\therefore \frac{Y}{M} = f \left\{ \frac{V\left(\frac{P}{Y}, \text{rb, re, } \frac{1}{P}\cdot\frac{dp}{dt}, \text{w, l, u}\right)}{1} \right\}$$

M ને ડાબી બાજુએથી જમણી બાજુએ લઈ જઈએ તો,

$$Y = V\left(\frac{P}{Y}, \text{rb, re, } \frac{1}{P}\cdot\frac{dp}{dt}, \text{w, l, u}\right)M$$

ઉપરોક્ત સમીકરણો પરથી ફલિત થાય છે કે, કાયમી આવક Yનો આધાર ચલણવેગ V અને નાણા પરિમાણ M પર રહેલો છે. ચલણવેગ કૌંસમાં દર્શાવેલાં પરિબળો જેવાં કે, rb, re ..........u પર આધાર રાખે છે. આમ, પ્રૉ. મિલ્ટન ફ્રિડમેને ચલણવેગને અસર કરતાં પરિબળો વિશદ્ રીતે રજૂ કર્યા છે. પ્રૉ. ફ્રિડમેનના મતે આ પરિબળોમાં ઓચિંતા ફેરફાર નથી આવતાં. તેમાં આવતા ફેરફારો અંગે આગાહી કરવી શક્ય છે. આમ, પ્રત્યક્ષ રીતે નાણાની માંગને અને પરોક્ષ, રીતે ચલણવેગને નક્કી કરતાં આ rb, re ...... વગેરે... પરિબળો સ્થિર અને આગાહી કરી શકાય તેવા છે.

અહીં જોઈ શકાય છે કે, પ્રો. ફિશરે ચલણવેગને સ્થિર ગણ્યો હતો. પ્રો. કેઈન્સે તેને (K દ્વારા) અસ્થિર ગણ્યો હતો, જ્યારે પ્રૉ. મિલ્ટન ફ્રિડમેનનાં મતે નાણાનો ચલણવેગ એક રીતે અસ્થિર છે. પરંતુ ખાસ વિશિષ્ટ અર્થમાં તે સ્થિર છે તે અસ્થિર એટલા માટે કે તેમાં ફેરફાર શક્ય છે. અમેરિકન ઇતિહાસનો સંદર્ભ આપીને પ્રૉ. ફ્રિડમેને જણાવ્યું છે કે, આવક વધારા સાથે નાણાની માંગ વધતી જાય છે. નાણા પુરાંતોની માંગની સાપેક્ષતા એકમથી વધુ લગભગ 1.8 છે. માટે આવકનો એક એકમ વધતાં નાણા પુરાંતોની કે નાણાની માંગમાં 1.8નો વધારો થાય છે. જો નાણાની માંગ વધે તો નાણાનો ચલણવેગ ઘટે. આમ, ચલણવેગમાં ક્રમશઃ ઘટાડો થઈ રહ્યો છે. આમ, ચલણવેગ અસ્થિર છે; પરંતુ નાણાની માંગને (એટલે કે પરોક્ષ રીતે ચલણવેગને) અસર કરતાં પરિબળો સ્થિર અને આગાહી કરી શકાય તેવા છે. માટે આ વિશિષ્ટ અર્થમાં ચલણવેગ સ્થિર છે. નાણાના ચલણવેગમાં જે ક્રમશઃ ઘટાડો થાય છે તે જોઈ શકાય તેવો છે. તેથી ઉત્પાદન અને ભાવસપાટીની સ્થિરતા માટે અન્ય પરિબળ એટલે કે, નાણાનો પુરવઠો (M) અગત્યનું બને છે. નાણાનો પુરવઠો દેશની મધ્યસ્થ બેંક અને વેપારીબેંકો દ્વારા સંયુક્ત રીતે નક્કી થાય છે. નાણાના આ પુરઠામાં થતો ફેરફાર ભાવ સપાટીમાં અને નાણાના મૂલ્યમાં ફેરફાર કરે છે.

આમ, પ્રૉ. મિલ્ટન ફ્રિડમેને નાણાનો પુરવઠો નાણાના મૂલ્યને અસર કરતું અગત્યનું પરિબળ છે. તેવું સાબિત કરીને તે દ્વારા નાણા પરિમાણ સિદ્ધાંતનું પુનઃ કથન કર્યું છે. પ્રૉ. ફ્રિડમેને નાણાની માંગનો વિસ્તૃત રીતે વિચાર કરીને તે દ્વારા નાણા પરિમાણનો ભાવસપાટી સાથે સંબંધ જોડ્યો છે. નાણા પરિમાણનો સિદ્ધાંત પ્રત્યક્ષ રીતે ભાવસપાટી ઉત્પાદન કે આવક અંગે કંઈ જણાવતો નથી. તેમના શબ્દોમાં કહીએ તો,

"નાણા પરિમાણનો સિદ્ધાંત એ નાણાની માંગનો સિદ્ધાંત છે. તે ઉત્પાદન, નાણાકીય આવક કે ભાવસપાટીનો સિદ્ધાંત નથી."

7.4.5 ફિશર-કેમ્બ્રિજ સમીકરણો સાથે તુલના (Comparison with Fisher Cambridge Equations)

આગળના પ્રશ્નોમાં આપણે ફિશરના વિનિમય સમીકરણ MV = PTની તુલના

કેમ્બ્રિજ સમીકરણ M = pKR સાથે કરીને આ બંને સમીકરણોનાં પદો પરસ્પર મળતાં આવે છે તેમ દર્શાવ્યું છે. તે જ રીતે ફ્રિડમેનના સમીકરણને પણ ફિશર-કેમ્બ્રિજ સમીકરણ સાથે સરખાવીએ તો તેનાં પદો પણ મળતાં આવતાં જોઈ શકાશે.

- ફ્રિડમેનનું સમીકરણ (Fridman's Equation)

Y = V (--------) M

અહીં, Y એ કાયમી નાણાકીય આવક કે જે કાયમી વાસ્તવિક આવક (R) ને ભાવસપાટી (P) વડે ગુણવાથી મળી શકે, તેથી Y = PR કહી શકાય. K એ ચલણવેગનું વ્યસ્ત સ્વરૂપ છે.

$\therefore$ V = 1/K

$\therefore$ Y = V (----------) M

$\therefore$ Y = MV

$\therefore$ PR = MV

$\therefore$ MV = PR

જો ઉપરોક્ત સમીકરણમાં R ના સ્થાને T મૂકીએ તો ફિશરનું સમીકરણ MV = PT પ્રાપ્ત થાય. પરંતુ, જો ઉપરના સમીકરણમાં V ના સ્થાને 1/K મૂકીએ તો નીચે મુજબ કેમ્બ્રિજ (પિગુ)નું સમીકરણ પ્રાપ્ત થાય.

જેમ કે,

$\therefore$ MV = PR

$$\therefore \ M \cdot \frac{1}{K} = PR$$

$\therefore$ M = PKR

પ્રથમ દૃષ્ટિએ દેખાતી આ સમાનતા હોવા છતાં આ સમીકરણનાં પદોમાં તફાવત તો છે જ. ફિશર અને કેમ્બ્રિજનો V સ્થિર છે. જ્યારે મિલ્ટન ફ્રિડમેનનો V લગભગ જ સ્થિર છે. ફિશર-કેમ્બ્રિજે V ને અસર કરતાં પરિબળોનો વિશદતાથી વિચાર નથી કર્યો. જ્યારે પ્રૉ. ફ્રિડમેને આ પરિબળોનો કૌંસમાં દર્શાવીને તેમનો વિશદતાથી વિચાર કર્યો છે. ફિશરનો V સોદાકીય ચલણ વેગ દર્શાવે છે. કેમ્બ્રિજનો V આવક ચલણવેગ દર્શાવે છે. ફ્રિડમેનનો V પણ આવક ચલણ વેગ દર્શાવે છે. ફ્રિડમેને V ને નાણાના પુરવઠાથી સ્વતંત્ર દર્શાવ્યો હોવાથી તેની ભાવસપાટી પર પડતી અસરને નકારી છે અને તે રીતે M પર તેની અસર પડે છે તેમ દર્શાવ્યું છે. ફિશરનો M વિનિમયના માધ્યમ તરીકે, જ્યારે ફ્રિડમેનનો M સંપત્તિ તરીકે છે.

---

- **તમારી પ્રગતિ ચકાસો (ગ)**

---

1. પ્રૉ. મિલ્ટન ફ્રિડમેનના મતે નાણાની માંગનો આધાર કયા પરિબળો પર રહેલો છે વિગતે સમજાવો.
2. પ્રૉ. મિલ્ટન ફ્રિડમેનનો નાણા પરિમાણનો સિદ્ધાંત વિગતે સમજાવો.
3. પ્રૉ. મિલ્ટન ફ્રિડમેનના સમીકરણની ફિશર કેમ્બ્રિજ સમીકરણો સાથે તુલના કરો.

## 7.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

- સૂચકઆંક (Indicator)

"નાણાના મૂલ્યમાં થતાં ફેરફારોને જે પદ્ધતિ દ્વારા માપવામાં આવે છે. તેને સૂચક આંક પદ્ધતિ કહેવાય છે. સમયનાં બે બિંદુઓ વચ્ચે નાણાના મૂલ્યમાં થતાં ફેરફારો સૂચક આંક પદ્ધતિ દ્વારા માપી શકાય છે."

- નાણા પરિમાણ (Quantity of Money)

"અમુક ચોક્કસ સમયગાળા દરમિયાન (વર્ષ દરમિયાન) કુલ નાણાનો જથ્થો/પ્રમાણ એટલે નાણા પરિમાણ."

- ભાવ સપાટી (Price Level) :

"ભાવ સપાટી એ અર્થતંત્રમાં ઉત્પાદિત માલસામાન અને સેવાઓના સમગ્ર ઉત્પાદનની વર્તમાન કિંમતોની સરેરાશ છે."

- રોકડ પુરાંત (Cash Balance) :

લોકો પોતાની આવકનો જે ભાગ રોકડ સ્વરૂપે હાથ પર રાખે તેને રોકડ પુરાંતની માંગ / રોકડ પુરાંત કહે છે."

- **'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો**

- **તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) વિભાગ 7.2.2 વાંચો.

(2) વિભાગ 7.2.3, 7.2.4 વાંચો

(3) વિભાગ 7.2.5 વાંચો

- **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) વિભાગ 7.3.2 અને 7.3.3 વાંચો

(2) વિભાગ 7.3.5, 7.3.6 વાંચો

(3) વિભાગ 7.3.7, 7.3.8 અને 7.3.9 વાંચો

(4) વિભાગ 7.3.10 વાંચો

- **તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(1) વિભાગ 7.4.3 વાંચો

(2) વિભાગ 7.4 અને તેના પેટા વિભાગ (1, 2, 3, 4) વાંચો.

(3) વિભાગ 7.4 વાંચો

- **યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો**

1. "Purchasing Power of Money" – આ પુસ્તક કોનું છે ?

(અ) પ્રૉ. ફિશર (બ) પ્રૉ. રોબર્ટ્સન

(ક) પ્રૉ. પિગુ (ડ) પ્રૉ. કેઈન્સ

2. નાણા પરિમાણનો સૌ પ્રથમ સિદ્ધાંત કયા અર્થશાસ્ત્રીએ આપ્યો હતો ?
   (અ) પ્રૉ. કેઈન્સ (બ) પ્રૉ. ફિશર
   (ક) પ્રૉ. પિગુ (ડ) પ્રૉ. રોબર્ટ્સન
3. "The General Theory" નામનું પુસ્તક કયા અર્થશાસ્ત્રીનું છે ?
   (અ) પ્રૉ. પિગુ (બ) પ્રૉ. માર્શલ
   (ક) પ્રૉ. કેઈન્સ (ડ) પ્રૉ. રોબર્ટ્સન
4. $P = \frac{M}{KR}$ આ સમીકરણ કોણે આપ્યું છે ?
   (અ) પ્રૉ. પિગુ (બ) પ્રૉ. કેઈન્સ
   (ક) પ્રૉ. રોબર્ટ્સન (ડ) પ્રૉ. માર્શલ
5. રોકડ પુરાંતોની માંગને પ્રૉ. પિગુ __________ તરીકે ઓળખાવે છે.
   (અ) P (બ) R
   (ક) K (ડ) T
6. નીચેનામાંથી કયું સમીકરણ રોબર્ટ્સનનું છે ?
   (અ) M = PKR (બ) M = PKT
   (ક) $P = \frac{M}{KT}$ (ડ) **(બ) અને (ક) બંને**
7. ફિશરના સમીકરણમાં નાણાના કયા કાર્યને વિશેષ મહત્ત્વ આપ્યું છે ?
   (અ) વિનિમય (બ) સાવચેતી
   (ક) સંગ્રહ (ડ) સટ્ટાકીય
8. કેમ્બ્રિજ સમીકરણો નીચેનામાંથી કયા અર્થશાસ્ત્રીઓએ રજૂ કર્યા છે ?
   (અ) પ્રૉ. પિગુ (બ) પ્રૉ. રોબર્ટ્સન
   (ક) પ્રૉ. કેઈન્સ (ડ) ત્રણેય
9. નાણાના ચલણવેગને આગાહી કરી શકાય તેવો કયા અર્થશાસ્ત્રીઓએ ધાર્યો છે ?
   (અ) પ્રૉ. ફિશર (બ) પ્રૉ. કેઈન્સ
   (ક) પ્રૉ. મિલ્ટન ફ્રિડમેન (ડ) પ્રૉ. રોબર્ટ્સન

---

- **ખાલી જગ્યા પૂરો**

---

1. ફ્રિડમેનના સમીકરણમાં Y/P __________ દર્શાવે છે.
2. નાણાના પુરવઠા અને નાણાના મૂલ્ય વચ્ચે __________ સંબંધ છે.
3. કેમ્બ્રિજ અર્થશાસ્ત્રીઓએ નાણાના __________ કાર્યને વિશેષ મહત્ત્વ આપ્યું છે.
4. "Tract on Monetary Reform" આ પુસ્તક __________ દ્વારા લખાયું છે.
5. "નાણા પરિમાણનો સિદ્ધાંત એ નાણાની માંગનો સિદ્ધાંત છે, તે ઉત્પાદન, નાણાકીય આવક કે ભાવસપાટીનો સિદ્ધાંત નથી." – આ વિધાન __________નું છે.

- **ખાલી જગ્યાના જવાબો**

1 કાયમી વાસ્તવિક આવક

2 વ્યસ્ત

3 મૂલ્યના સંગ્રાહક

4 પ્રૉ. કેઈન્સ

5 પ્રૉ. મિલ્ટન ફ્રિડમેન

- **વૈકલ્પિક પ્રશ્નોના જવાબો**

1 (અ) પ્રૉ. ફિશર

2 (બ) પ્રૉ. ફિશર

3 (બ) પ્રૉ. કેઈન્સ

4 (અ) પ્રૉ. પિગુ

5 (ક) K

6 (બ) અને (ક) બંને

7 (અ) વિનિમય

8 (ડ) ત્રણેય

9 (ક) પ્રૉ. મિલ્ટન ફ્રિડમેન

---

- **સંદર્ભ પુસ્તકો (References)**

1. આર્થિક સિદ્ધાંતો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-6, પ્રથમ આવૃત્તિ : 1976, દ્વિતીય આવૃત્તિ (પુનર્મુદ્રિત), પાના નં. 28 - 64.
2. Principles of Macro Economics, C. Rangrajan, B. H. Dholakia, First Reprinted - 1980, Page No. 113-125.
3. Dr. Rajesh Pal - Prof. and Head Dep. of Eca. Varanasi-02, Paper, Cash - Balance Approach,
4. http:\\www.economicsdiscussion.net

# એકમ-8 વ્યાજના સિદ્ધાંતો - I (પ્રશિષ્ટ અને નવપ્રશિષ્ટ અભિગમ)

રૂપરેખા :


8.0. ઉદ્દેશો

8.1. પ્રસ્તાવના

8.2. વ્યાજનો અર્થ

8.3. વ્યાજના શિષ્ટ સિદ્ધાંતો

8.3.1 આત્મસંયમનો સિદ્ધાંત

8.3.2. પ્રતિક્ષાના સિદ્ધાંત

8.3.3. સમય પસંદગીનો સિદ્ધાંત

8.3.4. માંગ અને પુરવઠાનો સિદ્ધાંત

8.3.5. ધિરાણ-ભંડોળનો સિદ્ધાંત

8.4. સારાંશ

8.5. ચાવીરૂપ શબ્દો :

8.6. સ્વાધ્યાય


## 8.0. ઉદ્દેશો

– આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

– વ્યાજનો ખ્યાલ સમજાવી શકશો.

– વ્યાજ ઉદ્‌ભવવાના કારણો જણાવી શકશો.

– વ્યાજના શિષ્ટ સિદ્ધાંતોની ચર્ચા કરી શકશો.

## 8.1 પ્રસ્તાવના

આજના આધુનિક યુગમાં મોટા પાયે ઉત્પાદન કરવામાં આવે છે. તેથી સ્વભાવિક છે કે ઉત્પાદનનાં બધા જ સાધનો બધા જ ઉત્પાદક પાસે પોતાની માલિકીના ન પણ હોય. તેથી ઉત્પાદન કોઈ પણ સાધન ભાડે લેતા જમીનને ભાડું. શ્રમિકને વેતન, નિયોજકને નફો અને મૂડીને વ્યાજના સ્વરૂપમાં વળતર ચૂકવવામાં આવે છે. મૂડી પણ ઉત્પાદન વિવિધ સાધનોમાનું એક અગત્યનું સાધન છે. મૂડીનાં ઉપયોગ બદલ તેના માલિકને પહેલેથી નક્કી કરેલ વળતર ચૂકવામાં આવે છે. તેને આપણે વ્યાજ તરીકે ઓળખીએ છીએ. તેથી મૂડીની સાથે વ્યાજનો પ્રશ્ન પણ મૂડીવાદી અર્થવ્યવસ્થામાં એટલો જ મહત્ત્વ પૂર્ણ બની રહે છે.

## 8.2 વ્યાજનો અર્થ

સામાન્ય અર્થમાં નાણા ઉછીનાં લેનાર વ્યક્તિ નાણાના ઉપયોગ કરવા બદલ નાણા ઉછીના આપનાર વ્યક્તિને જે નકકી કરેલ રકમ વળતર તરીકે આપે છે. તેને વ્યાજ તરીકે ઓળખવામાં આવે છે. તેથી વ્યાજ એ મૂડીના ઉપયોગ બદલ ચૂકવાતી રકમ છે. તેને નાણાનાં સ્વરૂપમાં દર્શાવામાં આવે છે. મુદ્દલ રકમ પર વર્ષદીઠ ટકાવારીના સ્વરૂપમાં વ્યાજ દર્શાવામાં આવે છે. ધારો કે કોઈ વ્યક્તિ ઉછીના ૫૦૦ રૂપિયા લે અને વર્ષના અંતે મૂડીના માલિકને ૫૫૦ રૂપિયા આપે તો ૫૦ વધારાના રૂપિયા વ્યાજ છે અને વાર્ષિક ૧૦ રૂપિયા વ્યાજદર છે.

અર્થશાસ્ત્રીઓએ આપેલી વ્યાજની વ્યાખ્યા

પ્રો. માર્શલ : મૂડીપતિ દ્વારા મૂડી લેનાર વ્યક્તિ પાસેથી નિશ્ચિત સમય માટે મૂડીનો ઉપયોગ કરવા બદલ જે વળતર ચૂકવામાં આવે તેને વ્યાજ કહે છે.

**પ્રો. સોલિઝોન :** "વ્યાજ એ મૂડી ભંડોળમાંથી મળતું વળતર છે."

**પ્રો. જે. એસ. મીલ :** "વ્યાજ એ ત્યાગ માટેનું મહેનતાણું છે"

આમ ટૂંકમાં દરેક વ્યાખ્યાનનો સાર એ છે કે "વ્યાજ એ મૂડી વાપરવાની કિંમત છે. જે મૂડીપતિ ને મૂડીના ત્યાગના બદલામાં મળે છે.".

## 8. 3 વ્યાજદર અંગેના પ્રશિષ્ટ સિદ્ધાંત

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ વચ્ચે વ્યાજના અર્થઘટન અંગે મોટા પ્રમાણમાં મતભેદ નથી. પરંતુ વ્યાજના દર કયા પરિબળો દ્વારા નક્કી થાય તે બાબતમાં અલગ-અલગ મત ધરાવે છે. તેમ છતાં વ્યાજદર નક્કી કરવામાં નાણું ભાગ ભજવતું નથી. પરંતુ નાણા પાછળના બિન-નાણાકીય કે વાસ્તવિક પરિબળો ભાગ ભજવે છે તે પ્રશિષ્ટ અર્થશસ્ત્રી સર્વ મતે સ્વીકાર કરે છે. તેથી તે સિદ્ધાંતોને બિનનાણાકીય કે વાસ્તવિક સિદ્ધાંત તરીકે ઓળખાય છે.

### 8. 3. 1 આત્મસંયમનો સિદ્ધાંત

પ્રો. સિનિયર આ સિદ્ધાંતના પ્રણેતા છે. તેમના મતે, "વ્યાજ અંતે આત્મસંયમનું વળતર છે." આ સિદ્ધાંત પ્રમાણે લોકો જે વ્યાજરૂપે આવક મેળવે છે. તે તેમના આત્મસંયમના બદલાના સ્વરૂપે મેળવે છે. પ્રો. સિનિયરના મતે મૂડીની માંગનો આધાર મૂડીના પુરવઠાને સમજાવતો સિદ્ધાંત રજૂ કર્યો. તેમની દલીલ મુજબ, બચતો એ મૂડીના પુરવઠાનું ઉદ્‌ગમ સ્થાન છે અને આ બચતો કરવા માટે લોકોએ વર્તમાન વપરાશનો ત્યાગ કરવો પડે છે. લોકો વર્તમાન વપરાશમાંથી જે સંતોષ મેળવી શકયા હોય તેનો ત્યાગ કરવામાં આવે છે. એટલે કે આત્મસંયમ કરવો પડે છે. જે લોકોમાં આત્મસંયમ કરવાનો ગુણ હોતો નથી, તે લોકો વ્યાજ મેળવી શકતા નથી, અને જે લોકોમાં આત્મસંયમનો ગુણ હોય છે. તેઓ વર્તમાન ઉપભોગનો ત્યાગ કરીને બચત કરે છે અને આ બચતના રોકાણ દ્વારા તેઓ વ્યાજ પ્રાપ્ત કરે છે. મોટાભાગે દરેક વ્યક્તિ પોતાની આવક હંમેશા વર્તમાનમાં જ વાપરવા માટે તત્પર (આતુર) હોય છે. જ્યારે તેઓ બચત કરે છે. ત્યારે તેમને વર્તમાન ઉપભોગનું બલિદાન કરવું પડે છે. તેથી બચતનું કાર્ય કઠિન હોય છે. જે લોકો પોતાના આત્મસંયમ દ્વારા બચત કરીને નાણા વ્યાજે પૂરા પાડવાનું કાર્ય કરે છે. તેમને, ત્યાગનાં પ્રમાણમાં વિશેષ વળતર આપવામાં ન આવે તો તેઓ ફરી બચત કરવાનું વિચારશે નહિ. તેથી જે લોકો બચતો કરીને ધિરાણ આપે છે. તેમણે કરેલા ત્યાગના બદલામાં અને તેમના આત્મસંયમના વળતર રૂપે વ્યાજ આપવું જરૂરી બને છે.

લોકોમાં ત્યાગ કરવાની ક્ષમતા અથવા તો આત્મસંયમ કરવાની ક્ષમતા દ્વારા વ્યાજના દર નક્કી થાય છે. આત્મસંયમ ક્ષમતા અલગ અલગ સમાજમાં જુદી જુદી હોય છે. તેથી અલગ અલગ સમાજમાં વ્યાજના દર અલગ અલગ જોવા મળે છે. લોકો જેટલા આત્મસંયમી વધુ હોય તેટલા પ્રમાણમાં બચત વધુ થાય છે. જેથી વ્યાજનો દર નીચો નક્કી થાય છે. તેનાથી ઊલટું જેમ લોકો આત્મસંયમી ઓછા તેમ બચત ઓછી થાય છે. તેથી વ્યાજનો દર ઊંચો નક્કી થાય છે. આમ, વ્યાજના દર અને આત્મસંયમ વચ્ચે વ્યસ્ત સંબંધ રહે છે. ટૂંકમાં એમ કહી શકાય કે વ્યાજ એ આત્મસંયમનું વળતર છે.

સિદ્ધાંતની ટીકાઓ

- મૂડીના પૂરવઠાને જ મહત્ત્વ

આ સિદ્ધાંતમાં વ્યાજને નક્કી કરવા માટે માત્ર ને માત્ર મૂડીના પૂરવઠાને જ ધ્યાનમાં લેવામાં આવ્યો છે અને મૂડીની માંગની (અવગણના)ને ધ્યાનમાં લેવામાં આવી નથી. આ સિદ્ધાંત ટીકાપાત્ર બન્યો છે.

- અવ્યવહારુ અનુમાન

પૂર્ણ હરીફાઈના અવ્યવહારુ અનુમાનને આધારે આ સિદ્ધાંત આપેલ હોવાથી તેનું વ્યવહારિક મૂલ્ય ઘટી જાય છે.

- ભવિષ્યની સલામતી માટે થતી બચતમાં આનંદ

લોકો પોતાના ભવિષ્યની સલામતી માટે પણ બચત કરતાં હોય છે. આ બચત કરવામાં તેમને આનંદ આવતો હોય છે. આવા લોકો માટે આ બચત કષ્ટદાયી નહિ પરંતુ આનંદદાયી હોય છે અને તેથી જ આ સિદ્ધાંત ટીકાપાત્ર બન્યો છે.

8. 3. 2 પ્રતીક્ષાનો સિદ્ધાંતો

આ સિદ્ધાંતના પ્રણેતા પ્રો. માર્શલ છે. પ્રો.માર્શલના મત મુજબ વ્યાજ એ આત્મસંયમનું નહિ પરંતુ પ્રતીક્ષાનું વળતર છે. પ્રો. સિનિયરના આત્મસંયમના ખ્યાલમાં સુધારો કરતા જણાવે છે કે હકીકતમાં ઉદ્યોગ-ધંધામાં મોટા ભાગે મૂડી પૂરી પાડનાર લોકો ધનિક હોય છે. તેથી તેમને બચત કરવામાં ખાસ કોઈ આત્મસંયમ કે બલિદાન કરવાની જરૂર પડતી નથી. તેથી આત્મસંયમ નહિ પરંતુ પ્રતીક્ષા વ્યાજના દરને અસર કરનારું પરિબળ છે. ધનિક લોકો પાસે તેમની જરૂરિયાત કરતાં વધુ આવક હોય છે. તેથી તેઓ વર્તમાન વપરાશ પર કાપ મુક્યા સિવાય બચત કરી શકે છે અને તેનું ધિરાણ કરી વ્યાજ મેળવે છે. ધનિક લોકો પોતાની બચત માટે વર્તમાન વપરાશને ભવિષ્ય પર મુલત્વી રાખે છે. આ સમયગાળા દરમિયાન તેમણે નાણાની વપરાશ કે તેમાંથી મળતાં સંતોષની પ્રતીક્ષા કરવી પડે છે આ પ્રતીક્ષાનો અનુભવ પણ આનંદદાયક હોતા નથી. પ્રતીક્ષા કરનારે જે ત્યાગ અને માનસિક તનાવ સહન કરવો પડે છે. તેના બદલામાં, તેને વ્યાજ આપવામાં આવે છે. તેથી વ્યાજ એ આત્મસંયમનું નહીં, પરંતુ પ્રતીક્ષાનું વળતર છે. લોકોની પ્રતીક્ષાવૃત્તિ વધારે હોય તો વ્યાજનો દર નીચે નક્કી થાય છે અને પ્રતીક્ષાવૃત્તિ ઓછી હોય તો વ્યાજનો દર ઊંચો નક્કી થાય છે.

આ બાબત હજુ શંકાસ્પદ છે. કે ધનિક લોકો લૉન આપીને પ્રતિક્ષાનો દુઃખદ અનુભવ કરે છે કે નહિ. ધનિક લોકો વ્યાજનો દર શૂન્ય હોય ત્યારે પણ બચત કરતા હોય છે. આ સિદ્ધાંતમાં પણ પુરવઠા પર વધુ ધ્યાનવ આપવામાં આવ્યું છે. જ્યારે માંગ પર ધ્યાન આપવામાં આવ્યું નથી.

- સિદ્ધાંતની ટિકાઓ

– આ સિદ્ધાંતમાં માત્ર મૂડીની પુરવઠાને મહત્ત્વ આપવામાં આવ્યું છે.

– બચતો કષ્ટરહિત હોય છે.

– ભવિષ્યની સલામતી માટે કરવામાં આવતી બચત માટે આનંદ મળે છે.

– પૂર્ણ હરીફાઈના અવ્યવહારું અનુમાનને આધારે સિદ્ધાંત આપેલો હોવાથી તેનું વ્યવહારિક મૂલ્ય ઓછું થઈ જાય છે.

8. 3. 3 સમય પસંદગીનો સિદ્ધાંત

ઓસ્ટ્રિયન અર્થશાસ્ત્રી બોહ્મ બોવાર્કે આ સિદ્ધાંત રજૂ કર્યો હતો. તેઓ કહે છે

કે, લોકો ભવિષ્યના ઉપયોગ કરતાં વર્તમાનમાં ઉપભોગ કરવાનું વધુ પસંદ કરે છે. આથી વ્યાજ એ વર્તમાન ઉપભોગને ભવિષ્યમાં છોડી દેવાનું વળતર છે. એટલે કે લોકો સમક્ષ વર્તમાન આવક અને ભવિષ્યની આવક વચ્ચે પસંદગી કરવાનું કહેવામાં આવે તો તેઓ મોટેભાગે વર્તમાન આવક વધુ પસંદ કરે છે. એટલે કે લોકોમાં ભવિષ્યને ઓછું અંદાજવાની દૃષ્ટિ હોય છે. તેથી લોકોને તેમના ભવિષ્યના ઉપભોગને વર્તમાન ઉપભોગની સમાન ગણના કરવા માટે જે વળતર આપવામાં આવે છે તેને વ્યાજ કહે છે. તેથી વ્યાજ એ મનુષ્યને પોતાના વર્તમાન ઉપભોગ ને કેટલાક સમય પૂરતો સ્થગિત કરવા માટે ચૂકવવામાં આવતું વળતર છે. લોકોની વર્તમાન સમયમાં નાણાનો ઉપભોગ કરવાની અધિરાઈ વધુ હોય તો વ્યાજનો દર ઊંચો નક્કી થાય છે અને તેનાથી ઊલટું જો નાણાનો ઉપભોગ કરવાની અધિરાઈ ઓછી હોય તો વ્યાજનો દર નીચે નક્કી થાય છે.

પ્રો. બોહ્મ બોવાર્ક તેમના સિદ્ધાંતમાં વ્યાજ માટે લોકોના ભવિષ્યને ઓછું અંદાજવાનાં દૃષ્ટિબિંદુને જવાબદાર ગણાવે છે. જ્યારે અમેરિકન અર્થશાસ્ત્રી પ્રો. ઈરવિંગ ફિશર સમય પસંદગીના પરિબળને વધુ જવાબદાર ગણાવે છે. પ્રો. ફિશરના મત મુજબ લોકોની સમય પસંદગી વધારે હોય તેમ વ્યાજનો દર વધુ નક્કી થાય છે અને લોકોની સમય પસંદગી ઓછી હોય તેમ વ્યાજનો દર ઓછો નક્કી થાય છે. ઈરવિંગ ફિશરના મત મુજબ ભવિષ્યના સંતોષર્સની સરખામણીમાં વર્તમાન સંતોષ વધુ મહત્ત્વનો હોય છે. વર્તમાનમાં આવક ખર્ચવા માટે લોકો વધુ આતુર હોય છે. આથી જો વ્યાજ આપવામાં ન આવે તો લોકો પોતાના વર્તમાન સંતોષર્સને ભવિષ્યના સંતોષમાં બદલા તૈયાર થતાં નથી. તેથી વર્તમાન સમયમાં લોકોની પોતાના નાણા વાપરી નાખવાની અધિરાઈને રોકવા માટે જે વળતર ચૂકવવામાં આવે છે તે વ્યાજ તરીકે ઓળખાય છે. લોકોની વર્તમાન સમયમાં નાણા ઉપભોગ કરવાની આતુરતાને પ્રો. ફિશર "સમય પસંદગી" નામે ઓળખાવે છે. સમય પસંદગી દ્વારા વ્યાજ નક્કી થાય છે. મતલબ કે વ્યાજદરનો આધાર લોકોની સમય પસંદગીની તીવ્રતા પર આધારિત છે. લોકોની વર્તમાન આવક, ભવિષ્યમાં આવકની અપેક્ષા, વ્યક્તિઓની ટેવ, ફેશન અને સ્વભાવ પર સમય પસંદગીની તીવ્રતાનો આધાર રહેલો છે.

આ સિદ્ધાંતમાં પણ બચતના પુરવઠાને જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. માંગ પર ધ્યાન આપવામાં આવતું નથી.

- સિદ્ધાંતની ટીકાઓ

– અપૂર્ણ સિદ્ધાંત

પ્રો. ફિશર વ્યાજના દર પર અસર કરતા અન્ય પરિબળોની અવગણના કરે છે. ફિશર માત્ર સમય પસંદગીને જ મહત્ત્વ આપે છે. આથી આ સિદ્ધાંત અપૂર્ણ બની જાય છે.

– સ્થિર ખરીદશક્તિનો અંદાજ

વર્તમાન અને ભવિષ્યમાં નાણાની ખરીદશક્તિ સ્થિર રહે છે એમ આ સિદ્ધાંત દ્વારા માની લેવામાં આવે છે. પરંતુ હકીકતમાં ભાવોમાં સતત પરિવર્તન થતું રહે છે. જેથી નાણાની ખરીદશક્તિ પણ બદલાતી રહે છે.

– સ્થિર માનવ સ્વભાવનો અંદાજ

માનવનો સ્વભાવ બદલાતો રહે છે. એ સ્થિર રહી શકતો નથી. જ્યારે આ સિદ્ધાંતમાં માનવનો સ્વભાવ વર્તમાન અને ભવિષ્યામાં સ્થિર રહે છે. એવો અંદાજ મૂકવામાં આવે છે.

– સમય પસંદગીના ખ્યાલને માપવાનું કાર્ય કઠિન

સમય પસંદગીનો ખ્યાલ આત્મલક્ષી હોવાથી તેને માપવાનું કાર્ય કઠિન બની જાય છે. આથી આ સિદ્ધાંત મુજબ તેના પર રચાયેલા ખ્યાલનું વ્યાવહારિક મૂલ્ય ઓછું થઈ જાય છે.

8. 3. 4 મૂડીની માંગ અને પુરવઠાનો સિદ્ધાંત

આ સિદ્ધાંતના પ્રણેતાઓમાં ડેવિડ રિકાર્ડો, પ્રો.માર્શલ, પ્રો. નાઈટ, પ્રો. પીગુ, કેસલ, વોલરાસ, ટોસિંગ વગેરેના નામો સંકળાયેલા છે. "વ્યાજનો દર એ મૂડીની માંગ અને મૂડીના પુરવઠા દ્વારા નક્કી થાય છે. એટલે કે વ્યાજનો દર કેટલો નક્કી થશે તેનો આધાર બજારમાં મૂડીના પુરવઠા (બચત)ના પ્રમાણ અને મૂડીની માંગ (મૂડીરોકાણ) ના પ્રમાણ પર રહેલો છે. બંને સરખા થાય ત્યાં વ્યાજદર નક્કી થાય છે. તેને આપણે સમતુલાના દર તરીકે પણ ઓળખીએ છીએ.

મૂડીની માંગ

ઉત્પાદનનાં વિવિધ સાધનોમાંથી મૂડી પણ ઉત્પાદનનું એક સાધન છે જે ઉત્પાદકતાનો ગુણ ધરાવે છે. જેથી નિયોજકો તરફથી તેની માંગ થાય છે. પરંતુ તે માંગ કેટલાં પ્રમાણમાં કરશે તેનો આધાર વ્યાજદર અને મૂડીની સીમાંત ઉત્પાદકતા પર રહેલો છે. જ્યાં સુધી મૂડીની સીમાંત ઉત્પાદકતાનો દર વ્યાજદર કરતા વધારે હોય ત્યાં સુધી નિયોજક મૂડીની માંગ કરતો હોય છે. જ્યારે વ્યાજદર એ મૂડીની સીમાંત ઉત્પાદકતાથી વધી જ ત્યારે મૂડીની માંગ ઘટાડે છે. તેથી મૂડી-રોકાણની માંગ રેખા જમણી બાજુએ નીચે ઢળતી રેખા હોય છે. મૂડીની સીમાંત ઉત્પાદકતા અને વ્યાજદરે વચ્ચે વ્યસ્ત સબંધ છે તેથી નીચા વ્યાજદરે મૂડીની માંગ વધુ હશે અને ઊંચા વ્યાજદર મૂડીની માંગ ઓછી હશે.

મૂડીનો પુરવઠો

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીના જણાવ્યા અનુસાર મૂડીનો પુરવઠો લોકોએ ચાલુ વપરાશમાંથી કાપ મૂકીને બચત કરે છે. જે મૂડી રોકાણકારોને પૂરો પાડે છે. જે અનેક પરિબળો દ્વારા નક્કી થાય છે.

જેમ કે આવકનું પ્રમાણ, જીવન-ધોરણ વ્યક્તિનો સ્વભાવ, રાજકીય પરિસ્થિતિ વગેરે. પરંતુ આપણે એવું માનીએ કે આ બધા જ પરિબળો સ્થિર હોય ત્યારે ચોક્કસ સમયે ધિરાણ ભંડોળના પુરવઠાને અસર કરતું મહત્ત્વનું પરિબળ એ વ્યાજદર છે. જેમ વ્યાજદર વધારે તેમાં લોકો વધારે બચત કરે છે કારણ કે તેને વ્યાજરૂપી આવક વધારે મળે છે. જેમ વ્યાજ નીચો તેમ લોકો ઓછી બચત કરે છે. આમ વ્યાજદર અને ધિરાણ ભંડોળના પુરવઠા વચ્ચે ધન સહસંબંધ જોવા મળે છે.

8. 3. 6 ધિરાણ ભંડોળની માંગ અને પુરવઠાનો સિદ્ધાંત

ગુન્નાર મિરડાલ અને પ્રો.નટ વિકસેલના મત મુજબ વ્યાજનો દર એ ધિરાણ ભંડોળની માંગ અને ધિરાણ ભંડોળના પુરવઠા દ્વારા નક્કી કરવામાં આવે છે. વસ્તુની કિંમત જેવી રીતે તેની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે. આ અર્થશાસ્ત્રીઓના મત મુજબ "જ્યાં ધિરાણપાત્ર ભંડોળની માંગ અને ધિરાણપાત્ર પુરવઠાનો ઉપયોગ કરવા બદલ ચૂકવવામાં આવતી કિંમત એ વ્યાજ છે. વાસ્તવમાં ધિરાણપાત્ર ભંડોળની માંગ અને ધિરાણપાત્ર ભંડોળના પુરવઠાને નક્કી કરનારા પરિબળો અલગ અલગ હોય છે. અને તેઓ તેમની રીતે કામ કરતા હોય છે. તેથી જ્યારે ધિરાણ ભંડોળની માંગ ધિરાણ ભંડોળના પુરવઠા કરતા વધી જાય. ત્યારે ઊંચો વ્યાજનો દર નક્કી થાય છે અને જ્યારે ધિરાણ

ભંડોળની માંગ ધિરાણ ભંડોળના પુરવઠા કરતા ઓછી થઈ જાય ત્યારે નીચો વ્યાજનો પુરવઠાને નક્કી કરનારા અલગ અલગ પરિબળો હોય છે. જે નીચે પ્રમાણે આપેલા છે.

8. 3. 6. 1 ધિરાણ ભંડોળની માંગ નક્કી કરતા પરિબળો

– ધંધાદારી વ્યક્તિઓની નાણાની માંગ

ધંધાદારી વ્યક્તિઓ એટલે કે ઉત્પાદકો અને વેપારીઓ પોતાના ધંધા માટે વ્યાજના દરને ધ્યાનમાં રાખીને ધિરણપાત્ર ભંડોળની માંગ કરે છે. જો વ્યાજનો દર ઘટે તો ધિરાણપાત્ર ભંડોળનીમાંગમાં વધારો થાય છે અને જો વ્યાજનો દર વધે તો ધિરાણપાત્ર ભંડોળની માગમાં ઘટાડો થાય છે.

– સરકાર દ્વારા નાણાની માંગ

આર્થિક વિકાસના કાર્યો માટે યુદ્ધ તથા સંકટ સમયે સરકાર દ્વારા ધિરાણપાત્ર ભંડોળની માંગ કરવામાં આવે છે.

– સંગ્રહ માટે નાણાની માંગ

લોકો રોકડ હાથ પર રાખવા માટે પણ ધિરાણપાત્ર ભંડોળની માગ કરતા હોય છે.

– ઉપભોકતા દ્વારા નાણાની માગ

પોતાની જરૂરીયાતની ચીજ-વસ્તુઓ ખરીદવા માટે અને જરૂરીયાતોને પૂર્ણ કરવા માટે ધિરાણપાત્ર ભંડોળની માંગ કરે છે. વ્યાજનો દર ઓછો હોય ત્યારે નાણાની માગ વધારે હોય છે. તેથી વ્યાજનો દર અને ધિરાણપાત્ર ભંડોળની માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

8. 3. 6. 2 ધિરાણપાત્ર ભંડોળના પુરવઠાને નક્કી કરતા પરિબળો

નીચેના પરિબળો ધિરણપાત્ર ભંડોળના પુરવઠાને નક્કી કરે છે.

– નાણાનું સંગ્રહ-અસંગ્રહનું પ્રમાણ

જ્યારે લોકો નાણાનો વધારે સંગ્રહ કરે છે ત્યારે ધિરાણપાત્ર ભંડોળના પુરવઠામાં ઘટાડો થાય છે તેથી ઊલટું જ્યારે લોકો નાણાનો ઓછો સંગ્રહ કરે ત્યારે ધિરાણપાત્ર ભંડોળના પુરવઠામાં વધારો થતો જોવા મળે છે.

– બેંકની શાખા

વ્યાજના દરમાં વધારો થાય ત્યારે બેંકો શાખામાં વધારો કરે છે. તેને કારણે ધિરાણપાત્ર ભંડોળના પુરવઠામાં વધારો થાય છે. અને આનાથી ઊલટું વ્યાજના દરમાં ઘટાડો થતો હોય ત્યારે બેંકો શાખામાં ઘટાડો કરતો હોવાથી ધિરાણપાત્ર ભંડોળની પુરવઠામાં ઘટાડો થાય છે.

– લોકોની કુલ બચત

કુલ આવકમાંથી કુલ ખર્ચ બાદ કરતાં જે રકમ વધે તે બચત ધિરાણપાત્ર ભંડોળનો પુરવઠો હોય છે. એ સ્વભાવિક છે કે જો વ્યાજના દરમાં વધારો થતો હોય તો લોકો વધુ બચત કરે છે. અને જો વ્યાજના દરમાં ઘટાડો થતો હોય તો લોકો ઓછી બચત કરતા હોય છે.

8. 3. 6. 3 ધિરાણ ભંડોળની માંગ અને પુરવઠા વચ્ચે સમતુલા

ધિરાણ ભંડોળની માંગ અને પુરવઠો સરખા થાય ત્યાં વ્યાજદર નક્કી થાય છે. આ બાબતને આકૃતિ દ્વારા જોઈએ.

આકૃતિ : 8.1




આકૃતિમાં OX ધરી પર ધિરાણ ભંડોળનો પુરવઠો અને OY ધરી પર વ્યાજદર દર્શાવામાં આવેલ છે. જ્યારે SL રેખા ધિરાણ ભંડોળની પુરવઠા રેખા અને DL રેખા ધિરાણભંડોળની માંગ રેખા છે. બંને રેખાઓ E બિંદુએ છેદે છે ત્યાંજ or જેટલો વ્યાજદર નક્કી થાય છે. E બિંદુ સિપાઈના અન્ય કોઈપણ બિંદુએ કાંતો ધિરાણ ભંડોળની માંગ પુરવઠા કરતાં વધુ હોય અથવા ઓછી અને કાંતો ધિરાણ ભંડોળનો પુરવઠો માંગ કરતા વધારે હોય અથવા ઓછો હોય જેનાથી વ્યાજ દરમાં ફેરફાર થાય છે.

જ્યારે ધિરાણ ભંડોળનો પુરવઠો અને માંગ સરખા ત્યારે બચત અને મૂડીરોકાણ સરખા ન પણ હોઈ શકે. આકૃતિમાં આ બાબત I રેખા મૂડીરોકાણ અને S રેખા બચત દર્શાવે છે. જ્યારે વ્યાજતો દર or છે ત્યારે બચત PA જેટલી છે અને મૂડીરોકાણ rB છે. ત્યાં બચત કરતાં મૂડીરોકાણ વધારે છે. બચત કરતાં મૂડીરોકાણ વધારે હોવાથી લોકોની આવકમાં વધારો થશે. જેનાથી બચત રેખા જમણી બાજુએ ખસશે. પરિણામે વ્યાજદરમાં પણ ફેરફાર થાય છે.

આમ, ધિરાણપાત્ર ભંડોળની માંગ અને પુરવઠાને ઉપર મુજબના પરિબળો અસર કરતાં હોય છે. આ સિદ્ધાંત મુજબ વ્યાજનો દર નક્કી કરવામાં નાણાકીય પરિબળો ઉપરાંત બિનનાણાકીય પરિબળોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. આથી આ સિદ્ધાંત વધુ વૈજ્ઞાનિક હોય છે.

સિદ્ધાંતની ટીકાઓ

નીચે પ્રમાણેની ટીકાઓ આ સિદ્ધાંતમાં પણ કરવામાં આવી છે.

– વ્યાજનોદર બચતનો નિર્ણાયક નથી

આ સિદ્ધાંતમાં એવું ધારવામાં આવે છે કે બચતનું પ્રમાણ એ વ્યાજના દરને આધારે નક્કી કરવામાં આવે છે. વાસ્તવમાં વ્યાજનો દર ઊંચો હોવા છતાં પણ લોકો બચત કરતા નથી અને ઘણીવાર વ્યાજ દર શૂન્ય હોય તો પણ બચત કરતાં હોય છે. તેથી આ સિદ્ધાંત ટીકાપાત્ર બને છે.

– વાસ્તવિક પરિબળો અને નાણાકીય આયોજન અયોગ્ય

વાસ્તવિક પરિબળો અને નાણાકીય પરિબળોનો સમન્વય વ્યાજનો દર નક્કી કરવા માટે કરવામાં આવે છે. તે યોગ્ય નથી.

– આવકની વ્યાજના દર પર થતી અસરની અવગણના

આ સિદ્ધાંતમાં આવકને સ્થિર ધારવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં આવકમાં સતત

વધારો કે ઘટાડો જેવા ફેરફાર થતાં હોય છે. અને આ ફેરફારો વ્યાજના દર પર અસર કરતાં હોય છે. આથી આ સિદ્ધાંત ટીકાપાત્ર બને છે.

વ્યાજના માધ્યમ દ્વારા મૂડીની માગ અને મૂડીના પુરવઠામાં સમાનતા લાવી શકાય છે. પરંતુ કેઈન્સના મત મુજબ મૂડીની માગ (મૂડી રોકાણ) અને મૂડીને પુરવઠો (બચત) વચ્ચે સમતુલન વ્યાજના દર દ્વારા લાવી શકાતું નથી. કેઈન્સના જણાવ્યા મુજબ વ્યાજનો દર એ રાષ્ટ્રીય આવકના પરિવર્તનના માધ્યમ દ્વારા સ્થાપિત થાય છે.

– વ્યાજના દર પર બચતનો આધાર રહેલો છે, પરંતુ કેઈન્સના મતે બચતનો આધાર આવકની સપાટી પર રહેલો છે. નહીં કે વ્યાજના દર પર જો આવક જ ઓછી હોય તો વ્યાજનો દર ગમે તેટલો ઊંચો હોય તો પણ બચત થઈ શકે નહિ.

– વ્યાજના દરના નિર્ધારણ પર શાખો નાણાનો મહત્ત્વપૂર્ણ પ્રભાવ હોય છે. જે આ સિદ્ધાંતમાં ધ્યાનમાં લેવામાં આવ્યું નથી.

– આ સિદ્ધાંત પ્રમાણે બચતનો બદલો એ વ્યાજ છે જે યોગ્ય નથી. જો વ્યક્તિ બચત કરે પરંતુ બચતના નાણા પોતાની પાસે જ રાખે તો તેને બચતનું વળતર વ્યાજના સ્વરૂપમાં મળતું નથી.

## 8.4 સારાંશ

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ દ્વારા આપવામાં આવેલ વ્યાજના સિદ્ધાંતમાં વ્યાજના અર્થઘટનની બાબતમાં જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ જુદી જુદી વ્યાખ્યા આપી છે. વ્યાજના સિદ્ધાંતમાં વાસ્તવિક પરિબળોની અવગણના થઈ શકે નહિ. બચત કરનારાઓ સમય પસંદગીને કારણે વ્યાજરૂપી વળતર માંગે છે. કેટલાક અર્થશાસ્ત્રીઓએ વાસ્તવિક પરિબળો પર ભાર મૂક્યો છે. તો કેટલાક અર્થશાસ્ત્રીઓ નાણાકીય પરિબળો પર ભાર મૂક્યો છે. તેથી સિદ્ધાંત  આપ્યો છે. તેમાં વ્યાજના દરને નક્કી કરવા માટે વાસ્તવિક અને નાણાકીય પરિબળો અને બંનેનો સમન્વય સાધીને એક નવી જ વિચારધારાને આકાર આપ્યો છે.

## 8. 5 ચાવીરૂપ શબ્દો

વ્યાજ : નાણાના ત્યાગ અથવા વર્તમાન વપરાશના ત્યાગનો બદલો છે.

આત્મસંયમ : વર્તમાન વપરાશ (ઉપભોગનું) બલીદાન કરવું તે

**મૂડીની માંગ :** નિયોજક તરફથી મૂડી રોકાણ માટે કરવામાં આવતી માંગ.

## 8. 5 તમારી પ્રગતિ ચકાસો

નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો

(1) વ્યાજનો અર્થ જણાવી ધિરાણ ભંડોળનો સિદ્ધાંત આકૃતિ સાથે સમજાવો.

(2) વ્યાજ અંગોનો સમય પસંદગીનો સિદ્ધાંત સમજાવો.

(3) વ્યાજ દરનો પ્રલિત્વનો સિદ્ધાંત સમજાવો

(4) વ્યાજ-નિર્ધારણનો માંગ અને પુરવઠાનો સિદ્ધાંત સમજાવો.

(5) વ્યાજના પ્રશિષ્ટ સિદ્ધાંતની ટૂંકમાં ચર્ચા કરો.

નીચેના પ્રશ્નોનો ટૂંકમાં જવાબ આપો

(1) ધિરાણભંડોળ સિદ્ધાંત અનુસાર ધિરાણ-ભંડોળની માંગ અને પુરવઠાને અસર કરતા પરિબળો જણાવો.

(2) વ્યાજ ઉદ્દભવાના કારણો જણાવો.

(3) શિષ્ટ અર્થશાસ્ત્રીઓએ વ્યાજના સિદ્ધાંતને બિન-નાણાકીય સિદ્ધાંત તરીકે પણ ઓળખાય છે. સમજાવો.

નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો

(1) ધિરાણપાત્ર ભંડોળના પુરવઠાને અસર કરતું મહત્ત્વનું પરિબળ સરગાર દ્વારા થતા નાણાની માંગ છે.

(2) વ્યાજદર નીચો હોય ત્યારે નાણાની માંગ વધારે હોય છે.

(3) જ્યારે લોકો નાણાનો સંગ્રહ વધારે કરે છે ત્યારે ધિરાણપાત્ર ભંડોળના પુરવઠામાં વધારો થાય છે.

(4) વ્યાજદર અને ધિરાણપાત્ર ભંડોળના પુરવઠા વચ્ચે ધન સહસંબંધ છે.

(5) વ્યાજદર અને મૂડીમાંગ વચ્ચે ઋણ સંબંધ છે.

(6) પ્રો. વિકસેલનાં મત અનુસાર વ્યાજદર ધિરાણ-ભંડોળના માંગ અને પુરવઠાના સંયુક્ત પિરબળોથી નક્કી થાય છે.

(7) સમય પસંદગીના સિદ્ધાંત અનુસાર લોકો પોતાની વપરાશની પસંદગીને વર્તમાન પસંદગીને વધારે મહત્ત્વ આપે છે.

● **સંદર્ભ ગ્રંથો**

(1) આર્થિક સિદ્ધાંતે : ડૉ. એમ. એન.રાવલ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

(2) અર્થાશાસ્ત્રના સિદ્ધાંત એચ. કે. ત્રિવેદી યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ

(3) Maclo economic Theory, lovery Profissinal Uni. Phagwala

● **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

(1) ખોટું, (2) ખરું, (3) ખોટું, (4) ખરું, (5) ખરું, (6) ખરું, (7) ખરું

# એકમ-9 વ્યાજના સિદ્ધાંતો - II (કેઈન્સીયન અભિગમ)

-: રૂપરેખા :-


9.0 ઉદ્દેશો

9.1 પ્રસ્તાવના

9.2 વ્યાજનો અર્થ

9.3 વ્યાજના સિદ્ધાંતો

9.4 કેઈન્સનો (તરલતા-પસંદગીનો) સિદ્ધાંત

- 9.4.1 રોકડ પસંદગીના હેતુઓ
- 9.4.2 વ્યાજદર ફેરફારની ધારણાઓ અને વ્યાજદર
- 9.4.3 વ્યાજ-નિર્ધારણ
- 9.4.4 સમતુલા દરમાં ફેરફાર
- 9.4.5 સિદ્ધાંતની મર્યાદા
- 9.4.6 સિદ્ધાંતનું મહત્ત્વ

9.5 IS-LM મોડલ

- 9.5.1 રોકાણની માંગ અને રોકાણનો પુરવઠો
- 9.5.2 નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો
- 9.5.3 આવક અને વ્યાજ-નિર્ધારણ
- 9.5.4 સિદ્ધાંતનું મૂલ્યાંકન

9.6 સારાંશ

9.7 ચાવીરૂપ શબ્દો

9.8 તમારી પ્રગતિ ચકાસો

- ઉપયોગી પુસ્તકો


## 9.0 ઉદ્દેશો (Objectives) :

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,
- વ્યાજ એ નાણાકીય ઘટના છે કે વાસ્તવિક ઘટના છે તે સમજાવી શકશો.
- વ્યાજ-નિર્ધારણ કેવી રીતે થાય તે જણાવી શકશો.
- IS-LM રેખાની ઉત્પત્તિ સમજાવી શકશો.
- વસ્તુબજાર અને નાણાં બજારની સમતુલા સમજાવી શકશો.

## 9.1 પ્રસ્તાવના

આવક નિર્ધારણના સિદ્ધાંતના એક ભાગરૂપે અને મૂડીરોકાણ વિધેયના એક સહનિર્ધારક પરિબળ તરીકે વ્યાજ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પરંતુ કેવી રીતે નક્કી થાય છે અને કયાં કયાં પરિબળો અસર કરે તેની સમજૂતી આપતાં પ્રશિષ્ટ અર્થશાસ્ત્રનાં અને નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રના વિવિધ સિદ્ધાંતો આપવામાં આવ્યા છે. જેમાં પ્રસ્તુત નવ પ્રશિષ્ટ સિદ્ધાંતોનો અભ્યાસ કરવાનો છે.

સામાન્ય વ્યવહારમાં વ્યાજ એ નાણાંમાં રજૂ થતો ટકાવારી દર છે. અમુક મુદત માટે જો મૂડી ઉછીની લેવામાં આવે તો તેની વપરાશ બદલ તેના માલિકને જે કિંમત કે મૂળ નાણાંથી વધુ રકમ આપવામાં આવે તેને વ્યાજ તરીકે ઓળખવામાં આવે છે. જેવી રીતે જમીનના ઉપયોગ બદલ જમીન માલિકને ભાડુ આપવામાં આવે છે. શ્રમના ઉપયોગ બદલ શ્રમિકને વેતન આપવામાં આવે છે, તેવી રીતે મૂડીના ઉપયોગ બદલે મૂડીપતિને વ્યાજ આપવામાં આવે છે. ટૂંકમાં વ્યાજ એ મૂડીના વપરાશનું વળતર છે. જે મૂડીનો ઉપયોગ થતો નથી તેને વ્યાજ પણ મળતું નથી.

## 9. 2 વ્યાજનો અર્થ

– પ્રૉ. સેલિગ્મેનના જણાવ્યા પ્રમાણે 'મૂડી ભંડોળના વળતરને વ્યાજ તરીકે ઓળખવામાં આવે છે.'

– નટ વિકસેલના મત મુજબ : 'મૂડી માલિકને તેના સંયમના બદલામાં મૂડીની ઉત્પાદકતાનાં કારણે જે બદલો મળે તેને વ્યાજ કહે છે.'

– કેઈન્સના મત અનુસાર 'વ્યાજ એ શુદ્ધ નાણાકીય ઘટના છે જે "વ્યાજ એ રોકડ વૃત્તિ પર કાબુ કરવા માટેનો બદલો છે.'

વ્યાજ એ નાણાકીય અર્થકારણમાં ઉદ્‌ભવતી ઘટના છે. આનો અર્થ એ નથી કે નાણાવિહિન અથવા સાટા પદ્ધતિમાં વ્યાજ સંભવી શકે નહીં. આમ છતાં આ પ્રકારના અર્થકારણમાં લેવડ-દેવડનું કાર્ય એટલું બધું કઠિન હોય છે કે વ્યાજની ગણતરી કરવી મુશ્કેલ છે. આમ છતાં રોબર્ટસના જણાવ્યા અનુસાર વ્યાજનો દર વપરાશ અંગેના, મૂડીરોકાણ અંગેના અને નાણાંની માંગ-પુરવઠા અંગેના વિવિધ નિર્ણયો દ્વારા સંયુક્તપણે નક્કી થાય છે. હિક્સના IS-LM રેખાઓ પર આધારિત સિદ્ધાંતમાં પણ વ્યાજનો દર સંયુક્તપણે નાણાકીય અને વાસ્તવિક ઘટનાઓ તરીકે દર્શાવાય છે.

## 9. 3 વ્યાજના સિદ્ધાંતો

(1) પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનો સિદ્ધાંત

(2) ધિરાણ ભંડોળનો સિદ્ધાંત

(3) કેઈન્સનો સિદ્ધાંત

(4) IS-LM રેખાઓ પર આધારિત સિદ્ધાંત

ઉપરોક્ત સિદ્ધાંતોની તેના વિકાસના ક્રમને આધારે ગોઠવણ કરવામાં આવી છે. પરંતુ પ્રસ્તુત એકમાં આપણે કેઈન્સનો સિદ્ધાંત અને IS-LM રેખાઓ પર આધારિત સિદ્ધાંતની જ ચર્ચા કરવાના છીએ.

## 9. 4 કેઈન્સનો (તરલતા પસંદગીનો) વ્યાજનો સિદ્ધાંત

કેઈન્સે તેમના General Theory of Employment Interest નામના પુસ્તકમાં જેને આપણે ટૂંકમાં 'જનરલ થિયરી' તરીકે ઓળખીએ છીએ. તેમાં વ્યાજનો રોકડ પસંદગીનો સિદ્ધાંત રજૂ કર્યો છે. કેઈન્સે એવી દલીલ કરે છે કે શિષ્ટ અર્થશાસ્ત્રી રજૂ કરેલ વ્યાજનો સિદ્ધાંત નાણાંની માંગ કે જે મૂડીરોકાણ માટે કરવામાં આવે છે અને નાણાંનો પુરવઠો કે જે બચત દ્વારા નક્કી થાય છે. બંને જ્યાં નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો સરખા થાય ત્યાં વ્યાજદર નક્કી થાય છે. પરંતુ કેઈન્સે માને છે કે આ વિશ્લેષણ ભૂલ ભરેલું છે. મૂડીરોકાણ વ્યાજદર આધારિત છે તે યોગ્ય છે. પણ બચતની પુરવઠા રેખા વ્યાજદર પર આધારિત નથી. કારણ કે બચત એ આવક સાથે સંબંધિત છે. એટલે કે આવકમાં

વધારો-ઘટાડો થવાથી બચતમાં વધારો-ઘટાડો થાય છે. એટલે બચતનો સંબંધ વ્યાજ સાથે નહીં, પણ આવક સાથે છે.

વળી પ્રશિષ્ટ સિદ્ધાંતમાં મૂડીરોકાણની માંગ પણ વ્યાજદર પર આધારિત છે. કેઈન્સ માને છે કે મૂડીરોકાણનો આધાર માત્ર વ્યાજ નહીં, પણ મૂડીની સીમાંત કાર્યક્ષમતા બંને સંયુક્ત રીતે મૂડીરોકાણું પ્રમાણ નક્કી કરે છે. વળી, મૂડીરોકાણ આવકનું પ્રમાણ નક્કી કરે છે. એટલે કેઈન્સના સિદ્ધાંતમાં વ્યાજનો દર અને મૂડીની સીમાંત કાર્યક્ષમતા મૂડીરોકાણ નક્કી કરે છે. મૂડીરોકાણ આવક નક્કી કરે છે અને આવક એ બચત નક્કી કરે છે. ત્યારે વ્યાજનો દર અલાયદી રીતે નક્કી થાય છે.

વ્યાજનો દર કેઈન્સના મતે નાણાંની માંગ અને નાણાંના પુરવઠા દ્વારા નક્કી થાય છે. નાણાંનો પુરવઠો જે તે દેશની કેન્દ્રીય બેંક દ્વારા નક્કી કરવામાં આવે છે. અને તે વ્યાજદરને ધ્યાને લીધા વગર નક્કી થાય છે. વ્યાજદરમાં ફેરફાર થાય તો નાણાંનાં પુરવઠામાં ફેરફાર થતો નથી. તેથી નાણાંની પુરવઠા રેખાને OY ધરી સીમાંત ઊભી રેખા હોય છે પણ મહત્ત્વનો પ્રશ્ન નાણાંની માંગનો છે.

9.4.1 રોકડ પસંદગીના હેતુઓ :

લોકો રોકડ પસંદગી શા માટે કરે છે ? કેઈન્સના મત પ્રમાણે લોકોની રોકડ પસંદગી પાછળ ત્રણ હેતુઓ રહેલાં છે. આ ત્રણ હેતુઓ સમાજની કુલ રોકડ પસંદગી નક્કી કરે છે.

(1) વિનિમય અથવા સોદાકીય હેતુ :

લોકોને પોતાના રોજબરોજનાં જીવનમાં સોદાઓની ચૂકવણી કરવા અમુક રોકડ હાથ પર રાખવી પડશે. કારણ કે, તેને મળતી આવક અને તેને કરવો પડતો ખર્ચ વચ્ચેનાં સમયના ગાળાને પહોંચી વળવાનું હોય છે. જો તત્કાળ આવક ઊભી થતી હોય તો નજીવી અથવા શૂન્ય ખર્ચથી ચલાવી શકાય. એચ.જી. વેલ્સનું એક ઉદાહરણ લઈએ તો આ કમ્પ્યૂટરના સમયમાં પ્રત્યેક વ્યક્તિનું ખર્ચ અને તેની આવક વચ્ચે સંપૂર્ણ એવો સમન્વય થાય છે કે વ્યક્તિ સોદાકીય હેતુ માટે નાણું ન રાખવું પડે ત્યારે નાણું માત્ર મૂલ્ય માપક જ રહેવાનું, પરંતુ વાસ્તવમાં સમગ્ર અર્થકારણમાં આમ થવું શક્ય નથી.

વ્યક્તિને આવક દૈનિક, અઠવાડિક, માસિક કે વાર્ષિક મળતી હોય છે. જેમ સમયનો ગાળો નાનો તેમ આવા હેતુ માટે ઓછા નાણાં રાખવા પડે છે. દા.ત. A અને B વ્યક્તિનો માસિક પગાર રૂ. 300 છે અને બંને રોજના રૂ. 20 પ્રમાણે ખર્ચ કરે છે. પરંતુ A વ્યક્તિને 15 દિવસ મળે છે અને B વ્યક્તિને 1 માસ પગાર મળે છે. તેથી બંનેની સરેરાશ કાઢીએ તો A વ્યક્તિને રૂ. 150 રોકડ સ્વરૂપે રાખવા પડે અને B વ્યક્તિએ રૂ. 300 રોકડ સ્વરૂપે રાખવા પડે છે.

આ ઉપરાંત બેંકિંગ વ્યવસ્થાનો વિકાસ, પેઢીની વેચાણ વ્યવસ્થા, રાષ્ટ્રીય આવક, રોજગારી અને ભાવ સપાટીનું પ્રમાણ વગેરે બાબતોથી સોદાકીય હેતુ માટેની માંગને અસર કરે છે. કેઈન્સ માને છે કે ટૂંકાગાળામાં આ બાબતો સ્થિર છે. જે ફેરફાર થાય તો માત્ર ને માત્ર આવકના આધારે થાય છે. સોદાકીય હેતુ માટેની નાણાંની માંગ અને આવક ધન સંબંધ રહેલો છે.

(2) સાવચેતીનો હેતુ :

માનવજીવન અનિશ્ચિતતાઓથી ભરેલું છે. ભવિષ્યમાં ન કલ્પી હોય એવી આપત્તિઓ આવી પડે તો તેને પહોંચી વળવા જે પ્રમાણમાં નાણાં પોતાના હાથ રાખે તેને સાવચેતીના હેતુ માટેની માંગ તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. માંદગી, બેકારી, અકસ્માત કે પોતાની આવક યોગ્ય સમયે ન મળવી વગેરે. આવી સાવચેતી માટે રાખવામાં

આવતી રોકડ પસંદગી પણ આવકને આભારી હોય છે. વધારે આવક મેળવતા વધુ રોકડ રાખે છે અને ઓછી આવક મેળવતા ઓછી રોકડ રાખે છે.

સાવચેતીના હેતુ માટે કેટલી રોકડ રાખવી તે લોકોના સ્વભાવ પર આધાર રાખે છે. ગણતરીબાજ અને સાહસવૃત્તિ ધરાવતી વ્યક્તિ ઓછી રકમ રાખશે અને બીકણ અને ચંચળ વ્યક્તિ વધારે રકમ રાખે છે. આ ઉપરાંત વ્યાપાર-ઉદ્યોગની સદ્ધરતા, બજારમાંથી શાખ મેળવવાની શક્તિ વગેરે પરિબળો સાવચેતી હેતુ માટે માંગને અસર કરે છે.

'સોદાકીય' અને 'સાવચેતી'ના હેતુઓ માટે ઊભી થતી નાણાંની માંગને હેતુઓની દૃષ્ટિએ ભિન્ન ગણી શકાય છે, પરંતુ વ્યવહારમાં આવું વર્ગીકરણ કરવું સરળ નથી. જ્યારે બંને હેતુઓ માટેની માંગનો આધાર આવક સંબંધિત છે. વ્યાજદર સાથે તેનો કશો સબંધ નથી. એ નિષ્કર્ષ પર આપણે આવ્યા છીએ. તો વ્યાજ સાથે કયા પ્રકારની નાણાંની માંગ સાથે સબંધ છે ? કેઈન્સ સિદ્ધાંત પ્રમાણે 'સટ્ટાકીય હેતુ' માટેની માંગ જણાવે છે.

(3) સટ્ટાકીય હેતુ :

ભાવિ અનિશ્ચિત છે એ કેઈન્સના પુસ્તકનું સામાન્ય ઉચ્ચારણ છે. વ્યાજના દરની બાબતમાં પણ ભવિષ્યની અનિશ્ચિતતા મહત્ત્વનો ભાગ ભજવે છે. ભવિષ્યમાં વ્યાજ દરોમાં કેવો ફેરફાર થવાનો છે તેની અસર લોકોની રોકડ પસંદગી પર પડશે. ભવિષ્યમાં વ્યાજદર વધવાની કે ઘટવાની ધારણા રાખવામાં આવે તેને કારણે રોકડ હાથ પર રાખવાની વૃત્તિમાં જે વધારો-ઘટાડો થાય છે તેને કેઈન્સે સટ્ટાકીય હેતુ માટેની રોકડવૃત્તિ તરીકે ઓળખાવે છે.

બુદ્ધિપૂર્વક વર્તન કરતો વ્યક્તિ સોદાકીય હેતુ કરતાં વધારે રોકડ નાણું હાથ પર રાખશે નહીં. કારણ કે તેને વ્યાજરૂપી આવક ગુમાવવી પડે છે. કેઈન્સ એવી દલીલ કરે છે કે વ્યક્તિ નાણું હાથ પર રાખવાને બદલે બોંડમાં રોકે ત્યારે તે એવું અનુમાન કરી લે છે - એવો સટ્ટો ખેલી લે છે કે - વ્યાજનો દર સ્થિર રહેશે. પરંતુ વ્યાજના દરો હંમેશાં સ્થિર રહે એવી કોઈ વ્યવસ્થા હોઈ શકે નહીં અને ભૂતકાળમાં આવો સ્થિર દર રહ્યો હોવાનું સૂચવતો પણ નથી. વળી ભવિષ્યમાં વ્યાજનો દર વધશે કે ઘટશે એવી સંપૂર્ણ શક્યતા રહેલી છે. આ વ્યાજના વધતો-ઘટતો દર બોન્ડના મૂલ્યમાં ફેરફાર થાય છે. આ સંભવિત બોન્ડ મૂલ્ય-ફેરફાર શું છે તે જોઈએ.

બોન્ડ એક નિશ્ચિત વ્યાજદાયી અકસ્માત છે. જેને માટે આપણે જામીનગીરી શબ્દ પ્રયોગ પણ કરીએ છીએ. લોકો જામીનગીરી ઉપરાંત શેર અથવા ભૌતિક કે સ્થાવર મિલકતમાં કે તૈયાર માલસંગ્રહમાં પણ રોકાણ કરી શકે છે. પરંતુ તેમાં જામીનગીરીની સરખામણીએ અન્ય મિલકતોને રોકડમાં સરળતાથી રૂપાંતર કરી શકતા નથી. તેથી લોકો જામીનગીરીને વધારે પસંદ કરે છે.

જામીનગીરીના ભાવ અને વ્યાજદર વચ્ચે ઋણ સહસબંધ છે. એટલે વ્યાજના દરમાં વધારો થતાં જામીનગીરીના ભાવમાં ઘટાડો થાય છે અને વ્યાજદરમાં ઘટાડો થતાં જામીનગીરીનાં ભાવમાં વધારો થાય છે. હવે લોકોને ભવિષ્યમાં વ્યાજદર વધવાની અપેક્ષા હોય તો તે પોતાની પાસે રહેલ રોકડ નાણાંથી જામીનગીરી ખરીદી કરે જેથી રોકડ નાણાંમાં ઘટાડો થાય છે. જ્યારે ભવિષ્યમાં વ્યાજદર ઘટવાની અપેક્ષા હોય તો જામીનગીરીનું વેચાણ કરીને લોકો હાથ પર વધારે નાણું રાખવા ઈચ્છે છે. આમ સટ્ટાબજારમાં થતા ભાવોની ઉથલપાથલોનો લાભ લેવાં લોકો પોતાની પાસે નાણાં રાખે છે. તેજીના સમયમાં ઓછું નાણું હાથ પર રાખશે અને મંદીના સમયે વધારે નાણાં હાથ પર રાખશે. જે જામીનગીરીના ભાવોમાં વધારો થવાની અપેક્ષા હોય તેની સટોડિયાઓ આગળથી ખરીદી કરી લે છે અને જ્યારે ભવિષ્યમાં ભાવ ઊંચા જાય ત્યારે તે વેચી દઈને નફો મેળવે છે.

આમ આ બંને સ્થિતિને સારરૂપ મૂકીએ તો....

| વ્યાજનો અપેક્ષિત દર | વ્યક્તિનું વર્તન | નાણાંની રોકડ માંગ |
|---|---|---|
| A વધવાની ધારણા | જામીનગીરીનું રોકડમાં રૂપાંતર | વધારો |
| B ઘટવાની ધારણા | રોકડનું જામીનગીરીમાં રૂપાંતર | ઘટાડો |

9. 4. 2 વ્યાજદર ફેરફારની ધારણાઓ અને વ્યાજનો દર

કેઈન્સ કહે છે કે અર્થતંત્રમાં બે પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતા લોકો હોય છે : (1) તેજીનું માનસ ધરાવતા લોકો જે જામીનગીરીના ભાવો વધવાની અપેક્ષા ધરાવતા હોય છે. (2) મંદીનું માનસ ધરાવતા લોકો જે એવું ધારે છે કે જામીનગીરીનાં ભાવોમાં ભવિષ્યમાં ઘટાડો થશે. બંને પ્રકારનાં લોકોનાં નિર્ણયો એકબીજાની વિરુદ્ધના હોય છે. જો એમ બને કે બજારમાં તેજીવાળા અને મંદીવાળા બંનેનું પ્રમાણ સરખું હોય તે જામીનગીરીની ખરીદીની અસર વેચાણ દ્વારા દૂર થાય છે. જેથી વ્યાજદર સ્થિર રહે છે.

કોઈપણ સમયે બજારમાં જો તેજીવાળાઓનું મંદીવાળાઓ કરતાં પ્રભુત્વ હશે તો જામીનગીરીઓની ખરીદી વધશે અને વ્યાજદરમાં ઘટાડો થશે. આથી ઊલટું જ્યારે મંદીવાળાનું પ્રભુત્વ તેજીવાળા કરતા વધારે હશે તો જામીનગીરીઓનું વેચાણ વધશે, જેથી વ્યાજદરમાં ઘટાડો થાય છે. કેઈન્સ માને છે કે વર્તમાન બજાર વ્યવસ્થામાં ભિન્ન મતો ધરાવતા લોકો જોવા મળે છે. તે આર્થિક સ્થિરતાની દૃષ્ટિએ હિતાવહ છે. કારણ કે જો બધી વ્યક્તિ માત્ર મંદીવાળું માનસ ધરાવતી હોય તો વ્યાજદરમાં ઘણાં મોટા પ્રમાણમાં ઘટાડો થાય છે. તેની અસર મૂડીરોકાણ પર પડતી આર્થિક અસ્થિરતા ઊભી થાય છે.

9. 4. 3 વ્યાજદરનું નિર્ધારણ :

વ્યાજનો દર અને રોકડ પસંદગી વચ્ચે વ્યસ્ત સબંધ છે. એટલે વ્યાજદર વધતાં રોકડ પસંદગીમાં ઘટાડો થાય અને વ્યાજદર ઘટતાં રોકડ પસંદગીમાં વધારો થાય છે.

**આકૃતિ 9. 1**




આકૃતિમાં OX ધરી પર નાણાંનો પુરવઠો અને OY ધરી પર વ્યાજદર દર્શાવેલ છે. જ્યારે ડાબી બાજુએથી જમણીબાજુએ નીચે ઢળતી LL રેખા વ્યાજદર દર્શાવે છે અને બાદમાં તે OX ધરીને સમાંતર થતો જોવા મળે છે. જ્યારે OM જેટલો અર્થતંત્રમાં નાણાનો પુરવઠો છે. જે વ્યાજદરને ધ્યાનમાં લીધા વગર જે-તે દેશની મધ્યસ્થ બેંક દ્વારા પૂરો પાડવામાં આવે છે.

હવે 6 ટકાના વ્યાજદર L=M છે. એટલે કે રોકડ નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો સરખા છે. જેને આપણે સમતુલાની સ્થિતિ તરીકે ઓળખીએ છીએ.

હવે 8 ટકાના વ્યાજદરે બંને પ્રકારની નાણાંની માંગ કરતાં RR જેટલી લોકો પાસે રોકડ પસંદગી છે. સામાન્ય વ્યાજદર કરતાં 8 ટકા વ્યાજદર વધુ હોવાથી લોકો ભવિષ્યમાં વ્યાજદર ઘટશે એવી અપેક્ષા રાખતા હોય છે. તેથી પોતાની પાસે રહેલ RR રોકડ પસંદગીથી જામીનગીરીથી ખરીદી કરશે. તેથી જામીનગીરીના ભાવ વધશે અને વ્યાજદરમાં ઘટાડો થશે. જ્યાં સુધી સમતુલા સુધી નહીં ઘટે ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહેશે.

હવે 4 ટકાનો વ્યાજદર સામાન્ય સમતુલાના વ્યાજદર કરતાં ઓછો છે. જે બંને પ્રકારના નાણાંની માંગ, નાણાંના પુરવઠા કરતાં JJ જેટલી વધારે છે. હવે ભવિષ્યમાં વ્યાજદર વધવાની અપેક્ષા હોવાથી જામીનગીરીનું વેચાણ કરીને રોકડમાં રૂપાંતર કરશે. તેથી જામીનગીરીના પુરવઠામાં વધારો થશે, જે તેના ભાવમાં ઘટાડો થશે. જેમાં પરિણામ સ્વરૂપે વ્યાજદરમાં વધારો થશે.

9. 4. 4સમતુલાના દરમાં ફેરફાર :

કેઈન્સના સિદ્ધાંતમાં નાણાંની માંગ અને નાણાંના પુરવઠા દ્વારા વ્યાજદર નક્કી થાય છે. જ્યારે બંનેમાંથી કોઈ એક પરિબળમાં ફેરફાર થાય તો સમતુલા દરમાં ફેરફાર થાય તે આ આકૃતિ દ્વારા દર્શાવવાનો પ્રયત્ન કરેલ છે.

**આકૃતિ : 9. 2**




ઉપરોક્ત બંને આકૃતિમાં OX ધરી પર નાણાંનો પુરવઠો અને OY ધરી પર વ્યાજદર દર્શાવવામાં આવેલ છે. LL અને $LL_1$ એ જુદી જુદી નાણાંની માંગ અને નાણાંના પુરવઠાએ વ્યાજદરની સમતુલા દર્શાવતી રેખા છે.

પ્રથમ આકૃતિમાં નાણાંના પુરવઠામાં વધારો થાય છે અને નાણાંની માંગને સ્થિર ધારવામાં આવી છે. નાણાંનો પુરવઠો OM થી વધીને $MM_1$ જેટલો થાય છે. જે દેશની મધ્યસ્થ બેંક જામીનગીરીની ખરીદી, અનામત પ્રમાણમાં ફેરફાર કે બેંકદરમાં ફેરફાર કરીને કરે છે. આપણે જાણીએ છીએ કે નાણાંનો પુરવઠો અને વ્યાજદર વચ્ચે વ્યસ્ત સબંધ છે. જે અનુસાર નાણાંના પુરવઠામાં વધારો થતા વ્યાજદર 8 ટકાથી ઘટીને 4 ટકા જેટલો થાય છે. હજુ પણ જો નાણાં નાં પુરવઠામાં $MM_1$ થી $MM_2$ જેટલો વધારો થાય છે ત્યારે વ્યાજદર પણ ઘટીને 4 ટકાથી 2 ટકા જેટલો થાય છે. હજુ કેન્દ્રિય બેંક દ્વારા નાણાંના પુરવઠામાં $M_1M_2$ થી $M_3M_4$ વધારો કરવામાં આવે છે. પરંતુ વ્યાજદરમાં કોઈ ફેરફાર થતો નથી.

કેઈન્સ આ સ્થિતિને તરલતા બંધન તરીકે ઓળખે છે. નાણાંના પુરવઠામાં વધારો થતો હોવા છતાં વ્યાજદરમાં શા માટે ઘટાડો થતો નથી ? કેઈન્સ જણાવે છે કે લોકો હવે એવી અપેક્ષા બાંધે કે વ્યાજદર આનાથી વધારે ઘટશે નહીં. પરંતુ ભવિષ્યમાં વ્યાજદરમાં વધારો થશે. તેથી લોકો રોકડ નાણાંનું જામીનગીરીમાં રોકાણ કરતા નથી. કારણ કે ભવિષ્યમાં વ્યાજદર વધવાનો હોવાથી જામીનગીરીના ભાવમાં ઘટાડો થશે. કેઈન્સ જણાવે છે કે અર્થતંત્રમાં આવી સ્થિતિમાં નાણાંના પુરવઠામાં ફેરફારની વ્યાજદર પર કોઈ અસર થતી નથી. જે નાણાકીય નીતિની મર્યાદા છે.

વિદ્યાર્થી મિત્રો બીજી આકૃતિમાં નાણાંનો પુરવઠો સ્થિર ધારીને માત્ર નાણાંની માંગમાં વધારો થાય તો વ્યાજદરમાં વધારો થાય છે. આકૃતિમાં OM નાણાંના પુરવઠાએ પ્રથમ 8 ટકાના વ્યાજદરે - જેટલી નાણાંની માંગ છે. LL રેખા પરનું A બિંદુ દર્શાવે છે. હવે નાણાંની માંગમાં વધારો થતાં વ્યાજદર 8 ટકાથી વધીને 10 ટકા થાય છે જે આપણને આકૃતિમાં $L_1L$ રેખા પરનું B બિંદુ દર્શાવે છે.

પરંતુ જો નાણાંના પુરવઠામાં અને નાણાંની માંગમાં એકસરખા પ્રમાણમાં વધારો થાય તો વ્યાજદરમાં કોઈ ફેરફાર થતો નથી. જે આકૃતિમાં LL રેખા પરના A બિંદુએથી $L_1L$ રેખા પરના C બિંદુ દર્શાવે છે. જ્યાં 8 ટકા સ્થિર વ્યાજદર છે. તેમાં કોઈ ફેરફાર થતો નથી.

9. 4. 5 સિદ્ધાંતની મર્યાદા :

(1) રોકડ પસંદગીના સિદ્ધાંતમાં માત્ર નાણાકીય પરિબળોને લક્ષમાં લેવામાં આવ્યા છે. જ્યારે બિન-નાણાકીય પરિબળો જેવા કે બચત, મૂડીની ભૌતિક ઉત્પાદકતા વગેરેની અવગણના કરે છે.

(2) કેઈન્સના સિદ્ધાંતમાં સટ્ટાકીય હેતુ મહત્ત્વનો ભાગ ભજવે છે. પરંતુ લોકો વ્યાજદર સ્થિર હોવાની ધારણા કરે તો વ્યાજ નિર્ધારણ સમજાવી શકે નહીં.

(3) કેઈન્સનો સિદ્ધાંત ટૂંકાગાળાનું વ્યાજ નિર્ધારણ સમજાવી શકે, લાંબાગાળાનું નહીં. કારણ કે લાંબાગાળે એ મૂડીની ઉત્પાદકતા મહત્ત્વનો ભાગ ભજવે છે.

(4) સમાજવાદી અર્થવ્યવસ્થામાં 'સટ્ટાકીય હેતુ' માટેની માંગ સંભવી શકે નહીં. તેથી આવી અર્થવ્યવસ્થા સિદ્ધાંત વ્યાજદર સમજાવી શકે નહીં.

9. 4. 6 સિદ્ધાંતનું મહત્ત્વ

શિષ્ટ અર્થશાસ્ત્રીઓ મંદીમાંથી અર્થતંત્રને બહાર લાવવા માટે નાણાંના પુરવઠામાં વધારો કરીને વ્યાજદર ઘટાડી મૂડીરોકાણમાં વધારો કરવાનું સૂચવે છે. પરંતુ કેઈન્સ માને છે મંદીના સમયે જો વ્યાજદર અતિ નિમ્ન હોય ત્યારે વ્યાજદર રેખા સંપૂર્ણ સપાટ બને છે. તેને 'Liquidity Trap' કહે છે. તેવા સમયે નાણાંના પુરવઠાની વ્યાજદર પર કોઈ અસર થતી નથી. તેથી તેવા સમયે નાણાકીય નીતિને બદલે રાજકોષીય નીતિ હેઠળ મૂડીની સીમાંત કાર્યક્ષમતામાં વધારો કરીને મંદીને દૂર કરી શકાય છે, જે કેઈન્સનું આગવું પ્રદાન છે.

## 9. 5 IS-LM મોડલ

કેઈન્સનો સિદ્ધાંત નાણાં બજારની સમતુલા દ્વારા વ્યાજ નિર્ધારણ સમજાવે છે. જે નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો સરખા થાય છે ત્યાં વ્યાજદર નક્કી થાય છે. જ્યારે ધિરાણ ભંડોળના સિદ્ધાંત દ્વારા બચતનો પુરવઠો અને મૂડી-રોકાણની માંગ સરખા થાય ત્યાં વ્યાજદર નિર્ધારણ થાય છે. બંને સિદ્ધાંતો કોઈ એક પરિબળ પર ભાર મૂકી એક પરિબળની

ઉપેક્ષા કરે છે. વિક્સ અને હેન્સન નામના અર્થશાસ્ત્રી બંને પરિબળો (બંને બજાર)નો સમન્વય કરીને વ્યાજ-નિર્ધારણ સમજાવે છે તથા વ્યાજ એ નાણાકીય ઘટના છે કે વાસ્તવિક ઘટના છે તે વિવિદનું નિરાકરણ કરેલ છે. જેને આપણે IS-LM મોડેલ અથવા વ્યાજના આધુનિક સિદ્ધાંત તરીકે ઓળખીએ છીએ.

વ્યાજના આધુનિક સિદ્ધાંત અનુસાર વ્યાજનો દર ચાર પરિબળો પર આધાર રાખે છે :

(1) રોકાણની માંગ (મૂડીરોકાણ)

(2) રોકાણનો પુરવઠો (બચત)

(3) નાણાની માંગ (તરલતા પસંદગી)

(4) નાણાંનો પુરવઠો

ઉપરોક્ત ચાર પરિબળોમાંથી પ્રથમ બે વસ્તુ બજારની સમતુલા દર્શાવે છે અને છેલ્લા બે નાણાં બજારની સમતુલા દર્શાવે છે. હિક્સ અને હેન્સન ચારેય પરિબળોનો સમન્વય કરીને IS-LM મોડેલ રજૂ કરેલ છે.

9.5.1 રોકાણની માંગ (I) અને રોકાણનો પુરવઠો (S)

ધિરાણ-ભંડોળનાં સિદ્ધાંત અનુસાર બચતો, રોકડ સંગ્રહ અને અસંગ્રહ તેમજ નાણાંનું સર્જન વગેરેના કારણે બચતના પુરવઠામાં વધારો થાય છે. જે વ્યાજદરને ઘટાડે છે. જેના આધારે આપણને - રેખા પ્રાપ્ત થાય છે.

IS રેખા એ આવકના જુદા-જુદા ધોરણોએ વ્યાજદર અને મૂડીરોકાણ વચ્ચેનો સબંધ દર્શાવે છે. જેમ વ્યાજદર વધારે તેમ મૂડીરોકાણ ઓછું અને જેમ વ્યાજદર નીચો તેમ મૂડીરોકાણ વધારે, એટલે કે બંને વચ્ચે વ્યસ્ત સબંધ જોવા મળે છે. તેથી IS રેખા જમણી બાજુએથી ડાબી બાજુએ નીચે જતી રેખા જોવા મળે છે. આ રેખાનો ઢાળ કેટલો હશે ? તેનો આધાર વ્યાજદરમાં ફેરફાર થવાથી મૂડીરોકાણમાં કટેલો ફેરફાર થાય છે તેના પર રાખે છે.

**આકૃતિ 9.3**




**બચત અને મૂડીરોકાણ** **રા. આવકમાં વધારો**

ઉપરોક્ત આકૃતિમાં પ્રથમ આકૃતિમાં OX ધરી પર બચત અને મૂડીરોકાણ દર્શાવામાં આવેલ છે. અને OY ધરી પર વ્યાજદર દર્શાવેલ છે $SY_1$, $SY_2$, $SY_3$, $SY_4$ અને $SY_5$ જુદી જુદી બચતરેખાઓ છે. તેને જોડતી IS રેખા છે. તેના દરેક બિંદુએ બચત અને મૂડીરોકાણ સરખા છે. આકૃતિમાં જોઈ શકાય છે કે બચતમાં જેમ જેમ વધારો થાય છે તેમ તેમ વ્યાજદરમાં

ઘટાડો થાય છે. વ્યાજદરમાં ઘટાડો થવાના પરિણામે મૂડી રોકાણમાં વધારો થાય. તેના આધારે આકૃતિ-2 IS રેખા તારવવામાં આવેલ છે.

આમ, વ્યાજદર અને મૂડીરોકાણ વચ્ચે વ્યસ્ત સંબંધ છે. વ્યાજદરમાં ઘટાડાને પરિણામે મૂડી રોકાણમાં વધારો થાય છે. પરિણામે કુલ રાષ્ટ્રીય આવકમાં વધારો થાય છે. આનાથી વિપરીત સ્થિતિ વ્યાજદરમાં વધારો થવાથી રાષ્ટ્રીય આવકમાં ઘટાડો થાય છે. જે આકૃતિ-2માં જોઈ શકાય છે.

9.5.2 LM રેખાની પ્રાપ્તિ (નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો)

કેઈન્સના સિદ્ધાંત દ્વારા આપણે જુદા જુદા આવકના સ્તરે તરલતા પસંદગીનું પ્રમાણ અલગ અલગ હોય છે તે જોયું. આ બાબતને આપણે નાણાં પુરવઠા સાથે એકત્રિત રીતે લઈએ તો આપણને LM રેખા મળે છે. તે રેખા જુદી જુદી આવકનાં સ્તરે વ્યાજદર કેટલો હશે તેની જાણકારી આપે છે.

આકૃતિ 9.4માં OX ધરી પર નાણાંનો પુરવઠો અને OY ધરી પર વ્યાજદર દર્શાવવામાં આવેલ છે. SM રેખા નાણાંની પુરવઠા રેખા છે. $Y_1, Y_2, Y_3, Y_4$ અને $Y_5$ લોકોની જુદી જુદી આવક તરલતા પસંદગી દર્શાવે છે. જેમ જેમ તરલતા પસંદગીમાં વધારો થાય છે તેમ તેમ વ્યાજદરમાં પણ વધારો થાય છે. કારણ કે નાણાંનો પુરવઠો સ્થિર છે. આ બાબતને આકૃતિમાં $Y_1$ થી $Y_5$ સુધી રેખાઓ દર્શાવે છે.

**આકૃતિ 9.4**







આકૃતિમાં જોઈ શકાય છે કે જેમ જેમ આવકમાં વધારો થાય છે તેમ તરલતા પસંદગી વધે છે અને તેથી વ્યાજદરમાં પણ વધારો થાય છે. આથી LM રેખા ડાબી બાજુએથી જમણી બાજુએ ઉપર તરફ જતી ધન ઢાળ ધરાવતી રેખા છે. જેને આપણે આકૃતિ-2માં જોઈ શકીએ છે.

- LM રેખાનો ઢાળ (નાણાંનો પુરવઠો સ્થિર)

LM રેખાનો ઢાળ રાષ્ટ્રીય આવક અને વ્યાજદરમાં થતાં ફેરફારના કારણે નાણાંની માંગમાં થતા ફેરફાર પર આધાર રાખે છે. રાષ્ટ્રીય આવકમાં થતાં ફેરફારના કારણે માંગમાં થતો ફેરફાર વધારે હોય તો LM રેખાનો ઢાળ વધારે હોય છે. જ્યારે વ્યાજદરમાં ફેરફારના કારણે માંગમાં થતો ફેરફાર વધારે હોય ત્યારે LM રેખાનો ઢાળ ઓછો હોય છે એટલે LM રેખા સપાટ હશે. જ્યારે રાષ્ટ્રીય આવકમાં ફેરફાર થવાના કારણે નાણાંની માંગમાં

જે ફેરફાર થાય છે. તે માંગ માત્ર સોદાકીય હેતુ માટેની જ માંગ હોય છે. તે લોકોની ઉપભોગ વૃત્તિ બતાવે છે. જ્યારે વ્યાજદરના ફેરફારના કારણે નાણાંની માંગમાં થતો ફેરફાર સટ્ટાકીય હેતુ માટેની નાણાંની માંગ હોય છે.

આમ જ્યારે વ્યાજના દરમાં ફેરફારના કારણે કે રાષ્ટ્રીય આવકના ફેરફારના કારણે નાણાંની માંગમાં ફેરફાર થાય ત્યારે માત્ર LM રેખાના ઢાળમાં બદલાવ થાય છે.

9.5.3 આવક અને વ્યાજ નિર્ધારણ

IS રેખા એ વસ્તુ બજારની સમતુલા દર્શાવે છે. તેના પરનાં દરેક બિંદુએ બચત, મૂડીરોકાણ અને ઉત્પાદન સરખું હોય છે. જ્યારે LM રેખા એ નાણાં બજારની સમતુલા દર્શાવે છે. તેના દરેક બિંદુએ નાણાની માંગ, નાણાંનો પુરવઠો સરખા હોય છે. તેથી IS રેખા અને LM રેખા બંને એકબીજાને છેદે ત્યાં બંને બજારોમાં સમતુલા મળે છે. જેને આપણે આકૃતિ દ્વારા જોઈએ તો...

આકૃતિ 9.5માં OX ધરી પર આવક અને OY ધરી પર વ્યાજદર દર્શાવવામાં આવેલ છે. IS રેખા વસ્તુબજારની સમતુલા અને LM રેખા નાણાંબજારની સમતુલા દર્શાવે છે. બંને રેખા E બિંદુએ એકબીજાને છેદે છે ત્યાં બંને બજારોમાં સમતુલા મળે છે.

**આકૃતિ 9.5**



આ સિવાયના અન્ય બિંદુઓ અસમતુલા દર્શાવે છે. M અને N બિંદુએ માત્ર નાણાંબજારની સમતુલામાં છે. પરંતુ વસ્તુ બજાર અસમતુલામાં છે. જ્યારે A અને B બિંદુએ વસ્તુ બજારમાં સમતુલા છે પરંતુ નાણાં બજારમાં અસમતુલા છે. જ્યારે IS રેખાની ડાબી બાજુએ આવેલા દરેક બિંદુ બચત કરતાં મૂડી રોકાણ વધારે તેથી વસ્તુ બજારમાં અસમતુલા છે. જ્યારે ISથી જમણી બાજુએ આનાથી વિપરિત સ્થિતિ જોવા મળે છે. જ્યારે LM રેખાની જમણી બાજુના બિંદુએ નાણાંના પુરવઠા કરતાં માંગ વધુ હોય છે. જ્યારે LM ડાબી બાજુના બિંદુ વિપરિત સ્થિતિ જોવા મળે છે. આમ, ટૂંકમાં કહીએ તો માત્ર E બિંદુએ બંને બજારોની સમતુલા દર્શાવે છે. ત્યાં વ્યાજદર નક્કી થાય છે.

આમ હિક્સ અને હેન્સન IS-LM મોડલમાં એક સાથે વસ્તુબજાર અને નાણાં બજારમાં સમતુલા દર્શાવે છે. પરંતુ આ સમતુલા સંખ્યાબંધ પરિબળો વડે બદલાઈ શકે

છે. IS, LM રેખાઓમાં પરિવર્તન થતાં વ્યાજનો દર અને આવકનું ધોરણ બંનેમાં ફેરફાર થાય છે. આ ઉપરાંત સમતુલામાં ફેરફાર લાવતા અન્ય પરિબળો જેવા કે -

(1) બચતમાં થતો ફેરફાર

(2) રોકાણમાં થતો ફેરફાર

(3) તરલતા પસંદગીમાં થતો ફેરફાર

(4) નાણાંના પુરવઠામાં થતો ફેરફાર

(5) રોકાણ અને નાણાંના પુરવઠામાં થતો સમાંતર ફેરફાર

(6) સરકારી ખર્ચમાં અને કરવેરામાં થતા ફેરફારો

(7) લોકોની ઉપભોગ-વૃત્તિમાં અને કિંમતમાં થતાં ફેરફાર

આમ ઉપરોક્ત પરિબળોમાં ફેરફાર થવાથી IS-LM રેખામાં ફેરફાર થાય છે. જેથી વ્યાજદર અને રાષ્ટ્રીય આવકમાં ફેરફાર થાય છે.

હિક્સ અને હેન્સન સિદ્ધાંતનું મૂલ્યાંકન :

પ્રશિષ્ટ સિદ્ધાંત અને કેઈન્સના સિદ્ધાંતનો સુવ્યવસ્થિત સમન્વય કરીને હિક્સ અને હેન્સને IS-LM રેખાઓની મદદથી વ્યાજના દરની વ્યવસ્થિત, તર્કબદ્ધ અને અસરકારક સમજૂતી આપી છે. નાણાકીય અને વાસ્તવિક પરિબળોનો સમન્વય કર્યો છે. આ ઉપરાંત તેમણે નાણાકીય અને રાજકોષીય નીતિનો પણ સમન્વય કર્યો છે. જે સિદ્ધાંતનું ચડિયાતાપણું અને અસરકારકતા બતાવે છે. આમ છતાં આ સિદ્ધાંતમાં વસ્તુઓના ભાવો ફેરફાર થવાની શક્યતાની અવગણના કરવામાં આવી છે. કારણ કે નાણાંનો પુરવઠો, વપરાશવૃત્તિ, તરલતા પસંદગી, મૂડીરોકાણ વગેરેમાં ફેરફાર થવાથી માત્ર વ્યાજદર અને આવકની સપાટીમાં જ ફેરફાર થતો નથી. પરંતુ કિંમત સ્તરમાં પણ ફેરફાર થાય છે. જે સિદ્ધાંતની ક્ષતિ જણાય છે.

## 9. 6 સારાંશ

વ્યાજના સિદ્ધાંતો વિવિધ દૃષ્ટિકોણને ધ્યાનમાં લઈને અર્થશાસ્ત્રીઓ દ્વારા સિદ્ધાંતો આપવામાં આવ્યા છે. તેમાંથી પ્રસ્તુત એકમમાં બે સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો. તેમાં રોકડ પસંદગીનો સિદ્ધાંત એ સમજાવે છે કે મંદીના સમયમાં નાણાંના પરિમાણમાં વધારો કરતાં વ્યાજદર ઘટશે અને મૂડીરોકાણ વધશે તેમજ અર્થતંત્ર મંદીમાંથી મુક્ત થશે. પરંતુ અતિનિમ્ન વ્યાજદરો હોય અને અર્થતંત્ર રોકડ પસંદગીની જાળમાં ફસાઈ જાય ત્યારે તો તેને નિવારવા રાજકોષીય નીતિ હેઠળ મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધારવી જોઈએ, તે કેઈન્સનું મહત્ત્વનું પ્રદાન હતું. જ્યારે હિક્સ અને હેન્સને વસ્તુ બજારની સમતુલા અને નાણાં બજારની સમતુલા દ્વારા બંને સમન્વય કરીને તરલતા પસંદગીનો સિદ્ધાંત અને ધિરાણ-ભંડોળનાં સિદ્ધાંતમાં ખૂટતી કડીઓનો ઉમેરો કર્યો છે. નાણાકીય પરિબળો અને વાસ્તવિક પરિબળોનો સમન્વય કરી વ્યાજ-નિર્ધારણ સમજવાનો પ્રયાસ કરેલ છે.

## 9. 7 ચાવીરૂપ શબ્દો

(1) **વ્યાજ :** મૂડીના વપરાશ બદલ મૂડીપતિને મળતા વળતરને વ્યાજ કહે છે.

(2) તરલતા (Liquidity) : એટલી કોઈ પણ અસ્કયામત (asset)ને રોકડ નાણાંમાં રૂપાંતરિત કરવાની સહજતા.

(3) ધિરાણ ભંડોળ : સામાન્ય અર્થમાં ધિરાણ માટે ઉપલબ્ધ નાણાંભંડોળ (નાણાંનો

પુરવઠો)

(4) તરલતા જાળ (Liquidity trap) : એવી સ્થિતિ જેમાં નાણાંના પુરવઠામાં થતો વધારો વ્યાજદરમાં ઘટાડો નિપજાવી શક્તો નથી.

(5) જામીનગીરી : વિવિધ પ્રકારની નાણાકીય અસ્કયામતોને આવરી લેતો શબ્દ, તેમાં સામાન્ય રીતે સરકારી જામીનગીરી શેર, ડિબેન્ચર વગેરેનો સમાવેશ થાય છે.

**(6)** મૂડીરોકાણ : મૂડી સાધનોનાં જથ્થાને વાસ્તવિક રીતે ટકાવી રાખવા કે તેમાં વધારો કરવા માટે કરવામાં આવતો ખર્ચ.

(7) બોન્ડ : જેના પર ચૂકવવામાં આવનારા વ્યાજનો દર નિશ્ચિત હોય તેવો લોનપત્ર અથવા જામીનગીરી.

(8) નાણાકીય નીતિ : મધ્યસ્થ બેંક દ્વારા બેંકદર, જામીનગીરીનું ખરીદ-વેચાણ, અનામત પ્રમાણે ફેરફાર વગેરે ગુણાત્મક અને પરિણાત્મક સાધનો વડે આર્થિક ઉદ્દેશો હાંસલ કરવાની નીતિનો છે.

(9) બચતો : ચાલુ આવકનો જે ભાગ વર્તમાનમાં વપરાશ પાછળ ખર્ચાતો નથી તે.

## 9. 8 તમારી પ્રગતિ ચકાસો

- નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો

1. કેઈન્સનો તરલતા પસંદગી સિદ્ધાંત સમજાવો.
2. IS રેખાનો અર્થ આપી તેની ઉત્પત્તિ કેવી રીતે થાય છે સમજાવો.
3. LM રેખાનો અર્થ જણાવી LM રેખાની ઉત્પત્તિ જણાવો.
4. IS-LM રેખા દ્વારા વ્યાજ નિર્ધારણ સમજાવો.
5. હિક્સ અને હેન્સન સિદ્ધાંત જણાવી ચડિયાતપણું દર્શાવો.

- નીચેના પ્રશ્નોના જવાબ આપો

1. નાણાંનો અર્થ જણાવી તેની માંગના વિવિધ હેતુઓ જણાવો.
2. કેઈન્સનો સિદ્ધાંત માત્ર નાણાકીય ઘટના છે સમજાવો.
3. IS-LM મોડેલ દ્વારા વસ્તુ બજાર અને નાણાં બજારની સમતુલા જણાવો.
4. કેઈન્સના સિદ્ધાંતની મર્યાદા જણાવો.
5. સટ્ટાકીય હેતુ માટે થતી નાણાંની માંગ અને વ્યાજદરનું નિર્ધારણ સમજાવો.
6. વ્યાજદર એ બચત અને મૂડીરોકાણ વચ્ચે સમતુલા લાવનાર પરિબળ છે સમજાવો.

- ખાલીજગ્યા પૂરો

1. તરલતા પસંદદગીનો સિદ્ધાંત ........... દ્વારા આપવામાં આવ્યો.

   (અ) કેઈન્સ (બ) હિક્સ

   (ક) હેન્સન (ડ) એડમ સ્મિથ

2. તરલતા પસંદગીના સિદ્ધાંત અનુસાર સટ્ટાકીય હેતુ માટે નાણાંની માંગ ........... સાથે સંબંધ ધરાવે છે.

(અ) વ્યાજદર (બ) આવક

(ક) બચત (ડ) મૂડીરોકાણ

3. તરલતા પસંદગીના સિદ્ધાંત મુજબ જામીનગીરીના ભાવ અને વ્યાજદર વચ્ચે ………… સંબંધ જોવા મળે છે.

(અ) ધન (બ) વ્યસ્ત

(ક) સંપૂર્ણ ધન (ડ) સંપૂર્ણ વ્યસ્ત

4. તરલતા પસંદગીના સિદ્ધાંત અનુસાર સોદાકીય અને સાવચેતીના હેતુ માટેની નાણાંની માંગ ………. સાથે સબંધ ધરાવે છે.

(અ) આવક (બ) વ્યાજદર

(ક) બચત (ડ) મૂડીરોકાણ

5. રોકડ પસંદગી સ્થિર રહે અને નાણાંના પુરવઠામાં વધારો થાય તો ……………

(અ) વ્યાજદરમાં વધારો (બ) વ્યાજદરમાં ઘટાડો

(ક) વ્યાજદર સ્થિર (ડ) વ્યાજદર અનિશ્ચિત

6. તરલતા પસંદગી સિદ્ધાંત અનુસાર અતિનિમ્ન વ્યાજદરે તરલતા પસંદગી રેખા …………… બને છે.

(અ) સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ (બ) અપૂર્ણ મૂલ્ય અનપેક્ષ

(ક) એકમ મૂલ્ય સાપેક્ષ (ડ) મૂલ્ય સાપેક્ષ

7. સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ તરલતા પસંદગીની રેખાને …………… કહે છે.

(અ) તરલતા બંધન (બ) પુરવઠા બંધન

(ક) આવક બંધન (ડ) વસ્તુ બંધન

8. તરલતા બંધન ………….ની મર્યાદા દર્શાવે છે.

(અ) રાજકોષીય નીતિ (બ) નાણાકીય નીતિ

(ક) સરકારી નીતિ (ડ) વ્યાપાર નીતિ

9. વ્યાજદર અને મૂડી રોકાણ વચ્ચે ………… સંબંધ જોવા મળે છે.

(અ) ધન (બ) સહસબંધ

(ક) વ્યસ્ત (ડ) સીધો

10. વસ્તુ બજારમાં બચત, મૂડીરોકાણ, વ્યાજ, ઉત્પાદન અને માંગમાં સમતુલા દર્શાવતી રેખા ………… તરીકે ઓળખાય છે.

(અ) IL રેખા (બ) IS રેખા

(ક) LM રેખા (ડ) IM રેખા

11. IS રેખાનો ઢાળ ………………… પર આધાર રાખે છે.

(અ) વ્યાજદર અને મૂડીરોકાણ (બ) રાષ્ટ્રીય આવક અને મૂડીરોકાણ

(ક) વસ્તુનું ઉત્પાદન અને માંગ (ડ) વસ્તુના પુરવઠા

12. LM રેખાનો ઢાળ .................. પર આધાર રાખે છે.
(અ) વ્યાજદર અને બચત (બ) વ્યાજદર અને નાણાંનો પુરવઠો
(ક) વ્યાજદર અને નાણાંની માંગ (ડ) નાણાંનો પુરવઠો

13. નાણાંની માંગ સ્થિર હોય અને નાણાંના પુરવઠામાં વધારો થાય તો ................
(અ) LM રેખાનો ઢાળ બદલાય (બ) LM રેખાનું સ્થાન ફેરફાર
(ક) LM સ્થિર (ડ) IS રેખા સ્થિર

14. IS-LM મોડેલ .................. દ્વારા આપવામાં આવ્યું.
(અ) કેઈન્સ (બ) ફિશર
(ક) હિક્સ અને હેન્સન (ડ) કેઈન્સ અને હિક્સ

15. વસ્તુબજાર અને નાણાંબજારનો સમન્વય ............... સિદ્ધાંતમાં જોવા મળે છે.
(અ) તરલતા પસંદગી (બ) ધિરાણ ભંડોળ
(ક) IS-LM સિદ્ધાંત (ડ) બચત ભંડોળ

16. વ્યાજ એ માત્ર નાણાકીય ઘટના છે એવું ...................... સિદ્ધાંત જણાવે છે.
(અ) તરલતા પસંદગી (બ) ધિરાણ ભંડોળ
(ક) IS-LM મોડલ (ડ) ઉપરોક્ત બધાં જ

- ઉપયોગી પુસ્તકો

(1) આર્થિક સિદ્ધાંતો - ડૉ. એમ.એન રાવળ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.

(2) અર્થશાસ્ત્રમાં સિદ્ધાંતો - શ્રી એચ. કે. ત્રિવેદી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(3) Macloeconomic Theory, Lovely Professional Uni. Phagwara.

- જવાબો

| | |
|---|---|
| (1) (અ) કેઈન્સ | (9) (ક) વ્યસ્ત |
| (2) (અ) વ્યાજદર | (10) (બ) IS રેખા નાણાંની માંગ |
| (3) (બ) વ્યસ્ત | (11) (અ) વ્યાજદર અને મૂડીરોકાણ |
| (4) (અ) આવક | (12) (ક) વ્યાજદર અને નાણાંની માંગ |
| (5) (બ) વ્યાજદરમાં ઘટાડો | (13) (બ) LM રેખાના સ્થાનમાં ફેરફાર |
| (6) (અ) સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ | (14) (ક) હિક્સ અને હેન્સન |
| (7) (અ) તરલતા બંધન | (15) (ક) IS-LM સિદ્ધાંત |
| (8) (અ) નાણાકીય નીતિ | (16) (અ) તરલતા પસંદગી |

# એકમ-10 વ્યાપારચક્રો - I

-: રૂપરેખા :-

10.0 ઉદ્દેશો
10.1 પ્રસ્તાવના
10.2 વ્યાપારચક્રનો અર્થ
10.3 વ્યાપારચક્રોનું સ્વરૂપ
10.3.1 મોસમી ફેરફાર
10.3.2 ચક્રાકાર ફેરફાર
10.3.3 લાંબાગાળાના વલણો
10.3.4 આકસ્મિક ફેરફાર
10.4 વ્યાપારચક્રના લક્ષણો
10.5 વ્યાપારચક્રના તબક્કાઓ
10.5.1 મંદી (Depression)
10.5.2 સુધારણા (Revival)
10.5.3 તેજી (Prosperity)
10.5.4 ઓટ (Recession)
10.6 વ્યાપારચક્રને નિયંત્રિત કરવાના ઉપાયો
10.6.1 નાણાંકીય નીતિ
10.6.2 રાજકોષીય નીતિ
10.6.3 રાજ્યનો અંકુશ/ખાનગી રોકાણ
10.6.4 આંતરરાષ્ટ્રીય માપદંડો
10.6.5 આર્થિક વ્યવસ્થાનું પુનઃસ્થાપન
10.7 સારાંશ
10.8 ચાવીરૂપ શબ્દો
- સંદર્ભ પુસ્તકો
- 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ

## 10.0 ઉદ્દેશો

વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ પછી તમે

- વ્યાપારચક્ર કોને કહેવામાં આવે છે તે સમજાવી શકશો.
- વ્યાપારચક્રોના સ્વરૂપ તેમજ તેમનાં લક્ષણો વિશે વિગતે ચર્ચા કરી શકશો.
- વ્યાપારચક્રોના વિવિધ તબક્કાઓ અંગેની સમજણ પ્રાપ્ત કરી શકશો.
- વ્યાપારચક્રને નિયંત્રિત કરવાના વિવિધ ઉપાયો અંગે વિચારણા કરી શકશો.

## 10.1 પ્રસ્તાવના

વિકાસની પ્રક્રિયા ક્યારેય સરળ રહી નથી. વિકસિત અર્થતંત્રમાં આર્થિક પ્રવૃત્તિઓમાં સતત બદલાવ આવ્યા કરે છે અને તેથી જ આર્થિક પ્રવૃત્તિઓમાં આવતા આ પરિવર્તનો વિકસિત અર્થતંત્રની ખાસિયત ગણવામાં આવે છે. વિદ્યાર્થી મિત્રો, સામાન્યતઃ વ્યાપારચક્રો એ કોઈ કુદરતી પરિબળોમાંથી ઉદ્ભવતા નથી કે આકસ્મિક રીતે પણ આવતા નતી. પરંતુ વ્યાપારચક્રો એ કોઈ ચોક્કસ સ્વરૂપે ઉદ્ભવેલ અને ગતિવિધિ ધરાવતી આર્થિક ઘટના છે. જો આપણે યુ.એસ.એ.નું ઉદાહરણ લઈએ તો ડિસેમ્બર 1854થી લઈને જૂન 1938ના સમયગાળા દરમિયાન ત્યાં 21 જેટલા પૂર્ણ વ્યાપારચક્રો નોંધવામાં આવ્યાં હતાં. તે જ રીતે, ઈંગ્લેન્ડના આર્થિક વિકાસને ધ્યાને લઈએ તો, સ્પષ્ટ જોવા મળે છે કે ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં ઈંગ્લેન્ડમાં આજે જોવા મળે છે તેવા વ્યાપારચક્રો હતાં નહીં. ઈ.સ. 1815 પછી એટલે કે નેપોલિયનનાં યુદ્ધો બાદ ગ્રેટ બ્રિટનમાં વ્યાપારચક્રો જોવા મળ્યાં હતાં. સરળ ભાષામાં કહીએ તો વ્યાપારચક્ર એ બીજું કાંઈ જ નથી પણ આવક, ઉત્પાદન, રોજગારી અથવા સમગ્ર આર્થિક પ્રવૃત્તિના વિસ્તરણ અને સંકોચનની પ્રક્રિયા છે.

## 10.2 વ્યાપારચક્રનો અર્થ

શરૂઆતના સમયમાં વ્યાપારચક્રોને કંઈક જુદી જ રીતે રજૂ કરવામાં આવતાં હતાં અને વ્યાપારચક્રના બદલે 'કટોકટી' એવો શબ્દ પ્રયોગ કરવામાં આવતો હતો. સમય જતાં ક્લેમન્ટ જગલરે આ ઘટનાને એક સંકલિત બાબત તરીકે સમજાવી. તેમના માટે વ્યાપારચક્રમાં સમૃદ્ધિ, કટોકટી અને પતાવાટના તબક્કાનું ક્રમશઃ સતત પુનરાવર્તન થતું હોય છે. કેટલાંક સંશોધનોના પરિણામે અર્થશાસ્ત્રીઓએ તારણ કાઢ્યું કે મોજા જેવી ગતિ (Wave like movement)નો અભ્યાસ વ્યાપારચક્રને સમજવા માટે વધુ યોગ્ય છે. ન કે કટોકટીનો અભ્યાસ.

વ્યાખ્યા :

વ્યાપારચક્રને સમજાવવા માટે વિવિધ અર્થશાસ્ત્રીઓએ જુદી જુદી રીતે તેની વ્યાખ્યાઓ આપી છે. જે નીચે મુજબ છે :

પ્રો. મિચેલ તથા આર્થર બર્ન્સે તેમના પુસ્તક 'Measuring Business Cycles' માં જણાવ્યા મુજબ,

"વ્યાપારચક્ર એ એક જ સમયે ઘણી આર્થિક પ્રવૃત્તિઓમાં દેખાતી તેજી, ઓટ, મંદી અને સુધારણા જે અંતે બીજા વ્યાપારચક્રની તેજીમાં ભળી જાય છે, તેનું બનેલું હોય છે. પરિવર્તનોનો આ ક્રમ ફરી ફરીને જોવા મળે છે. જો કે તેની સમય મર્યાદા એક કરતાં વધુ વર્ષથી માંડીને દસ બાર વર્ષની હોય છે."

પ્રો. જે. એ. એસ્ટે :

"એક વર્ષથી વધારે સમય સુધી ચાલતી તેજી અને મંદીના મોજા જેવી આર્થિક પ્રવૃત્તિની ઉથલપાથલોને વ્યાપારચક્ર કહેવામાં આવે છે."

પ્રો. જે. કે. મિત્રા :

"વ્યાપારચક્ર એવી ઘટના છે કે જે બધા મૂડીવાદી સમાજોમાં વધતા-ઓછા નિયમિત ક્રમમાં આવતા આર્થિક પરિવર્તનોનો નિર્દેશ કરે છે."

પ્રો. હેન્સન :

"વનસ્પતિશાસ્ત્ર અને વિજ્ઞાનોમાં ચક્રનો અર્થ ઘટનાઓનો ક્રમ એવો થાય છે, કે

જેનું સતત પુનરાવર્તન થયા કરે છે. પણ એકસરખા સમયગાળામાં નહીં કે એકસરખા અંશમાં પણ નહીં. અહીં ક્રમના પુનરાવર્તન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં ચક્રના વિવિધ તબક્કાઓ તેજી, ઓટ, મંદી તથા સુધારણાનું એના ક્રમમાં પુનરાવર્તન થાય છે."

પ્રો. જે.એમ. કેઇન્સ :

"વ્યાપારચક્ર એવા વેપારનો સમયગાળો છે કે જેમાં ભાવો વધતા હોય છે અને બેકારીની ટકાવારી નીચી હોય છે તથા નબળા વેપારનો સમયગાળો કે જેમાં ભાવો ઘટતા હોય છે અને બેકારીની ટકાવારી ઊંચી હોય છે તેનું બનેલું હોય છે."

આમ, કેઇન્સના મત મુજબ વ્યાપારચક્ર એ બે ગાળાનું બનેલું હોય છે. ખીલતો વેપાર અને ભાંગતો વેપાર, જે પૈકી ખીલતા વેપારના ગાળામાં ઉત્પાદનમાં સતત વધારો થતો જોવા મળે છે અને ઉત્પાદન વધતા બેરોજગારીનું પ્રમાણ ઘટતું જાય છે અને ચીજવસ્તુઓ તથા સેવાની માંગમાં વધારો થતા ભાવોમાં વધારો થતો જાય છે જ્યારે ભાંગતા વેપારના સમય દરમિયાન ઉત્પાદનમાં સતત ઘટાડો જોવા મળે છે. ઉત્પાદન ઘટતા બેરોજગારીનું પ્રમાણ વધતું જાય છે અને ચીજવસ્તુઓ તથા સેવાની માંગમાં ઘટાડો થતા તેમના ભાવોમાં ઘટાડો જોવા મળે છે.

વ્યાપારચક્રોના સમય, તેમની અસરોની તીવ્રતા વગેરેમાં વિવિધતા હોવાના કારણે વ્યાપારચક્ર અંગે કોઈ ચોક્કસ નિયમ રજૂ કરી શકાય તેમ નથી. સમયની દૃષ્ટિએ જોઈએ તો કેટલાક વ્યાપારચક્રો એક વર્ષના તો કેટલાંક બે વર્ષના પણ હોય છે. તો વળી કેટલાંક બહુ જ લાંબા સમયના પણ જોવાં મળે છે. આવાં લાંબા સમયગાળાનાં વ્યાપારચક્રો અંગે સૌપ્રથમ રશિયન અર્થશાસ્ત્રી કોન્ડ્રાટીવે સંશોધન કરેલ હોવાથી તેમણે કોન્ડ્રાટીવ ચક્ર તરીકે ઓળખવામાં આવે છે. વ્યાપારચક્રોનો સમયગાળો જુદો જુદો હોવા છતાં કેટલાક અર્થશાસ્ત્રીઓએ તેમનો સરેરાશ સમય કાઢવાના પ્રયાસો પણ કર્યા છે. હેન્સને ઇ.સ. 1837 થી ઇ.સ. 1937 સુધીના સો વર્ષના સમયગાળા દરમિયાન બાર જુદા જુદા વ્યાપારચક્રોની નોંધ કરી અને તેના આધારે વ્યાપારચક્રોનો સરેરાશ સમય 8.33 વર્ષનો ગણાવ્યો છે.

વ્યાપારચક્રો અંગે રજૂ થયેલ વિવિધ વ્યાખ્યાઓ પૈકી પ્રો. મિચેલની વ્યાખ્યા વધુ સ્વીકાર્ય બની છે. આ વ્યાખ્યામાં વ્યાપારચક્રોની ત્રણ અગત્યની બાબતોનો નિર્દેશ કરવામાં આવેલ છે.

1. વ્યાપારચક્રો માત્ર સંગઠિત સમાજો કે જેમાં નાણાંની વપરાશ થાય છે. ત્યાં જ જોવા મળે છે.
2. વ્યાપારી સંજોગોમાં આવતા પરિવર્તનો એ વ્યાપારચક્ર છે.
3. વ્યાપાર તથા આર્થિક પ્રવૃત્તિઓમાં નિયમિત તેમજ અમુક સમયના અંતરે આવતા પરિવર્તન એ વ્યાપારચક્ર છે.

જુદા જુદા અર્થશાસ્ત્રીઓમાં પ્રવર્તતા એક સર્વસામાન્ય મત મુજબ વ્યાપારચક્રનો સમયગાળો 7 થી 11 વર્ષનો હોય છે.

## 10.3 વ્યાપારચક્રનું સ્વરૂપ

વિદ્યાર્થી મિત્રો, વ્યાપારચક્ર કોને કહેવામાં આવે છે તે અંગે આપણે જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓ જોઈ. હવે આપણે વ્યાપારચક્રના સ્વરૂપ અંગે ચર્ચા કરીએ. જો સ્વરૂપની દૃષ્ટિએ જોઈએ તો વ્યાપારચક્રોનું નીચે મુજબના ચાર વિભાગોમાં

વર્ગીકરણ કરવામા આવે છે.

### 10.3.1 મોસમી ફેરફાર :

મોસમના ફેરફારોના પરિણામે ઉદ્ભવતા વેપારચક્રોનો સમાવેશ અહીં કરવામાં આવે છે. સમય અને સ્થળ મુજબ ઋતુઓ બદલાયા કરે છે. ઋતુમાં પરિવર્તન આવવાના પરિણામે જુદી જુદી ચીજવસ્તુઓની માંગમાં તથા પુરવઠામાં પણ ફેરફારો થતા રહે છે. જેમકે, ચોખાનો પાક બજારમાં મુખ્યત્વે શિયાળામાં આવે છે. પરિણામે શિયાળામાં બજારમાં ચોખાનો પુરવઠો વધતા તેના ભાવોમાં આ સમય દરમિયાન ઘટાડો જોવા મળે છે જ્યારે બાકીના સમયમાં તેના ભાવોમાં વધારો થયેલો જોવા મળે છે. ભાવોમાં થતી આ વધઘટના પરિણામે અર્થતંત્રમાં આર્થિક પ્રવૃત્તિઓમાં ભરતી અને ઓટનો અનુભવ થાય છે.

કુદરતી તેમજ સામાજિક વ્યવસ્થાના લીધે અર્થતંત્રમાં અમુક સમયના અંતરે પરિવર્તનો આવે છે. જેમકે લગ્ન ગાળામાં સોના, ચાંદી, ઘરેણા, કપડાં વગેરેની માંગમાં મોટા પાયે વધારો થયેલ જોવા મળે છે. આ પ્રકારના મોસમી ફેરફારોનો સમયગાળો સામાન્ય રીતે એક વર્ષનો હોય છે. આ પ્રકારના ફેરફારોની વિપરીત અસર અર્થતંત્ર પર ન પડે તે માટે તેને અનુરૂપ અર્થવ્યવસ્થા રચી શકાય છે.

### 10.3.2 ચક્રાકાર ફેરફાર :

વ્યાપારચક્રો મુખ્યત્વે ચક્રાકાર સ્વરૂપના હોય છે. કેટલાક પરિબળો એવાં હોય છે કે જેના લીધે અર્થકારણમાં મોજાના જેવી (Wave like) ચડ-ઉતર અમુક સમયના અંતરે થાય છે. આ પ્રકારની ચડ-ઉતર ખૂબ જ ભારે હોય છે અને તેથી તે સમાજ માટે અસહ્ય હોય છે. આ ચડ-ઉતરનું મંદી, સુધારણા, તેજી અને ઓટ જેવા તબક્કાઓમાં વર્ગીકરણ કરવામાં આવે છે. આગળ જતાં, આ તબક્કાઓની આપણે વિગતવાર ચર્ચા કરવાના છીએ.

### 10.3.3 લાંબાગાળાના વલણો :

આર્થિક જીવન પરિવર્તનશીલ હોય છે. આથી આર્થિક જીવનમાં લાંબાગાળે પરિવર્તનો જોવા મળે છે. આર્થિક પ્રવૃત્તિઓમાં મોસમી ફેરફારો ઉપરાંત લાંબાગાળાના વલણો પણ કામ કરતાં હોય છે. જેના પરિણામે આર્થિક પ્રવૃત્તિઓ સ્થિર રહી શકતી નથી. આ વલણોના સમયગાળાની જો ચર્ચા કરીએ તો તે પેઢી દર પેઢી ચાલે તેટલો લાંબો હોય છે કે જેના અભ્યાસ દ્વારા આર્થિક પ્રવૃત્તિઓની દિશા નક્કી કરી શકાય છે. જેમ કે, નવા સાધનો, ટેક્નોલોજીકલ પ્રગતિ, વસ્તીમાં થતો સતત વધારો વગેરે. આ પ્રકારના પરિવર્તનો અર્થવ્યવસ્થાને ઊંચા સ્તરે લઈ જાય છે. તેથી આવા પરિવર્તનો અર્થતંત્ર માટે લાભદાયક ગણવામાં આવે છે. આવા પરિવર્તનો ઝડપી હોતા નથી પરંતુ ક્રમિક હોય છે. જેથી ઘટિત ગોઠવણીની અનુકૂળતા રહે છે.

### 10.3.4 આકસ્મિક ફેરફાર :

વ્યાપારચક્રોના ઉપરોક્ત ત્રણેય પ્રકારોમાં સમયની દૃષ્ટીએ કેટલાક અંશે નિયમિતતા જોવાં મળે છે. પરંતુ આર્થિક જીવનમાં કેટલીકવાર કેટલીક ઉથલપાથલો અણધારી રીતે આવતી હોય છે કે જેના માટે કોઈ ચોક્કસ સમય કહી શકાતો હોતો નથી. તેમજ તેના કોઈ નિશ્ચિત કારણો પણ હોતા નથી. આમ, કેટલાક ફેરફારો આકસ્મિક અને અનિયમિત રીતે જ આવતા હોય છે. જેમકે ભૂકંપ, યુદ્ધ, દુષ્કાળ, પુર વગેરે. આવાં પરિબળો આર્થિક જીવનમાં પરિવર્તનો લાવે છે કે જેના વિશે આગાહી કરી શકાતી નથી. જો આવી ઘટનાઓને અટકાવી ન શકીએ તો તેના પરિણામોને પણ અટકાવી શકાતા નથી. પરંતુ તેનાં પરિણામો ઓછાં હાનિકારક બને તે માટે પ્રયત્નો કરી શકાય છે.

- તમારી પ્રગતિ ચકાસો (ક) :
- નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો.

1. ડિસેમ્બર 1854 થી લઈને જૂન 1938ના સમયગાળા દરમિયાન અમેરિકામાં કેટલા પૂર્ણ વ્યાપારચક્રો જોવાં મળ્યાં હતાં ?
2. ગ્રેટ બ્રિટનમાં વ્યાપારચક્રો ક્યારે જોવા મળ્યા ?
3. વ્યાપારચક્રને એક સંકલિત બાબત તરીકે કોણે ઓળખાવ્યા ?
4. વ્યાપારચક્રને સમજવા માટે શેનો અભ્યાસ વધુ ઉપયોગી બને છે ?
5. વ્યાપારચક્રની વધુ સ્વીકાર્ય વ્યાખ્યા જણાવો.
6. ખીલતો વેપાર અને ભાંગતો વેપાર એટલે શું ?
7. હેન્સનના મતે વ્યાપારચક્રોનો સરેરાશ સમય કેટલાં વર્ષનો હોય છે ?
8. વ્યાપારચક્રનું વર્ગીકરણ કયા કયા વિભાગોમાં કરવામાં આવ્યું છે ?
9. વ્યાપારચક્રના સંદર્ભમાં લાંબાગાળાના વલણો આર્થિક વ્યવસ્થા માટે લાભદાયક હોય છે કે કેમ ? તમારું મંતવ્ય જણાવો.
10. મોસમી ફેરફારો એટલે શું ?
11. વ્યાપારચક્રો મુખ્યત્વે કેવા હોય છે ?
12. શું આકસ્મિક ફેરફારોને અટકાવી શકાય છે ? કેમ ?

- નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે લખો.

1. વ્યાપારચક્ર એ કુદરતી પરિબળોમાંથી ઉદ્ભવે છે.
2. પ્રો. હેન્સને વ્યાપારચક્રને એક સંકલિત બાબત તરીકે સમજાવી.
3. વ્યાપારચક્રમાં પરિવર્તનોનો ક્રમ પુનરાવર્તિત થતો રહે છે.
4. કેઈન્સના મતે વ્યાપારચક્ર બે ગાળાનું બનેલું છે.
5. વ્યાપારચક્રની સમય મર્યાદા એક વર્ષની હોય છે.
6. લાંબાગાળાના વ્યાપારચક્રને કોન્ડ્રાટીવ ચક્ર તરીકે ઓળખવામાં આવે છે.

- સાચો વિકલ્પ પસંદ કરો.

1. વ્યાપારચક્રને ખીલતા વેપાર અને ભાંગતા વેપાર તરીકે કોને ઓળખાવ્યો છે ?
   (અ) એસ્ટે (બ) કેઈન્સ
   (ક) હેન્સન (ડ) મિચેલ
2. લાંબાગાળાના વ્યાપારચક્રો અંગે સૌ પ્રથમ સંશોધન કરનાર અર્થશાસ્ત્રીનું નામ શું છે ?
   (અ) કેઈન્સ (બ) હેન્સન
   (બ) ક્લેમેન્ટ જગલર (ક) કોન્ડ્રાટીવ
3. હેન્સને સો વર્ષના સમયગાળા દરમિયાન કેટલા વ્યાપારચક્રોની નોંધ કરી ?
   (અ) દસ (બ) બાર
   (ક) આઠ (ડ) ચૌદ

## 10.4 વ્યાપારચક્રના લક્ષણો

અગાઉ આપણે વ્યાપારચક્રની વ્યાખ્યાઓ તથા તેના સ્વરૂપની ચર્ચા કરી. જેના આધારે વ્યાપારચક્રની કેટલીક લાક્ષણિકતાઓ નીચે મુજબ તારવી શકાય.

10.4.1 ચક્રાકાર ગતિ :

વ્યાપારચક્રમાં મંદી, સુધારણા, તેજી અને ઓટ એમ આ ચારેય તબક્કાઓ ચક્રાકાર ગતિએ વારા ફરતી આવ્યા કરે છે. આ દરેક તબક્કાઓનો સમય જુદો જુદો હોય છે. સામાન્ય રીતે તેજી અને મંદીના તબક્કા લાંબા હોય છે. જ્યારે ઓટ અને સુધારણાના તબક્કા ટૂંકા હોય છે.

10.4.2 ઉદ્યોગપ્રધાન દેશમાં :

વ્યાપારચક્રો સામાન્ય રીતે, કૃષિપ્રધાન દેશો કરતાં ઉદ્યોગપ્રધાન દેશોમાં વિશેષ જોવા મળે છે. 18મી સદીમાં ઇંગ્લેન્ડમાં થયેલ ઔદ્યોગિક ક્રાંતિ બાદ આ બાબત સ્પષ્ટપણે જોઈ શકાય છે.

10.4.3 સમાન આકાર :

જો કોઈ પણ બે વ્યાપારચક્રોને એકબીજા સાથે સરખાવવામાં આવે તો તેમનાં આકારમાં સમાનતા જોવાં મળે છે. આમ થવાનું કારણ એ છે કે, બધા જ વ્યાપારચક્રોમાં તેજી, ઓટ, મંદી અને સુધારણા - આ ચારેય તબક્કાઓ જોવાં મળે છે. વ્યાપારચક્રોનાં આકારમાં સમાનતા હોવાં છતાં કોઈપણ બે વ્યાપારચક્રો તમામ વિગતોની દ્રષ્ટિએ એકબીજાને મળતા આવે છે એમ કહી શકાતું નથી. આથી જ પ્રો. પિગુએ કહ્યું છે કે, ''વ્યાપારચક્રો જોડિયા બાળકો નહીં પણ એક જ કુટુંબના સભ્યો જેવાં હોય છે. કારણ કે કુટુંબની જેમ વર્ણવી શકાય તેવાં લક્ષણો તે ધરાવે છે.''

10.4.4 સ્વયંવિકસિત તબક્કાઓ :

તેજી અને મંદીના તબક્કાઓ વ્યાપારચક્ર સ્વયંવિકસિત હોય છે. જો અર્થતંત્રમાં એકવાર તેજીની શરૂઆત થાય તો પછી ધીમે ધીમે તે વધતી જ જાય છે. એટલે કે શરૂઆતના ભાવોમાં ધીમે ધીમે વધારો થાય છે. પરંતુ સમય જતાં તે ઘોડાપુર ફુગાવો બની જાય છે. તે જ રીતે જો અર્થતંત્રમાં એકવાર મંદીની શરૂઆત થાય તો તે ધીમે ધીમે વધુમાં વધુ ગહન બનતી જાય છે. આમ અર્થતંત્રમાં તેજી અને મંદીના કારણે કટોકટીની પરિસ્થિતિ સર્જાય તે પહેલાં જ કેટલાંક એવાં પરિબળો ઉદ્ભવે છે કે જેના પરિણામે તેજી અને મંદી અંકુશમાં આવે છે. આમ, અર્થતંત્રમાં તેજીમાંથી ઓટ તરફ અને મંદીમાંથી સુધારણા તરફ જાતે જ ગતિ થાય છે.

10.4.5 ગતિમાં તફાવત :

વ્યાપારચક્રના તબક્કાઓની ગતિમાં તફાવત જોવા મળે છે. તેજીના તબક્કામાંથી મંદીના તબક્કા તરફની ગતિ વધુ ઝડપી હોય છે. ધીમે ધીમે શરૂ થયેલો ભાવવધારો તેની ઉચ્ચતમ સપાટીએ પહોંચ્યા બાદ ભાવોમાં કડાકો બોલે છે અને ભાવો એકદમ ઝડપથી ઘટવા લાગે છે. આનાથી વિપરીત મંદીના તબક્કામાંથી તેજીના તબક્કા તરફ જતાં ખૂબ જ લાંબો સમય વીતી જાય છે.

10.4.6 અનેક પ્રવૃત્તિઓમાં એકસાથે :

વ્યાપારચક્ર અર્થતંત્રમાં કોઈ એક પ્રવૃત્તિ પૂરતું સીમિત રહી શકતું નથી. તે એક

સાથે અનેક ઉત્પાદક પ્રવૃત્તિઓમાં પ્રસરી જાય છે. અર્થતંત્રમાં કોઈ એક વિભાગ કે ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલી તેજી કે મંદી ધીમે ધીમે સમગ્ર અર્થતંત્રમાં પ્રસરી જાય છે. કોઈપણ ઉત્પાદક પ્રવૃત્તિ તેનાથી વંચિત રહી શકતી નથી. જેમકે ટાયર, મોટર, સ્કૂટર, પેટ્રોલ, પોલાદનું ઉત્પાદન વગેરેમાં ભાવવધારો કે ભાવઘટાડો એક સાથે જોવા મળે છે. એટલું જ નહીં પરંતુ વેતન, વ્યાજ, ભાડું, નફો વગેરેમાં પણ વધારો ઘટાડો એકસાથે જ જોવા મળે છે.

10.4.7 આંતરરાષ્ટ્રીય સ્વરૂપ :

જે રીતે વ્યાપારચક્રો કોઈ એક આર્થિક પ્રવૃત્તિ પૂરતાં મર્યાદિત રહી શકે નહિ, તેજ રીતે તે કોઈ એક દેશ પૂરતાં મર્યાદિત પણ રહી શકતા નથી. વ્યાપારચક્રોને કોઈપણ દેશની સરહદ અડચણ રૂપ બની શકતી નથી. વિદેશ વેપાર અને વિદેશી હુંડિયામણની આપ-લે દ્વારા કોઈ એક દેશમાં સર્જાયેલી તેજી કે મંદી બીજા દેશમાં અને ધીમે ધીમે વિશ્વના તમામ દેશોમાં વ્યાપી જાય છે. જેનું એક પ્રસિદ્ધ ઉદાહરણ ઈ.સ. 1929માં અમેરિકામાં ઉદ્ભવેલી મંદી છે જેણે સમય જતાં વૈશ્વિકમંદીનું સ્વરૂપ ધારણ કર્યું હતું અને દુનિયાનો એક પણ દેશ તેનાથી બચી શક્યો નહીં. આમ, વ્યાપારચક્રો કોઈ એક રાષ્ટ્રપૂરતા સીમિત ન રહેતા આંતરરાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કરે છે.

- તમારી પ્રગતિ ચકાસો (ખ)
- નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

1. વ્યાપારચક્રમાં ટૂંકા તબક્કા કયા કયા હોય છે ?
2. વ્યાપારચક્રોમાં તેજીના તબક્કામાં મંદીના તબક્કા તરફની ગતિ કેવી હોય છે તે વર્ણવો.
3. 'વ્યાપારચક્રો એક સાથે અનેક પ્રવૃત્તિઓમાં જોવા મળે છે.' - તમારા શબ્દોમાં સમજાવો.
4. વ્યાપારચક્ર આંતરરાષ્ટ્રીય સ્વરૂપ કઈ રીતે ધારણ કરે છે ?
5. વ્યાપારચક્રના તબક્કાઓ જણાવો.

- ખાલીજગ્યા પૂરો.

1. વ્યાપારમાં _________ અને _________ તબક્કાઓ લાંબા હોય છે.
2. વ્યાપારચક્રો _________ દેશોમાં વધુ જોવા મળે છે.

- સાચો વિકલ્પ પસંદ કરો.

1. નીચે પૈકી વ્યાપારચક્રનું લક્ષણ કયું છે ?
   (અ) ચક્રાકાર ગતિ (બ) કૃષિપ્રધાન દેશોમાં વિશેષ
   (ક) આકારમાં તફાવત (ડ) સમાન ગતિ
2. તેજીના તબક્કામાંથી મંદીના તબક્કા તરફની ગતિ કેવી હોય છે ?
   (અ) ધીમી (બ) ઝડપી
   (ક) સ્થિર (ડ) એકપણ નહિ
3. મંદીના તબક્કામાંથી તેજીના તબક્કા તરફની ગતિ કેવી હોય છે ?
   (અ) ધીમી (બ) ઝડપી
   (ક) સ્થિર (ડ) એકપણ નહિ

## 10.5 વ્યાપારચક્રના તબક્કાઓ

વ્યાપારચક્રના અર્થ, સ્વરૂપ અને લાક્ષાણિકતાઓથી આપણે પરિચિત થયા. હવે આપણે વ્યાપારચક્રના વિવિધ તબક્કાઓ-પાસાઓ વિગતવાર સમજીએ. સામાન્ય રીતે વ્યાપારચક્ર નીચેના ચાર તબક્કાઓનું બનેલું હોય છે અને આ તબક્કાઓનું ક્રમશઃ પુનરાવર્તન થયા કરે છે.

1. મંદી
2. સુધારણા
3. તેજી
4. ઓટ

ઉપરોક્ત ચારેય તબક્કાઓનો સમગ્ર રીતે વિચાર કરીએ તો નીચે મુજબનું ચિત્ર જોવા મળે છે.

1. મંદી : અર્થતંત્રમાં મૂડીરોકાણનું પ્રમાણ ઘટતાં ઉત્પાદન ઘટવા લાગે છે. જેના પરિણામે રોજગારી, આવક, વસ્તુની માંગ, નફો વગેરે ઘટવા લાગે છે. જેને મંદી તરીકે ઓળખવામાં આવે છે.
2. સુધારણા : અર્થતંત્ર જ્યારે મંદીના તબક્કામાંથી બહાર નીકળીને તેજીના તબક્કા તરફ આગળ વધે છે ત્યારે તે તબક્કાને સુધારણા તરીકે ઓળખવામાં આવે છે. આ તબક્કામાં મૂડીસાધનોની માંગ વધતા રોજગારી, આવક, વસ્તુની માંગ, કિંમત, નફો વગેરેમાં વધારો થવા લાગે છે.
3. તેજી : અર્થતંત્રમાં મૂડીરોકાણનું પ્રમાણ વધતાં ઉત્પાદન, રોજગારી અને આવકમાં વધારો થવા લાગે છે. જેના પરિણામે વસ્તુની માંગ, કિંમત, નફો વગેરે વધવા લાગે છે. જેને તેજી તરીકે ઓળખવામાં આવે છે.
4. ઓટ : અર્થતંત્રમાં વસ્તુના પ્રમાણમાં વધારો અને નાણાંના પ્રમાણમાં ઘટાડો થતા ઓટની પરિસ્થિતિ સર્જાય છે. અહીં મૂડીરોકાણમાં ઘટાડો થતા આવક, ઉત્પાદન, રોજગારી, નફો વગેરેમાં ઘટાડો થાય છે.

**આકૃતિ 10.1**



આકૃતિ 10.1માં OX રેખા પર વર્ષો તથા OY રેખા પર આર્થિક પ્રવૃત્તિના સપાટી દર્શાવેલ છે. PP રેખા એ પૂર્ણ રોજગારીની સપાટી દર્શાવે છે. જે દર્શાવે છે કે કાળક્રમે વિકાસ થતા સંજોગોમાં ફેરફાર થાય છે અને પૂર્ણ રોજગારીની સપાટી ઊંચી જાય છે. આકૃતિમાં વ્યાપારચક્રના ચારેય તબક્કાઓ દર્શાવેલ છે. જે મુજબ અર્થકારણ જ્યારે પૂર્ણ રોજગારીની સપાટીથી નીચે હોય ત્યારે જો નીચે તરફ જવાંના વલણો હોય તો મંદી પણ જો ઉપર તરફ જવાંના વલણો હોય તો તે સુધારણાનો તબક્કો દર્શાવે છે. તેજ રીતે જ્યારે અર્થકારણ પૂર્ણ રોજગારીની સપાટીથી ઊંચે હોય ત્યારે જો ઊંચે જવાંના વલણો જોવાં મળે તો તે તેજી જો નીચે તરફ જવાંના વલણો જોવાં મળે તો તે ઓટના તબક્કાનું નિર્દેશ કરે છે. હવે આપણે આ દરેક તબક્કાને વિગતવાર નીચે મુજબ સમજીએ.

10.5.1 મંદી :

સામાન્ય રીતે વ્યાપારચક્રની શરૂઆત કયા તબક્કાથી કરવી તે એક સમસ્યારૂપ બાબત છે. આથી જ વ્યાપારચક્રનું વર્ણન સામાન્ય રીતે મંદીના તબક્કાથી કરવામાં આવે છે. તો ચાલો, આપણે હવે મંદીના તબક્કા અંગે વધુ માહિતગાર થઈએ.

મંદી દરમિયાન સામાન્ય રીતે આર્થિક પ્રવૃત્તિઓ ધીમી એટલે કે મંદ હોય છે. વેપાર-ધંધાનું પ્રમાણ ઘટેલું હોવાથી ઉત્પાદન પ્રવૃત્તિઓ પર કાપ મૂકવામાં આવે છે. પરિણામે ઓછા શ્રમિકોની જરૂરિયાત ઊભી થતા બેરોજગારીનું પ્રમાણ વધે છે. શ્રમિકોનું પ્રમાણ જરૂરિયાત કરતાં વધુ હોવાથી નીચે વેતનદરે કામ કરવા માટે પણ તેઓ તૈયાર થાય છે. પરંતુ રોજગારી મેળવવામાં તેઓ સફળ થઈ શકતા નથી. વેતનદર નીચે હોવાના પરિણામે શ્રમિકોની આવકમાં ઘટાડો થતા તથા બેરોજગારીનું પ્રમાણ વધુ હોવાના કારણે તેમની ખરીદશક્તિમાં ઘટાડો થાય છે. ખરીદશક્તિમાં ઘટાડો થતા વસ્તુઓની માંગમાં ઘટાડો થાય છે પરંતુ તેનો પુરવઠો વધુ હોવાના પરિણામે વસ્તુના ભાવોમાં ઘટાડો થાય છે. આથી નફાનું પ્રમાણ ઘટે છે અને મૂડીરોકાણ કરનારાઓને ઓછો નફો મળે છે. ઓછો નફો મળવાના કારણે તેઓ નવું મૂડી રોકાણ કરવા માટે ઉત્સાહી હોતા નથી. આથી બજારમાં મંદીનું વાતાવરણ ફેલાય છે. જેના પરિણામે બેન્કો પણ ધિરાણ કરવાનું જોખમ લેવા તૈયાર થતી નથી. શેરોની કિંમત ઘટતાં ડિવિડન્ડ પણ ઓછું મળે છે. આમ, મંદીના પરિણામે ચોમેર અંધકારમય વાતાવરણ ફેલાય છે.

મંદીના સમયમાં પણ કેટલીક આવશ્યક વસ્તુઓ-કામગીરીઓની માંગ રહે છે. જેના પરિણામે મૂડીરોકાણ, ઉત્પાદન, રોજગારી, આવક તથા ભાવો તેમની લઘુત્તમ સપાટી જાળવી શકે છે. પરંતુ આવું ક્યાં સુધી ચાલતું રહશે તે અંગે સ્પષ્ટપણે કંઈ જ કહી શકાતું નથી. પણ સમય જતાં મંદીનિવારક પરિબળો ઉદ્ભવે છે અને આશાનું કિરણ દેખાય છે. અર્થતંત્ર ધીમે ધીમે સુધારણા તરફ જતું દેખાય છે. ઉત્પાદકો, ગ્રાહકો, વેપારીઓ, બેન્ક વગેરેમાં નવી સ્ફૂર્તિનું સર્જન થાય છે અને તેઓ ઉત્સાહી જણાય છે. અર્થતંત્રમાં ફેલાયેલી નિરાશા આશાવાદનો સંચાર કરે છે અને ધીમે ધીમે અર્થતંત્ર મંદીમાંથી બહાર નીકળતું જાય છે. આમ, અર્થતંત્રમાં મંદી ક્યારેય કાયમ માટે સ્થાયી થઈ શકાતી નથી પણ સ્વયં સુધારણાને જન્મ આપે છે.

10.5.2 સુધારણા :

મંદીના તબક્કામાં આપણે જોયું કે મંદીમાંથી અર્થતંત્ર સ્વયં સુધારણા તરફ ગતિ કરે છે. જે અર્થતંત્રને તેજીના તબક્કા તરફ જવા માટે પ્રેરણારૂપ બને છે. સુધારણાના તબક્કામાં સૌથી પહેલા તો મૂડીસાધનોની માંગમાં વધારો થાય છે. જેના પરિણામ બેકારીનું પ્રમાણ ઘટે છે અને શ્રમિકોની માંગ તથા આવકમાં વધારો થાય છે. પરિણામે વસ્તુઓની માંગ

અને તેમના ભાવોમાં પણ વધારો થવા લાગે છે. મૂડીરોકાણ કરનાઓના નફામાં વધારો થાય છે. પરિણામે નવું મૂડીરોકાણ પ્રોત્સાહિત થાય છે અને ઉત્પાદનમાં વધારો થાય છે. જે રોજગારી, આવક, માંગ અને નફામાં ફરીથી વધારો કરે છે અને આ રીતે આ ચક્ર ચાલ્યા કરે છે. શેર બજાર ઉત્સાહી જણાય છે. આમ, સમગ્ર રીતે ચોમેર આશાનું વાતાવરણ ફેલાય છે.

10.5.3 તેજી :

સુધારણાના પરિણામે અર્થતંત્રમાં વિકાસની શક્યતા ઉદ્ભવે છે. આવા સમયે જે મૂડી વણવપરાયેલી હોય છે તે અને મૂડી સિવાયના સાધનોનો ઉપયોગ શક્ય બને છે. આથી વપરાશી વસ્તુઓની માંગમાં વધારો થતા ઉત્પાદનમાં વધારો કરવો શક્ય બને છે. ઉત્પાદન વધતા શરૂઆતમાં વસ્તુના ભાવોમાં વધારો થતો નથી પણ પ્રાપ્ત થયેલ ઉત્પાદનશક્તિનો પૂર્ણ વપરાશ થઈ જવાથી નવા સાધનોની તંગી સર્જાય છે અને ઉત્પાદન વધારવાની પ્રક્રિયામાં વિલંબ જણાય છે. અહીં માંગ જેટલી વધે છે તેના કરતાં પુરવઠો ઓછો વધે છે અને ભાવ વધારો થવા લાગે છે. અહીં સાધન ભાવો કરતાં વસ્તુના ભાવો વધુ વધે છે. કારણ કે વ્યાજ અને ભાડું કરારી હોય છે, વેતનો વધારતા સમય લાગે છે. જો વસ્તુના ભાવોમાં વધુ વધારો થાય તો નિયોજકોના નફામાં વધુ વધારો થાય અને નિયોજકો વધુ સાહસો ખેડવા માટે તૈયાર થાય છે. મૂડીરોકાણ વધતા-અર્થતંત્રમાં ઉત્પાદન, આવક, રોજગારી વગેરેમાં વધારો થાય છે અને અર્થતંત્રમાં તેજી જોવા મળે છે. તેજી પણ મંદીની જેમ અર્થતંત્રમાં કાયમી ટકી શકતી નથી. પડતીના પરિબળો જન્મે છે. ધીમે ધીમે થયેલો ભાવ વધારો તેની ઉચ્ચતમ સપાટીએ પહોંચ્યા બાદ ભાવોમાં કડાકો બોલે છે અને ધીમે ધીમે ભાવોમાં ઘટાડો થતા આવક, મૂડીરોકાણ, ઉત્પાદન, રોજગારી, નફો વગેરે ઘટવા લાગે છે.

અર્થતંત્રમાં સુધારણાના પરિણામે મહત્તમ મૂડીનો વપરાશ થતા રોજગારી વધતા લોકોની આવક વધે છે. જેને કારણે વસ્તુઓની માંગમાં વધારો થાય છે. જ્યારે માંગ મુજબ પુરવઠામાં એટલો વધારો થતો નથી. આવી પરિસ્થિતિમાં અર્થતંત્રમાં સતત ભાવવધારો જોવા મળે છે જે ફુગાવામાં પરિણામે છે.

પ્રો. કાલબર્નને આપેલી ફુગાવાની વ્યાખ્યા મુજબ, "જ્યારે વસ્તુઓ અને સેવાઓના જથ્થાના પ્રમાણ કરતાં નાણાંનો જથ્થો વધી જાય ત્યારે ફુગાવો કહેવાય."

ફુગાવાની પરિસ્થિતિમાં વિવિધ પ્રકારનો ફુગાવો જેમ કે, માંગપ્રેરિત ફુગાવો, ખર્ચપ્રેરિત ફુગાવો, વેતનપ્રેરિત ફુગાવો, નફાપ્રેરિત ફુગાવો, વિકાસપ્રેરિત ફુગાવો, ખાદ્યજન્ય ફુગાવો, મંદીજન્ય ફુગાવો, ઘોડાવેગી ફુગાવો અસ્તિત્વમાં આવે છે. જેના કારણે અર્થતંત્ર પર વિપરીત અસર પડતી હોય છે. જેમ કે, આર્થિક વિકાસ રૂંધાય, આવકની અસમાનતામાં વધારો થાય, લેણદેણની તુલામાં ખાધ ઊભી થાય, રોજગારીમાં ઘટાડો થાય, બાંધી આવક મેળવનાર વર્ગને નુકસાન થાય, વાસ્તવિક આવકમાં ઘટાડો થાય. પરંતુ હંમેશાં આ પરિસ્થિતિ રહેતી નથી. રીઝર્વ બેન્ક દ્વારા ગુણાત્મક તેમજ પરિણામાત્મક શાખ નિયંત્રણ નીતિ અમલમાં મૂકવામાં આવતા ફુગાવાને ધીમે ધીમે નિયંત્રણમાં લાવી શકાય છે અને અર્થતંત્રના ભાવોમાં ધીમે ધીમે ઘટાડો થતાં આવક, મૂડીરોકાણ, રોજગારી તથા નફો ઘટે છે અને અર્થતંત્રમાં ઓટ આવવાની શરૂઆત થાય છે.

10. 5. 4 ઓટ :

અર્થતંત્રમાં ઓટ આવવાના કારણે સૌથી પહેલા શેરોની કિંમત ઘટવા લાગે છે.

સટ્ટોડીયાઓએ લીધેલ લોન પરત કરવા લાગે છે. આ લોન પરત કરવા માટે તેઓ શેરોનું વેચાણ કરે છે. આથી શેરોના ભાવ વધુ ગબડે છે. વસ્તુઓના જથ્થાના આધારે ઉછીની રકમો લેનારની સદ્ધરતા ઘટવા લાગે છે. વસ્તુઓના ભાવો ઘટવાથી તેના આધારે મળતી લોનનું પ્રમાણ પણ ઘટે છે. આવા સમયે વસ્તુઓનો કેટલોક જથ્થો કાઢી નાંખી રોકડતાની લઘુત્તમ સપાટીએ જવાનો પ્રયાસ કરવામાં આવે છે. આમ થતા બજારમાં વસ્તુઓનું પ્રમાણ વધતા તેના ભાવો ઘટવા લાગે છે. બેન્ક પણ પોતાનું ધિરાણ ઘટાડવાના પ્રયાસો કરે છે. આમ, અર્થતંત્રમાં વસ્તુઓનું પ્રમાણ વધે છે અને નાણાંનું પ્રમાણ ઘટવા લાગે છે. અહીં વસ્તુની કિંમત ઘટે છે પણ સાધનકિંમત સ્થિર રહેતી હોવાથી મૂડીરોકાણ કરનારાઓના નફાનું પ્રમાણ ઘટે છે જેથી મૂડીરોકાણ ઘટે છે. પરિણામે ઉત્પાદન, આવક, રોજગારી, નફો વગેરે ઘટવા લાગે છે અને ધીમે ધીમે અર્થતંત્ર મંદી તરફ પ્રયાણ કરે છે. આમ, મંદી, સુધારણા, તેજી અને ઓટનું ચક્ર સતત ચાલ્યા કરે છે.

- તમારી પ્રગતિ ચકાશો (ગ)
- નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

1. મંદીના તબક્કામાં મૂડીરોકાણ કરનારાઓને મૂડીરોકાણ કરવા માટેનો ઉત્સાહ શા માટે રહેતો નથી ?
2. તેજીના સમયમાં અર્થતંત્રમાં વસ્તુઓની કિંમતમાં ક્યારે વધારો થાય છે ?
3. મંદીના સમયમાં વસ્તુની માંગમાં ઘટાડો શા માટે થાય છે ?
4. સટ્ટાખોરો શેરોની કિંમતને કઈ રીતે અસર કરે છે ?

## 10. 6 વ્યાપારચક્રને નિયંત્રિત કરવાના ઉપાયો

મિત્રો, વ્યાપારચક્રને કોઈ પણ દેશના અર્થતંત્ર માટે હાનિકારક માનવામાં આવે છે. તેથી, વ્યાપારચક્રને નિયંત્રિત કરવાના કેટલાક ઉપાયો હાથ ધરવા આવશ્યક બને છે. સામાન્યરીતે વ્યાપારચક્રને નિયંત્રિત કરવાના પગલાને અર્થતંત્રમાં આર્થિક સ્થિરતા જાળવવાનાં પગલા તરીકે પણ ઓળખવામાં આવે છે. નાણાંનો અર્થતંત્રમાં પ્રવેશ અને તેનો બેફામ ઉપયોગ થવાના પરિણામે બેકારીની સમસ્યા, ફુગાવો અને વ્યાપારચક્ર ઉદ્ભવે છે. તેથી અર્થતંત્રમાં નાણાંનું યોગ્ય અને અસરકારક નિયંત્રણ થવું આવશ્યક બને છે. વ્યાપારચક્રને નિયંત્રિત કરવાના કેટલાક અસરકારક ઉપાયો નીચે મુજબ છેઃ

### 10.6.1 નાણાંકીય નીતિ :

વિદ્યાર્થીમિત્રો, આપણે બધા જાણીએ છીએ કે નાણાંકીય નીતિ એ અર્થતંત્રમાં નાણાંની કુલમાંગ અને નાણાંના કુલપુરવઠાને નિશ્ચિત વ્યાખ્યાના સંદર્ભમાં અનુરૂપ બનાવવાની કામગીરી કરે છે. નાણાંકીય નીતિનું સંચાલન દેશની મધ્યસ્થ બેન્ક દ્વારા કરવામાં આવે છે. જ્યારે અર્થતંત્રમાં પૂર્ણરોજગારીની સ્થિતિ હોય અને ભાવોમાં સતત વધારો થતો જાય એટલે કે ફુગાવો હોય ત્યારે સંકોચનાત્મક નીતિ અપનાવવામાં આવે છે. આવા સમયે દેશની મધ્યસ્થ બેન્ક અર્થતંત્રમાંથી નાણાંનો જથ્થો ઘટાડવા માટે બેન્કદરમાં વધારો, ખુલ્લા બજારમાં જામીનગીરીઓનું વેચાણ તેમજ રોકડ અમાનતના પ્રમાણમાં વધારો જેવાં પરિમાણાત્મક સાધનોનો ઉપયોગ કરે છે.

આ જ રીતે જ્યારે અર્થતંત્રમાં મંદી હોય ત્યારે અર્થતંત્રમાંથી મંદી નાબુદ કરવા માટે મધ્યસ્થ બેન્ક ઉપરોક્ત પગલાની વિરુદ્ધના પગલા લે છે. એટલે કે આવા સમયે મધ્યસ્થ બેન્ક ફુગાવાજન્ય નીતિ અપનાવે છે અને અર્થતંત્રમાં નાણાંના જથ્થામાં વધારો કરવા માટે

બેન્કદરમાં ઘટાડો, ખુલ્લા બજારમાં જામીનગીરીઓની ખરીદી, રોકડ અનામત પ્રમાણમાં ઘટાડો વગેરે પરિમાણાત્મક સાધનોનો ઉપયોગ કરે છે. જોકે, નાણાંકીય નીતિના આ સાધનોની કેટલીક મર્યાદાઓ હોવાથી માત્ર પરિમાણાત્મક કે ગુણાત્મક સાધનોનાં ઉપયોગથી વ્યાપારચક્રને નિયંત્રિત કરી શકાતું નથી.

10.6.2 રાજકોષીય નીતિ :

મિત્રો, જો રોજકોષીય નીતિની વાત કરીએ તો વર્તમાન સમયમાં રાજકોષીય નીતિ એ સરકારના હાથનું એક અત્યંત શક્તિશાળી શસ્ત્ર માનવામાં આવે છે કે જેના દ્વારા અર્થતંત્રમાં આવતી તેજી-મંદીની ઘટમાળ કે વ્યાપારચક્રને નિયંત્રિત કરી શકાય છે. માત્ર એટલું જ નહિ પરંતુ તેના દ્વારા ફુગાવાનો સામનો કર્યા વિના  અર્થતંત્રમાં પૂર્ણરોજગારીનું સ્થાપન પણ કરી શકાય છે. જો રાજકોષીય નીતિનાં સાધનોની વાત કરીએ તો ફુગાવાના સમયમાં સરકાર દ્વારા ખાનગી રોકાણને નિરુત્સાહી કરવા માટે કરવેરાના દરમાં વધારો કરવામાં આવે છે, જાહેર ખર્ચમાં ઘટાડો કરવા માટે જાહેરખર્ચને લગતાં કાર્યક્રમો મોકૂફ રાખવામાં આવે છે અને જાહેરદેવા દ્વારાં લોકોની ખરીદશક્તિમાં ઘટાડો કરવામાં આવે છે. આનાથી વિપરીત, મંદીની પરિસ્થિતિમાં સરકાર ખાનગી રોકાણને પ્રોત્સાહિત કરવા માટે કરવેરાના દરમાં ઘટાડો કરે છે, રોજગારીમાં વધારો કરવા માટે જાહેરખર્ચને લગતાં કાર્યક્રમોનો અમલ કરી જાહેર ખર્ચમાં વધારો કરે છે અને લોકોની ખરીશક્તિમાં વધારો કરવા માટે જાહેર દેવું પરત કરે છે. આમ, આ રીતે અર્થતંત્રમાં વ્યાપારચક્રને નિયંત્રિત કરવાના ઉપાયો રાજકોષીય નીતિનાં સાધનોના ઉપયોગ દ્વારા સરકાર દ્વારા હાથ ધરવામાં આવે છે.

10.6.3 રાજ્યનો અંકુશ/ખાનગી રોકાણ :

કેટલાક અર્થશાસ્ત્રીઓના મતે જો સરકાર રોકાણને વ્યાપારચક્રને નિયંત્રિત કરવાના સાધન તરીકે ઉપયોગમાં લે તો કેટલાક અંશે વ્યાપારચક્રને નિયંત્રિત કરી શકાય છે. તો વળી બીજા કેટલાક અર્થશાસ્ત્રીઓનું એવું મંતવ્ય છે કે જો સરકાર ખાનગી રોકાણને વ્યાપારચક્રને નિયંત્રિત કરવાના સાધન, તરીકે ઉપયોગમાં લેશે તો તેના પરિણામે ખાનગી રોકાણ નિરુત્સાહી થશે. ઓછા રોકાણના કારણે રોજગારી અને આવક બંનેમાં ઘટાડો થશે. પરંતુ કેઇન્સ જણાવે છે કે જો ખાનગી રોકાણના સાધનનો ઉપયોગ વિવેકપૂર્ણ રીતે કરવામાં આવે તો વ્યાપારચક્રને નિયંત્રિત કરી શકાય છે.

10.6.4 આંતરરાષ્ટ્રીય માપદંડો :

વર્તમાન સમયે વિશ્વનો પ્રત્યેક દેશ અન્ય દેશો સાથે વેપારી સંબંધો ધરાવે છે. તેથી જો કોઈ એક દેશમાં તેજી કે મંદીનો ઉદ્ભવ થાય છે તો તે આંતરરાષ્ટ્રીય વેપાર દ્વારા વિશ્વના અન્ય દેશોમાં સરળતાથી ફેલાય છે. 1929માં અમેરિકામાં ઉદ્ભવેલી મંદીએ વૈશ્વિક સ્વરૂપ ધારણ કર્યું હતું. જે આનું એક શ્રેષ્ઠ ઉદાહરણ છે. આથી જ વ્યાપારચક્ર એ એક આંતરરાષ્ટ્રીય બાબત છે અને તેનો ઉકેલ આંતરરાષ્ટ્રીય સ્તરે લાવવો આવશ્યક છે. આંતરરાષ્ટ્રીય ઉત્પાદનનું નિયંત્રણ, આંતરરાષ્ટ્રીય રોકાણનું નિયંત્રણ, આંતરરાષ્ટ્રીય બીલ સ્ટોકનું નિયંત્રણ વગેરે કેટલાક ખ્યાતનામ અર્થશાસ્ત્રીઓ દ્વારા વ્યાપારચક્રને આંતરરાષ્ટ્રીય સ્તરે નિયંત્રિત કરવાના ઉપાયો માનવામાં આવે છે.

10.6.4 આર્થિક વ્યવસ્થાનું પુનઃસ્થાપન :

કેટલાક અર્થશાસ્ત્રીઓના મતે, વ્યાપારચક્રને નિયંત્રિત કરવા માટે સંપર્ણ અર્થવ્યવસ્થાનું પુનઃનિર્માણ થવું જોઈએ. એટલે કે, ઉત્પાદનની મૂડીવાદી વ્યવસ્થાના બદલે ઉત્પાદનની

સમાજવાદી વ્યવસ્થાની સ્થાપના થવી જોઈએ. કારણ કે, સમાજવાદી અર્થવ્યવસ્થામાં તેજી-મંદીના ચક્રિય ઉતાર-ચઢાવ આવવાની શક્યતા ખૂબ જ ઓછી હોય છે, 1929માં ઉદ્ભવેલી મંદી વિશ્વના તમામ મૂડીવાદી દેશોમાં પ્રસરી રહી હતી અને જેના માઠા પરિણામો સમગ્ર વિશ્વને ભોગવવા પડ્યા હતા. આવી કટોકટીના સમયે વિશ્વના માત્ર સમાજવાદી દેશો જ તેમાંથી બાકાત રહી શક્યા હતા.

- તમારી પ્રગતિ ચકાસો. (ઘ)
- નીચેના પ્રશ્નો ટૂંકમાં જવાબ આપો.

1. ફુગાવાના સમયમાં બેન્ક દર કેવો હોય છે ?
2. નાણાંકીય નીતિનું સંચાલન કોણ કરે છે ?
3. મંદીના સમયમાં જાહેર ખર્ચમાં શું કરવામાં આવે છે ?
4. કેઈન્સના મતે ખાનગી રોકાણનાં સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ ?
5. વ્યાપારચક્રને નિયંત્રિત કરવાના આંતરરાષ્ટ્રીય માપદંડો જણાવો.
6. આર્થિક વ્યવસ્થાનું પુનઃનિર્માણ એટલે શું ?

- સાચો વિકલ્પ પસંદ કરો.

1. વ્યાપારચક્રને નિયંત્રિત કરવાના ઉપાયો કેટલા છે ?

   (અ) બે (બ) ત્રણ

   (ક) પાંચ (ડ) સાત

2. રાજકોષીય નીતિનાં સાધનો કયા છે ?

   (અ) કરવેરા (બ) જાહેર ખર્ચ

   (ક) જાહેર દેવું (ડ) ઉપરના બધા

3. મંદીના સમયમાં કરવેરાના દરમાં શું કરવામાં આવે છે ?

   (અ) વધારો (બ) ઘટાડો

   (ક) સ્થિર (ડ) એક પણ નહિં

- નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તૃત રીતે આપો.

1. વ્યાપારચક્રનું સ્વરૂપ સમજાવો.
2. વ્યાપારચક્રની લાક્ષણિકતાઓ વર્ણવો.
3. વ્યાપારચક્રના વિવિધ તબક્કાઓ વિશે વિગતે ચર્ચો.
4. વ્યાપારચક્રને નિયંત્રિત કરવાના ઉપાયો જણાવો.

## 10.7 સારાંશ

આ એકમમાં આપણે જોયું કે આર્થિક પ્રવૃત્તિઓ સતત બદલાતી રહે છે. પરિણામે અર્થતંત્રમાં વ્યાપારચક્રોનું સર્જન થાય છે. વ્યાપારચક્રો એ મોજા જેવી ગતિ ધરાવે છે. વ્યાપારચક્રની વ્યાખ્યાઓ અંગે અર્થશાસ્ત્રીઓમાં મતભેદ રહેલો જોવા મળે છે. વ્યાપારચક્રોના સમયગાળા અને તેમની અસરોની તીવ્રતામાં વિવિધતા રહેલી જોવાં મળે છે. કેટલાંક વ્યાપારચક્રો 3 થી 4 વર્ષ સુધીના ટૂંકા સમયગાળાના હોય છે તો કેટલાક 8 થી 10 વર્ષોનો લાંબો સમયગાળો ધરાવતા હોય છે. કેટલાંક વ્યાપારચક્રોની અસરોને અગાઉથી આયોજન કરીને હળવી બનાવી શકાય છે તો કેટલાંક વ્યાપારચક્રોની અસરોને હળવી કરી શકાતી નથી. વ્યાપારચક્રોની ખાસિયતો અંગે આપણે જોયું કે તે ચક્રાકાર ગતિમાં આવતાં હોય

છે. તેમના આકારમાં સમાનતા રહેલી છે પરંતુ તેમની ગતિમાં તફાવત રહેલો છે. એક સાથે અનેક પ્રવૃત્તિઓમાં તે દૃષ્ટિગોચર થાય છે અને ખાસ કરીને ઉદ્યોગપ્રધાન દેશોમાં જોવાં મળે છે. વ્યાપારચક્ર કોઈ એક દેશ પૂરતા સીમિત ન રહેતા વિશ્વસ્તરીય બની જાય છે. પ્રત્યેક વ્યાપારચક્ર મુખ્યત્વે ચાર તબક્કાઓ મંદી, સુધારણા, તેજી અને ઓટનું બનેલું હોય છે. મંદીમાં વેપાર-ધંધા ઓછા હોવાથી ઉત્પાદન, રોજગારી, આવક, નફા, મૂડીરોકાણ વગેરેનું પ્રમાણ ઘટવા લાગે છે. ચોમેર નિરાશાજનક વાતાવરણ બની જાય છે. મંદીમાંથી અર્થતંત્ર ધીમે ધીમે સુધારણા તરફ જાય છે અને આશાનું કિરણ દેખાય છે. જે અર્થતંત્રને તેજી તરફ ધકેલે છે અને મૂડીરોકાણ ઉત્પાદન, આવક, રોજગારી, નફા વગેરેમાં વધારો જન્માવે છે. તેજી અને મંદી અર્થતંત્રમાં બહુ લાંબો સમય ટકી શકતી નથી. આથી તેજીમાંથી ધીમે ધીમે અર્થતંત્ર ઓટના તબક્કામાં પ્રવેશ પામે છે અને મંદીમાંથી સુધારણાના તબક્કામાં પ્રવેશ પામે છે. આ રીતે ચારેય તબક્કાઓ ચક્રાકાર ગતિએ આગળ વધતા જાય છે જેના પરિણામે વ્યાપારચક્રનું સર્જન થાય છે. નાણાંકીય નીતિ, રાજકોષીય નીતિ, ખાનગી રોકાણ, આંતરરાષ્ટ્રીય માપદંડો તેમજ આર્થિક વ્યવસ્થાનું પુનઃનિર્માણ જેવા ઉપાયો દ્વારા વ્યાપારચક્રને નિયંત્રિત પણ કરી શકાય છે.

## 10.8 ચાવીરૂપ શબ્દો

1. તેજી : જ્યારે અર્થતંત્રમાં મૂડીરોકાણ, ઉત્પાદન, આવક, રોજગારી, વસ્તુની માંગ, નફા વગેરેના પ્રમાણમાં ઉત્તરોત્તર (ક્રમશઃ) વધારો થતો જણાય છે ત્યારે તેવી **પરિસ્થિતિને તેજી તરીકે ઓળખવામાં આવે છે.**
2. **મંદી :** જ્યારે અર્થતંત્રમાં ધીમે ધીમે મૂડીરોકાણનું પ્રમાણ ઘટવા લાગે એટલે કે મૂડીરોકાણ નિરુત્સાહી બને છે ત્યારે ધીમે ધીમે ઉત્પાદન, આવક, રોજગારી, વસ્તુની માંગ, નફો વગેરે ઘટવા લાગે છે ત્યારે તેવી પરિસ્થિતિને મંદી તરીકે ઓળખવામાં આવે છે.
3. **પૂર્ણ રોજગારી :** કામ કરવાની શક્તિ અને વૃત્તિ ધરાવનાર તમામ વ્યક્તિઓને યોગ્ય વેતનદરે રોજગારી મળી રહે તેવી પરિસ્થિતિને પૂર્ણરોજગારીની પરિસ્થિતિ તરીકે ઓળખવામાં આવે છે.
4. અનેકવિધ પ્રવૃત્તિઓ : કોઈ એક પ્રવૃત્તિ પૂરતું મર્યાદિત ન રહેતા એક સાથે અન્ય તમામ પ્રવૃત્તિઓમાં પ્રસરવું તેને અનેકવિધ પ્રવૃત્તિ તરીકે ઓળખવામાં આવે છે.
5. સુધારણા : જ્યારે અર્થતંત્ર ખરાબ પરિસ્થિતિમાંથી સારી પરિસ્થિતિ તરફ ગતિ કરે છે ત્યારે તેને સુધારણા તરીકે ઓળખવામાં આવે છે.
6. નાણાંકીય નીતિ : નાણાંની કુલ માંગ સાથે નાણાંના કુલ પુરવઠાને નિશ્ચિત વ્યાખ્યાના સંદર્ભ અનુરૂપ બનાવવાની નીતિને નાણાંકીય નીતિ તરીકે ઓળખવામાં આવે છે જેનું સંચાલન દેશની મધ્યસ્થ બેન્ક દ્વારા કરવામાં આવે છે.
7. રાજકોષીય નીતિ : રાજકોષીય નીતિ એટલે રાજ્યના કોષ અથવા તિજોરીને લગતી નીતિ

- સંદર્ભ પુસ્તકો

1. R.F. Horrod (1936) The Trade Cycle: An Essay 1961 reprint, New York; Augustu M. Kelley
2. Simpson, Brian P. (2014) Money, Banking and the Business Cycle Volume-1, Integrating Theory and Practice, palgrave macmillan.

3. Velupillai, K. (1991) 'Theories of the Trade Cycle', Chapter-1 (Part of Book-Business Cycles), palgrave macmillan.
4. Thakkar, S. (2019). 'Samagralaxi Arthashastra', Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
5. https://studylecturenotes.com/control-of-business-cycle-fluctuation-measures-and-controls/

- 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ
- તમારી પ્રગતિ ચકાસો (ક)

1. 21
2. ઈ.સ. 1815 પછી એટલે કે નેપોલિયનનાં યુદ્ધો બાદ
3. ક્લેમન્ટ જગલરે
4. મોજા જેવી ગતિનો અભ્યાસ
5. વિભાગ 10.2નો ત્રીજો પેરેગ્રાફ જુઓ
6. વિભાગ 10.2નો કેઈન્સની વ્યાખ્યાનો બીજો પેરેગ્રાફ જુઓ
7. 8.33 વર્ષ
8. i) મોસમી ફેરફારો
   ii) ચક્રાકાર ફેરફારો
   iii) લાંબાગાળાનાં વલણો
   iv) આકસ્મિક ફેરફારો એમ ચાર વિભાગોમાં વ્યાપારચક્રનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે.
9. વિભાગ 10.3.3 જુઓ
10. વિભાગ 10.3.1 જુઓ
11. વ્યાપારચક્રો મુખ્યત્વે ચક્રાકાર સ્વરૂપના હોય છે.
12. વિભાગ 10.3.4 જુઓ

- ખરા-ખોટા વિધાનોના જવાબ

1. x
2. x
3. √
4. √
5. x
6. √

- સાચો વિકલ્પ પસંદ કરોના જવાબ

1. (બ)
2. (ડ)
3. (બ)

- તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. ઓટ અને સુધારણાના તબક્કા
2. ઝડપી
3. વિભાગ 10.4.6 જુઓ
4. વિભાગ 10.4.7 જુઓ
5. મંદી, સુધારણા, તેજી અને ઓટ

- ખાલીજગ્યાના જવાબ

1. તેજી, મંદી
2. ઉદ્યોગપ્રધાન

- સાચો વિકલ્પ પસંદ કરો ના જવાબ

1. (અ)
2. (બ)
3. (અ)

- તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. વિભાગ 10.5.1નો બીજો પેરેગ્રાફ જુઓ
2. વિભાગ 10.5.3 જુઓ
3. વિભાગ 10.5.1નો બીજો પેરેગ્રાફ જુઓ
4. વિભાગ 10.5.4 જુઓ

- તમારી પ્રગતિ ચકાસો (ઘ)

1. ઊંચો
2. મધ્યસ્થ બેંક
3. વધારો
4. વિવેકપૂર્ણરીતે
5. i) આંતરરાષ્ટ્રીય ઉત્પાદનનું નિયંત્રણ
   ii) આંતરરાષ્ટ્રીય રોકાણનું નિયંત્રણ
   iii)આંતરરાષ્ટ્રીય બીલ સ્ટોકનું નિયંત્રણ
6. વિભાગ 10.6.5 જુઓ

- સાચો વિકલ્પ પસંદ કરોના જવાબ

1. (ક)
2. (ડ)
3. (બ)

# એકમ-11 વ્યાપારચક્રો - II
## (હોટ્રે અને હાયેકના વ્યાપારચક્રના સિદ્ધાંતો)

-: રૂપરેખા :-

11.0 ઉદ્દેશો

11.1 પ્રસ્તાવના

11.2 હોટ્રેનો વ્યાપારચક્રનો સિદ્ધાંત

11.3 હોટ્રેના વિશિષ્ટ ખ્યાલો

11.3.1 ગ્રાહકોની આવક

11.3.2 ગ્રાહકોનું ખર્ચ

11.3.3 રોકડ અનામતો

11.3.4 બાહ્ય ચૂકવણીઓ

11.3.5 નાણાંનો ચલણવેગ

11.4 હોટ્રેના વ્યાપારચક્રના તબક્કાઓ

11.4.1 વિસ્તરણ અથવા તેજી

11.4.2 વિસ્તરણમાં ઘટાડો અથવા તેજીનો અંત

11.4.3 મંદી અથવા સંકુચનની સ્થિતિ

11.4.4 સુધારણા અથવા પુનરુત્થાનની સ્થિતિ

11.5 હોટ્રેના સિદ્ધાંતની વિશેષતા

11.6 સિદ્ધાંતની મર્યાદાઓ

11.7 હાયેકનો વ્યાપારચક્રનો સિદ્ધાંત

11.8 હાયેકના સિદ્ધાંતની ધારણાઓ

11.9 ઉત્પાદનના માળખા અંગેનો ખ્યાલ

11.10 હાયેકના વ્યાપારચક્રની સમજૂતી

11.10.1 સ્વૈચ્છિક/મરજિયાત બચતો

11.10.2 અનૈચ્છિક/ફરજીયાત બચતો

11.11 સિદ્ધાંતની મર્યાદાઓ

11.12 સારાંશ

11.13 ચાવીરૂપ શબ્દો

11.14 તમારી પ્રગતિ ચકાસો

- સંદર્ભ પુસ્તકો
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 11.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતો સરળતાથી સમજી શકશો.

- વ્યાપારચક્રના સિદ્ધાંતોનું વર્ગીકરણ
- વ્યાપારચક્ર અંગે હોટ્રેનો સિદ્ધાંત
- હોટ્રેના કેટલાક વિશિષ્ટ શબ્દ પ્રયોગો
- હાયેકનો વ્યાપારચક્રનો સિદ્ધાંત
- વ્યાપારચક્રના સિદ્ધાંતની મર્યાદાઓ

## 11.1 પ્રસ્તાવના

કેટલાક અર્થશાસ્ત્રીઓ વ્યાપારચક્રના ઉદ્ભવ માટે આંતરિક પરિબળોને જવાબદાર માને છે તો કેટલાક બાહ્ય પરિબળોને જવાબદાર માને છે. વળી, કેટલાક અર્થશાસ્ત્રીઓ વ્યાપારચક્ર સિદ્ધાંતોને નાણાંકીય અને બિન-નાણાંકીય એમ બે વિભાગમાં વિભાજીત કરે છે. વ્યાપારચક્રના નાણાંકીય સિદ્ધાંત મુજબ વ્યાપારચક્રના ઉદ્ભવ માટે નાણાકીય કારણોને જ જવાબદાર ગણવામાં આવે છે. આ પ્રકારની વિચારધારામાં માનતા અર્થશાસ્ત્રીઓના મત મુજબ નાણાંકીય પરિબળો જ અર્થવ્યવસ્થાના અનેક આંતરિક પરિબળો પર એ પ્રકારે અસર કરે છે કે વિસ્તરણ તથા સંકોચનની પ્રક્રિયા સંચયી સ્વરૂપ ધારણ કરી લે છે. આર્થિક સાહિત્યમાં આ પ્રકારની વિચારધારાના સંદર્ભમાં મુખ્ય રીતે શુદ્ધ નાણાંકીય સિદ્ધાંત અને નાણાંકીય અતિ-રોકાણ સિદ્ધાંત એમ બે સિદ્ધાંતોનો ઉલ્લેખ કરવામાં આવે છે.

## 11.2 હોટ્રેનો વ્યાપારચક્રનો સિદ્ધાંત (શુદ્ધ નાણાંકીય સિદ્ધાંત):

વ્યાપારચક્રના શુદ્ધ નાણાંકીય સિદ્ધાંતની રજૂઆત બ્રિટીશ અર્થશાસ્ત્રી આર.જી.હોટ્રેએ ઈ.સ. 1126માં પ્રકાશિત થયેલ તેમના પુસ્તક 'The Trade Cycle' માં કરી હતી. તેમના મતે "વ્યાપારચક્રએ શુદ્ધ નાણાંકીય ઘટના છે. કારણ કે સામાન્ય માંગ એ સ્વયં એક ઘટના છે." તેમનું માનવું છે કે યુદ્ધ, ભૂકંપ, પૂર વગેરે બિન-નાણાંકીય પરિબળો પણ થોડાક સમય માટે અર્થવ્યવસ્થાના કેટલાક ભાગમાં મંદી કે તેજીની ઘટમાળા ઊભી કરી શકે છે. પરંતુ લાંબાગાળા માટે તો નાણાંના પુરવઠામાં થતો ઘટાડો કે વધારો જ અર્થવ્યવસ્થામાં આર્થિક ક્રિયાઓમાં થતા પરિવર્તન માટે એક માત્ર કારણ માનવામાં આવે છે. આમ, બેંક નાણાંના પુરવઠામાં થતા ફેરફારોએ વ્યાપારચક્રના ઉદ્ભવ માટે જવાબદાર પરિબળ માનવામાં આવે છે.

હોટ્રે વ્યાપારચક્રની સમજૂતીમાં નાણાંને મહત્ત્વનું ગણે છે. તેમાંય ખાસ કરીને બેંકનાણું અગત્યનો ભાગ ભજવે છે. તેમના મતે વ્યાપારચક્રનો સમયગાળો 7 થી 11 વર્ષનો હોય છે. તેમનું માનવું છે કે નાણાંના પુરવઠાનો આધાર બેંકોની શાખ સર્જનની પ્રક્રિયા પર રહેલો છે. આથી હોટ્રે બેંકોની શાખ ર્જનની પ્રક્રિયાને જ વ્યાપારચક્ર માટે જવાબદાર પરિબળ માને છે. તેમના મતે અર્થકારણમાં બેંકોના શાખસર્જનથી તેજી આવે છે અને બેંકોની શાખ સંકોચનની નીતિને કારણે મંદીનું સર્જન થાય છે.

## 11.3 હોટ્રેના વિશિષ્ટ ખ્યાલો (શબ્દ પ્રયોગો) :

હોટ્રેએ વ્યાપારચક્રના સિદ્ધાંતમાં કેટલાંક વિશિષ્ટ શબ્દોનો ઉપયોગ કર્યો છે જે તેમના વિશિષ્ટ ખ્યાલો તરીકે પણ ઓળખાય છે. તો ચાલો, હવે આપણે તેના વિશેને સમજણ મેળવીએ.

11.3.1 ગ્રાહકોની આવક :

હોટ્રેની માન્યતા અનુસાર ગ્રાહકોની આવક એટલે જે લોકો નાણાંકીય આવક મેળવે છે તે જેમકે, જે લોકો પાસે જમીન છે તે ભાડું મેળવે છે, શ્રમિકો વેતન, મૂડીદારો વ્યાજ અને નિયોજકો નફો મેળવે છે. આમ, ગ્રાહકોની આવકનો ખ્યાલ રાષ્ટ્રીય આવક જેવો છે. અર્થાત્ ઉત્પાદનના સાધનોને મળતું વળતર. તેમના મતે આ આવકમાંથી બક્ષીસ, ભેટ, જુગાર, લોટરી વગેરેની રકમ બાદ કરવી જોઈએ.

11.3.2 ગ્રાહકોનું ખર્ચ :

ગ્રાહકો આવકમાંથી જે ખર્ચ કરે છે તે ગ્રાહકોનું ખર્ચ કહેવાય છે. ભેટ, બક્ષીસ, જુગાર, લોટરી વગેરેના વેચાણથી આવક થાય અને તેમાંથી જે ખર્ચ થાય તો તેને હોટ્રે ગ્રાહકોનું ખર્ચ ગણતા નથી.

11.3.3 રોકડ અનામતો :

ગ્રાહકો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ કે નિયોજકો બેંકમાં થાપણો જમા કરાવે છે તેને રોકડ અનામત તરીકે ઓળખવામાં આવે છે. આ બધી રોકડ અનામતોના સરવાળાને કુલ રોકડ અનામત તરીકે ઓળખવામાં આવે છે. જેનો આધાર શાખસર્જન અને સોનાની આયાત-નિકાસ પર રહેલો છે.

11.3.4 બાહ્ય ચૂકવણીઓ :

બક્ષીસ, ભેટ, વારસો કે બેંક એજન્સી સિવાય કોઈ પાસેથી જ્યારે ઉછીના નાણાં લેવામાં આવે છે કે કોઈ પણ મૂડી દ્વારા આવક ઊભી થાય તે વધારાની આવકને બાહ્ય ચૂકવણી તરીકે ઓળખવામાં આવે છે. હોટ્રેના મતે આ પ્રકારની ચૂકવણીઓથી રાષ્ટ્રીય આવકમાં કોઈ ફેર પડતો નથી. તેથી આ પ્રકારની રકમને ગ્રાહકોની આવક અને ગ્રાહકોના ખર્ચમાંથી બાદ કરવી જોઈએ.

11.3.5 નાણાંનો ચલણ વેગ :

હોટ્રેના મતે નાણાંનો ચલણ વેગ વ્યાપારચક્ર માટે અગત્યનું પરિબળ છે જેમાં ગ્રાહકોના ખર્ચ અને તેમની પાસેના નાણાં ભંડોળનો સમાવેશ કરવામાં આવે છે.

11.4 હોટ્રેના વ્યાપારચક્રના તબક્કાઓ :

હોટ્રેના વ્યાપારચક્રના સિદ્ધાંતમાં વ્યાપારચક્રના વિવિધ તબક્કાઓનું વર્ણન નીચે મુજબ કરવામાં આવ્યું છે.

11.4.1 વિસ્તરણ અથવા તેજી :

હોટ્રે માને છે કે બેંકોના વ્યાજના દરમાં ઘટાડો થવાથી શાખસર્જનની પ્રક્રિયા વેગ પકડે છે. પરિણામે અર્થતંત્રમાં તેજીની શરૂઆત થાય છે. બેંકો પાસે જ્યારે નાણાંની અનામતોના જથ્થામાં વધારો થાય છે ત્યારે વ્યાજના દરમાં ઘટાડો થાય છે. આ સંજોગોમાં જથ્થાબંધ વેપારીઓ સ્ટોકમાં વધારો કરવા નાણાંની માંગમાં વધારો કરે છે. તેઓ ઉત્પાદકોને વધુને વધુ ઓર્ડરો આપે છે. જેના પરિણામે ઉત્પાદકો ઉત્પાદનમાં વધારો કરવા ઉત્પાદનનાં સાધનોની વધુ માંગ કરે છે. તેથી ઉત્પાદનનાં સાધનોને રોજગારી મળે છે અને તેમની આવકમાં વધારો થાય છે. ગ્રાહકોની આવક વધતા તેમના ખર્ચમાં વધારો થાય છે. આવક વધતા માંગમાં વધારો થાય છે. આથી, જથ્થાબંધ વેપારીઓ સ્ટોક ઘટતાં ઉત્પાદકોને વધુને વધુ ઓર્ડરો આપે છે અને બેંકો પાસેથી વધુને વધુ લોન લે છે. આમ, અર્થતંત્રમાં નાણાંના પુરવઠામાં ઝડપથી વધારો થવા પામે છે. ઉત્પાદકો ઉત્પાદન અને ગ્રાહકો પોતાની માંગમાં

વધારો કરે છે. આમ, બેંકના નીચા વ્યાજદરની નીતિના કારણે શાખસર્જનનું પ્રમાણ વધતાં ઉત્પાદન-સ્ટોક-માંગનું ચક્ર અવિરતપણે ચાલ્યા કરે છે. જે ભાવવધારામાં પરિણમે છે. વસ્તુના ભાવમાં વધારો થતાં અર્થતંત્રમાં તેજીની સ્થિતિ વધુ ઝડપી બને છે અને ભવિષ્યમાં ભાવસપાટીમાં વધુ વધારો થશે એવી ધારણાના કારણે લોકો પોતાની ખરીદીમાં વધારો કરે છે. જેથી ભાવસપાટી વધુ વધે છે અને અર્થતંત્રમાં તેજીનો તબક્કો વધુ પ્રબળ બને છે.

### 11.4.2 વિસ્તરણમાં ઘટાડો અથવા તેજીનો અંત :

બેંકોની શાખસર્જનની પ્રક્રિયા અમર્યાદિતપણે ચાલુ રહી શકતી નથી. બેંકોની શાખસર્જનની પ્રક્રિયાની પણ કેટલીક મર્યાદાઓ હોય છે. આથી, બેંકોની શાખસર્જનની પ્રક્રિયા મંદ થાય ત્યારે તેજીનો અંત આવે છે. તેજીની પરિસ્થિતિમાં બેંકોના શાખસર્જનમાં વધારો થતો જાય છે. જેથી બેંકો પાસે રોકડ અનામતોના પ્રમાણમાં ઘટાડો થતો જાય છે. છેવટે એક સમય એવો આવે છે કે જ્યારે બેંકો પાસે ઉપલબ્ધ રોકડ અનામત પ્રમાણ તેના નિમ્ન સ્તર સુધી પહોંચી જાય છે. આવી સ્થિતિમાં બેંકો પોતાની સ્થિતિને સુદ્રઢ બનાવવા માટે શાખસંકોચનની નીતિ અપનાવે છે. અર્થતંત્રમાં તેજીની સ્થિતિમાં દેશની આયાતોમાં વધારો અને નિકાસોમાં ઘટાડો થવાથી દેશની લેણદેણની તુલા દેશ માટે પ્રતિકૂળ બનતી જાય છે. આથી, દેશની મધ્યસ્થ બેંક પણ બેંકોની શાખસર્જનની પ્રક્રિયાને નિયંત્રિત કરે છે. પરિણામ સ્વરૂપે બેંકોના શાખવિસ્તરણની પ્રક્રિયાને નિયંત્રિત કરવા માટે વ્યાજના દરોમાં વધારો કરવામાં આવે છે. જેથી વેપારીઓ નાણાંની માંગમાં ઘટાડો કરે છે. બેંકો દ્વારા અગાઉ વેપારીઓને આપવામાં આવેલ ધિરાણ પરત મેળવવા માટે તેમના ઉપર દબાણ કરવામાં આવે છે. આ દબાણ વેપારીઓને તેમની પાસે રહેલા જમા સ્ટોકને વેચવા માટે મજબૂર કરે છે. જેથી બજારમાં વસ્તુઓના ભાવ ઘટે છે. ભાવસપાટીમાં ઘટાડો થતાં ઉત્પાદકોના નફામાં ઘટાડો થાય છે. આથી, ઉત્પાદક ઉત્પાદન ઘટાડવા માટે મજબૂર બને છે. ઉત્પાદનમાં ઘટાડો થતાં રોજગારીમાં અને પરિણામે આવકમાં ઘટાડો થાય છે. આમ, ઉત્પાદન-રોજગારી-આવકમાં ઘટાડો થતા તેજીનો અંત આવે છે અને ઓટની પરિસ્થિતિ સર્જાય છે.

### 11.4.3 મંદી અથવા સંકુચનની સ્થિતિ :

હોટ્રે જણાવે છે કે મંદીની સ્થિતિમાં બેંકોના શાખસર્જનનું પ્રમાણ વધુ ઘટે છે અને વ્યાજના દરમાં ધીમે ધીમે વધારો થાય છે. તેથી વેપારીઓને લોન લેવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પરિણામે વેપારીઓ દ્વારા સ્ટોકની માંગમાં ઘટાડો કરવામાં આવે છે. એટલું જ નહીં પરંતુ બેંકોની શાખસંકોચનની નીતિના કારણે અર્થતંત્રના કુલ ખર્ચનું પ્રમાણ પણ ઘટી જાય છે. બજારમાં વસ્તુઓની માંગમાં ઘટાડો થવના કારણે ભાવસપાટી અને ઉત્પાદકોને આપવામાં આવતા ઓર્ડરો તેમજ તેમના નફામાં ઘટાડો થાય છે. પરિણામ સ્વરૂપે ઉત્પાદકો ઉત્પાદનમાં ઘટાડો કરે છે. જે રોજગારી અને આવકમાં ઘટાડો થાય છે. આવકમાં ઘટાડો થવાથી પુનઃ માંગ, ઉત્પાદન અને રોજગારીમાં ઘટાડો થાય છે. આમ, ગ્રાહકોની આવક અને ખર્ચમાં સતત ઘટાડો થાય છે. અર્થતંત્રમાં નાણાંના પુરવઠા અને નાણાંના ચલણવેગમાં ઘટાડો થાય છે. ઘણા જથ્થાબંધ વેપારીઓ બેંકોનું ધિરાણ પરત કરી શકતા નથી. પરિણામે ઘણી પેઢીઓ ફડચામાં જાય છે. બેંકોમાં નાણાં પરત ન આવતાં બેંકો નાણાંકીય કટોકટીનો સામનો કરે છે. આમ, ભાવસપાટીમાં થતો ઘટાડો મંદીને વધુને વધુ તીવ્ર બનાવે છે.

### 11.4.4 સુધારણા/પુનરુત્થાનની સ્થિતિ :

સુધારણાની સ્થિતિ બેંકોના વ્યાજરમાં ઘટાડો અને શાખસર્જનની શરૂઆતનો નિર્દેશ કરે છે. અગાઉ આપણે જોયું કે મંદીની સ્થિતિમાં વેપારીઓ સ્ટોકમાં વધારો કરતાં નથી અને બેંકોનું ધિરાણ પરત કરે છે. આથી, બેંકો પાસેના અનામતના પ્રમાણમાં વધારો થાય

છે. પરિણામે બેંકોના વ્યાજના દરમાં ઘટાડો થાય છે. બીજી બાજુ અર્થતંત્રમાં ભાવસપાટી નીચી હોવાથી દેશની નિકાસો સસ્તી થાય છે. તેથી દેશના સોનાના પુરવઠામાં વધારો થાય છે. મંદીના સંજોગોમાં ઉત્પાદન ખર્ચ નીચું આવતું હોવાથી ઉત્પાદકો તથા જથ્થાબંધ વેપારીઓ આશાસ્પદ બને છે. આથી તેઓ બેંકોના નીચા વ્યાજના દરનો લાભ લેવા પ્રેરાય છે અને ધિરાણની માંગમાં વધારો કરે છે. બેંકોની શાખ વિસ્તરણની નીતિના કારણે વેપારીઓ વધુ સ્ટોક રાખવા પ્રેરાય છે. આમ, સ્ટોકની માંગમાં વધારો થતા ઉત્પાદન, રોજગારી અને આવકમાં પણ વધારો થવા પામે છે. આ રીતે અર્થતંત્ર મંદીની પરિસ્થિતિમાંથી પુનઃસુધારણાના તબક્કામાં આગળ વધે છે.

આમ છતાં કેટલીકવાર અર્થતંત્રમાં મંદીની સ્થિતિ વધુ તીવ્ર હોય ત્યારે વ્યાજના દરમાં ઘટાડો થવા છતાં વેપારીઓ ધિરાણ લેવા તૈયાર થતા નથી. વેપારીઓ પાસે માલના સ્ટોકનો ભરાવો એટલો બધો થયેલો હોય છે કે તેઓ તેનું વેચાણ કરવા માટે સમર્થ હોતા નથી. આવા સંજોગોમાં વ્યાજનો દર નીચો હોવા છતાં અને શાખસર્જનની પ્રક્રિયા શરૂ થઈ હોવા છતાં નાણાંની માંગ વધતી નથી. લોકો સરકારી જામીનગીરીઓમાં નાણાંનું રોકાણ કરવાનું પસંદ કરે છે. તેથી જામીનગીરીઓની માંગમાં વધારો થાય છે. પરિણામે વ્યાજના દર વધુ નીચા જાય છે. આ પ્રકારની અર્થતંત્રની સ્થિતિને હોટ્રે 'શાખની મડાગાંઠ' (credit deadlock) તરીકે ઓળખાવે છે.

11.5 હોટ્રેના સિદ્ધાંતની વિશેષતા (મહત્ત્વ) :

હોટ્રેના નાણાંકીય સિદ્ધાંતની વિશેષતાઓ (મહત્ત્વ) ટૂંકમાં નીચે મુજબ રજૂ કરી શકાય :

– આ સિદ્ધાંતમાં બેંકદર અને અન્ય શાખનિયમન નીતિઓને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. કારણ કે, વેપાર બેંકોએ પોતાની શાખનીતિ મધ્યસ્થ બેંકની નીતિઓને અનુરૂપ રાખવી પડે છે.

– લોકોને રોકડ રકમ કે જે આવક સ્વરૂપ મળે છે તેને તેઓ બેંકોમાં થાપણ તરીકે રાખે છે, જેનો ઉપયોગ બેંકો શાખસર્જનની પ્રક્રિયામાં કરે છે. આથી, બેંકોની શાખસર્જનની પ્રક્રિયા નિયમિતપણે ચાલ્યા કરે છે. જેના પરિણામે વ્યાપારચક્રને નિયમિત સ્વરૂપ મળે છે.

– જથ્થાબંધ તથા છૂટક વેપારીઓ બેંકો દ્વારા વ્યાજના દરમાં વધારો થવાથી માલના સ્ટોકમાં ઘટાડો કરવાનું શરૂ કરી દે છે.

– હોટ્રેનો વ્યપારચક્રનો સિદ્ધાંત સુવર્ણ વ્યવસ્થા પર આધારિત છે અને સ્વયં હોટ્રેનું માનવું છે કે પ્રથમ વિશ્વયુદ્ધ પછી વ્યાપારચક્રની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.

## 11.6 સિદ્ધાંતની મર્યાદાઓ :

ફ્રીડમેન જેવા અર્થશાસ્ત્રીઓ હોટ્રેના સિદ્ધાંતનું સમર્થન કરે છે કારણ કે, હોટ્રેનો સિદ્ધાંત વ્યાપારચક્રની ઘટનાનું તર્કબદ્ધ વિશ્લેષણ રજૂ કરે છે. પરંતુ અન્ય કેટલાંક અર્થશાસ્ત્રીઓ આ સિદ્ધાંતની કેટલીક ખામીઓનો ઉલ્લેખ કરે છે. જે નીચે મુજબ છે :

11.6.1 બિન-નાણાંકીય પરિબળોની અવગણના :

હોટ્રે વ્યાપારચક્રને શુદ્ધ નાણાકીય ઘટના માને છે. આથી, તેઓ માને છે કે વ્યાપારચક્રના ઉદ્ભવ માટે માત્ર નાણાંનો પુરવઠો અને બેંકોનું શાખસર્જન જવાબદાર છે. ટેક્નોલોજી પરિવર્તનો, કૃષિ ઉત્પાદન, સંશોધન, મનોવૈજ્ઞાનિક તથા અન્ય કેટલાક બિન-નાણાકીય પરિબળો કે જે વ્યાપારચક્ર માટે જવાબદાર હોય છે તેની તેમણે અવગણના કરી છે.

11.6.2 વ્યાજદરની અસર :

હોટ્રેના મતે નીચા વ્યાજના દરની સીધી અસર જથ્થાબંધ વેપારીઓ પર થાય છે. એટલે કે, વ્યાજના દર નીચા હોય તો વેપારીઓ શાખની માંગ વધારે છે. પરંતુ, જો વેપારીઓ પાસે મૂડી સાધનો ઉપલબ્ધ હોય તો વ્યાજનો દર શાખની માંગ પર અસર કરી શકતો નથી. જેનો વિચાર હોટ્રેએ આ સિદ્ધાંતમાં કર્યો નથી.

11.6.3 જથ્થાબંધ વેપારીઓને વિશેષ મહત્ત્વ :

આ સિદ્ધાંતમાં જથ્થાબંધ વેપારીઓની ભૂમિકા, તેમાંય ખાસ કરીને તેમના સ્ટોક કરવાની વૃત્તિને જરૂરિયાત કરતાં વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

11.6.4 શાખની ભૂમિકા :

આ સિદ્ધાંત મુજબ અર્થતંત્રમાં તેજી અને મંદી માટે શાખનું વિસ્તરણ અને સંકોચન જવાબદાર છે - જે યોગ્ય નથી. આ સંદર્ભમાં પ્રૉ. પિગુ કહે છે કે 'બેંકો દ્વારા નાણાંના પુરવઠામાં પરિવર્તન એ વ્યાપારચક્રનો એક અંશ તો છે, પરંતુ તેનું કારણ નથી'. વ્યવહારિક અનુભવોથી પણ સાબિત થયેલ છે કે શાખના વિસ્તરણ તથા સંકોચનથી સમૃદ્ધિ કે મંદીની સ્થિતિ ઉદ્ભવતી નથી.

## 11.7 હાયેકનો વ્યાપારચક્રનો સિદ્ધાંત :

હાયેકે તેમના પુસ્તકો 'Price and Production' અને 'Monetary Theory and Trade Cycle' માં વ્યાપારચક્ર અંગેના પોતાના ખ્યાલો રજૂ કર્યા છે. હાયેકના સિદ્ધાંતમાં બોહમવર્ક અને વિક્સેલની વિચારસરણીની અસર જોવા મળે છે. તેમના દ્વારા રજૂ કરવામાં આવેલ સિદ્ધાંતમાં વ્યાપારચક્રની સમજૂતી નાણાંકીય પરિબળોનાં આધારે આપવામાં આવેલ હોવાથી તે એક નાણાંકીય સિદ્ધાંત છે. તેમ છતાં આ સિદ્ધાંત હોટ્રે દ્વારા રજૂ કરાયેલ સિદ્ધાંતથી બે રીતે જુદો પડે છે.

1. હોટ્રેના સિદ્ધાંત મુજબ નાણાંકીય વ્યવસ્થામાં અસમતુલા ઉદ્ભવવાથી વ્યાપારચક્રનો ઉદ્ભવ થાય છે એમ માનવામાં આવે છે. જ્યારે હાયેકના મત મુજબ ઉત્પાદનના માળખામાં અસમતુલા ઉદ્ભવવાથી વ્યાપારચક્ર ઉદ્ભવે છે.
2. હોટ્રેના વ્યાપારચક્રના સિદ્ધાંતમાં માંગને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. જ્યારે હાયેકના સિદ્ધાંતમાં પુરવઠાને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

પ્રૉ. હાયેકના મતે મૂડી વસ્તુઓના પરિવર્તનો વપરાશી વસ્તુઓના પરિવર્તનો કરતાં મોટા હોવાથી વ્યાપારચક્ર ઉદ્ભવે છે. આથી, વ્યાપારચક્રના ઉદ્ભવ માટે નાણાંકીય પરિબળો અને વાસ્તવિક પરિબળો બંને જવાબદાર હોય છે. જેનું સંકલન પ્રૉ. હાયેકે આ સિદ્ધાંતમાં કર્યું છે. તેમના મતે વેપારી બેંકોની નાણાંકીય નીતિ મુજબ નાણાંના પુરવઠામાં વધ-ઘટ થવાથી મૂડી રોકાણમાં ફેરફારો થાય છે. અર્થતંત્રમાં વેપારી બેંકોના શાખસર્જનથી તેજી અને શાખ સંકોચનથી મંદી જોવા મળે છે. પરંતુ, જો અર્થતંત્રમાં નાણું તટસ્થ રહે તો વ્યાપારચક્ર ઉદ્ભવે નહીં.

## 11.8 હાયેકના સિદ્ધાંતની ધારણાઓ :

પ્રૉ. હાયેકનો વ્યાપારચક્રનો સિદ્ધાંત નીચેની કેટલીક ધારણાઓ પર આધારિત છેઃ

11.8.1 વ્યાજદર :

હાયેકે પોતાના સિદ્ધાંતમાં વ્યાજનો બજાર દર અને વ્યાજનો કુદરતી દર એમ બે પ્રકારના વ્યાજ દરોનો ઉલ્લેખ કર્યો છે.

11.8.2 ધિરાણ ભંડોળ સ્થિર રહે છે :

અહીં બચતો સક્રિય હોય છે. એટલે કે બચતોમાં વધારો થાય તો લોકો બચતોનો ઉપયોગ રોકડ પુરાંતના બદલે મૂડીરોકાણમાં કરે છે. આથી, ધિરાણ ભંડોળ સ્થિર રહે છે.

11.8.3 મુક્ત અર્થતંત્ર :

આ સિદ્ધાંતમાં દેશનું અર્થતંત્ર અન્ય દેશો સાથે આંતરરાષ્ટ્રીય વેપારથી જોડાયેલ નથી એમ માનવામાં આવ્યું છે. એટલેકે, અર્થતંત્ર મુક્ત છે.

11.8.4 ઉત્પાદન માળખાના તબક્કાઓ :

આ સિદ્ધાંતમાં ધારી લેવામાં આવ્યું છે કે ઉત્પાદન માળખાના તબક્કાઓમાં વધારો ઘટાડો થતો રહે છે. પરંતુ આ તબક્કાઓ કદમાં સરખા હોવાથી એક તબક્કામાંથી બીજા તબક્કામાં જવા માટેનો સમય સ્થિર રહે છે.

11.8.5 મૂડીરોકાણ માટે નાણાંની માંગ :

પ્રૉ. હાયેક મૂડીરોકાણની પ્રક્રિયામાં વ્યાજદરને વિશેષ મહત્ત્વ આપે છે. તેમના મતે વ્યાજદરનો ઘટાડો મૂડીરોકાણને પ્રેરિત કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.

11.8.6 પૂર્ણરોજગારીની ધારણા :

આ સિદ્ધાંતમાં ધારણા કરવામાં આવી છે કે અર્થતંત્રમાં પૂર્ણરોજગારી પ્રવર્તે છે. તેથી કોઈ એક વસ્તુના ઉત્પાદનમાં વધારો કરવો હોય તો અન્ય વસ્તુઓના ઉત્પાદનમાં ઘટાડો કરવો પડે છે.

## 11.9 ઉત્પાદનના માળખા અંગેનો ખ્યાલ

હવે, આપણે પ્રો. હાયેક દ્વારા રજૂ કરાયેલ વ્યાપારચક્રના સિદ્ધાંતમાં ઉત્પાદનના માળખાના ખ્યાલના મહત્ત્વ વિશે ચર્ચા કરીએ. અહીં એક બાબત સ્પષ્ટ કરતાં તેઓ જણાવે છે કે મૂડીવસ્તુઓનું ઉત્પાદન છેવટે તો વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરવા માટે જ કરવામાં આવતું હોય છે. આમ, કહી શકાય કે કોઈપણ વપરાશી ચીજવસ્તુનું ઉત્પાદન કરવું હોય તો તેની માટે અનેકવિધ પ્રવૃત્તિઓ કરવી પડતી હોય છે. ઉદાહરણ તરીકે મોટરકારનું ઉત્પાદન કરવું હોય તો પતરું, લોખંડ, ટાયર, ટ્યૂબ વગેરેનું ઉત્પાદન કરવું પડે છે. એટલું જ નહીં પરંતુ આ બધી વસ્તુઓનું ઉત્પાદન કરવા માટે અનેક ચીજવસ્તુઓનું ઉત્પાદન પણ કરવું પડે છે. તેથી વ્યાપારચક્રના સિદ્ધાંતમાં ઉત્પાદનના માળખાનો ખ્યાલ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ સમગ્ર બાબતોને પ્રૉ. હાયેક ઉત્પાદનના માળખા (Struckure of Production) તરીકે અને ઉત્પાદનના મૂળ સાધનોથી શરૂ કરીને વપરાશી વસ્તુઓનું ઉત્પાદન થાય ત્યાં સુધીના સમયગાળાને ઉત્પાદનના સમયગાળા તરીકે ઓળખાવે છે.

પ્રૉ. હાયેકના મતે ઉત્પાદનના માળખામાં મુખ્યત્વે બે તબક્કાઓનો સમાવેશ કરવામાં આવે છે.

1. નીચલી કક્ષાના ઉત્પાદનના તબક્કાઓ :

આ તબક્કો ગ્રાહકની ખરીદીથી નજીકનો હોય છે. જેમાં વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરતાં ઉદ્યોગોનો સમાવેશ કરવામાં આવે છે.

2. ઊંચી કક્ષાના ઉત્પાદનના તબક્કાઓ :

આ તબક્કો ગ્રાહકની ખરીદીથી દૂરનો હોય છે, જેમાં મૂડી સાધનોનું ઉત્પાદન કરતાં ઉદ્યોગોનો સમાવેશ કરવામાં આવે છે.

અગાઉ આપણે વાત કરી તે મુજબ પ્રૉ. હાયેક જણાવે છે કે ઉત્પાદનનો પ્રવાહ ઉપલા એટલેકે દૂરના તબક્કાથી શરૂ થઈને નજીકના એટલેકે નીચેના તબક્કા સુધી આવે છે અને છેવટે વસ્તુ તૈયાર થઈને ગ્રાહક સુધી પહોંચે છે. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન જેમ સમયનો ગાળો ટૂંકો હોય તેમ ઉત્પાદનનું માળખું ટૂંકું અને જેમ તે લાંબો હોય તેમ ઉત્પાદનનું માળખું લાંબુ હોય છે. આમ, કહી શકાયકે ઉત્પાદનનાં સાધનોમાં રોકાણનો દર જેમ વધુ તેમ ઉત્પાદનનો સમયગાળો ઓછો અને ઉત્પાદન વધુ તથા જેમ ઉત્પાદનનાં સાધનોના રોકાણનો દર ઓછો તેમ ઉત્પાદનનો સમયગાળો વધુ અને ઉત્પાદન ઓછું થાય છે. ઉત્પાદનનાં માળખાનો આધાર લોકોની આવક પર રહેલો છે. એટલેકે, લોકો પોતાની આવકમાંથી વપરાશ અને બચત કેટલી કરે છે તેના પર રહેલો છે. જો લોકો પોતાની આવકમાંથી વપરાશ વધુ કરે તો તેમની બચતો ઓછી થાય છે. તેથી વપરાશી વસ્તુના તબક્કામાં વધુ મૂડીરોકાણ થાય છે. આવકમાંથી જે બચતો થાય છે તેનું મૂડીરોકાણ ઉત્પાદનના ઉપલા તબક્કામાં થાય છે. વ્યાજનો દર અહીં બચત અને મૂડીરોકાણની માંગને સમતુલામાં લાવવાનું કાર્ય કરે છે. હાયેક કહે છે કે વ્યાજના કુદરતી દર કરતાં જો બજારનો વ્યાજનો દર વધારે હોય તો બચતની માંગ ઘટે અને પુરવઠો વધે અને જો બજારનો વ્યાજનો દર વ્યાજના કુદરતી દર કરતાં ઓછો હશે તો બચતની માંગ વધતા તેનો પુરવઠો ઘટે છે. આ બંને પરિસ્થિતિઓ લાંબો સમય ટકી શકતી નથી અને છેવટે વ્યાજનો કુદરતી દર જ અર્થતંત્રમાં પ્રવર્તે છે. તેથી, લોકોના વપરાશ અને બચત અંગેના નિર્ણયોમાં થતા ફેરફારો અર્થતંત્રને અનુકૂળ રીતે થયા કરે છે.

## 11.10 હાયેકના વ્યાપારચક્રની સમજૂતી

પ્રૉ. હાયેક જણાવે છે કે અર્થતંત્રમાં બચતો બે પ્રકારની હોય છે.

### 11.10.1 સ્વૈચ્છિક / મરજિયાત બચત :

હાયેકના મતે સ્વૈચ્છિક / મરજિયાત બચત એટલે વ્યક્તિ પોતાની ઈચ્છાનુસાર પોતાના વપરાશમાં કાપ મૂકે તે. આ પ્રકારની બચતોને હાયેક વ્યાપારચક્રના સર્જન માટે જવાબદાર માનતા નથી. કારણકે વ્યાજના દરના પરિવર્તનો અર્થતંત્રમાં આ પ્રકારની બચત બરાબર મૂડીરોકાણ કરવાનું વલણ ધરાવે છે.

### 11.10.2 અનૈચ્છિક / ફરજીયાત બચત :

હાયેક જણાવે છે કે અનૈચ્છિક બચત એટલે વ્યકિતએ પોતાની ઈચ્છા ન હોવા છતાં પોતાના વપરાશમાં કાપ મૂકવો પડે તે. તેમના મતે સ્વૈચ્છિક બચતો કરતાં અનૈચ્છિક બચતો વ્યાપારચક્રના ઉદ્ભવમાં વિશેષ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ અનૈચ્છિક બચતોનું સર્જન વેપારી બેંકોના શાખસર્જનના પરિણામે થાય છે. વેપારી બેંકોના શાખસર્જનમાં વધારો થાય ત્યારે ધિરાણભંડોળની માંગ કરતાં ધિરાણભંડોળના પુરવઠામાં વધારો થયેલો જોવા મળે છે. પરિણામે બજારનો વ્યાજનો દર નીચો જાય છે અને ઉત્પાદનના ઉપલા તબક્કામાં મૂડીરોકાણ વધે છે અને નીચલા તબક્કાનું સંકોચન થાય છે. અહીં વપરાશી વસ્તુઓની માંગમાં ઘટાડો થતો નથી. તેથી તેમના ભાવોમાં વધારો થાય છે અને ગ્રાહકો ના છુટકે વપરાશી વસ્તુઓની માંગમાં ઘટાડો કરે છે જેને હાયેક અનૈચ્છિક બચત તરીકે ઓળખાવે છે.

અહીં વપરાશી વસ્તુઓના ભાવમાં વધારો થતો હોવાથી નીચા તબક્કાઓ પણ નફાકારક બને છે. આ તકનો લાભ લઈ બેંકો પણ શાખસર્જનનું વિસ્તરણ કરે છે. આમ, અનિચ્છાકૃત બચતોમાં વધારો થવાથી અર્થતંત્રમાં તેજીનું સર્જન થાય છે. વપરાશી વસ્તુઓની માંગમાં વધારો થતા નિયોજકો બેંકો પાસેથી વધુને વધુ ધિરાણ મેળવે છે. પરિણામે અર્થતંત્રમાં મૂડીરોકાણ, ઉત્પાદન, આવક, વસ્તુની માંગ, રોજગારી વગેરેમાં વધારો થાય છે. પરંતુ

બેંકોની શાખસર્જનની પ્રવૃત્તિની કેટલીક મર્યાદાઓ હોય છે. આથી, સમય જતાં બેંકો શાખસંકોચનની નીતિ અપનાવે છે. ધિરાણ ભંડોળનો પુરવઠો ઘટતાં વ્યાજનો દર વધે છે અને નિયોજકો ઉપલા તબક્કામાં મૂડીરોકાણમાં ઘટાડો કરે છે. પરિણામે ઉત્પાદન, આવક અને રોજગારીમાં ઘટાડો થતા અર્થતંત્રમાં મંદીનું સર્જન થાય છે. આમ, પ્રૉ. હાયેક જણાવે છે કે તેજીની સ્થિતિમાં અનિચ્છાકૃત બચતોને કારણે ઉત્પાદનના માળખાનું વિસ્તરણ થાય છે, અને વેપારી બેંકોની શાખસંકોચનની નીતિના કારણે વ્યાજદર ઊંચા જતાં મૂડીરોકાણ નીચેના તબક્કામાં પ્રોત્સાહિત થાય છે; ઉપરના તબક્કામાં ઘટવા લાગે છે. આમ, અતિમૂડીરોકાણથી અર્થતંત્રમાં તેજી અને મૂડીની અછતથી મંદીની સ્થિતિ સર્જાય છે.

11.11 સિદ્ધાંતની મર્યાદાઓ :

પ્રૉ. હાયેકે વ્યાપારચક્રના સિદ્ધાંતમાં નાણાંકીય અને વાસ્તવિક એમ બંને પરિબળોનો સુભગ સમન્વય કરવાનો પ્રયાસ કર્યો છે. તેમ છતાં આ સિદ્ધાંતની કેટલીક ખામીઓ જણાઈ આવી છે, જે નીચે મુજબ છે :

11.11.1 અવાસ્તવિક ધારણા :

પ્રૉ. હાયેકના વ્યાપારચક્રના સિદ્ધાંતમાં પૂર્ણરોજગારીની ધારણા કરવામાં આવી છે જે અવાસ્તવિક છે. સામાન્યરીતે અર્થકારણમાં પૂર્ણરોજગારી નહીં પરંતુ અપૂર્ણ રોજગારી પ્રવર્તતી હોય છે.

11.11.2 ઉત્પાદનના માળખા અંગે અસ્પષ્ટતા :

આ સિદ્ધાંતમાં ઉત્પાદનના માળખા અંગેનો જે ખ્યાલ રજૂ કરવામાં આવ્યો છે તે અસ્પષ્ટ છે. તેમજ પ્રત્યેક ઉદ્યોગ માટે ઉત્પાદનના તબક્કામાં અને તેના સમયગાળામાં તફાવત હોઈ શકે છે.

11.11.3 વ્યાજના દરને વિશેષ મહત્ત્વ :

પ્રૉ. હાયેકે વ્યાપારચક્રની સમજૂતી આપવા માટે મૂડીરોકાણની પ્રક્રિયામાં વ્યાજના દરને વિશેષ મહત્ત્વ આપ્યું છે જે અયોગ્ય છે. કારણકે, મૂડીરોકાણનું પ્રમાણ વ્યાજદર સિવાય અન્ય કેટલાક ઘટકો ઉપર પણ આધાર રાખે છે.

11.11.4 મૂડીગત વસ્તુઓ અને વપરાશી વસ્તુઓ વચ્ચે હરીફાઈ :

પ્રૉ. હાયેકનું માનવું છે કે મૂડીગત વસ્તુઓની માંગ વપરાશી વસ્તુઓની માંગ સાથે હરીફાઈ કરે છે. પરંતુ વાસ્તવમાં વપરાશી વસ્તુઓની માંગના લીધે જ મૂડીગત વસ્તુઓની માંગ થતી હોય છે. એટલે કે મૂડીગત વસ્તુઓની માંગ એ વ્યુત્પન્ન માંગ હોય છે. બચતોમાં વધારો થતા વપરાશમાં ઘટાડો થાય છે અને પરિણામે મૂડીરોકાણ ઘટે છે. આમ, આ બંને વસ્તુઓના ઉદ્યોગોમાં હરીફાઈ ઉદ્ભવી શકતી નથી.

11.11.5 વ્યાપારચક્રના ઉદ્ભવ માટે બેંકોનું શાખસર્જન જવાબદાર :

હાયેકના મતે વ્યાપારચક્રના ઉદ્ભવ માટે બેંકોની શાખસર્જનની નીતિ જવાબદાર છે. પરંતુ આ બાબત સત્ય નથી. મંદીની પરિસ્થિતિમાંથી અર્થતંત્રને બહાર નીકાળવા માટે વેપારી બેંકોની શાખસર્જનની નીતિ જ ઉપયોગી નીવડે છે.

## 11.12 સારાંશ :

પ્રસ્તુત એકમમાં આપણે વ્યાપારચક્રના ઉદ્ભવ માટે નાણાંકીય પરિબળોને જ જવાબદાર માનતા અર્થશાસ્ત્રીઓની વિચારધારા મુજબના શુદ્ધ નાણાંકીય સિદ્ધાંત અને નાણાંકીય અતિ-રોકાણ સિદ્ધાંતની સમજણ મેળવી. હોટ્રેના શુદ્ધ નાણાકીય સિદ્ધાંત અને

હાયેકનાં નાણાકીય અતિ-રોકાણ સિદ્ધાંતની વિચારધારામાં માનતા અર્થશાસ્ત્રીઓની માન્યતા અનુસાર નાણાંકીય પરિબળો જ અર્થવ્યવસ્થાના અનેક આંતરિક પરિબળો પર એ પ્રકારે અસર કરે છે કે વિસ્તરણ અને સંકોચનની પ્રક્રિયા સંચયી સ્વરૂપ ધારણ કરી લે છે અને વ્યાપારચક્રના ચારેય તબક્કાઓ ક્રમશઃ વારંવાર ઉદ્ભવતા રહે છે. હોટ્રે વ્યાપારચક્રની સમજૂતી આપવામાં બેંકનાણાંને વિશેષ મહત્ત્વનું માને છે અને બેંકોની શાખસર્જનની પ્રક્રિયાને જ વ્યાપારચક્ર માટે જવાબદાર ગણે છે. તેમની માન્યતા મુજબ અર્થતંત્રમાં વેપારી બેંકોના શાખસર્જનથી તેજી અને શાખસંકોચનની નીતિથી મંદીનું સર્જન થાય છે. હાયેકના મત મુજબ મૂડી વસ્તુઓના પરિવર્તનો વપરાશી વસ્તુઓના પરિવર્તનો કરતાં મોટા હોય છે. જેના પરિણામે વ્યાપારચક્રો ઉદ્ભવે છે. આમ, પ્રૉ. હાયેકે તેમના નાણાંકીય અતિ-રોકાણના સિદ્ધાંતમાં નાણાંકીય તેમજ વાસ્તવિક એમ બંને પરિબળોનું સુંદર રીતે સંકલન કરેલું જોવા મળે છે. તેમના મતે વેપારી બેંકોની નાણાંકીય નીતિ મુજબ અર્થતંત્રમાં નાણાંના પુરવઠામાં ફેરફાર થતાં રહે છે. જેની અસર મૂડીરોકાણ પર થાય છે. જો અર્થતંત્રમાં નાણું તટસ્થ રહે તો વ્યાપારચક્રનો ઉદ્ભવ રોકી શકાય તેમ છે.

## 11.13 ચાવીરૂપ શબ્દો :

નાણાંકીય આવક : ઉત્પાદનના સાધનોને તેમના કામના બદલામાં નાણાંના સ્વરૂપમાં જે કંઇ વળતર મળે છે તેને નાણાંકીય આવક તરીકે ઓળખવામાં આવે છે.

સ્ટોક : વેપારીઓ દ્વારા સંગ્રહ કરવામાં આવતી વસ્તુઓના પ્રમાણને સ્ટોક કહેવામાં આવે છે.

રોકડ અનામત : ગ્રાહકો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, નિયોજકો વગેરે બેંકમાં પોતાની થાપણો જમા કરાવે છે. વેપારી બેંકો આ થાપણોનો જે ભાગ પોતાની પાસે રોકડ સ્વરૂપે રાખી મૂકે છે તેને રોકડ અનામત તરીકે ઓળખવામાં આવે છે.

ખર્ચ : વ્યક્તિ કોઈ વસ્તુ મેળવવા માટે પોતાની આવકનો જે ભાગ આપે છે તેને ખર્ચ કહેવામાં આવે છે.

નાણાંનો ચલણવેગ : અમુક ચોક્કસ સમય દરમિયાન નાણું એક હાથમાંથી બીજા હાથમાં જેટલી વખત ફરે છે તેને નાણાંના ચલણવેગ તરીકે ઓળખવામાં આવે છે. નાણાંનો ચલણવેગ એ નાણાંના હસ્તાંતરણનું પ્રમાણ દર્શાવે છે.

નાણાંનો પુરવઠો : કોઈ ચોક્કસ સમયે અર્થતંત્રમાં ઉપલબ્ધ કુલ નાણાંના પ્રમાણને નાણાંના પુરવઠા તરીકે ઓળખવામાં આવે છે.

શાખ સર્જન : વેપારી બેંકો તેમની પાસે જે પ્રાથમિક થાપણો હોય છે તેના કરતાં અનેકગણા નાણાંનું ધિરાણ કરતી હોય છે જેને શાખ સર્જન કહેવામાં આવે છે.

શાખ સંકોચન : વેપારી બેંકો તેમની પાસેના રોકડ અનામત પ્રમાણમાં વધારો કરવા અને અર્થતંત્રમાં ફરતા રોકડ નાણાંના પ્રમાણમાં ઘટાડો કરવા માટે વ્યાજદરમાં વધારો કરી લોન આપવાનું પ્રમાણ ઘટાડે છે જેને શાખ સંકોચન તરીકે ઓળખવામાં આવે છે.

ઉત્પાદનનો સમયગાળો : ઉત્પાદનના મૂળ સાધનોથી શરૂ કરીને વપરાશી વસ્તુઓનું ઉત્પાદન થાય ત્યાં સુધીના સમયગાળાને ઉત્પાદનના સમયગાળા તરીકે ઓળખવામાં આવે છે.

ઉત્પાદનનું માળખું : વપરાશી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવા માટે અન્ય અનેક ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવું પડતું હોય છે. આ સમગ્ર પ્રક્રિયાને ઉત્પાદનના માળખા તરીકે ઓળખવામાં આવે છે.

- તમારી પ્રગતિ ચકાસો :

(ક) વિસ્તૃત પ્રશ્નો :

1) 'વ્યાપારચક્ર એ શુદ્ધ નાણાંકીય ઘટના છે.' - સમજાવો.

2) વ્યાપારચક્રના નાણાંકીય અતિ-રોકાણના સિદ્ધાંતની વિસ્તૃત ચર્ચા કરો.

(ખ) ટૂંક નોંધ :

1) હોટ્રેના વ્યાપારચક્રના સિદ્ધાંતમાં પ્રયોજાયેલ કેટલાક વિશિષ્ટ ખ્યાલો

2) હોટ્રેના વ્યાપારચક્રના સિદ્ધાંતની મર્યાદાઓ

3) હાયેકના ઉત્પાદનના માળખા અંગેના વિચારો

4) હાયેકના વ્યાપારચક્રના સિદ્ધાંતની મર્યાદાઓ

(ગ) હેતુલક્ષી / વૈકલ્પિક પ્રશ્નો :

1. વ્યાપારચક્રના શુદ્ધ નાણાકીય સિદ્ધાંતની રજૂઆત કોણે કરી ?

(ક) કેઈન્સ (ખ) હોટ્રે

(ગ) હાયેક (ઘ) સેમ્યુલસન

2. હોટ્રેના મતે બેંકોના વ્યાજદરમાં ઘટાડો થવાથી શાખસર્જનની પ્રક્રિયા કેવી બને છે?

(ક) ઝડપી (ખ) ધીમી

(ગ) સ્થિર (ઘ) એક પણ નહિ

3. તેજીના સમયમાં દેશની આયાતો _______________ છે.

(ક) વધે (ખ) ઘટે

(ગ) સ્થિર (ઘ) એક પણ નહિ

4. 'Monetary Theory and Trade Cycle' નામનું પુસ્તક કયા અર્થશાસ્ત્રીનું છે?

(ક) હોટ્રે (ખ) કેઈન્સ

(ગ) હાયેક (ઘ) સેમ્યુલસન

5. 'ઉત્પાદનના માળખામાં અસમતુલા ઉદ્ભવવાથી વ્યાપારચક્ર ઉદભવે છે.' આ વિધાન કોનું છે ?

(ક) હોટ્રે (ખ) કેઈન્સ

(ગ) સેમ્યુલસન (ઘ) હાયેક

6. 'નાણાંકીય વ્યવસ્થામાં અસમતુલા ઉદ્ભવવાથી વ્યાપારચક્ર ઉદ્ભવે છે.' આ વિધાન કોનું છે ?

(ક) હાયેક (ખ) હોટ્રે

(ગ) કેઈન્સ (ઘ) સેમ્યુલસન

7. નીચલી કક્ષાનો ઉત્પાદનનો તબક્કો ગ્રાહકની ખરીદીથી _____________ હોય છે.

(ક) દૂર (ખ) નજીક

(ગ) ખૂબ જ દૂર (ઘ) ખૂબ જ નજીક

## 11.15 સંદર્ભ પુસ્તકો :


1. Sinh, R. N. (2013): Samashti Arthshastra, Nikhil Publishers and Distributors, Agra.
2. Ahuja, H, L. (1110): Principles of Macro Economics, S. Chand, New Delhi.
3. Ackely, G. (1178): Macro Economics - Theory and Policy, macmillan, New York.
4. Zingan, M. L. (1104): Maudric Arthshastra, Vrunda Publications Pvt. Ltd., Delhi.
5. Stonier, A. W. and Hague, D. C. (1172): A Textbook of Economic Theory, Fourth Edition.
6. Seth, T. T. (1103): Maudrik Arthshastra, Laxminarayan Agrawal, Agra.


## 11.16 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

**(ગ) હેતુલક્ષી / વૈકલ્પિક પ્રશ્નો :**

1. (ખ)
2. (ક)
3. (ક)
4. (ગ)
5. (ઘ)
6. (ખ)
7. (ખ)

# એકમ-12 ફુગાવો

-: રૂપરેખા :-

12.0 ઉદ્દેશો

12.1 પ્રસ્તાવના

12.2 ફુગાવાનો અર્થ અને વ્યાખ્યાઓ

12.3 ફુગાવાનાં લક્ષણો

12.4 ફુગાવાની અસરો

12.4.1 ફુગાવાની આર્થિક વિકાસ ઉપર થતી અસરો

12.4.1.1 ફુગાવાની સારી અસરો

12.4.1.2 ફુગાવાની માઠી અસરો

12.4.2 ફુગાવાની સમાજના વિવિધ વર્ગો ઉપર થતી અસરો

12.4.2.1 ફુગાવાની સારી અસરોનો લાભ મેળવતો વર્ગ

12.4.2.2 ફુગાવાની માઠી અસરો ભોગવતો વર્ગ

12.4.2.3 અનૈતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન

12.4.2.4 આવકની વહેંચણી ઉપર અસર

12.4.2.5 રાજકીય વ્યવસ્થા ઉપર અસર

12.5 સારાંશ

12.6 ચાવીરૂપ શબ્દો

12.7 તમારી પ્રગતિ ચકાસો

- સંદર્ભ પુસ્તકો
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 12.0 ઉદ્દેશો :

મિત્રો, આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતો અંગે સમજણ મેળવી શકશો.

- ફુગાવો શું છે ?
- ફુગાવા અંગે વિવિધ દૃષ્ટિકોણથી રજૂ થયેલ વ્યાખ્યાઓ
- નાણાંકીય ફુગાવો અને ભાવ ફુગાવો શું છે ?
- ફુગાવાનાં લક્ષણો
- ફુગાવાની અર્થતંત્ર ઉપર થતી સારી-માઠી અસરો

## 12.1 પ્રસ્તાવના :

આપણે સૌ જાણીએ છીએ કે નાણાંની ખરીદશક્તિ હંમેશાં સ્થિર રહેતી નથી. સમય અને સંજોગો અનુસાર તેમાં પરિવર્તનો આવ્યા જ કરે છે અને તેની અસર અર્થતંત્ર ઉપર થાય છે. આમ, નાણાંની ખરીદશક્તિમાં આવતા ફેરફારોની અર્થતંત્ર ઉપર બે પ્રકારની અસરો જોવા મળે છે. (1) ફુગાવો અને (2) મંદી. સામાન્ય રીતે નાણાંની ખરીદશક્તિમાં

ઘટાડો થતાં જે પરિસ્થિતિનું સર્જન થાય છે તેને આપણે 'ફુગાવા' તરીકે ઓળખીએ છીએ અને આનાથી વિપરીત જ્યારે નાણાંની ખરીદશક્તિમાં સતત વધારો થતો જોવા મળે છે ત્યારે તે પરિસ્થિતિને આપણે 'મંદી' તરીકે ઓળખીએ છીએ.

વીસમી સદી પૂર્વે ફૂગાવાને કોઈપણ દેશના અર્થકારણ માટે ગંભીર સમસ્યારૂપ માનવામાં આવતો ન હતો. તે સમયે ફુગાવાનો જન્મ 'આકસ્મિક ઘટના' સ્વરૂપે થતો અને થોડા સમયના અંતે આપોઆપ તે અસ્ત થઈ જતો હતો. પરંતુ 1929ની મહામંદીને બાદ કરતાં વીસમી સદીમાં ફુગાવાએ સમગ્ર વિશ્વમાં પોતાનો પગપેસારો કર્યો છે. સામાન્ય રીતે બીજા વિશ્વયુદ્ધ બાદ વિશ્વના લગભગ બધા જ દેશોમાં ભાવસપાટીમાં સતત વધારો થતો જોવા મળ્યો છે. તેથી વિશ્વની અન્ય સમસ્યાઓ પૈકી ફુગાવાને એક અતિ ગંભીર પ્રકારની સમસ્યા તરીકે ગણવામાં આવે છે, કારણકે તેના પરિણામે સમગ્ર અર્થકારણનાં વિવિધ અંગો ઉપર તેની વિપરીત અસરો સર્જાય છે.

## 12.2 ફુગાવાનો અર્થ અને વ્યાખ્યાઓ :

તો ચાલો હવે આપણે ફુગાવા વિશેની કેટલીક સમજણ મેળવીએ. સામાન્યરીતે જ્યારે વસ્તુઓના ભાવોમાં ઝડપી અને વધુ વધારો થવા લાગે ત્યારે તેને ફુગાવા તરીકે ઓળખીએ છીએ. પરંતુ ફુગાવાનું આ પ્રકારનું અર્થઘટન અવૈજ્ઞાનિક માનવામાં આવે છે. કારણકે ઘણીવાર વસ્તુઓના ભાવમાં વધારો થયો હોવા છતાં અર્થકારણમાં ફુગાવો જોવા મળતો નથી, એવી ઘટનાઓ પણ બની છે. આથી અર્થશાસ્ત્રમાં ફુગાવાના ખ્યાલને વૈજ્ઞાનિક રીતે સમજવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. ફુગાવાના ઉદ્ભવ માટે અનેક પરિબળો જવાબદાર હોવાથી તે એક વિકટ પ્રક્રિયા બની જાય છે. તેથી તેની સર્વમાન્ય વ્યાખ્યા કરવાનું કાર્ય અશક્ય છે. તેમ છતાં વિવિધ અર્થશાસ્ત્રીઓએ ફુગાવાના ખ્યાલને સ્પષ્ટ કરવા માટે વિવિધ દૃષ્ટિબિંદુઓને ધ્યાનમાં લઈને તેની વ્યાખ્યા આપવાના પ્રયાસો કર્યા છે.

ક્રાઉથર, ગાર્ડનર એકલે, એચ.જી. જહોનસન વગેરે. અર્થશાસ્ત્રીઓએ ફુગાવાને વધતાં ભાવો તરીકેની ઘટના ગણીને તેની વ્યાખ્યા નીચે મુજબ આપી છે.

ક્રાઉથર :

"ફુગાવો એવી પરિસ્થિતિ છે કે જેમાં નાણાનું મૂલ્ય ઘટતું જાય છે. એટલે કે, ભાવો વધતાં જાય છે."

ગાર્ડનર એકલે :

"ફુગાવો એટલે સામાન્ય ભાવસપાટી અથવા સરેરાશ ભાવોમાં થઈ રહેલો સતત અને નોંધપાત્ર વધારો."

એચ. જી. જહોનસન :

"ભાવમાં ગણનાપાત્ર વધારો એટલે ફુગાવો."

બ્રુમેન :

"ફુગાવો એટલે સામાન્ય ભાવસપાટીમાં થઈ રહેલો સતત વધારો."

શાપીરો :

"ભાવોની સામાન્ય સપાટીમાં થઈ રહેલો સતત અને નોંધપાત્ર વધારો એટલે ફુગાવો."

ભાવ-વધારાના આધારે આપવામાં આવેલી ફુગાવાની ઉપરોક્ત વ્યાખ્યાઓની કેટલીક મર્યાદાઓ રહેલી છે જે નીચે મુજબ છે.

– ભાવોમાં થયેલો પ્રત્યેક વધારો ફુગાવાજન્ય હોતો નથી. દા.ત. મંદીના સમયમાં ભાવોમાં થતો વધારો

– આ વ્યાખ્યાઓ ફુગાવાનાં કારણોના બદલે ફુગાવાના ચિહ્નો પર વિશેષ ભાર મૂકે છે.

કેમરર, પ્રો. મિલ્ટન ફ્રીડમેન, કોલબોર્ન, હોટ્રે, પિગુ વગેરે અર્થશાસ્ત્રીઓ ફુગાવાને નાણાંકીય ઘટના તરીકે વર્ણવે છે અને તેના આધારે તેની વ્યાખ્યા આપવાનો પ્રયાસ કરે છે, જે નીચે મુજબ છે.

કોલબોર્ન :

"ફુગાવો એ એક એવી પરિસ્થિતિનો નિર્દેશ કરે છે કે જ્યાં ખૂબ વધારે પડતુ નાણું થોડીક જ ચીજવસ્તુઓને પકડવા માટે પાછળ પડે છે."

કેમરર :

"કાયદેસરના નાણાં અને બેન્ક નાણાનું પ્રમાણ જ્યારે તેની માંગ કરતાં એટલી બધી હદે વધી જાય કે તેના પરિણામ સ્વરૂપે ભાવસપાટીમાં વધારો થાય ત્યારે તેને ફુગાવા તરીકે ઓળખવામાં આવે છે."

મિલ્ટન ફ્રિડમેન :

"ફુગાવો એ દરેક સમયે દરેક સ્થળે એક નાણાંકીય ઘટના જ છે. જ્યારે કુલ ઉત્પાદન કરતાં નાણાંના પ્રમાણમાં ઝડપી વધારો થાય ત્યારે જ ફુગાવો ઉદભવે છે."

આર. જી. હોટ્રે :

"ફુગાવો એટલે ચલણનું વધુ પડતું પ્રમાણ"

પિગુ :

"આવક મેળવવાની પ્રવૃત્તિના પ્રમાણ કરતાં નાણાંકીય આવકમાં જ્યારે ઝડપથી વધારો થઈ રહ્યો હોય ત્યારે ફુગાવો અસ્તિત્વમાં આવે છે."

પ્રૉ. જે. એમ. કેઈન્સના મતે,

"બધા જ પ્રકારની કિંમતોનો વધારો એ ફુગાવો નથી. પરંતુ પૂર્ણ રોજગારીની પરિસ્થિતિ પછી ભાવસપાટીમાં જે વધારો થાય છે તે ફુગાવો છે."

પ્રૉ. કેઈન્સની જેમ પ્રો. રોસ્ટોવ પણ પૂર્ણરોજગારીના ખ્યાલને ધ્યાનમાં રાખીને ફુગાવા અંગે સ્પષ્ટતા કરે છે. તેથી કહી શકાય કે કેઈન્સનું દૃષ્ટિબિંદુ વધુ વાસ્તવદર્શી છે. પ્રૉ. કેઈન્સ જણાવે છે કે, જ્યાં સુધી અર્થતંત્ર પૂર્ણરોજગારીની કક્ષાએ પહોંચતું નથી ત્યાં સુધી ભાવોમાં જે વધારો થાય તે ફુગાવો સર્જતો નથી, કારણકે આ પરિસ્થિતિમાં ઉત્પાદનનાં સાધનોનો પૂર્ણ ઉપયોગ કરીને વસ્તુના ઉત્પાદનમાં વધારો કરી શકાય છે. તેથી આ સમયગાળામાં નાણાંના પુરવઠામાં થતાં વધારાના પરિણામે ભાવોમાં ધીમો વધારો થાય છે પરંતુ, ફુગાવાનું સર્જન થતું નથી. પરંતુ જ્યારે અર્થતંત્ર પૂર્ણરોજગારીની કક્ષાએ પહોંચી જાય છે ત્યારે નાણાંના પુરવઠામાં થતો વધારો એ ભાવોમાં વધારો સર્જે છે અને ત્યારે ઉત્પાદનના સાધનોનો કાર્યક્ષમ રીતે ઉપયોગ થતો હોવાથી વસ્તુઓના કુલ ઉત્પાદનમાં વધારો કરી શકાતો નથી. પરિણામે આ પરિસ્થિતિમાં ફુગાવો સર્જાય છે. આમ, ફુગાવો એ પૂર્ણરોજગારીનું પરિણામ છે. બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે નાણાંના પુરવઠામાં થતાં ફેરફારોના પરિણામસ્વરૂપે ચીજવસ્તુઓના પુરવઠાની મૂલ્યસાપેક્ષતા શૂન્ય થઈ જાય છે ત્યારે વાસ્તવમાં ફુગાવો શરૂ થયેલો કહેવામાં આવે છે.

પ્રૉ. કેઇન્સ અને પ્રૉ. રોસ્ટોવના મતે એક વખત અર્થતંત્રમાં પૂર્ણરોજગારીની પરિસ્થિતિ આવે ત્યારબાદ ભાવોમાં જે વધારો થાય છે તે જ વાસ્તવમાં ફુગાવો સર્જે છે. તેની પહેલાનો ભાવવધારો નહીં.

પ્રૉ. લર્નરના મતે "જ્યારે કુલ પુરવઠા કરતાં કુલ માંગ વિશેષ પ્રમાણમાં હોય ત્યારે ફુગાવો થાય છે."

પ્રૉ. હેન્સન જણાવે છે કે, "વસ્તુઓનો પુરવઠો તેમની માંગના વિસ્તારની સાથે તાલ મિલાવવામાં સતત નિષ્ફળ જાય છે ત્યારે ફુગાવો સર્જાય છે અને તેનો ઉદ્ભવ બજારમાં પૂરતી ચીજવસ્તુઓનો પુરવઠો મૂકવાની મુશ્કેલી તેમજ ખરીદશક્તિના અતિસર્જનમાંથી થાય છે."

ફુગાવા અંગેની ઉપરોક્ત વ્યાખ્યાઓના આધારે આપણે કહી શકીએ છીએ કે, ભાવસપાટીમાં થતો વધારો એ નાણાંના પુરવઠામાં થયેલા વધારાનું પરિણામ છે. આમ, નાણાંના પુરવઠામાં થતો વધારો એ કારક પરિબળ છે અને ભાવોમાં થયેલ વધારો એ તેનું પરિણામ છે. તેથી કહી શકાય કે નાણાંના પુરવઠા અને ભાવસપાટી વચ્ચે કાર્ય-કારણનો સંબંધ છે. પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધ બાદ જર્મનીમાં ભાવવધારાના પરિણામે નાણાંના પુરવઠામાં વધારો જોવા મળ્યો હતો. જે નાણાંના પુરવઠા અને ભાવસપાટી વચ્ચેના આ કાર્ય-કારણ સંબંધથી વિપરીત હતો. આ બાબતની સમજણ પ્રૉ. પોલ આઇનઝીંગે નાણાકીય ફુગાવા અને ભાવ-ફુગાવા વચ્ચેના અંતરની સમજૂતી દ્વારા સુંદર રીતે આપવાનો પ્રયાસ કર્યો છે. તેમણે ફુગાવાને બે તબક્કામાં વિભાજિત કર્યો છે. જેમાં પ્રથમ તબક્કો એ નાણાંકીય ફુગાવાનો છે કે જેમાં વેપાર ઉદ્યોગની જરૂરિયાત કરતાં નાણાંના પુરવઠામાં વધુ વધારો થવાથી ભાવસપાટી ઊંચી જાય છે. જ્યારે બીજો તબક્કો એ ભાવ-ફુગાવો છે કે જ્યાં વધતી જતી ભાવસપાટીના પરિણામે નાણાંના પુરવઠામાં ઝડપી વધારો આવશ્યક બને છે. આ તબક્કામાં ભાવસપાટી એટલી બધી ઝડપીથી વધતી જાય છે કે નાણાંના પુરવઠામાં કરવામાં આવતો ઝડપી વધારો પણ તેની સાથે સુમેળ સાધી શકતો નથી. ફુગાવાનો આ તબક્કો ઘોડાપૂર ફુગાવા તરીકે ઓળખવામાં આવે છે. જે દર્શાવે છે કે ભાવ-સપાટીમાં વધારો એ નાણાંના પુરવઠામાં થયેલા વધારનું ન માત્ર પરિણામ છે પરંતુ તેનું કારણ પણ છે. આમ, પોલ આઈનઝીગે રજૂ કરેલ ફુગાવાની વ્યાખ્યા એ ફુગાવાની ઘટનાની સંપૂર્ણ સમજૂતી આપે છે.

પોલ આઇનઝીંગના મતે,"ફુગાવો એ અસમતુલાની એ અવસ્થાનો નિર્દેશ કરે છે કે જ્યાં ખરીદશક્તિમાં થયેલ વધારો એ ભાવ-સપાટીમાં થયેલા વધારાનું કારણ અથવા તેનું પરિણામ છે." આમ, જ્યારે નાણાંના પુરવઠા અને વસ્તુઓના ઉત્પાદન વચ્ચે અસમતુલા સર્જાય છે ત્યારે ભાવ-સપાટીમાં જે વધારો થાય છે તેને ફુગાવા તરીકે ઓળખવામાં આવે છે. ફુગાવાના સમય દરમિયાન ભાવોમાં થતો વધારો અર્થતંત્રનાં તમામ ક્ષેત્રોમાં એકસાથે જ થાય છે. જો આ ભાવવધારો અર્થતંત્રના અમુક ક્ષેત્રોમાં થાય અને અમુક ક્ષેત્રોમાં ન થાય તો તેને ફુગાવો કહી શકાય નહીં. કારણકે આ પ્રકારનો ભાવ વધારો ટૂંકા સમય માટેનો જ હોય છે. જ્યારે ફુગાવાના સમય દરમિયાન અર્થતંત્રના દરેક ક્ષેત્રમાં એકધારો અને સતત ભાવવધારો થતો રહે છે.

## 12.3 ફુગાવાનાં લક્ષણો :

હવે આપણે ફુગાવાની ઉપરોક્ત વ્યાખ્યાઓ અને સમજૂતીના આધારે તેના કેટલાક લણક્ષો વિશે ચર્ચા કરીએ.

– ફુગાવો એ એક પ્રકારની નાણાંકીય ઘટના છે જે સામાન્યરીતે અર્થતંત્રમાં નાણાંના

કુલ પરવઠાનું વિસ્તરણ થવાના પરિણામે સર્જાય છે.

– ફુગાવો એ એક અવસ્થા નથી પરંતુ એક પ્રવૃત્તિ છે જે ભાવવધારાની પ્રક્રિયા સાથે સંકળાયેલ છે. આ ભાવવધારો સતત, એકધારો અને લાંબાગાળા સુધી થતો રહે છે.

– અર્થતંત્રમાં એક વખત ફુગાવાનું સર્જન થયા પછી સમયના પ્રવાહ સાથે તેની ગતિ વધતી જાય છે. શરૂઆતમાં ભાવોમાં ધીમી ગતિએ વધારો થાય છે અને ત્યારબાદ ભાવોમાં વધારો થવાની ગતિ ધીમી ન રહેતાં તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ બની જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો હળવો ક્રમશઃ ચાલતા, દોડતા અને તીવ્ર ફુગાવામાં રૂપાંતરિત થઈ જાય છે.

– જ્યારે નાણાંના મૂલ્યમાં ઘટાડો થવાના પરિણામે ભાવોમાં અસાધારણ વધારો થાય ત્યારે ફુગાવાનું સર્જન થાય છે.

– જ્યારે ચીજવસ્તુઓના કુલ પુરવઠા કરતાં તેની માંગમાં વધારે પ્રમાણમાં વધારો થાય ત્યારે ફુગાવાનું સર્જન થાય છે.

– પૂર્ણરોજગારીની પરિસ્થિતિ પ્રાપ્ત કર્યા પછી જ અર્થતંત્રમાં પૂર્ણ ફુગાવો સર્જાય છે.

– અર્થતંત્રમાં વાસ્તવિક આવકના વધારા કરતાં નાણાંકીય આવકનો વધારો જ્યારે ઝડપી બને ત્યારે ફુગાવો સર્જાય છે.

– ફુગાવો એ માંગ-પ્રેરિત અથવા ખર્ચ-પ્રેરિત અથવા બંને હોઈ શકે છે.

આમ, ફુગાવાના સર્જન માટે કોઈ એક જ પરિબળ કામ કરતું હોતું નથી પરંતુ અનેક પરિબળો કામ કરતાં હોઈ તેનાં લક્ષણોમાં વૈવિધ્યતા જોવા મળે છે.

## 12.4 ફુગાવાની અસરો :

ફુગાવો શું છે, તેનાં લક્ષણો વગેરે અંગે આપણે સમજણ મેળવી. હવે આપણે ફુગાવાની અસરો અંગે વિસ્તૃત જાણકારી મેળવીએ. આગળ આપણે જોયું કે ફુગાવો શરૂઆતમાં જ્યારે ધીમીગતિએ આગળ વધતો હોય ત્યારે સમયના ટૂંકાગાળામાં ઉત્પાદનના પ્રમાણ અને રોજગારીની તકોમાં વધારો થાય છે. આથી, આ તબક્કામાં સમગ્ર અર્થતંત્ર પર તેની સારી અસરો જોવા મળે છે. પરંતુ લાંબાગાળે આજ ફુગાવો કોઈપણ દેશના અર્થતંત્ર માટે હિતાવહ માનવામાં આવતો નથી. ફુગાવાની સારી અસરો કરતાં ખરાબ અસરોનું પ્રમાણ વધુ હોવાથી તેને આવકાર્ય ગણવામાં આવતો નથી. ફુગાવાની માઠી અસરોને ધ્યાનમાં રાખીને પ્રૉ. સી. એન. વકીલ તેની તુલના લુંટારા સાથે કરતાં જણાવે છે કે, "ફુગાવો એક લુંટારા સમાન છે, જે બીજાની વસ્તુઓ છીનવી લે છે. ફુગાવો તો લુંટારા કરતાં પણ વધુ ખતરનાક છે, કારણ કે તેને લુંટારાની માફક જોઈ શકાતો નથી. કોઈ એક સમયે લુંટારાને કાયદાના ભંગ બદલ અદાલતમાં ઘસડી શકાય છે, જ્યારે ફુગાવાને લુંટ કરવાનો કાયદેસરનો અધિકાર છે." આમ, ફુગાવો સમગ્ર રીતે જોતાં એક આપત્તિ સમાન છે. તો ચાલો, હવે આપણે તેની કેટલીક સારી-નરસી અસરો અંગેની સમજણ નીચેની બાબતોના સંદર્ભમાં મેળવીએ.

### 12.4.1 ફુગાવાની આર્થિક વિકાસ ઉપર થતી અસરો :

ફુગાવાની આર્થિક વિકાસ ઉપર થતી અસરોને લઈને અર્થશાસ્ત્રીઓમાં મતભેદ પ્રવર્તે છે. કેઈન્સ જેવા અર્થશાસ્ત્રીઓ ફુગાવાને આર્થિક વિકાસ માટે પ્રોત્સાહકરૂપ માને છે તો પ્રૉ. મિલ્ટન ફ્રીડમેન જેવા અર્થશાસ્ત્રીઓ તેણે બાધકરૂપ માને છે.

12.4.1.1 ફુગાવાની સારી અસરો :

ફુગાવાની આર્થિક વિકાસ ઉપર તથી કેટલીક સારી અસરો નીચે મુજબ છે :

12.4.1.1.1 મૂડીરાકણને ઉત્તેજન :

ફુગાવાના કારણે અર્થતંત્રમાં આશાસ્પદ વાતાવરણનું સર્જન થાય છે. ઉત્પાદકો, નિયોજકો તથા વેપારીવર્ગ નવું સાહસ કરવા માટે પ્રેરિત થાય છે. આ સમયે ઉત્પાદન ખર્ચમાં થતો વધારો ભાવવધારા કરતાં નીચો હોવાથી નફાનું પ્રમાણ વિશેષ રહે છે. જેનો લાભ મેળવવા ઉત્પાદકો વધુને વધુ મૂડીરોકાણ કરવા પ્રેરિત થાય છે. જેથી અર્થતંત્રના ઉત્પાદનમાં વધારો જોવા મળે છે.

12.4.1.1.2 બચતોમાં વધારો :

ફુગાવાના સમય દરમિયાન આવકની પુનઃવહેંચણી ઉત્પાદકો, નિયોજકો તેમજ ધનિક લોકોની તરફેણમાં થાય છે. આ લોકોની સીમાંત બચતવૃત્તિ સમાજના અન્ય તમામ લોકોની બચતવૃત્તિ કરતાં ઊંચી હોવાથી સમાજની કુલ બચતોમાં વધારો થાય છે. જેનો ઉપયોગ મૂડીરોકાણ માટે થતા આર્થિક વિકાસને વેગ મળે છે.

12.4.1.1.3 આર્થિક વિકાસ ઝડપી બને છે :

ફુગાવાની નીતિ દ્વારા અલ્પવિકસિત અર્થતંત્રમાં આવશ્યકતા મુજબ નાણાંકીય સાધનો મેળવી તેમનો ઉપયોગ ઉત્પાદકીય કાર્યો માટે કરીને આર્થિક વિકાસની પ્રક્રિયાને વેગ આપી શકાય છે.

12.4.1.1.4 વિદેશી મૂડીરોકણને પ્રોત્સાહન :

ફુગાવાની પરિસ્થિતિમાં ઉત્પાદકો તેમજ વેપારીઓ માટે વધુ નફો મેળવવાની શક્યતાઓ વધે છે. આ નફાથી આકર્ષાયને વિદેશી મૂડીરોકાણકારો પણ ફુગાવાવાળા દેશમાં મૂડીરોકાણ કરવા માટે પ્રેરાય છે. પરિણામે દેશમાં વિદેશી મૂડીરોકાણને પ્રોત્સાહક વાતાવરણ મળી રહે છે.

12.4.1.1.5 ઉત્પાદન, આવક અને રોજગારીમાં વધારો :

ફુગાવાના સમય દરમિયાન ઉત્પાદકો, નિયોજકો તથા વેપારી વર્ગ ભાવવધારાના પરિણામે મળતા નફાનો લાભ લેવા માટે મૂડીરોકાણનું પ્રમાણ વધારે છે. જેથી અર્થતંત્રમાં ઉત્પાદન, આવક અને રોજગારીમાં વધારો જોવા મળે છે.

12.4.1.2 ફુગાવાની માઠી અસરો :

ફુગાવાના પરિણામે લાંબાગાળે આર્થિક વિકાસ ઉપર કેટલીક માઠી અસરો પણ થાય છે જે નીચે મુજબ છે.

12.4.1.2.1 બચત કરવાની શક્તિ અને વૃત્તિમાં ઘટાડો :

ફુગાવાના સમયમાં નાણાંનું મૂલ્ય ઘટતું જાય છે. જેથી લોકોની બચત કરવાની શક્તિ અને વૃત્તિ પર વિપરીત અસર થાય છે. લોકો નાણાંના સ્વરૂપમાં બચત કરવાના બદલે વસ્તુના સ્વરૂપમાં સંગ્રહ કરવાની વૃત્તિ ધરાવે છે. તેથી દેશના આર્થિક વિકાસ માટે આવશ્યક એવા નાણાંનો પ્રવાહ અવરોધાય છે. જેની દેશના આર્થિક વિકાસ ઉપર અસર થાય છે.

12.4.1.2.2 ઉત્પાદકીય મૂડીરોકાણ અવરોધાય :

ફુગાવાના સમયમાં લોકોને લાંબાગાળે પુષ્કળ નફો કમાવવાની તકો મળે છે. તેથી લોકો ઉત્પાદકીય મૂડીરોકાણના બદલે બિન-ઉત્પાદકીય મૂડીરોકાણ કરવાનું વધુ પસંદ કરે છે. આમ, ફુગાવાના સમય દરમિયાન ઉત્પાદકીય મૂડીરોકાણ અવરોધાય છે.

12.4.1.2.3 કાળાબજારને પ્રોત્સાહન :

ફુગાવાના સમયમાં ચીજ-વસ્તુઓની સંગ્રહવૃત્તિને પ્રત્સાહન મળે છે. એટલું જ નહીં પરંતુ તેમની કૃત્રિમ તંગી ઊભી કરવામાં આવે છે. જેથી કાળાબજારની વૃત્તિને પ્રોત્સાહન મળે છે.

12.4.1.2.4 લેણદેણની તુલા પર વિપરીત અસર :

ફુગાવાના લીધે દેશમાં ચીજવસ્તુઓના ભાવ વધતા જાય છે. જેથી દેશની નિકાસ વસ્તુઓના ભાવમાં વધારો થતા દેશની નિકાસોનું પ્રમાણ ઘટવા લાગે છે. બીજી બાજુ આયાતી વસ્તુઓના ભાવ પ્રમાણમાં નીચા હોવાથી દેશમાં ચીજવસ્તુઓની આયાતોમાં વધારો થાય છે. આમ દેશની નિકાસોમાં ઘટાડો અને આયાતોમાં વધારો થતો હોવાથી દેશની લેણદેણની તુલામાં મૂળભૂત અસંતુલન સર્જાય છે. જે આર્થિક વિકાસ માટે બાધકરૂપ બને છે.

12.4.2 ફુગાવાની સમાજના વિવિધ વર્ગો ઉપર થતી અસરો :

ફુગાવાના પરિણામે સમાજના વિવિધ વર્ગો ઉપર થતી અસરોમાં તફાવત જોવા મળે છે. પ્રૉ. કુરીહારાના મતે "સામાન્ય રીતે ફુગાવાની ઓછી અને સ્થિર આવકવાળા વર્ગો ઉપર, ઊંચી અને પરિવર્તનશીલ આવકવાળા વર્ગ કરતાં વધુ ખરાબ અસર પડે છે." આમ, સમાજના વિવિધ વર્ગો ઉપર પડતી ફુગાવાની અસરોને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવે છે.

12.4.2.1 ફુગાવાની સારી અસરોનો લાભ મેળવતો વર્ગ :

ફુગાવાથી સમાજના નીચેના વર્ગના લોકોને લાભ થાય છે.

12.4.2.1.1 ઉત્પાદકો અને વેપારી વર્ગ :

ઉત્પાદકો ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવા માટે અગાઉથી જ કાચામાલની ખરીદી કરતાં હોય છે. જેથી ફુગાવાની પરિસ્થિતિમાં તેમની પાસે નીચા ભાવે ખરીદેલા માલ પૂરતા પ્રમાણમાં પ્રાપ્ય હોય છે. એટલું જ નહીં પરંતુ, શ્રમિકોના વેતનમાં પણ ધીમે ધીમે વધારો થતો હોવાથી તાત્કાલિક ધોરણે ચીજવસ્તુઓનું ઉત્પાદન ખર્ચ ઊંચું જતું નથી. બીજી તરફ ફુગાવાના કારણે ચીજવસ્તુઓના ભાવોમાં વધારો થવાથી ઉત્પાદકો અને વેપારીઓને સારો એવો નફો મળે છે.

12.4.2.1.2 દેવાદાર વર્ગ :

ફુગાવાના પરિણામે નાણાંના મૂલ્યમાં ઘટાડો થતો હોવાથી દેવાદાર વર્ગને ફાયદો થાય છે. દેવાદાર વર્ગ ઉપર દેવું ચૂકવતી વખતે નાણાંનો વાસ્તવિક બોજો ઓછો પડે છે. તેથી આ વર્ગ એકંદરે લાભની સ્થિતિમાં હોય છે.

12.4.2.1.3 સ્થાવર મિલકત ધરાવતો વર્ગ :

ફુગાવાના સમયમાં જમીન, સોનું, ચાંદી, મકાન, દુકાન વગેરે સ્થાવર મિલકતના નાણાંકીય મૂલ્યમાં વધારો થયેલો જોવા મળે છે. તેથી સ્થાવર મિલકત ધરાવતા વર્ગને ફુગાવાના પરિણામે સારો એવો ફાયદો થાય છે.

12.4.2.1.4 શેરબજારમાં રોકાણ કરનાર વર્ગ :

ફુગાવાની પરિસ્થિતિમાં શેરોના ભાવમાં વધારો થતો જાય છે. પરિણામે શેરબજારમાં રોકાણ કરનાર વર્ગને મહત્તમ ફાયદો થાય છે. આ પરિસ્થિતિમાં શેરધારણ કરનાર વર્ગને મળતા ડિવિડન્ડમાં વધારો થાય છે.

12.4.2.2 ફુગાવાની માઠી અસરો ભોગવતો વર્ગ :

12.4.2.2.1 બાંધી આવક મેળવતો વર્ગ :

ફુગાવાના પરિણામે બાંધી આવક મેળવતા વર્ગની હાલત કફોડી બને છે. જે લોકોની આવક ફિક્સ હોય અથવા કરાર આધારિત હોય તેવા લોકોને ચીજવસ્તુના ભાવમાં વધારો થયો હોવા છતાં તેમની આવકમાં કોઈ ફેરફાર થયેલ ન હોવાથી અગાઉ જેટલી જ ચીજવસ્તુઓ મેળવવા માટે વધુ નાણા ચૂકવવા પડે છે. તેથી આવો વર્ગ આર્થિક સંકળામણનો ભોગ બને છે.

12.4.2.2.2 મધ્યમ આવક મેળવતો વર્ગ :

મધ્યમ આવક મેળવતા વર્ગ ઉપર ફુગાવાની ગંભીર અસર જોવા મળે છે. આ વર્ગે ધીરે-ધીરે ભેગી કરેલી તમામ બચતો ફુગાવાના સમયમાં વપરાઈ જાય છે. આકસ્મિક ખર્ચને પહોંચી વળવા, બાળકોના ઉછેર તથા અભ્યાસ વગેરે માટે ભેગી કરેલી બચતો ખર્ચાઈ જતાં મધ્યમ વર્ગના લોકો નિરાશ થઈ જાય છે.

12.4.2.2.3 કૃષિ આવક મેળવતો વર્ગ :

કૃષિક્ષેત્રમાંથી આવક મેળવતા વર્ગને ફુગાવાના કારણે ટૂંકાગાળામાં લાભ પ્રાપ્ત થાય છે. જમીન તેમજ ખેતપેદાશોના ભાવોમાં થતા વધારાના કારણે તેમની નાણાંકીય આવકમાં વધારો થાય છે. પરંતુ લાંબાગાળે બધી જ ચીજવસ્તુઓના ભાવોમાં વધારો થતા કૃષિ આધારિત આવક મેળવતા વર્ગની વાસ્તવિક આવકમાં ઘટાડો થતા આ વર્ગને નુકસાન થાય છે.

12.4.2.2.4 લેણદાર વર્ગ :

ફુગાવાના સમય પહેલા લેણદાર વર્ગે જે ધિરાણ કરેલું હોય તે ધિરાણ ફુગાવાના સમયમાં જો પરત મેળવે તો તેનું નાણાંકીય મૂલ્ય અગાઉ કરતાં ઘટી ગયેલું હોવાથી લેણદાર વર્ગને આર્થિક રીતે નુકસાન સહન કરવું પડે છે.

12.4.2.2.5 શ્રમિક વર્ગ :

ફુગાવાના સમય દરમિયાન શ્રમિકોની વાસ્તવિક આવકમાં ઘટાડો થયેલો જોવા મળે છે. પરિણામે આ વર્ગ પોતાની બધી જરૂરિયાતો સંતોષી શકતી નથી અને આર્થિક સંકળામણનો અનુભવ કરે છે. પરિણામે શ્રમિકો વેતન વધારાની માંગણી કરે છે ત્યારે જો વેતનમાં વધારો થાય તો પણ આ વેતન વધારાનો દર ફુગાવાની સાથે તાલ મેળવી શકતો ન હોવાથી શ્રમિકોને ઘણી બધી તકલીફોનો સામનો કરવો પડે છે.

12.4.3 અનૈતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન :

ફુગાવાના કારણે સમાજમાં અનૈતિક પ્રવૃત્તિઓનો વ્યાપ વધવા લાગે છે. વેપારીઓ, ઉત્પાદકો, સટોડીયાઓ વગેરે ચીજવસ્તુઓની કૃત્રિમ રીતે અછત ઊભી કરી તેના કાળાબજાર, ભેળસેળ વગેરે અનૈતિક પ્રવૃત્તિઓ આચરી ધૂમ નફો મેળવે છે. ફુગાવાના કારણે સંગ્રહખોરી અને સટ્ટાકીય પ્રવૃત્તિઓનું વિસ્તરણ થવા પામે છે. ભ્રષ્ટાચાર, ચોરી, લૂંટફાટ વગેરે પ્રવૃત્તિઓના પરિણામે સમાજનું નૈતિક રીતે અધઃપતન થવા લાગે છે.

12.4.4 આવકની વહેંચણી ઉપર અસર :

ફુગાવાના કારણે આર્થિક અસમાનતામાં વધારો થવા લાગે છે. ધનિકો વધુને વધુ નફો મેળવીને ધનવાન બનતા જાય છે તો સામા પક્ષે મધ્યમ અને નીચી આવક મેળવતા વર્ગની હાલત કફોડી બને છે. આથી જ ડૉ.મલ્હોત્રા માને છે કે, "ફુગાવાના કારણે ખૂબ જ ભેદભાવ તેમજ અસમાનતાવાળા વાતાવરણનું સર્જન થાય છે. તેના પરિણામે ગરીબોની

સ્થિતિ અત્યંત દયનીય બનતી જાય છે અને ધનિકો પોતાની મનમાની કરે છે.'' ફુગાવાના કારણે ચીજવસ્તુઓના ભાવોમાં વધારો થવાની સાથેજ ઉત્પાદનના સાધનોના ભાવોમાં વધારો થતો હોતો નથી. આથી ફુગાવાના પરિણામે ભાવવધારાની જે આવકો મળે છે તે ઉત્પાદકો અને વેપારીઓની આવકોમાં અનેકગણો વધારો કરી દે છે. આમ, ફુગાવામાં મુઠ્ઠીભર ધનિકો ગ્રાહકોના ભોગે અઢળક સંપત્તિ એકઠી કરતાં હોય છે અને આવકની અસમાનતામાં વધારો થતો જાય છે. પરિણામે ધનિકો અને ગરીબો વચ્ચેનું અંતર વધતું જાય છે.

12.4.5 રાજકીય વ્યવસ્થા ઉપર અસર :

ફુગાવાને નિયંત્રિત કરવાના હેતુથી સરકાર પ્રજા ઉપર વધુ કરવેરા નાંખી તેમની ખરીદશક્તિમાં ઘટાડો કરે છે. જેનો ઊંચી આવક મેળવતો વર્ગ વિરોધ કરે છે. એટલું જ નહીં, પરંતુ ફુગાવાના સમયમાં શ્રમિકવર્ગ વેતનવધારો મેળવવા માટે તેમજ સામાન્ય પ્રજા ભાવવધારા સામે વિરોધ કરવા હડતાળ, સરઘસ, દેખાવો વગેરે પ્રવૃત્તિઓ આચરી સરકારનો વિરોધ કરે છે. જેના પરિણામે રાજકીય અશાંતિ અને અસ્થિરતા સર્જાય છે. એકંદરે, ફુગાવો સરકાર માટે માથાના દુઃખાવો જેવો બની જાય છે.

ફુગાવાની ઉપર વર્ણવેલ અસરોના અભ્યાસ પરથી એવું કહી શકાય કે ફુગાવો પોતાની સારી માઠી એમ બંને પ્રકારની અસરો પેદા કરે છે. એટલે કે, કેટલાક અંશે ફુગાવો આવશ્યક બને છે તો કેટલાક અંશે તેની વિપરીત અસરો પણ સમાજે સહન કરવી પડે છે.

## 12.5 સારાંશ :

વિદ્યાર્થી મિત્રો, પ્રસ્તુત એકમમાં આપણે જોયું કે, નાણાંની ખરીદશક્તિમાં ઘટાડો થતા ફુગાવાનું સર્જન થાય છે. સામાન્ય રીતે જ્યારે ચીજ વસ્તુઓના ભાવોમાં ઝડપી અને વધુ વધારો થવા લાગે છે ત્યારે તેને આપણે ફુગાવા તરીકે ઓળખીએ છીએ. પરંતુ ઘણી વખત ચીજવસ્તુઓના ભાવોમાં વધારો થયો હોવા છતાં તે ફુગાવો હોતો નથી. ફુગાવાના ઉદ્ભવ માટે અનેક પરિબળો જવાબદાર હોય છે. કેટલાક અર્થશાસ્ત્રીઓએ ફુગાવાને ભાવવધારાની ઘટના માની છે તો અન્ય કેટલાક અર્થશાસ્ત્રીઓ તેને નાણાંકીય ઘટના તરીકે ઓળખાવે છે. આ બંને પ્રકારની માન્યતાનુસાર ફુગાવાની વિવિધ વ્યાખ્યાઓ અંગે આપણે અહીં સમજણ મેળવી. તદુપરાંત, જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ રજૂ કરેલ ફુગાવાની વિવિધ વ્યાખ્યાઓના આધારે તેના લક્ષણોની વિગતે સમજૂતી પણ આપણે મેળવી. ફુગાવાની અર્થતંત્ર ઉપર થતી વિવિધ અસરો અંગે વિગતે સમજણ મેળવી. ફુગાવાની આર્થિકે વિકાસ ઉપર થતી સારી-માઠી અસરો, સમાજના વિવિધ વર્ગો ઉપર થતી અસરો, આવકની વહેચણીની અસરો, રાજકીય વ્યવસ્થા વગેરે ઉપર થતી અસરો વિશે વિગતે માહિતી મેળવી.

## 12.6 ચાવીરૂપ શબ્દો :

1. ફુગાવો : નાણાંની ખરીદશક્તિમાં ઘટાડો થતાં જે પરિસ્થિતિનું સર્જન થાય છે તેને ફુગાવા તરીકે ઓળખવામાં આવે છે.
2. મંદીઃ નાણાંની ખરીદશક્તિમાં સતત વધારો થતાં જે પરિસ્થિતિનું સર્જન થાય છે તેને મંદી તરીકે ઓળખવામાં આવે છે.
3. નાણાંનો પુરવઠો : કોઈ ચોક્કસ સમયે અર્થતંત્રમાં ઉપલબ્ધ કુલ નાણાંના પ્રમાણને નાણાંના પુરવઠા તરીકે ઓળખવામાં આવે છે.
4. નાણાંકીય ફુગાવો : જ્યારે વેપાર ઉદ્યોગની જરૂરિયાત કરતાં નાણાંના પુરવઠામાં વધુ વધારો થવાથી ભાવસપાટીમાં વધારો થાય તેને નાણાંકીય ફુગાવો કહેવામાં આવે છે.

5. ભાવ ફુગાવો : જ્યારે વધતી જતી ભાવસપાટીના પરિણામે નાણાંના પુરવઠામાં ઝડપી વધારો આવશ્યક થાય તેને ભાવ ફુગાવા તરીકે ઓળખવામાં આવે છે.

6. ઘોડાપુર ફુગાવો : જ્યારે નાણાંના પુરવઠામાં કરવામાં આવતો ઝડપી વધારો પણ વધતી જતી ભાવસપાટી સાથે કદમ મિલાવી શકતો નથી ત્યારે તેવી પરિસ્થિતિને ઘોડાપૂર ફુગાવો કહેવામાં આવે છે.

## 12.7 તમારી પ્રગતિ ચકાસો :

(ક) વિસ્તૃત પ્રશ્નો :

1. ફુગાવો એટલે શું ? ફુગાવાની વિવિધ અર્થશાસ્ત્રીઓએ આપેલ વ્યાખ્યાઓ વર્ણવો.
2. ફુગાવાની અર્થતંત્ર પરની વિવિધ અસરો જણાવો.

(ખ) ટૂંકનોંધ :

1. ફુગાવાના લક્ષણો.
2. ફુગાવાની સમાજના વિવિધ વર્ગો ઉપર થતી અસરો.
3. ફુગાવાની આર્થિક વિકાસ ઉપર થતી અસરો.

(ગ) હેતુલક્ષી/ વૈકલ્પિક પ્રશ્નોઃ

1. નીચે પૈકી કયા અર્થશાસ્ત્રીએ નાણાંકીયે ફુગાવા અને ભાવ-ફુગાવા વચ્ચેનો તફાવત સમજાવ્યો છે.

   (ક) પ્રૉ. કેઈન્સ (ખ) પ્રૉ.ફ્રીડમેન

   (ગ) પ્રૉ. પોલ આઇનઝીંગ (ઘ) પ્રૉ.ક્રાઉથર

2. 'જ્યાં સુધી અર્થકારણમાં પૂર્ણરોજગારી પેદા ન થઈ હોય ત્યાં સુધી ભાવોમાં જે વધારો થાય તે ફુગાવો સર્જતો નથી.'- આ વિધાન કોનું છે ?

   (ક) પ્રૉ. કેઈન્સ (ખ) પ્રૉ. ક્રાઉથર

   (ગ) પ્રૉ. કેમરર (ઘ) પ્રૉ. પિગુ

3. નીચે પૈકી કયું લક્ષણ ફુગાવાનું છે ?

   (ક) ફુગાવો એક નાણાંકીય ઘટના છે. (ખ) ફુગાવો એ સ્વયંવિકસિત પ્રક્રિયા છે.

   (ગ) ફુગાવો એ ભાવવધારાની પ્રક્રિયા છે. (ઘ) ઉપરના બધા જ.

4. નીચે પૈકી ફુગાવાની કઇ અસર સારી નથી ?

   (ક) મૂડીરોકાણમાં વધારો (ખ) રોજગારીની તકોમાં વધારો

   (ગ) લેણ-દેણની તુલામાં ખાધ (ઘ) વિદેશી મૂડીરોકાણને પ્રોત્સાહન

5. ફુગાવાના કારણે સમાજના કયા વર્ગને લાભ થાય છે ?

   (ક) મધ્યમ વર્ગ (ખ) ઉત્પાદક અને વેપારી વર્ગ

   (ગ) લેણદાર વર્ગ (ઘ) શ્રમિક વર્ગ

6. નીચે પૈકી સમાજના કયા વર્ગ ઉપર ફુગાવાની માઠી અસર થતી નથી ?

   (ક) બાંધી આવકવાળો વર્ગ (ખ) દેવાદાર વર્ગ

(ગ) મધ્યમ વર્ગ (ઘ) લેણદાર વર્ગ

7. ફુગાવાની અસરો કોની ઉપર થાય છે. ?

(ક) નૈતિક જીવન ઉપર (ખ) રાજકીય વ્યવસ્થા ઉપર

(ગ) આવકની વહેંચણી ઉપર (ઘ) ઉપરના બધા જ

8. ફુગાવાની ધનિકો અને ગરીબો વચ્ચેના અંતર ઉપર શી અસર થાય છે ?

(ક) વધે છે (ખ) ઘટે છે

(ગ) સ્થિર રહે છે (ઘ) એક પણ નહીં

- સંદર્ભ પુસ્તકો :


1. Parmar, B.D. et al. (2008): Samagralakshi Arthshastra, C Jamnadas ni company, Ahmedabad.
2. Joshi, R. C. et al. (2020): Samagralakshi Arthshastra, New Popular Prakashan, Surat
3. Sinh, R. N. (2013): Samashti Arthshastra, Nikhil Publishers and distributors, Agra.
4. Forbes, S et al. (2022): Inflatino: What It Is, Why It's Bad, and How to Fix It, Blackstone Publishing.


- તમારી પ્રગતિ ચકાસોના જવાબોઃ

(ગ) હેતુલક્ષી / વૈકલ્પિક પ્રશ્નોઃ

1. (ગ)
2. (ક)
3. (ઘ)
4. (ગ)
5. (ખ)
6. (ખ)
7. (ઘ)
8. (ક)

# એકમ-13 વ્યાપારચક્રોનું નિયંત્રણ

-: રૂપરેખા :-

13. 0 ઉદ્દેશો
13. 1 પ્રસ્તાવના
13. 2 વ્યાપારચક્રોનાં કારણો અને અસરો
13. 3 વ્યાપારચક્રોનું નિયંત્રણ
13. 4 વ્યાપારચક્રોના નિયંત્રણ માટે કેઈન્સનો અભિગમ
13. 5 વ્યાપારચક્રોનાં નિયંત્રણ અંગે સેમ્યુલસનના વિચારો
13. 6 વ્યાપારચક્રોનાં નિયંત્રણ અંગે હિક્સના વિચારો
13. 7 સારાંશ
13. 8 ચાવીરૂપ શબ્દો
13. 9 તમારી પ્રગતિ ચકાસો :
(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ લખો.
(બ) નીચેના વિષયો ઉપર ટૂંકનોંધ લખો.
(ગ) સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ આપો.
- ઉપયોગી સંદર્ભ વાચન
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 13. 0 ઉદ્દેશો (Objective) :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- અર્થતંત્રમાં વ્યાપારચક્રોની અસરોને ઓળખી શકશો.
- વ્યાપારચક્રોને નિયંત્રણ કરવાનું મહત્ત્વ સમજાવી શકશો.
- વ્યાપારચક્રોનાં નિયંત્રણ બાબતે જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ આપેલા સિદ્ધાંતોની ચર્ચા કરી શકશો.
- વ્યાપારચક્રોના નિયંત્રણ માટે વર્તમાનમાં કયા પ્રકારની નીતિ ઉપયોગી થઈ શકે અને અમલમાં મૂકી શકાય તે અંગે ચર્ચા કરી શકશો.

## 13. 1 પ્રસ્તાવના :

તમે એકમ-10માં વ્યાપારચક્રો વિશે પરિચય મેળવ્યો. વ્યાપારચક્રોનાં લક્ષણો, તબક્કા વગેરેની સમજ કેળવી. જુદાં જુદાં અર્થતંત્રના અનુભવોથી એ સાબિત થયું છે કે વ્યાપારચક્રોની તીવ્રતા અર્થતંત્રને નુકસાન કરે છે. ઘણા લેખકો અને અર્થશાસ્ત્રીઓએ તે માટેના સિદ્ધાંતો પણ રજૂ કર્યા છે. આ એકમમાં આપણે વ્યાપારચક્રનાં કારણો, તેની અસરો અને તેના માટેના જુદા જુદા અર્થશાસ્ત્રીઓની વિચારધારાનો અભ્યાસ કરીશું. આ એકમમાં આપણે કેઈન્સ, હિક્સ તથા સેમ્યુલસનના વ્યાપારચક્ર વિશેના વિચારોનો અભ્યાસ કરીશું.

## 13. 2 વ્યાપારચક્રનાં કારણો અને અસરો :

### 13. 2. 1 વ્યાપારચક્રનાં કારણો :

વ્યાપારચક્રને અંગ્રેજીમાં Trade Cycle કે Business Cycle કહેવાય છે. અર્થતંત્રમાં

આર્થિક પ્રવૃત્તિઓમાં થતા વધારા-ઘટાડાને વ્યાપારચક્રો કહેવામાં આવે છે. આર્થિક પ્રવૃત્તિઓને માત્ર આર્થિક પરિબળો જ નહીં પરંતુ રાજકીય, સામાજિક, મનોવૈજ્ઞાનિક, કુદરતી વગેરે પરિબળો પણ અસર કરે છે. આ પરિબળોથી આર્થિક પ્રવૃત્તિઓમાં તેજી કે મંદી આવે છે, જેને આપણે વ્યાપારચક્રો કે વેપાર ચક્રોથી ઓળખીએ છીએ. વેપાર ચક્રોને અસર કરતાં પરિબળોને બે વિભાગમાં વિભાજીત કરી શકાય : (1) માંગ બાજુનાં પરિબળો અને (2) પુરવઠા બાજુનાં પરિબળો. માંગ બાજુનાં પરિબળોમાં લોકોની વાસ્તવિક આવકમાં થતો ફેરફાર, પ્રજાનો વિશ્વાસ અને ભાવિ અંગેના અંદાજો, નાણાંકીય નીતિ અને વ્યાજદરના ફેરફારો, ગુણક અસર, આંતરરાષ્ટ્રીય સ્તરે વિનિમયદરમાં થતા ફેરફારો, સ્થાવર સંપત્તિના મૂલ્યમાં થતો ફેરફાર વગેરેનો સમાવેશ થાય છે. પુરવઠા બાજુના પરિબળોમાં ટેક્નોલોજીકલ ફેરફારો, ઉત્પાદકતામાં થતા ફેરફાર, વસ્તી (જનસાંખ્યિકી) વિષયક ફેરફારો તથા ઉત્પાદન પ્રક્રિયામાં લાગતો સમય કે ફલનકાળ (gestation period/inventory cycle) વગેરેને ગણાવી શકાય.

વ્યાપારચક્રોનાં કારણરૂપ પરિબળોને હવે આપણે વિસ્તારથી સમજીએ :

(1) વ્યાજદર : વ્યાજના દરમાં થતો ફેરફાર ઉપભોગ ખર્ચ અને મૂડીરોકાણ ખર્ચ ઉપર અસર કરે છે. જો વ્યાજદર ઘટે તો ખર્ચવા પાત્ર રકમમાં વધારો થાય છે. મૂડીરોકાણ ખર્ચ ઘટે છે. તેથી કુલ ખર્ચમાં વધારો થાય છે. આમ, બજારમાં વસ્તુઓ અને સેવાઓ માટેની માંગ વધે છે તથા રોકાણકારો રોકાણ કરવાની સ્થિતિમાં હોવાથી રોજગાર અને ઉત્પાદનમાં પણ વધારો થાય છે. તેનાથી વિરુદ્ધ, વ્યાજદર વધતાં આર્થિક પ્રવૃત્તિઓ મંદ પડે છે.

(2) મકાનોની કિંમતમાં પરિવર્તન : મકાનો કે સ્થાવર સંપત્તિની કિંમતમાં થતો વધારો લોકોના ખર્ચ પ્રત્યેના અભિગમમાં હકારાત્મક અસર સર્જે છે. મકાનોની કિંમતમાં થતો ઘટાડો લોકોને ઓછો ખર્ચ કરવા પ્રેરે છે. એટલે કે લોકોની કુલ સંપત્તિમાં મૂલ્યમાં વધારો થાય તો અર્થતંત્રમાં ખર્ચ વધે છે, જે તેજી તરફ દોરી જાય છે.

(3) ઉપભોક્તાઓનો ધંધા-રોજગાર પ્રત્યેનો વિશ્વાસ : અર્થતંત્રની અન્ય સામાજિક રાજકીય ક્ષેત્રે બનતી ઘટનાઓમાંથી કોઈ એક ખરાબ સમાચાર પ્રજાનો અર્થતંત્રની સ્થિરતા અને ગતિ માટેનો વિશ્વાસ ગુમાવે છે. પરિણામે તેની નકારાત્મક અસર લોકોની ખર્ચવાની આદત ઉપર પડે છે. કોઈ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ઘટના, રાજકીય અસ્થિરતાની બાબત પણ પ્રજાની ખર્ચવાની પ્રવૃત્તિ ઉપર અસર કરે છે. આ સ્થિતિમાંથી જો અર્થતંત્ર બહાર આવી જાય તો પુનઃ પ્રજાનો વિશ્વાસ સંપાદિત કરે છે અને તેજીનું વાતાવરણ ઊભું થાય છે.

(4) ગુણક અસર : ગુણક અસર પ્રમાણે નવાં મૂડીરોકાણમાં થતો ઘટાડો અંતે GDPમાં ઘટાડો કરે છે. ઉદાહરણ તરીકે જો સરકાર દ્વારા જાહેર મૂડીરોકાણમાં ઘટાડો કરવામાં આવે તો કેટલાંક લોકો રોજગાર ગુમાવે છે, જે કુલ માંગમાં ઘટાડો કરે છે. તેવી જ રીતે અર્થતંત્રમાં થતું નવું મૂડીરોકાણ અર્થતંત્રમાં નવી રોજગારી, આવક અને ખર્ચનું હકારાત્મક ચક્ર ઊભું કરે છે.

(5) ગતિવર્ધન અસર : ગતિવર્ધન અસર મુજબ આર્થિક વૃદ્ધિનો દર મૂડીરોકાણ ઉપર અસર કરે છે. જો આર્થિક વૃદ્ધિ દર ઘટે તો ઉત્પાદકો નવું મૂડીરોકાણ કરવા ઈચ્છતા નથી. કારણ કે તેઓ ઉત્પાદન અને વેચાણની અપેક્ષા રાખતા નથી. તેવી જ રીતે ઊંચો આર્થિક વૃદ્ધિ દર ઉત્પાદકોમાં આશા જગાવતો હોવાથી મૂડીરોકાણમાં વધારો થાય છે.

(6) ધિરાણ અને નાણાકીય સવલતો : વિશ્વે વર્ષ 2008માં મંદીનો અનુભવ કર્યો. આ મંદીમાં મુખ્ય કારણ ધિરાણ તથા નાણાકીય સુવિધાઓનો અભાવ હતો, તેમ છતાં વર્ષ 2008 પહેલાં આ મુદ્દાને જોઈએ તેટલું મહત્ત્વ અપાયું ન હતું. નાણાંની પ્રવાહીતા અને શાખપ્રવૃત્તિ આર્થિક વિકાસને પ્રોત્સાહક બને છે. તેમ છતાં બેંકો પાસે ધિરાણ-ભંડોળ ઓછું પડવાને લીધે નાણાં પ્રવાહીતા ઘટી. આ સ્થિતિ મંદીને જન્મ આપે છે. કારણ કે રોકાણ કરનાર વર્ગ મૂડીની માંગ કરે છે પરંતુ તે માટે પુરવઠો ન હોવાથી મૂડીરોકાણ થઈ શકતું નથી.

(7) ટેક્નોલોજીકલ ફેરફારો : વૈજ્ઞાનિક સંશોધનને કારણે ઉત્પાદન પદ્ધતિ (ટેક્નોલોજી)માં ફેરફાર થાય છે. નવી ટેક્નોલોજીથી વધુ ઉત્પાદન કરી શકાય અથવા સાધનોની બચત થાય તો કુલ ઉત્પાદનક્ષમતા વધે છે. જો આ સ્થિતિ શ્રમિકોની બેરોજગારીમાં પરિણમે તો અર્થતંત્ર મંદી તરફ જાય છે. બેરોજગાર શ્રમ જ્યાં સુધી નવી ટેક્નોલોજીથી પરિચિત થઈને રોજગાર મેળવવા પાત્ર બને ત્યાં સુધી તેની પાસે ખર્ચવાપાત્ર આવકના અભાવે અસરકારકર માંગ થશે નહીં. આ સ્થિતિ મંદીને જન્મ આપે છે.

(8) જનસાંખ્યિકી (વસ્તી વિષયક) અસરો : વૈશ્વિક અનુભવ પ્રમાણે વિશ્વની કુલ વસ્તી વધવાનું વલણ ધરાવે છે. જો મોજશોખની વસ્તુઓની માંગમાં વધારો ન થાય તો પણ જીવનજરૂરિયાતની વસ્તુઓની માંગમાં ઘટાડો થતો નથી. આમ, આ પ્રકારની વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરતું ક્ષેત્ર સામાન્ય રીતે મંદીથી ઘેરાતું નથી. જો કે કોઈ વખત લોકોનું એકથી બીજી જગ્યાએ સ્થળાંતર થાય, વ્યવસાય કે શિક્ષણના હેતુથી કે પ્રાકૃતિક આપત્તિઓના હેતુથી તો જ્યાંથી સ્થળાંતર થયું છે ત્યાં ધંધા-રોજગારની પ્રવૃત્તિઓ મંદ પડે છે. તો જ્યાં વસ્તી સ્થળાંતરિત થઈને આવે છે ત્યાં અર્થતંત્ર ગતિ પકડતું હોય છે.

(9) પ્રાકૃતિક અસરો : ગમે તેટલું આધુનિક અર્થતંત્ર હોય અને તેમાં ઉદ્યોગો તથા સેવાક્ષેત્રનો ફાળો મુખ્ય હોય તેમ છતાં અર્થતંત્રનો આધાર ખેતીક્ષેત્ર ઉપર રહેલો છે. કૃષિ માત્ર ખોરાક પૂરો પાડતું ક્ષેત્ર નથી, પરંતુ મોટાભાગના ઉદ્યોગો માટેનો કાચો માલ કૃષિક્ષેત્ર ઉપર આધારિત છે. વળી, ખેડૂતવર્ગની બજારમાંગ પણ ખેતીક્ષેત્રની સફળતા ઉપર આધારિત છે. ટેક્નોલોજીકલ વિકાસ અને વૈજ્ઞાનિક શોધખોળો થઈ હોવા છતાં કૃષિ પાકને અનુરૂપ વાતાવરણ, અન્ય પ્રાકૃતિક આપત્તિઓ વગેરે માનવીનાં સંપૂર્ણ નિયંત્રણથી બહાર છે. આમ, નબળું વર્ષ આર્થિક પ્રવૃત્તિઓને ધીમી પાડે છે.

13.2.2 વ્યાપારચક્રોની અસરો :

વ્યાપારચક્રોની સૌથી મુખ્ય અસર અનિશ્ચિતતા છે. તેજીનો સમયગાળો કે મંદીનો સમયગાળો કેટલો લાંબો રહેશે તે જાણી શકાતું નથી. રાજકોષીય નીતિ અને નાણાકીય નીતિના ઉપયોગથી જો વ્યાપારચક્રને નિયંત્રણમાં લેવાના પ્રયત્નો કરવામાં આવે તો પણ નીતિ નિર્માણ અને તેના અમલ તથા અસર વચ્ચે થોડો સમય લાગે છે. આથી મંદીના સમયમાં રોકાણકારો રોકાણ ખર્ચ તથા સામાન્ય પ્રજા ઉપભોગ ખર્ચ કરતાં ખચકાય છે અને મંદી વધુ તીવ્ર બને છે. તેવી જ રીતે ફુગાવાનાં પરિબળો હોય ત્યારે રોકાણકારો આશાવાદી હોવાથી તેજી/ફુગાવો તીવ્ર બને છે. વ્યાપારચક્રની અસરો નીચે પ્રમાણે નોંધી શકાય :

(i) વણ વપરાયેલાં ઉત્પાદન સાધનો : વ્યાપારચક્રોની અસરોમાંથી મંદીના સમયની

સૌથી ખરાબ અસર એ કહી શકાય કે મંદીના ગાળામાં ઉત્પાદન સાધનો વણ વપરાયેલાં પડ્યાં રહેતાં હોવાથી સ્થિતિ સાધનોના બગાડમાં પરિણમે છે. શ્રમિકો પણ જો લાંબા સમય સુધી બેરોજગાર રહે તો તેઓની ઉત્પાદકતા ઘટે છે. સમય જતાં યંત્રો પણ ઉપયોગમાં લેવાયા વિના પડી રહે તો કામ આપી શકતાં નથી.

(ii) આર્થિક વૃદ્ધિ દરમાં ઘટાડો : મંદીના સમયમાં ઉપભોગ અને રોકાણ ખર્ચ ઘટતો હોવાથી અર્થતંત્રનો વૃદ્ધિદર ઘટે છે.

(iii) બિનકાર્યક્ષમ પેઢીઓ બજારમાંથી નીકળી જાય છે : વેપારચક્રની આ અસર શુમ્પીટર જેવા અર્થશાસ્ત્રીઓ અર્થતંત્ર માટે હકારાત્મક ગણાવે છે. મંદીમાં જે પેઢીઓ પાસે રાહ જોવાની ક્ષમતા (waiting ability) હશે તે પેઢીઓ જ ટકી શકશે. બિનકાર્યક્ષમ પેઢીઓએ બજારમાંથી નીકળી જવું પડશે. આ સ્થિતિને શુમ્પીટર રચનાત્મક વિધ્વંશ (Creative destruction) તરીકે ઓળખાવે છે. બજારમાંથી નીકળી જતી પેઢીઓનાં ઉત્પાદન સાધનો કાર્યક્ષમ પેઢીઓ પાસે આવતાં તેનો યોગ્ય ઉપયોગ થશે.

(iv) મૂડીરોકણમાં ઘટાડો : સામાન્ય રીતે મંદીના ગાળામાં રોકાણ, ઉત્પાદન, રોજગાર, આવક વગેરેમાં ઘટાડો થતો હોય છે. પરંતુ આ જ પ્રકારની અનિશ્ચિતતા તેજીના સમયમાં પણ હોય છે. તેથી તેજી હોવા છતાં પણ કેટલાક રોકાણકારો નવું મૂડીરોકાણ કરતા હોતા નથી, કારણ કે આ પ્રકારની તેજીની સ્થિતિ કેટલો લાંબો સમય ચાલુ રહેશે તે બાબતે અનિશ્ચિતતા હોય છે. જો આ તેજી ટૂંકા ગાળાની હોય તો મંદીના સમયમાં તરત જ પરિણમે અને કરેલું રોકાણ વ્યર્થ જાય. આમ, અનિશ્ચિતતા એ વ્યાપારચક્રોની સૌથી મોટી નકારાત્મક અસર છે.

(v) આયોજકો માટે મુશ્કેલી : અર્થતંત્રમાં વ્યાપારચક્રો ખાનગીક્ષેત્ર માટે જેવી અનિશ્ચિતતા લાવે છે તેવી જ અનિશ્ચિતતા જાહેર ક્ષેત્ર માટે પણ હોય છે. સરકાર અથવા આયોજકો લાંબા ગાળા માટેનું આયોજન કરી શકતા નથી. પરિણામે આર્થિક વિકાસનાં લક્ષ્યાંકો ઉપલબ્ધ સાધનોનું આયોજન અસંભવ બને છે.

(vi) બચત-મૂડીરોકણ જેવાં વાસ્તવિક પરિબળો ઉપરની નકારાત્મક અસર : તેજીના સમયમાં રોજગારીની તકો, આવક વગેરેમાં વધારો થાય છે તેથી લોકોમાં ખર્ચ કરવાની પ્રવૃત્તિ વધે છે. વળી, બીજી બાજુ, ભવિષ્યમાં પણ ભાવો વધવાની સંભાવના હોવાથી વર્તમાનમાં ખર્ચ વધે છે. આ સ્થિતિ પ્રજાને બચત કરતાં રોકે છે. બચત ન થવાથી ભવિષ્યમાં મૂડીની અછતનો સામનો કરવો પડે છે. આમ, વેપારચક્રો અર્થતંત્રનાં વાસ્તવિક ઘટકો ઉપર નકારાત્મક અસર સર્જે છે.

## 13. 3 વ્યાપારચક્રોનું નિયંત્રણ :

આધુનિક અર્થતંત્રો સુવિકસિત છે. ઐતિહાસિક અનુભવોથી ખાનગી પેઢીઓ કે જાહેરક્ષેત્ર તેમની યોજનાઓ ઘડે છે. તેમ છતાં વ્યાપારચક્રોનું નિયંત્રણ માત્ર બજાર આધારિત પરિબળોથી થઈ શકતું નથી. ઊલટાનું આ વ્યાપારચક્રો અનિયંત્રિત રહે તો તેની તીવ્રતા વધારે ઘાતક પરિણામો લાવી શકે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર મુક્ત અર્થતંત્રની વિચારધારા અપનાવતું હોવાથી તેમાં વેપારચક્રોનાં નિયંત્રણ માટેનું કોઈ વ્યવસ્થાતંત્ર કે સિદ્ધાંત જણાતાં નથી. 1929ની વૈશ્વિક મહામંદી આ મુક્ત વિચારધારામાં ફેરફારની જરૂરિયાત લાવી. આ પછી 1936માં પ્રકાશિત થયેલું બ્રિટિશ અર્થશાસ્ત્રી જોહન મેનાર્ડ કેઈન્સ (John Maynard Keynes)નું વિખ્યાત પુસ્તક "જનરલ થિયરી ઓન એમ્પ્લોયમેન્ટ, ઈન્ટરેસ્ટ એન્ડ મની" (General Theory on Employment, Interest and Money) આવ્યું અને તેમાં રાજ્ય એટલે કે જાહેરક્ષેત્રની આ વ્યાપારચક્રોનું નિયંત્રણ કરવામાં સક્રિય ભૂમિકા છે એવી રજૂઆત

કરવામાં આવી. તે પછી કેઈન્સ ઉપરાંત પણ બીજા અર્થશાસ્ત્રીઓએ વ્યાપારચક્રોનાં નિયંત્રણ માટેના સિદ્ધાંતો આપેલા છે, જેમાં અર્થતંત્રનાં ઘટકોના પારસ્પરિક સંબંધો, ક્રિયા અને પ્રતિક્રિયાનાં મોડેલ સાથે સમજૂતી આપી છે. આ એકમમાં હવે આપણે કેઈન્સ, સેમ્યુઅલસન અને હિક્સના વિચારોનો અભ્યાસ વ્યાપારચક્રોના નિયંત્રણ બાબતે કરીશું.

## 13. 4 વ્યાપારચક્રોના નિયંત્રણ માટે કેઈન્સનો અભિગમ :

કેટલાક અર્થશાસ્ત્રીઓના મતે કેઈન્સે વ્યાપારચક્રો માટેનો ખાસ કે વિશેષ અલગથી સિદ્ધાંત આપેલો નથી. પંરતુ તેના લખાણો અને સૈદ્ધાંતિક રજૂઆતને જો અપનાવવામાં આવે તો મહામંદીમાંથી અર્થતંત્રને બચાવી શકાય છે. જો કે અન્ય એક વિચારધારા પ્રમાણે કેઈન્સનાં "જનરલ થિયરી" પુસ્તક પહેલાં વેપારચક્રોનાં કારણો અને તેની પ્રક્રિયા વિશે કોઈ સ્પષ્ટ સમજૂતી આપી શકેલું ન હતું. આમ, કેઈન્સની પદ્ધતિસરની રજૂઆત તથા જાહેરક્ષેત્રની સક્રિય ભૂમિકાની સૌ પ્રથમ રજૂઆત મહત્ત્વની ગણી શકાય.

જે. એમ. કેઈન્સ (John Maynard Keynes) (1883-1946) બ્રિટીશ અર્થશાસ્ત્રી હતા. કેઈન્સ વ્યાપારચક્રોના ચડાવ-ઉતાર કે આર્થિક પ્રવૃત્તિઓ માટે "અસરકારક માંગ" કે "કુલ માંગ"ને મહત્ત્વનું પરિબળ માને છે. આ કુલ માંગ ઉપભોકતાઓ દ્વારા થતી વસ્તુ અને સેવાઓની માંગ તથા ઉત્પાદકો દ્વારા થતી સાધનોની માંગથી બનેલી હોય છે. કેઈન્સના મતે ઉપભોકતાઓ દ્વારા થતી માંગ મોટાભાગે સ્થિર હોય છે કે તેમાં બહુ ઝાઝો વધારો કે ઘટાડો થતો નથી. આથી અર્થતંત્રમાં નવાં મૂડીરોકાણ, રોજગાર વગેરે ઉપર અસર કરવા માટે ઉત્પાદકો દ્વારા કરવામાં આવતી સાધનોની માંગ મહત્ત્વની બને છે. જો સાધનોની માંગ થાય તો અર્થતંત્રમાં નવી રોજગારી, આવક અને ઉત્પાદનનું તેજીનું ચક્ર શરૂ થાય છે. તેનાથી ઊલટું જો સાધનોની માંગ ઓછી થાય તો અર્થતંત્રમાં ઉત્પાદન, આવક અને રોજગારી ઓછી થતાં મંદીનું ચક્ર શરૂ થાય છે.

હવે, ઉત્પાદકો દ્વારા થતી આ પ્રકારની માંગ જે મૂળ અસરકારક માંગ કહી શકાય તેનો આધાર બે બાબતો ઉપર છે : (1) વ્યાજના દર અને (2) મૂડીની સીમાંત કાર્યક્ષમતા. જો કે વ્યાજના દર નીચા હોય તેમ છતાં મૂડીની સીમાંત કાર્યક્ષમતા નીચી હોય તો મૂડીરોકાણકારો નવું મૂડીરોકાણ કરતાં ખચકાશે.

મૂડીની સીમાંત કાર્યક્ષમતા એટલે નવાં મૂડીરોકાણથી થનારા નફા અંગેની અપેક્ષા, બીજા શબ્દોમાં એ અપેક્ષિત નફો છે. એટલે કે, જો મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઊંચી હોય એટલે કે નફો મળવાની અપેક્ષા હોય તો મૂડીરોકાણકારો ઊંચા વ્યાજદરે પણ મૂડી ઉછીની લેઈને નવું રોકાણ કરશે. નવાં રોકાણથી અર્થતંત્રમાં રોજગારીની તકો, ઉત્પાદન અને આવક વધશે, બજારમાં માંગનું પ્રમાણ પણ વધશે. પણ જો મૂડીની કાર્યક્ષમતા એટલે કે નફા માટેની અપેક્ષા ઓછી હશે તો નવું મૂડીરોકાણ નહીં થાય. આમ, તેજી કે મંદીની સ્થિતિ જો અનિયંત્રિત રહે તો તેની અસરો વધારે તીવ્ર બનશે. ફુગાવો પણ વધારે તીવ્ર બને અથવા મંદી પણ વધારે તીવ્ર બને.

અહીં, કેઈન્સ ફુગાવાના ઉપાય તરીકે જાહેરક્ષેત્રમાં હસ્તક્ષેપ મહત્ત્વનો ગણે છે. કેઈન્સના અભિપ્રાય પ્રમાણે કેટલાંક સમય પછી વ્યાપારચક્રો સ્વયં સ્થિરતા તરફ જાય છે. પરંતુ આ સ્થિરતા કેટલા સમય પછી આવશે તે બાબતે અનિશ્ચિતતા રહેતી હોય છે, વળી તેની નકારાત્મક અસરો પણ આ દરમ્યાન ઊભી થતી હોય છે. આથી સરકાર દ્વારા તટસ્થ રાજકોષીય નીતિને બદલે હેતુપૂર્વક વ્યાપારચક્રોને નિયંત્રિત કરે તેવી રાજકોષીય નીતિનું ઘડતર કરવું જોઈએ.

આધુનિક સમયમાં પણ જાહેરનીતિનું આ રીતે નિર્માણ કરવામાં આવતું હોય છે.

## 13. 5 વ્યાપારચક્રોનાં નિયંત્રણ અંગે સેમ્યુલસનના વિચારો :

પી.એ. સેમ્યુઅલસન (Paul Anthony Samuelson) (1915-2009) અમેરિકન અર્થશાસ્ત્રી હતા. તેઓનું સૈદ્ધાંતિક અર્થશાસ્ત્રીય બાબતોની સમજૂતી આપવામાં મહત્ત્વનું યોગદાન રહ્યું છે. 1970માં તેઓને નોબેલ પ્રાઈઝથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સેમ્યુલસન વ્યાપારચક્રો માટે ગુણક અને ગતિવર્ધનની અસરોને મુખ્ય કારણરૂપ માને છે. આમ, સેમ્યુલસન કેઈન્સીયન વિભાનાઓને જ આધારરૂપ લઈને તેમના વિચારો સમજાવે છે. જો કે સેમ્યુલસન જાહેરક્ષેત્રને કે તેના દ્વારા થતા જાહેર ખર્ચને તટસ્થ માને છે. આમ, જ્યાં કેઈન્સ વેપારચક્રોનાં નિયંત્રણ માટે જાહેરક્ષેત્રની સક્રિયતાની જ મુખ્ય ભૂમિકા માને છે ત્યારે સેમ્યુલસન આ પરિબળને તટસ્થ રાખીને સીમાંત ઉપભોગવૃત્તિ અને મૂડી ઉત્પાદન ગુણોત્તરને મહત્ત્વના માને છે. હવે, આપણે સેમ્યુલસને સમજાવેલી વ્યાપારચક્રોની ગતિને સમજીએ :

સેમ્યુલસનના સમયનાં કોઈ એક બિંદુએ થયેલું સ્વતંત્ર રોકાણ ($\Delta Ia$) તેની અસરરૂપે આવકમાં વધારો કરે છે. આવકમાં આ વધારો થયેલાં રોકાણ કરતાં અનેકગણો હોય છે. પ્રતિક્રિયા રૂપે આવકમાં થયેલો વધારો નવાં રોકાણને ઉત્તેજન આપે છે, જે ગતિવર્ધનની અસર છે. માત્ર ગુણક અસર વેપારચક્રો સર્જવામાં એટલી સક્ષમ રહેતી નથી. કારણ કે, આવકમાં થતો વધારો અર્થતંત્રમાં નવી માંગ લઈ આવશે. આ માંગ પ્રમાણે ઉત્પાદન કરવા માટે નવું મૂડીરોકાણ કરવું પડશે. આમ, આ વિચારધારા પ્રમાણે મૂડીરોકાણ અને આવક પારસ્પરિક અસરો સર્જે છે.

ખાનગીક્ષેત્ર આધારિત મુક્ત અર્થતંત્રમાં રોકાણની અસ્થિરતા જ વેપારચક્રો જન્માવવામાં મુખ્ય પરિબળ હોય છે. આ અસ્થિરતાની તીવ્રતા કેટલી હશે એટલે કે ફુગાવો કે મંદી કેટલાં તીવ્ર રહેશે તેનો આધાર સીમાંત ઉપભોગવૃત્તિ અને મૂડી-ઉત્પાદન ગુણોત્તર ઉપર રહેલો છે.

ગુણક અને ગતિવર્ધન વચ્ચેની આંતરક્રિયા આપણે એક ગાણિતીક મોડેલથી રજૂ કરીએ તો,

$$Yt = Ct + It \quad ......................(i)$$

$$Ct = Ca + c(Yt\text{-}1) \quad ...............(ii)$$

$$It = Ia + V(Yt\text{-}1\text{-}Yt\text{-}2) \quad ........(iii)$$

સમીકરણ (i) અનુસાર Yt એટલે એક સમયની આવકનો આધાર ઉપભોગ અને રોકાણ ઉપર છે. સમીકરણ (ii) પ્રમાણે રોકણ મુખ્યત્વે સ્વતંત્ર ઉપભોગખર્ચ (જેને આપણે અમુક ફરજિયાત કરવા પડતા ખર્ચા તરીકે પણ ઓળખી શકીએ) એટલે કે અન્ય કોઈ બાહ્ય ઉત્તેજક પરિબળ ન પણ હોય તેમ છતાં આ લઘુત્તમ ખર્ચ તો થાય જ છે. જેમ કે લોકોનો ખોરાક પાછળનો પ્રાથમિક ખર્ચ, જે અર્થથંત્રને મંદીની સ્થિતિમાંથી બહાર લાવવામાં મુખ્ય અસર કરે છે અને c(Small letter c) સીમાંત ઉપભોગવૃત્તિ ઉપર આધાર રાખે છે. મૂડીની સીમાંત કાર્યક્ષમતા Yt-1 એટલે કે અગાઉની આવક ઉપર આધારિત છે. સમીકરણ (iii) મુજબ It એટલે કે કોઈ એક સમયનું રોકાણ Ya સ્વતંત્ર રોકાણ, મૂડી-ઉત્પાદન ગુણોત્તર (v) તથા સીમાંત ઉપભોગવૃત્તિ ઉપર આધાર રાખે છે.

અર્થાત્ કોઈપણ ઉત્પાદકને સ્વતંત્ર રીતે નવું રોકાણ કરવાનું પ્રોત્સાહન ત્યારે જ મળે કે જ્યારે લોકોની સીમાંત ઉપભોગવૃત્તિ ઊંચી હોય તથા મૂડી ઉત્પાદન ગુણોત્તર નીચો હોય. એટલે કે ઓછી મૂડીએ પણ વધારે ઉત્પાદન કરી શકાતું હોય.

આગળ આપેલ સમીકરણ (ii) પ્રમાણે સીમાંત ઉપભોગવૃત્તિ માત્ર ચાલુ આવક

નહીં પરંતુ $Y_{t-1}$ એટલે કે અગાઉની આવક ઉપર પણ આધાર રાખે છે. આમ, આવક અને ખર્ચ વચ્ચે કેટલોક સમયગાળો પસાર થાય તેવી શક્યતા છે. આ સમયગાળો જેટલો લાંબો તેટલું નવું રોકાણ કરવા માટે ઉત્પાદકોને પ્રોત્સાહન મોડું મળે, જેને કારણે મંદીનો ગાળો લંબાવાની શક્યતા હોય છે.

અવલોકન :

સેમ્યુલસનના વિચારોનો અભ્યાસ કરતાં જણાય છે કે સેમ્યુઅલસને વ્યાપારચક્રોનાં નિયંત્રણ માટે કેઈન્સની જેમ કોઈ સ્પષ્ટ ઉપાય જણાવેલ નથી. પરંતુ સેમ્યુલસનનાં મોડેલ પ્રમાણે વ્યાપારચક્રોનો વૃદ્ધિપથ અગાઉથી જાણી શકાય છે. જો આ રીતે વ્યાપારચક્રોનો વૃદ્ધિપથ અગાઉથી જાણી શકાતો હોય તો તે અનુસાર ઉત્પાદકો તેમના રોકાણ અંગે આયોજન કરી શકે તેવી અહીં ધારણા અભિપ્રેત છે.

## 13. 6 વ્યાપારચક્રોના નિયંત્રણ અંગે હિક્સના વિચારો :

જે.આર. હિક્સ (Sir John Richards Hicks) (1904-1989) બ્રિટીશ અર્થશાસ્ત્રી હતા. વ્યાપારચક્રો વિશે તેઓએ તેમનાં પુસ્તક "A Contribution to the Theory of the Trade Cycle."માં સિદ્ધાંત આપેલો છે. હિક્સના વ્યાપારચક્રો અંગેના સિદ્ધાંતમાં હેરોડના વૃદ્ધિ મોડેલ આધારિત અર્થતંત્રની પૂર્ણક્ષમતાએ રહેતા વૃદ્ધિ દર (GW=Warranted Growth)ની સમજૂતી આપે છે. તે ઉપરાંત અન્ય ઘટકો તરીકે ઉપભોગ વિધેય, સ્વતંત્ર રોકાણ તથા પ્રેરિત રોકાણ વિધેય તેમજ ગુણક અને ગતિવર્ધનની આંતરક્રિયાને લીધાં છે.

હેરોડનાં વૃદ્ધિ મોડેલ મુજબનો અર્થતંત્રનો વૃદ્ધિદર એ અર્થતંત્રની પૂર્ણ ક્ષમતાએ રહે તો એવો વૃદ્ધિદર છે જ્યાં અર્થતંત્ર સ્વયંસંચાલિત તબક્કામાં હોય છે. સ્વતંત્ર રોકાણ અન્ય પરિબળોમાં થતાં ફેરફારોથી સ્વતંત્ર હોય છે, જે વર્તમાન કે તાત્કાલિક રોકાણ માટેની તકો અનુસાર નહીં પરંતુ લાંબા ગાળાના વૃદ્ધિ દરને અનુસરે છે.

ઉપભોગ વિધેય $Ct = aYt\text{-}1$ માં લોકોની ઉપભોગવૃત્તિ માત્ર ચાલુ આવકને આધારે નહીં પરંતુ અગાઉની આવકને પણ ધ્યાનમાં લઈને નક્કી થતી હોય છે.

પ્રેરિક રોકાણ ઉત્પાદન સ્તરમાં થતા ફેરફારોથી અસર પામે છે. તેથી તે અર્થતંત્રના વૃદ્ધિદર ઉપર આધાર રાખે છે.

હિક્સ ગુણક અને ગતિવર્ધનનું મૂલ્ય સ્થિર ધારે છે. ઉપરાંત મૂડીઉત્પાદન ગુણોત્તરને સરેરાશ જેટલો ધારે છે, જે એકમ કરતાં વધુ હોય છે (>1). આથી કુલ રોકાણ શૂન્યથી ઓછું થતું નથી. આમ, અર્થતંત્રમાં લઘુત્તમ રોકાણ તથા પૂર્ણક્ષમતાએ થતાં રોકાણની બે મર્યાદાઓ રહેતી હોય છે, જેની વચ્ચે વ્યાપારચક્રોના વળાંકબિંદુઓ રહેતાં હોય છે. હિક્સનું વ્યાપારચક્રનું મોડેલ આપણે એક આકૃતિની મદદથી સમજીએ.



આકૃતિમાં OY રેખા ઉપર ઉત્પાદન અને રોકાણ થતા OX રેખા ઉપર સમય બતાવેલ છે.

AA રેખા સ્વતંત્ર રોકાણ બતાવે છે, જે સ્થિર દરે થાય છે.

EE રેખા AA રેખાના સંદર્ભે સમતુલાનાં ઉત્પાદનનો પથ દર્શાવે છે, જે ગુણક અને ગતિવર્ધનની આંતરક્રિયાથી મળે છે.

FF પૂર્ણ રોજગારીની મહત્તમ સપાટીએ મળતી સમતુલાની સ્થિતિ છે. આ રેખા પણ AA રેખાને અનુલક્ષીને વૃદ્ધિ પામે છે.

LL રેખા લઘુત્તમ રોકાણસ્તર બતાવે છે.

ધારો કે, અર્થતંત્ર a બિંદુ ઉપર છે અને અર્થતંત્રમાં સ્વતંત્ર રોકાણથી ઉર્ધ્વગતિ આવે છે. આ સ્વતંત્ર રોકાણ માટે હિક્સ ટેક્નોલોજીકલ ફેરફારો, વસ્તીવધારો વગેરેને મહત્ત્વનાં પરિબળો કહે છે. આ તેજીથી અર્થતંત્ર a બિંદુથી b બિંદુ તરફ ગતિ કરે છે. આ aથી bની ગતિ ગુણક અને ગતિવર્ધનની આંતરક્રિયાઓને આભારી છે. પરંતુ આ ઉપર તરફની ગતિ પૂર્ણ રોજગારીની સપાટી દ્વારા રોકાશે. જે આકૃતિમાં FF રેખાથી દર્શાવવામાં આવેલું છે. આ સ્થિતિએ પુરવઠા બાજુની મર્યાદાઓને કારણે ઉપર તરફની ગતિને અવરોધ લાગે છે અને અર્થતંત્ર બિંદુ b થી બિંદુ c સુધી સ્થિર દરે આગળ વધે છે. આ નવાં રોકાણમાં લાગતો સમયગાળો છે. અહીં અગાઉના સમય કરતાં આવકનું પ્રમાણ ઓછું હોવાથી રોકાણમાં ઘટાડો થાય છે. અહીં નીચે તરફ અર્થતંત્રની ગતિ શરૂ થાય છે.

હિક્સના સિદ્ધાંત અનુસાર જ્યારે અર્થતંત્ર નીચે તરફ ગતિ કરે છે ત્યારે ગુણક અને ગતિવર્ધનની આંતરક્રિયા તીવ્ર અસર કરે છે અને મંદી તરફની ગતિ વધારે તીવ્ર રહે છે. જે c થી d અને e બિંદુ તરફનો રેખાનો ઢાળ જણાવે છે. આ સમયે થતી આવક પહેલાંની આવક કરતાં ઓછી હોય છે તેથી રોકાણ પણ ઓછું થાય છે. અહીં જો વધારાની ઉત્પાદન ક્ષમતા અર્થતંત્રમાં હોય તો અર્થતંત્રમાં મંદી હજી પણ ચાલુ રહેવાનું વલણ ધરાવે છે અને અર્થતંત્ર બિંદુ e થી બિંદુ f સુધી ગતિ કરે છે. આ તબક્કે બધાં જ સાધનો અને ઉત્પાદનનો ઉપયોગ થઈ ગયા પછી અર્થતંત્રમાં સ્વતંત્ર લઘુત્તમ રોકાણ થવાનો તબક્કો આવે છે અને અર્થતંત્ર બિંદુ f થી બિંદુ g તરફ ગતિ કરવાનું શરૂ કરે છે.

સમીક્ષા :

હિક્સના સિદ્ધાંતની પણ કેટલીક મર્યાદાઓ દર્શાવવામાં આવી છે. જેમાં, હિક્સ દ્વારા સાધનોની અછતને મંદીનાં કારણ તરીકે બતાવવામાં આવેલ છે. તેની ડ્યુસેનબેરી (Duesenberry) દ્વારા ટીકા કરવામાં આવી છે. વળી સ્વતંત્ર રોકાણ મંદીના ગાળામાં સતત વધતું રહીને અર્થતંત્રને સુધારાની સ્થિતિમાં લાવે તે પણ શક્યતા નથી.

આ સિદ્ધાંત પૂર્ણ રોજગારીની સ્થિતિને ટોચની મર્યાદા તરીકે બતાવે છે. પરંતુ વાસ્તવમાં પૂર્ણ રોજગારીની સ્થિતિ પછી જ માંગ હોય અને સાધનો ન હોય ત્યારે ઓછાં ઉત્પાદનની સ્થિતિએ ભાવોમાં વધારો અનુભવાય છે, નહીં કે મંદી તરફ ગતિ.

જો કે આ મર્યાદાઓ છતાં હિક્સના સિદ્ધાંતથી વ્યાપારચક્રોના ચડાવ-ઉતારના વળાંક બિંદુઓ (Turning Point) જાણી શકાય છે. તેમ છતાં હિક્સના સિદ્ધાંતથી વ્યાપારચક્રોની નકારાત્મક અસરોના ઉપાય સ્પષ્ટ જણાતા નથી અને સ્વતંત્રરોકાણ જ મુખ્ય ભાગ ભજવતું જણાય છે.

## 13.7 સારાંશ :

- આ એકમમાં વ્યાપારચક્રોનાં કારણો અને અસરોની ચર્ચા કરવામાં આવી.
- ઉત્પાદકોનો ધંધા-રોજગારમાંથી મળનારા નફા અંગેનો વિશ્વાસ, વાસ્તવિક સંપત્તિનું મૂલ્ય, ગુણક અને ગતિવર્ધનની પારસ્પરિક અસરો, ટેક્નોલોજીકલ ફેરફાર વગેરે મુખ્ય કારણો વ્યાપારચક્રો માટે જવાબદાર બને છે.
- વ્યાપારચક્રોમાં તેજી અને મંદીના સમયગાળાની જુદી જુદી અસરો થતી હોય છે. જેમાં આર્થિકવૃદ્ધિ દરમાં ઘટાડો, અનિશ્ચિતતા, બચત-મૂડીરોકાણ જેવાં પરિબળો ઉપર નકારાત્મક અસર થાય છે. તો તેજીના સમયમાં અર્થતંત્રમાં ઉત્સાહ પ્રવર્તમાન હોય છે. મંદીના સમયમાં બિનકાર્યક્ષમ પેઢીઓ બજારમાંથી બહાર નીકળી જતી હોવાથી ઉત્પાદન સાધનોની વધારે કાર્યક્ષમ રીતે પુનઃફાળવણી થઈ શકે છે.
- વ્યાપારચક્રોનાં કારણો, તીવ્રતા, સમયગાળા, તબક્કા વગેરે બાબતે જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ તેમના સિદ્ધાંતો આપેલા છે.
- કેઈન્સ દ્વારા સૌ પ્રથમવાર વ્યાપારચક્રની પદ્ધતિસરની રજૂઆત કરવામાં આવી તથા જાહેરક્ષેત્રની સક્રિયતા તેના ઉપાય તરીકે જણાવી. આમ, કેઈન્સનું આ યોગદાન આજ સુધી સૌથી મહત્ત્વનું યોગદાન કહી શકાય.
- કેઈન્સની જેમ જ સેમ્યુલસન અને હિક્સ વ્યાપારચક્રો માટે ગુણક અને ગતિવર્ધનનાં પરિબળોની આંતરક્રિયાને મહત્ત્વનાં કારણરૂપ ગણાવે છે. જો કે સેમ્યુલસન જાહેરક્ષેત્ર દ્વારા થતાં મૂડીરોકાણને તટસ્થ બતાવીને સીમાંત ઉપભોગવૃત્તિ અને મૂડી-ઉત્પાદન ગુણોત્તરને વ્યાપારચક્ર માટે પ્રેરક પરિબળ તરીકે રજૂ કરે છે. સેમ્યુલસનના મોડેલનો અભ્યાસ કરવાથી વ્યાપારચક્રોના તબક્કા અંગે અગાઉથી જાણી શકાય છે.
- હિક્સના સિદ્ધાંતથી વ્યાપારચક્રોના ચડાવ-ઉતારના વળાંકબિંદુઓ જાણી શકાય છે.

## 13.8 ચાવીરૂપ શબ્દો :

- મૂડીની સીમાંત કાર્યક્ષમતા (Marginal Efficiency of Capital) : મૂડીની સીમાંત કાર્યક્ષમતા એ સંપત્તિ કે મૂડીના રોકાણથી થતા અપેક્ષિત નફાનો દર છે. જ્યારે ઉત્પાદક મૂડીરોકાણ કરે છે ત્યારે તેમાંથી કેટલો નફો થઈ શકે તેની અપેક્ષા રાખે છે તે અપેક્ષિત નફાનો દર એ મૂડીની સીમાંત કાર્યક્ષમતા છે. વાસ્તવિક નફો કે નફાનો દર મૂડીની સીમાંત કાર્યક્ષમતાથી જુદો હોઈ શકે છે.
- ગુણક (Multiplier) : કુલ રોકાણથી કુલ આવકમાં જે ફેરફાર થાય, એટલે કે રોકાણની આવક અને રોજગારી ઉપર જે અસર થાય તેને ગુણક કહેવામાં આવે છે.
- ગતિવર્ધન (Accelerator) : ઉપભોગખર્ચમાં થતા ફેરફારની રોકાણ ઉપર થતી અસરને અર્થશાસ્ત્રમાં ગતિવર્ધન અસર કહે છે.
- ફલનકાળ (Inventory Cycle) : ઉત્પાદન પ્રક્રિયાથી લઈને ઉત્પાદન ઉપભોક્તા સુધી પહોંચે તે પ્રક્રિયામાં લાગતો સમયગાળો એ ફલનકાળ કહેવાય છે.
- સીમાંત ઉપભોગવૃત્તિ (Marginal Propensiti to Consume) : કુલ આવકમાં થતાં ફેરફારથી કુલ ખર્ચમાં જે ફેરફાર થાય તેને સીમાંત ઉપભોગવૃત્તિ કહેવાય છે. સંજ્ઞામાં તેને $MPC = \frac{\Delta C}{\Delta Y}$ તરીકે બતાવાય છે. $\Delta C$ એ ખર્ચમાં થતો ફેરફાર છે તથા $\Delta Y$ આવકમાં થતો ફેરફાર છે.

- મૂડી ઉત્પાદન ગુણોત્તર (Capital-Output Ratio) : પેઢીમાં કે સમગ્ર અર્થતંત્રમાં થતાં રોકાણનું સ્તર અને તેને પરિણામે કુલ આવક કે GDPમાં થતા વધારાને મૂડી-ઉત્પાદન ગુણોત્તર તરીકે ઓળખવામાં આવે છે. અમુક નિશ્ચિત આવક મેળવવા માટે જરૂરી મૂડીનાં પ્રમાણને મૂડી-ઉત્પાદન ગુણોત્તર કહેવામાં આવે છે. ધારો કે, અર્થતંત્રમાં 8% ના દરે આવકવૃદ્ધિ કરવા માટે GDP ના 32% મૂડીરોકાણ જરૂરી હોય, તો 32/8=4 તેથી મૂડી-ઉત્પાદન ગુણોત્તર 4 મળે છે. નીચો મૂડી-ઉત્પાદન ગુણોત્તર મૂડી અને ટેક્નોલોજીની ઊંચી ઉત્પાદનક્ષમતા દર્શાવે છે.

## 13.9 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારપૂર્વક લખો :

1. વેપારચક્રો એટલે શું ? વેપારચક્રોનાં કારણો અને અસરો લખો.
2. વેપારચક્રો માટેના સિદ્ધાંતોમાં કેઈન્સ અને સેમ્યુલસનના સિદ્ધાંતોની તુલનાત્મક સમજૂતી આપો.
3. વેપારચક્રો અંગેના સિદ્ધાંતોમાં કેઈન્સ, સેમ્યુલસન તથા હિક્સના સિદ્ધાંતોમાં રહેલી સમાનતા અને ભિન્નતાના મુદ્દાઓ લખો.

**(ખ) નીચેના વિષયો ઉપર ટૂંકનોંધ લખો.**

1. ગુણક અને ગતિવર્ધનની વેપારચક્રો ઉપર અસર.
2. વ્યાપારચક્રનાં કારણો.
3. વ્યાપારચક્રોની અસરો.

(ગ) નીચેના પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરો :

1. મંદીના સમયમાં બિનકાર્યક્ષમ પેઢીઓ બજારમાંથી બહાર નીકળી જાય તેને શુમ્પીટર કેવી અસર તરીકે ઓળખાવે છે ?

   (અ) નકારાત્મક (બ) હકારાત્મક

   (ક) રચનાત્મક વિધ્વંશ (ડ) અસ્થિર

2. વ્યાપાચક્રોની સૌથી મોટી નકારાત્મક અસર શું છે ?

   (અ) ભાવવધારો (બ) અનિશ્ચિતતા

   (ક) બેરોજગારી (ડ) આપેલામાંથી એકપણ નહીં

3. કયા અર્થશાસ્ત્રી વ્યાપારચક્રોનાં નિયંત્રણ માટે સરકારની ભૂમિકા મહત્ત્વની ગણે છે ?

   (અ) કેઈન્સ (બ) હિક્સ

   (ક) સેમ્યુલસન (ડ) એડમ સ્મિથ

4. કેઈન્સ વ્યાપારચક્રોના ચડાવ-ઉતાર માટે કયું પરિબળ વધારે જવાબદાર માને છે ?

   (અ) નાણું (બ) વિદેશ વેપાર

   (ક) સાક્ષરતા (ડ) અસરકારક માંગ

5. ફુગાવાનાં નિયંત્રણ માટે કેઈન્સ કેવા પ્રકારની રોજકોષીય નીતિની હિમાયત કરે છે ?

   (અ) તટસ્થ (બ) હેતુપૂર્વકની

   (ક) પ્રજાલક્ષી (ડ) આપેલા તમામ

13. કયા અર્થશાસ્ત્રીને 1970માં નોબેલ પ્રાઈઝથી સન્માનિત કરવામાં આવ્યા હતા ?

(અ) કેઈન્સ (બ) હિક્સ

(ક) પી.એ. સેમ્યુલસન (ડ) શુમ્પીટર

7. સેમ્યુલસન વ્યાપારચક્રો માટે કઈ અસરોને મુખ્ય કારણરૂપ માને છે ?

(અ) ગુણક અને ગતિવર્ધન (બ) જાહેરખર્ચ

(ક) અસરકારક માંગ (ડ) વસ્તીવધારો

8. "A Contribution of the theory of Trade Cycles" પુસ્તક કોણે લખ્યું છે ?

(અ) કેઈન્સ (બ) હિક્સ

(ક) સેમ્યુલસન (ડ) ડુસેનબેરી

- તમારી પ્રગતિ ચકાસો (ગ)ના જવાબો :

(1) રચનાત્મક વિધ્વંશ

(2) અનિશ્ચિતતા

(3) કેઈન્સ

(4) અસરકારક માંગ

(5) હેતુપૂર્વકની

(6) પી.એ. સેમ્યુલસન

(7) ગુણક અને ગતિવર્ધન

(8) હિક્સ

- સંદર્ભ :

www.economicsdiscussion.net/circular.flow/circuar-flow-of-income-2-sector-3-sector-4sector-economy/1020>

# એકમ-14 નાણાંકીય મધ્યસ્થીઓ-I
## (મધ્યસ્થ બેન્કનાં કાર્યો અને સાધનો)

-: રૂપરેખા :-


14. 0 ઉદ્દેશ

14. 1 પ્રસ્તાવના

14. 2 બેન્ક શબ્દનો અર્થ વ્યાપારી બેન્કની વ્યાખ્યાઓ

14. 3 નાણાંકીય મધ્યસ્થ તરીકે મધ્યસ્થ બેન્કનો અર્થ અને પરિચય

14. 4 મધ્યસ્થ બેન્કનાં કાર્યો (વિગતે)

14. 5 નાણાંકીય નીતિનો અર્થ, વ્યાખ્યા અને તેનાં ઘટકો

14. 6 નાણાંકીય નીતિનાં ઘટકોનો/સાધનોનો પરિચય

14. 6. 1 સામાન્ય શાખનિયમનનાં સાધનો

14. 6. 1. 1 બેન્કદરની નીતિ

14. 6. 1. 2 રોકડ અનામતના પ્રમાણમાં ફેરફારની નીતિ

14. 6. 1. 3 ખુલ્લા બજારની નીતિ

14. 6. 1. 4 કાયદા માન્ય પ્રવાહિતાનો દર (SLR) (STATURORY LIQUIDITY RATIO)

14. 6. 2 ગુણાત્મક શાખનિયમનના સાધનો

14. 6. 2. 1 શાખની માંપબંધી

14. 6. 2. 2 ઋણની મર્યાદામાં ફેરફાર

14. 6. 2. 3 શાખ પ્રચાર પર નિયમન

14. 6 . 2. 4 સીધાં પગલાં

14. 6. 3 નૈતિક સમજાવટ

14. 7 સારાંશ

14. 8 ચાવીરૂપ શબ્દો / શબ્દાવલી

14. 9 તમારી પ્રગતિ ચકાસો

14. 9 (ક) વિસ્તૃત જવાબના પ્રશ્નો

14. 9 (ખ) ટૂંકનોંધ

14. 9 (ગ) હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો

14. 9 (ગ) હેતુલક્ષી પ્રશ્નોના જવાબ

• ઉપયોગી સંદર્ભ વાંચન


---

**14. 0 ઉદ્દેશ**

---

આ પ્રકરણનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓને નીચેની બાબતોને સમજવાની ક્ષમતા કેળવાશે.

- ભારતીય તમામ બેન્કિંગ વ્યવસ્થા અંગેનો પરિચય જાણવા મળશે.
- દેશની મધ્યસ્થ બેન્કનો ઇતિહાસ, તેની સ્થાપના વિશેની માહિતી મળશે.
- આ ઉપરાંત મધ્યસ્થ બેન્કનાં કાર્યો અંગે વાકેફ થશે.
- આ પ્રકરણના અભ્યાસ દ્વારા દેશની નાણાંકીય નીતિનો ખ્યાલ આવશે તથા બેન્કિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલા વિવિધ વ્યાજના દર વિશેનો પરિચય કેળવાશે.
- નાણાંના પુરવઠાને નિયંત્રણમાં લેવા માટે મધ્યસ્થ બેન્ક દ્વારા લેવાતાં પગલાંની માહિતી મળશે.
- આમ, આ પ્રકરણના અભ્યાસ પાછળનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને ભારતીય મધ્યસ્થ બેન્ક વિશે સમગ્ર માહિતી પ્રાપ્ત થશે તે છે.

## 14. 1 પ્રસ્તાવના :

આર્થિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલી એક વિશિષ્ટ સંસ્થા હોય તો તે બેન્ક છે. આધુનિક સમયમાં થયેલા ધંધા અને વ્યાપારના વિકાસ માટેના મુખ્ય કારણમાં બેન્કોનો થયેલો વિકાસ છે. ભારતમાં આઝાદી બાદ સરકારે બેન્કોના વિકાસ માટે વિવિધ પ્રયત્નો કર્યા છે. ભારતનાં બેન્કિંગ ક્ષેત્રમાં વિવધ પ્રકારની બેન્કોનો સમાવેશ થાય છે જેમાં ખાનગી બેન્કો, ઔદ્યોગિક બેન્કો, ખેતી બેન્કો, વેપારી બેન્કો, સહકારી બેન્કો, વિનિમય બેન્કો, રાષ્ટ્રીયકૃત બેન્કો, સરકારી બેન્કો વગેરે વગેરે. આ બધી બેન્કો પર દેખરેખ અને નિયમન રાખવા માટે પણ એક બેન્ક હોય છે જેને મધ્યસ્થ બેન્ક તરીકે ઓળખવામાં આવે છે, પ્રસ્તુત પ્રકરણમાં આપણે મધ્યસ્થ બેન્કનો અર્થ, પરિચય, મધ્યસ્થ બેન્કનાં કાર્યો, મધ્યસ્થ બેન્કની નાણાંકીય નીતિનો અર્થ, તેનાં ઘટકો અને તેના કાર્યની વિસ્તૃત ચર્ચા કરીશું.

## 14. 2 બેન્ક શબ્દનો અર્થ વ્યાપારી બેન્કની વ્યાખ્યાઓ :

બેન્ક શબ્દની ઉત્પત્તિ અને તેના શબ્દ અંગે ઘણા મતભેદ જોવા મળે છે. તેમ છતાં એમ કહી શકાય કે વર્તમાન સમયે જે વિકસિત બેન્કો જોઈ શકીએ છે તેના પૂર્વગામી તરીકે વેપારી વર્ગ, શાહુકારો વર્ગ, અને સોની સમાજ કહી શકાય. આ ત્રણ વર્ગો દ્વારા થતી પ્રવૃત્તિ એ બેન્કના કાર્યનું પ્રતિબિંબ દર્શાવે છે. બેન્ક એ નાણાંની હેરફેર કરવામાં એક અગત્યની ભૂમિકા ભજવે છે. બેન્ક (BANK) શબ્દ ગ્રીક ભાષાના 'BANQUE' અથવા 'BANCO' અથવા 'BANCUS' શબ્દ પરથી આવ્યો છે. ઈંગ્લેન્ડમાં તેનો અર્થ 'સિક્કાઓ સંગ્રહ કરવાનો' થાય છે. સાથે સાથે કેટલાંક લોકો એવું પણ માને છે કે 'BANK' શબ્દ એ 'BENCH' બેંચ એટલે કે પાટલી પરથી આવ્યો છે કારણ કે પહેલાના સમયમાં ઈંગ્લેન્ડમાં લોકો પાટલી પર બેસીને પૈસાની લેવડદેવડ અને તેના હિસાબ કરતાં હતાં. આમ, પાટલી "BENCH" શબ્દ પરથી 'BANK" શબ્દ આવ્યો હોય તેવું પણ કહી શકાય. જો કે યુરોપમાં મધ્યયુગના સમયથી આધુનિક બેન્કિંગનો પ્રારંભ થયો હતો.

વ્યાપારી બેન્કની વ્યાખ્યાઓ :

(1) બેન્ક શબ્દની સરળ વ્યાખ્યા આપવી હોય તો એમ કહી શકાય કે, 'બેન્ક એટલે બેન્કના જે કાર્ય કરે તે બેન્ક.'

(2) ભારતીય બેન્કિંગ કંપનીના કાયદા અનુસાર, 'બેન્કિંગ કંપની એટલે એવી કંપની જે બેન્કિંગનો ધંધો કરતી હોય.

(3) જાપાનીઝ બેન્કિંગ કાયદા અનુસાર, 'શાખ મેળવવાની અને શાખ આપવાની પ્રવૃત્તિ કરતી સંસ્થા એટલે બેન્ક.

(4) વોટ ક્લિકના મત મુજબ, 'બેન્ક એટલે એવી વ્યક્તિ કે સંસ્થા કે જેની સામે ચેક લખી શકાય તેવી થાપણો સ્વીકારે છે.

(5) પ્રૉ. ક્રાઉથરના મત મુજબ, 'જે લોકો નાણું ફાજલ પાડી શકે છે કે બચાવી શકે છે, તેમની પાસેથી નાણું એકઠું કરવાનું તેમજ જેને નાણાંની જરૂર છે તેમણે નાણાં ધિરવાનું કાર્ય કરતી સંસ્થા એટલે બેન્ક.

(6) પ્રો. સેયર્સના મત મુજબ, 'સામાન્ય બેન્કિંગ વ્યવસાયમાં રોકડ રકમોને બેન્ક થાપણોમાં અને બેન્ક થાપણોને રોકડ રકમમાં ફેરવી આપવામાં આવે તે બેન્ક,'

બિન બેન્કિંગ નાણાંકીય સંસ્થાઓ

વર્તમાન સમયમાં ભારતમાં નાણાંકીય માળખાઓમાં બેન્કિંગ સંસ્થાઓ ઉપરાંત બિન બેન્કિંગ નાણાંકીય સંસ્થાઓ અગત્યનું સ્થાન ધરાવે છે. આ સંસ્થાઓ વ્યાપારી બેન્ક કરતાં અલગ રીતે કામ કરે છે. આ એક એવા પ્રકારની સંસ્થાઓ છે, જે બેન્કિંગ કાયદા હેઠળ સ્થપાયેલી ન હોવા છતાં તેઓ બેન્કિંગ પ્રકારની પ્રવૃતિઓ કરતી હોય તો તેને બિનબેન્કિંગ નાણાંકીય સંસ્થાઓ કહેવાય છે. જોકે બિન બેન્કિંગ સંસ્થાઓએ પોતાની સ્થાપના અને કાર્ય માટે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની મંજૂરી તથા તેના નીતિ નિયમોનું પાલન કરવાનું રહે છે. આ સંસ્થાઓ જાહેર તેમજ ખાનગી એમ બંને પ્રકારની હોય છે. આ નાણાંકીય સંસ્થાઓ પ્રજાની બચતો અને થાપણોને એકત્રિત કરીને તેને ઉત્પાદન પ્રવૃત્તિ તરફ લાવે છે. આવી અનેક બિન બેન્કિંગ નાણાંકીય સંસ્થાઓ પૈકી કેટલીક સંસ્થાઓ નીચે મુજબ છે.

(1) મ્યુચ્યુઅલ ફંડ

(2) જીવન વીમા નિગમ

(3) મૂડી રોકાણ કંપનીઓ

(4) વેલ્ચર કેપિટલ કંપનીઓ

(5) હાયર પરચેઝ કંપનીઓ

(6) લીઝીંગ કંપનીઓ

(7) ઇન્વેસ્ટમેન્ટ કંપનીઓ

(8) ફાયનાન્સ કોર્પોરેશન

મધ્યસ્થ બેન્ક

આપણે વ્યાપારી બેન્ક અને બિન બેંકીંગ નાણાંકીય સંસ્થાઓ વિશેનો પરિચય મેળવ્યા બાદ આપણે મધ્યસ્થ બેન્ક વિશેની માહિતી મેળવીએ. આધુનિક સમયમાં ધંધા રોજગારના વિકાસ માટે નાણાંકીય વ્યવસ્થા યોગ્ય જળવાય તે જરૂરી છે. દરેક દેશમાં એક કેન્દ્રીય બેન્ક (મધ્યસ્થ બેન્ક) હોય છે જે પોતાના દેશની આર્થિક સમતુલા જળવાય તે જોવાનું કામ કરે છે. વર્તમાન સમયમાં દરેક દેશના અર્થતંત્રમાં નાણાંનું યોગ્ય માત્રમાં (શાખ સર્જન) ધિરાણ થાય તે ખૂબ જ જરૂરી છે અને આ દેખરેખ રાખવાનું કાર્ય મધ્યસ્થ બેન્કનું છે. વિશ્વના 200 કરતાં પણ વધુ દેશોમાં પોતાની મધ્યસ્થ બેન્કની રચના કરવામાં આવી છે, જેના પર સીધો સરકારનો અંકુશ હોય છે.

## 14.3 નાણાંકીય મધ્યસ્થી તરીકે મધ્યસ્થ બેંકનો અર્થ અને પરિચય

ભારતમાં પ્રથમ આધુનિક બેન્કની શરૂઆત 1770માં કલકત્તામાં હિન્દુસ્તાન બેન્કથી થઈ હતી ત્યાર બાદ 1985માં બંગાળ બેન્ક અને જનરલ બેન્ક ઓફ ઇન્ડિયાની સ્થાપના

થઇ હતી પરંતુ 1791માં આ બેન્ક ફડચા(ખોટ)માં જતાં 1809માં બેન્ક ઓફ બંગાળ, 1840માં બેન્ક ઓફ બોમ્બે, 1843માં બેન્ક ઓફ મદ્રાસની સ્થાપના થઇ હતી પરંતુ 1929માં આવેલી વૈશ્વિક મહામંદીના કારણે ભારતની બેન્કિંગ સંસ્થાઓની પડતી થઇ હતી.

મહત્ત્વ :

ભારતમાં બેન્કિંગ વિકાસ માટે 1860નું વર્ષ ખૂબ જ અગત્યનું સાબિત બન્યું હતું. 1905માં સ્વદેશી ચળવળના કારણે બેન્કિંગ સંસ્થાઓને વિશેષ મહત્ત્વ મળ્યું. 1909માં ધિ બેન્ક ઓફ બરોડા તેમજ 1911માં સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયાની સ્થાપના થઇ હતી પરંતુ વર્ષ 1913 થી 1918ના સમયગાળામાં ભારતીય બેન્કોના વિકાસને ગ્રહણ લાગતા મોટી કટોકટી સર્જાઈ હતી. ત્યારબાદ 1920માં ત્રણ પ્રેસિડેન્ટ બેન્કોના જોડાણ કરીને 1921માં 'ઈમ્પીરીયલ બેન્ક'ની સ્થાપના કરવામાં આવી હતી. જેનું રાષ્ટ્રીયકરણ 1 જુલાઈ 1955માં કરવામાં આવ્યું હતું. ''મધ્યસ્થ' બેન્કિંગ તપાસ સમિતિની 1931ની ભલામણ અનુસાર ભારતમાં રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની રચના ભારતીય રિઝર્વ બેન્ક ધારો, 1934 હેઠળ કરવામાં આવી હતી. 1 એપ્રિલ, 1935ના રોજ એક ખાનગી ક્ષેત્ર તરીકેની બેન્ક ભારતમાં 'મધ્યસ્થ બેન્ક'' ''રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા'ની સ્થાપના થઇ હતી. અહીં આપણે એક વાત ખાસ નોંધવી જોઈએ કે પ્રારંભમાં આ બેન્ક ખાનગી શેરહોલ્ડરોની માલિકીની ખાનગી બેન્ક હતી જેની ભરપાઈ થયેલી મૂડી 5 કરોડ હતી. તારીખ 15ઓગસ્ટ, 1947ના રોજ ભારત દેશ અંગ્રેજોની ગુલામીમાંથી મુકત થયો અને ભારતે આયોજિત આર્થિક વિકાસ કરવા માટે સરકારને કેન્દ્રીય બેન્ક ઉપર અંકુશ જરૂરી જણાતા 1948ના રિઝર્વ બેન્કના કાયદા દ્વારા 1 જાન્યુઆરી, 1949માં આ બેન્કનું 'રાષ્ટ્રીયકરણ' કરવામાં આવ્યું. આ પગલા દ્વારા સરકારે RBI (RESEARVE BANK OF INDIA)ની સત્તામાં વધારો કરવા અને દેશમાં બેન્કિંગ માળખાનો યોગ્ય વિકાસ કરવા માટે બેન્કિંગ કંપની નિયમન ધારો પસાર કરવામાં આવ્યો જેના પરિણામ સ્વરૂપે આજે ભારતના બેન્કિંગ માળખામાં RBI એક સર્વોચ્ચ બેન્ક તરીકે સ્થપાઈ.

ભારતમાં રિઝર્વ બેન્કનું સંચાલન અને વહીવટ એક ગવર્નર, ચાર ડેપ્યુટી ગવર્નર તથા 20 ડાયરેકટરો દ્વારા કરવામાં આવે છે. આ તમામ અધિકારીઓની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે. ભારતમાં દિલ્હી, કલકત્તા, મુંબઈ અને ચેન્નઈમાં RBIની સ્થાનિક ઓફીસ છે. આ બેન્કનું વડું મથક મુંબઈમાં છે. આ ઉપરાંત વર્તમાન સમયે RBIની 25 શાખાઓ કાર્યરત છે.

| | | | | |
|---|---|---|---|---|
| અમદાવાદ | બેંગલોર | ભોપાલ | ભુવનેશ્વર | ચંડીગઢ |
| દહેરાદૂન | ગૌહાટી | જયપુર | હૈદરાબાદ | જમ્મુ |
| કાનપુર | લખનૌ | નાગપુર | પટના | રાયપુર |
| શિમલા | તીરુવનંતપુરમ | અગરતલા | બેલાપુર | ગંગકોટ |
| કોચીન | પણજી | રાંચી | શીલોંક | શ્રીનગર |

## 14. 4 મધ્યસ્થ બેન્કનાં કાર્યો (વિગતે)

ભારત એક સ્વતંત્ર દેશ તરીકે 15 ઓગસ્ટ, 1947ના રોજ આઝાદ થયા પછી 1950માં આયોજન પંચની સ્થાપના કરવામાં આવી અને આ આયોજન પંચ દ્વારા આયોજિત દેશના આર્થિક વિકાસ કરવા માટે પંચવર્ષીય યોજના અમલમાં મૂકી. આ વિવિધ યોજનાને સફળ બનાવવા તથા દેશના આર્થિક વિકાસનો સંગીન પાયો સ્થપાય તે માટે RBIની સૌથી અગત્યની ભૂમિકા રહેલી છે. આમ, અહીં આપણે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના અગત્યના

કાર્યનો ટૂંકમાં પરિચય મેળવીએ.

14. 4. 1 ચલણી નોટો અને સિક્કાઓ છાપવા તથા બહાર પાડવા :

દેશમાં થતાં અસંખ્ય રોકડ વ્યવહારો એ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા છાપવામાં તથા બહાર પાડવામાં આવેલ ચલણી નોટો અને સિક્કાઓનું પરિણામ છે. RBIના 1934ની કલમ 22 મુજબ દેશની મધ્યસ્થ બેન્કને સત્તા આપવામાં આવેલી છે. આ ચલણી નોટો અને સિક્કાઓ જે મધ્યસ્થ બેન્ક છાપવા અને બહાર પાડવાનું કાર્ય કરે છે તે સિક્કા અને નોટોને 'લીગલ ટેન્ડર' અથવા 'ફિયાટ મની' તરીકે ઓળખવામાં આવે છે. આ ચલણી નોટો અને સિક્કાઓ છાપવાનું અને બહાર પાડવાના કાર્ય માટે રિઝર્વ બેન્કે એક અલગ 'ઇસ્યુ ડીપાર્ટમેન્ટ' સ્થાપ્યું છે. જે વિવિધ મૂલ્યની ચલણી નોટો અને સિક્કાઓ બહાર પાડે છે. અલબત અહીં એક વાત યાદ રાખવી જોઈએ કે ભારતમાં રૂપિયા એક (1)ની નોટ અને સિક્કાઓ ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવે છે જયારે આ સિવાયનાના તમામ મૂલ્યની નોટો અને સિક્કાઓ મધ્યસ્થ બેન્ક દ્વારા બહાર પાડવામાં આવે છે.

14. 4. 2 બેન્કોની બેન્ક

અગાઉ જોઈ ગયા તેમ દેશની તમામ નાણાંકીય બાબતો અને વ્યવહારો પર દેશની મધ્યસ્થ બેન્કની દેખરેખ હેઠળ થાય છે. દેશમાં આવેલી તમામ નાણાંકીય સંસ્થાઓએ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના માર્ગદર્શન હેઠળ કામ કરવાનું હોય છે. ભારતના બેન્કિંગ માળખામાં વિવિધ પ્રકારની બેન્કો જોવા મળે છે જે આર.બી.આઈ.ના ધારા 134ની કલમ 21 અને 22 હેઠળ કામ કરે છે. જેમાં વ્યાપારી બેન્કો, ખેતી બેન્કો, નાબાર્ડ, ઔદ્યોગિક બેન્કો, ખાનગી બેન્કો, સહકારી બેન્કો વગેરે બેન્કોના માર્ગદર્શક તરીકે કાર્ય કરે છે. આવી બેન્કોને જયારે કોઈ આર્થિક સંકળામણ જોવા મળે છે ત્યારે દેશની મધ્યસ્થ બેન્ક જ મદદ કરે છે. આ ઉપરાંત દરેક બેન્કો પર અંકુશ રાખવાનું અને દરેક બેન્કોએ મધ્યસ્થ બેન્કે બનાવેલ નિયમો જેવાં કે 'કેશ રિઝર્વ રેશિયો' અને 'સ્ટેટરરી લિકવીડીટી રેશિયો' વગેરેનું પાલન કરવાનું રહે છે. આ ઉપરાંત કેટલીક જોગવાઈઓ નીચે મુજબ જોવા મળે છે.

- બેન્કોની સ્થાપના અને શાખાઓની રચના માટે લાઈસન્સ મેળવવું.
- બેન્કોની મૂડી, દેવાં ભંડોળ, અનામતો વગેરે સ્વરૂપમાં મૂડી પર્યાપ્તતાનાં ધોરણો જાળવવાં.
- લિકિવડિટી એડજસ્ટેડ ફેસીલીટી (LAF) હેઠળ પ્રવાહિતતા જાળવવી.
- બેન્કોનાં કાર્યો પર વહીવટી અંકુશ રાખવો મધ્યસ્થ બેન્કનું કામ નિયમન ઉપરાંત વિશે જોવા મળે છે જેમાં મુખ્યત્વે,
- બેન્કોની શાખાઓમાં વધારો થાય તેવી અનુકૂળતા પૂરી પાડવી. આ કાર્ય કરવા માટે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાને તેના એજન્ટ તરીકે કાર્ય કરવાનું જણાવ્યું છે. ભારતમાં સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની સ્થાપના 1 જુલાઈ 1955ના રોજ કરવામાં આવી હતી.
- બેન્કો દ્વારા ગ્રાહકોને આધુનિક સુવિધાઓ પૂરી પાડવા માટે મદદરૂપ થવું.
- બેન્કના કર્મચારીઓને સાચી અને ઉત્તમ અસરકારક તાલીમ આપીને બેન્કની કાર્યક્ષમતામાં વધારો થાય તેની જોગવાઈ કરવી.

14. 4. 3 સરકારની બેન્ક

રિઝર્વ બેન્કની સ્થાપના થઇ એ પહેલા સરકારની તમામ પ્રકારની નાણાંકીય લેવડદેવડ 'ઈમ્પીરીયલ બેન્ક' સંભાળતી હતી. પરંતુ RBIની સ્થાપના થવાથી આ કાર્ય હવે તે પોતે

જ સંભાળે છે. દેશના આર્થિક વિકાસ માટે 'સરકાર' એ એક અગત્યનું, મહત્ત્વનું અને ચાવીરૂપ એકમ છે. સરકારના નાણાંકીય વ્યવહારો ખૂબ જ મોટા હોય છે. દેશની મધ્યસ્થ બેન્ક એ સરકારની બેન્ક હોવાથી સરકારના તમામ પ્રકારના નાણાંકીય વ્યવહારોને જાળવવાનું કાર્ય કરે છે. રિઝર્વ બેન્ક કેન્દ્ર સરકારને ટ્રેજરી બિલો દ્વારા ટૂંકાગાળાનું ધિરાણ (90 દિવસનું) આપે છે. મધ્યસ્થ બેન્ક સરકાર વતી નાણાં સ્વીકારે છે અને નાણાંની ચૂકવણી કરે છે. આ ઉપરાંત દેશમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારને ટ્રેઝરી બિલ અને બોન્ડ બહાર પાડવા માટે મધ્યસ્થ બેન્કની મદદની જરૂર પડે છે. વળી, સરકારને આવક કરતાં ખર્ચ વધારે થતો હોય ત્યારે પણ ખાધને દૂર કરવા માટે અથવા ખર્ચને પૂરું કરવા માટે મધ્યસ્થ બેન્કની મદદથી નવી ચલણી નોટો પણ બહાર પાડવામાં આવે છે. આમ, મધ્યસ્થ બેન્ક એ સરકારની સંકટ સમયની સાંકળ તરીકે કાર્ય કરે છે. RBI સરકાર માટે બેન્કિંગ અને નાણાકીય બાબતો ઉપરાંત અનેક આર્થિક બાબતો અને નીતિવિષયક પગલાં અંગે સલાહકાર અને માર્ગદર્શક તરીકેનું કાર્ય કરે છે.

### 14. 4. 4 શાખનાણાંના સર્જન પર નિયંત્રણ

દેશની મધ્યસ્થ બેન્કને ચલણી નોટો અને સિક્કાઓ બહાર પાડવાનો એક માત્ર અધિકાર છે તેવી જ રીતે શાખ નિયમનનું કાર્ય પણ રિઝર્વ બેન્કનું જ છે. બેન્કો દ્વારા કરવામાં આવતા શાખ સર્જન પર દેશની મધ્યસ્થ બેન્કનો સીધો અંકુશ જોવા મળે છે. કારણ કે દેશમાં જોવા મળતી આર્થિક અસ્થિરતા માટેના વિવિધ કારણો અને પરિબળો પૈકી આ શાખનાણાંનો પ્રભાવ વધારે જોવા મળતો હોય છે. દેશમાં સંગ્રહખોરી, નફાખોરી, સટ્ટાખોરી, સમાજ વિરોધી અનેક પ્રવૃતિઓ માટે થતાં ધિરાણને અટકવા માટે શાખ નિયમન જરૂરી છે. (જેની વિગતે ચર્ચા હવે પછીના મુખ્ય મુદ્દામાં કરીએ છે.) આમ, મધ્યસ્થ બેન્ક એ શાખનાણાંના સર્જન પર નિયંત્રણ રાખે છે.

### 14. 4. 5 ક્લિયરિંગ હાઉસનું કાર્ય

દેશમાં થતી વિવિધ પ્રકારની નાણાંકીય હેરફેરનો નિકાલ કરવા માટે દેશની મધ્યસ્થ બેન્કે ક્લિયરિંગ હાઉસ બનાવ્યું છે અને તેના દ્વારા નાણાંકીય હેરફેર ખૂબ જ સરળ રીતે થાય છે. જેના પરિણામ સ્વરૂપે દેશમાં નાણાંકીય લેવડદેવડ ખૂબ જ ઝડપી બને છે અને સમય તથા ખર્ચમાં પણ નિયંત્રણ આવે છે. આ સાથે સાથે રોકડ પ્રવાહીતા પણ યોગ્ય પ્રમાણમાં જોવા મળે છે.

### 14. 4. 6 વિદેશી હૂંડિયામણ જાળવવાનું

સામાન્ય રીતે વિદેશી વેપાર અને નાણાંકીય લેવડદેવડ દેશની સરકાર, દેશની પ્રજા અને કંપનીઓ, ઉદ્યોગો દ્વારા થતાં હોય છે. જ્યારે વિદેશ વેપાર કરીએ અને ખાસ ત્યારે આપણે અન્ય દેશ પાસેથી વસ્તુઓ કે સેવાઓની ખરીદી કરીએ છીએ ત્યારે તેની ચૂકવણી જે તે દેશના નાણાંકીય ચલણમાં કરવામાં આવે છે. આમ, આવા વિદેશી ચલણનો પુરવઠો જાળવવાનું કાર્ય મધ્યસ્થ બેન્ક કરે છે અને જ્યારે કોઈ સમસ્યાઓ જોવા મળે છે ત્યારે આ બેન્ક વિદેશી ચલણને અનુકુળ કરી આપે છે. દેશની મધ્યસ્થ બેન્કને જરૂર જણાય તો તે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ, વિશ્વ બેન્ક તથા અન્ય આંતરરાષ્ટ્રીય નાણાંકીય સંસ્થા પાસેથી વિદેશી હૂંડિયામણના વ્યવહારો કરીને વિદેશી હૂંડિયામણનું સંચાલન કરે છે.

મધ્યસ્થ બેન્કે વિદેશી ચલણો અને સોનાના જથ્થાને વિદેશી ચલણ તરીકે અનામત સ્વરૂપે જાળવવું પડે છે. આ માટે ભારત સરકાર દ્વારા વર્ષ 1973માં 'ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન ધારો' (FERA-1973) ઘડવામાં આવ્યો હતો. પરંતુ 1991માં કરવામાં આવેલા

આર્થિક સુધારાના ઉદારીકરણના પગલાંને કારણે 1973માં બનાવેલા કાયદાને વિદેશી હૂંડિયામણ પર લગાવેલા અંકુશોને હટાવીને 'ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FERA-2000) ઘડવામાં આવ્યો છે.

14. 4. 7 બિલ માર્કેટ, ફેક્ટરિંગ અને ફોરફેટિંગ યોજના

રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા ટૂંકાગાળાના નાણાંકીય બજારની અસરકારતા વધારવા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. જેમ કે, 1952માં 'બિલ માર્કેટ યોજના' અંતર્ગત વેપારી વર્ગ દ્વારા લખાયેલ ટાઈમ બિલને બેન્કમાં પાકતી મુદત અગાઉ વટાવવાની સગવડ આપવામાં આવે છે. તેવી જ એક બીજી ફેક્ટરિંગ યોજના 1990-91માં અમલમાં મૂકવામાં આવી હતી. જેમાં બેન્કો દ્વારા ઉધાર વેચાણથી ઉદ્ભવતા 'ઊંચી ગુણવત્તાવાળા દેવાદારો'ને વેપારી પેઢીઓને તે રકમ વટાવી આપવામાં આવે છે.

14. 4. 8 સંશોધનો, માહિતી એકત્રીકરણ અને પ્રકાશન કાર્ય

ભારત દેશની મધ્યસ્થ બેન્ક નાણાંકીય માહિતી એકત્રિત કરીને તે માહિતી પર સંશોધન કરીને તે માહિતીને પ્રકાશિત કરે છે, દેશની મધ્યસ્થ બેન્ક દ્વારા બનાવવામાં આવતી વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓ, વિવિધ વ્યાજના દરની અને આ વ્યાજના દરની આર્થિક વિકાસ પર પડતી અસરો, ખેતીની યોજનાઓ, ઉદ્યોગોને લગતી યોજનાઓ વગેરે માહિતી અને તારણોને પ્રકાશિત કરે છે. મધ્યસ્થ બેન્ક દ્વારા માસિક, ત્રિમાસિક, વાર્ષિક બુલેટીન બહાર પાડવામાં આવે છે. આ સમગ્ર કાર્ય રિઝર્વ બેન્કના 'રીસર્ચ અને સ્ટેટીસ્ટીકલ ડીવીઝન' દ્વારા થાય છે.

## 14. 5 નાણાંકીય નીતિનો અર્થ, વ્યાખ્યા અને તેના ઘટકો

વર્તમાન આધુનિક સમયમાં નાણું એ એક નિર્ણાયક પરિબળ છે. સામાન્ય રીતે કોઇપણ દેશના આર્થિક વિકાસ કરવા માટે દેશમાં રાજકોષીય નીતિ, વહીવટી નીતિ અને નાણાંકીય નીતિ એમ કુલ ત્રણ પ્રકારની નીતિ અગત્યની માનવામાં આવે છે. રાજકોષીય નીતિમાં સરકારની આવક-જાવક સાથે સંકળાયેલી છે. વહીવટી નીતિ વહીવટ સાથે સંકળાયેલ છે જ્યારે નાણાંકીય નીતિ દેશના નાણાંના પુરવઠા અને માંગ સાથે સંકળાયેલી નીતિ છે. નાણાંકીય નીતિ એટલે નાણાંનો જથ્થો અને તેના મૂલ્યને અસર કરનારી બધી વિગતો અંગેની નીતિ. નાણાંકીય નીતિ એ કોઈપણ દેશની સમગ્ર આર્થિક નીતિનું એક અગત્યનું અભિન્ન અંગ છે. નાણાંકીય નીતિને કેન્દ્રીય બેન્કની નીતિ તથા મધ્યસ્થ બેન્કની નીતિ તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે આ નીતિ બનાવવાનું અને તેના અમલ રિઝર્વ બેન્ક દ્વારા કરવામાં આવે છે. શિકાગો યુનિવર્સીટીના અર્થશાસ્ત્રી પ્રો. મિલ્ટન ફ્રિડમેનના મત અનુસાર 'નાણું એ દરેક પ્રકારની આર્થિક ઉથલપાથલનું મુખ્ય કારણ છે.' માટે નાણાંના પુરવઠાને નિયંત્રણમાં રાખવું ખૂબ જ જરૂરી છે. અર્થતંત્રનાં ચોક્કસ ધ્યેયો સિદ્ધ કરવા માટે અને અપેક્ષિત પરિણામો મેળવવા માટે જ્યારે દેશની મધ્યસ્થ બેન્ક દ્વારા નાણાંનાં જથ્થાનું અને વ્યાજના દરનું નિયંત્રણ કરવા જે નીતિ અપનાવવામાં આવે છે તેને નાણાંકીય નીતિ કહેવામાં આવે છે. બીજી રીતે કહીએ તો નાણાંના પરિમાણમાં ફેરફાર લાવવાની કે વ્યાજના દર પર અસર કરનારી મધ્યસ્થ બેન્કની નીતિને નાણાંકીય નીતિ તરીકે ઓળખવામાં આવે છે. ટૂંકમાં, જો એક વાકયમાં કહેવું હોય તો એમ કહી શકાય કે મધ્યસ્થ બેન્કની શાખનિયંત્રણની નીતિ. વોલ્ટર બેગહોટ જણાવે છે કે, નાણું સ્વયં પોતાનું સંચાલન કરી શકશે નહીં. માટે દેશની મધ્યસ્થ બેન્કે જ આ માટે જરૂરી પગલાં લેવા પડશે. નાણાંકીય નીતિ એ એક ઈરાદાપૂર્વકની એવી નીતિ છે, જેમાં સાર્વભૌમ સરકાર કેન્દ્રીય બેન્કના સંસ્થાકીય સર્જન દ્વારા અર્થતંત્રના ક્રમિક વિકાસ માટે નાણાંના જથ્થાને નિયંત્રણમાં રાખવામાં આવે છે.

નાણાંકીય નીતિની વ્યાખ્યાઓ :

- ડૉ. કે. એન. રાજના મત મુજબ, 'નાણાંકીય નીતિ એ નાણાંની માંગ અને ધિરાણ તથા નાણાંના પુરવઠા તેમજ વ્યાજના દર વચ્ચે સંબંધ ધરાવે છે.
- પ્રૉ. હેરી જહોન્સનનાં મત મુજબ, 'સામાન્ય આર્થિક લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે મધ્યસ્થ બેન્ક દ્વારા મુકવામાં આવેલ નાણાંના પુરવઠા પરનું નિયંત્રણ.'
- પ્રૉ. આર. પી. કેન્ટનાં મત મુજબ, 'નાણાંકીય નીતિ એટલે પૂર્ણ રોજગારી જેવાં ચોક્કસ હેતુઓને સિદ્ધ કરવા માટે ચલણમાં રહેતાં નાણાંના પ્રમાણનું વિસ્તરણ અને સંકોચન કરવાની વ્યવસ્થા.
- રોબર્ટસનનાં મત મુજબ, 'નાણાંના લાભો મેળવવા અને ગેરલાભો નિવારવા માટે નાણાંના પુરવઠા પરનાં નિયંત્રણો અને અંકુશોની નીતિ એટલે નાણાંકીય નીતિ.
- રેડક્લિફ સમિતિના મત મુજબ, 'નાણાંકીય નીતિ એ એક એવું નાણાંકીય સાધન છે જેનો હેતુ રોજગારી વધારવાનો, આર્થિક વિકાસ કરવાનો અને ચલણની ખરીદશક્તિને સ્થિર રાખવાનો છે.
- પ્રૉ. હેન્સનના મત મુજબ, 'દેશમાં નાણાંનું પ્રમાણ કેટલું હોવું જોઈએ અને જરૂર જણાય તો તેમાં વધારો કે ઘટાડો કરવાનો મધ્યસ્થ બેન્કનો પ્રયાસ એટલે નાણાંકીય નીતિ.

નાણાંકીય નીતિના ઉદ્દેશો

કોઈ પણ દેશ તેના આર્થિક વિકાસ કરવા માટે જે નાણાંકીય નીતિ અપનાવે છે તે માટેનાં કેટલાક પાયાના હેતુઓ નીચે મુજબ જોવા મળે છે.

દેશનો ઝડપી આર્થિક વિકાસ કરવા માટે

કોઈ પણ અલ્પવિકસિત દેશ કે વિકાસમાન દેશની દરેક નીતિનો મુખ્ય ઉદ્દેશ દેશનો આર્થિક વિકાસ કરવાનો હોય છે. જેમાં ખાસ કરીન નાણાંકીય નીતિની ખૂબ જ મોટી જવાબદારી બને છે. દેશના આર્થિક વિકાસ કરવા માટે દેશમાં નાણાંની યોગ્ય અને કાર્યક્ષમ ફાળવણી થવી ખૂબ જ જરૂરી છ. એટલુ જ નહીં પરંતુ દેશમાં નાણાકીય સંસ્થાઓનો વિકાસ થશે તો દેશનો વિકાસ થશે. આમ દેશના આર્થિક વિકાસ કરવો એ નાણાકીય નીતિનો પાયાનો હેતુ છે.

અર્થતંત્રના જુદા-જુદા વિભાગો વચ્ચે સ્થિરતા લાવવા માટે

સામાન્ય રીત દેશનો વિકાસ કરવાં માટે જુદાં-જુદાં અર્થશાસ્ત્રીઓએ પોતાના વિવિધ મત રજૂ કર્યા છે. જેમાં કેટલાંક અર્થશાસ્ત્રીઓ એવું માને છે કે અસમતોલ વિકાસની યોજનાના મોડેલ દ્વારા દેશનો આર્થિક વિકાસ કરવો જોઈએ. અન્ય કેટલાક અર્થશાસ્ત્રીઓ એવું માને છે કે દેશનો આર્થિક વિકાસ કરવો હોય તો સમતોલ વિકાસની વ્યૂહરચના અપનાવવી જોઈએ. આમ, અહીં અર્થતંત્રના જુદા-જુદા વિભાગો વચ્ચે સ્થિરતા લાવવી હોય તો દેશના જુદા-જુદા વિભાગોનો સમતોલ વિકાસ કરવો જોઈએ. આ સમતોલ વિકાસ કરવાં માટે અર્થતંત્રના તમામ ક્ષેત્રમાં નાણાંની સરખી ફાળવણી થવી જોઈએ. આ સરખી ફાળવણી કરવી એ નાણાંકીય નીતિ દ્વારા કરી શકીએ છીએ.

પ્રાદેશિક સમતુલા સ્થાપવા માટે

સામાન્ય રીતે કોઈ પણ દેશમા ત્રણ પ્રકારની અસમતુલા જોવા મળે છે.

૧) સામાજિક અસમતુલા

૨) આર્થિક અસમતુલા અને

૩) પ્રાદેશિક અસમતુલા જેમાં દેશનો આર્થિક વિકાસ માટે કરવા માટે પ્રાદેશિક સમતુલા અગત્યની છે. એક આદર્શ સ્થિતિ મુજબ દેશના તમામ પ્રદેશનો સરખો વિકાસ થાય તે જરૂરી છે. પરંતુ દરેક પ્રદેશનો એક સરખો વિકાસ થતો નથી. નાણાંકીય નીતિ દ્વારા નાણાંની યોગ્ય અને કાર્યક્ષમ ફાળવણી દ્વારા જ દેશનો આર્થિક વિકાસ કરી શકાય છે.

આવકની અસમાનતા દૂર કરવા માટે

આવકની અસમાનતા દૂર કરવામાં નાણાંકીય નીતિ અગત્યનો ભાગ ભજવે છે. નાણાંકીય નીતિ દ્વારા દેશની મધ્યસ્થ બેન્ક દેશની ધનિક વ્યક્તિની આવકને લઈને દેશના ગરીબ વર્ગના વિકાસ માટે ફાળવે છે.

ભાવ સપાટીમાં સ્થિરતા લાવવા માટે

સામાન્ય રીતે નાણાંના પુરવઠા અને ભાવસપાટી વચ્ચે સીધો સંબંધ છે. જેમ જેમ નાણાંનો પુરવઠો વધે છે તેમ તેમ ભાવસપાટીમાં વધારો થાય છે. રોબર્ટસનનાં મત મુજબ ‘નાણાંના લાભો મેળવવા અને ગેરલાભો નિવારવા માટે નાણાના પુરવઠા પરનાં નિયંત્રણો અને અંકુશોની નીતિ એટલે નાણાકીય નીતિ. નાણાંના પુરવઠા પર નિયત્રણ લાવીને અર્થતત્રમાં ભાવવધારાન નિયંત્રણમાં લાવી શકાય છે.

રોજગારીમાં વધારો કરવા માટે

પ્રૉ. કેઈન્સ પૂર્ણ રોજગારીની હિમાયત કરતાં તો તેમના મત મુજબ અર્થતંત્રમાં જો પૂર્ણરોજગારીનો અભાવ જોવા મળતો હોય તો અસરકારક માંગમાં વધારો કરીને અર્થતત્રમાં બેકારી દૂર કરી શકાય છે. કેઈન્સ એવું માનતા હતા કે મંદીના સમયમા સસ્તા નાણાંકીય નીતિ અમલમા મુકીન માંગમાં વધારો કરી અર્થતંત્રમાં રોજગારી વધારી શકાય છે.

લેણદેણની તુલાની સમતુલા જાળવવા માટે

આપણે અગાઉ જોઈ ગયા તેમ નાણાંના પુરવઠામાં વધારો ભાવવધારો સર્જે છે. આ ભાવવધારો સ્વદેશી વસ્તુઓ વિદેશી વસ્તુઓ પર ખૂબ જ મોંઘી લાગે છે. આથી દેશની પ્રજા સ્વદેશી વસ્તુની સરખામણીમાં વિદેશી વસ્તુ પર ખૂબ જ ભાર મુકે છે. આ સાથે સાથે અન્ય દેશના નાગરિકોને આપણા દેશની વસ્તુની કિંમત ઊંચી જણાતા આપણા દેશની વસ્તુની નિકાસ થતી નથી. જ્યારે આયાતો વધારેને વધારે થતા દેશની લેણદેણની તુલામા અસમતુલા જોવા મળે છે પરંતુ જો નાણાંકીય નીતિ દ્વારા જો નાણાંના પુરવઠામાં યોગ્ય વધઘટની નીતિ અપનાવી શકાય અને તેના દ્વારા લેણદેણની તુલામાં સમતુલા જાળવી શકાય છે.

દેશના અગ્રીમ ક્ષેત્રોને ધિરાણ પૂરું પાડવા માટે

દેશની નાણાંકીય નીતિનો મુખ્ય ઉદ્દેશ દેશનાં નાણાંનો યોગ્ય અને કાર્યક્ષમ ઉપયોગ થાય તે જરૂરી છે. અર્થતંત્રમાં બિન ઉપયોગી, બિન કાર્યક્રમ પડી રહલા નાણાંનો ઉપયોગ જો અગ્રીમ ક્ષેત્રમાં થાય તે જરૂરી છે તેવા અગ્રીમ ક્ષેત્રોને બેન્કો દ્વારા ધિરાણ મળે એ ખૂબ જ ઉચિત છે. આમ, અસરકારક નાણાકીય નીતિ દ્વારા દેશના આર્થિક વિકાસમાં મદદરૂપ બન તેવા ક્ષેત્રોને પૂરતું ધિરાણ પ્રાપ્ત થાય એ પાયાનો ઉદ્દેશ છે.

**બિન ઉત્પાદકીય હેતુઓ માટેના શાખ નિયંત્રણ કરવા માટે**

સામાન્ય રીતે શાખ નિયમન યોગ્ય સમયે અને અસરકારક રીતે અમલ કરવામાં આવે તો તેનાં માઠા પરિણામ ભોગવવા માટે દેશની સરકાર અને દેશના નાગરિકોએ તૈયાર રહેવું પડે છે. દેશની મધ્યસ્થ બેન્કે સૌ પ્રથમ એ ભદ નક્કી કરવો જોઈએ. એ દેશમાં જે કોઈ પણ પ્રવૃત્તિ ચાલે છે તેમાંથી ઉત્પાદકીય પ્રવૃત્તિ અને બિન ઉત્પાદકીય પ્રવૃત્તિ કઈ કઈ છે અને જે ઉત્પાદકીય પ્રવૃત્તિ છે તેમના માટે સસ્તા નાણાંકીય નીતિનો અમલ અને જે પ્રવૃત્તિ બિન ઉત્પાદકીય છે તેમના માટે મોંઘી નાણાંકીય નીતિ અમલમાં મુકવામાં આવે તો દેશમાં બિન ઉત્પાદકીય હેતુઓ માટે અસરકારક શાખ નિયંત્રણ થાય.

**નાણાંના પુરવઠાનો વિવેકપૂર્વક ઉપયોગ કરવા માટે**

સામાન્ય રીતે સસ્તી નાણાકીય નીતિ એટલે સરળતાથી ઓછા વ્યાજના દરે મળતું નાણું. જો દેશમાં સસ્તા દરે નાણું મળતું હશે તો સ્વાભાવિક છે કે નાણાંનો દૂર ઉપયોગ, દૂર વ્યય થવાનો જ છે. જેની અસર દેશની ભાવસપાટીને થશે. પરંતુ જો મોંઘી નાણાંકીય નીતિ અમલમાં મુકવામાં આવે તો અર્થતત્રમાં મંદી આવવાની શક્યતાઓ પણ જોવા મળે છે. આમ, નાણાંકીય નીતિ ખૂબ સસ્તી અને ખૂબ મોંઘી પણ હોવી જોઈએ. કારણ કે સસ્તા વ્યાજના દરે મળતા નાણાંનો વિવેકપૂર્ણ ઉપયોગ થતો નથી. પરિણામે મધ્યસ્થ બેન્ક એવી નાણાકીય નીતિ અમલમા મુકે છે. જેથી નાણાંના પુરવઠાનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય.

**મધ્યસ્થ બેન્કનાં નાણાંકીય નીતિનાં ઘટકો (સાધનો)**

| (અ) | (બ) | (ક) |
|---|---|---|
| સામાન્ય શાખનિયમનનાં સાધનો | ગુણાત્મક શાખનિયમનનાં સાધનો | નૈતિક સમજાવટ |
| • બેન્ક દરની નીતિ | • ગુણાત્મક શાખનિયમનનાં સાધનો | |
| • રોકડ અનામતના પ્રમાણમાં ફેરફારની નીતિ | • સાખની માપબંધી | |
| • ખુલ્લા બજારની નીતિ | • ઋણની મર્યાદામાં ફેરફાર | |
| • કાયદા માન્ય પ્રવાહિતામાં ફેરફાર | • સીધાં પગલાં | |

ઉપરોક્ત ઘટકોની વિસ્તૃત ચર્ચા હવે પછી કરીએ.

14.6 નાણાંકીય નીતિનાં ઘટકોનો / સાધનોનો પરિચય

આપણે અગાઉ જોઈ ગયા તે નાણાંકીય નીતિનાં ઘટકો / સાધનોનો અહીં વિગતે ચર્ચા કરીએ.

14.6.1. સામાન્ય શાખનિયમનનાં સાધનો

નાણાંનો પુરવઠો સમગ્ર અર્થકારણમાં એક નિર્ણાયક પરિબળ માનવામાં આવે છે. નાણાંના પુરવઠામાં થતાં ફેરફારોની સમગ્ર અર્થકારણ પર અસર પડે છે. તેથી પરિસ્થિતિ અનુસાર અર્થતંત્રમાં નાણાંના કુલ પુરવઠાનું નિયમન થાય તે જરૂરી છે. નાણાંનો પુરવઠો એ મુખ્યત્વે બે બાબતોનો બનેલો જોવા મળે છે. જેમાં એક કાયદેસરનું નાણું અને બીજું બેન્ક નાણું છે. કાયદેસરનું નાણું મધ્યસ્થ બેન્ક દ્વારા બહાર પાડવામાં આવતું હોવાથી આ

કાયદેસરના નાણાં પર બેન્ક સીધો અંકુશ રાખી શકે છે પરંતુ બેન્કનાણું કે શાખીનાણું

એ વેપારી બેન્કો દ્વારા સર્જન થતું હોવાથી તેના પર નિયંત્રણ રાખવું જરૂરી બને છે. આ માટે મધ્યસ્થ બેન્કને કાયદા દ્વારા સત્તા આપવામાં આવી છે. આમ, સત્તાની રૂએ મધ્યસ્થ બેન્ક પરિસ્થિતિ અનુસાર નાણાંના પુરવઠા પર જે નિયંત્રણ મૂકે છે તેને શાખ નિયંત્રણનું કાર્ય કહેવામાં આવે છે.

- બેન્કદરની નીતિ

જ્યારે દેશની મધ્યસ્થ બેન્ક દેશની વેપારી બેન્કોને જે વ્યાજના દરે ટૂંકાગાળા માટે જે લોન (ઉધારપૈસા / ધિરાણ) આપે છે તે વ્યાજના દરને બેન્ક દર કહેવામાં આવે છે. જેનું બીજું નામ ફેર વટાવ દર પણ છે. આ વ્યાજના દરના આધારે બેન્કના અન્ય વ્યાજના દરનું નિર્ધારણ થતું હોવાથી તેને રેફરેન્સ રેટ' તરીકે પણ ઓળખવામાં આવે છે. જ્યારે વેપારી બેન્કો જે દરે ગ્રાહકોને લોન આપે છે તે દરને વ્યાજનો દર કહેવામાં આવે છે. જો બેન્ક રેટ વધારે તો વ્યાજનો દર પણ વધારે અને જો બેન્ક રેટ ઓછો તો વ્યાજનો દર પણ ઓછો. આમ, બેન્ક રેટ અને વ્યાજના દર વચ્ચે સીધો સંબંધ જોવા મળે છે. જો બેન્ક રેટમાં વધારો થવાથી વેપારી બેન્કોને મધ્યસ્થ બેન્ક પાસેથી ધિરાણ મેળવવા માટે ઊંચો દર ચૂકવવો પડે છે. આથી વેપારી બેન્કો પણ વ્યાજનો દર વધારે છે. વ્યાજનો દર વધવાથી વેપારી વર્ગ, ઉત્પાદક વર્ગ, નિયોજકો વગેરે નાણાંની માંગ ઓછી કરે છે. જેથી બિનજરૂરી મૂડીરોકાણ અથવા બિનજરૂરી નાણાંની માંગ બંધ થાય છે અને જૂની લોન મોંઘી બનતાં જૂની લોન પણ ઝડપથી પાછી (ભરપાઈ થઇ જય છે) આવે છે. આમ, શાખસર્જન પર નિયંત્રણ આવે છે. આ દર મધ્યસ્થ બેન્ક નક્કી કરે છે. વેપારી બેન્કો તેમના પ્રથમ કક્ષાના વિનિમય પત્રો મધ્યસ્થ બેન્ક પાસે ફેર વટાવ કરવા માટે મૂકે છે. જેના પર મધ્યસ્થ બેન્ક જે વ્યાજ દર વસુલ કરે છે તે બેન્કદર છે. સામાન્ય રીતે દેશના ઉદ્યોગો અને વેપારી વર્ગને નાણાંની જરૂર પડે છે ત્યારે તેઓ વેપારી બેન્કને તેમના પ્રથમ કક્ષાના વિનિમયપત્રો વટાવીને નાણું મેળવે છે. તેવી જ રીતે વેપારી બેન્કને જ્યારે ટૂંકાગાળા માટે નાણાંની જરૂર પડે છે ત્યારે તે પોતાના પ્રથમ કક્ષાના વિનિમય પત્રો મધ્યસ્થ બેન્ક પાસે વટાવીને નાણું મેળવે છે તેના પર મધ્યસ્થ બેન્ક જે વ્યાજનો દર વસુલ કરે છે તેને બેન્ક દર તરીકે ઓળખવામાં આવે છે.

રેપોરેટ : આ દરની નીતિ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા 1992 થી દાખલ કરવામાં આવી હતી. દેશની મધ્યસ્થ બેન્ક જે વ્યાજના દરે વેપારી બેન્કો પાસેથી લોન લે છે તે વ્યાજના દરને રેપોરેટ તરીકે ઓળખવામાં આવે છે. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા **'રોકડ અનુકૂલન સગવડ' (LAF) (LIQUIDITY ADJUSTMENT FACILITY)** નીતિની મદદ લઈને અર્થતંત્રમાં રોકડ તરલતાનું પ્રમાણ જાળવે છે. આ નીતનો અમલ મધ્યસ્થ બેન્ક દ્વારા જૂન 2000થી અમલ કરવામાં આવે છે.

રિવર્સ રેપો રેટ : દેશની મધ્યસ્થ બેન્ક જે વ્યાજના દરે દેશની વેપારી બેન્કોને લાંબાગાળા માટે લોન આપે છે અને તેના પર જે વ્યાજ વસુલ કરવામાં આવે છે તે વ્યાજના દરને **'રિવર્સ રેપો રેટ'** કહેવામાં આવે છે.

- રોકડ અનામતના પ્રમાણમાં ફેરફારની નીતિ

આ ધારો, 1934ની કલમ 42 હેઠળ દરેક શિડ્યુલ બેન્કે પોતાની થાપણના અમુક ટકા રકમ રિઝર્વ બેન્કને અનામત તરીકે મૂકવાની હોય છે. શાખ નિયંત્રણના સાધન તરીકે આ સાધનનો ઉપયોગ સૌપ્રથમ 1933માં દાખલ કરવામાં આવ્યો હતો. પરંતુ 1935માં આ કાયદામાં સુધારો કરીને 1936માં તેનો અમલ કરવામાં આવ્યો હતો. આ નીતિનો ઉપયોગ મેકિસકો, સ્વિડન, ઓસ્ટ્રેલિયા, બર્મા, પશ્ચિમ જર્મની, ભારત, શ્રીલંકા, કેનેડા, વગેરે દેશોમાં તેનો અમલ કરવામાં આવ્યો હતો. રોકડ અનામતના પ્રમાણમાં ફેરફાર એટલે

દેશની વેપારી બેન્કોએ તેમની પાસે આવેલી કુલ રોકડ થાપણોના અમુક ટકા(પ્રમાણ)માં રકમ રોકડ સ્વરૂપમાં રિઝર્વ બેંકમાં ફરજીયાત જમા કરાવવી પડે છે. જેને ટૂંકમાં CRR (CASH RESERVE RATIO) કહેવામાં આવે છે. અહીં વેપારી બેન્કોના ધિરાણ અને રોકડ અનામતના પ્રમાણ વચ્ચે વ્યસ્ત સંબંધ જોવા મળે છે. એટલે કે જો રોકડ અનામતનું પ્રમાણ ઊંચું હોય તો વેપારી બેન્કો તેમનું ધિરાણ ઓછું કરી શકે છે કારણ કે રોકડ અનામતનું પ્રમાણ ઊંચું હોવાના કારણે વેપારી બેન્કોની મોટાભાગની રોકડનું પ્રમાણ દેશની મધ્યસ્થ બેન્ક પાસે જાય છે અને તેનાથી ઊલટું જો રોકડ અનામતનું પ્રમાણ નીચું હોય તો વેપારી બેન્કો તેમનું ધિરાણ વધારે કરી શકે છે. કારણ કે રોકડ અનામતનું પ્રમાણ નીચું હોવાના કારણે વેપારી બેન્કોની મોટાભાગની રોકડનું પ્રમાણ પોતાની પાસે રહેતી હોવાથી દેશની મધ્યસ્થ બેન્ક પાસે રોકડ રકમ ઓછી જાય છે અને તેથી વેપારી બેન્ક વધારે ધિરાણ કરી શકે છે.

- ખુલ્લા બજારની નીતિ

આ નીતિ અન્વયે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા ધારો, 1934ની કલમ 17(8) હેઠળ દરેક વેપારી બેન્કે રિઝર્વ બેન્કને ખુલ્લા બજારમાંથી સરકારી જામીનગીરીઓ (કેન્દ્ર સરકાર અને રાજય સરકારોના ટ્રેઝરી બિલ, ટ્રેઝરી બોન્ડ, સ્થાનિક સરકારની જામીનગીરીઓ વગેરે)નું ખુલ્લા બજારમાં ખરીદવેચાણ કરીને અર્થતંત્રમાં નાણાંના પુરવઠા પર નિયંત્રણ મૂકે છે અને તેની અસર બેન્કોની થાપણો અને અનામત પર થાય છે. રિઝર્વ બેન્ક જ્યારે ખુલ્લા બજારમાં જામીનગીરી વેચવા મૂકે છે ત્યારે દેશની પ્રજા, સરકાર અને વેપારી બેન્કો આ જામીનગીરી ખરીદે છે અને બદલામાં મધ્યસ્થ બેન્કને નાણાં પ્રાપ્ત થાય છે એટલા પ્રમાણમાં દેશની પ્રજા પાસે, વેપારી બેન્ક પાસે અને સરકાર પાસે નાણાંનું પ્રમાણ ઓછું રહે છે. આમ, જેટલા પ્રમાણમાં જામીનગીરીની ખરીદી થાય છે તેટલા પ્રમાણમાં અર્થતંત્રમાંથી નાણાંનું પ્રમાણ દેશની મધ્યસ્થ બેન્ક પાસે આવવાથી તેટલાં પ્રમાણમાં લોકોની ખરીદ શકિત ઓછી થાય છે અને આ પરોક્ષ રીતે વસ્તુઓ અને સેવાઓની માંગમાં ઘટાડો થતાં ભાવવધારો થવાની શકયતા ઓછી રહે છે. પરંતુ આપણા દેશમાં ખુલ્લા બજારમાં જામીનગીરીના ખરીદ-વેચાણનું બજાર જોઈએ તેટલા પ્રમાણમાં વિકાસ પામ્યું નથી અને તેના કારણે આ સાધન વધારે પ્રમાણમાં ઉપયોગી બન્યું નથી. કારણકે મધ્યસ્થ બેન્ક પાસે પૂરતાં પ્રમાણમાં જામીનગીરીનો જથ્થો નથી વળી, આ જામીનગીરી ખરીદનારની સંખ્યા ઓછી હોય તો ધારણા મુજબની અસર ઉપજાવી શકતું નથી.

- કાયદા માન્ય પ્રવાહિતાનો દર (SLR) (STATURORY LIQUIDITY RATIO)

વેપારી બેન્કોમાં જમા થતી કુલ થાપણોના અમુક ટકા રકમ વેપારી બેન્કોએ મધ્યસ્થ બેન્કની સૂચના અનુસાર સરકારી જામીનગીરીઓમાં ફરજીયાત રોકવી. આ દરને કાયદા માન્ય પ્રવાહિતાના દર તરીકે ઓળખવામાં આવે છે. મધ્યસ્થ બેન્ક CRRની જેમ જ SLR દ્વારા વેપારી બેન્કોના શાખ સર્જન પર નિયંત્રણ મૂકે છે. અહી વેપારી બેન્કોના ધિરાણ અને કાયદા માન્ય પ્રવાહિતાના વચ્ચે વ્યસ્ત સંબંધ જોવા મળે છે. એટલે કે જો કાયદા માન્ય પ્રવાહિતાનો દર ઊંચો હોય તો વેપારી બેન્કો તેમનું ધિરાણ ઓછું કરી શકે છે કારણ કે કાયદા માન્ય પ્રવાહિતાના દરનું પ્રમાણ ઊંચું હોવાના કારણે વેપારી બેન્કોની મોટાભાગની થાપણો કાયદા માન્ય પ્રવાહિતા તરફ જશે અને તેનાથી ઉલટું જો કાયદા માન્ય પ્રવાહિતાનો દર નીચો હોય તો વેપારી બેન્કો તેમનું ધિરાણ વધારે કરી શકે છે, કારણ કે કાયદા માન્ય પ્રવાહિતાનો દર નીચો હોવાના કારણે વેપારી બેન્કોની મોટાભાગની રોકડનું પ્રમાણ પોતાની પાસે રહેતી હોવાથી કાયદા માન્ય પ્રવાહિતામાં આ રોકડ રકમ ઓછી જશે છે અને તેથી વેપારી બેન્ક વધારે ધિરાણ કરી શકે છે.

### 14. 6. 2 ગુણાત્મક શાખનિયમનનાં સાધનો

આપણે સામાન્ય શાખ નિયમનનાં સાધનો જોયા બાદ હવે આપણે મધ્યસ્થ બેન્ક શાખ નિયંત્રણની નીતિમાં ગુણાત્મક શાખનિયમનના સાધનોનો ઉપયોગ કરે છે તેનો અભ્યાસ કરીશું. સામાન્ય શાખ નિયમનના પગલાંની મુખ્ય મર્યાદા એ છે કે તે અર્થતંત્રના બધાં જ વ્યાજના દર પર એકસરખી અસર કરે છે. જેના પરિણામ સ્વરૂપે ક્યારેક મંદી આવવાની કે અર્થતંત્રને ખરેખર મૂડીની જરૂર હોય છે ત્યારે પૂરતું મૂડીરોકાણ પ્રાપ્ત થતું નથી. આમ, માત્ર બિનજરૂરી નાણાંની માંગને ઘટાડવા માટે, સંગ્રહખોરી દૂર કરવા માટે અને સટ્ટાકિય હેતુ માટે થતી નાણાંની માંગને ઓછી કરવા માટે ઘણીવાર એવું પણ જોવા મળે છે કે સામાન્ય શાખનિયમનની સરખામણીમાં ગુણાત્મક શાખનિયમનનાં સાધનો વધારે ઉપયોગી અને અસરકારક બને છે. વેપારી બેન્કોના બિનજરૂરી ધિરાણ તથા ધિરાણનો સટ્ટાકિય હેતુ, સંગ્રહખોરી અને અનઉત્પાદક હેતુ વગેરે માટે થતો ઉપયોગ અટકાવવા માટે આ સાધન વધારે ઉપયોગી બને છે. આ સાધનો નીચે મુજબ છે.

#### 14.6.2.1 શાખની માપબંધી

સૌ પ્રથમ આ પગલાનો ઉપયોગ 18મી સદીના અંતમાં બેન્ક ઑફ ઇંગ્લેન્ડે કર્યો હતો. ત્યારબાદ વિશ્વના અન્ય દેશોએ આ પગલાનો ઉપયોગ કર્યો હતો. જેમાં જર્મનીએ 1924માં, 1936માં બેન્ક ઑફ મેક્સિકોએ, 1948માં બેન્ક ઑફ ફ્રાન્સે આ પગલાં લીધા હતાં. જેના અનુભવ પરથી ભારતની મધ્યસ્થ બેન્કે 1965થી 'ક્રેડીટ ઓથોરાઈઝેશન યોજના' હેઠળ વેપારી બેન્કો દ્વારા આપવામાં આવતાં મોટા ધિરાણ પર અંકુશ, નિયમન મૂકી શકે છે. શાખની માપબંધી એટલે શાખ માટેની માંગણીઓને ધ્યાનમાં લઈ મધ્યસ્થ બેન્ક દ્વારા થતી ધિરાણની ફાળવણી. મધ્યસ્થ બેન્કે આ સાધનોનો છેલ્લાં ઘણાં સમયથી વધારે ઉપયોગ કર્યો છે. રિઝર્વ બેન્કે જુદાં જુદાં સમયે અમુક મર્યાદા કરતાં વધારે પ્રમાણમાં કરવાના થતાં ધિરાણ પર વેપારી બેન્કે મંજૂરી લેવી પડતી હોય છે. 1965માં 1 કરોડથી વધારે રૂપિયાના ધિરાણ માટે મંજૂરી લેવાની હતી, 1982 આ મર્યાદા 3 કરોડની કરવામાં આવી હતી.

#### 14. 6. 2. 2 ઋણની મર્યાદામાં ફેરફાર

શાખનિયમન અંગેના આ પગલાંનો ઉપયોગ સૌ પ્રથમ અમેરિકાએ 1934માં 'સિક્યુરિટીઝ એક્સચેન્જ એક્ટ' પસાર કરીને કર્યો હતો. સટ્ટાકિય હેતુ માટે થતાં ધિરાણને નિયંત્રણમાં લેવા માટે આ પગલાનો ઉપયોગ કરવામાં આવે છે. થાપણ તરીકે મૂકવામાં આવેલી અસ્કયામતો અને જામીનગીરીઓની કિંમત અને ધિરાણની રકમ વચ્ચેના માર્જિનમાં ફેરફાર કરીને રિઝર્વ બેન્ક શાખાનું નિયમન કરે છે. આમ, જામીનગીરી તથા અસ્કયામતોની કિંમત અને ધિરાણ તરીકે આપવામાં આવતી લોનની રકમ વચ્ચેના માર્જિનમાં ફેરફાર કરીને મધ્યસ્થ બેન્ક શાખ નિયમન કરે છે. વેપારીઓ કે ઉદ્યોગપતિઓ તેમની પાસે રહેલા માલ પર ધિરાણ માંગે છે ત્યારે વેપારી બેન્કો આ માલના અમુક ટકા માર્જિન રાખીને ધિરાણ આપે છે. આ સાધનનો મુખ્ય હેતુ વસ્તુઓ અને સેવાઓની સંગ્રહખોરી દૂર કરવાનો છે. જે ઉદ્યોગ સાહસિકો આવી સંગ્રહખોરી કરે છે તેમણે ખૂબ જ ઓછું ધિરાણ મળે છે.

#### 14. 6. 2. 3 શાખ પ્રચાર પર નિયમન

બીજા વિશ્વ યુદ્ધ બાદ ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝિલેન્ડ, બેલ્જીયમ, કેનેડા વગેરે દેશોએ આ નીતિનો ઉપયોગ કર્યો હતો. ફુગાવાને નિયંત્રણમાં લેવા માટે શાખ નિયમનનું આ પગલું અગત્યનું માનવામાં આવે છે. રિઝર્વ બેન્કનું શાખ પ્રચાર પર નિયમનનું પગલું અર્થતંત્રમાં ખૂબ જ અસરકારક અને પ્રભાવશાળી સાબિત બન્યું છે. જે ઉદ્યોગોને જરૂરિયાત છે અને ધિરાણ રૂપે પ્રોત્સાહન આપવાનું જરૂર લાગે છે તે ઉદ્યોગોને જ ધિરાણ આપવામાં

આવે છે. જેથી કરીને બિનજરૂરી અને જરૂરિયાત વગરના ઉદ્યોગોને ધિરાણ આપવામાં આવતું નથી. આ ઉપરાંત મધ્યસ્થ બેન્ક વેપારી બેન્કોને તેમની નાણાંકીય પરિસ્થિતિ, વેપારી બેન્કે કરેલા કાર્યનો અહેવાલ મંગાવી, વેપારી બેન્કોએ તેમની અસ્કયામતો, જવાબદારીઓ, થાપણો, રોકડ અનામત, કુલ ધિરાણ વગેરે બાબતો અંગેની માહિતી મધ્યસ્થ બેન્કને સમય સમય પર મોકલવી પડે છે જેને મધ્યસ્થ બેન્ક પ્રકાશિત કરે છે. આમ, મધ્યસ્થ બેન્કના પ્રકાશિત કરવાનાં પગલાંનાં કારણે કોઈ પણ વેપારી બેન્ક મધ્યસ્થ બેન્કના નિયમોનું ઉલ્લંઘન કરતું નથી.

14.6.2.4 સીધાં પગલાં

જો કોઈ વેપારી બેન્ક મધ્યસ્થ બેન્કે બનાવેલા નિયમો અને આદેશોનું પાલન ન કરે અને મધ્યસ્થ બેન્કની વિરોધી નીતિ અપનાવે તો મધ્યસ્થ બેન્ક જે તે વેપારી બેન્કની વિરુદ્ધ સીધાં જ શિક્ષાત્મક પગલાં ભરવાની સંપૂર્ણ સત્તા ધરાવે છે, જેમાં મધ્યસ્થ બેન્ક દ્વારા આપવામાં આવતી વેપારી બેન્કોની તમામ સગવડ પાછી ખેંચી લે છે. વેપારી બેન્કોને નવું ધિરાણ અને નવી લોન આપવાનું બંધ કરે છે. આમ, દરેક વેપારી બેન્ક મધ્યસ્થ બેન્કની નાણાંકીય નીતિ અનુસરવા માટે બંધાયેલી છે. જોકે સીધાં પગલાંની કેટલીક મર્યાદા પણ છે જેમ કે મધ્યસ્થ બેન્ક વેપારી બેન્ક પર શિક્ષાત્મક પગલાં લે છે ત્યારે મધ્યસ્થ બેન્ક અને વેપારી બેન્કો વચ્ચેના સંબંધમાં કડવાશ આવે છે, બંને બેન્કો વચ્ચે થતાં કાર્યમાં ખટપટ થવાની શક્યતા રહેલી હોવાથી મધ્યસ્થ બેન્ક નૈતિક સમજાવટ દ્વારા પણ શાખ નિયંત્રણ મૂકે છે.

14. 6. 3 નૈતિક સમજાવટ

વર્તમાન સમયે વિશ્વના ઘણાં દેશોમાં આ સાધનોનો ઉપયોગ ખૂબ જ વધુ પ્રમાણમાં થાય છે. ઈંગ્લેન્ડ, ફ્રાંસ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝિલેન્ડ વગેરે દેશોમાં આ નીતિ ખૂબ જ સફળ નીવડી છે. નૈતિક સમજાવટનો માર્ગ એટલે એવો માર્ગ જેમાં કોઈ પણ પ્રકારના શિક્ષાત્મક પગલાં નહીં લેવાનો અને માત્ર સમજાવટ દ્વારા કાર્ય કરવાનો માર્ગ. આ નીતિમાં મધ્યસ્થ બેન્ક વેપારી બેન્કોને યોગ્ય સલાહ સૂચન, માર્ગદર્શન આપે છે. આ નીતિનો મુખ્ય લાભ એ થાય છે જ્યાં સુધી નૈતિક સમજાવટથી શાખ નિયંત્રણ થતું હોય તો કડક સીધાં શિક્ષાત્મક પગલાં લેવાની મધ્યસ્થ બેન્કને જરૂર પડતી નથી. નૈતિક સમજાવટથી વેપારી બેન્ક અને મધ્યસ્થ બેન્ક વચ્ચે સહકારનું વાતાવરણ જળવાય છે. આ પગલું વર્તમાન સમયે ખૂબ જ મહત્ત્વનું છે કારણ કે આ પગલાંમાં મધ્યસ્થ બેન્ક વેપારી બેન્કોને કયા ક્ષેત્રમાં ધિરાણ આપવું ? કેવી રીતે ધિરાણ આપવું ? કેટલું ધિરાણ આપવું ? કેવા ઉદ્યોગોને ધિરાણ ન આપવું વગેરે અંગે વિનંતી કરતી હોવાથી વિવિધ બેન્કોનો મધ્યસ્થ બેન્ક સાથેનો વ્યવહાર સુલેહ અને સહકારમય બને છે.

નાણાંકીય નીતિની મર્યાદાઓ

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ આર્થિક સ્થિરતા અને આર્થિક વિકાસ પ્રાપ્ત કરવા માટે નાણાંકીય નીતિને મહત્ત્વ આપ્યું હતું પરંતુ ૧૯૨૯માં આવેલી વૈશ્વિક મહામંદીએ નાણાંકીય નીતિની કામગીરી પરની સ્પષ્ટ મર્યાદાઓ જોવા મળી છે. વળી, 1929ની વૈશ્વિક મહામંદીમાંથી સમગ્ર વિશ્વને ઉગારવા માટે આધુનિક અર્થશાસ્ત્રના પિતા' જે.એમ.કેઈન્સે' (જહોન મેનાર્ડ કેઈન્સ) દ્વારા 'જનરલ થીયરી' નામના પુસ્તકમાં રાજકોષીય નીતિ પર ખૂબ જ ભાર મૂક્યો હતો. ભારતના સંદર્ભમાં કહીએ તો નાણાંકીય નીતિ સફળ હોવા છતાં ભારતમાં બિન-નાણાકીય વિભાગનું અસ્તિત્વ જોવા મળે છે. સુવ્યવસ્થિત નાણાં બજારનો અભાવ, વેપારી બેન્કોની નફાકારકતામાં ઘટાડો, સંપૂર્ણ બિલ બજારનો અભાવ,

નાણાંકીય નીતિની વિલંબિત થતી અસર, ભાવતંત્રનો મુક્ત રીતે કાર્ય કરવાનો અભાવ, સામાજિક તથા સંસ્થાકીય અવરોધો, વ્યાજના દરના સંકલિત માળખાનો અભાવ, રૂપિયાના આંતરરાષ્ટ્રીય મૂલ્યમાં સ્થિરતાનો અભાવ, શાખી નાણાંનો ઓછો ઉપયોગ, બેન્કિંગ સંસ્થાઓનો ઓછો સહકાર, રિઝર્વ બેન્કનો માત્ર નાણાંક્ષેત્ર પર જ જોવા મળતો અંકુશ, અર્થતંત્રમાં જોવા મળતું કાળુંનાણું, કરચોરી, મધ્યસ્થ બેન્કની યોગ્ય દેખરેખની કામગીરીનો અભાવ, રાજકીય નેતાઓ અને બેન્ક વહીવટ વચ્ચેનો વિવાદ, નાણાંકીય નીતિ અને રાજકોષીય નીતિ વચ્ચે સંકલનનો અભાવ વગેરે પરીબળોના કારણે ભારતમાં નાણાંકીય નીતિ સંપૂર્ણ સફળ નીવડી નથી.

## 14. 7 સારાંશ

વર્તમાન અર્થતંત્ર કેટલું મુશ્કેલી ભર્યું છે અને અર્થતંત્રની સમસ્યાઓ એટલી જટિલ અને ગૂંચવણ ભરેલી જોવા મળે છે કે, માત્ર નાણાંકીય નીતિ દ્વારા દેશની તમામ મુશ્કેલીઓ દૂર કરી શકાય તેમ નથી. આપણે આ પ્રકરણની પ્રસ્તાવનામાં જ જોઈ ગયા તેમ કોઈ પણ દેશના આર્થિક વિકાસનો આધાર દેશની વહીવટી નીતિ, રાજકોષીય નીતિ અને નાણાંકીય નીતિ પર રહેલો છે. આમ, માત્ર નાણાંકીય નીતિ પર આધાર રાખીને આપણે આર્થિક સ્થિરતા પ્રાપ્ત કરી શકીએ તેમ નથી. માટે જો દેશીની નાણાંકીય નીતિ, રાજકોષીય નીતિ અને વહીવટી નીતિ વચ્ચે યોગ્ય સુમેળ અને સંકલન જળવાય તો અપેક્ષિત પરિણામ પ્રાપ્ત થાય તેમ છે. આમ, છતાં નાણાંકીય નીતિ સંપૂર્ણ નિષ્ફળ નીવડી છે એવું કહેવું યોગ્ય નથી. રિઝર્વ બેન્ક અને નાણાંકીય નીતિની મર્યાદાઓ હોવા છતાં આજે વિશ્વના આર્થિક વિકાસમાં એક ઉભરતા દેશ તરીકે નાણાંક્ષેત્રનો આધાર મુખ્ય અને પાયારૂપ છે.

## 14. 8 ચાવીરૂપ શબ્દો / શબ્દાવલી

બિન બેન્કિંગ નાણાંકીય સંસ્થાઓ : પ્રજાની બચતો અને થાપણોને એકત્રિત કરીને તેને ઉત્પાદન પ્રવૃત્તિ તરફ લાવે છે, આવી સંસ્થાઓને બિન બેન્કિંગ નાણાંકીય સંસ્થાઓ કહેવામાં આવે છે. લીગલ ટેન્ડર અથવા ફિયાટ મની : જે ચલણી નોટો અને સિક્કાઓ કે જે મધ્યસ્થ બેન્ક છાપવાનું અને બહાર પાડવાનું કાર્ય કરે છે તે સિક્કા અને નોટોને "લીગલ ટેન્ડર' અથવા 'ફિયાટ મની' તરીકે ઓળખવામાં આવે છે.

રાજકોષીય નીતિ : સરકારની આવક-જાવક સાથે સંકળાયેલી નીતિને રાજકોષીય નીતિ તરીકે ઓળખવામાં આવે છે.

નાણાંકીય નીતિ : નાણાંનો જથ્થો અને તેના મૂલ્યને અસર કરનારી બધી વિગતો અંગેની નીતિ એટલે નાણાંકીય નીતિ. નાણાંકીય નીતિ એ કોઈપણ દેશની સમગ્ર આર્થિક નીતિનું એક અગત્યનું અભિન્ન અંગ છે. નાણાંકીય નીતિને કેન્દ્રીય બેન્કની નીતિ તથા મધ્યસ્થ બેન્કની નીતિ તરીકે ઓળખવામાં આવે છે. નાણાંના પુરવઠાને નિયંત્રણ કરવા અંગેની નીતિ.

બેન્કદરની નીતિ : જ્યારે દેશની મધ્યસ્થ બેન્ક દેશની વેપારી બેન્કોને જે વ્યાજના દરે ટૂંકાગાળા માટે જે લોન (ઉધારપૈસા / ધિરાણ) આપે છે તે વ્યાજના દરને બેન્કદર કહેવામાં આવે છે. જેનું બીજું નામ ફેર વટાવ દર અને 'રેફરેન્સ રેટ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

રેપોરેટ : આ દરની નીતિ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ 1992 થી દાખલ કરી હતી. દેશની મધ્યસ્થ બેન્ક જે વ્યાજના દરે વેપારી બેન્કો પાસેથી લોન લે છે તે વ્યાજના દરને 'રેપોરેટ' તરીકે ઓળખવામાં આવે છે.

રિવર્સ રેપો રેટ : દેશની મધ્યસ્થ બેન્ક જે વ્યાજના દરે દેશની વેપારી બેન્કોને લાંબાગાળા માટે લોન આપે છે અને તેના પર જે વ્યાજ વસુલ કરવામાં આવે છે તે વ્યાજના દરને 'રિવર્સ રેપોરેટ' કહેવામાં આવે છે.

રોકડ અનામતનું પ્રમાણ : દેશની વેપારી બેન્કોએ તેમની પાસે આવેલી કુલ રોકડ થાપણોના અમુક ટકા(પ્રમાણ)માં રકમ રોકડ સ્વરૂપમાં રિઝર્વ બેન્કમાં ફરજીયાત જમા કરાવવી પડે છે. જેને રોકડ અનામતના પ્રમાણ તરીકે ઓળખવામાં આવે છે, જેને ટૂંકમાં (CRR) (CASH RESERVE RATIO) કહેવામાં આવે છે.

કાયદા માન્ય પ્રવાહિતા : વેપારી બેન્કોમાં જમા થતી કુલ થાપણોના અમુક ટકા રકમ વેપારી બેન્કોએ મધ્યસ્થ બેન્કની સૂચના અનુસાર સરકારી જામીનગીરીઓમાં ફરજીયાત રોકવી. આ જામીનગીરીને કાયદા માન્ય પ્રવાહિતા તરીકે ઓળખવામાં આવે છે.

**ટૂંકાક્ષરી :**

RBI :- RESERVE BANK OF INDIA

CRR :- CASH RESERVE RATIO

SLR :- STATURORY LIQUIDITY RATIO

NBFC :- NON BANKING FINANCE CORPORATION

MF :- MUTUAL FUND

LIC :- LIFE INSURACE OF CORPORATION

LAF :- LIQUIDITY ADJUSTMENT FACILITY

FERA :- FOREIGN EXCHANGE REGULATION ACT

FEMA :- FOREIGN EXCHANGE MANAGEMENT ACT

## 14. 9 તમારી પ્રગતિ ચકાસો

14. 9 (ક) વિસ્તૃત જવાબના પ્રશ્નો

(1) મધ્યસ્થ બેન્કનો પરિચય ટૂંકમાં લખો.

(2) મધ્યસ્થ બેન્કનાં કાર્યો વર્ણવો.

(3) નાણાંકીય નીતિનો અર્થ, વ્યાખ્યા અને ઘટકોનું વિસ્તૃત વર્ણન કરો.

(4) નાણાંકીય નીતિના ઉદ્દેશો જણાવો.

14. 9 (ખ) ટૂંકમાં જવાબ આપો.

(1) શાખ નિયંત્રણ એટલે શું ?

(2) મધ્યસ્થ બેન્કના શાખનિયમનનાં ગૌણ કાર્યો લખો.

(3) સામાન્ય શાખનિયમનનાં સાધનો કેટલાં છે અને કયા કયા ?

(4) તમારી દૃષ્ટિએ નાણાંકીય નીતિની મર્યાદાઓ જણાવો.

(5) શાખ નિયમનનાં પગલાં તરીકે નૈતિક સમજાવટનાં પગલાંને ટૂંકમાં સમજાવો.

(6) બેન્ક દરની નીતિ કેવી રીતે શાખને નિયંત્રણમાં લાવે છે ?

(7) રોકડ અનામતનું પ્રમાણ એટલે શું ? શાખ નિયંત્રણમાં રોકડ અનામતનું મહત્ત્વ લખો.

(8) મધ્યસ્થ બેન્ક ખુલ્લા બજારની નીતિ દ્વારા શું કાર્ય કરે છે ?

(9) કાયદા માન્ય પ્રવાહિતા એટલે શું ?

(10) ગુણાત્મક શાખનિયમનનાં સાધનોના નામ લખો.

(11) શાખની માપબંધી એટલે શું ?

(12) સીધાં પગલાં અંતર્ગત મધ્યસ્થ બેન્ક વેપારી બેન્કો પર કેવાં પગલાં લઇ શકે છે ?

(13) તમારી દૃષ્ટિએ સીધાં પગલાં અને નૈતિક સમજાવટ બંને વિકલ્પમાંથી કયો વિકલ્પ શ્રેષ્ઠ રહેશે તે જણાવો ?

14.9 (ગ) હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો :

(1) ભારતમાં ઇમ્પિરિયલ બેન્કનું રાષ્ટ્રીયકરણ ક્યારે કરવામાં આવ્યું હતું ?

(અ) 1955

(બ) 1956

(ક) 1957

(2) ભારતમાં સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની સ્થાપના કયારે થઇ હતી ?

(અ) 1955

(બ) 1956

(ક) 1957

(3) દેશને ફુગાવાની પરિસ્થિતિમાંથી દૂર રાખવા નાણાંકીય નીતિના કયા ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખવો જોઈએ ?

(અ) ભાવ સ્થિરતા

(બ) પૂર્ણ રોજગારી

(ક) વિનિમયદરમાં સ્થિરતા

(4) ‘તટસ્થ નાણાંનો ઉદ્દેશ્ય વ્યવહારુ સૂચન નથી. આ વિધાન કોણે આપ્યું ?

(અ) હાયેક

(બ) હોટ્રે

(ક) મિડ

(5) બેન્ક રેટનું બીજું નામ શું છે ?

(અ) રેફરન્સ રેટ

(બ) રેપોરેટ

(ક) રિવર્સ રેપોરેટ

(6) BR એટલે શું ?

(અ) બેન્ક રેટ

(બ) રેપોરેટ

(ક) રિવર્સ રેપોરેટ

(7) RR એટલે શું ?
(ક) રેપોરેટ
(બ) બેન્ક રેટ
(ક) રિવર્સ રેપોરેટ

(8) RRR એટલે શું ?
(અ) રિવર્સ રેપોરેટ
(બ) રેપોરેટ
(ક) બેન્ક રેટ

(9) SLR એટલે શું ?
(અ) સ્ટેટરી લિકવીડીટી રેસીઓ
(બ) રેપોરેટ
(ક) બેન્ક રેટ

(10) મધ્યસ્થ બેન્કના શાખ નિયમનાં સાધનો કેટલાં છે ?
(અ) ત્રણ
(બ) ચાર
(ક) પાંચ

(11) CRR એટલે શું ?
(અ) કેશ રિઝર્વ રેસીઓ
(બ) રેપોરેટ
(ક) બેન્ક રેટ

(12) MSF એટલે શું ?
અ) માર્જિનલ સ્ટેન્ડીગ ફેસિલીટી
(બ) રેપોરેટ
(ક) બેન્ક રેટ

(13) મધ્યસ્થ બેન્કની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
(અ) 1935
(બ) 1937
(ક) 1947

(14) ભારતમાં ફેક્ટરીંગ સેવા યોજના કયારે અમલમાં આવી હતી ?
(અ) 1991
(બ) 1954
(ક) 1952

(15) ભારતમાં ટ્રેઝરી બિલ કોણ બહાર પાડે છે ?
(અ) રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા
(બ) કેન્દ્ર સરકાર
(ક) રાજ્ય સરકાર

(16) ભારતમાં રિવર્સ રેપોરેટ કરતાં રેપોરેટ કેવો જોવા મળે છે ?

(અ) નીંચો

(બ) ઊંચો

(અ) સરખો

(17) મધ્યસ્થ બેન્કના ઇસ્યૂ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી ચલણી નોટોનું બીજું નામ જણાવો.

(અ) લીગલ ટેન્ડર

(બ) ટ્રેઝરી બિલ

(ક) કોમર્શીયલ પેપર

(18) મધ્યસ્થ બેન્કના ક્યાં વિભાગ દ્વારા ચલણી નોટો બહાર પાડવામાં આવે છે ?

(અ) ઇસ્યુ વિભાગ દ્વારા

(બ) પ્રકાશન વિભાગ દ્વારા

(ક) આંકડા વિભાગ દ્વારા

(19) નીચે પૈકી કયું મધ્યસ્થ બેન્કનું કાર્ય નથી.

(અ) હુંડીઓ વટાવવી

(બ) બેન્કોની બેન્ક તરીકેનું

(ક) સરકારની બેન્ક તરીકેનું

(20) કયા અર્થશાસ્ત્રીએ રાજકોષીય નીતિને મહત્ત્વ આપ્યું હતું ?

(અ) જહોન મેનાર્ડ કેઈન્સ

(બ) મિલ્ટન ફ્રિડમેન

(ક) આલ્ફ્રેડ માર્શલ

(21) નાણાંકીય નીતિ દ્વારા જ દેશનો આર્થિક વિકાસ કરી શકાય છેઆ વિધાન કોણે રજૂ કર્યુ હતું ?

(અ) મિલ્ટન ફ્રિડમેન

(બ) આલ્ફ્રેડ માર્શલ

(ક) જહોન મેનાર્ડ કેઈન્સી

(22) મધ્યસ્થ બેન્ક દ્વારા શિડ્યુલ બેન્કોને તેમની પ્રવાહિતતા જાળવવા માટે જે સવલત આપવામાં આવે છે તેનું નામ જણાવો.

(અ) LAF

(બ) CRR

(ક) SLR

(23) મધ્યસ્થ બેન્કના વહીવટી વડાને શું કહેવામાં આવે છે ?

(અ) રિઝર્વ બેન્કના ગવર્નર

(બ) ભારતના રાષ્ટ્રપતિ

(ક) ભારતના વડાપ્રધાન

(24) રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના પ્રથમ ગવર્નર કોણ હતાં ?

(અ) ઓસ્બોર્ન સ્મિથ

(બ) જેમ્સ ટેલર

(ક) બેનેગલ રામારાવ

(25) રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના વર્તમાન ગવર્નર કોણ છે ?

(અ) શશીકાન્ત દાસ

(બ) ઉર્જિત પટેલ

(ક) રઘુરામ રાજન

- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

14.9 (ગ) હેતુલક્ષી પ્રશ્નના જવાબ.

(1) અ (2) અ (3) અ (4) અ (5) અ (6) અ (7) અ (8) અ (9) અ (10) અ (11) અ (12) અ (13) અ (14) અ (15) અ (16) અ (17) અ (18) અ (19) અ (20) અ (21) અ (22) અ (23) અ (24) એ (25) અ

- ઉપયોગી સંદર્ભ વાચન


- Nigam Durgeshkumar (2017), 'Role of Reserve Bank of India' in Indian economic Development. Lambert Academic Publishing.
- Bajoria Rahul (2018), 'The story of reserve bank of India' Rupa Publication India Pvt. Ltd. New Delhi.
- Sharma Kamal deo and other (2013), 'Monetary Policy of Reserve Bank of India' Regal Publications. 2013.
- Gupta Suraj B. (2010), 'Monetary Economics Institutions, Theory and policy S.Chand Publication.
- Sharma Meenal, 'Monetary Policy Evaluation and practice in India' Shivalik Prakashan.
- B.B. TANDON AND K.K. TANDON (1990), 'INDIAN ECONOMY TATA MC. GRAW HII'
- S.K. MISHRA AND V.K. PURI (1990), 'INDIAN ECONOMY HIMALAYAPUBLISHING HOUSE.' MUMBAI.
- Hand Book of Statistics on Indian Economy-2021.
- https://finmin.nic.in/ https://data.gov.in/
- https://www.cso.ie/en
- https://dbie.rbi.org.in/

# એકમ-15 નાણાંકીય મધ્યસ્થીઓ-II
(વ્યાપારી બેંકો, બિનબેંકિંગ નાણાં સંસ્થાઓ અને વિશિષ્ટ બેંકો)

-: રૂપરેખા :-

15.0 ઉદ્દેશ

15.1 પ્રસ્તાવના

15.2 વ્યાપારી બેંકો

15.2.1 વ્યાપારી બેંકનો અર્થ અને વ્યાખ્યા

15.2.2 વ્યાપારી બેંકનો ઉદ્ભવ

15.2.3 વ્યાપારી બેંકોનાં કાર્યો

15.2.4 વેપારી બેંકોનું મહત્ત્વ અને મર્યાદાઓ

15.3 બિનબેંકિંગ નાણાં સંસ્થાઓ

15.3.1 બિનબેંકિંગ નાણાં સંસ્થાના હેતુઓ અને કાર્યક્ષેત્ર

15.3.2 વેપારી બેંકો અને બિનબેંકિંગ નાણાં સંસ્થાઓ વચ્ચેનો તફાવત

15.4 વિશિષ્ટ નાણાં સંસ્થાઓ

15.4.1 વિશિષ્ટ નાણાં સંસ્થાઓનો પરિચય

15.4.2 વિશિષ્ટ નાણાં સંસ્થાઓનાં લક્ષણો અને મહત્ત્વ

15.5 સારાંશ

15.6 ચાવીરૂપ શબ્દો

15.7 તમારી પ્રગતિ ચકાસો

- તમારી પ્રગતિ ચકાસોના જવાબો
- સંદર્ભ વાચન

## 15.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે –

- વેપારી બેંકનો અર્થ અને કાર્યો સમજી શકશો
- ભારતમાં વેપારી બેંકોનાં કાર્યોનું વિશ્લેષણ કરી શકશો.
- સહકારી બેંકિંગની કામગીરી નોંધી શકશો.
- બિનબેંકિંગ અને વિશિષ્ટ નાણાં સંસ્થાઓનું મહત્ત્વ સમજાવી શકશો.
- બિનબેંકિંગ નાણાં સંસ્થા અને વિશિષ્ટ નાણાં સંસ્થાનાં કાર્યોનું મૂલ્યાંકન કરી શકશો.
- વ્યાપારી બેંક, વિશિષ્ટ બેંક અને બિનબેંકિંગ નાણાં સંસ્થાઓ વચ્ચેનો તફાવત સમજાવી શકશો.

## 15. 1 પ્રસ્તાવના :

વિદ્યાર્થી મિત્રો, આપણા રોજબરોજના જીવનમાં તેમજ એક આર્થિક સંસ્થા તરીકે સમગ્ર અર્થતંત્રમાં બેંકો મહત્વનું સ્થાન ધરાવે છે. નાણાંકીય અને વિનિમયની પદ્ધતિ, સાધનો અને પ્રમાણમાં ફેરફાર આવવા સાથે બેંકોની કામગીરી નથી બદલાઈ પણ તેની કાર્યપદ્ધતિ જરૂર બદલાઈ છે એમ કહી શકાય. બેંકો નાણાંકીય સંસાધનોને ગતિશીલ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. આમ, તે અર્થતંત્રમાં નાની બચતોને ગતિશીલ કરીને પણ બૃહદ એટલે કે સમગ્રલક્ષી અસરો ઊભી કરે છે. આ એકમમાં આપણે વેપારી બેંકો, બિનબેંકિંગ નાણાં સંસ્થાઓ તથા વિશિષ્ટ નાણાં સંસ્થાઓનો પરિચય મેળવવાનાં છીએ.

## 15. 2 વ્યાપારી બેંકો :

15. 2. 1 વ્યાપારી બેંકનો અર્થ અને વ્યાખ્યા :

બેંક શબ્દની આગળ 'વેપારી' શબ્દ રહેલો છે. કારણ કે આ પ્રકારની બેંકો નાણાંનો વેપાર કરે છે ! એટલે કે જ્યારે કોઈ બેંક સામાન્ય પ્રજાનાં નાણાં વ્યાજે ઉધાર લઈને તે જ નાણાં અન્ય કોઈ વ્યક્તિ કે સંસ્થાને વ્યાજથી ઉધાર આપે છે ત્યારે તે બેંક વ્યાપારી બેંક કહેવાય છે. એટલા માટે જ કહેવાય છે કે બેંકો પાતળી હવામાંથી નાણાંનું સર્જન નથી કરતી પરંતુ બેંકો થાપણને પરત કરવાનાં વચન સાથે ગતિશીલ કરે છે. વ્યાપારી બેંકનો અર્થ સમજવા માટે જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓ જોઈએ.

1. બ્રિટીશ અર્થશાસ્ત્રી, પત્રકાર અને શિક્ષણશાસ્ત્રી ક્રોઉથરના શબ્દોમાં, "બેંક એક એવી સંસ્થા છે કે જે વ્યાજ આપીને થાપણો સ્વીકારવાનું અને વ્યાજે નાણાં ધીરવાનું કાર્ય કરતી હોય છે."
2. કેન્ટ : "બેંક એક એવી સંસ્થા છે કે જેનું મુખ્ય કાર્ય સામાન્ય પ્રજાનાં કામચલાઉ / ટૂંકા ગાળા માટે પડેલાં નાણાંને એકઠાં કરીને અન્ય લોકોને ખર્ચ કરવા માટે આપીને આગળ વધારવાનું છે."
3. સેયર્સની વ્યાખ્યા વધારે વિસ્તૃત છે તે અનુસાર "સામાન્ય રીતે બેંકિંગ વ્યવસાય રોકડને થાપણમાં અને થાપણોને રોકડમાં પરિવર્તિત કરવાનો છે. બેંકો થાપણોને એક વ્યક્તિ કે સંસ્થાથી બીજી વ્યક્તિ કે સંસ્થાને તબદીલ કરે છે. બેંકો થાપણને તે પરત કરવાનાં વચન સાથે ગતિશીલ કરે છે.

ઉપરની વ્યાખ્યાઓને આધારે વ્યાપારી બેંક એટલે શું તે સ્પષ્ટ કરતા નીચેના મુદ્દાઓ તારવી શકાય :

- જે સંસ્થા થાપણો સ્વીકારવાનું અને તે જ થાપણો ધિરાણ આપવાનું કાર્ય કરતી હોય તે સંસ્થા બેંક છે. માત્ર થાપણો સ્વીકારવાનું કે માત્ર ધિરાણ આપવાનું કાર્ય કરતી હોય તે સંસ્થા બેંક નથી. એટલે કે સામાન્ય પ્રજા પણ બેંકને વ્યાજે ઉધાર નાણાં આપે છે પણ પ્રજા બેંક નથી. શાહુકારો લોકોને નાણાંનું ધિરાણ કરે છે પણ તે બેંક નથી, આમ, થાપણો સ્વીકારીને તે થાપણો જ્યારે આગળ વધારે છે અને ધિરાણ આપે છે તો તે સંસ્થા બેંક છે.
- બેંક પાતળી હવામાંથી નાણાંનું સર્જન કરતી નથી પણ લોકોનાં નાણાંને ગતિશીલ કરે છે.
- બેંકો વ્યાજના બદલામાં થાપણો સ્વીકારે છે અને વ્યાજના બદલામાં ધિરાણ આપે છે. આમ, વ્યાજથી નાણાંનો વિનિમય કરે છે, એક વ્યક્તિ કે સંસ્થા પાસેથી નાણાં

લઈને બીજી વ્યક્તિ કે સંસ્થાને નાણાં આપે છે તેથી તે નાણાંકીય મધ્યસ્થી કહેવાય છે. આમ, બેંક વ્યાજના બદલામાં નાણાંનો વેપાર કરે છે તેમ કહેવાય છે.

- બેંકોએ લોકોનો વિશ્વાસ જીતવાનો હોય છે. જો બેંક વિશ્વાસ જીતી ન શકે તો લોકો તેને પોતાની બચતો સાચવવા આપે નહીં અને બેંકો ધિરાણ આપી શકે નહીં.
- બેંક વેપાર કરતી સંસ્થા છે એટલે કે બેંક પ્રજાને મફતમાં નાણાં સાચવવાની કે ધિરાણ આપવાની સેવા નથી આપતી પરંતુ આ સેવાના બદલામાં વ્યાજ સ્વરૂપે કિંમત વસૂલે છે. આ વ્યાજ બેંકોનો નફો છે. બેંક નફો કમાવાના હેતુથી નાણાંનો વેપાર કરતી સંસ્થા છે એટલે કે તે વેપારી બેંક છે.

15. 2. 2 વ્યાપારી બેંકનો ઉદ્ભવ :

અગાઉના સમય કરતાં આધુનિક સમયમાં બેંકોનું સ્વરૂપ અને કાર્ય પદ્ધતિ ઘણાં જ બદલાઈ ગયાં છે. હવે લોકોએ બેંકોની મોટા ભાગની સેવા મેળવવા માટે બેંક સુધી જવું પડતું નથી. બેંકો અસ્તિત્વમાં આવી તે પહેલાં લોકો તેની પાસેનાં રોકડ અને કિંમતી વસ્તુઓ, ઘરેણાં વગેરે સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિ પાસે સુરક્ષિત રાખતાં. આ પ્રતિષ્ઠિત વ્યક્તિ મોટા ભાગે સોની કે વેપારી રહેતા, જેમાં લોકોને વિશ્વાસ હોય કે જ્યારે જરૂર પડશે ત્યારે તેમની અમાનત પરત મેળવી શકશે. બદલામાં સોની કે વેપારીઓ લોકો પાસેથી તેમની બચત સાચવવા માટે કિંમત વસૂલતા. આ વેપારીઓ લોકોની બચતો સાચવવા ઉપરાંત પોતાની સંપત્તિમાંથી જ લોકોને જરૂર પ્રમાણે ધિરાણ આપતા અને તે માટે પણ કિંમત વસૂલતા.

બીજી બાજુ, બચત અને કિંમતી વસ્તુઓ સાચવતા વેપારીઓને અનુભવ થયો કે બહુ ઓછાં લોકો તેમની બધી જ રકમ એક સાથે પરત લેવા માટે આવે છે, આ સ્થિતિમાં પોતાની સંપત્તિ કે નાણાંનો ઉધાર / ધિરાણ આપવા માટે ઉપયોગ કરવાને બદલે લોકો જે બચત જમા જરે છે તેમાંથી જ અન્ય લોકોને ધિરાણ આપી શકાય ! આમ, આ પ્રકારના મૂળ અનુભવમાંથી આધુનિક બેંકના ખ્યાલનો જન્મ થયો. આમ, બચતો સ્વીકારતી અને ધિરાણ આપવાનું કાર્ય કરતી સંસ્થા બેંક તરીકે ઓળખાય છે. Etymology (શબ્દ વ્યુત્પત્તિશાસ્ત્ર) મુજબ Bank (બેંક) શબ્દ ઇટાલિયન શબ્દ banca, ફ્રેંચ શબ્દ banque કે જર્મન banc ઉપરથી ઉતરી આવેલો છે જેનો અર્થ બેંચ કે ટેબલ થાય છે. અગાઉના સમયમાં સોની શાહુકારો કે વેપારીઓ નાણાં સ્વીકારવાનું અને ધીરવાનું કામ બાંકડા કે મેજ ઉપર બેસીને કરતા હોય તે સંભાવના હોઈ શકે અને તે જ શબ્દ આગળથી આ કાર્ય કરતી સંસ્થા માટે ઉપયોગમાં લેવાઈ રહ્યો છે.

15. 2. 3 વ્યાપારી બેંકનાં કાર્યો :

બેંકનો અર્થ અને વિવિધ વ્યાખ્યાઓ જોયા પછી એ સ્પષ્ટ થાય છે કે સામાન્ય પ્રજાની બચતો થાપણ સ્વરૂપે સ્વીકારવી અને તે થાપણો લોકોને ધિરાણ આપવી તે બેંકનું મુખ્ય કાર્ય છે. આ ઉપરાંત આધુનિક સમયમાં બિનબેંકિંગ નાણાં સંસ્થાઓ તેમજ ધિરાણ આપતી નાણાં સંસ્થાઓ, લોકોની બચત જાતે જ એકત્રિત કરી લેતી ખાનગી પેઢીઓ વગેરે સાથે સ્પર્ધા થવાને કારણે તેમજ ગ્રાહકોની નાણાંકીય જરૂરિયાતોમાં પણ વિસ્તાર થવાથી બેંકોએ તેમનું કાર્યક્ષેત્ર પણ વિસ્તૃત કર્યું છે, હવે આપણે બેંકનાં વિવધ કાર્યોથી પરિચિત થઈએ.

- બેંકનાં મુખ્ય કે પ્રાથમિક કાર્યો : બેંકોનું મૂળભૂત કાર્ય નાણાંકીય સંસાધનો ગતિશીલ કરવાનું છે. બેંક નાણાકીય મધ્યસ્થી તરીકે કાર્ય કરે છે. આ માટે બેંકો પોતાની મૂડીનો ઉપયોગ નથી કરતી અથવા જાદુથી પાતળી હવામાંથી નાણાંનું સર્જન નથી

કરતી કે નથી તેને કોઈ સરકાર તરફથી આર્થિક સહાય મળતી. તેણે મધ્યસ્થી તરીકે કાર્ય કરવા માટે લોકો એટલે કે સામાન્ય પ્રજાની બચત થાપણો સ્વીકારવાની હોય છે. તથા તેને જ ધિરાણ માટે ઉપયોગમાં લેવાની હોય છે. અહીં આપણે બેંકોનાં આ કાર્યો વધારે વિગતોથી સમજીએ.

- થાપણો સ્વીકારવાનું કાર્ય : બેંકો લોકોની નાની નાની બચતોને એકથી કરીને મોટી મૂડીનું નિર્માણ કરે છે. બેંકો જે થાપણો સ્વીકારે છે તેના માટે લોકોને બદલામાં વ્યાજ આપે છે. આ બેંક લોકોની બચતોનો ઉપયોગ પોતાના નફા માટે કરતી હોવાથી લોકોને પણ તે માટેનું વળતર વ્યાજના સ્વરૂપમાં આપે છે. આ વ્યાજનું પ્રમાણ થાપણોના પ્રકાર કે લોકો કેટલા સમય માટે બેંકમાં તેમના પૈસા રાખે છે તેના ઉપર હોય છે, જેમ લોકો વધારે સમય માટે નાણાં બેંકને આપે તેમ બેંક વધુ વ્યાજ આપે છે, કારણ કે બેંક આ નાણાંનો ઉપયોગ ધિરાણ માટે કરી શકે છે. આ પ્રકારે લોકો જે નાણાં બેંકમાં મૂકે છે તેને બચત થાપણ કહેવાય છે. બચત થાપણોના સમયગાળાને આધારે નીચે પ્રમાણે પ્રકાર પડે છે.

- ચાલુ ખાતાની થાપણો : સામાન્ય રીતે વેપારીઓ આ પ્રકારનાં ખાતાનો ઉપયોગ કરે છે. આ ખાતાની થાપણ તેના માલિકો રોજેરોજ ઉપયોગમાં લઇ શકતા હોવાથી બેંકો તેનો ઉપયોગ કરતી નથી તેથી તેના ઉપર વ્યાજના દર પણ સહુથી ઓછા હોય છે. અથવા ક્યારેક વ્યાજમુક્ત હોય તેમ પણ બને. વિદેશ વેપાર સાથે સંકળાયેલા વેપારીઓ માટે પણ આ પ્રકારના ખાતાં ઉપયોગી હોય છે. આ ખાતાંને આધારે ચેક પણ લખી શકાતા હોય છે.

- બચત ખાતું : સામાન્ય પ્રજાજન તેની બચતો આ પ્રકારનાં ખાતાઓમાં સુરક્ષિત રાખી શકે છે. આધુનિક સમયમાં બેંકો શૂન્ય રકમથી પણ ખાતાં ખોલવાની સુવિધા આપે છે. આ પ્રકારનાં ખાતામાંની રકમ બેંકો ટૂંકા ગાળા માટે કોઈ અન્યને ધિરાણ તરીકે આપી શકતી હોવાથી તેના ઉપર વ્યાજ આપે છે. લોકો તેની બચત સપ્તાહમાં ત્રણ વખત કે બેંકના નિયમ પ્રમાણે ઉપાડી શકે છે, આ પ્રકારનાં ખાતાનાં આધારે લોકો ચેક લખી શકે છે તથા ક્રેડિટ અને ડેબીટ કાર્ડ પણ મેળવી શકે છે. આધુનિક ઓનલાઈન ચૂકવણાં માટે આ પ્રકારનાં ખાતાઓનો ઉપયોગ કરવામાં આવે છે.

- બાંધી મુદતની થાપણોનું ખાતું : જ્યારે લોકોને એમ લાગે કે કોઈ નિશ્ચિત સમયગાળા માટે તેઓને પોતાની બચતની જરૂર નથી પડવાની તો તેઓ તેમની આ બચત નાણાં સ્વરૂપે બેંકમાં કોઈ ખાસ મુદ્દત માટે જમા કરે છે. આ ગાળો સાત દિવસથી કરીને પાંચ વર્ષ કે તેનાથી પણ લાંબો હોઈ શકે છે. આ પ્રકારનાં ખાતાઓમાં રહેલી રકમ બેંકો માટે ધિરાણ આપવાની પ્રક્રિયા માટે ખાસ ઉપયોગી છે. તેથી આવી મુદ્દતી થાપણો માટે બેંક સૌથી વધુ વ્યાજ ચૂકવે છે.

- ધિરાણ આપવાનું કાર્ય : બેંકોનું મુખ્ય કાર્ય ધિરાણ આપીને નફો કમાવાનું છે. વધુમાં વધુ ધિરાણ આપીને નફો મેળવી શકાય તે માટે બેંકો લોકોની થાપણોનો સ્વીકાર કરે છે. બીજા શબ્દોમાં, બેંકો લોકો પાસેથી ધિરાણ મેળવીને અન્યને ધિરાણ આપે છે તેમ કહી શકાય. બેંક લોકોની થાપણો ઉપર વ્યાજ આપે છે અને કરેલાં ધિરાણ માટે બદલામાં વ્યાજ મેળવે છે. આ બંને વ્યાજ વચ્ચેનો તફાવત બેંકોનો નફો છે. બેંક ઉદ્યોગોની સ્થાપના અને વિકાસ માટે, ખેતી વિકાસ માટે, મકાન બાંધકામ માટે, વિદ્યાભ્યાસ માટે વાહનોની ખરીદી તેમજ અન્ય ટકાઉ વસ્તુઓની ખરીદી માટે ઉધાર આપે છે.

- હાજર અને અલ્પ મુદતનું ધિરાણ : વેપારીઓને આ પ્રકારનાં ધિરાણની ખાસ જરૂર પડતી હોય છે. 24 કલાક જેટલા સમય માટે આપવામાં આવતું ધિરાણ હાજર ધિરાણ કહેવામાં આવે છે. આ સિવાય બે સપ્તાહ માટેનું ધિરાણ પણ આપે છે જે અલ્પ મુદતનું ધિરાણ કહેવાય છે. આ પ્રકારનાં ધિરાણોનો સમયગાળો ઓછો હોવાથી તેના ઉપર બેંકોને વ્યાજ પણ ઓછું મળે છે. જેમ ધિરાણનો સમયગાળો વધુ તેમ વ્યાજ ઊંચુ હોય છે.

- અતિરિક્ત ઉપાડની સગવડ : બેંક વેપારીઓને તેનાં ખાતાનાં લઘુત્તમ બેલેન્સનો ઈતિહાસ અને બેંક સાથેના વ્યવહારો તપાસીને અતિરિક્ત ઉપાડની સગવડ આપે છે. અતિરિક્ત ઉપાડ સામાન્ય ભાષામાં ઓવર ડ્રાફ્ટ ફેસિલીટી તરીકે ઓળખીએ છીએ. તેમાં લોકો કે વેપારીનાં ખાતામાં હોય તેના કરતાં વધુ રકમના ચૂકવણાં કરી શકે છે. આધુનિક સમયમાં ક્રેડિટ કાર્ડ દ્વારા આ પ્રકારની સુવિધા મળે છે, અહીં વેપારી કે બેંક ઉપભોકતાએ ખર્ચ કરેલાં વધુ નાણાં નિયમ પ્રમાણેના સમય ગાળામાં બેંકમાં જમા કરી દેવાનાં હોય છે. અહીં બેંક તે માટે સેવા ફી વસૂલ કરે છે જે બેંકની આવક ગણાય છે.

- વેપારી હૂંડીઓ કે તિજોરીપત્રોમાં રોકાણ વેપારી બેંકો માલના ઉધારે થતાં ખરીદવેચાણમાંથી ઉદ્ભવતી હૂંડીઓમાં પણ રોકાણ કરે છે. તે ઉપરાંત સરકારી તિજોરીપત્રો (ટ્રેઝરી બિલ્સ) માં પણ રોકાણ કરીને નફો મેળવે છે.

- પૂરક કાર્યો : વ્યાપારી બેંકનાં ઉપરોક્ત કાર્યો મૂળ કાર્યો છે. આ સિવાય ટેકનોલોજી અને સામાજિક પરિવર્તનો સાથે બેંક તેનાં કાર્યક્ષેત્રને વિસ્તારતી રહી છે. આ પ્રકારનાં કેટલાંક પૂરક કે સહાયક કાર્યો નીચે પ્રમાણે નોધી શકાય :

  - શૂન્ય બેલેન્સથી ખાતું ખોલવું : પરમ્પરાગત રીતે બેંકમાં ખાતામાં બેંક દ્વારા નક્કી કરાયેલી લઘુત્તમ રકમ જમા હોવી જરૂરી છે. પરંતુ બેંકો હવે તેના ગ્રાહકોને શૂન્ય બેલેન્સથી પણ ખાતું ખોલવાની કે ચાલુ રાખવાની સુવિધા આપે છે. સામાન્ય ગ્રાહકો મોટા ભાગે આ સુવિધાનો ઉપયોગ કરતાં નથી હોતાં પરંતુ મોટા વ્યાપારી અને ઉદ્યોગગૃહો આ પ્રકારે બેંકની સુવિધાનો લાભ લેતાં હોય છે. વર્તમાન સમયમાં ભારતનું ઉદાહરણ લઈએ તો પ્રધાનમંત્રી જનધન યોજના જેવી ગરીબોની યોજનાઓ માટે પણ બેંક ખાતાં શૂન્ય બેલેન્સથી ખોલવામાં આવે છે. આમ કરવાનો હેતુ લોકોની બેંકિંગ આદતો વિકસાવવાનો હોય છે. ઉપરાંત વિદ્યાર્થીઓ માટે પણ શૂન્ય રકમે ખાતાં ખોલવાની સુવિધા આપવામાં આવે છે અને વિદ્યાર્થી તેને મળતી સ્કોલરશીપ માટે કૉલેજ કે અન્ય શિક્ષણ સંસ્થાની ફી ચૂકવવા માટે આ પ્રકારનાં ખાતાંનો ઉપયોગ કરે છે. ડિજિટલ બેંકિંગને આ સુવિધાથી ઘણું બળ મળ્યું છે.

  - ઓનલાઈન અને મોબાઈલ બેંકિંગની સુવિધા : હવે લોકોને તેમના બેંક સાથેના મોટા ભાગના વ્યવહારો કરવા માટે બેંક સુધી જવું પડતું નથી. ઓનલાઈન અને મોબાઈલ બેંકિંગ સુવિધાથી નાણાકીય હસ્તાંતરણ, મુદતી થાપણોમાં રોકાણ વગેરે કરી શકાય છે. તેનાથી સમય અને ઊર્જાની બચત થાય છે.

  - 24 કલાક સહાય અને નાણાંકીય વ્યવહારોની સુવિધા : એક સમય હતો કે બેંકિંગ વ્યવહારો કે ચૂકવણાં કરવા માટે બેંકના નક્કી કરેલા સમયે બેંકનાં સ્થળે જઈને જ કામ કરી શકાતું હતું, પરંતુ આધુનિક સમયમાં ઈન્ટરનેટ સુવિધાના અને વ્યાપાર રોજગારના વિકાસથી વિશ્વનાં કોઈ પણ સ્થળેથી કામ

કરી શકાય તે માટે બેંકો પણ તેની સુવિધાઓ અહર્નિશ આપે છે.

– ATM કાર્ડ સુવિધા : આ સુવિધાથી લોકો 24 x 7 નાણાં ઉપાડવાનું કે જમા કરવાનું કાર્ય કરી શકે છે. ક્રેડિટ કાર્ડ હોય તો તેનાં ખાતાંમાં હોય તેના કરતાં પણ વધારે રકમ ખર્ચ કરી શકે છે.

– સ્વયંસંચાલિત બિલ/ પ્રીમિયમનાં ચૂકવણાં : બેંકો તેના ગ્રાહકોને આ વિશેષ સુવિધા આપે છે, જે અનુસાર ગ્રાહકોના વીમા પ્રીમિયમ, વીજળી કે અન્ય બિલ નક્કી કરેલી તારીખે ઓટોમેટિક/ સ્વયં સંચાલિત રીતે ખાતાંમાંથી કપાઈને બિલનું ચૂકવણું કરે છે.

– ડોર સ્ટેપ બેંકિંગ સુવિધા : સિનિયર સિટીઝન માટે તેમનાં ઘરે જઈને બેંકો તેમની સુવિધાઓ પૂરી પડે છે.

– સેફ ડિપોઝીટ લોકરની સુવિધા : લોકો તેમની કિંમતી વસ્તુઓ જેવી કે ઘરેણાં, કિંમતી દસ્તાવેજો વગેરે સુરક્ષિત રીતે સેફ ડિપોઝીટ વોલ્ટમાં રાખી શકે છે.

– બિનરહીશ ભારતીયો માટેની સુવિધા : ભારતના લોકો દેશની બહાર વ્યવસાય અર્થે જતાં હોય છે, તેઓ માટે ખાસ બચત ખાતાંની સુવિધા તથા ચલણ વિનિમયની વ્યવસ્થા કરતી વિશેષ શાખાઓ ખોલવામાં આવતી હોય છે.

– અકસ્માત વીમાની સુવિધા : આધુનિક બેંકિંગ ધિરાણ પ્રક્રિયા માટે ગ્રાહકોને તેમની બચતનું રોકાણ કરવા માટે માત્ર બચત ખાતાં સિવાયના વિકલ્પો પણ આપતી હોય છે જેમ કે માસિક નજીવા ખર્ચે જીવન કે અકસ્માત વિમાની સુવિધા આપે છે. આમ ગ્રાહકો માટે પણ અનિશ્ચિતતા સામે રક્ષણ મળે છે અને બેંકો એ રીતે પ્રજાની નાની બચતો એકઠી કરીને ગતિશીલ કરી શકે છે.

– ગ્રાહકો વતી મ્યુચુઅલ ફંડમાં રોકાણની સુવિધા : જે ગ્રાહકોને મ્યુચુઅલ ફંડ જેવાં જોખમ ધરાવતાં ક્ષેત્રોનો અનુભવ, જ્ઞાન કે તે માટેનો સમય ન હોય તેઓ માટે બેંકો મ્યુચુઅલ ફંડમાં રોકાણ કરી આપે છે તથા તે રીતે બજારના વ્યાજદર પ્રમાણે વળતર મેળવવાની તક આપે છે.

– શૈક્ષણિક સંસ્થાઓની ફી જમા લેવાનું કાર્ય : આધુનિક સમયમાં કેશલેસ વ્યવહારોને પ્રોત્સાહન અપાય છે. ઘણી શિક્ષણ સંસ્થાઓ તેમની ફી વિદ્યાર્થી સીધી જ તેમનાં ખાતાંમાં જમા કરે તે પ્રકારની જોગવાઈ કરતી હોય છે. વળી, વિદ્યાર્થીઓને સરકાર તરફથી અપાતી સ્કોલરશીપની રકમ પણ વિદ્યાર્થીનું બેંક ખાતું ખોલીને જમા કરવામાં આવે છે.

– ડિજિટલ બેંકિંગની સુવિધા : રોકડ વ્યવહારોની ઘણી મર્યાદાઓ અનુભવી છે. તેનાથી બિનહિસાબી સોદાઓનું પ્રમાણ, સોદાઓમાં લાગતો સમય, મોટી રકમ હોય તો રોકડ સાથે રાખવાની મુશ્કેલીઓ જેવી સમસ્યાઓ રહેલી હોય છે. આથી વિશ્વનાં અર્થતંત્રોની સાથે ભારતે પણ ડિજિટલ બેંકિંગનો માર્ગ અપનાવ્યો છે. બેંકો તરફથી ATM, ઈન્ટરનેટ બેંકિંગ, ફોન બેંકિંગ જેવી સુવિધાઓ આપીને ચૂકવણાં, બચત ખાતાંનો ઉપયોગ, મુદતી ખાતાંની સેવાઓ પૂરી પાડીને ગ્રાહકોનો સમય પણ બચાવ્યો છે અને આ રીતે બેંક શાખામાં પ્રત્યક્ષ જવાની જરૂર રહેતી નથી.

– વિદેશી ચલણના વિનિમયનું કાર્ય : આધુનિક સમયમાં માત્ર મોટાં ઉદ્યોગગૃહો જ નહીં પરંતુ સામાન્ય પ્રજાજન પણ વિદેશી વસ્તુઓ અને સેવાઓ ખરીદે

છે. તે માટે જો વિદેશી ચલણમાં ચૂકવણું કરવાનું હોય તો બેંકો તે માટે મદદરૂપ થાય છે અને ચલણનો વિનિમય કરી આપે છે.

15.2.4 વ્યાપારી બેંકોનું મહત્ત્વ અને મર્યાદાઓ :

આપણે ઉપરના મુદ્દાઓમાં વેપારી બેંકનાં મુખ્ય અને સહાયક કાર્યો જોયાં. આધુનિક સમયમાં મોટાં ઉદ્યોગગૃહો જાતે શેર બહાર પાડીને પ્રજા પાસેથી મૂડી મેળવી શકતી હોય છે. વળી પ્રજાનું પણ રોકાણ અંગેનું જ્ઞાન વિકસ્યું છે. તેથી તેટલા પ્રમાણમાં બેંકોની ભૂમિકા ઘટી છે. વળી નાના ખેડૂતો કે નાનાં ઉદ્યોગ એકમોને બાંહેધરી આપી શકવામાં સમર્થ ન હોય તેને કારણે લોન મળતી નથી. તેમ છતાં બેંકોનું શાખસર્જન અને નાણાકીય સંસાધનોને ગતિશીલ કરવામાં મહત્ત્વનું સ્થાન છે. આગળ આપણે બેંકોનું મહત્ત્વ અને મર્યાદાઓના મુદ્દા વિશે ચર્ચા કરીએ.

મહત્ત્વ :

1. બચતોને ગતિશીલ કરવી : બેંકોનું મૂળભૂત કાર્ય પ્રજાની પાસે રહેલાં નાણાંકીય સાધનોને ગતિશીલ કરીને આર્થિક વિકાસમાં ઉપયોગમાં લાવવાનું છે, હજુ પણ ઘણાં લોકો ખાનગી કંપનીના શેર ખરીદવાનાં કે અન્ય જોખમી રોકાણના વિકલ્પોને અપનાવતા નથી. તેઓ સરકારી રાષ્ટ્રીયકૃત બેંકોમાં પોતાની બચતો સુરક્ષિત રાખવાનું પસંદ કરે છે, જે તેમની જરૂરિયાત પ્રમાણે પરત પણ મેળવી શકે છે.

2. સરકારી યોજનાઓને અમલમાં મૂકવા માટે અને ગ્રાહકો સુધી પહોંચવા માટે વ્યાપારી બેંક સારું માધ્યમ છે. બેંકની શાખાઓ હાલમાં નાનામાં નાના ગામડાં સુધી પહોંચી હોવાથી નાણાંકીય સહાય પહોંચાડી શકાય છે.

3. સૂક્ષ્મ ધિરાણ : પ્રવર્તમાન સમયમાં માત્ર મોટાં ઉદ્યોગગૃહોને જ નહીં પરંતુ નાના ઉદ્યોગસાહસિકોને પણ બેંકો સસ્તાં વ્યાજે ધિરાણ આપે છે. આ રકમ નાની હોય પરંતુ ગૃહ અને લઘુ ઉદ્યોગોના વિકાસ માટે ઘણી ઉપયોગી બને છે.

4. શાખસર્જન : બેંકોનું ધિરાણ આપવાનું કાર્ય 'શાખસર્જન' કહેવાય છે. જ્યારે કોઈ વ્યક્તિ કે પેઢી તેની બચત બેંકમાં જમા કરે છે ત્યારે આ બચત તે ગ્રાહક તેની જરૂરિયાત પ્રમાણે જ પરત લે છે, બધી જ રકમ ઉપાડી નથી લેતા. આ અનુભાવને આધારે બેંક ગ્રાહકની બચત ગ્રાહકને ધિરાણ તરીકે આપે છે. વેપારી બેંકો રિઝર્વ બેંકના નિયમ પ્રમાણે કેટલીક રકમ અનામત તરીકે રાખીને બાકીની રકમ ધિરાણ તરીકે આપી શકે છે અને તેમાંથી પોતાનો નફો કમાઈ શકે છે. આમ, ગ્રાહકની બચત ધિરાણ તરીકે ગ્રાહકને આપવાની ક્રિયા શાખસર્જન તરીકે ઓળખાય છે, બેંક જ્યારે બીજી વ્યક્તિને ધિરાણ આપશે ત્યારે તે ધિરાણ લેનાર વ્યક્તિ કે પેઢીનું ખાતું ખોલીને તેમાં રકમ જમા કરશે. આમ, હિસાબી નાણાંનું પ્રમાણ વધતું જશે, જ્યારે મૂળ રકમ તો તે જ રહેશે અને વ્યક્તિને જ્યારે જરૂર પડે ત્યારે પરત આપવાનાં વચનથી બંધાયેલી બેંક તેને તેની બચત પરત આપશે. આમ, કુલ નાણું વધ્યું ન હોવા છતાં ધિરાણ લેનારને નવું નાણું મળ્યું હોય તેમ લાગશે. આમ કરીને બેંકો અર્થતંત્રમાં બેંકનાણાંનો પાયો વિસ્તૃત કરે છે તેને શાખસર્જનની પ્રક્રિયા કહેવાય છે.

આ બાબત એક ઉદાહરણથી સમજીએ. ધારો કે વ્યક્તિકે બેંકમાં તેના રૂપિયા 5000 જમા કરવા આવે છે. હવે રિઝર્વ બેંકના નિયમ પ્રમાણે કેટલીક રકમ રોકડ અનામત તરીકે રાખીને બેંક બાકીની રકમ લોન તરીકે બીજી વ્યક્તિને આપી શકશે. ધારો કે આ રોકડ અનામતનું પ્રમાણ 20% છે. તો રૂપિયા 1000 રોકડ અનામત રાખીને બાકીના 4000 રૂપિયા ધિરાણ કરી શકાશે. બેંકમાં બચત કરનાર વ્યક્તિના 5000 રૂપિયા હોવા છતાં ધિરાણ લેનારને 4000 મળતા હોવાથી કુલ બેંક નાણું 9000નું ગણવામાં આવશે. આ નાણું શાખીનાણું કહેવાય છે અને તે પ્રક્રિયા શાખસર્જનની કહેવાય છે.

શાખસર્જનની આ પ્રક્રિયા જ વેપારી બેંકોને અન્ય નાણાં સંસ્થાઓથી અલગ પાડે છે, કારણ કે અન્ય નાણાં સંસ્થા લોકોની બચતો સ્વીકારીને તેમાંથી ધિરાણ કરી શકતી નથી. અહીં બેંકો સાચાં અર્થમાં ધિરાણ આપનાર અને ધિરાણ લેનાર વ્યક્તિ તરીકે મધ્યસ્થી તરીકેની ભૂમિકા ભજવે છે.

મર્યાદાઓ :

1. લોકોની બેંકિંગ આદતો : બેંકોની નાણાકીય મધ્યસ્થી તરીકેની સફળતા લોકોની બેંકિંગ આદતો ઉપર આધાર રાખે છે. લોકો બેંકને બદલે બચતના અને રોકાણના બીજા વિકલ્પો અપનાવે તો બેંકો શાખ સર્જન કરી શકે નહીં; તેવી જ રીતે જો કોઈ વ્યક્તિ તેની ધિરાણ જરૂરિયાત માટે બેંક પાસે ન જાય તો પણ બેંકો શાખસર્જન કરી શકે નહીં.

2. ખાનગી પેઢીઓની મૂડીબજારમાં સક્રિયતા : આધુનિક સમયમાં લોકોનું રોકાણ અંગેનું જ્ઞાન, જોખમ લેવાની ક્ષમતા તથા સીધો જ ખાનગી પેઢીઓનો સંપર્ક ખાનગી પેઢીઓને બજારમાંથી લાંબા ગાળાની મૂડી લેવા માટે પ્રેરક બનતી હોય છે. આથી બેંકોનું મહત્ત્વ રહેતું નથી.

3. લઘુત્તમ રોકડ અનામતના નિયમો : રિઝર્વ બેંક દ્વારા લઘુત્તમ રોકડ અનામતનું પ્રમાણ વેપારી બેંકો માટે શાખસર્જનની પ્રક્રિયા માટે બાધક બને છે, જો કે આ પ્રમાણથી જ બચત કરનારા લોકોનો તેમની બચતો પરત મેળવવાનો વિશ્વાસ તાકી શકે છે.

4. નબળા વર્ગ માટે ધિરાણ સુવિધાનો અભાવ (બાંહેધરીના અભાવે) : આર્થિક અને સામાજિક રીતે નબળા વર્ગો પાસે ધિરાણ મેળવતી વખતે બાંહેધરીરૂપે આપવાનું કોઈ સાધન કે ઓળખાણ ન હોય તો તેમને ધિરાણ મળી શકતું નથી. વળી, આ નવા કે નાના સાહસિકોની બજારમાં એટલી પ્રતિષ્ઠા પણ હોતી નથી કે તેઓ શેર બહાર પાડીને નાણાં ઊભાં કરી શકે.

5. વ્યાપારચક્રો તેમજ અન્ય આર્થિક પરિબળોની અસરો : બેંકોની શાખસર્જનની પ્રક્રિયા ઉપર આર્થિક પરિબળોની અસર થાય છે. મંદીની સ્થિતિમાં બેંકો નીચા વ્યાજે ધિરાણ આપવા તૈયાર હોય તેમ છતાં મૂડીની સીમાંત કાર્યક્ષમતાના અભાવે લોકો ધિરાણ લેતાં નથી, જ્યારે બીજી બાજુ બચત કરનારને તો વ્યાજરૂપી વળતર આપવું જ પડે છે. આમ, બેંકો નાણાંનો વેપાર કરીને નફો કમાઈ શકતી નથી.

6. બેંકો જ્યારે ધિરાણ કરે છે ત્યારે તે પરત ન આવે તો બેંકોની શાખસર્જનની પ્રક્રિયા ઉપર અસર થાય છે. આ પરત ન આવેલી મૂડી બિનકાર્યક્ષમ મૂડી કે અંગ્રેજીમાં Non Performing Assets કહેવાય છે. થાપણદારોને તેમની બચત પરત આપવાની ક્ષમતા ઉપર પણ અસર થાય છે.

## 15. 3 બિનબેંકિંગ નાણાં સંસ્થાઓ :

બિનબેંકિંગ નાણાં સંસ્થાઓને અંગ્રેજીમાં Non Banking Financial Companies (NBFC) કહેવાય છે. તમે જોઈ શકો છો કે તે નાણાંસંસ્થા છે પરંતુ બેંક નથી. આ એવા પ્રકારની સંસ્થાઓ છે જે કંપની ધારા 1956 કે 2013 હેઠળ નોંધાયેલી હોવી જોઈએ અને મધ્યસ્થ બેંકની માન્યતા પ્રાપ્ત કરેલી હોવી જોઈએ. અગાઉ એવો નિયમ હતો કે એક વ્યક્તિની કંપની હોઈ શકે નહીં. પરંતુ તે પછી થયેલા ફેરફારો અનુસાર એક વ્યક્તિની પણ કંપની હોઈ શકે. બિનબેકિંગ નાણાંસંસ્થા અન્ય કોઈ વ્યવસાય જેમ કે ખેતી, ઉદ્યોગો કે વસ્તુ અને સેવાના વેપારમાં ન હોવી જોઈએ. આમ, જેની મુખ્ય આર્થિક પ્રવૃત્તિ નાણાંભંડોળ પૂરું પાડવાની એટલે કે ફાઈનાન્સિયલ હોય તે બિનબેંકિંગ નાણાંસંસ્થા તરીકે ઓળખ મેળવી શકે છે. ભારતમાં આવેલી બજાજ ફાયનાન્સ લિમિટેડ, મુથુટ ફાઈનાન્સ લિમિટેડ, ટાટા કેપિટલ ફાઈનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ જેવી નાણાંસંસ્થાઓથી તમે પરિચિત છો. આ સંસ્થાઓ ધિરાણ આપવાનું કાર્ય કરે છે પરંતુ બેંક નથી. આગળના મુદ્દામાં બેંકો અને નાણાંસંસ્થાઓ વચ્ચેનો તફાવત આપણે સમજવાનાં છીએ. આ પ્રકારની નાણાંસંસ્થાઓ બોન્ડ તેમજ ડિબેન્ચર બહાર પાડીને, ખાનગી પેઢીઓના શેર સરકારી જામીનગીરીઓ વગેરે ખરીદીને પોતાનું ભંડોળ ઊભું કરે છે. જો કે આ પ્રકારની નાણાંસંસ્થાઓ પ્રજાની ડિમાન્ડ ડિપોઝીટ સ્વીકારી શકતી નથી. વળી પ્રજાએ રોકેલાં નાણાં ઉપર ચેક પણ લખી શકાતા નથી. હવે આપણે બિનબેંકિંગ નાણાંસંસ્થાઓના હેતુ અને કાર્યો જોઈએ :

### 15. 3. 1 બિનબેંકિંગ નાણાં સંસ્થાના હેતુઓ અને કાર્યક્ષેત્ર :

NBFCનો મૂળ હેતુ નાણાંભંડોળને ગતિશીલ કરવાનો છે. NBFC મધ્યમ અને નાના ઉદ્યોગોને લાંબા ગાળાનું ધિરાણ પૂરું પાડે છે. ઘણી બિનબેંકિંગ સંસ્થાઓ લોકો પાસેથી નિશ્ચિત સમય માટે બચતો જમા લઈને સરકારી જામીનગીરીઓ કે માળખાકીય સુવિધાના કાર્યોમાં નાણાં રોકે છે. આમ, NBFC જૂના અસંગઠિત નાણાંબજારનું આધુનિક સ્વરૂપ કહી શકાય, જેણે મધ્યસ્થ બેંક પાસેથી માન્યતા પ્રાપ્ત કરેલી છે. મધ્યસ્થ બેંક દ્વારા જનહિત અને પ્રજાનો વિશ્વાસ જાળવવો મુખ્ય બાબત છે. આ હેતુથી RBI દ્વારા કેટલાંક નિયંત્રણો NBFC ઉપર મૂકવામાં આવે છે, જેમ કે NBFC વધુમાં વધુ પાંચ વર્ષ સુધીની થાપણો જમા કરી શકે છે કે તેને પુનઃ જમા કરી શકે છે. આ ઉપરાંત મધ્યસ્થ બેંક દ્વારા નક્કી કરવામાં આવેલ મહત્તમ દર કરતાં વધુ વ્યાજ થાપણદારોને NBFC આપી શકતી નથી.

### 15. 3. 2 વેપારી બેંક અને બિનબેંકિંગ નાણાં સંસ્થા વચ્ચેનો તફાવત :

NBFC બેંકો જેવાં જ કાર્યો કરતી હોવા છતાં તે બેંક નથી, તે બેંકથી કઈ રીતે અલગ પડે છે તે આપણે જોઈએ :

- NBFC ડિમાન્ડ ડિપોઝીટ સ્વીકારી સકતી નથી.
- NBFCની થાપણો ઉપર ચેક લખી શકાતા નથી. વળી, NBFC ચૂકવણાંની વ્યવસ્થાનો ભાગ પણ બની શકતી નથી.
- NBFCના થાપણદારોને થાપણ વીમા સુરક્ષા કે ક્રેડિટ ગેરંટી મળી શકતાં નથી.

## 15. 4 વિશિષ્ટ નાણાં સંસ્થાઓ :

### 15. 4. 1 વિશિષ્ટ નાણાં સંસ્થાઓનો પરિચય :

વિશિષ્ટ નાણાં સંસ્થાઓ વિકાસ બેંક તરીકે પણ ઓળખવામાં આવે છે. આ બેંકો

અર્થતંત્રનાં ખાસ ક્ષેત્રની મધ્યમ અને લાંબા ગાળાના ધિરાણની જરૂરિયાત પૂરી પાડે છે, જેમ કે ખેતી ક્ષેત્ર, લઘુઉદ્યોગ ક્ષેત્ર, હાઉસિંગ, આયાતનિકાસ વગેરે. ભારતમાં સૌ પ્રથમ 1948માં આ પ્રકારની વિકાસ બેંકની શરૂઆત કરવામાં આવી હતી. Industrial Finance Corporation of India (IFCI) આ પ્રકારની સૌ પ્રથમ બેંક હતી. તે ઉપરાંત પણ ઘણી બેંકો રાષ્ટ્રીય તેમજ રાજ્ય સ્તરની શરૂ કરવામાં આવી હતી, પરંતુ આગળ જતાં તે તેના જેવી જ કામગીરી કરતી અન્ય કોઈ બેંક સાથે જોડી દેવામાં આવી. હાલમાં ભારતમાં રાષ્ટ્રીય સ્તરની ચાર સંસ્થાઓ આ પ્રકારની છે, જેમાં (1) EXIM બેંક, (2) National Bank for Agriculture and Rural Development (NABARD),, (3) National Housing Bank અને (4) Small Industries Development Bank of India (SIDBI)નો સમાવેશ થાય છે.

આ પ્રકારની નાણાં સંસ્થાઓ તેમનાં ભંડોળ માટે સમાન્ય પ્રજાની બચત થાપણો નથી સ્વીકારતી પરંતુ સરકાર તરફથી મળતાં ભંડોળ કે કોઈ વાર આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓ પાસેથી મળતાં ભંડોળનો ધિરાણ આપવા માટે ઉપયોગ કરે છે. દાખલા તરીકે SIDBIમાં કેન્દ્ર સરકાર, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, જીવન વીમા નિગમ, નાબાર્ડ તેમજ અન્યોનો શેર એટલે કે હિસ્સો છે.

**15. 4. 2 વિશિષ્ટ નાણાં સંસ્થા (વિકાસ બેંક)નાં લક્ષણો અને મહત્ત્વ :**

- વિશિષ્ટ નાણાં સંસ્થાઓ લોકોની થાપણો સ્વીકારી શકતી નથી તેથી ધિરાણ માટે નાણાકીય ભંડોળ ગતિશીલ કરવા માટે લોકોની બચતો ઉપર આધાર રાખવો પડતો નથી.
- આ બેંકોનો મુખ્ય હેતુ અર્થતંત્રનું હિત હોય છે નહીં કે નફો. આ બેંક ખાનગી તેમજ જાહેર ક્ષેત્રના પ્રકલ્પો માટે પણ ધિરાણ પૂરું પાડે છે.
- આ બેંકનું ધિરાણ લાંબા ગાળા માટે સ્થિર અને નીચા વ્યાજ દરે રહેતું હોય છે, જેમાં માળખાકીય સુવિધાઓનો વિકાસ, ખાણ અને ખનીજ, સિંચાઈ, ભારે ઉદ્યોગો વગેરે.

---

**15. 5 સારાંશ :**

---

- અર્થતંત્રમાં જાહેર અને ખાનગીક્ષેત્રની તેમજ સહકારી બેંકો મૂડીભંડોળ ગતિશીલ કરવાનું કામ કરે છે, તેમાંથી તમારા અભ્યાસક્રમમાં વેપારી બેંક, વિશિષ્ટ નાણાં સંસ્થાઓ અને બિનબેંકિંગ નાણાં સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- વેપારી બેંકો નાણાં ભંડોળને ગતિશીલ કરવા માટે પ્રજાની બચતો થાપણ તરીકે સ્વીકારે છે અને તેમાંથી ધિરાણ કરે છે.
- વેપારી બેંકોનો હેતુ શાખ પ્રવૃત્તિમાંથી નફો કમાવાનો હોય છે. માત્ર બચત થાપણો સ્વીકારતી કે માત્ર ધિરાણ કરતી સંસ્થા વેપારી બેંક નથી. આ બંને કાર્ય કરતી સંસ્થાને વેપારી બેંક કહેવાય છે. બચત થાપણ સ્વીકારતી અને ધિરાણ કરતી બેંકને વેપારી બેંક તરીકે ઓળખવામાં આવે છે.
- બિનબેંકિંગ નાણાંસંસ્થાઓ વેપારી બેંકની જેમ ડિમાન્ડ ડિપોઝીટ સ્વીકારી શકતી નથી. વળી તેના પર ચેક પણ લખી શકાતા નથી.
- આ બેંક ખાનગી ક્ષેત્રની હોઈ શકે છે, પરંતુ તેને મધ્યસ્થ બેંકનાં નિયંત્રણો લાગુ પડે છે.

- વિકાસ બેંકો પ્રજાની થાપણો સ્વીકારતી નથી. તે ખાનગી અને જાહેર ક્ષેત્રના મોટા પ્રકલ્પો માટે લાંબા ગાળા માટે સ્થિર અને નીચા વ્યાજ દરે ધિરાણ કરે છે. તે કોઈ વિશેષ ક્ષેત્રની નાણાંકીય જરૂરિયાત માટે કામ કરે છે.

## 15. 6 ચાવીરૂપ શબ્દો :

- ATM : Automated Teller Machine એક પ્રકારનું એવું યંત્ર છે કે જેમાં ખાસ બનાવેલ પ્લાસ્ટીક કાર્ડ નાખવાથી બેંક ખાતેદાર તેનાં ખાતાંમાંથી નાણાં ઉપાડી શકે છે.
- ડેબીટ કાર્ડ : ડેબીટ કાર્ડ એક ખાસ પ્રકારની મેગ્નેટિક ચીપવાળો કાર્ડ છે, જેનાથી ખાતાધારક બેંક ખાતાંમાંથી નાણાં ઉપાડવાની તથા દુકાનોમાંથી ખરીદી કરવાની કે ઓનલાઈન ચૂકવણા માટેની કામગીરી સીધી જ કરી શકે છે.
- ક્રેડીટ કાર્ડ : ક્રેડીટ કાર્ડ પણ ડેબીટ કાર્ડ જેવું કાર્ડ હોય છે, જે ગ્રાહકને તેના ખાતામાં જમા રકમ કરતાં વધુ ખર્ચ કરવાની સુવિધા આપે છે. આ કાર્ડ પણ કોઈપણ દુકાન, પેટ્રોલ પંપ કે ઓનલાઈન ખરીદીમાં ઉપયોગમાં લઇ શકાય છે. ક્રેડીટ કાર્ડથી ચૂકવણાની સુવિધા ગ્રાહક તે રકમ બેંકમાં પરત જમા કરશે તે શરતે પૂરી પાડવામાં આવે છે. આ એક પ્રકારની શાખસુવિધા છે જે વેપારી બેંક દ્વારા પૂરી પાડવામાં આવે છે તેમ કહી શકાય.
- સેફ ડિપોઝીટ વોલ્ટ (Safe Deposit Vault) : સેફ ડિપોઝીટ વોલ્ટને સામાન્ય રીતે લોકર તરીકે ઓળખવામાં આવે છે. તે એક મોટી સુરક્ષિત તિજોરીનું ખાનું હોય છે, જે વ્યક્તિગત ગ્રાહકોને ફાળવવામાં આવતું હોય છે. મોટી બેંકો, પોસ્ટ ઑફિસ વગેરે તેના ગ્રાહકોને કિંમતી વસ્તુઓ અને દસ્તાવેજો સુરક્ષિત રાખવા માટેની સુવિધા આપતી હોય છે, તેના બદલામાં તે ભાડું કે સેવાશુલ્ક વસૂલે છે.
- સ્કોલરશીપ : Scholarship Scholar : એટલે વિદ્વાન, જેણે શૈક્ષણિક ઉચ્ચ ગુણવત્તા મેળવી છે. સ્કોલરશીપ એ ઉચ્ચ ગુણવત્તા મેળવવા માટે અપાતી આર્થિક સહાય છે. તે વિદ્યાર્થીને આગળ અભ્યાસ કરવા માટે મદદરૂપ થાય તે રીતે અપાય છે.
- મ્યુચુઅલ ફંડ : મ્યુચુઅલ ફંડ એ લોકોનાં નાણાં એકઠાં કરીને જે ભંડોળ ઊભું થાય તે રોકાણકારો વતી કંપનીના શેર, બોન્ડ, જામીનગીરીઓ તથા નાણાંબજારનાં અન્ય સાધનો ખરીદવામાં આવે છે તથા તેમાંથી નફો થાય તે રીતે તેનું સંચાલન કરવામાં આવે છે. નફો રોકાણકારને તેણે રોકેલી રકમના પ્રમાણમાં વિતરિત કરી દેવામાં આવે છે. આ પ્રકારે ફંડનું સંચાલન તે ક્ષેત્રના નિષ્ણાત લોકો દ્વારા કરવામાં આવતું હોય છે. બજારના ચડાવ-ઉતારના આધારે તેમાં નફો કે નુકસાન થઇ શકે છે.
- ડિમાન્ડ ડિપોઝીટ : બેંકના ખાતામાં જમા કરેલાં નાણાં જરૂર પ્રમાણે કે માંગ પ્રમાણે ઉપાડી શકાતાં હોય તો તેવી થાપણોને ડિમાન્ડ ડિપોઝીટ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારની થાપણો થાપણદાર રોજેરોજ ઉપયોગમાં લઈ શકતા હોવાથી બેંકો તેના ઉપર શૂન્ય કે ઓછામાં ઓછું વ્યાજ આપે છે.

## 15. 7 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચે આપેલા પ્રશ્નોના જવાબ વિસ્તારથી લખો :

1. વ્યાપારી બેંક એટલે શું ? વ્યાપારી બેંકનાં કાર્યોનું વર્ણન કરો.
2. વ્યાપારી બેંકના કાર્યો અને મર્યાદાઓનું વિશ્લેષણ કરો.

3. બિનબેંકિંગ નાણાંસંસ્થાઓ વિશે સમજૂતી આપો.
4. વિશિષ્ટ નાણાંસંસ્થાનું મહત્ત્વ અને કાર્યો સમજાવો.
5. ભારતમાં બિનબેંકિંગ નાણાંસંસ્થાઓ અને વિશિષ્ટ નાણાંસંસ્થાઓનો પરિચય આપો.
6. વ્યાપારી બેંકો, બિનબેંકિંગ નાણાંસંસ્થાઓ અને વિશિષ્ટ નાણાંસંસ્થાઓ વચ્ચેનો તફાવત સમજાવો.

(ખ) નીચેના વિષયો ઉપર ટૂંકનોધ લખો :

1. બચત થાપણો
2. વિકાસ બેંક
3. બિનબેન્કિગ નાણાંસંસ્થા

(ગ) હેતુલક્ષી પ્રશ્નો :

નીચેના પ્રશ્નો/ખાલી જગ્યા માટે સાચો વિકલ્પ પસંદ કરો :

1. વેપારી બેંકોનું મુખ્ય કાર્ય શું છે ?
   a. બચત થાપણો સ્વીકારવાનું
   b. ધિરાણ આપવાનું
   c. બચત થાપણો સ્વીકારવાનું અને ધિરાણ આપવાનું
   d. ચેકબુક આપવાનું
2. વેપારી બેંકો કયા પ્રકારની થાપણો ઉપર સૌથી વધુ વ્યાજ આપે છે ?
   a. ચાલુ ખાતાંની થાપણો
   b. મુદ્દતી થાપણો
   c. બચત થાપણો
   d. ઉપરનામાંથી એકપણ નહીં.
3. ખાનગી, જાહેર ક્ષેત્રની બેંકો, વિશિષ્ટ નાણાં સંસ્થાઓ વગેરેનું નિયંત્રણ કોણ કરે છે ?
   a. મધ્યસ્થ (રિઝર્વ) બેંક
   b. નાણાં મંત્રાલય
   c. સ્ટેટ બેંક
   d. ઉપરનામાંથી એકપણ નહીં.
4. વેપારી બેંકો શાનો વેપાર કરે છે ?
   a. વસ્તુઓનો
   b. નાણાંનો
   c. ઘરેણાં અને કીમતી દસ્તાવેજોનો
   d. સરકારી જામીનગીરીઓનો

5. નીચેનામાંથી કયો મુદ્દો વેપારી બેંકોના સંદર્ભમાં સાચો નથી ?

   a. માત્ર ખેતીક્ષેત્રને ધિરાણ આપે છે.

   b. બચતોને ગતિશીલ કરે છે.

   c. શૂન્ય રકમથી ખાતું ખોલવાની સુવિધા આપે છે.

   d. સરકારી યોજનાઓ ગ્રાહકો સુધી પહોંચાડે છે.

6. શાખસર્જન એટલે.....

   a. રોકડ અનામત જાળવવાની ક્રિયા

   b. ડેબીટ કાર્ડ આપવાની ક્રિયા

   c. બચત જમા કરવાની ક્રિયા

   d. ધિરાણ આપવાની ક્રિયા

7. બિનબેંકિંગ નાણાં સંસ્થાઓ કયા કાયદા હેઠળ નોંધાયેલી હોવી જોઈએ ?

   a. રિઝર્વ બેંક કાયદા

   b. કંપની કાયદા

   c. આયાત-નિકાસ કાયદા

   d. સહકારી કાયદા

8. વિશિષ્ટ નાણાંસંસ્થાઓ અન્ય કયા નામથી ઓળખાય છે ?

   a. બિનબેંકિંગ નાણાંસંસ્થાઓ

   b. વેપારી બેંકો

   c. આયાત-નિકાસ બેંકો

   d. વિકાસ બેંક

9. નીચેનામાંથી કઈ સંસ્થા જુદી પડે છે ?

   a. EXIM બેંક

   b. NABARD

   c. સીડબી

   d. RBI

10. નીચેનામાંથી કઈ વિકાસ બેંક છે ?

   a. NHB નેશનલ હાઉસિંગ બેંક

   b. SBI સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા

   c. ટાટા કેપિટલ ફાઈનાન્સિયલ સર્વિસીસ

   d. આપેલી બધી જ.

- તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(ગ) હેતુલક્ષી પ્રશ્નોના જવાબો

1. (c) બચત થાપણો સ્વીકારવાનું અને ધિરાણ આપવાનું
2. (b) મુદ્દતી થાપણો
3. (a) મધ્યસ્થ (રિઝર્વ) બેંક
4. (b) નાણાંનો
5. (a) માત્ર ખેતીક્ષેત્રને ધિરાણ આપે છે.
6. (d) ધિરાણ આપવાની ક્રિયા
7. (b) કંપની કાયદા
8. (d) વિકાસ બેંક
9. (d) RBI
10. (a) NHB નેશનલ હાઉસિંગ બેંક

- સંદર્ભ વાચન :
  - www.rbi.org

# એકમ-16 રાજકોષીય નીતિ

-: રૂપરેખા :-

16.0 ઉદ્દેશ
16.1 પ્રસ્તાવના
16.2 રાજકોષીય નીતિનો અર્થ
16.3 રાજકોષીય નીતિના હેતુઓ
16.4. રાજકોષીય નીતિનાં સાધનો
16.5 સારાંશ
16.6 ચાવીરૂપ શબ્દો
16.7 તમારી પ્રગતિ ચકાસો
- ઉપયોગી સંદર્ભવાચન
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

16.0 ઉદ્દેશ (Objective) :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- રાજકોષીય નીતિનો અર્થ સમજાવી શકશો.
- રાજકોષીય નીતિનાં સાધનોનો પરિચય આપી શકશો.
- રાજકોષીય નીતિના હેતુઓની ચર્ચા કરી શકશો.

## 16.1 પ્રસ્તાવના :

આ એકમમાં તમે રાજકોષીય નીતિનો પરિચય મેળવવાના છો. આ અગાઉ તમે નાણાંકીય નીતિ વિશે અભ્યાસ કર્યો. જેવી રીતે નાણાકીય નીતિ નાણાંના પુરવઠાને નિયંત્રણમાં રાખીને સમગ્ર અર્થતંત્ર ઉપર અસર પાડે છે તેવી રીતે રાજકોષીય નીતિ પણ સમગ્ર અર્થતંત્ર ઉપર અસર પાડતી સરકારના આવક અને ખર્ચ અંગેની નીતિ છે. આર્થિક સ્થિરતા સાથે વિકાસનાં ધ્યેયને પ્રાપ્ત કરવા માટે સરકાર દ્વારા કેટલાક નિર્ણયો કરવામાં આવે છે. આ નિર્ણયો પૈકી સરકારની તિજોરી એટલે કે જાહેરક્ષેત્ર થતા ખર્ચ અને આવકને અસર કરતા બધા નિર્ણયો રાજકોષીય નીતિ અંતર્ગત આવે છે. આ એકમમાં આપણે રાજકોષીય નીતિનાં વિભિન્ન સાધનો, રાજકોષીય નીતિના હેતુઓ વગેરેનો અભ્યાસ કરીશું.

## 16.2 રાજકોષીય નીતિનો અર્થ :

રાજકોષીય નીતિ એટલે સરકારના આવક અને ખર્ચ અંગેની વિચારધારા સ્પષ્ટ કરતી નીતિ. વીસમી સદીની શરૂઆત સુધીમાં laissez-faireની નીતિ એટલે કે રાજ્યના લઘુત્તમ આર્થિક હસ્તક્ષેપની નીતિ વધુ પ્રચલિત હતી. પરંતુ 1929ની વૈશ્વિક મહામંદીના અનુભવો તથા તેના સંદર્ભે કેઈન્સે આપેલું પુસ્તક "જનરલ થિયરી ઑફ એમ્પ્લોયમેન્ટ, ઈન્ટરેસ્ટ એન્ડ મની" દ્વારા સરકારના આર્થિક હસ્તક્ષેપનું મહત્ત્વ સમજાયું. આમ, આર્થિક સમતુલા, સ્થિરતા અને વિકાસના લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે સરકાર તેની આવક અને ખર્ચનો સાધન તરીકે ઉપયોગ કરે તે રાજકોષીય નીતિ. રાજકોષીય નીતિને વધારે સ્પષ્ટ રીતે સમજવા આપણે તેની કેટલીક વ્યાખ્યાઓ જોઈએ...

(i) આર્થર સ્મિથ : A policy under which the government uses its expenditure and revenue programme to produce desirable effects and avoid undesirable effects on the national income, production and employment. "જેના અંતર્ગત સરકાર રાષ્ટ્રીય આવક, ઉત્પાદન અને રોજગારી ઉપર ઇચ્છિત પરિણામો મેળવવાં અને અનૈચ્છિક પરિણામો ટાળવાં માટે તેના આવક અને ખર્ચના કાર્યક્રમો ઉપયોગ કરે છે તે રાજકોષીય નીતિ છે.

(ii) જી. કે. શો : We define Fiscal Policy to inclute and design to change the price level. Composition or timing of government expenditure or to vary the burten, structure of frequency of the tax payment. "રાજકોષીય નીતિની આપણે એવી રીતે વ્યાખ્યા કરીએ છીએ કે જે કિંમત સ્તરમાં પરિવર્તન લાવે, સરકારનાં ખર્ચ માળખાં અને ખર્ચના સમયગાળામાં થતા ફેરફારો, કર ચૂકવણી અને તેનું પુનરાવર્તન વગેરે બાબતોનો સમાવેશ કરે."

(iii) ઓટો એકસ્ટીન : "Changes in taxes and expenditure which aim of short run goals of full employment, price level and stability." (રાજકોષીય નીતિ એટલે) કરવેરા અને ખર્ચમાં ટૂંકા ગાળાના એવા ફેરફારો કે જેનું લક્ષ્યાંક પૂર્ણ રોજગારી, ભાવસપાટી અને સ્થિરતા હોય છે.

(iv) અમેરિકન ઈકોનોમિક એસોસિએશન : Fiscal policy should mean the policy which concerns itself with aggregate effects of government expenditure and taxation on income, production and employment. "રાજકોષીય નીતિનો એવો અર્થ થવો જોઈએ કે સરકારના ખર્ચ અને કરવેરાની આવક, ઉત્પાદન અને રોજગારી ઉપર કુલ અસરો સાથે સંબંધિત છે."

ઉપરની જુદી જુદી વ્યાખ્યાઓ જોતાં તમે જાણી શકશો કે તેમાં પૂર્ણ રોજગારી, આર્થિક સ્થિરતા, રાષ્ટ્રીય આવક વગેરે ઉપર ઐચ્છિક ફેરફારો ઉપજાવવા માટે સરકારના ખર્ચ અને કરવેરાની આવકનાં સાધનોનાં ઉપયોગ વિશે કહેવાયું છે. જો સરકાર જાતે કોઈ વસ્તુ કે સેવાનું ઉત્પાદન કરતી હોય તો તેની આવક, દંડ, ફી વગેરેની આવકનો ઉપયોગ પણ સરકાર તેની રાજકોષીય નીતિમાં કરી શકે છે. જો કે સામાન્ય રીતે કરવેરા સરકારની આવકનો મુખ્ય સ્રોત છે અને તેથી તે અસરકારક પણ છે, એટલે અહીં પણ વિવિધ વ્યાખ્યાઓમાં અર્થશાસ્ત્રીઓ દ્વારા કરવેરા સાધનનો મુખ્યત્વે ઉલ્લેખ થયેલો જણાય છે.

## 16.3 રાજકોષીય નીતિના હેતુઓ

દરેક અર્થતંત્રની આર્થિક સ્થિતિ અને લક્ષ્યો પ્રમાણે રાજકોષીય નીતિના હેતુઓ હોય છે. વળી, વિકસિત અને અલ્પવિકસિત દેશોમાં પણ રાજકોષીય નીતિના હેતુ અને ભૂમિકા જુદા હોઈ શકે. તેમ છતાં મોટાભાગે કેટલાક હેતુઓ સર્વસામાન્ય રીતે બધાં જ અર્થતંત્રો માટે એકસરખાં રહેતા હોય છે. હવે આપણે આ હેતુઓનો વિસ્તારપૂર્વક અભ્યાસ કરીએ.

(1) સાધનો ગતિશીલ કરવાં :

સરકાર તેના ખર્ચ અને આવકનાં સાધનોની મદદથી પ્રજા પાસે રહેલાં નાણાકીય સાધનો કરવેરાનાં માધ્યમથી એકઠાં કરીને આર્થિક વિકાસ માટે જરૂરી એવી પ્રવૃત્તિઓ તરફ ગતિશીલ કરે છે. તેવી જ રીતે સસ્તા વ્યાજદરથી લોન વગેરે જેવી નાણાકીય નીતિઓની મદદથી પણ ખાનગીક્ષેત્રના વિકાસ માટે જરૂરી સાધનો ગતિશીલ કરે છે. પછાત પ્રદેશોમાં રોકાણ, ઓછાં વિકસિત ઉત્પાદનક્ષેત્રો માટે રોકાણ વગેરે જેવા નિર્ણયોથી અથવા સીધો જ હસ્તક્ષેપ કરીને એટલે કે સીધું જ રોકાણ કરીને તે પ્રદેશ કે ઉત્પાદન ક્ષેત્રના વિકાસ

માટે નાણાં તેમજ અન્ય સાધનોની વ્યવસ્થા કરે છે. આમ નાણાંકીય સાધનો ગતિશીલ કરીને તેની ઉત્પાદકતામાં પણ વધારો કરે છે.

સરકાર માત્ર નાણાકીય સાધનો જ નહીં પરંતુ જમીન, શ્રમ જેવાં સાધનોને પણ વધુ મહત્ત્વની ઉત્પાદન પ્રક્રિયામાં રોકી શકે છે, જે અગાઉ ઓછી મહત્ત્વની પ્રક્રિયામાં રોકાયેલાં હોય અથવા પ્રચ્છન્ન બેરોજગાર હોય.

(2) જાહેર/સરકારી ખર્ચ માટે નાણાંકીય સાધનો એકઠાં કરવાં :

રાજ્ય અને કેન્દ્ર સરકારોએ જુદી જુદી જાહેર સેવાઓ પૂરી પાડવાની હોય છે. જેમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, કાયદો અને વ્યવસ્થા, વહીવટીતંત્ર, સરહદી સુરક્ષા, વૈજ્ઞાનિક સંશોધનો વગેરે માટે સાધનો મળવાં જરૂરી છે. સરકાર અંતિમ ઉપાય તરીકે નવી નોટો છાપીને કે બેન્કો પાસેથી ઉધાર લઈને આ ખર્ચ કરી શકે છે, પણ તે ફુગાવો લાવનાર પણ બને. કારણ કે, તેનાથી અર્થતંત્રમાં નવાં નાણાં ઉમેરાય છે. જો ફુગાવો થવા ન દેવો હોય તો સરકાર કરવેરાના દરથી કે જાહેર સેવાઓની કિંમત વસૂલીને તેના પોતાના ખર્ચ માટે નાણાકીય સાધનો મેળવી શકે છે. જો અર્થતંત્રમાં મંદી હોય તો કરવેરા મંદીને વધુ તીવ્ર બનાવશે. આ સ્થિતિમાં સરકારે કરવેરાના દર ઘટાડીને અન્ય વિકલ્પોએ નાણાંકીય સાધનો ઊભાં કરવાં જોઈએ.

(3) વ્યાપારચક્રોનું નિયંત્રણ :

તેજી અને મંદી જેવા વ્યાપારચક્રો નિયમિતપણે અર્થતંત્રમાં આવતાં રહે છે, જે આર્થિક પ્રવૃત્તિઓને અસર કરતી સામાન્ય ઘટનાઓ છે. તેમ છતાં જો તેને નિયંત્રણમાં ન રાખવામાં આવે તો વ્યાપારચક્રો તીવ્ર બનતાં તેની નકારાત્મક અસરો અર્થતંત્રનો વિકાસ અટકાવી દે છે. તેજી કે ફુગાવાને નિયંત્રિત કરવા માટે કુલ ખર્ચમાં ઘટાડો કરવો જોઈએ તથા અર્થતંત્રમાંથી નાણું પરત ખેંચી લેવું પડે. અર્થતંત્રમાં થતા કુલ ખર્ચમાં C + 1 + Gમાં G એટલે કે સરકારી ખર્ચનો નોંધપાત્ર હિસ્સો હોય છે. ફુગાવાને નિયંત્રણમાં લેવા માટે સરકાર તેનો રોકાણ ખર્ચ ઓછો કરીને તથા કરવેરાના દર વધારીને અર્થતંત્રમાંથી નાણાંનો પુરવઠો ઓછો કરે છે. તો તેનાથી વિપરીત સ્થિતિમાં મંદીને નિયંત્રિત કરવા માટે સરકાર તેનો ખર્ચ વધારે છે. કરવેરાના દર પણ ઓછા કરી શકે છે. આમ, નવું નાણું અર્થતંત્રમાં ઉમેરાય છે તેથી મંદી દૂર થાય છે.

(4) પૂર્ણ રોજગારીનું સ્તર મેળવવું :

કોઈપણ અર્થતંત્રનું મૂળ ધ્યેય પૂર્ણ રોજગારીની સ્થિતિ પ્રાપ્ત કરવાનું હોય છે. અહીં રોજગારી એટલે શ્રમની રોજગારી ઉપરાંત ઉત્પાદનનાં બધાં જ સાધનોનો પૂર્ણ અને મહત્તમ ઉપયોગ થાય તે રીતે બધાં જ સાધનોને રોજગાર મળે એટલે કે કામમાં લેવામાં આવે તે મહત્ત્વનું છે. સાધનોનો સંપૂર્ણ ઉપયોગ વિકાસની કક્ષા નીચી રાખે છે. આમ, શ્રમિકોને પૂર્ણ રોજગાર પ્રાપ્ત થાય તેમ જ ઉત્પાદનનાં અન્ય સાધનોનો પણ મહત્તમ ઉપયોગ થાય તે હેતુથી રાજકોષીય નીતિનાં સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. સરકાર સીધું જ રોકાણ કરીને ઉદ્યોગોની સ્થાપના અને સંચાલન કરી શકે છે. તેથી તેમાં ઉત્પાદન સાધનોને રોજગાર મળે છે અથવા નવા સ્થપાઈ રહેલાં ઔદ્યોગિક એકમોને કરવેરા, જાહેર સેવાઓની ફી વગેરેમાં છૂટછાટ કે મુક્તિ આપીને રોજગારીની તકો ઊભી કરી શકે છે.

(5) ગરીબી દૂર કરવી :

ગરીબી એટલે માત્ર આવકનો અભાવ ન કહી શકાય, પરંતુ વિકાસની તક ન મળવાને કારણે પણ સમાજમાં ગરીબી પ્રવર્તમાન હોઈ શકે છે. શિક્ષણ અને તાલીમની

સુવિધાઓ, સ્વાસ્થ્ય સુવિધાઓ, પરિવહન અને સંદેશાવ્યવહાર, બેન્કિંગ જેવી માળખાકીય સુવિધાઓ વગેરે પૂરી પાડીને રોજગારપાત્રતા વિકસાવે છે તથા આ રીતે ગરીબી દૂર કરે છે. જાહેર સુવિધાઓ સસ્તા ભાવે આપીને પણ ગરીબી દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સમાજમાં પ્રવર્તમાન સાપેક્ષ ગરીબી દૂર કરવા માટે કરવેરા જેવા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. આ રીતે એકઠી થયેલી આવકથી સરકાર ગરીબોની તરફેણમાં ખર્ચ કરે છે. જેને Cross-Subsidy કહેવાય છે. એક પાસેથી આવક મેળવીને બીજાને આર્થિક સહાય, રાહત દરે વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

(6) આર્થિક વિકાસ કરવો :

આર્થિક વિકાસ એ હવે માત્ર આર્થિક હેતુઓ સુધી સીમિત નથી રહ્યો. આર્થિક વિકાસના ઘણા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સૂચિતાર્થો પણ છે. લોકતંત્રમાં સત્તા ઉપર ટકવા માટે અને સત્તા મેળવવા માટે પણ આર્થિક વિકાસનો મુદ્દો ઉપયોગમાં લેવાય છે. વળી, જો અર્થતંત્રને સંપૂર્ણપણે ખાનગીક્ષેત્ર ઉપર આધારિત રહેવા દેવામાં આવે તો આંતરરાષ્ટ્રીય વેપારમાં પણ સંરક્ષણ, સબસિડી જેવાં સાધનોની સહાય મળી શકે નહીં અને નવા નાનાં એકમો સ્પર્ધાક્ષમતા કેળવી શકે નહીં. આયાત-નિકાસ, જકાતો જેવાં સાધનોથી સરકાર દેશનાં અર્થતંત્રને વિદેશી આર્થિક નીતિઓ સામે રક્ષણ આપવા માટે નિકાસ પ્રોત્સાહનો આપી શકે છે. જો નિકાસ અટકાવવી હોય તો નિકાસ કર લગાવી શકે છે. તેવી જ રીતે આયાતો ઉપર નિયંત્રણ મૂકવા માટે પણ આયાતમાં છૂટ કે આયાત-જકાત જેવાં સાધનોનો ઉપયોગ કરે છે.

(7) ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવું :

આધુનિક સમયમાં માત્ર આર્થિક વિકાસ નહીં પણ ટકાઉ વિકાસના ખ્યાલને મહત્ત્વ અપાય છે. ટકાઉ વિકાસમાં ઉત્પાદન સાધનોનો કરકસરપૂર્ણ ઉપયોગ, પર્યાવરણ જાળવણી, માનવ વિકાસ જેવા ખ્યાલોનો પણ સમાવેશ થાય છે. રાજકોષીય નીતિનાં સાધનોથી સરકાર આ બાબતે સક્રિય થાય છે. જેમ કે પ્રદૂષણ કરતાં કારખાનાંઓ પર દંડ અને કરવેરા નાખીને તેવી ઉત્પાદન પ્રક્રિયા ઉપર નિયંત્રણ મૂકી શકે છે. અથવા પર્યાવરણ જતન કરતી પ્રવૃત્તિઓને સબસિડી, આર્થિક સહાય, કરવેરામાં છૂટ જેવાં પ્રોત્સાહન પણ આપી શકે છે. તેવી જ રીતે માનવવિકાસ માટે શિક્ષણ, સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપર ખર્ચ કરે છે. કુદરતી સાધનોનાં બગાડ તેમજ ઉપયોગ ઉપર પણ નિયંત્રણ મૂકે છે.

(8) કટોકટીના સમયે નબળા વર્ગોનું રક્ષણ :

કુદરતી કે આર્થિક કટોકટીના સમયે નબળા વર્ગો ટકી શકતા નથી. કુદરતી આપત્તિ સમયે જાનમાલનું રક્ષણ કરવા પાછળ સરકાર દ્વારા ખર્ચ કરવાનો થાય છે. આ ખર્ચ માટે સાધનો પણ આધુનિક સરકાર અલગથી ફાળવતી થઈ છે. જેમ કે દરેક સરકાર કટોકટીના સમયને પહોંચી વળવા માટે રાહતકોષની વ્યવસ્થા કરે છે.

(9) બજારની અપૂર્ણતા દૂર કરવી :

પૂર્ણ હરીફાઈવાળા બજારમાં ગ્રાહકો છેતરાતા નથી. જોકે આપણે જાણીએ છીએ કે આદર્શ સ્થિતિવાળું પૂર્ણ બજાર ભાગ્યે જ જોવા મળે છે. ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી જાહેર ખબરો, ભેળસેળવાળા પદાર્થો, ઊંચી કિંમતો ગ્રાહકો સાથે ઠગાઈ જેવા કિસ્સાઓમાં સરકાર દ્વારા રક્ષણાત્મક માળખું ઊભું કરવામાં આવે છે; અથવા તો સરકાર સીધી જ આર્થિક ઉત્પાદન પ્રક્રિયામાં પ્રવેશ કરે છે અને હરીફાઈની તથા બજારની અપૂર્ણતાઓ દૂર કરે છે. આ સમયે સરકારે રોકાણખર્ચ કરવાનો આવે છે જેથી ઉત્પાદન થઈ શકે.

(10) કુલ માંગ અને કુલ પુરવઠાનું નિયંત્રણ કરવું :

બજારમાં કુલ માંગ અને કુલ પુરવઠાનું નિયંત્રણ અત્યંત જરૂરી છે. કારણ કે માંગમાં થતા ફેરફારોને આધારે ઉત્પાદકો રોકાણ અંગેના નિર્ણયો લેતા હોય છે. જો ઊંચી ખરીદશક્તિને કારણે માત્ર ધનિક લોકો દ્વારા કરવામાં આવતી માંગની જ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવામાં આવે તો ઉત્પાદન સાધનો વિલાસિતાની કે ઓછાં લોકો ઉપયોગામાં લઈ શકે તેવી વસ્તુ અને સેવાઓનાં ઉત્પાદનમાં રોકાશે. અહીં સરકાર જાતે ઉત્પાદન પ્રક્રિયા હાથ ધરે છે તથા બજારમાં જનસામાન્યને ઉપયોગમાં લેવાની વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરીને તેનો પુરવઠો જાળવે છે. આમ, કુલ માંગ અને પુરવઠાનું નિયંત્રણ થાય છે. સમાજ માટે હાનિકારક વસ્તુઓનાં ઉત્પાદન અને વેચાણને અટકાવવા માટે પણ સરકાર કરવેરા, દંડ જેવાં રાજકોષીય સાધનોનો ઉપયોગ કરે છે. જેમ કે સિગરેટ, નશીલા પદાર્થોનું ઉત્પાદન અને ઉપયોગ રોકે છે.

(11) સમતુલિત આર્થિક વિકાસ :

સમતુલિત આર્થિક વિકાસ એટલે આર્થિક જરૂરિયાતો પ્રમાણે અર્થતંત્રનાં બધાં ક્ષેત્રો અને પ્રદેશોનો વિકાસ થાય, સમાજના બધા વર્ગોનો વિકાસ થાય અને સમાજના બધા વર્ગો દ્વારા વિકાસ થાય. જેમ કે કોઈ પછાત પ્રદેશમાં આર્થિક વિકાસ ન થઈ શક્યો હોય તો ત્યાં વિકાસની સંભાવનાઓ તપાસીને તે અનુસાર રોકાણ કરીને આર્થિક વિકાસ કરવાનો થાય છે. તેવી જ રીતે સમાજમાં શિક્ષણ કે અન્ય ક્ષમતાના અભાવે પછાત રહેલાં લોકોને પણ વિકાસ પ્રક્રિયામાં ભેળવવાં માટે સરકાર પ્રયત્ન કરે છે.

(12) વૈજ્ઞાનિક સંશોધનો અને વિકાસ :

આધુનિક સમયમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીકલ વિકાસ સિવાય કોઈપણ ક્રિયાઓ સંભવી શકે નહીં. વૈજ્ઞાનિક શોધખોળોમાં ઘણાં સાધનોની જરૂર પડે છે તથા પ્રયોગો નિષ્ફળ જવાની પણ સંભાવના હોય છે. તેથી લાંબા સમય સુધી રોકાણમાંથી નફો ન મળે તેવું પણ બને. રોકાણનું મોટું પ્રમાણ, લાંબો ફલનકાળ તથા ખોટની સંભાવનાઓને કારણે ખાનગીક્ષેત્ર મોટાભાગે વૈજ્ઞાનિક સંશોધનો કરવા માટે આગળ આવતું નથી. જો કે આધુનિક સમય બહુ મોટી ખાનગી પેઢીઓ દ્વારા દવાઓ તેમજ અન્ય ટેક્નિકલ શોધખોળો સતત થતી રહે છે અને તેના પાછળ મોટું બજેટ પણ ફાળવવામાં આવે છે. તેમ છતાં, આર્થિક વિકાસ માટે સંશોધન, વૈજ્ઞાનિક શોધખોળો, સમાજિક સંશોધનો, માહિતીનું એકત્રીકરણ (જેમ કે વસ્તીગણતરી માહિતીનું એકત્રીકરણ) જેવી મોટી પ્રક્રિયાઓ પાછળ સરકારે ખર્ચ કરવાનો થાય છે.

આધુનિક સરકાર કલ્યાણલક્ષી સરકાર હોવાથી રાજકોષીય સાધનોનાં હેતુઓમાં પણ ઘણાં ફેરફારો થયા છે. તેમ છતાં સ્થિરતા સાથે આર્થિક વિકાસ એ મૂળભૂત હેતુ રહેલો હોય છે.

## 16.4 રાજકોષીય નીતિનાં સાધનો (Tools of fiscal Policy)

આર્થિક વિકાસ અંગેના જુદા જુદા હેતુઓ સિદ્ધ કરવા માટે સરકાર રાજકોષીય નીતિનો ઉપયોગ કરે છે તે આપણે જોયું. રાજકોષીય નીતિનાં એટલે કે સરકારના આવક અને ખર્ચનાં સાધનોનો હવે આપણે પરિચય મેળવીએ.

સરકારના (જાહેર) ખર્ચનાં સાધનો (Government spending tools)

(i) મૂડી ખર્ચ : મૂડીખર્ચ એ સરકારનો એવો ખર્ચ છે કે જેનાથી જાહેર સંપત્તિનું નિર્માણ

થાય છે. જેમ કે શાળાઓનાં મકાન, રસ્તા, હોસ્પિટલો, બસ અને રેલવે સ્ટેશન વગેરે. આ પ્રકારના ખર્ચ દેશની મૂડી-સંપત્તિમાં તો વધારો કરે જ છે સાથે ઉત્પાદનક્ષમતામાં પણ વધારો કરે છે. સરકારના આ પ્રકારના ખર્ચથી રોજગારીની તકોમાં વધારો થાય છે.

(ii) ચાલુ ખર્ચ : આ એવા પ્રકારનો જાહેરખર્ચ છે, કે જે વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડવા પાછળ થાય છે. જુદી જુદી સેવાઓ જેમ કે સંરક્ષણ, સ્વાસ્થ્ય અને શિક્ષણ, વહીવટી સેવાઓ વગેરે પૂરી પાડવા પાછળનો ખર્ચ, વીજળી ઉત્પાદન અને વિતરણ, પરિવહન વગેરે સેવાઓ પૂરી પાડવાનો ખર્ચ એ આ પ્રકારના ખર્ચમાં સમાવિષ્ટ છે.

(iii) બદલા ચૂકવણીઓ : સામાજિક સુરક્ષાની જોગવાઈઓ અંતર્ગત જે ચૂકવણી સરકારે કરવાની હોય છે તે બદલા ચૂકવણીઓ કહેવાય છે. દા.ત. પેન્શન યોજના, બેરોજગારી ભથ્થું (જો કે બેરોજગારી ભથ્થું બહુ ઓછા દેશોમાં ઉપયોગમાં લેવાય છે. કેટલાક પશ્ચિમના દેશોમાં આ પ્રકારનાં ભથ્થાંનો ઉપયોગ થયેલો જણાયો છે, ભારતમાં આ ભથ્થું અપાતું) વિધવા સહાય વગેરે. સરકારે લીધેલા ઋણના વ્યાજની ચૂકવણી પણ આ વિભાગમાં આવે છે. જો કે અહીં એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે આ પ્રકારનો ખર્ચ GDPની ગણતરી કરતી વખતે બાકાત રાખવામાં આવે છે. કારણ કે તેનો દેશનાં કુલ ઉત્પાદનમાં કોઈ ફાળો નથી હોતો.

- જાહેર (સરકારની) આવકનાં સાધનો :

(i) કરવેરા :

કરવેરા બે પ્રકારના હોય છે : સીધા (પ્રત્યક્ષ) કર અને આડકતરા (પરોક્ષ) કરવેરા. અર્થતંત્ર માટે લાભદાયી વસ્તુઓનું ઉત્પાદન વધારવા, આવકની અસમાનતા ઘટાડવા, વિદેશ વેપારમાં રક્ષણ વગેરે આપવા માટે કરવેરાના સાધનનો ઉપયોગ કરવામાં આવે છે. ભોગવિલાસની વસ્તુઓનાં ઉત્પાદન અને વેચાણને નિયંત્રિત કરીને જીવનજરૂરિયાતની વસ્તુનું ઉત્પાદન વધારવું હોય અને સાધન ફાળવણી જીનવજરૂરિયાતની વસ્તુઓની તરફેણનાં ઉત્પાદનમાં કરવાની હોય તો તેવા સમયે કરવેરાનું સાધન ઘણું ઉપયોગી થાય છે. ઉત્પાદન, વેચાણ વગેરે પર કર નાખીને ભોગવિલાસની વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ મોંઘુ કરી શકાય છે. આ વસ્તુની કિંમતમાં કરવેરાથી થતો વધારો એવા વર્ગને અસર કરે છે કે જેની આવક સાપેક્ષ રીતે વધારે હોય છે.

સીધા કરવેરા જેવા કે આવક વેરો, સંપત્તિ વેરો વગેરે પણ આવકની અસમાનતા ઘટાડવામાં અને નિમ્ન આવકવાળા વર્ગની તરફેણમાં ખર્ચ કરવા માટે સરકાર માટે નાણાંકીય આવકનું સાધન બને છે. રાજકોષીય નીતિમાં અન્ય સાધનો કરતાં કરવેરા સરકાર માટે મુખ્ય અને સૌથી વધુ અસરકારક સાધન છે.

(ii) બજેટ નીતિ :

બજેટ એ સરકારના આવક-જાવકનું આયોજન બતાવે છે તથા સાધનોનો અંદાજ દર્શાવે છે. બજેટ પણ સરકારની રાજકોષીય નીતિનું નોંધપાત્ર સાધન છે. જો સરકારે ફુગાવાને નિયંત્રણમાં લેવો હોય તે પુરાંતવાળું બજેટ બનાવે છે. જાહેરખર્ચમાં, રોકાણખર્ચમાં ઘટાડો કરે છે અને અર્થતંત્રમાંથી નાણું પાછું ખેંચાય તેવાં પગલાં લે છે.

તેનાથી વિપરીત મંદીને દૂર કરવા સરકાર ખાધવાળું બજેટ જાહેર કરે છે. જેથી સરકારને તેની આવક માટે નવાં સાધનો ઊભાં કરવા માટે માર્ગ તૈયાર થાય છે.

(iii) જાહેર ઋણ :

જાહેર ઋણ એટલે સરકાર દ્વારા લેવામાં આવતી લોન કે ઉધાર. સરકાર તેની પ્રજા પાસેથી, રિઝર્વ બેન્ક પાસેથી તથા વિદેશી સંસ્થાઓ કે અન્ય દેશો પાસેથી ઋણ લઈ શકે છે. આ બધાં સાધનોનાં હેતુ અને અસરો અલગ અલગ હોય છે. આ સાધનો વિશે હવે આપણે સમજણ મેળવીએ.

(a) પ્રજા પાસેથી લેવાતું ઋણ :

સરકાર જ્યારે પ્રજા પાસેથી ઉધાર (કર્જ) લે છે ત્યારે પ્રજાનું નાણું સરકાર પાસે આવે છે. આમ, પ્રજા પાસે નાણું ઓછું થાય છે અને સરકારની આવક થાય છે. આમ થવાથી બજારમાં ફુગાવાનાં પરિબળો નિયંત્રણમાં આવી શકે છે. સરકાર વિવિધ સમયાવધિના બોન્ડ બહાર પાડીને પ્રજા પાસેથી ઉધાર લે છે. આ આવકનો ઉપયોગ સરકાર જાહેર સંપત્તિ વધારવામાં, ગરીબોની તરફેણમાં ખર્ચ કરવામાં કે વિદેશી લોન પરત ચૂકવવામાં કરી શકે છે.

મંદીની અસરો દૂર કરવા માટે સરકાર અગાઉ લીધેલું ઋણ પરત કરે છે.

(b) રિઝર્વ બેન્ક પાસેથી લેવાનું ઋણ :

સરકાર તેની નાણાકીય જરૂરિયાતો પૂરી પાડવા માટે દેશની મધ્યસ્થ બેન્ક પાસેથી ઉધાર લઈ શકે છે. રિઝર્વ બેન્ક સરકારને ઉધાર આપે છે ત્યારે સરકારની પોતાની જ બચતો ન હોય તો નવું નાણું છાપીને પણ ઉધાર આપે છે જેને ખાદ્યપૂર્વક નાણાંતંત્ર કહેવામાં આવે છે. આમ થવાથી અર્થતંત્રમાં નવું નાણું આવતું હોવાથી મંદીનાં પરિબળો દૂર થાય છે.

(c) વિદેશી ઋણ :

વિદેશી ઋણ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે વિશ્વબેંક, IMF વગેરે પાસેથી મળી શકે છે. તો કેટલાક મોટા દેશો પાસેથી પણ આર્થિક કટોકટી ધરાવતા દેશને વસ્તુનાં સ્વરૂપમાં કે નાણાંકીય ઉધાર મળે છે. જેમ કે કોઈ મોટી કુદરતી આપત્તિના સમયે દેશ માટે સ્થાનિક સાધનો અપૂરતાં થાય તો વિશ્વબેંક સહાય કરે છે. ગરીબી દૂર કરવા તથા મોટાં રોકાણોમાં પણ આ પ્રકારની સહાય મળે છે. 2001ના કચ્છના ધરતીકંપ વખતે વિશ્વ બેન્ક તરફથી પુનર્વસન માટે ભારતને સહાય મળેલી હતી. COVID-19 કોરોના સમયે ભારતે પણ અમેરિકા તેમજ બીજા દેશોને દવાઓની સહાય કરી હતી. શ્રીલંકાની આર્થિક કટોકટી સમયે પણ ભારતે શ્રીલંકાને મદદ કરી હતી. આ રીતે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તથા દેશો પાસેથી ઉધાર લઈ શકાય છે.

આવકનાં વિવિધ સાધનોનાં ઉપયોગ અને અસરો :

આપણે સરકારની એટલે કે રાજકોષીય આવકનાં વિવિધ સાધનોનો પરિચય મેળવ્યો. તે બધાંના ઉપયોગ અને અસરોમાંથી ભિન્નતા હોય છે.

જેમ કે, સરકાર જ્યારે દેશનાં લોકો પાસેથી નાણું ઉધાર લે ત્યારે તે પરત કરતી વખતે દેશનું નાણું દેશમાં જ રહેશે. જ્યારે વિદેશી લોન પરત ચૂકવતી વખતે દેશમાંથી નાણું બહાર આપવાનું રહેશે. વળી, દેશનાં લોકો જ જ્યારે સરકારને ઉધાર આપે છે ત્યારે દેશમાં નાણાંનો કુલ પુરવઠો વધતો નથી. પરંતુ વિદેશી નાણાંથી દેશમાં નાણાંનો કુલ પુરવઠો વધે છે અને તેથી ફુગાવો થવાની સંભાવના છે.

તેવી જ રીતે સરકાર જ્યારે મધ્યસ્થ બેન્ક પાસેથી લોન લે છે ત્યારે જો સરકારની પોતાની બચત ન હોય તો નવું નાણું છાપીને પણ લોન અપાતી હોવાથી અર્થતંત્રમાં નવું નાણું ઉમેરાય છે. આમ, તેનાથી મંદી દૂર થઈ શકે છે. પણ જો ફુગાવાનાં પરિબળો પહેલેથી હોય તો ફુગાવો વધારે તીવ્ર બને છે.

આમ, સરકારની આવક અને ખર્ચનાં વિવિધ સાધનો જોયા પછી આપણે કહી શકીએ કે તેનો ઉપયોગ કરવામાં સાવધાની રાખવી જરૂરી બને છે.

## 16.5 સારાંશ

- આધુનિક કલ્યાણલક્ષી સરકારે પ્રજાકીય કાર્યો કરવા માટે નાણાંકીય સાધનો ઊભાં કરવાં જરૂરી છે. આ ઉપરાંત આર્થિક સ્થિરતા માટે પણ સરકાર સક્રિય રહેતી હોય છે. આમ, સરકારે કરવાના થતા ખર્ચ અને તે માટે આવક મેળવવાના નિર્ણયોને રાજકોષીય નીતિ તરીકે ઓળખવામાં આવે છે.
- આર્થિક સ્થિરતા, ગરીબી દૂર કરવી, લેણદેણની તુલામાં સમતુલા, સમતોલ પ્રાદેશિક વિકાસ, રોજગારીની તકોનું સર્જન, આર્થિક વિકાસ, વ્યાપારચક્રોનું નિયંત્રણ વગેરે જેવા હેતુઓ માટે સરકાર રાજકોષીય નીતિનાં સાધનોનો ઉપયોગ કરે છે.
- કરવેરા એ સરકાર માટે આવક મેળવવાનું મુખ્ય સાધન છે. તે ઉપરાંત જાહેર દેવું (ઋણ) અને મધ્યસ્થ બેન્ક પાસેથી મળતી મદદ પણ સરકારની આવકનાં સાધન છે. આ ઉપરાંત સરકાર જે વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડે છે તે દાખલા તરીકે વીજળી, પરિવહન સેવા વગેરેનાં વેચાણથી થતી આવક પણ સરકારને મળે છે.
- સરકારે આર્થિક વિકાસ, વહીવટી સેવાઓ પૂરી પાડવી, આંતરિક કાયદો અને વ્યવસ્થા જાળવવા, સરહદો ઉપર સંરક્ષણ, આર્થિક વિકાસ વગેરે ઉપર ખર્ચ કરવાનો હોય છે. જાહેર સંપત્તિઓનું નિર્માણ, સંરક્ષણ, વહીવટ, લોનની પરત ચૂકવણી વગેરે જાહેર ખર્ચ અંતર્ગત આવે છે.
- રાજકોષીય નીતિનાં જુદાં જુદાં સાધનોનાં ઉપયોગ અને અસરમાં ભિન્નતા હોય છે. તેથી મંદી અને ફુગાવાનાં નિયંત્રણમાં, રોજગારસર્જનમાં, વહીવટી કાર્યોમાં કયા સાધનનો કેવો ઉપયોગ કરવો તે બાબત સાવધાની રાખવી જરૂરી હોય છે.

## 16.6 ચાવીરૂપ શબ્દો

- ખાધપૂરક નાણાંતંત્ર : સરકાર જ્યારે તેની આવક કરતાં ખર્ચ વધારે કરે છે તે ક્રિયા કે સ્થિતિને ખાધપૂરવણી કહેવામાં આવે છે. પશ્ચિમના દેશો અને ભારતમાં આ માટેની વ્યવસ્થામાં અને અર્થમાં થોડો તફાવત છે. જેમ કે પશ્ચિમના દેશોમાં જ્યારે આવક < ખર્ચની સ્થિત હોય તેને ખાધપૂર્તિ કહે છે. આ સમયે સરકાર ખાધ પૂરવા માટે પોતાની પ્રજા પાસેથી પણ નાણું ઉધાર લઈ શકે છે અથવા મધ્યસ્થ બેંક પાસેથી પણ લઈ શકે છે. ભારતમાં જ્યારે પ્રજા પાસેથી નાણું ઉધાર લઈને ખર્ચ અને આવક સમતોલ કરવામાં આવે છે. તેને ખાધપૂરવણી નથી કહેવાતી, કારણ કે તેમાં માત્ર નાણાકીય સાધનોનું હસ્તાંતરણ થયું હોય છે, જ્યારે સરકારની લોન લેવાની ક્રિયાથી અર્થતંત્રમાં નાણાંનું કુલ પ્રમાણ વધે તેને જ "ખાધપૂરવણી" કે અંગ્રેજીમાં Deficit Financing કહેવાય છે. તે જ્યારે રિઝર્વ બેન્ક પાસેથી લોન લેવામાં આવે છે ત્યારે અર્થતંત્રમાં નવું નાણું ઉમેરાય છે તેથી તે ખાધપૂરવણી કહેવાય છે. અગાઉના સમયમાં ખાધપૂરવણી સરકારની અણઆવડત તરીકે ઓળખાતી હતી અને આવકમાંથી જ ખર્ચ થાય તે વધુ સારું કહેવાતું, જો કે આધુનિક સમયમાં સરકારનાં વધતાં જતાં કાર્યો અને કલ્યાણલક્ષી હેતુથી સરકારની આવક કરતાં ખર્ચ વધુની સ્થિતિ સામાન્ય કહેવાય છે.
- **પૂર્ણ રોજગારી :** પૂર્ણ રોજગારી એ એવી સ્થિતિ છે કે જેમાં અનૈચ્છિક બેકારીનો અભાવ હોય તથા ઉત્પાદનનાં બધાં જ સાધનોને પૂર્ણ સમય માટે રોજગાર મળી રહેતાં હોય. આ સ્થિતિની પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ દ્વારા ધારણા કરવામાં આવતી.

પરંતુ કેઈન્સના સમયથી આ માન્યતા બદલાઈ અને અપૂર્ણ રોજગારીની સ્થિતિએ પણ અર્થતંત્ર સમતુલામાં હોય છે તે બાબતનો સ્વીકાર થવા લાગ્યો. બજારની અપૂર્ણતાને કારણે પૂર્ણ રોજગારીની સ્થિતિ પ્રાપ્ત ન થાય તેવું બને.

- બજારની અપૂર્ણતા : જ્યારે બધા જ ગ્રાહકો અને બધા જ વેપારીઓને વસ્તુ/સેવાની ગુણવત્તા, કિંમત, પ્રાપ્યતા વગેરેની માહિતી હોય અને ગ્રાહકો, ઉત્પાદકો, ઉત્પાદન સાધનો પૂર્ણ ગતિશીલ હોય તથા ગ્રાહકો અને ઉત્પાદકોની સંખ્યા અમર્યાદિત હોય તે સ્થિતિને પૂર્ણ બજાર કહેવાય છે. પરંતુ માહિતીનો અભાવ, સાધનોની અગતિશીલતા વગેરેને કારણે બજાર અપૂર્ણ રહેતાં મોટાભાગે ગ્રાહકોનું હિત જળવાતું નથી. કોઈ વાર ઉત્પાદકોનું હિત પણ જળવાતું ન હોય તેમ બને. આ સ્થિતિમાં સરકાર બજારમાં પ્રવેશે છે અને બજારની અપૂર્ણતા દૂર કરે છે. આ રીતે સાધનોની યોગ્ય અને ઇષ્ટતમ ફાળવણી કરે છે.

## 16.7 તમારી પ્રગતિ ચકાસો

(ક) નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારપૂર્વક લખો.

1. રાજકોષીય નીતિ એટલે શું ? રાજકોષીય નીતિનાં વિવિધ સાધનોનો ટૂંકમાં પરિચય આપો.
2. રાજકોષીય નીતિ એટલે શું ? રાજકોષીય નીતિના હેતુઓનું વર્ણન કરો.
3. રાજકોષીય નીતિ એટલે શું ? રાજકોષીય નીતિના જાહેર આવક અને જાહેર ખર્ચનાં સાધનોનો વ્યાપારચક્રોનાં નિયંત્રણમાં શું ફાળો અને ઉપયોગ છે તે તમારા શબ્દોમાં સમજાવો.

(ખ) નીચેના વિષયો ઉપર ટૂંકનોંધ લખો :

1. જાહેર આવકના સ્રોતો (સાધનો)
2. જાહેર ખર્ચ
3. ખાધપૂરક બજેટ નીતિ

(ગ) યોગ્ય વિકલ્પ પસંદ કરો :

1. કયા અર્થશાસ્ત્રીનાં લખાણોથી રાજકોષીય નીતિનું મહત્ત્વ વધારે સ્પષ્ટ થયું ?

   (અ) એડમ સ્મિથ (બ) કેઈન્સ

   (ક) મસગ્રેવ (ડ) હેરોડ-ડોમર

2. નીચેનામાંથી કયો રાજકોષીય નીતિનો હેતુ નથી ?

   (અ) આર્થિક સ્થિરતા સાથે વિકાસ (બ) પૂર્ણ રોજગારી

   (ક) લેણદેણની તુલામાં સમતુલા (ડ) વ્યાજદરમાં વધારો

3. નીચેનામાંથી કયું સરકારની આવકનું સાધન છે ?

   (અ) કરવેરા (બ) જાહેર ઋણ

   (ક) ખાધપૂરવણી (ડ) આપેલાં બધાં જ

4. નીચેનામાંથી કઈ બાબત જાહેર ખર્ચ સૂચવે છે ?

   (અ) જાહેર સંપત્તિનું નિર્માણ (બ) કરવેરા

   (ક) વિદેશી ઋણ (ડ) આપેલાં બધાં જ

5. જાહેર ઋણનો સ્રોત કયો છે ?

(અ) પ્રજા પાસેથી લીધેલી લોન (બ) આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસેથી લીધેલી લોન

(ક) વિદેશી સરકાર પાસેથી લીધેલી લોન (ડ) આપેલાં બધાં જ

- તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(ગ) હેતુલક્ષી પ્રશ્નોના જવાબ :

(1) કેઈન્સ

(2) વ્યાજદરમાં વધારો

(3) આપેલાં બધાં જ

(4) જાહેર સંપત્તિનું નિર્માણ

(5) આપેલાં બધાં જ

- ઉપયોગી સંદર્ભ વાચન :


- www.imf.org/external/pubs/ft/fandd/basic.fiscpol.htm
- Frank, Robert H., Bernanke, Ben S., "Principles os Economics" (2007), TatalhcGram Hill, New Delhi.
- Bhutani, Prem T., "principles of Economics" (2014), Tacman Allied Services (P) Ltd. New Delhi.
- पुरी वी. के, मिश्रा दिव्य, ''समष्टि अर्थशास्त्र'', (2002), हिमालया पब्लिशिंग हाउस, Delhi.
- Vaish, M.C., "Macro Economic Theory" (2002), Vikas Publishing House, Banglore.

# એકમ-17 આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓ
## (આંતરાષ્ટ્રીય નાણાંભંડોળ વિશ્વબેન્ક)

-: રૂપરેખા :-

17.0 ઉદ્દેશ

17.1 પ્રસ્તાવના

17.2 આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF)

17.2.1 IMFનું માળખું

17.2.2 IMFનાં કાર્યો

17.2.3 IMFના નાણાંકીય સ્રોત અને વિશેષ ઉપાડ અધિકાર (SDR)

17.2.4 IMF અને ભારત

17.3 વિશ્વબેન્ક (World Bank/ IBRD) સમૂહ

17.3.1 વિશ્વબેન્કનું માળખું

17.3.2 વિશ્વબેન્કનાં કાર્યો

17.3.3 વિશ્વબેન્કના નાણાંકીય સ્રોત

17.3.4 વિશ્વબેન્ક સમૂહ અને ભારત

17.4 આર્થિક સ્થિરતા અને સમતુલા સંદર્ભે IMF અને વિશ્વબેન્કની ભૂમિકાની સમીક્ષા

17.5 સારાંશ

17.6 ચાવીરૂપ શબ્દો

17.7 તમારી પ્રગતિ ચકાસો

- તમારી પ્રગતિ ચકાસોના જવાબો
- પૂરક વાચન માટે સંદર્ભસૂચિ

### 17.0 ઉદ્દેશો (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

- આર્થિક વિકાસમાં આંતરરાષ્ટ્રીય નાણાંસંસ્થાઓની ભૂમિકા અને કાર્યોની ચર્ચા કરી શકશો
- આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને ભારત વચ્ચેના સંબંધોનું વિશ્લેષણ કરી શકશો.
- વિશ્વબેન્ક અને ભારતીય અર્થતંત્ર વચ્ચેના સંબંધોની સમીક્ષા કરી શકશો.

### 17.1 પ્રસ્તાવના (Introduction) :

આધુનિક સમયમાં કોઈ અર્થતંત્ર બંધ અર્થતંત્ર નથી હોતું, એટલે કે તે અન્ય કોઈ દેશ સાથે વેપાર કે અન્ય દેશ સાથે જોડાયેલ ન હોય તેમ બનતું નથી. આથી જ એક

દેશમાં આવતાં પરિવર્તનોની અસર બીજા દેશની આર્થિક સ્થિતિ અને સમતુલા ઉપર પડે છે. વિશ્વના જુદા જુદા દેશો વચ્ચે આર્થિક ક્ષેત્રે સ્પર્ધા પણ રહેતી હોય છે. વિકાસના હેતુથી થતી તંદુરસ્ત સ્પર્ધા વિકાસને પ્રોત્સાહન આપે છે પરંતુ જો પરસ્પરના વેપારમાં ગેરવર્તણૂક થાય તો વેપારથી જોડાયેલા દેશો જ નહીં પરંતુ વિશ્વના અન્ય દેશોને પણ અસર થાય છે. આમ, કોઈ ગરીબ દેશોનો વિકાસ કરવા માટે, મોટા આર્થિક પ્રકલ્પો માટે જો કોઈ એક દેશ પ્રયત્ન કરે તો માત્ર તે દેશને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને લાભ કે હાનિ થઈ શકે છે. આમ, વિશ્વનાં અર્થતંત્રનો સમતુલા સાથે આર્થિક વિકાસ કરવા માટે કેટલીક સંસ્થાઓની રચના કરવામાં આવી છે. તે અંતર્ગત અહીં આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને વિશ્વબેન્ક એમ બે સંસ્થાઓનો પરિચય મેળવીએ.

## 17.2 આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ(International Monetary Fund)

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (International Monetary Fund = IMF)ની સ્થાપનાનાં મૂળ 1929ની વૈશ્વિક મહામંદીમાં રહેલાં છે. વૈશ્વિક મંદીમાં વિશ્વના દેશોનું અર્થતંત્ર ભાંગી પડ્યું. આ સમયે કોઈ નાણાંકીય આર્થિક સહાય અને નિયંત્રણકારી સંસ્થાનું હોવું જરૂરી લાગ્યું. વર્ષ 1944માં બ્રેટન વૂડ્ઝ ખાતે વિશ્વના 45 દેશોના પ્રતિનિધિઓ મળ્યા અને આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળની રચના કરવાનું નક્કી થયું અને આ રીતે ડિસેમ્બર 1945થી IMF કાર્યરત થયું. IMFની સ્થાપના સમયે 29 દેશોએ સભ્યપદના કરાર ઉપર હસ્તાક્ષર કર્યા હતા. વર્તમાનમાં (May 2022)માં 190 દેશો આ ભંડોળના સભ્યો છે. IMFનું વડું મથક વોશિંગ્ટન ડી. સી. ખાતે આવેલું છે.

વિશ્વમાં આવતાં આર્થિક અને પ્રાકૃતિક સંકટોના સમયે આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ તેના સભ્ય દેશોમાં આર્થિક અને નાણાંકીય સ્થિરતા જળવાય તે માટે સહાયક બને છે. IMFની સ્થાપના સમયથી અર્થતંત્રમાં ઘણાં પરિવર્તનો આવતાં રહ્યાં છે તેમ છતાં તેના મૂળભૂત ઉદ્દેશો સ્થિરતા સાથે આર્થિક વિકાસના જ રહ્યા છે. IMFની સ્થાપના સમયે તેના ઉદ્દેશો આ મુજબ રાખવામાં આવેલ હતાઃ

1. એક કાયમી સંસ્થા દ્વારા આંતરરાષ્ટ્રીય નાણાંકીય સહકારને ઉત્તેજન આપવું.
2. આંતરરાષ્ટ્રીય વેપારને સરળ અને સ્થિર બનાવવા માટે સુવિધાઓ પૂરી પાડવી અને તે રીતે રોજગાર સર્જન, વાસ્તવિક આવકમાં વૃદ્ધિ અને સમતુલિત આર્થિક વિકાસ માટે સભ્ય દેશોને મદદરૂપ થવું.
3. સભ્ય દેશોમાં ચલણનું સ્પર્ધાત્મક અવમૂલ્યન રોકવું અને વિનિમયદરની સ્થિરતા જાળવવી.
4. આંતરરાષ્ટ્રીય વેપાર વિનિમય ઉપરના પ્રતિબંધો દૂર કરીને બહુપક્ષીય ચૂકવણીઓ, લેણદેણને પ્રોત્સાહન આપવું.
5. સભ્ય દેશોને તેમની લેણદેણની તુલાની અસમતુલા દૂર કરવા માટે ટૂંકાગાળા માટે આર્થિક સહાય પૂરી પાડવી.
6. ઉપરોક્ત હેતુઓના સંદર્ભે સભ્ય દેશોની લેણદેણની તુલામાં અસમતુલાનો સમયગાળો અને તીવ્રતા ઓછાં કરવાં.

કોઈપણ દેશ નાણાંકીય કે આર્થિક કટોકટીમાં ક્યારે આવે ? જ્યારે તેની આર્થિક નીતિઓમાં ખામી હોય, નિકાસનું ક્ષેત્ર ખોટ કરતું હોય કે જ્યારે કોઈ કુદરતી આપત્તિ આવે ત્યારે તે દેશ પાસે આર્થિક સમતુલા સ્થાપિત કરવા માટે પોતાનાં સંસાધનો ઓછાં પડી શકે છે. આવી સ્થિતિમાં નાણાં ભંડોળ તેના સભ્ય છે તે દેશોને ટૂંકાગાળાની અને

ઓછા વ્યાજદરની લોન આપે છે જેથી તે દેશને તેની આર્થિક સ્થિતિ સુધારવા માટે તક મળી રહે. હવે આપણે IMFનાં વહીવટી માળખાંથી પરિચિત થઈએ.

17.2.1આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળનું વહીવટી માળખું (Administrative Structure of IMF) :

આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળનું સંચાલન તેના સભ્ય દેશો દ્વારા જ કરવામાં આવે છે. નાણાં મંત્રાલય અથવા તે દેશની મધ્યસ્થ બેન્કના ઉચ્ચ અધિકારી IMFમાં સભ્ય દેશનું પ્રતિનિધિત્વ કરે છે. ભંડોળના બંધારણીય માળખામાં સર્વોચ્ચ પદે ગવર્નર હોય છે તથા તેઓની સહાય માટે ચાર ડેપ્યુટી ગવર્નર હોય છે. નાણાંભંડોળની નાણાંકીય સમિતિના 24 સભ્યો હોય છે જે બોર્ડ ઓફ ગવર્નર્સના સલાહકારો હોય છે તથા રોજબરોજનો વહીવટ સંભાળે છે. તે ઉપરાંત IMFના કર્મચારીઓ સહાયક કર્મચારીઓ હોય છે.

17.2.2 આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળના કાર્યો(Function of IMF) :

i સભ્ય દેશોમાં નાણાંકીય સ્થિરતા જળવાય તે જોવું : IMF તેના સભ્ય દેશોની નાણાંકીય સ્થિરતા બાબતે અભ્યાસ કરે છે તથા સ્થિરતા અને વિકાસ સામેનાં સંભવિત જોખમોનો નિર્દેશ કરીને નીતિવિષયક ફેરફારો સૂચવે છે.

ii. નાણાંકીય સહાય કરવી : જ્યારે કોઈ દેશની સ્થાનિક ખામીયુક્ત રાજકોષીય અને નાણાંકીય નીતિને કારણે સ્થિરતા જોખમમાં મૂકાય છે ત્યારે ભંડોળ આ દેશને નાણાંકીય સહાય કરે છે જેથી તે દેશ તેનાં આર્થિક માળખામાં નીતિવિષયક ફેરફારો અમલમાં લાવી શકે. કોઈ દેશ મોટી પ્રાકૃતિક આપત્તિનો સામનો કરતો હોય અથવા તે દેશની મુખ્ય નિકાસ વસ્તુની કિંમતમાં ઘટાડો થતાં નિકાસ આવક ઘટવાથી લેણદેણ તુલામાં અસમતુલા ઊભી થઈ હોય તો તેવા સમયે પણ સ્થિરતાલક્ષી આર્થિક નીતિવિષયક સૂચનો અને નાણાંકીય સહાય IMF દ્વારા કરવામાં આવે છે, જ્યારે મૂડીનું કોઈ દેશમાંથી સતત અવમૂલ્યન કે નિર્ગમન થતું હોય તેવા સમયે રોકાણકારોનો વિશ્વાસ જાળવવા અને તેમને થતું નુકસાન અટકાવવા માટે IMF દ્વારા મદદ કરવામાં આવે છે.

iii ક્ષમતા નિર્માણ : આર્થિક વિકાસ માટે સક્ષમ સંસ્થાઓનું નિર્માણ થાય તે IMFનાં મુખ્ય કાર્યોમાંનું એક છે. આ માટે તાલીમ અને ટેક્નિકલ સહાય પણ IMF દ્વારા કરવામાં આવે છે. રોજગાર સર્જન, સમાવેશી વિકાસ અને આર્થિક સ્થિરતા માટે મજબૂત સંસ્થાઓનું હોવું જરૂરી છે. ક્ષમતાવર્ધન કરતા આ કાર્યક્રમો માટે IMFના સભ્યો સ્થળ ઉપર તપાસ કરીને તેના માટે જરૂરી તાલીમ અને અન્ય સહાયની વ્યવસ્થા કરે છે. ક્ષમતાનિર્માણ અને તાલીમ જાહેર અર્થતંત્ર, નાણાંકીય નીતિઓ બૃહદ અર્થશાસ્ત્રીય નીતિઓ અને સાધનો, કાનૂની માળખું વગેરે વિષયક હોય છે.

17.2.3 IMFના નાણાંકીય સ્રો અને વિશેષ ઉપાડ અધિકાર (SDR) (Financial Resources of IMF and Special Drawing Rights SDR) :

IMF સભ્ય દેશોને આર્થિક સ્થિરતા માટે નાણાંકીય સહાય કરે છે પરંતુ IMFના નાણાંકીય સ્રોતો ક્યા ? તે જાણવું રસપ્રદ રહેશે.

(ક) IMFનું નાણાંકીય ભંડોળ તેના સભ્ય દેશોને ફાળવવામાં આવેલા **ક્વોટા** છે. જ્યારે કોઈ દેશ IMFનો સભ્ય બને છે ત્યારે તેણે સભ્ય ફી તરીકે કેટલીક રકમ IMFમાં જમા કરવાની રહે છે જેને ક્વોટા કહે છે. આ ક્વોટાનું પ્રમાણ તે દેશનાં અર્થતંત્રના આંતરરાષ્ટ્રીય કાળ પ્રમાણે નક્કી કરવામાં આવે છે.

(ખ) NAB : ન્યૂ અરેન્જમેન્ટ ઓફ બોરોઇંગ એટલે કે ઉધારની નવી વ્યવસ્થા એક એવી વ્યવસ્થા છે કે જેમાં કેટલાક સભ્ય દેશો IMFની વધારાની નાણાંકીય જરૂરિયાતો પૂરી પાડવા માટે હંમેશાં જોગવાઈ રાખે છે જેથી વિશ્વમાં ઉભી થયેલી સ્થિતિ માટે IMF વ્યવસ્થા જાળવી રાખી શકે.

(ગ) BBA : Bilateral Borrowing Agreement એટલે કે દ્વિપક્ષીય ઉધાર કરાર એ એવી વ્યવસ્થા છે કે જેમાં આર્થિક સહાય લેવાની અને આપવાની ક્રિયા માત્ર બે દેશો વચ્ચે થાય છે, બહુ પક્ષીય કે સામાન્ય લોન સહાયમાં આર્થિક સહાય સમૂહ સાધનોમાંથી અપાતી હોય છે, જ્યારે દ્વિપક્ષી સહાયમાં એક દેશ બીજા દેશને મદદ કરતો હોય છે.

હાલમાં IMFનું કુલ ભંડોળ (ઓગસ્ટ 2022ની માહિતી પ્રમાણે ) 977 બિલીયન SDR છે અને સહાય ક્ષમતા (Lending Capicity) 713 બિલિયન SDR છે.

SDR વિશેષ ઉપાડ અધિકાર (Special Drawing Rights) : SDR એ IMFના સભ્ય દેશોની સત્તાવાર સંપત્તિને પૂરક બનાવતી અનામત સંપત્તિ છે. તે કોઈ કરન્સી કે ચલણ નથી, પણ તેનું મૂલ્ય પાંચ દેશોનાં ચલણના સમૂહથી નક્કી કરવામાં આવેલું છે, જેમાં અમેરિકન ડોલર, યુરોપીયન યુરો, ચાઈનીઝ યુઆન, જાપાનીઝ યેન અને બ્રિટીશ પાઉન્ડનો સમાવેશ થાય છે. તેને બાસ્કેટ ઓફ કરન્સીઝ (Basket of currencies) તરીકે ઓળખવામાં આવે છે. SDR સભ્ય દેશોને નાણાંકીય પ્રવાહીતા પૂરી પાડે છે. IMF સભ્ય દેશોને SDR એટલે કે વિશેષ ઉપાડના અધિકારની ફાળવણી કરે છે, આમ સભ્ય દેશ તેના ઉપર દેવાનો બોજો વધાર્યા વગર નાણાંકીય પ્રવાહિતા મેળવી શકે છે. સભ્ય દેશો પરસ્પરના દેવાની ચૂકવણી SDRના ઉપયોગથી મુક્ત રીતે કરી શકે છે. SDR ભંડોળની સભ્ય દેશો સાથેની લેવડદેવડનું હિસાબી એકમ પણ છે.

17.2.4 IMF અને ભારત (IMF and India) :

(ભારત IMFની સ્થાપનાથી જ સભ્ય દેશ ઓગસ્ટ 2022ની માહિતી પ્રમાણે ભારતનો ક્વોટા 13,114.4 SDR છે.) જે કુલના 2.75% થાય છે. NAB હેઠળ ભારત દ્વારા IMFને 60 મિલિયન SDRની ઋણ સહાય આપવામાં આવી છે. ભારતના નાણાંમંત્રી તેમજ મધ્યસ્થ બેન્કના ગવર્નર IMFના સર્વોચ્ચ સત્તામંડળ બોર્ડ ઓફ ગવર્નન્સના સભ્ય હોય છે. એક્સ્ટર્નલ અફેર મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ભારતે વર્ષ 1993 પછીથી આજ સુધી એકપણ લોન કે નાણાંકીય સહાય લીધેલી નથી, તથા પૂર્વે લીધેલ ઋણનું પરત ચૂકવણું થઈ ગયેલ છે.

ભારતે IMFની સ્થાપનાથી વર્ષ 1991 સુધી ચાર વખત મુખ્ય કહી શકાય તેવી આર્થિક સહાય લીધેલી છે, જેમાં લેણદેણ તુલાની કટોકટીની સ્થિતિ, આયાત ઉદારીકરણ, 1991માં રૂપિયાનું અવમૂલ્યન અને નાણાંકીય કટોકટી, નાણાંનું વિસ્તરણ અને ફુગાવાનાં પરિબળોને નિયંત્રણમાં લેવા સમયે લીધેલી SDR સહાય મુખ્ય કહી શકાય.

આ ઉપરાંત IMF દ્વારા ભારતની વિનંતીથી બેન્ક કર્મચારીઓને નીતિવિષયક અને આર્થિક બાબતો અંગેની તથા અન્ય વહીવટી અને ટેકનિકલ તાલીમ પણ આપવામાં આવે છે. જેમ કે SARTTAC (South Asia Reginoal Training and Technical Assistance Center) એ દક્ષિણ એશિયાના દેશોને બૃહદ આર્થિક તેમજ નાણાંકીય નીતિઓનું નિર્માણ કરવું, આર્થિક સંસ્થાઓને મજબૂત બનાવવા, માનવક્ષમતાને વિકસાવવા, ગરીબી દૂર કરવા જેવા હેતુથી અસ્તિત્વમાં આવેલું IMF અને અન્ય કેટલાક દેશોનું સંયુકત સાહસ કહી શકાય. આ સેન્ટરમાં ભારત ઉપરાંત બાંગ્લાદેશ, શ્રીલંકા, ભૂટાન, માલદીવ્સ અને નેપાળનો સમાવેશ થાય છે.

આમ, ભારતના IMF સાથેના સંબંધો લેણદાર અને દેવાદારના નથી પરંતુ પરિપક્વ સભ્ય તરીકેના અને વિકાસલક્ષી નિર્ણયોમાં સહાયક તરીકેના રહ્યા છે.

## 17.3 વિશ્વબેન્ક (World Bank/IBRD) સમૂહ

વિકાસ અને પુનઃગઠન માટેની વિશ્વ સ્તરે કામ કરતી બેન્ક આંતરરાષ્ટ્રીય બેન્ક કે વિશ્વબેન્ક તરીકે ઓળખાય છે. તેનું પૂરું નામ International Bank for Reconstruction and Development (IBRD) છે. વિશ્વબેન્કની સ્થાપના દ્વિતીય વિશ્વયુદ્ધની અસરોને કારણે થઈ, દ્વિતીય વિશ્વયુદ્ધમાંથી યુરોપના દેશોને ફરી બેઠા કરવા માટે વિશ્વબેન્કની સ્થાપના કરવામાં આવી. આજે વિશ્વબેન્કના 189 દેશો સભ્ય છે.

વિશ્વબેન્કની સ્થાપના વર્ષ 1944માં થઈ. તેનું વડું મથક વોશિંગ્ટન ડી.સી.માં છે, જયારે તેની કચેરીઓ કે શાખાઓ 170 દેશોમાં આવેલી છે. વિશ્વબેન્ક ગરીબ અને મધ્યમ આવકવાળા દેશોને ગરીબી ઘટાડવી, જોખમો સામે રક્ષણ, તાલીમ, ટેકનિકલ સહાય વગેરે માટે ધિરાણ આપે છે. ઘણી પ્રાકૃતિક અને આર્થિક કટોકટીની સ્થિતિમાં પણ વિશ્વબેન્ક તેના સભ્ય દેશોને સહાય આપે છે. વિશ્વબેન્કની એ ખાસિયત છે કે તે જાહેર ક્ષેત્ર ઉપરાંત ખાનગી ક્ષેત્રને પણ સીધી સહાય કરે છે.

વિશ્વબેન્ક એ કોઈ એક સંસ્થા નથી પરંતુ પાંચ સહયોગી સંસ્થાઓ મળીને વિશ્વબેન્ક સમૂહ બનાવે છે. આ પાંચ સહયોગી સંસ્થાઓ અને તેનો ટૂંકમાં પરિચય આ પ્રમાણે છે :

1. IBRD : International Bank for Reconstructuion and Development : નીતિવિષયક નાણાંકીય જરૂરિયાતો માટે સહાય કરે છે.
2. IDA : International Development Association : નીચા વ્યાજ દરોએ કે ક્યારેક શૂન્ય વ્યાજે ઋણ આપે છે. વિશ્વબેન્ક સમૂહની આ સંસ્થા અનુદાન પણ આપે છે.
3. IFC : International Finance Corporation : સંપત્તિ વ્યવસ્થાપન અને મૂડીરોકાણ માટે સલાહકારની ભૂમિકા ભજવે છે. આ સંસ્થા ખાનગી ક્ષેત્રનું મૂડીરોકાણ પણ ગતિશીલ કરવામાં સહાયક થાય છે.
4. MIGA : Multilateral Investment Guarantee Agency : આ સંસ્થા આંતરરાષ્ટ્રીય રોકાણો માટે રોકાણકારોને બિન-વ્યાપારિક જોખમો જેવાં કે રાજકીય અસ્થિરતા, કરાર-ભંગ, યુદ્ધ, સામાજિક અસ્થિરતા, ચલણની અપરિવર્તનશીલતા વગેરે સામે રક્ષણ અને સહાય આપે છે.
5. ICSID: International Centre for Settlement of Investment Disputes : આ સંસ્થા બે સરકારો વચ્ચે તેમજ રોકાણકારો અને સરકાર વચ્ચે આંતરરાષ્ટ્રીય સ્તરે થતા વિવાદો સમયે તથ્ય શોધીને સમાધાન લાવવાનું કાર્ય કરે છે.

આપણે જોયું કે વિશ્વબેન્ક એ કોઈ એક સંસ્થા નથી પરંતુ, પાંચ સંસ્થાનો સમૂહ છે. આ સમૂહ આર્થિક વિકાસના માર્ગમાં બાધારૂપ બનતી કોઈપણ સ્થિતિ પછી તે નાણાંકીય હોય કે બિન-નાણાંકીય, સહાયક બને છે અને વિકાસનો માર્ગ સહકારથી આગળ વધારે છે. હવે આપણે વિશ્વબેન્ક સમૂહનું બંધારણીય માળખું જોઈએ.

### 17.3.1 વિશ્વબેન્કનું બંધારણીય અને વહીવટી માળખું (Constiitutional and Administrative Structure of the World Bank) :

બોર્ડ ઓફ ગવર્નર્સ મુખ્ય કે અંતિમ નીતિ નિર્માતા હોય છે, જે સભ્ય દેશોનું બનેલું

હોય છે. વિશ્વબેન્ક સમૂહનાં ચાર બોર્ડ ઓફ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર્સ હોય છે જે જૂથની બધી સંસ્થાઓનો વહીવટ સંભાળે છે. બોર્ડ ઓફ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર્સના 25 અમલદારો હોય છે જેની નિમણૂક કે પસંદગી સભ્ય દેશો દ્વારા કરવામાં આવી હોય છે, આ બોર્ડના એક ચેરમેન પણ હોય છે. એક્ઝિક્યુટિવ બોર્ડ ઓછામાં ઓછું સપ્તાહમાં બે વખત મળે છે જેમાં લૉન આપવાને મંજૂરી, નવી નીતિઓ, વહીવટી બજેટ, કોઈ દેશને કરવાની થતી વ્યૂહાત્મક મદદ વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે.

17.3.2 વિશ્વબેન્ક સમૂહનાં કાર્યો અને હેતુઓ (Objectives and Functions of the World Bank Group) :

વિશ્વબેન્ક સમૂહે તેની સ્થાપનાથી લઈને આજ સુધી અંદાજે 12000થી વધુ યોજનાઓને ભંડોળ પૂરું પાડ્યું છે, જેમાં પરંપરાગત લોન, વ્યાજ વિનાની લોન, અનુદાન વગેરેનો સમાવેશ થાય છે. વિશ્વબેન્ક સમૂહની પાંચ સંસ્થાઓ જુદાંજુદાં ક્ષેત્રોમાં કાર્ય કરે છે, આ સમૂહનો મૂળ હેતુ ગરીબી દૂર કરવાનો છે, વિશ્વબેન્કનાં કાર્યોને હવે આપણે વિસ્તારથી જોઈએ, વિશ્વબેન્ક દ્વારા હાથ ધરવામાં આવતાં કાર્યોને આધારે આપણે વિશ્વબેન્કના હેતુઓ નીચે મુજબ સારરૂપે વર્ણવી શકીએ.

1. માનવ વિકાસ દ્વારા ગરીબી દૂર કરવી
2. રોકાણકારો માટે પ્રોત્સાહક વાતાવરણ પૂરું પાડવું
3. ખાનગી ક્ષેત્રના વિકાસથી જુદાજુદા દેશોનો સહકારપૂર્ણ વિકાસ સાધવો
4. પર્યાવરણનું રક્ષણ કરીને સતત વિકાસ માટે આધારમાળખું ઊભું કરવું

વિશ્વબેન્ક ઉપરોક્ત હેતુઓ સિદ્ધ કરવા માટે નીચે પ્રમાણેનાં કાર્યો કરે છે :

1. વિશ્વબેન્ક તેના સભ્ય દેશોને શિક્ષણ, સ્વાસ્થ્ય, જાહેર વહીવટ, આધારમાળખાનો વિકાસ, કુદરતી સંસાધનોનું વ્યવસ્થાપન, ખાનગી ક્ષેત્રનો વિકાસ અને કૃષિ વિકાસ જેવા કાર્યક્રમો માટે ઓછા વ્યાજની કે વિના વ્યાજની લોન આપે છે. કેટલાક કાર્યક્રમો માટે અનુદાન પણ આપે છે. અહીં આપણે કેટલાક ઉદાહરણ રૂપ સહાય કાર્યક્રમો જોઈ શકીએ, જેમાં ઇન્ડોનેશિયામાં મેન્ગ્રોવ જંગલોના જતન માટે, ફિજીને COVID-19 પછીની સ્થિતિ સામાન્ય બનાવવા માટે, આર્મેનિયામાં શિક્ષણની સ્થિતિ સુધારવાના કાર્યક્રમ માટે વગેરે તાજેતરનાં ઉદાહરણો કહી શકાય.
2. માનવ સંપત્તિ કાર્યક્રમઃ જે સામાન્ય રીતે હ્યુમન કેપિટલ પ્રોગ્રામ (HCP) તરીકે ઓળખાય છે. આ પ્રોગ્રામનો હેતુ લોકોમાં રોકાણ કરીને વધુ સમાનતા તથા આર્થિક વિકાસ સાધવાનો છે. 2022ના આંકડા પ્રમાણે કુલ 83 દેશો વિશ્વબેન્ક સમૂહ સાથે મળીને આ દિશામાં કાર્ય કરી રહ્યા છે. જેમાં સંશોધન, આધારમાળખું વગેરે બાબતો પણ સમાવિષ્ટ છે. આ પ્રોગ્રામ દેશોને માનવ સંપત્તિ નિર્માણ આડે આવતા અવરોધો દૂર કરવામાં મદદ કરે છે.
3. વિશ્વબેન્કના એક અભ્યાસ પ્રમાણે વર્ષ 2030 સુધીમાં વિશ્વના કુલ ગરીબોમાંથી 66% અત્યંત સંવેદનશીલ અને નાજુક સ્થિતિમાં આવી જશે. જેનાથી વિકાસના લાભો ઊલટા થવાનો ભય રહેલો છે. વિશ્વબેન્ક સમૂહનો અહીં એ પ્રયત્ન રહ્યો છે કે જે તે પ્રદેશની જરૂરીયાત ઓળખીને તેના અનુસાર વિકાસ માટેનો કાર્યક્રમ ઘડવો, તેના માટે જરૂરી નાણાંકીય સાધનોની વ્યવસ્થા કરવી તથા દેશોનો પરસ્પરનો સહકાર વધુ મજબૂત બનાવવો.

   આમ, વિશ્વબેન્ક સમૂહ માનવ વિકાસના માર્ગે આર્થિક વિકાસને મહત્ત્વ આપતાં કાર્યો કરે છે.

17.3.3 વિશ્વબેન્કના નાણાંકીય સ્રોત (Financial Sources of the World Bank Group) :

IBRD કે વિશ્વબેન્કને વિશ્વ સ્તરની સહકારી સંસ્થા તરીકે પણ ઓળખાવાય છે, 190 દેશો સભ્ય તરીકે તેની માલિકી ધરાવે છે. વિશ્વબેન્ક તેના સભ્ય દેશોને મદદ કરવા માટે તેની પોતાની ઈક્વિટી ઉપર આધાર રાખે છે તથા IBRD બોન્ડ પણ જારી કરવામાં આવે છે, મૂડીબજારમાંથી પણ ઘણી વખત IBRD દ્વારા ઉધાર લેવામાં આવે છે. રોકાણકારો IBRDને ઉચ્ચ કક્ષાની સુરક્ષાવાળાં બોન્ડ ગણાવે છે. મૂડી'ઝ અને સ્ટાન્ડર્ડ એન્ડ પૂઅર્સ દ્વારા IBRD બોન્ડનું રેન્કિગ પણ અપાતું હોય છે.

IDAનું ભંડોળ વિકસિત અને ઉચ્ચ-માધ્યમ આવકવાળા સભ્ય દેશોના ફાળામાંથી આવતું હોય છે. તે ઉપરાંત સભ્ય દેશોની લોનની પરત ચૂકવણી, IBRDની આવક તથા IFC તરફથી મળતાં અનુદાનમાંથી થતી હોય છે.

IFC ઈક્વિટી શેર્સમાં રોકાણ કરતી હોય છે. તે ઉપરાંત મંજૂર કરેલી લોનની પરત ચૂકવણી તેની આવકના મુખ્ય સ્રોત છે.

17.3.4 વિશ્વબેન્ક સમૂહ અને ભારત (The World Bant Group and India):

ભારત ICSID સિવાય વિશ્વબેન્ક સમૂહની અન્ય સંસ્થાઓનો સ્થાપક સભ્ય રહ્યો છે. વિશ્વબેન્ક તરફથી ભારતને રેલ્વે, રસ્તાઓ, વીજળી ઉત્પાદન, શિક્ષણ જેવી માળખાકીય સુવિધાઓના વિકાસમાં વિશેષ મદદ મળી છે. ભારતને સૌ પ્રથમ સહાય રેલવેનિર્માણ માટે 1949નાં વર્ષમાં મળી છે.

ઑગસ્ટ 2022ના છેલ્લા આંકડા પ્રમાણે 27.1 બિલિયન US$ સાથે ભારત વિશ્વબેન્કની સૌથી વધુ સહાય મેળવતો દેશ બન્યો છે. 2018નાં વર્ષથી ભારત અને વિશ્વબેન્ક દ્વારા ભાગીદારમાં "સતત વિકાસ" સાથે રોજગાર સર્જન, સ્પર્ધાત્મકતામાં વધારો તથા માનવમૂડીમાં રોકાણ જેવા મુદ્દાઓ ઉપર ભાર આપવામાં આવ્યો છે. આ લક્ષ્યાંકો સંયુક્ત રાષ્ટ્રોનાં સતત વિકાસનાં લક્ષ્યાંકો સાથે પણ જોડવામાં આવેલ છે. ભારતમાં સર્વ શિક્ષા અભિયાન માટે પણ યુરોપિયન કમિશન તથા યુનાઈટેડ કિંગ્ડમ ડિપાર્ટમેન્ટ, ડિપાર્ટમેન્ટ ફૉર ઈન્ટરનેશનલ ડેવલોપમેન્ટ સાથે મળીને બે તબક્કામાં કુલ 1100 બિલિયન ડોલરની સહાય મળી છે.

તે પછી હરિયાળી ક્રાંતિ સમયે ખેતીક્ષેત્રે ટેકનિકલ સહાય મળી છે. અન્ય વિશેષ વિકાસલક્ષી યોજનાઓમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાનો સમાવેશ થાય છે.

ભારતને પોલિયો, ટીબી, લેપ્રસિ, અંધત્વ નિવારણ, મેલેરિયા નાબૂદી વગેરે કાર્યક્રમો માટે સહાય કરી છે. આ ઉપરાંત ગ્રામીણ મહિલાઓના વિકાસ માટે પણ વિશ્વબેન્ક તરફથી સમાવેશી આર્થિક વિકાસ માટેની પહેલને મદદ મળી છે.

મુંબઈનું ઉપનગરીય રેલવે નેટવર્ક, સોલાર વીજળી ઉત્પાદન પ્રકલ્પ, ખુલ્લામાં થતી શૌચક્રિયા નાબૂદી માટે શૌચાલય નિર્માણ, COVID-19 સમયની સહાય વગેરેથી ભારતનો નોધપાત્ર વિકાસ થયો છે અને ભારત સહાય મેળવનારા દેશોમાંથી સહાય આપનારા દેશોનાં જૂથમાં આવેલો છે.

ભાવિ આયોજન તરીકે વિશ્વબેન્ક ભારતને સતત વિકાસ માટે સહાયક બનવા તત્પર છે. ભારતને સહાય કરવાથી વિશ્વબેન્કને અન્ય મધ્યમ આવક વાળા દેશોને સહાય કરવા માટેનું માર્ગદર્શન પણ મળે છે.

## 17.4 આર્થિક સ્થિરતા અને સમતુલા સંદર્ભે IMF અને વિશ્વબેન્કની ભૂમિકાની સમીક્ષા (Evaluation of Role of IMF and the World Bank in the context of Economic Stability and Balance)

વિશ્વબેન્ક અને IMFની સ્થાપના બ્રેટનવૂડ્ઝ ખાતે દ્વિતીય વિશ્વ યુદ્ધની અસરોમાંથી બહાર નીકળવા માટે થઈ છે. આ કોન્ફરન્સમાં નક્કી થયા પ્રમાણે IMFનું નેતૃત્વ યુરોપિયન દેશો પાસે રહેશે જ્યારે વિશ્વબેન્કનું નેતૃત્વ અમેરિકા કરશે. IMF તાત્કાલિક જરૂરિયાતની બૃહદ અર્થશાસ્ત્રીય બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે તો બીજી બાજુ વિશ્વબેન્ક લાંબા ગાળાની વિકાસલક્ષી બાબતો માટે ખાનગી ક્ષેત્રના સહકારથી કાર્ય કરશે. આ બંને સંસ્થાઓએ વિશ્વ સમક્ષ ઘણી ઘટનાઓ સમયે ઉદાહરણરૂપ કાર્ય કર્યું છે તેમ છતાં તેના માટે ટીકાઓ પણ થઈ છે. આપણે અહીં બંને નાણાંકીય સંસ્થાઓના કામની સમીક્ષા કરીએ.

(a) વિશ્વબેન્કનાં નેતૃત્વ બાબતે : પરંપરાગત રીતે વિશ્વબેન્કનું નેતૃત્વ પશ્ચિમના અને ખાસ કરીને અમેરિકાના ફાળે આવતું રહ્યું છે. અહીં એ ટીકા થઈ રહી છે કે વિશ્વબેન્કનો હેતુ વિકાસશીલ ગરીબ દેશોના વિકાસ માટે હોય તે છતાં વિકસિત દેશોને નેતૃત્વ સોંપાતું રહ્યું છે ! અને દક્ષિણ વિશ્વના દેશોનું પ્રતિનિધિત્વ ઓછું રહ્યું છે.

(b) વિકાસલક્ષી કાર્યક્રમોથી થતાં નુકસાન બાબતે : IFC તથા વિશ્વબેન્ક સમૂહની સંસ્થાઓનો હેતુ વિકાસલક્ષી રહ્યો છે, તેમ છતાં કેટલાક એવા દાખલાઓ પણ છે કે જે તે સંસ્થાઓના મૂળ હેતુને તથા સમગ્ર વિશ્વને પણ નુકસાન કરે છે, જેમ કે વિશ્વબેન્ક દ્વારા કેટલાંક એવા ઉદ્યોગોને રોકાણ સહાય અપાઈ હોય છે કે જે પેઢી કરચોરી કરતી હોય અથવા કરવેરા ટાળતી હોય, બાળમજૂરી તેમજ ફરજિયાત મજૂરી કરાવવામાં આવતી હોય. આમ, આ સંસ્થાઓ સામાજિક વિકાસ અને ન્યાયના હેતુથી વિપરીત કાર્ય કરતી જણાય છે.

(c) ગરીબી અને અસમાનતા બાબત : IMF અને વિશ્વબેન્ક દ્વારા ગરીબી દૂર કરવાના તથા આર્થિક સમાનતા સ્થાપવાના જે પ્રયત્નો થાય છે તેનાથી ગરીબી દૂર થઈ હોય કે સમાનતા સ્થાપિત થઈ હોય તેના કોઈ આધાર-પુરાવા મળતા નથી. આ પ્રકારની વાત IMFના જ 2014માં રજૂ થયેલાં એક અભ્યાસ પત્રમાં નોંધવામાં આવી છે.

(d) જીવાશ્મી આધારિત ઇંધણ પ્રકલ્પોને આર્થિક સહાય અને સતત ટકાઉ વિકાસનાં લક્ષ્યો : જ્યારે સમગ્ર વિશ્વ જીવાશ્મી આધારિત ઇંધણનો ઉપયોગ ઘટાડીને કાર્બન ઉત્સર્જન ઘટાડવાના પ્રયત્નો કરતું હોય ત્યારે IFC દ્વારા જીવાશ્મી આધારિત પ્રકલ્પોને પૂરી પાડતી આર્થિક સહાય વિચિત્ર કહેવાય,

કોઈપણ સંસ્થાનાં કાર્યોનું મૂલ્યાંકન તેના હેતુઓના સંદર્ભમાં કરવામાં આવતું હોય છે. અહીં આપણે વિશ્વની બે મોટી આર્થિક સંસ્થાઓની કામગીરીનું મૂલ્યાંકન કરતા કેટલાક મુદ્દાઓ જોયા. આ સિવાય વિશ્વમાં આવતી આર્થિક કટોકટીના સમયે આ સંસ્થાઓનું વર્તન પણ મૂલ્યાંકનનો વિષય છે.

જ્યારે આપણે મૂલ્યાંકન કરીએ ત્યારે માત્ર કોઈ સંસ્થા કે વ્યક્તિની મર્યાદાઓનો જ ઉલ્લેખ ન કરવો જોઈએ પરંતુ આ સંસ્થાની સફળતાના મુદ્દાઓ પણ નોંધવા જોઈએ. હવે આપણે એવા કેટલાક મુદ્દાઓ પણ જોઈએ :

(a) વિશ્વબેન્ક માનવ વિકાસના રસ્તે વિકાસ કરવાનો હેતુ ધરાવે છે અને તે વિકાસશીલ કે ગરીબ દેશોને તે માટેની ટેકનીકલ, આર્થિક સહાય કરે છે, નીતિવિષયક માર્ગદર્શન

પણ આપે છે. ભારતના સંદર્ભમાં આપણને આ પ્રકારના અનુભવો થયા છે, જેમાં શાળાઓના મકાનનું બાંધકામ, સડક નિર્માણ, પોલિયો નાબૂદી, વગેરે માટે વિશ્વબેન્કની સહાય મળી છે.

(b) રૂપિયાનું સ્વતંત્ર થવું : IMFની સ્થાપના પહેલા રૂપિયો પાઉન્ડ સ્ટર્લિંગ સાથે જોડાયેલો હતો, IMFની સ્થાપના પછી રૂપિયાને સ્વતંત્ર ચલણ તરીકે વિશ્વમાં સ્થાન મળ્યું,

(c) વિશ્વબેન્ક જૂથમાં સભ્ય પદઃ ભારત IMFનો સ્થાપક સભ્ય હોવાથી તેને વિશ્વબેન્કનું પણ સભ્યપદ મળી ગયું, જે અલગથી લેવાની જરૂર રહી નહીં. વિશ્વબેન્ક ભારતને તેના વિકાસ કાર્યક્રમોમાં ઘણી જ સહાયક થતી રહી છે.

17.4.1 આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ અને વિશ્વબેન્ક વચ્ચેની ભિન્નતા :

IMF અને IBRD એ બંને બ્રેટનવુડ્ઝ કોન્ફરન્સમાં સ્થાપાયેલી સંસ્થાઓ છે. આ બંને સંસ્થાઓ પરસ્પર હરીફ નહીં પરંતુ એકબીજાની પૂરક છે. આમ, બંનેનું કાર્યક્ષેત્ર અલગ છે.

વિશ્વબેન્ક સમૂહ વિકાસશીલ દેશો સાથે કાર્ય કરે છે. જેમાં મુખ્યત્વે ગરીબી ઘટાડવી તથા ભાગીદારીયુક્ત વિકાસ જેવાં ધ્યેયો હોય છે. બીજી બાજુ IMF આંતરરારાષ્ટ્રીય સ્તરે નાણાંકીય સ્થિરતા જળવાય તથા વિવિધ દેશોમાં ચલણોમાં સ્થિરતા જળવાય તે બાબતનું નિયંત્રણ રાખે છે.

વિશ્વબેન્ક વિકાસશીલ દેશોની સરકારને નીતિવિષેયક સલાહ-સૂચનો કરવા ઉપરાંત નાણાંકીય તેમજ ટૅકનિકલ મદદ કરતી હોય છે. વિશ્વબેન્ક માત્ર વિકાસશીલ દેશોની સરકારને જ નહીં પણ ખાનગીક્ષેત્રને પણ મજબૂત કરવાને મહત્ત્વ આપે છે.

IMF તેના સભ્ય દેશોની આર્થિક ગતિવિધિઓને વૈશ્વિક સંદર્ભમાં ચકાસે છે તથા સભ્ય દેશોને લેણદેણની તુલાની સમસ્યા દૂર કરવા માટે વ્યાવહારિક ઉપાયો સૂચવે છે તથા સહાય પણ કરે છે. કોઈપણ દેશ જો વિશ્વબેન્કનો સભ્ય બનવા ઈચ્છતો હોય તો પ્રથમ તેણે IMFનું સભ્યપદ મેળવવું પડે છે.

## 17.5 સારાંશ (Summary) :

- વૈશ્વિક મહામંદી અને દ્વિતીય વિશ્વ યુદ્ધની નકારાત્મક અસરોમાંથી વિશ્વના દેશોનાં અર્થતંત્રોને બેઠું કરવા માટે એક સંસ્થાની જરૂર જણાઈ, તે સંદર્ભે આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ તથા આર્થિક વિકાસ અને પુનર્ગઠન માટેની આંતરરાષ્ટ્રીય બેન્ક અસ્તિત્વમાં આવી.

  કુલ 1100 બિલિયન us$ની સહાય મળી છે.
- આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ તેના સભ્ય દેશોના વ્યાપાર, વિકાસ, પરસ્પર સહયોગ, નાણાંકીય સ્થિરતા વગેરે સાથે આંતરરાષ્ટ્રીય વ્યાપારિક સહયોગને માટે કાર્યરત રહે છે.
- IMF તેના સભ્ય દેશોને આર્થિક સહાય ઉપરાંત ટેકનિકલ માર્ગદર્શન, તાલીમ વગેરે પૂરી પાડે છે.
- SDR એ નાણાંભંડોળ દ્વારા આપવામાં આવતો વિશેષ ઉપાડ અધિકાર છે, જે સભ્ય દેશો તેના જમા ક્વોટા કરતાં વધારે સહાય મેળવી શકે તે માટેની જોગવાઈ છે. SDR નાણાંભંડોળનું હિસાબી એકમ પણ છે.
- ભારત IMFનું સ્થાપક સભ્ય રહ્યું છે. હાલમાં ભારતનો હિસ્સો કુલ SDRના 2.75%

જેટલો છે. ભારતે રૂપિયાનું અવમૂલ્યન, ફુગાવાનાં નિયંત્રણ, લેણદેણ તુલાની કટોકટી, આયાત ઉદારીકરણ જેવા સમયે IMF પાસેથી સહાય લીધેલી છે, વર્તમાન સમયમાં ભારત ઉપર IMFનું કોઈ ઋણ ચૂકવણું બાકી રહેતું નથી.

- વિશ્વબેન્ક ગરીબ અને મધ્યમ આવકવાળા દેશોને સહાય કરે છે. વિશ્વબેન્ક ખાનગી ક્ષેત્રના સહયોગ અને વિકાસથી વિવિધ દેશોમાં ક્રોસ-બોર્ડર રોકાણને પ્રોત્સાહન મળે તે રીતે કાર્ય કરે છે. તે ઉપરાંત, કુદરતી આપત્તિઓ, માળખાકીય વિકાસ, માનવવિકાસ જેવા મુદ્દાઓ માટે આર્થિક તેમજ ટેકૂનિકલ સહાય પૂરી પાડે છે.
- વિશ્વબેન્ક એ પાંચ સંસ્થાઓનો સમૂહ છે. જેને વિશ્વબેન્ક સમૂહ તરીકે ઓળખવામાં આવે છે.
- વિશ્વબેન્ક ભારતને માળખાકીય સુવિધાઓ, માનવ વિકાસ, ગ્રીન ગ્રોથ, સતત વિકાસ, સમાવેશી વિકાસ જેવી યોજનાઓ માટે સહાય કરે છે.
- જો શક્ય હોય તો IMF અને WB વચ્ચે તફાવતના મુદ્દાનો સમાવેશ કરવો જેથી વિદ્યાર્થીઓ આ બે સંસ્થાઓ વચ્ચેનો પ્રયત્ન ભેદ/ તફાવત સમજી શકે.

## 17.6 ચાવીરૂપ શબ્દો (Key Words) :

નાણાંકીય સ્થિરતા : નાણાંકીય સ્થિરતા એટલે બજારમાં કિંમતોની સ્થિરતા. જ્યારે બજારમાં વસ્તુની કિંમતમાં વધારો થાય છે ત્યારે નાણાંનું મૂલ્ય ઘટે છે અને કિંમતોના ઘટવાની સ્થિતિમાં નાણાંનું મૂલ્ય વધે છે. સામાન્ય રીતે વસ્તી વધારો, પુરવઠાની સ્થિરતા વગેરેને કારણે કિંમતો વધતી હોય છે અને નાણાંનું મૂલ્ય ઘટતું જતું હોય છે. આવી સ્થિતિમાં અતિશય ફુગાવાનાં પરિબળો વિકાસ અને મૂડીરોકાણને અવરોધે છે, આમ ન થાય તે માટે એટલે કે નાણાંકીય સ્થિરતા જળવાઈ રહે તે માટે IMF જે તે દેશની મધ્યસ્થ બેન્ક અને સરકાર સાથે મળીને પ્રયત્નો કરે છે.

અવમૂલ્યન : અવમૂલ્યન એટલે કે દેશનાં ચલણનો વિદેશી ચલણ સામેનાં મૂલ્યમાં સત્તાવાર ઘટાડો, દાખલા તરીકે રૂપિયા અને ડોલરનો વિનિમય દર 1 $ = 60 રૂ. હોય અને તેને બદલે 1 $ = 75 રૂ. કરવામાં આવે તો કહી શકાય કે રૂપિયાના મૂલ્યમાં ઘટાડો થયો છે. કારણકે અગાઉ જયારે 1 ડોલર મેળવવા માટે 60 રૂપિયા આપવાના થતા હતા તે 1 ડોલર હવે 75 રૂપિયા આપવાથી મળે છે. એટલે કે ડોલરની કિંમત / મૂલ્ય વધ્યું અને રૂપિયાનું મૂલ્ય ઘટ્યું કહેવાય. કોઈ દેશની સરકાર સત્તાવાર રીતે આમ નાણાંનાં મૂલ્યમાં ઘટાડો કરે છે. તેમ કરવાથી નિકાસમાં વધારો થાય છે અને આયાતો ઘટે છે.

રૂપિયા અને ડોલરની માંગમાં ફેરફાર થવાથી પણ નાણાંનું મૂલ્ય ઘટે છે તેને મૂલ્ય ઘટાડો કહેવાય છે પરંતુ જ્યારે સરકાર દ્વારા સત્તાવાર રીતે વિનિમય દરમાં ફેરફાર જાહેર કરાય છે તે અવમૂલ્યન છે.

ક્વોટા : સામાન્ય રીતે ક્વોટા એટલે કે નિશ્ચિત પ્રમાણમાં જથ્થો, આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનું એ વહીવટી અને હિસાબી એકમ છે. સભ્ય દેશોનો ભંડોળમાં જથ્થો ક્વોટામાં દર્શાવવામાં આવે છે, ક્વોટાના આધારે સભ્ય દેશોનું વૈશ્વિક અર્થતંત્રમાં સાપેક્ષ સ્થાન પણ દર્શાવે છે. ભંડોળમાં ક્વોટા SDRમાં બતાવવામાં આવે છે.

માનવવિકાસ : માનવીની કાર્યક્ષમતામાં વધારો કરીને વિકાસની સંભાવનાઓ વિસ્તારવાની પ્રક્રિયાને માનવ વિકાસ કહેવામાં આવે છે. તેમાં શિક્ષણ, સ્વાસ્થ્ય જેવા મુદ્દાઓ સાથે સ્વતંત્રતા, માનવ અધિકારો જેવા વિષયોનો પણ સમાવેશ થાય છે.

## 17.7 તમારી પ્રગતિ ચકાસો (Check Your Progress)

(ક) નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારથી લખો

(1) આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળના હેતુઓ અને કાર્યોનું વિગતવાર વર્ણન કરો. ભારતના IMF સાથેના સંબંધો કેવા રહ્યા છે તેની સમીક્ષા કરો.

(2) વિશ્વબેન્ક સમૂહની સંસ્થાઓ તથા તેમનાં કાર્યોનો પરિચય આપો. વિશ્વબેન્ક સમૂહની સંસ્થા કેવી રીતે સભ્ય દેશોને મદદ કરે છે તે સમજાવો.

(3) ભારતના આર્થિક-સામાજિક વિકાસમાં વિશ્વબેન્ક તથા IMFની ભૂમિકાનું વર્ણન કરો.

(4) આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને વિશ્વબેન્કની કામગીરીમાં શું તફાવત રહેલો છે ? બંને સંસ્થાઓની કામગીરીનું મૂલ્યાંકન કરો.

(ખ) નીચેના વિષયો ઉપર ટૂંકનોધ લખો

(1) IMFનાં કાર્યો

(2) વિશ્વબેન્કનાં કાર્યો

(3) આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓ IMF અને IBRD

(4) IMF અને ભારત

(5) વિશ્વબેન્ક અને ભારત

(6) SDR (વિશેષ ઉપાડ અધિકાર)

(7) વિશ્વબેન્ક સમૂહ

(ગ) નીચેના પ્રશ્નો માટે સાચા વિકલ્પની પસંદગી કરો

1. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ IMFનું પૂર્ણ સ્વરૂપ નામ શું છે ?
   a. International Monetary Fund
   b. Internal Monetary Finance
   c. International Minority Finance
   d. ઉપરનામાંથી એકપણ નહી

2. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની સ્થાપના કયારે થઈ ?
   a. 1929
   b. 1950
   c. 1945
   d. 1994

3. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ તથા વિશ્વબેન્કનું વડું મથક કયાં આવેલું છે ?
   a. બ્રેટનવૂડ્ઝ
   b. વોશિંગ્ટન ડી.સી.
   c. ન્યૂયોર્ક
   d. દક્ષિણ આફ્રિકા

4. ભારત નીચેનામાંથી કઈ સંસ્થાનું સભ્ય નથી ?
    a. IMF
    b. IBRD
    C. IDA
    d, ICSID
5. વર્ષ 2022ની માહિતી પ્રમાણે ભારતનો કુલ કેટલો ક્વોટા IMFમાં છે ?
    a. 2%
    b. 2.75%
    c. 50%
    d. ઉપરનામાંથી એકપણ નહીં
6. નીચેનામાંથી કઈ સંસ્થા ખાનગી ક્ષેત્રનાં આંતરરાષ્ટ્રીય રોકાણને પ્રોત્સાહન આપે છે ?
    a. IMF
    b. IBRD
    c. UNDP
    d. ઉપરની બધી જ
7. વિશ્વબેન્કની સ્થાપના ક્યારે થઈ છે ?
    a. 1930
    b. 1944
    c. 1947
    d. 1991
8. નીચેનામાંથી કયો વિશ્વબેન્કનો હેતુ નથી ?
    a. ગરીબી દૂર કરવી
    b. ખાનગી રોકાણને સહાયક બનવું
    c. લેણદેણની તુલામાં સમતુલા સ્થાપવામાં સહાયક બનવું
    d. માનવ વિકાસ કરવો
9. SDF બાબતે નીચેનામાંથી કયું સાચું નથી ?
    a. SDR હિસાબી એકમ છે
    b. SDR એક ચલણ છે
    c. SDRનું મૂલ્ય પાંચ દેશોનાં ચલણને આધારે નક્કી કરવામાં આવે છે.
    d. સભ્ય દેશોનો કવોટા SDRમાં ફાળવવામાં આવે છે.
10. SDR પૂરું સ્વરૂપ લખો
    a. Special Drawing Rights
    b. Social Dispute Resettlement.
    c. Special Development Reserve fund
    d. Social Drawing Rights

11. ભારતને વિશ્વબેન્ક તરફથી સૌ પ્રથમ સહાય ક્યારે મળી છે ?

    a. 1949

    b. 1966

    C. 1980

    d. 2001

- સંદર્ભ સૂચિ :


- http://ncgg.org.in/sites/default/files/2021-04/IMF.pdf
- hkkps://dea.gov.in/sites/default/files/about WB O.pdf
- www.worldbank.org.
- https://www.brettonwoodsproject.org/2019/06/what-are-the-main-criticisms-of-the-world-bank-and the-imf/


- તમારી પ્રગતિ ચકાસો (ગ)ના જવાબો :

1. International Monetary Fund
2. 1945
3. વોશિંગ્ટન ડી.સી.
4. ICSID
5. 2.75%
6. IBRD
7. 1944
8. લેણદેણની તુલામાં સમતુલા સ્થાપવામાં સહાયક બનવું
9. SDR એક ચલન છે
10. Special Drawing Righkts
11. 1949

- સંદર્ભ સૂચિ.....


- Frunk Robert H., Bernanke, Ben S., "Principles of Economics", (2007), Tata The Grow Hill, New Delhi
- Bhutani Prem J., "Principles of Economics", (2014), Taxmann Allied Services (P) Ltd.". New Delhi.
- Vaish M. C. "Macro Economic Theory", (2002)
- Vikas Publishing house, Bangulore.
- Puri V.K., Mishra, Divya, "समष्टि अर्थशास्त्र", (2002) Himalaya publishing house, Delhi.

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**